ગુ.યુ.પ્રેસ ૯૫૮--૪૫૦--૨--૭૩

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની જાન્યુઆરી માસની સભા, શનિવાર, તા. ૧૩--૧--૧૯૭૩ના રોજ સવારના ૯--૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૩—૧—૧૯૭૩
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. એ. કે. પ્રધાન, સહશિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	આચાર્ય સી. એસ. શાહ	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૭.	શ્રી. ઈન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૮.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૯.	શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	હાજર
૧૦.	શ્રી. હીરાલાલ એચ. ભગવતી	હાજર
૧૧.	શ્રી. પ્રફુલ્લચંદ્ર સી. શાહ	હાજર
૧૨.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૩.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૪.	પ્રો. કે. આર. ચન્દ્રશેખરન	હાજર
૧૫.	આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	હાજર
૧૬.	આચાર્ય ડૉ. લક્ષ્મીપ્રસાદ ધનશંકર દવે	હાજર
૧૭.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર
૧૮.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. (અ) તા. ૧૧/૧૨--૧૧--૧૯૭૨ના રોજ મળેલ સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવા બાબત :

તા. ૧૧/૧૨ નવેંબર, ૧૯૭૨ના રોજ મળેલ સિન્ડિકેટની સભાની નોંધને નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) **પૃષ્ઠ ૧૪ :** બાબત નં. ૩૯ના ઠરાવની સાતમી લીટીમાં 'કાર્યકારી આચાર્ય તરીકે કામ કર્યું હોય અને' તે પછી આવતા શબ્દો 'તા. ૧૧મી જૂન ૧૯૭૨'ને બદલે 'તા. ૧૧મી જૂન ૧૯૭૩' એમ વાંચવું.

(૨) **પૃષ્ઠ ૧૭ :** બાબત નં. ૧૧ના ઠરાવની બીજી લીટીમાં 'તે રીતે સુધારીને મંજૂર કરવી' તે પછી 'તથા ભલામણ નં. ૪ સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની પુનર્વિચારણા માટે મોકલવી' એ શબ્દો ઉમેરવા.

(૩) **પૃષ્ઠ ૨૧ :** બાબત નં. ૧૨માં જોઈન્ટ કન્સલ્ટેટિવ સમિતિની ભલામણ નં. ૧૩ (૧) પછી નીચેના શબ્દો ઉમેરવા :

'આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે જે કર્મચારીઓ તા. ૨૮--૯--૧૯૭૧ના રોજ સામુદાયિક રીતે ગેરહાજર રહ્યા હતા તેમના તે દિવસ માટે કાપી લીધેલા એક દિવસના પગારને તેઓની એક દિવસની એક્સ્ચેન્જ રજા સામે ખાસ કેસ તરીકે એડજસ્ટ કરવો.

(નોંધ.—ઉપરોકત નિર્ણયને શિરસ્તા તરીકે ગણવામાં આવશે નહીં.)'

(૪) બાબત નં. ૧૩૩ પરના ઠરાવના પેટાઠરાવ ૨૩ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

"યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓ માટેનાં પગારધોરણો અંગે સદરહુ સમિતિએ વ્યકત કરેલું બીજું મંતવ્ય સામાન્ય રીતે સ્વીકારવું."

૧. (બ) તા. ૮—૧૨--૧૯૭૨ના રોજ મળેલ સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવા બાબત :

તા. ૮--૧૨--૧૯૭૨ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની નોંધને નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી, તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) બાબત નં. ૭૧ ઠેઠળના ઠરાવને છેડે આપવામાં આવેલ નોંધ રદ કરવી.

(૨) બાબત નં. ૭૯ માં '૧૫--૬--૭૩'માંથી '૭૩' આંકડો રદ કરવો.

તે પછી સિન્ડિકેટની તા. ૧૧/૧૨--૧૧--૧૯૭૨ ની સભાની બાબત નં. ૪૫ પરના ઠરાવની નોંધ અંગે કેટલાક સભ્યોએ વાંધો ઉઠાવી જણાવ્યું કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં સ્ટેનોગ્રાફરની સેવાઓ ઉપલબ્ધ કરવાની બાબતમાં જે તે ભવનના અધ્યક્ષશ્રીને ઘટતું કરવા માટેની સત્તા આપવામાં આવી હતી એવો ઠરાવ થયો હતો, તે અંગે શ્રી. કુલસચિવે સ્પષ્ટતા કરી કે ચર્ચામાં એ મુદ્દો આવ્યો હતો એ ખરું, પણ અહીં તો છેવટે જે નિર્ણય થયો હતો તે જ નોંધવામાં આવ્યો છે. તે પછી નોંધ અંગેનો આ મુદ્દા પરનો વાંધો સભ્યોએ પાછો ખેંચી લીધો અને ઉપરના બે સુધારા સાથેની નોંધ મંજૂર કરવામાં આવી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૪૫ પર પુનર્વિચારણા કરવામાં આવી અને તે અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગેનો સિન્ડિકેટનો તા. ૮--૧૨--૧૯૭૨ની સભામાં કરવામાં આવેલો પેટાઠરાવ રદ કરવો અને યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં સ્ટેનોગ્રાફરોની સેવાઓની બાબતમાં જરૂરી નિર્ણય કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ડિસેંબર ૨૭થી ૨૯, ૧૯૭૨ના સમય દરમ્યાન હૈદરાબાદ મુકામે મળેલ "ફિઝિયોલોજિસ્ટ્સ ઍન્ડ ફાર્મકોલોજિસ્ટ્સ ઑફ ઇન્ડિયા"ના ૨૭મા વાર્ષિક અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એચ. જાનાની નિમણૂક કર્યાના;

(૨) વિજ્ઞાન વિદ્યાભવનના નીચેના શિક્ષકોને એચ. કે. આર્ટ્સ કૉલેજના એફ.વાય.બી.એ.ના વિદ્યાર્થીઓને જનરલ એજ્યુકેશનના વિષયનાં અઠવાડિયામાં એક કે બે વ્યાખ્યાનો આપવાની મંજૂરી આપ્યાના :

(૧) ડૉ. એમ. એસ. દુબલે
(૨) ડૉ. સી. કે. શાહ
(૩) ડૉ. યુ. એમ. રાવળ
(૪) ડૉ. બી. એસ. વૈદ્ય

(**નોંધ.**—આ અંગે ઉપરોકત શિક્ષકોને વ્યકિતગત રૂ. ૧૫ થી રૂ. ૨૫ તેઓને થનાર ટ્રાન્સપોર્ટ ખર્ચ વગેરે મળશે)

(૩) ડિસેંબર ૩૧ થી જાન્યુઆરી ૨, ૧૯૭૩ના સમય દરમિયાન લખનૌ યુનિવર્સિટીના ઉપક્રમે "ઑલ-ઇન્ડિયા યુનિવર્સિટી ઉર્દૂ ટીચર્સ ઍસોસિયેશન"ના ચોથા અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. એમ. એ. ફારૂકીને નીમ્યાના;

(૪) ડિસેંબર ૨૨ અને ૨૩, ૧૯૭૨ના સમય દરમિયાન અમદાવાદ મુકામે મળેલ "ઇન્ડિયન સ્ટેન્ડર્ડ્સ ઇન્સ્ટિટ્યૂશન"ની રિજિઑનલ કૉન્ફરન્સ ઑન સ્ટાન્ડર્ડાઇઝેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે આચાર્ય ટી. એમ. પરીખ અને પ્રો. એ. વૈકંટાદ્રિને નીમ્યાના;

(૫) ડિસેંબર ૧૮ થી ૨૦, ૧૯૭૨ના સમય દરમિયાન કટક મુકામે યોજનાર "ઇન્ડિયન ફાર્માસ્યુટિકલ ઍસોસિયેશન"ના અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. સી. એસ. શાહને મોકલ્યાના;

(૬) વડનગર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વડનગરમાં વાણિજ્યના વિષયના શિક્ષણકાર્ય માટે ઑર્ડિ. ૧૨૦—એ અન્વયે જોઈતા ઓછામાં ઓછા એક પૂર્ણ સમયના પ્રાધ્યાપક મળતા ન હોવાથી વાણિજ્યના વિષયનું શિક્ષણકાર્ય મુલાકાતી પ્રાધ્યાપક દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન ચલાવી લેવાનું (કન્ડોન રાખવા) તથા તા. ૧૫ મી જૂન ૧૯૭૩ થી યોગ્ય લાયકાત ધરાવતા પ્રાધ્યાપકની નિમણૂક કરવી તેવી છાપભૂલ સુધાર્યાના;

(૭) આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણમાં એમ.એસસી. પાર્ટ ૧ કેમિસ્ટ્રી (ઑર્ગેનિક કેમિસ્ટ્રી-થી ઇતર)ના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે તા. ૧૪—૬—૧૯૭૩ સુધા પ્રો. આર. વી. શાહની નિમણૂક કર્યાના;

(૮) ડિસેંબર ૨૮ થી ૩૦, ૧૯૭૨ના સમય દરમિયાન ભારતીય વિદ્યાભવન, મુંબઈના ઉપક્રમે ટ્વેન્ટિએથ સેન્ચુરી સંસ્કૃત લિટરેચર વિથ એ સ્પેશિયલ એસેન્ટ ઑન પોસ્ટ-ઇન્ડિપેન્ડન્સ પિરિયડ" એ વિષય પર યોજાનાર પરિસંવાદમાં જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદના આચાર્ય ડૉ. એમ. ડી. ભટ્ટને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલ્યાના;

(૯) યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્રના દાકતરનો સારવાર દરમિયાન દરદીના અકસ્માતના વળતર માટે "ન્યૂ ઈન્ડિયા એન્સ્યોરન્સ કું. લિ. નો વીમો લીધાના (વીમાના પ્રીમિયમ અંગે વાર્ષિક ખર્ચ રૂ. ૬૫ જેટલું થાય છે); અને

(૧૦) ડિસેંબર ૨૯ અને ૩૦, ૧૯૭૨ સમય દરમિયાન "ઑલ ઈન્ડિયા કૉન્ફરન્સ ઑફ લિંગ્વિસ્ટિક્સ"ના હૈદરાબાદ મુકામે મળનાર ત્રીજા અધિવેશનમાં સિન્ડિકેટે તેની તા. ૯—૧૨—૧૯૭૨ની સભામાં ડા. એચ. સી. ભાયાણીને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નીમ્યા હતા પરંતુ તેઓએ જવાની અશકિત દર્શાવતાં તેમની જગ્યાએ ડૉ. વાય. ડી. વ્યાસને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૩. માર્ચ—એપ્રિલ ૧૯૭૩માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે કેન્દ્રો નક્કી કરવા બાબત :

સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૮૩ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૪. માર્ચ—એપ્રિલ ૧૯૭૩માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાધ્યિનકો—પરીક્ષકોની નિમણૂકો અંગે જે તે વિદ્યાશાખાની પરીક્ષા સમિતિઓની ભલામણો અને તે પર તા. ૮/૯—૧—૧૯૭૩ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલે કરેલી વિચારણાને અનુલક્ષીને નિમણૂકો કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે કેટલીક ચર્ચા-વિચારણા પછી ઠરાવવામાં આવ્યું કે, માર્ચ—એપ્રિલ ૧૯૭૩માં લેવાનારી જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાધ્યિનકો/પરીક્ષકો અંગે રજૂ કરવામાં આવેલી સદરહુ ભલામણોની બાબતમાં સિન્ડિકેટના જે કોઈ સભ્ય/સભ્યોને સૂચનો મોકલવાનાં હોય તે તેઓ આનગી રાહે કુલપતિશ્રીને મોકલી શકે છે.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ ભલામણો તથા ઉપર નં. (૧)માં જણાવેલાં સૂચનો પર સમગ્ર રીતે વિચારણા કરીને પ્રાધ્યિનકો/પરીક્ષકો અંગેની જરૂરી યાદીઓ તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી, અને તે સમિતિની ભલામણો સિન્ડિકેટની હવે પછીની સભા સમક્ષ વિધિસરની (formal) મંજૂરી માટે રજૂ કરવી :

૧. શ્રી. એસ. કે. ઝવેરી
૨. શ્રી. કે. એસ. શાસ્ત્રી
૩. શ્રી. આઈ. એ. મોદી
૪. ડૉ. એમ. એન. દેસાઈ
૫. શ્રી. આર. જી. શાસ્ત્રી.

દરમિયાન પ્રાધ્યિનકો/પરીક્ષકોની નિમણૂકો અંગે સદરહુ સમિતિની ભલામણોને અનુલક્ષીને નિમણૂકો અંગેની જરૂરી કાર્યવાહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫. ગુજરાત યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગના ઉપક્રમે અમદાવાદ મુકામે ચાલુ વર્ષમાં યોજવામાં આવનાર "ઑલ-ઈન્ડિયા સેમિનાર ઑન મોલેકયુલર સાયટોલોજી ઍન્ડ સાયટોજેનેટિકસ" અંગે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને તેમના પત્રાંક એફ. ૩—૨૪—૭૨ (એસ. આઈ.) તા. ૧૧—૧૨—૧૯૭૨થી અંદાજી ખર્ચની રકમ રૂ. ૧૩,૬૦૫ સાથે અનુદાનની રકમ રૂ. ૧૦,૦૦૦ (દસ હજાર) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬. ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે ૧૯૭૨—૭૩ના વર્ષમાં યોજવામાં આવનાર "ઑલ—ઈન્ડિયા ઇંગ્લિશ ટીચર્સ કૉન્ફરન્સ" અધિવેશન માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૧૫—૧૧—૧૯૭૨ના પત્રાંક એફ. ૩—૨૪—૭૨(એસ.આઈ.)થી રૂ. ૩,૦૦૦ (ત્રણ હજાર)નું અનુદાન મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના ઉપક્રમે "રિસ્ટ્રક્ચરિંગ ધી કોર્સ ઑફ સ્ટડીઝ ઇન ઇકોનોમિક્સ" અંગે યોજવામાં આવેલ પરિસંવાદ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્રાંક એફ ૩—૨૪—૭૨ (એસ.આઈ.), તા. ૧૫—૧૧—૧૯૭૨થી રૂ. ૨૩૦૦નું અનુદાન મંજૂર કર્યાની નોંધ લેવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગના ડૉ. વાય. ડી. સિંગની સંશોધન યોજના માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૬—૧૧—૧૯૭૨ના પત્ર ક્રમાંક એફ. ૬—૩ (૪૫૪૮—૭૨ એસ એફ. ૧)થી રૂ. ૫૦૦ની આર્થિક સહાય મંજૂર કર્યાની નોંધ લેવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯. વિજ્ઞાનવિદ્યા ભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગના ડૉ. સી. કે. શાહની સંશોધન યોજના માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્ર ક્રમાંક એફ. ૬—૩ (૪૫૪૯—૭૨ એસ.એફ. ૧), તા. ૬—૧૧—૧૯૭૨થી રૂ. ૫૦૦ની આર્થિક સહાય મંજૂર કર્યાની નોંધ લેવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૦. યુનિવર્સિટી કાર્યાલયમાં નીચેના કર્મચારીઓના તેઓના નામ તથા પગારધોરણની સામે બતાવેલ તારીખે કાર્યક્ષમતા અંતરાય (એફિસિયન્સી બાર) ઓળંગવા અંગેની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત :

અનુ. નં.	નામ તથા હોદ્દો	પગારધોરણ	તારીખ
(૧)	શ્રી. એન. બી. શાહ, કેશિયર	રૂ. ૩૧૩--૧૫--૩૪૩--૨૦--૪૫૩--ઈબી--૨૦—૫૬૩	૧--૨--૧૯૭૩થી
(૨)	શ્રી. એચ. સી. દોશી, આસિ. એકા.	,,	૧--૨--૧૯૭૩થી
(૩)	શ્રી. એ. જે. પ્રજાપતિ, જુનિ. ક્લાર્ક	રૂ. ૧૫૩—૫—૧૮૩-૧૦-૨૪૩-ઈબી-૧૫-૪૦૮—૨૦—૪૪૮	૧—૨—૧૯૭૩થી
(૪)	શ્રી. એ. એચ. શાહ ,,	,, ,,	૧—૨—૧૯૭૩થી
(૫)	શ્રીમતી એ. ઓ. એન્જિનિયર ,,	,, ,,	૧—૨—૧૯૭૩થી
(૬)	શ્રી. એસ. આ. ત્રિવેદી ,,	,, ,,	૧—૨—૧૯૭૩થી
(૭)	શ્રી. આર. એમ. પરમાર ,,	,, ,,	૧—૨—૧૯૭૩થી

ઉપર જણાવેલા સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૧. યુનિવર્સિટી પ્રેસના જુનિ. કલાર્ક શ્રી. એસ. એચ. દેસાઈને તા. ૧૬--૧--૧૯૭૩થી રૂ. ૧૫૩--૫--૧૮૩--૧૦--૨૪૩--ઈબી--૧૫--૪૦૮--૨૦--૪૪૮ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત :

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી પ્રેસના જુનિયર કલાર્ક શ્રી. એસ. એચ. દેસાઈને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી.૧૫-૪૦૮-૨૦-૪૪૮ના પગારધોરણમાં રૂ. ૨૪૩થી આગળ તા. ૧૬-૧-૧૯૭૩થી કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૨. યુનિવર્સિટી કાર્યાલયમાં ઈલેકિટ્રકલ એન્જિનિયર તરીકે કામ કરતા શ્રી. એસ. એમ. શાહનો અજમાયશી સમય તા. ૭--૨--૧૯૭૩ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૮--૨--૧૯૭૩થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી કાર્યાલયમાં ઈલેકિટ્રકલ એન્જિનિયર તરીકે કામ કરતા શ્રી. એસ. એમ. શાહને તા. ૮--૨--૧૯૭૩થી કાયમ કરવા.

૧૩. સંલગ્ન કૉલેજોના ગ્રંથપાલોના પરિસંવાદ માટે ગ્રંથાલયના નીચેના કર્મચારીઓને વધારાની સેવાઓ આપવા માટેનું મહેનતાણું સ્વીકારવા માટે પરવાનગી આપવા માટે અધ્યક્ષશ્રીના તા. ૮—૧૨--૧૯૭૨ના પત્ર ક્રમાંક લા. નં. ૫૮૯૨ પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીઓનાં નામ	મહેનતાણાની રકમ રૂ.	હાલ મળતો મૂળ પગાર રૂ.
૧.	શ્રી. અ. ટી. મિસ્ત્રી, ટેકનિકલ આસિ.	૨૫—૦૦	૫૦૩—૦૦
૨.	શ્રી. એમ. એમ. શાહ, ,,	૨૫—૦૦	૩૪૩—૦૦
૩.	શ્રી. કે. એ. શાહ, ,,	૨૫—૦૦	૩૨૮—૦૦
૪.	શ્રી. પી. સી. શાહ, સીનિ. કલાર્ક	૪૮—૦૦	૨૦૯—૦૦
૫.	શ્રી. એમ. ડી. સોની, ટાઈપિસ્ટ	૩૦—૦૦	૨૯૦—૦૦
૬.	શ્રી. એસ. જી. દેસાઈ, ,,	૨૫—૦૦	૨૪૩—૦૦
૭.	શ્રી. પ્રતાપસિંહ ચૌહાણ, પટાવાળા- કમ--એટેન્ડન્ટ	૨૮—૫૦	૧૭૧—૦૦
૮.	શ્રી. લક્ષ્મણ સોમૈયા, ,,	૨૮—૫૦	૧૭૧—૦૦
૯.	શ્રી. જી. બી. પરમાર, પટાવાળા	૧૫—૦૦	૧૫૩—૦૦
૧૦.	શ્રી. એન. આર. પરમાર, ,,	૧૫—૦૦	૧૫૩--૦૦
૧૧.	શ્રી. એસ. જે. રાણા, ,,	૧૫—૦૦	૧૫૩—૦૦
૧૨.	શ્રી. ડી. પી. પટેલ, ડિસ્પેચ કલાર્ક	૨૦—૦૦	૨૨૩—૦૦
		કુલ ૩૦૦—૦૦	

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના સભ્યો પૈકી ક્રમાંક ૧ થી ૬ અને ૧૨ ને ૧૯૭૨--૭૩ના વર્ષ દરમિયાનનું સદરહુ સભ્યોનું યુનિવર્સિટીનાં કામકાજ સિવાયનાં બીજાં કામકાજો અંગેનું કુલ વેતન તેમના કુલ

વાર્ષિક મૂળ પગાર (basic salary)ના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને ઉપર જણાવેલાં કામકાજ માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

વધુમાં ઉપર ક્રમાંક ૭થી ૧૧ને સદરહુ કામકાજ માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૧૪. "ઇન્સ્ટિટ્યૂટ ઑન ટીચિંગ ઍન્ડ રિસર્ચ ઇન ઇન્ડિયન પોલિટિકસ" માટે સમાજવિદ્યા ભવનના નીચેના કર્મચારીઓને વધારાની સેવાઓ આપવા માટેનું મહેનતાણું સ્વીકારવા માટે પરવાનગી આપવા અધ્યક્ષશ્રીના તા. ૩૦—૧૧—૧૯૭૨ના પત્રાંક ૫૦૪૬ પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીઓનાં નામ	મહેનતાણાની રકમ	હાલ મળતો મૂળ પગાર	૧૯૭૨—૭૩ના ચાલુ વર્ષ દરમ્યાન તેમને મળેલ વધારાનું વેતન
૧	૨	૩	૪	૫
		રૂ. પૈ.	રૂ. પૈ.	રૂ. પૈ.
૧.	શ્રી. ટી. એ. ભાસ્કર	૨૩૫—૦૦	૪૮૫—૦૦	૪૦૦—૦૦
૨.	શ્રી. ડબ્લ્યુ. એન. ક્રિશ્ચિયન	૭૫—૦૦	૨૫૮—૦૦	૫૮૫—૦૦
૩.	શ્રી. એ. વી. શાહ	૧૦૦—૦૦	૩૫૦—૦૦	—
૪.	શ્રી. એન. એ. પુરાણી	૧૦૦—૦૦	૨૫૦—૦૦	—
૫.	શ્રી. જી. એફ. પટેલ	૪૦—૦૦	૩૬૫—૦૦	૪૦૦—૦૦
૬.	શ્રી. એચ. એન. શાહ	૪૦—૦૦	૨૧૩—૦૦	૪૧૦—૦૦
૭.	શ્રી. આર. એમ. પટેલ	૩૫—૦૦	૨૨૩—૦૦	૧૯૦—૦૦
૮.	શ્રી. જે. પી. ચૌહાણ	૨૫—૦૦	૧૫૮—૦૦	૧૧૫—૦૦
પટાવાળા ભાઈઓ				
૧.	શ્રી. સી. કે વાઘેલા	૭૦—૦૦	૧૫૩—૦૦	૨૫૫—૦૦
૨.	શ્રી. કે. ડી. વાઘેલા	૭૦—૦૦	૧૨૧—૦૦	૮૦—૦૦
૩.	શ્રી. એસ. કે. વાઘેલા	૩૦—૦૦	૧૫૩—૦૦	૧૭૫—૦૦
૪.	શ્રી. કે. સી. સોલંકી	૩૦—૦૦	૯૪—૦૦	૧૩૦—૦૦
૫.	શ્રી. એસ. વી. ચૌહાણ	૩૦—૦૦	૯૪—૦૦	—
૬.	શ્રી. એન. ડી. વાઘેલા	૩૦—૦૦	૯૪—૦૦	૨૧૫—૦૦
૭.	શ્રી. જી. પી. લાવંત્રા	૨૦—૦૦	રોજિંદા	—
૮.	શ્રી. આઈ. એ. વાઘેલા	૨૦—૦૦	૧૫૩—૦૦	—
૯.	શ્રી. એફ. એમ પરમાર	૨૦—૦૦	૧૫૩—૦૦	—
૧૦.	શ્રી. કે. પી. દોડિયા	૧૦—૦૦	૧૫૩—૦૦	૧૫૫—૦૦
		કુલ ૯૮૦—૦૦		

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના સભ્યો પૈકી ક્રમાંક ૧ થી ૮ને ૧૯૭૨--૭૩ના વર્ષ દરમિયાનનું સદરહુ સભ્યોનું યુનિવર્સિટીનાં કામકાજ સિવાયનાં બીજાં કામકાજો અંગેનું કુલ વેતન તેમના કુલ વાર્ષિક મૂળ પગાર (basic salary)ના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને ઉપર જણાવેલાં કામકાજ માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

વધુમાં, ઉપર જણાવેલ પટાવાળા ભાઈઓ ક્રમાંક ૧થી ૧૦ને સદરહુ કામકાજ માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૧૫. ફેબ્રુઆરી ૧૯૭૩ના છેલ્લા સપ્તાહ દરમિયાન ન્યૂ દિલ્હી મુકામે "કોમ્પ્યુટર સોસાયટી ઑફ ઈન્ડિયા"નું આઠમું વાર્ષિક કન્વેન્શન યોજનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આઠમા વાર્ષિક કન્વેન્શનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે યંત્રવિભાગના નિયામક શ્રી. આર. પી. સોનીને મોકલવા.

૧૬. જાન્યુઆરી ૨૮થી ૩૧, ૧૯૭૩ના સમય દરમિયાન ઉદેપુર મુકામે ફિઝિશિયન્સ ઑફ ઈન્ડિયાનું વાર્ષિક અધિવેશન યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ફિઝિશિયન્સ ઑફ ઈન્ડિયાના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. છોટુભાઈ નાયકને મોકલવા.

૧૭. પ્રી–યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય; પ્રી–યુનિવર્સિટી એગ્રિકલ્ચર, તથા પ્રથમ વર્ષ ડિપ્લોમા ઈન ફાર્મસીના વર્ગો માટે ૧૯૭૫--૭૬--૭૭ની પરીક્ષાઓ માટે અંગ્રેજી ગદ્યપદ્યસંગ્રહ તથા અંગ્રેજી ગદ્યસંગ્રહનો મુસદ્દો તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંગ્રહો તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) પ્રો. કે. આર. ચન્દ્રશેખરન (આવાહક)
(૨) આચાર્ય એસ. આર. ભટ્ટ
(૩) આચાર્ય વી. જે. ત્રિવેદી
(૪) આચાર્ય એસ. એમ. શાહ
(૫) શ્રી. મોહનભાઈ પટેલ
(૬) પ્રા. મહેશભાઈ દવે.

૧૮. જાન્યુઆરીના છેલ્લા સપ્તાહ દરમિયાન અથવા ફેબ્રુઆરી ૧૯૭૩ના પ્રથમ સપ્તાહ દરમિયાન ઈન્ડિયન એકાઉન્ટિંગ એસોસિયેશનનું આગામી વાર્ષિક અધિવેશન કલકત્તા મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—હાલ અધિવેશનમાં નીચેના મુદ્દાઓ પરત્વે ચર્ચા કરવાનું નક્કી કરાયું છે :

૧. Accounting as an aid to Management
૨. Education and Training of Accountants in India
૩. Cost Audit
૪. Income Accounting.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય એન. કે. દવેને મોકલવા.

૧૯. જાન્યુઆરી ૨૨થી ૨૪, ૧૯૭૩ના સમય દરમિયાન The Indian Association of Preventive and Social Medicineનું ત્રીજું વાર્ષિક અધિવેશન ન્યૂ દિલ્હી મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—અધિવેશનમાં ચર્ચાનાર કેન્દ્રવર્તી વિષય Role of the Field Practice area in Medical Education.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નીચેના અધ્યાપકોને મોકલવા :

(૧) ડૉ. એ. એન. ભટ્ટ

(૨) ડૉ. એ. પી. દીક્ષિત

૨૦. માર્ચ ૧૦ અને ૧૧, ૧૯૭૩ના સમય દરમિયાન Indian Society of International Lawનું દશમું વાર્ષિક અધિવેશન ન્યૂ દિલ્હી મુકામે યોજાનાર છે તેમાં International Law or allied subject શીખવનાર શિક્ષકને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા અંગેના મજકૂર સોસાયટીના અધ્યક્ષશ્રી તરફથી આવેલ તા. ૧૬—૧૨—૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—નિષ્ણાતો પાસેથી નીચેના વિષયોના પેપર્સ મંગાવવામાં આવનાર છે :

૧. Selecte : Aspects of the Law of the Sea and Sea-bed

૨. Human Rights.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય એન. એસ. પંડ્યાને મોકલવા.

૨૧. (૧) ઑલ ઇન્ડિયા કૉન્ફરન્સ ઑન મેન્ટલ રિટાર્ડેશનનું ૪થું અધિવેશન અમદાવાદ મુકામે બી.એમ ઇન્સ્ટિટ્યૂટના ઉપક્રમે તા. ૧૯થી ૨૧ જાન્યુઆરી ૧૯૭૩ દરમ્યાન મળનાર છે તેમાં ગુજરાત યુનિવર્સિટી તેમના સહ—પુરસ્કર્તા તરીકે જોડાય તે માટેની તેમની વિનંતીને કુલપતિશ્રીને આપેલી મંજૂરીની નોંધ લેવા બાબત :

(૨) આ કૉન્ફરન્સ માટે આશરે રૂ. ૫૧,૨૦૦ના અંદાજી ખર્ચ પેટે રહેવા પામેલી રૂ. ૧૫,૦૦૦ની અંદાજી ખાધની સામે યોગ્ય આર્થિક સહાય આપવા માટેની બી.એમ. ઇન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર ઑફ ટ્રેઇનિંગ શ્રી. સુમંત મજમુદાર તરફથી આવેલ તા. ૧૪—૧૨—૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

(નોંધ.—૧. તેમની દરખાસ્ત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને ભલામણ સાથે મોકલાવી આપેલ છે.
૨. રૂ. ૩૩,૦૦૦ તેમણે એકઠા કરેલ છે. કુલ દરખાસ્ત રૂ. ૫૧,૨૦૦ની છે.)

(૧) આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના ખર્ચ પેટે રૂ. ૫૦૦ની પ્રતીક આર્થિક સહાય મંજૂર કરવી.

૨૨. વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગના પ્રાધ્યાપક ડૉ. સી. જી. ખત્રીને યુનિવર્સિટી ઑફ ટોરેન્ટોના રિસર્ચ પ્રોજેક્ટમાં ભાગ લેવા મળેલ આમંત્રણ માટે તેઓને તા. ૮—૧—૧૯૭૩થી તા. ૧૪—૩—૧૯૭૩ સુધી

બિનપગારી રજા તથા તા. ૧૫–૩–૧૯૭૨થી તા. ૧૪–૬–૧૯૭૩ના વેકેશન સમય માટે તેમને પગાર સાથે વેકેશનનો લાભ આપવા અંગેની તેઓની તા. ૧–૧૧–૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—૧. તેઓને પ્રોજેક્ટ દરમિયાન ૧૦૦૦ થી ૧૫૦૦ ડૉલર મળશે જેમાં તેઓનો બધો ખર્ચ આવી જાય છે.

૨. આ અંગે ટોરેન્ટો યુનિવર્સિટીના પ્રોફેસર શ્રી. શ્રીવાસ્તવનો શ્રી. ખત્રીની સેવાઓ આપવા માટેનો તા. ૨૩–૧૦–'૭૨નો પત્ર આવેલો છે.)

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના કોઈપણ કર્મચારીને પૂરા સમયની કામગીરી માટે એક કરતાં વધુ સ્થળેથી એકસાથે વેતન સ્વીકારવા માટે પરવાનગી આપી શકાય નહીં તે સિદ્ધાંત લક્ષમાં લઈને ઠરાવવામાં આવે છે કે ડૉ. સી. જી. ખત્રીને તા. ૮–૧–૧૯૭૩થી તા. ૧૪–૬–૧૯૭૩ અગર તો તેઓ વહેલા પાછા આવે તો તે તારીખ સુધીના સમય દરમિયાન તેમની ખાસ રજા બીનપગારી રજા તરીકે મંજૂર કરવી.

૨૩. આર. આર. લાલન કૉલેજ, ભૂજના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં હિંદી વિષયમાં અનુસ્નાતક શિક્ષણ આપવા જૂન ૧૯૭૩થી કેન્દ્ર સ્થાપવા આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

૧. શ્રી. કે. પી. મહેતા (શિક્ષક, હિંદી)

૨. શ્રી. એમ. એ. જાની (શિક્ષક, હિંદી)

૩. એક શિક્ષક ગૌણ ભાષામાં માન્ય.
ગુજરાતી, અંગ્રેજી અને સંસ્કૃત ગૌણ ભાષા તરીકે શીખવવાની છે તેમાં ગુજરાતી અને અંગ્રેજી(મુખ્ય)ના અનુસ્નાતક કેન્દ્ર હોવાથી નિયમ અનુસાર પૂરતો સ્થાનિક સ્ટાફ છે તથા સંસ્કૃતમાં એક માન્ય અનુસ્નાતક શિક્ષક છે.)

સદરહુ બાબતના સંદર્ભમાં સૌ પ્રથમ નીતિવિષયક નિર્ણય એમ લેવામાં આવ્યો કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં કોઈપણ કૉલેજમાં નવું અનુસ્નાતક કેન્દ્ર ૧૯૭૩–૭૪ના વર્ષ દરમિયાન સ્થાપવું નહીં.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજની વિનંતી મંજૂર કરવી નહીં.

૨૪. ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલા એલએલ. એમ. ગ્રુપ ૧ના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઈન-ચાર્જ તરીકે કાર્યકારી આચાર્ય કે. ડી. શાહની જગ્યાએ આચાર્ય એચ. યુ. જોષીની પ્રોફેસર-ઈન-ચાર્જ તરીકે નિમણૂક કરવા અંગે તેમના પોતાના તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—શ્રી. એચ. યુ. જોષી એલએલ.એમ. બ્રા. ૧ અને બ્રા. ૩ માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઈન-ચાર્જ તરીકે પ્રો. કે. ડી. શાહની જગ્યાએ આચાર્ય એચ. યુ. જોષીને નીમવા.

૨૫. ગવર્નમેન્ટ સાયન્સ કૉલેજ, ગાંધીનગરમાં જૂન ૧૯૭૩થી એમ.એસસી. ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા આચાર્યશ્રી તરફથી આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—(૧) સ્થાનિક શિક્ષકગણ નીચે મુજબ છે :

૧. ડૉ. વી. એ. વ્યાસ (અનુ. શિક્ષક) ઑર્ગે. કેમિસ્ટ્રી
૨. પ્રો. આર. એ. વ્યાસ (,,) ઈનઑર્ગે. કેમિસ્ટ્રી
૩. પ્રો. એચ. સી. પટેલ (,,) ઑર્ગેનિક કેમિસ્ટ્રી

(૨) નોર્થ ઝોનમાં હાલ મોડાસામાં ઑર્ગે. કેમિસ્ટ્રી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની ઉપરની વિનંતી મંજૂર કરવી નહીં.

૨૬. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈમાં ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૭૩ થી સ્થાપવા આચાર્યશ્રી તરફથી આવેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—સ્થાનિક શિક્ષકગણની માહિતી નીચે મુજબ છે :

(૧) શ્રી. આર. સી. શાહ (ઑર્ગે. કેમિસ્ટ્રી) અનુસ્નાતક શિક્ષક
(૨) શ્રી. સી. એમ. મહેતા (,,) માન્યતા માટે અરજી આવી છે, અગાઉ માન્યતા ધરાવતા હતા તેથી માન્યતાને પાત્ર છે.
(૩) ડૉ. સી. સી. શાહ (ઈનઑર્ગે. કેમિસ્ટ્રી) અનુસ્નાતક શિક્ષક
(૪) શ્રી. સી. સી. શાહ ,, ,,
(૫) શ્રી. એચ. ઓ. મહેતા ,, મદદનીશ શિક્ષક.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની ઉપરની વિનંતી મંજૂર કરવી નહીં.

૨૭. સિન્ડિકેટે નીમેલી સમિતિની ભલામણ મુજબનો સને ૧૯૭૧--૭૨ના વર્ષના બાવીસમા વાર્ષિક અહેવાલનો મુસદ્દો મંજૂર કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ તૈયાર કરેલ ૧૯૭૧--૭૨ના વર્ષના વાર્ષિક અહેવાલના મુસદ્દામાં સંપાદન અને ભાષાની દૃષ્ટિએ જરૂરી ફેરફાર સાથે તે મંજૂર કરવો.

૨૮. સને ૧૯૭૨--૭૩ના વર્ષના યુનિવર્સિટીના પુનર્નિર્મિત અંદાજપત્ર અને સને ૧૯૭૩--૭૪ના વર્ષના અંદાજપત્ર અંગે સિન્ડિકેટે નીમેલી અંદાજપત્ર સમિતિની તા. ૨૯--૧૨--૧૯૭૨ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ ઘડેલું ૧૯૭૨--૭૩ના વર્ષનું યુનિવર્સિટીનું પુનર્નિર્મિત અંદાજપત્ર અને ૧૯૭૩--૭૪ ના વર્ષનું અંદાજપત્ર મંજૂર કરવું.

૨૯. સિન્ડિકેટે નીમેલી જૉઈન્ટ કન્સલ્ટેટિવ સમિતિના તા. ૨૭--૧૨--૧૯૭૨ના રોજ મળેલી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

સદરહુ સમિતિની તા. ૨૭--૧૨--૧૯૭૨ના રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધમાં જણાવેલા બાબતો અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) સદરહુ સમિતિની બાબત નં. ૧ની નોંધ લેવી.

(૨) સદરહુ સમિતિની બાબત નં. ૨, ૩, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૧ અને ૧૨માં જણાવેલી ભલામણો મંજૂર કરવી.

(૩) સદરહુ સમિતિની કાર્યવાહીની નોંધમાં બાબત નં. ૪ હેઠળ કરવામાં આવેલી ભલામણ અંગે ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના કોઈ કર્મચારી રજા ઉપર જાય કે અન્યથા તેમની જગ્યા ખાલી પડે ત્યારે કાર્યકારી નિમણૂકો અને વધારાની ફરજોની સોંપણી અંગે રાજ્ય સરકારમાં પ્રવર્તતાં ધારાધોરણો અંગેની માહિતી મંગાવીને સદરહુ બાબત આ સભાગૃહ સમક્ષ ફરીથી રજૂ કરવાની રાખવી.

(સદરહુ સમિતિની તા. ૨૭–૧૨–૧૯૭૨ ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૩૦. ગ્રંથાલય સમિતિની તા. ૨૭–૧૧–૧૯૭૨ની સભાના નીચેના ઠરાવની નોંધ લેવા બાબત :

"ગ્રંથાલયના તા. ૧–૪–૧૯૭૨થી તા. ૩૦–૯–૧૯૭૨ સુધીના છમાસિક અહેવાલની નોંધ લેવામાં આવે છે અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૧. ગ્રંથાલય સમિતિની તા. ૨૭–૧૧–૧૯૭૨ની સભાના નીચેના ઠરાવની નોંધ લેવા બાબત :

"ગ્રંથાલયના તા. ૧–૪–૧૯૭૨થી તા. ૩૧–૩–૧૯૭૨ સુધીના વાર્ષિક અહેવાલની નોંધ લેવામાં આવે છે, અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિના ઉપરના ઠરાવની નોંધ લેવી.

૩૨. ગુજરાત યુનિવર્સિટી સુપરવાઈઝરી સ્ટાફ એસોસિયેશનને માન્યતા આપવા અંગે ઉપરોક્ત એસોસિયેશનના મંત્રીશ્રીની તા. ૧૧–૧૧–૧૯૭૨ની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારામાં નવા ફેરફારો કરવાનું રાજ્ય કક્ષાએ વિચારાઈ રહ્યું છે તેના સંદર્ભમાં સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવી.

૩૩. ગુજરાત યુનિવર્સિટી તરફથી દર વર્ષે લેવાનાર દંતવિદ્યાશાખામાં સ્નાતકની પદવી પરીક્ષામાં ઓર્થોડોન્થિયાના વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવી પ્રથમ અને દ્વિતીય આવનાર વિદ્યાર્થીને ડૉ. શ્રીમતી હરગંગાબહેન નૌતમભાઈ વ્યાસ ઉપલેટાવાળા સુવર્ણચંદ્રક" તથા "સ્વ. ડૉ. શ્રીમતી હરગંગાબહેન ગૌત્તમભાઈ વ્યાસ ઉપલેટાવાળા પારિતોષિક" આપવા અંગેના પ્રદાન માટે રૂ. ૧૦,૦૦૦ તથા ૧૯૭૩ના વર્ષ માટે વધારાની રકમ રૂ. ૧૫૨ (પ્રથમને રૂ. ૧૦૧નું અને દ્વિતીયને રૂ. ૫૧નું રોકડ રકમનું પારિતોષિક) સ્વીકારવા માટે ઉપલેટાના ડૉ. એન. ડી. વ્યાસના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૩૪. ફાર્મસીની અભ્યાસસમિતિની તા. ૨૮–૯–૧૯૭૨ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"ફાર્મસીની જુદી જુદી પરીક્ષાઓમાં પરીક્ષકો ઉત્તરવહીઓ યુનિવર્સિટીને પરત મોકલે તેનો ટપાલખર્ચ પરીક્ષકોને આપવા ધટનું કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ સ્વીકારી શકાય તેમ નથી.

૩૫. થાઉ સી. કે. મ્યુ. કૉમર્સ કૉલેજ, કલોલના આચાર્યશ્રી તરફથી ૧૯૭૩--૭૪ના વર્ષમાં નીચે જણાવ્યા પ્રમાણે ફી વધારવા અંગે મંજૂરી માગતી આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત :

કક્ષા	હાલનું ફીનું ધોરણ	સૂચિત ફી વધારો
પ્રી-યુનિ. કૉમર્સ	૧૬૦	૧૦
પ્રથમ વર્ષ બી. કૉમ.	૧૬૦	૧૦
દ્વિતીય વર્ષ બી.કૉમ.	૧૬૦	૩૦
તૃતીય વર્ષ બી.કૉમ.	૧૬૦	૩૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સિન્ડિકેટે તેની તા. ૨૧--૧૦--૧૯૭૨ ની સભામાં બાબત નં. ૩૧ હેઠળ નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૩૬. એમ.એસસી. પ્રાયોગિક પરીક્ષામાં ફિઝિકસ વિષયમાં એક ટુકડી (બૅચ) વિદ્યાર્થીઓની સંખ્યા ૧૨ને બદલે ૯ રાખવા માટેની યુનિવર્સિટી વિજ્ઞાન ભવનના ફિઝિકસ વિભાગના વડા તરફથી આવેલ તા. ૨૯—૧૧—૧૯૭૨-ના પત્ર પર વિચારણા કરવા બાબત :

નોંધ.—આ બાબતમાં ડીનનો અભિપ્રાય નીચે મુજબ છે :

" વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકશાસ્ત્ર વિભાગમાં એમ.એસસી. ભાગ ૧ અને ૨માં યુનિવર્સિટી પરીક્ષામાં પ્રાયોગિક કામ માટે ૧૨ વિદ્યાર્થીઓની બૅચને જોઈતાં સાધનો ઉપલબ્ધ નથી. આ પરિસ્થિતિમાં એમની માગણી અનુસાર દર ૯ વિદ્યાર્થીઓની બૅચ પ્રમાણે પ્રાયોગિક પરીક્ષા માટે મંજૂરી આપવામાં કોઈ ખાસ વાંધો નથી. માત્ર થોડો આર્થિક બોજો વધવાની શકયતા છે.

આ ભવનમાં જેમ બને તેમ જલદી આવી પરિસ્થિતિને પહોંચી વળવા માટે પૂરતાં સાધનો વસાવી લેવાં હિતાવહ છે."

(ડીનશ્રીની ભલામણ જોતાં પૂરતી સગવડ થાય ત્યાં સુધી ૯ વિદ્યાર્થીની બૅચ બનાવી કામ કરવા મંજૂરી આપવા ભલામણ છે. અગાઉના નિયમ મુજબ ૬ની બૅચ રાખવાની હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાનના વિભાગમાં આ પરીક્ષા માટે જરૂરી સાધનો પૂરતા પ્રમાણમાં વસાવવામાં ન આવે ત્યાં સુધી સદરહુ પ્રાયોગિક પરીક્ષા માટે એક ટુકડીના વિદ્યાર્થીઓની સંખ્યા ૧૨ને બદલે ૯ રાખવી.

૩૭. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદમાં શૈક્ષણિક કાર્ય કરતા નીચેના શિક્ષકો તેમનાં નામ સામે જણાવેલ શૈક્ષણિક વર્ષથી કાર્ય કરતાં હોવા છતાં તેમની નિમણૂકો યથા સમયે માન્ય કરાવી નહિ હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	પદ	શૈક્ષણિક વર્ષ
૧.	શ્રી. સી. સી. વ્યાસ	વ્યાખ્યાતા	૧૯૬૯—૭૦
૨.	,, એ. જી. પટેલ	ટ્યૂટર	૧૯૭૦—૭૧
૩.	,, એચ. જે. વ્યાસ	,,	,,

ક્રમાંક	શિક્ષકનું નામ	પદ	શૈક્ષણિક વર્ષ
૪.	શ્રી. પી. વી. પટેલ	ટ્યૂટર	૧૯૭૦—૭૧
૫.	,, એ. ટી. અજમેરા	,,	,,
૬.	,, પી. કે. પારેખ	,,	,,
૭.	,, એમ. આર. પંચાલ	વ્યાખ્યાતા	,,
૮.	,, સી. કે. અમીન	ટ્યૂટર	૧૯૭૧—૭૨
૯.	,, એમ. જે. પંડ્યા	,,	,,
૧૦.	,, બી. ડી. ચાંદોરા	,,	,,
૧૧.	,, એસ. પી. ત્રિવેદી	પ્રાધ્યાપક	,,

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂકો વેળાસર મંજૂર કરાવવા માટે જરૂરી કાર્યવાહી ન કરવા માટે સંબંધકર્તા કૉલેજને ઠપકો આપવો અને તે નિમણૂકો માન્ય કરવા માટેની કાર્યવાહી હાથ ધરવી.

૩૮. યુનિવર્સિટીના નિયમ પ્રમાણે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકો માટે નિવૃત્તિ વયમર્યાદા ૬૦ વર્ષની છે, જ્યારે સરકારી કૉલેજો અને મ્યુનિસિપાલિટી દ્વારા ચાલતી કૉલેજ--સંસ્થાઓમાં શિક્ષકોની નિવૃત્તિ વયમર્યાદા ૫૮ વર્ષની છે તો તે પરિસ્થિતિ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સરકારી અને મ્યુનિસિપલ વહીવટ હેઠળ ચાલતી કૉલેજોના શિક્ષકોની નિવૃત્તિ માટેની વયમર્યાદા ૫૮ વર્ષની રાખવામાં આવી છે એ એમની સત્તામર્યાદામાં આવતું હોઈ તેમાં વાંધો લેવો શકય નથી.

૩૯. પૂજ્ય વિનોબાજી ભાવેએ કરેલાં નીચેનાં બે સૂચનો પર વિચારણા કરવા બાબત :

(૧) દક્ષિણ ભારતની ભાષાઓના શિક્ષણનો પ્રબંધ કરવો, અને

(૨) આચાર્યકુલના કાર્યને ગુજરાતમાં વેગવાન કરવું.

અને

૭૬. ઑકટોબર ૧૪થી ૧૬, ૧૯૭૨ના દિવસો દરમ્યાન સેવાગ્રામ મુકામે યોજાયેલ ઑલ-ઈન્ડિયા નેશનલ એજ્યુકેશન કૉન્ફરન્સમાં નિમાયેલ 'Follow up' સમિતિના કન્વીનર તરફથી મળેલ Statement on consensus પર વિચારણા કરવા બાબત :

બાબત નં. ૩૯ અને ૭૬ની વિચારણા સાથે કરવામાં આવી. તે પછી ઠરાવવામાં આવ્યું કે—

(૧) દક્ષિણ ભારતની ભાષાઓના શિક્ષણનો પ્રબંધ કરવાનો પ્રસ્તાવ પાંચમી પંચવર્ષીય યોજનામાં યુનિવર્સિટીના વિકાસ કાર્યક્રમમાં સામેલ કરવો.

(૨) Statement of Consensus તથા આચાર્યકુલના કાર્ય અંગે એક સંમેલન બોલાવવું અને તે માટે રૂપિયા પાંચસો સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૪૦. સાંજના અનુસ્નાતક વર્ગોની વ્યવસ્થા અંગે પુનર્વિચારણા કરી તે કાર્યક્રમોને વધુ સુગ્રથિત અને અસરકારક બનાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) કુલપતિશ્રી
(૨) આચાર્ય વી. જે. ત્રિવેદી
(૩) ડૉ. કે. આર. રામનાથન
(૪) આચાર્ય એમ. સી. શાહ
(૫) અધ્યક્ષ, વિજ્ઞાનવિદ્યા ભવન, ગુજરાત યુનિ.
(૬) અધ્યક્ષ, સમાજવિદ્યા ભવન, ,,
(૭) અધ્યક્ષ, ભાષા ભવન, ,,
(૮) અધ્યક્ષ, મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવન.

૪૧. સિન્ડિકેટે તેની તા. ૫/૬--૮--૧૯૭૨ની સભામાં નીમેલી સમિતિની તા. ૨૯--૧૧--૧૯૭૨ની સભામાં થયેલ નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિમતનગરના ભૂતપૂર્વ આચાર્ય ટી. પી. ચિતાનંદને તેમના આચાર્યપદના સેવાકાળ દરમ્યાન એટલે કે ૧૫મી જૂન ૧૯૬૮ થી એપ્રિલ ૧૯૭૧ યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે ઘરભાડાની જે રકમ ચૂકવવા પાત્ર હતી તેમાંથી પ્રતિમાસ રૂ. ૪૨ લેખે ઓછી ચૂકવવામાં આવી હતી તે રકમની ચુકવણી કૉલેજે સિન્ડિકેટ જે મુદત સૂચવે તે મુદત સુધીમાં કરવી, અન્યથા સદરહુ કૉલેજને અપાતી આર્થિક સહાય અટકાવવા અંગે રાજ્ય સરકારને ભલામણ કરવી."

સદરહુ બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે કુલપતિશ્રીએ સભાગૃહને જાણ કરી કે તેઓશ્રીએ સદરહુ બાબત અંગે કૉલેજને જરૂરી પત્ર લખ્યો છે. તે પછી સભાગૃહે તેની નોંધ લીધી.

૪૨. તા. ૨૯/૩૦—૯—૧૯૭૧ તથા તા. ૮—૧—૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલા નીચેના ઠરાવ ઉપર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

" ગુજરાત રાજ્યના ફેક્ટરી ઍક્ટ અન્વયે યુનિવર્સિટી પ્રેસના જે જે હંગામી કર્મચારીઓ ભારત સરકારના ઍક્ટ હેઠળ પ્રૉવિડંટ ફંડનો લાભ મેળવવા પાત્ર થતા હોય તેમને યુનિવર્સિટી પ્રેસના કાયમી કર્મચારીઓને મળતા કેજ્યુઅલ રજા, માંદગીની રજા, તહેવારોની રજા ઇત્યાદિ લાભો આપીને પ્રેસના કર્મચારીઓની બાબતમાં હાલ પ્રવર્તતાં બેવડાં ધોરણો નાબૂદ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત પ્રેસ સમિતિને વિચારણા માટે મોકલવી.

૪૩. તા. ૨૯/૩૦--૯—૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

" ગુજરાત રાજ્યના ફેક્ટરી ઍક્ટ અન્વયે યુનિવર્સિટી પ્રેસના જે કર્મચારીઓને પ્રૉવિડંટ ફંડની કપાત થતી હોય તેવા યુનિવર્સિટી પ્રેસના હંગામી કર્મચારીઓને જે તે જગ્યા પર પ્રૉવિડંટ ફંડ કપાતની આરંભ તારીખથી યુનિવર્સિટી પ્રેસનાં ધારાધોરણ અનુસાર કાયમ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત પ્રેસ સમિતિની વિચારણા માટે મોકલવી.

૪૪. તા. ૯/૧૦–૧૦–૧૯૭૨ના રોજ મળેલ સેનેટની આસ સભામાં પસાર થયેલા નીચેના ઠરાવ પરત્વે આગળ પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"અધિકારી હોય કે પટાવાળા હોય, કારકુન હોય કે કામદાર હોય, ધાર્મિક અને રાષ્ટ્રીય પર્વોનું મૂલ્ય પ્રત્યેકને માટે સરખું હોય છે. ગુજરાત યુનિવર્સિટીમાં તેના કાર્યાલય, તેનાં તમામ ભવનો, તેનું ગ્રંથાલય વગેરે વિવિધ વિભાગો કે એકમોમાં સેંકડોની સંખ્યા ધરાવતા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક તમામ કર્મચારીઓને એકસમાન ધોરણે તહેવારોની રજાઓ આપવામાં આવે છે, જ્યારે યુનિવર્સિટીના એક અવિભાજ્ય અંગ સમાન હોવા એકમાત્ર યુનિવર્સિટી પ્રેસના પ્રમાણમાં તદ્દન અલ્પ સંખ્યાના કર્મચારીઓને તહેવારોની ગણીગાંઠી રજાઓ આપવામાં આવે છે; તો—

ગુજરાત રાજ્ય સરકાર પણ તેના પ્રેસના કર્મચારીઓને ધાર્મિક–રાષ્ટ્રીય તહેવારોની રજાઓ આપવા બાબતમાં કોઈ ભેદ રાખતી નથી તે હકીકતની નોંધ લઈને તેમ જ માનવમાત્રમાં પ્રવર્તતા ધર્મ-અનુરાગ અને રાષ્ટ્રભાવનાની સાહજિકતા લક્ષમાં લઈને યુનિવર્સિટી પ્રેસના તદ્દન અલ્પ સંખ્યાના કર્મચારીઓને ધાર્મિક-રાષ્ટ્રીય પર્વોની રજાઓ યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓને અપાય છે તે ધોરણે આપી ધાર્મિક-રાષ્ટ્રીય પર્વોની રજાઓ આપવા બાબતમાં, ગુજરાત યુનિવર્સિટી જેવી ગુજરાતની પ્રમુખ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થામાં પ્રવર્તતાં બેવડાં ધોરણો નાબૂદ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી અને અનુરોધ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત પ્રેસ સમિતિની વિચારણા માટે મોકલવી.

૪૫. સને ૧૯૭૨–૭૩ (એપ્રિલ ૧૯૭૨થી માર્ચ ૧૯૭૩)ના વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓના પ્રોવિડંટ ફંડ ખાતામાં કયા દરે વ્યાજ આપવું તે ઓ. ૧૧૭ મુજબ નક્કી કરવા બાબત :

[નોંધ.—(૧) સને ૧૯૭૧–૭૨ના વર્ષ માટે પ્રોવિડંટ ફંડની ઊઘડતી બાકી ઉપર ૫.૬૫ ટકાના દરે વ્યાજ આપ્યું હતું.

(૨) વર્ષ દરમિયાન શરૂઆતના છ માસના ફાળા ઉપર ૨.૮૨ ટકાના દરે વ્યાજ આપ્યું હતું.

(૩) સને ૧૯૭૨–૭૩ના વર્ષ માટે ગુજરાત રાજ્ય સરકારે ૫.૭૫ ટકાના દરે વ્યાજ આપવાનું નક્કી કરેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૨–૭૩ના વર્ષ માટે યુનિવર્સિટીના કર્મચારીઓના પ્રોવિડંટ ફંડના ખાતામાં ઊઘડતી બાકી ઉપર ૫.૭૧ ટકાના દરે અને વર્ષની શરૂઆતના છ માસ દરમિયાન ભેગી થયેલી રકમ ઉપર ૨.૮૭ ટકાના દરે વ્યાજ આપવું.

૪૬. માર્ચ ૧૯૭૩ના સમય દરમિયાન યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડ, જયપુરના ઉપક્રમે "India and the world of sports problems and potentialities and planning" પર એક રાષ્ટ્રીય પરિસંવાદ યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના તેના મંત્રીશ્રીના તા. ૧૬–૧૨–૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શારીરિક તાલીમ વિભાગના અધ્યક્ષ શ્રી. વાસુદેવભાઈ પી. મહેતાને મોકલવા.

૪૭. ફેબ્રુઆરી ૧૫થી ૨૦, ૧૯૭૩ના સમયદરમિયાન ઈન્સ્ટિટ્યૂશન ઑફ એન્જિનિયર્સ(ઈન્ડિયા)નું ૫૩મું વાર્ષિક કન્વેન્શન મદ્રાસ મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના તેના માનદ મંત્રીશ્રીના તા. ૧૫—૧૨—૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઈન્સ્ટિટ્યૂશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. આર. સી. સેનપાલને મોકલવા.

૪૮. "નેશનલ સાયન્સ ટેલન્ટ સર્ચ" યોજના હેઠળ વિજ્ઞાન વિદ્યાભવનના નીચેના કર્મચારીઓને વધારાની સેવાઓ આપવા માટેનું મહેનતાણું સ્વીકારવા માટે પરવાનગી આપવા અધ્યક્ષશ્રીના તા. ૨૮—૧૨—૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીઓનાં નામ	મહેનતાણાની રકમ	હાલ મળતો મૂળ પગાર
૧.	પ્રો. જે. જે. ચિનોય	રૂ. ૧,૦૦૦	રૂ. ૧,૫૪૦
૨.	ડૉ. જે. સી. વોરા	રૂ. ૨૨૫	રૂ. ૭૨૦
૩.	ડૉ. (કુ.) એન. જે. ચિનોય	રૂ. ૨૨૫	રૂ. ૫૬૦
૪.	ડૉ. એ. એમ. વૈદ્ય	રૂ. ૨૦૦	રૂ. ૯૦૦
૫.	ડૉ. બી. એસ. વૈદ્ય	રૂ. ૩૨૫	રૂ. ૮૮૦
	ઑફિસ સ્ટાફ		
૧.	શ્રી. આર. કે. મોદી	રૂ. ૭૫	રૂ. ૩૧૮
૨.	શ્રી. પી. એન. મહેતા	રૂ. ૭૫	રૂ. ૨૪૩
૩.	શ્રી. એન. વી. શાહ	રૂ. ૫૦	રૂ. ૨૩૩
૪.	શ્રી. પીટર મેકવાન	રૂ. ૪૦	રૂ. ૧૫૩
૫.	શ્રી. મુકુંદ મેનન	રૂ. ૪૦	રૂ. ૧૫૩

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના સભ્યો પૈકી ક્રમાંક ૧ થી ૫ શિક્ષકો, તથા ક્રમાંક ૧થી ૩ કર્મચારીઓને ૧૯૭૨--૭૩ના વર્ષ દરમિયાનનું સદરહુ સભ્યોનું યુનિવર્સિટીનાં કામકાજ સિવાયનાં બીજાં કામકાજો અંગેનું કુલ વેતન તેમના કુલ વાર્ષિક મૂળ પગાર (basic salary)ના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને ઉપર જણાવેલાં કામકાજ માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

વધુમાં ઉપર ક્રમાંક ૪ અને ૫ પટાવાળાઓને સદરહુ કામકાજ માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૪૯. યુનિવર્સિટી મુદ્રણાલયમાં મશીનમૅન તરીકે કામ કરતા શ્રી. બી. વી. માલવણિયાનું તા. ૧૯—૧૧—૧૯૭૨ના રોજ દુઃખદ અવસાન થયું હોઈ તેઓને સ્ટે. ૧૯૩ (એ) મુજબ ગ્રેચ્યુઈટીની રકમ આપવા અંગેની તેમનાં પત્નીની તા. ૧૫—૧૨—૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત :

(નોંધ---શ્રી. બી. વી. માલવણિયા યુનિવર્સિટી મુદ્રણાલયમાં તા. ૯—૬--૧૯૫૮ના રોજ જોડાયા હતા અને તેઓનું તા. ૧૯—૧૧—૧૯૭૨ના રોજ દુઃખદ અવસાન થયું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી મુદ્રણાલયના મશીનમૅન શ્રી. બી. વી. માલવણિયાના અવસાનની સખેદ નોંધ લેવી તથા તેમનાં પત્નીને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ગ્રેચ્યુઈટીની રકમ ચૂકવી આપવી.

૫૦. એમ. એન. કૉલેજ, વીસનગરમાં જૂન ૧૯૭૩થી સંસ્કૃતનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત :

[**નોંધ.**— (૧) સ્થાનિક શિક્ષણગણ અંગેની માહિતી નીચે મુજબ છે :

૧. શ્રી. જે. એસ. પટેલ—શિક્ષક
૨. શ્રી. જી. એસ. શાહ ,,
૩. શ્રી. એન. જે. રાવળ—મદદનીશ

એક મદદનીશ શિક્ષક ગૌણ ભાષામાં હિન્દી, અંગ્રેજી, ગુજરાતી ગૌણ વિષય તરીકે શિખવાડશે. તેના મુખ્ય વિષયનાં અનુસ્નાતક કેન્દ્રો કૉલેજમાં ચાલતાં હોવાથી માન્યતા ધરાવતા શિક્ષકો સ્થાનિક સ્ટાફ પર છે.

(૨) મજકૂર કૉલેજમાં સંસ્કૃત વિષયનું અનુસ્નાતક કેન્દ્ર ૧૯૫૬થી આપેલ જે જૂન ૧૯૬૪માં બંધ કરવામાં આવ્યું હતું.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી મંજૂર કરવી નહીં.

૫૧. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરના આચાર્ય તરફથી તેમની કૉલેજમાં અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી" વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી પરથી સ્થાનિક તપાસસમિતિ નીમવાના પ્રશ્ન અંગે વિચારણા કરવા બાબત :

[**નોંધ.**— (૧) નૉર્થ ઝોનમાં અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી" વિષયનું અનુસ્નાતક કેન્દ્ર નથી.

(૨) નિયમાનુસાર પૂરતો સ્થાનિક શિક્ષકગણ નીચે મુજબનો છે :

૧. આચાર્ય આઈ. જે. ધ્રુવ — માન્ય અનુ. શિક્ષક—જૂથ "એ"–"સી"
૨. પ્રો. બી. એમ. ભટ્ટ — ,, ,, જૂથ "સી"–"ડી"
૩. શ્રી. પી. એન. જોશી — ,, ,, જૂથ "સી"–"ડી"]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી મંજૂર કરવી નહીં.

૫૨. ઑડિટરોના સૂચનને અનુલક્ષીને ટાગોર શતાબ્દી વ્યાખ્યાનમાળા અંગેના નિયમોમાં સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨–૪–૧૯૭૦ની સભામાં નીચે જણાવ્યા પ્રમાણે અનુસ્નાતક નિયમ નં. ૫ સુધારેલ તેનો અમલ તા. ૧–૪–૧૯૬૮થી કરવા અંગે વિચારણા કરવા બાબત :

5. The expenditure not exceeding Rs. 900/– annually, will be incurred by the University, out of the income from the Fund towards the payment of honorarium, including T.A. and D.A. of the lecturer, as the Syndicate may fix, and other incidental expenses which may be necessary for arranging the lectures. The lectures may be delivered either in Gujarati, Hindi and English.

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨–૪–૧૯૭૦ની સભામાં સુધારેલ અનુ. નિયમ નં. ૫નો સુધારો અન્વેષકોની સૂચના મુજબ તા. ૧–૪–૧૯૬૮થી અમલી બનાવવો.

૫૩. ગુજરાત રાજ્ય સરકારના ધોરણે તા. ૧–૧૦–૧૯૭૨થી અમલમાં આવે તે રીતે સુધારેલા મોંઘવારી ભથ્થાના દરો સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓને પણ લાગુ પાડવા અંગેના ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ કર્મચારી મહામંડળના મહામંત્રીના તા. ૧૧–૧૨–૧૯૭૨ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કૉલેજોના સંચાલક મંડળોના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૫૪. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) પીએચ.ડી. પદવી માટે નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ સ્વીકાર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા	વિષય
૧.	શ્રી. જોશી ભગવાન શંકરરાવ	વિજ્ઞાન	રસાયણશાસ્ત્ર
૨.	શ્રી. શાહ રસિક અંબાલાલ	વિજ્ઞાન	રસાયણશાસ્ત્ર
૩.	શ્રી. હજારી અમૃતલાલ મણિલાલ	વિજ્ઞાન	રસાયણશાસ્ત્ર
૪.	શ્રી. સુથાર હસમુખ કાળિદાસ	વિજ્ઞાન	વનસ્પતિશાસ્ત્ર
૫.	શ્રી. ભાયાણી અનુપચંદ્ર પુરુષોત્તમ	વિનયન	હિન્દી;

(૨) ભારત સરકારના અણુ વિભાગ તરફથી ડિસેંબર ૨૮, ૧૯૭૨ થી જાન્યુઆરી ૧, ૧૯૭૩ના સમય દરમિયાન ચંદીગઢ મુકામે "ન્યુક્લિયર ફિઝિક્સ ઍન્ડ સૉલિડ સ્ટેટ ફિઝિક્સ" પર યોજાયેલ પરિસંવાદમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રા. વી. એમ. ત્રિવેદીને મોકલ્યાના;

(૩) ડિસેંબર ૨૫થી ૨૭, ૧૯૭૨ના સમય દરમિયાન ખેડા જિલ્લા સહકારી સંઘ તરફથી વલ્લભ-વિદ્યાનગર મુકામે "સહકારી પ્રવૃત્તિના વિકાસની દૃષ્ટિએ યુનિવર્સિટીના અભ્યાસક્રમોમાં સહકારના વિષયનું મહત્ત્વ" એ વિષય પર યોજાયેલ પરિસંવાદમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે આચાર્ય એસ. આર. મહેતા અને પ્રા. એચ. વી. સુથારને મોકલ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૫૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) હવે પછીના વર્ષથી ઇન્ડિયા ઇન્ટરનેશનલ સેન્ટર, ન્યૂ દિલ્હીની સભ્ય-સંસ્થા તરીકે વાર્ષિક રૂ. ૧,૦૦૦નું લવાજમ ભરીને ચાલુ ન રહેવાના;

(૨) ભારત–જાપાન વિદ્યાર્થી-વિનિમય યોજના સુદૃઢ બને તે હેતુથી જાપાનની ઓતેમોન ગેકુઈન યુનિવર્સિટીના અધ્યક્ષ ડૉ. તોશીતોકે ઓમેનો અને તેમનાં પત્નીની આપણી યુનિવર્સિટીની મુલાકાત સંજોગોવશાત્ ચાલુ વર્ષે તેમણે મોકૂફ રાખવી પડેલી હોઈ, આવતે વર્ષે ૧૯૭૩–૭૪માં એ મુલાકાત યોજવા માટેનું નિમંત્રણ ચાલુ રાખ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૫૬. ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીમાંથી આઈ.બી.એમ. ૧૬૨૦ કૉમ્પ્યુટર આ યુનિવર્સિટીમાં ટ્રાન્સફર કરી આપવાની પરવાનગી આપતા ભારત સરકારના ઇલેક્ટ્રોનિકસ ખાતાના શ્રી. એ. બાલા સુબ્રહ્મણ્યમ્ના તા. ૨૭-૧૨-૧૯૭૨ના પત્ર ક્રમાંક ડી. ઓ. ૯૪ (૨)-૭૨–ડી.ઈ.ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભારત સરકારના ઇલેક્ટ્રોનિકસ કમિશનના શ્રી. એ. બાલા સુબ્રહ્મણ્યમ્ના તા. ૨૭–૧૨–૧૯૭૨ના પત્ર નં. ડી. ઓ./૯૪(૨)—૭૨—ડી.ઈ. નો તથા પી. આર. એલ.ના પત્ર નં. કામ./૦૮—૧૯૭૨–૭૩નો સ્વીકાર કરવો.

કમિશન તેમ જ પી.આર.એચ.ઓ આની ઉદાર ગોઠવણ કરી ત બદલ બન્ને સંસ્થાઓનો આભાર માનવો અને આ અંગે કુલપતિશ્રીએ યુ.જી.સી. સમક્ષ કોમ્પ્યુટર સેન્ટર અંગે જે સહાય માગી છે તેની નોંધ લેવી. કોમ્પ્યુટર સેન્ટર અંગેની કાર્યવાહી માટે નીચે જણાવેલ સભ્યોની સલાહકાર સમિતિ નીમવી :

(૧) ડૉ. સી. જી. ખત્રી;
(૨) આચાર્ય કે. એન. શાહ; અને
(૩) ડૉ. વી. પી. શાહ.

૫૭. "સ્કીમ ઑફ વિઝિટિંગ સ્ટુડન્ટશિપ ફૉર ૧૯૭૨–૭૩" અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્રાંક એફ. ૧–૨૧–૭૨ (સી.ઈ.), તા. ૧૮–૧૨–૧૯૭૨થી અનુદાનની રકમ રૂ. ૫,૦૦૦ (અંકે રૂપિયા પાંચ હજાર) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૫૮. યુનિવર્સિટી કૅમ્પસમાં ટયૂબવેલ તૈયાર કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તેમના પત્ર નં. ડી.ઓ. ૭૭–૩–૧૯૭૨–એસ.એ.જે., તા. ૨૦–૧૨–૧૯૭૨થી રૂ. ૫૦,૦૦૦ અથવા કુલ ખર્ચના ૫૦ ટકા– બેમાંથી જે ઓછી હોય તેટલી–ગ્રાન્ટ આપવાનું મંજૂર કરવામાં આવ્યું છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી અને બોરનું કદ ૮"ને બદલે ૧૨"નું રાખવું પડયું છે તે મંજૂર કરવું.

૫૯. ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે ચાલુ વર્ષે યોજનાર Inter-University Sports Meet અંગે ગુજરાત સરકારના શિક્ષણ અને મજૂર ખાતાએ તેમના ઠરાવ નં. યુ.એસ.જી.–૧૧૭૨ કેએચ, તા. ૨–૧–૧૯૭૩થી રૂ. ૧૦,૦૦૦ની કે ૫૦ ટકા જેટલા ખર્ચની એ બેમાંથી જે ઓછી હોય તે રકમનું અનુદાન મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

[નોંધ.–આ અનુદાનની શરત ૩ નીચે મુજબ છે :

The expenditure on this account should be debited to the 'Grant No. 39' major head "28–Education–A–University–A–Grants to Universities–A–(2) Schemed in Five Year Plan A–(2) (2) Grant to Universities for development including schemes approved by University Grants Commission (Scheme No. 407)" and met from the sanctioned grants thereunder during the current financial year.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૬૦. વિજ્ઞાનવિદ્યા ભવનમાં આંકડાશાસ્ત્રના રીડરની જગ્યા માટે તા. ૪–૧–૧૯૭૩ના રોજ મળેલી વરણી-સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૪–૧–૧૯૭૩ની સભાની ભલામણ સ્વીકારવી અને તે મુજબ શ્રી. અમૃતલાલ વી. ગજજરની નિમણૂક વિજ્ઞાન વિદ્યાભવનમાં આંકડાશાસ્ત્રના રીડર તરીકે રૂ. ૭૦૦–૫૦–૧,૨૫૦ના પગારધોરણમાં માસિક રૂ. ૭૦૦થી કરવી, અને તેમનો સામાન્ય વાર્ષિક પગારવધારો તા. ૧–૪–૧૯૭૩ના રોજ આવતો હોઈ, તેમના હાલના મૂળ પગારને લક્ષમાં લઈને તા. ૧–૪–૧૯૭૩થી તેમને માસિક રૂ. ૭૫૦ નો મૂળ પગાર આપવો અને તે પછીના વાર્ષિક ઈજાફા પહેલી એપ્રિલથી ગણવાનું રાખવું.

(સદરહુ સમિતિની તા. ૪–૧–૧૯૭૩ની ભલામણ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૬૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૭—૧૨—૧૯૭૨ના રોજ મળેલી સભાની બાબત ક્રમાંક ૨ થી ૭, ૧૦ થી ૨૨, ૨૪ થી ૩૩ અને ૩૫ થી ૪૧ અંગે થયેલી ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—બાબત ક્રમાંક ૮, ૯, ૨૩ અને ૩૪ પર થયેલી ભલામણો એકેડેમિક કાઉન્સિલ સમક્ષ વિચારણા માટે મૂકેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૨૭—૧૨—૧૯૭૨ના રોજ મળેલ સભાની કાર્યવાહીમાં નીચેની બાબતોમાં જણાવેલી ભલામણો મંજૂર કરવી :

૩, ૪, ૫, ૬, ૭, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૯, ૪૦ અને ૪૧.

વધુમાં ઠરાવવામાં આવે છે કે બાબત નં. ૨માં **શ્રી. સુમંત કાન્તિલાલ મજમુદારને મનોવિજ્ઞાનના વિષયમાં પીએચ.ડી.ની પદવી** માટે સંશોધનના માર્ગદર્શક શિક્ષક ગણવા, તે સુધારા સાથે સદરહુ ભલામણ મંજૂર કરવી.

બાબત નં. ૧૨ : રસાયણવિજ્ઞાનના અનુસ્નાતક કેન્દ્રમાં વિદ્યાર્થીઓની સંખ્યા અંગે પ્રગતિશીલ રીતે ઘટાડાની નીતિ અપનાવવી અને કેટલી ઘટાડવી તેનો ચોક્કસ નિર્ણય અનુસ્નાતક કેન્દ્રના વડાઓની સભા બોલાવીને કરવાનું રાખવું.

બાબત નં. ૨૨ નીચે જણાવેલ સમિતિની વિચારણા માટે મોકલવી :

(૧) કુલપતિશ્રી
(૨) આચાર્ય વી. જે. ત્રિવેદી
(૩) ડૉ. કે. આર. રામનાથન
(૪) આચાર્ય એમ. સી. શાહ
(૫) અધ્યક્ષશ્રી, વિજ્ઞાનવિદ્યા ભવન
(૬) અધ્યક્ષશ્રી, સમાજવિદ્યા ભવન
(૭) અધ્યક્ષશ્રી, ભાષા-સાહિત્ય ભવન
(૮) અધ્યક્ષશ્રી, મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવન.

બાબત નં. ૩૮ અંગે ઠરાવવામાં આવ્યું કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં સ્થાપવામાં આવેલાં અનુસ્નાતક કેન્દ્રોમાં ઓછામાં ઓછા શિક્ષકગણ અંગેની જે જરૂરિયાત નક્કી કરવામાં આવી છે તેમાં એક સિવાયના તમામ શિક્ષકો પૂર્ણ સમયના શિક્ષકો હોવા જોઈશે અને જો કોઈ શિક્ષક ખંડ સમયના હોય તો તે મુલાકાતી પ્રકારના શિક્ષક હોવા જોઈએ નહીં એમ સ્પષ્ટતા કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૭—૧૨—૧૯૭૨ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૬૨. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના આચાર્યો તથા શિક્ષકોને આપવાના રૂ. ૮૦૦—૫૦—૧,૨૫૦ અને રૂ. ૭૦૦—૪૦—૧,૧૦૦ના પગારધોરણ અંગેની તૈયાર કરવાની યાદીમાં તા. ૧—૪—૧૯૬૬ પહેલાં ઓછામાં ઓછા એક વર્ષના અનુસ્નાતક શિક્ષણના અનુભવ અંગેની બાબતમાં સ્પષ્ટતા કરતા શિક્ષણ નિયામકશ્રીના તા. ૧૩—૧૦—૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૩. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં શિક્ષણશાસ્ત્ર વિભાગમાં પરીક્ષા અંગે સંશોધન માટે એક સ્ટેટિસ્ટિશિયન તથા ત્રણ રિસર્ચ આસિસ્ટન્ટની જગ્યાઓ ઊભી કરવા અંગે તથા સ્ટેટિસ્ટિશિયનની જગ્યા માટેનું પગારધોરણ, લાયકાત વગેરે નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ઉપરની જગ્યાઓ માટે તે કાયમી ઊભી કરવાની શરતે ૧૯૭૮–૭૯ સુધીના ગાળા માટે આર્થિક સહાય આપવાનું મંજૂર કર્યું છે.

૨. સ્ટેટિસ્ટિશિયનની જગ્યા લેક્ચરરની ગ્રેડમાં ઊભી કરવા તથા તેની શૈક્ષણિક લાયકાત સ્ટેટિસ્ટિકસમાં અનુસ્નાતક પદવી તથા શિક્ષણશાસ્ત્રમાં કોઈ લાયકાત હોવી જોઈએ એવું ભવનના અધ્યક્ષશ્રીએ સૂચવ્યું છે. પરીક્ષા સુધારણા માટે એક સેલ રાખવો એવો પ્રસ્તાવ છે તો તે અંગે આ જગ્યાઓ ઊભી કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને આર્થિક સહાય આપવાનું મંજૂર કર્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનના શિક્ષણશાસ્ત્ર વિભાગમાં નીચેની જગ્યાઓ ઊભી કરવી :

(૧) સ્ટેટિસ્ટિશિયન ... એક જગ્યા
(૨) સંશોધન-મદદનીશ ... ત્રણ જગ્યા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યાઓ માટેના પગાર અને લાયકાતનાં ધોરણો અંગે વિચારણા કરવા માટે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું.

૬૪. ગુજરાત યુનિવર્સિટીની થર્ડ એલએલ.બી.ની પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવી પ્રથમ વર્ગમાં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષ "સ્વ. ન્યાયમૂર્તિશ્રી એન. જી. શેલત સુવર્ણચંદ્રક" એનાયત કરવા માટે ગુજરાત યુનિવર્સિટીને પ્રદાન આપવા અંગે શ્રી. એસ. એન. શેલતના તા. ૧–૧–૧૯૭૩ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૬૫. પ્રી-યુનિવર્સિટી કૉમર્સની જૂના અભ્યાસક્રમની પરીક્ષા હવે લેવામાં આવનાર નહિ હોવાથી જૂના અભ્યાસક્રમની પરીક્ષાના વૈકલ્પિક વિષયો જેવા કે સેક્રેટરિયલ પ્રૅક્ટિસ, ઇન્સ્યુરન્સ, મૅથેમેટિકસ, એલિમેન્ટસ ઑફ પોલિટિકસના પ્રશ્નપત્રો કઢાવી તે વિષયોની પરીક્ષા લેવા અંગે વાણિજ્ય વિદ્યાશાખાના ડીનના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિવર્સિટી કૉમર્સની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષા હવે લેવામાં આવનાર નથી તે હકીકતના સંદર્ભમાં વાણિજ્ય વિદ્યાશાખાના ડીનનું ઉપરનું સૂચન મંજૂર કરવું.

૬૬. પ્રથમ એમ.બી.,બી.એસ.ની પ્રાયોગિક પરીક્ષામાં એનેટોમી વિષયમાં પરીક્ષકોના મહેનતાણાનો દર વિદ્યાર્થી દીઠ હાલ જે રૂ. ૨ (અંકે રૂપિયા બે) છે તેના બદલે રૂ. ૪ (અંકે રૂપિયા ચાર) પ્રમાણે નક્કી કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રથમ એમ.બી.,બી.એસ.ની પ્રાયોગિક પરીક્ષામાં એનેટોમી વિષયમાં પરીક્ષકોના પુરસ્કારનો દર હાલ વિદ્યાર્થી દીઠ રૂ. ૨--૦૦ છે તે વધારીને વિદ્યાર્થી દીઠ રૂ. ૪--૦૦નો કરવો.

૬૭. બી.એડ.ની કૉલેજોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓ પાસેથી જાન્યુઆરીમાં સત્ર ફી લેવાય છે તે અંગે સેનેટ સભ્ય શ્રી. વિજુભાઈ શાહ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રશ્ન અંગે શિક્ષણશાસ્ત્રની સ્થાનિક કૉલેજોના આચાર્યો સાથે વિચારવિનિમય કરીને જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૮. કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલમાં ૧૯૭૩–૭૪ના વર્ષથી ફી વધારા માટે કૉલેજના આચાર્ય તરફથી આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

વર્ગ	ફીનો હાલનો દર	સૂચિત દર
પ્રી-યુનિવર્સિટી આર્ટ્સ–પ્રથમ બી.એ.	૧૫૦	૧૭૦
દ્વિતીય બીએ.–તૃતીય બી.એ.	૧૫૦	૧૯૦
પ્રી-યુનિવર્સિટી સાયન્સ–પ્રથમ બી.એસસી.	૧૯૦ (રૂ. ૪૦ પ્રયોગશાળા ફી સહિત)	૨૦૦ (રૂ. ૪૦ પ્રયોગશાળા ફી સહિત)
દ્વિતીય બી.એસસી.–તૃતીય બી.એસસી.	૨૦૦ રૂ. ૫૦ પ્રયોગશાળા ફી	૨૩૦ રૂ. ૫૦ પ્રયોગશાળા ફી

સદરહુ બાબત સિન્ડિકેટે તેની તા. ૨૧--૧૦–૧૯૭૨ની સભામાં બાબત નં. ૩૧થી નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૬૯. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુરમાં ક્રમિક રીતે ફી વધારવા દેવા અંગે મંજૂરી માગતી કૉલેજના આચાર્યની અરજી પર વિચારણા કરવા બાબત :

વર્ગ	હાલનો દર	સૂચિત દર	કયારથી અમલી બને તે
પ્રી-યુનિવર્સિટી આર્ટ્સ	૧૧૦	૧૪૦	૧૧–૬–૧૯૭૨
પ્રથમ વર્ષ બી.એ.	૧૧૦	૧૪૦	૧૫–૬–૧૯૭૩
દ્વિતીય વર્ષ બી.એ.	૧૧૦	૧૪૦	૧૧–૬–૧૯૭૪
તૃતીય વર્ષ બી.એ.	૧૧૦	૧૪૦	૧૧–૬–૧૯૭૫
પ્રી-યુનિવર્સિટી સાયન્સ	૧૨૫+૪૦	૧૭૦+૫૦	૧૫–૬–૧૯૭૨
પ્રથમ વર્ષ બી.એસસી.	૧૨૫+૪૫	૧૭૦+૫૦	૧૫–૬–૧૯૭૩
દ્વિતીય વર્ષ બી.એસસી.	૧૨૫+૫૦	૧૭૦+૬૦	૧૫–૬–૧૯૭૪
તૃતીય વર્ષ બી.એસસી.	૧૨૫+૬૦	૧૭૦+૭૦	૧૫–૬–૧૯૭૫

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સિન્ડિકેટે તેની તા. ૨૧--૧૦-૧૯૭૨ની સભામાં બાબત નં. ૩૧થી નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૭૦. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીની સીનિયર રિસર્ચ સ્કૉલરશિપ મેળવીને યુનિવર્સિટીના ભાષા-ભવનમાં સંસ્કૃત વિષયમાં સંશોધન અર્થે જોડાયેલાં શ્રીમતી મલયાવાસિની કેલવેની કન્ટિન્જન્સી ગ્રાન્ટ સહિત રૂ. ૪,૩૦૦ની યુ.જી.સી. તરફથી મંજૂરી મળ્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૭૧. ફાઈનાન્સ સમિતિની તા. ૧૧--૧--૧૯૭૩ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા. ૧૧--૧--૧૯૭૩ના રોજ મળેલી સભાની કાર્યવાહીમાં નીચેની બાબતોમાં જણાવેલી ભલામણો મંજૂર કરવી :

ભલામણ ક્રમાંક ૨, ૪, ૫, ૬, ૮ અને ૯.

વધુમાં બાબત ક્રમાંક ૧ અંગે ઠરાવવામાં આવ્યું કે મે. રાજસ્થાન જનરલ ટ્રેડિંગ કંપની રૂ. ૧૨૬/- ક્વિંટલનો ભાવ આપવા તૈયાર થાય તો તેઓને માલ આપવો. જો તેઓ તૈયાર ન થાય તો ફાઈનાન્સ સમિતિની ભલામણ પ્રમાણે પગલાં લેવાં.

બાબત ક્રમાંક ૩ અંગેની વિચારણા મોકૂફ રાખવી.

બાબત ક્રમાંક ૬ અંગે વધુમાં ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના પાછલા વર્ષના રેકર્ડ અંગે સમગ્ર રીતે ચર્ચાવિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

(૧) આચાર્ય એમ. સી. શાહ
(૨) ડૉ. સી. એસ. શાહ
(૩) શ્રી. કુલસચિવ
(૪) શ્રી. પરીક્ષા-નિયામક
(૫) શ્રી. વિકાસ અધિકારી.

બાબત ક્રમાંક ૭ અંગે ઠરાવવામાં આવ્યું કે બે ચૉર-કન્ડિશન મશીન મેસર્સ વોલ્ટાસ લિ. પાસેથી ખરીદવાં.

(સદરહુ સમિતિની તા. ૧૧--૧--૧૯૭૩ની સભાની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "ધ" તરીકે સામેલ છે.)

૭૨. સેનેટની તા. ૯/૧૦--૧૦--૧૯૭૨ની સભામાં યુનિવર્સિટીનાં વિદ્યાભવનોની ત્રિવાર્ષિક તપાસના અહેવાલ પરની ચર્ચા દરમ્યાન થયેલાં સૂચનોના સંદર્ભમાં યુનિવર્સિટીનાં વિદ્યાભવનોની ત્રિવાર્ષિક તપાસ માટે નિયત પત્રક (પ્રોફોર્મા) નિયત કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨--૧૧--૧૯૭૨ની સભામાં નીમેલી સમિતિની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોની ત્રિવાર્ષિક તપાસ માટે પત્રક (પ્રોફોર્મા) નિયત કરવાનું સમિતિને જરૂરી લાગતું નથી, પરંતુ સંલગ્ન કૉલેજની ત્રિવાર્ષિક તપાસસમિતિ માટે કૉલેજની માહિતી અંગે જે પત્રક છે (જે હાલ યુનિવર્સિટી ભવનોની ત્રિવાર્ષિક તપાસ માટેની સમિતિને માર્ગદર્શન માટે મોકલવામાં આવે છે તે) પત્રક મોકલવાની પ્રથા ચાલુ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં યુનિવર્સિટીનાં વિદ્યાભવનોની ત્રિવાર્ષિક તપાસ માટે જવાબદાર સમિતિઓને નીચે જણાવેલ મુદ્દાઓ પરત્વે તપાસ કરી તે બાબત અહેવાલમાં આવરી લેવાનું સૂચવવા ભલામણ કરવી :

1. The committee should see whether the various optional papers at post-graduate teaching are taught and that there are teachers specialising in each.

2. The committee should also go into health hazards in laboratories such as Electrical wiring, fume cupboards for poisonous gases and exhaust fans in laboratories where needed."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૭૩. સંલગ્ન કૉલેજોના શિક્ષકો અંગે નીચે પ્રમાણેની યાદીઓની નોંધ લેવા બાબત :

(૧) સંલગ્ન કૉલેજોના માન્ય થયેલા શિક્ષકોનાં નામોની યાદી.

(૨) સંલગ્ન કૉલેજોમાં જે શિક્ષકોની નિમણૂક અમાન્ય કરવામાં આવી છે અને જે શિક્ષકો છૂટા થયા છે તેની યાદી.

(૩) અગાઉ માન્ય થયેલા શિક્ષકો જેઓ એક સંલગ્ન કૉલેજમાંથી બીજી કૉલેજમાં જોડાયા છે તેની યાદી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદીઓની નોંધ લેવી.

(સદરહુ યાદીઓ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૭૪. નીચે જણાવેલી અભ્યાસસમિતિઓની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલા વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. માટે આવેલ મહાનિબંધો તપાસવા માટે તથા મૌખિક પરીક્ષા માટે રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવાની ભલામણો ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૮–૧–૧૯૭૩ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

૧. ગુજરાતીની અભ્યાસસમિતિ

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	ઇન્ટર્નલ રેફરી	રેફરીઓ
૧.	શ્રી. ભૂપેન્દ્ર રામલાલ મિસ્ત્રી	"ગુજરાતી નવલકથા-સાહિત્યમાં પ્રાદેશિક વિશેષતાઓનું નિરૂપણ"	પ્રિ. વાય. પી. શુક્લ	૧. શ્રી. 'દર્શક' ૨. શ્રી. સુરેશભાઈ જોશી ૩. શ્રી. મનસુખલાલ ઝવેરી ૪. શ્રી. જ્યોતીન્દ્ર દવે
	મૌખિક પરીક્ષા માટે પણ ઉપર મુજબનો ક્રમ સૂચવવામાં આવે છે.			
૨.	શ્રી. કે. એલ. કલાની	"રામનારાયણ વિ. પાઠકની સાહિત્યસિદ્ધિ"	ડૉ. એ. એમ. રાવળ	૧. શ્રી. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી ૨. શ્રી. સુંદરમ્ ૩. શ્રી. રામપ્રસાદ બક્ષી ૪. શ્રી. મનસુખલાલ ઝવેરી

મૌખિક પરીક્ષા માટે પણ ઉપર મુજબનો ક્રમ સૂચવવામાં આવે છે.

(નોંધ.—મૌખિક પરીક્ષા સુરત ગોઠવવા ભલામણ છે.)

૨. અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિ

Name of student	*Subject*	*Internal Referee*	*External Referee*
Shri S. B. Mehta	Some aspects of Price behaviour in India during 1951–52 to1968–69.	Prof. B. R. Shenoy	1. Dr. M. L. Dantwala (University of Bombay, Bombay). 2. Prof. Milton Friedman (Chicago Uni., Chicago, U.S.A.). 3. Raj Krishna, Reserve Bank of India, Bombay 4. Dr. V. V. Bhatt, Reserve Bank of India, Bombay

૩. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની બલામણ

Sr. No.	*Name of the student*	*Subject*	*Internal Referee*	*External Referees*
1.	Shri S. N. Prajapati	Studies in Physics : Chemical properties of potential inhibitors	Dr. K. P. Soni	1. Dr. Robert Walker, University of Surrey, Guildford (U.K.). 2. Dr. J. F. Cotton, Research Laboratories of Imperial Metal Industries (Kynoch) Ltd., Birmingham–6. 3. Dr. N. Hackerman, Dept. of Chemistry, Rice University, Huston, Texas. 77001. *For Viva* 1. Dr. C. C. Patel, Dept. of Inorganic & Physical Chemistry, Indian Institute of Technology (Science), Bangalore–12. 2. Dr. R. P. Patel, Dept. of Chemistry, Vallabhvidyanagar, Dist. Kaira. 3. Dr. J. Balachandra, Bhabha Atomic Research Centre, Trombay, Bombay (India).

Sr. No.	*Name of the student*	*Subject*	***Internal Referee***	*External Referees*
2.	Shri B. B. Patel	Studies in Corrosion (Aluminium-35)	**Dr. R. K. Shah**	1. Prof. Y. Hayakawa, College of Science and Engineering, Aoyam Gankir University, Tokyo, Japan. 2. Dr. E. Heusler, Max Plank Inst. Fur Mettall forschung, Stuttgart, W. Germany. 3. Dr. J. Bambulis, Research Dept., Imperial Oil Ltd., Sarmia, Anteria, Canada.

For Viva

1. Dr. A. K. Lahiri, National Metallurgical Laboratory, Jamshedpur.

2. Dr. K. Sheshadri, Central Salt and Marine Chemicals Research Institute, Bhavnagar.

3. Dr. B. Sanyal, Defence Research Lab., P. Box No. 320, Kanpur.

Sr. No.	*Name of the student*	*Subject*	*Internal Referee*	*External Referees*
3.	Miss S. S. Sampat	Corrosion and Inhibition of Aluminium alloy	Dr. J. C. Vora	1. Dr. S. C. Briton, Tin Research Institute, Fraser Road, Greenford, Middlesex, England. 2. Dr. T. K. Ross, Dept. of Chem. Engg., Manchester College of Science and Technology. 3. A. F. Wormell, National Physical Laboratoy, Teddington, Middlesex, England

For Viva

1. Dr. T. L. Ramachar, Electrochemistry, Laboratory Dept. of Inorganic and Physical Chemistry, Indian Institute of Science, Bangalore–12.
2. Dr. K. Balkrishnan, Central Electrochemical Research Institute, Karaikudi–3 (Tamilnadu).
3. Dr. N. Subramanyan, Central Electrochemical Research Institute, Karaikudi–3 (Tamilnadu).

Sr. No.	*Name of the student*	*Subject*	*Internal Referee*	*External Referees*
4.	Shri Madhukant R. Chokshi	Studies in Humic Acids, Gujarat State	Dr. R. K. Shah	1. Prof. Frank J. Stevenson, Dept. of Agronomy, University of Illinois, Urbana, Illinois, U.S.A. 2. Dr. J. T. Gilamour, Dept. of Soil Science, University of California, Riverside, California, U.S.A. 3. Prof. S. O. Thompson, University of Wisconsin, Madison, U.S.A. 4. Dr. S. U. Khan, Dept. of Agriculture, Lacome, Alberta, Canada. 5. Dr. M. Szilagyi, Hungarian Academy of Sciences, Debrecen, Hungary. *For Viva* 1. Dr. I. C. Gupta, Soil Chemist, Central Salinity Laboratory, Karnal, Haryana State. 2. Dr. B. V. Mehta, Principal, B. A. College of Agriculture, Anand (Gujarat).

Sr. No.	*Name of the student*	*Subject*	*Internal Referee*	*External Referee*
				3. Dr. S. Krishnaswamy, Chemistry Division, Tata Inst. of Fundamental Rental, Colaba, Bombay. 4. Dr. C. Datta, Applied Chem. Dept., University College of Science and Technology.
5.	Shri D. R. Arora	1. Studies in the synthesis of Chalones and Flavones. 2. The Synthesis of L. Alkyl–3 Aryl Prorionic Acids	Shri V. K. Thakore	1. Dr. Thomas Szell, Head of Chemistry Dept., United Nations International School (UNIS). 2. Prof. T. A. Geissman, Dept. of Chemistry, University of California, Los Angeles–90024 (U.S.A). 3. Dr. Hans Zimmer, Dept. of Chemistry, University of Cinncinnati, Cinncinnati Ohio State–45221 (U.S.A). *For Viva* 1. Dr. S. R. Patel, Reader in Organic Chemistry, S. P. University. 2. Dr. J. P. Saxena, Jodhpur.
6.	Dr. I. S. Bhat	Physics : Chemical Studies on Articial Radioactivity and trace elements in the Human environment	Dr. A. K. Ganguly, BARC Bombay–85.	1. Dr. D. J. Nelson, Asst. Division Director, Environmental Sciences Division, Oak Ridge National Laboratory, Post Office Box X, Oak Ridge, Tennessee, 38730.

Sr. No.	*Name of the student*	*Subject*	*Internal Referee*	*Referees*
				2. Prof. Noboru Yamagatu, Chief, Dept. of Biological Health, Institute of Public Health, Minatoku, Tokyo. 3. Dr. C. A. Mawgon, Branch Head, Environmental Research Atomic Energy Canada Ltd. Chalkrivar, Ottawa. *For Viva* 1. Dr. N. P. Dutta, Director, Nuclear Research Lab., Indian Agri. Research Inst., New Delhi–12. 2. Dr. S. K. Mukherjee, Member, National Commission on Agri., Vijnan Bhavan Annexe, New Delhi–11.
7.	Shri M. S. Shah	Studies in Local Anaesthetics and Anti-convulsants	**Prin. J. J. Trivedi**	1. Dr. Hanas Zimmer, Chemistry Dept., University of Cincinnati, Ohio 45221 U.S.A. 2. Dr. A. Bargar, Baxter Laboratoris Inc., Morton grove, Illinois 60053 (U.S.A). *For Viva* 1. Dr. G. D. Shah, I.T.T., Powai, Bombay. 2. Dr. S. R. Patel, Chemistry Dept., Sardar Patel University, Vallabh Vidyanagar.

Sr. No.	*Name of student*	*Subject*	*Internal Referee*	*External Referee*
8.	Shri B. C. Thaker	Evaluation of corrosion inhibitors	Dr. M. N. Desai (Ahmedabad–9)	1. Dr. T. K. Ross, University of Manchester, Institute of Science and Technology, P. O. Box No. 88, Sack Ville Street, Manchester–1. U.K. 2. Dr. A. R. Cook, Manager of Electro-Chemical Research International Lead-Zinc Research Organisation, 292, Madison Avenue, New York, N.Y. 10017, U.S.A. 3. Dr. J. E. O. Mayne, Department of Metallurgy University of Cambridge Pemlvoke Street, Cambridge, U.K. *Also for viva-voce* 1. Dr. P. Shibad, Atomic Energy Establishment, Trombay. 2. Dr. K. Seshadri, Associate Director, Central Salt and Marine Chemicals Research Institute, Bhavnagar (Saurashtra).

Sr. No.	*Name of student*	*Subject*	*Internal Referee*	*External Referee*
				3. Dr. A. K. Lahiri, Director, Chemical Group, Atomic Energy, Trombay, Bombay–85.
9.	Shri P. M. Chhaya	Inhibition for Aluminium alloys	Dr. M. N. Desai (Ahmedabad-9)	1. Dr. Am. Sharma, El. Division Professor, National Research Centre, Dokki Cairo, U.A.R. 2. Dr. Tako Marnkawa, Associate Director, Aluminium Research Laboratory, No. 2–24, Tamagawa, OTA–KU–Tokyo, Japan. 3. Dr. Y. Hayakawa, Professor, College of Science and Engineering, Aoyama Gaukin University, Tokyo, Japan.

Also for viva-voce

1. Dr. K. I. Vasu, Secretary, Electrochemical Society of India, Indian Institute of Science, Bangalore–12.
2. Dr. N. Subramanyam, Central Electro-Chemical Research Institute, Karai-Kudi–3, Tamilnadu.
3. Dr. T. Banerjee, National Metallurgical Laboratory, Jamshedpur.

Sr. No.	*Name of sudent*	*Stubject*	*Internal Referee*	*External Referee*
10.	Shri D. K. Shah	Studies in Corrosion and Corrosion Inhibitors	Dr. M. N. Desai (Ahmedabad-9)	1. Prof. S. Fujii, Keio University, Hiyoshi, Kohokuku Yokohama, Japan. 2. Prof. L. Horner, University of Mainz, Maniz, West Germany. 3. Dr. L. Streater, Editor, Anticorrosion Sawell, Publications, London, E. C. 4, U.K. 4. Dr. Z. Foyrsulio, Esso Research and Engineering Co., Philadeplhia, U.S.A. *Also for viva-voce* 1. Dr. K. S. Rajgopalan, Central Electrochemical, Research Institute, Ceerinagar, Karaikudi, Tamilnadu. 2. Dr. B. Sanyal, Defence Research Laboratories (Materials), P.O. Box 320, Kanpur, U.P. 3. Dr. B. C. Kar, National Metallurgical Laboratory, Jamshedpur.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓના મહાનિબંધો તપાસવા માટે ઉપર મુજબ રેફરીઓ/મૌખિક પરીક્ષકોની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૭૫. ડૉ. એમ. એન. દેસાઈએ ડી.એસ.સી. પદવી માટે સંશોધનપત્રો, રજૂ કર્યા છે તે તપાસવા નીચે મુજબ ક્રમાનુવર્તી રેફરીઓ નીમવા અંગેની રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૫ / ૨૬--૯--૧૯૭૨ની સભાની ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા. ૮--૧--૧૯૭૩ની સભાએ મંજૂર કરી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

Referees in order of preferences :

1. Professor H. H. Uhlig.
   Professor of Metallurgy, Incharge of Corrosion Laboratory, Massachusetts Institute of Technology, Massachusetts (U.S.A.).

2. Professor Norman Hackerman,
   Chairman, Chemistry Department, University of Texas, Austin (U.S.A.).

3. Professor J. I. Bregman,
   Illinois Research Institute, Illinois Institution of Technology, Illinois (U.S.A.).

4. Dr. A. Kerenmann,
   Editor, Reviews on Corrosion, Freund Publishing House, P.O. Box 19, Holon, Israel.

5. Dr. V. Carassiti,
   University of Ferrara, Ferrara, Italy.

6. Dr. S. A. Balezin,
   Chairman of Chemistry, Pedagological Institute, Moscow, U.S.S.R.

7. Professor Dr. A. R. Cook,
   Manager, Electrochemical Research, International Land-Zinc-Research, Organisation, 292, Madison Avenue, New York, N.Y., 10017, U.S.A.

8. Dr. Miss Dora Brasher,
   32, West Para Road, Richmond, Surrey, England.

9. Professor Dr. U. R. Evans,
   19, Manor Court, Grange Road, Cambridge, England.

10. Dr. I. N. Putilova,
    Pedagological Institute, Moscow, U.S.S.R.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી અને તે મુજબ રેફરીઓની નિમણૂક ક્રમાનુવર્તી ધોરણે કરવી.

૭૬. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩૯ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૭૭. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) રાષ્ટ્રીય યોજના હેઠળ ચાલુ વર્ષે જુદી જુદી કૉલેજોમાં ૨૦ નવા અડધા એકમો આપવામાં આવ્યા હતા તે પૈકી ન્યૂ લૉ કૉલેજે એન.એસ.એસ.નો યુનિટ ચલાવવાની અશકિત દર્શાવતાં તે ½ એકમ બોરસદની આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજને આપીને તે એકમ ચાલુ કર્યાના;

(૨) ગુજરાત યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે કામ કરતા શ્રી. એ. એલ. બ્રહ્મભટ્ટને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપક્રમે શ્રીમતી જે. જે. કુંડળિયા આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, રાજકોટ ખાતે અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે નવયુગ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, સુરતમાં વ્યાખ્યાનો આપવાની તથા આ બન્ને વ્યાખ્યાનોનો રૂ. ૨૦૦નો માનદ પુરસ્કાર સ્વીકારવાની મંજૂરી આપ્યાના;

(૩) (અ) અખિલ ભારતીય આંતર-યુનિવર્સિટી ખેલકૂદ સ્પર્ધાઓ યોજવાનું આપણી યુનિવર્સિટીનું આમંત્રણ ઈન્ટર-યુનિવર્સિટી સ્પોર્ટ્સ બૉર્ડે સ્વીકાર્યું છે તેની; અને તે અંગે થનાર અંદાજી ખર્ચ રૂ. ૧૫,૦૦૦ (અંકે રૂપિયા પંદર હજાર પૂરા) મંજૂર કર્યાના;

(બ) તા. ૨૬--૧૨--૧૯૭૨ના રોજ મળેલ યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની સભાએ આપણી યુનિવર્સિટીના ઉપક્રમે યોજાનાર આંતર-યુનિવર્સિટી ખેલકૂદ સ્પર્ધાઓની સંચાલન સમિતિ નીચે મુજબ રાખ્યાના :

(૧) કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ પટેલ, પ્રમુખ
(૨) પ્રિ. વી. જે. ત્રિવેદી, અધ્યક્ષ, યુનિ. બોર્ડ ઑફ સ્પોર્ટ્સ
(૩) પ્રિ. વી. એ. વ્યાસ
(૪) પ્રિ. એચ. એ. પટેલ
(૫) શ્રી. ઉદયનભાઈ ચીનુભાઈ
(૬) શ્રી. રતિલાલ કે. પટેલ
(૭) શ્રી. જુગલકિશોર મિસ્ત્રી
(૮) શ્રી. જયદીપસિંહજી
(૯) પ્રિ. સી. એલ. શાસ્ત્રી
(૧૦) શ્રી. પી. એમ. પંત, આઈ.જી.પી.
(૧૧) પ્રિ. એમ. સી. શાહ
(૧૨) પ્રિ. ડી. ડી. દેસાઈ
(૧૩) પ્રો. દર્શનસીંગ બસન
(૧૪) પ્રો. કે. એસ. શાસ્ત્રી
(૧૫) શ્રી. આર. ડી. વારદીય
(૧૬) શ્રી. એ. એ. ખાન
(૧૭) શ્રી. રતિલાલ એમ. શાહ
(૧૮) શ્રી. ભાઈલાલભાઈ કે. પટેલ

(૧૯) શ્રી. વી. પી. મહેતા
(૨૦) પ્રો. એ. એસ. કાદરી
(૨૧) શ્રી. આર. ડી. ચૌહાણ
(૨૨) શ્રી. લાલજીભાઈ ઠક્કર.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૭૮. ઑક્ટોબર, ૧૯૭૨માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં નિમાયેલ પરીક્ષકોની અવેજી નિમણૂકો કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૭૯. Award of scholarships for honours / post-graduate studies in Persian during 1972–73 અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્રાંક એફ્. ૧૩–૩–૧૯૭૨ (એસ.એફ્.આઈ.), તા. ૨૦–૧૨–૧૯૭૨થી રૂ. ૧,૮૦૦ (અંકે રૂપિયા એક હજાર આઠસો પૂરા) અનુદાન મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૮૦. ૧૨મી વાર્ષિક કૉન્ફરન્સ ઑફ્ ધી ઈન્ડિયન ઍસોસિયેશન ફૉર એડ્વાન્સમેન્ટ ઑફ્ મેડિકલ સાયન્સ, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ભરવા માટે રૂ. ૧૫,૦૦૦ની આર્થિક સહાયની મંજૂરી આપ્યાના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પત્રાંક એફ્. ૩–૨૪ (૭૨) (એસ.આઈ.), તા. ૨૭–૧૨–૧૯૭૨ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૮૧. ફ્સ્ટ્ર્ એમ.ફાર્મ. અને સેકન્ડ એમ.ફાર્મ., એમ. ફાર્મ.-ની પરીક્ષા હવે બે ભાગમાં લેવાનાર હોઈ તે અંગે ઑ. ૧૨૯ નીચે મુજબ સુધારવા બાબત :

O. 129 :

Name of the examination	*How many times in a year ?*	*Date of commencement*	*Last date of application*	*Examination fees*
First M.Pharm.	*Twice*	*Monday following 15th April & 15th October*	*1st February and 1st September*	Rs. 125/–
Second M.Pharm.	,,	*–do–*	*–do–*	Rs. 125/–

અને

૮૨. પોસ્ટ-ગ્રૅજ્યુએટ ડિપ્લોમા ઈન મૅથેમેટિકલ ઇકોનોમિક્સ, ઇકોનોમેટ્રિક્સ ઍન્ડ ઇકોનોમિક પૉલિસી પરીક્ષા અંગે ઑ. ૧૨૯માં તે અંગેનો જરૂરી પાઠ ઉમેરવા બાબત :

Name of the examination	*How many times in a year ?*	*Date of commencement*	*Last date of application*	*Exam. fees*
Diploma in Mathematical Economics, Econometrics & Economic Policy	*Once*	*2nd Monday in May*	*2nd Monday in April*	Rs. 50/–

બાબત નં. ૮૧ અને ૯૮ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ઑર્ડિ. ૧૨૯માં ઉપર મુજબ સુધારાઓ કરવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

૮૨. જાન્યુઆરી, ૧૯૭૩માં બેંગ્લોર ખાતે મળનાર All-India Non-teaching Employees Conferenceમાં " Role of the Non-teaching Employees of Indian Universities in the Development of Ad ministration and Academic Standard in the Universities " વિષય પર ચર્ચા થનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગેના ગુજરાત યુનિવર્સિટીના કર્મચારી સંઘના તા. ૯--૧--૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે શ્રી. એન. આર. જોશી અને શ્રી. શરદભાઈ પટેલને મોકલવા.

સદરહુ બાબતના સંદર્ભમાં સભાગૃહની સંમતિથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૮૨-અ. કલકત્તા યુનિવર્સિટી ઑલ-ઈન્ડિયા ફેડરેશન ઑફ યુનિવર્સિટી ઍન્ડ કૉલેજ ટીચર્સ અને વર્લ્ડ ફેડરેશન ઑફ ટીચર્સ. યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે તા. ૨૩થી ૨૫ જાન્યુઆરી ૧૯૭૩ના સમય દરમિયાન કલકત્તા મુકામે Teachers Organisation and Higher Education Institutes in the Service of Economic, Social and Cultural Development" વિષય પર યોજનાર પરિસંવાદમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે પ્રાધ્યાપક અંબુભાઈ દેસાઈ તરફથી આવેલા સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંમેલનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. કે. એસ. શાસ્ત્રીને મોકલવા.

૮૩. નીચે જણાવેલ કૉલેજો તરફથી તેમની સામે જણાવેલ પરીક્ષાઓ માટે વધારાનાં કેન્દ્રો આપવા અંગે આવેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કેન્દ્રનું નામ	વિદ્યાર્થીની સંખ્યા	માગણી કરેલ પરીક્ષાઓનાં નામો
૧.	ગાંધીનગર	સેકન્ડ બી.એ.—બી.એસસી., બી.કૉમ. ૧૪૦	સેકન્ડ બી.એ.--બી.એસસી., બી.કૉમ.
		થર્ડ બી.એ.--બી.એસસી.,બી.કૉમ. ૯૩	થર્ડ બી.એ.--બી.એસસી., બી.કૉમ.
૨.	મિયાગામ	સેકન્ડ બી.એ.--બી.કૉમ. ૧૦૫	સેકન્ડ બી.એ.--બી.કૉમ.
		થર્ડ બી.એ.--બી.કૉમ.	થર્ડ બી.એ.--બી.કૉમ.
૩.	પાટણ	થર્ડ બી.કૉમ. ૨૨	થર્ડ બી.કૉમ.
૪.	ગોધરા	થર્ડ બી.કૉમ. ૧૭	થર્ડ બી.કૉમ.
૫.	તલોદ	થર્ડ બી.કૉમ. ૧૮	થર્ડ બી.કૉમ.
૬.	ભૂજ	થર્ડ બી.કૉમ. ૯	થર્ડ બી.કૉમ.
૭,	બાલાસિનોર	સેકન્ડ બી.એ.--બી.કૉમ. ૬૭	સેકન્ડ બી.એ.--બી.કૉમ.
૮.	સાબરમતી	ફર્સ્ટ બી.એ.--બી.કૉમ. ૧૨૫	ફર્સ્ટ બી.એ.--બી.કૉમ.
૯.	ઈડર	ફર્સ્ટ બી.એ.--બી.કૉમ. ૮૮	ફર્સ્ટ બી.એ.--બી.કૉમ.
૧૦.	આદિપુર	સેકન્ડ બી.એ.--બી.એસસી. ૮૫	સેકન્ડ બી.એ.--બી.કૉમ.
૧૧.	બોડેલી	ફર્સ્ટ બી.એ. ૫૯	ફર્સ્ટ બી.એ.
૧૨.	કડી	થર્ડ બી.એ.--બી.એસસી., બી.કૉમ. ૧૧૫	થર્ડ બી.એ--બી.એસસી., બી.કૉમ.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૩ના માર્ચ--એપ્રિલની પરીક્ષાઓનાં કેન્દ્રો માટે નીચે મુજબ પગલાં લેવાનું રાખવું :

(૧) નીચે જણાવેલાં કેન્દ્રો, તેનાં નામ સામે જણાવેલ પરીક્ષાઓ માટે માન્ય કરવાં :

ક્રમાંક	કેન્દ્રનું નામ		પરીક્ષાઓ
૧.	ગાંધીનગર	...	સેકન્ડ બી.એ., બી.એસસી., બી.કૉમ., થર્ડ બી.એ., બી.એસસી., બી.કૉમ.
૨.	મિયાગામ	...	સેકન્ડ બી.એ., બી.કૉમ., થર્ડ બી.એ., બી.કૉમ.
૩.	બાલાસિનોર	...	સેકન્ડ બી.એ., બી.કૉમ.
૪.	ઈડર	...	ફર્સ્ટ બી.એ., બી.કૉમ.
૫.	આદિપુર	...	સેકન્ડ બી.એ., બી.કૉમ.
૬.	બોડેલી	...	ફર્સ્ટ બી.એ.
૭.	કડી	...	થર્ડ બી.એ., બી.એસસી., બી.કૉમ.

(૨) નીચે જણાવેલાં કેન્દ્રો, તેમનાં નામ સામે જણાવેલ પરીક્ષાઓ માટે જે તે પરીક્ષા માટે ચાલુ વર્ષે દાખલ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા ૨૫ કરતાં ઓછી હોઈ, માન્ય કરવાં નહીં :

ક્રમાંક	કેન્દ્ર		પરીક્ષાઓ
૧.	પાટણ	...	થર્ડ બી.કૉમ.
૨.	ગોધરા	...	થર્ડ બી.કૉમ.
૩.	નડિયાદ	...	થર્ડ બી.કૉમ.
૪.	ભૂજ	...	થર્ડ બી.કૉમ.

વધુમાં સાબરમતી કૉર્પોરેશનની હદમાં આવેલું હોઈ ફર્સ્ટ બી.એ., બી.કૉમ. માટે અલગ કેન્દ્ર આપવાની જરૂર જણાતી નથી.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર નં. (૧) અને (૨) માં જે ધોરણે નિર્ણય કરવામાં આવેલ છે તે ધોરણે અન્ય કેન્દ્રો અંગે પણ નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૪. બી. ડી. કૉલેજ, અમદાવાદ ફકત બહેનોની કૉલેજ હોઈ તેણે ઓ. ૧૨૦-એ માં ખંડ સમયના શિક્ષકો માટે દર્શાવેલ નીચેની જોગવાઈમાં મુક્તિ આપવા માટેની કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત :

2. There shall be at least one full-time Lecturer in every subject offered at First and / or Second Year. In case, however, it is found necessary to appoint a part-time teacher in any subject in an affiliated college in the Faculties of Arts including Education, Science and Commeree, not more than one part-time Lecturer shall be appointed, provided, however, that a college may, if it so desires, appoint one or more additional part-time teachers in a subject, if the total work-load of teaching in the subject can be fully met with by all full-time teachers and one part-time teacher without assistance of such additional part-time teachers.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં યુનિવર્સિટીનાં ધારાધોરણોનો ભંગ કરીને ખંડ સમયના શિક્ષકોની નિમણૂકો કરવામાં આવી છે તે માટે સદરહુ કૉલેજના આચાર્યને ઠપકો આપવો અને તે નિમણૂકો ફક્ત ચાલુ વર્ષના અંત સુધી, નીચેની શરતોએ, ગ્રાહ્ય ગણવી :

(૧) ખંડ સમયના શિક્ષકોને યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ જે વેતન અપાવું જોઈતું હતું તે વેતનમાં બાકી રહેલી રકમ તેમને ચૂકવી આપવામાં આવે; અને

(૨) ૧૫મી જૂન ૧૯૭૩થી યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પૂર્ણ સમયના તેમ જ ખંડ સમયના શિક્ષકોની વ્યવસ્થા કરી લેવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ગૃહવિજ્ઞાનના વિષયની જરૂરિયાત જોતાં તે વિષય માટે, અપવાદ તરીકે, એક કરતાં વધુ ખંડ સમયના શિક્ષકોની નિમણૂકો ભવિષ્યમાં પણ ગ્રાહ્ય ગણવાનું રાખવું.

૮૫. નીચે જણાવેલ સંલગ્ન કૉલેજો તરફથી તેમનાં નામ સામે દર્શાવેલ વિષયોનું શિક્ષણકાર્ય બંધ કરવા માટે આવેલ અરજીઓ પર વિચારણા કરી અહેવાલ આપવા સિન્ડિકેટે નીમેલ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત :

(૧) શાહ કે. એસ. આર્ટ્સ અને વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ ... જૂન, ૧૯૭૨થી બી.એ.(સબો.)માં હિંદી અને પર્શિયન

(૨) સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ ... જૂન, ૧૯૭૨થી બી.એ.(સબો.)માં સંસ્કૃત

(૩) ભવન્સ કૉલેજ, ડાકોર ... જૂન, ૧૯૭૨થી બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત; બી.એ.(ગૌણ)માં મનોવિજ્ઞાન, રાજ્યનીતિશાસ્ત્ર; બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાન

(૪) શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ અને શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા ... પ્રથમ વર્ષ બી.એ. સુધીના વર્ગમાં પર્શિયન

(૫) પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ ... બી.એસસી.(સ્પે.)માં ગણિતશાસ્ત્ર; બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાન

(૬) બોરસદ સાયન્સ અને લૉ કૉલેજ, બોરસદ ... બી.એસસી.(સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમિતિના અહેવાલ તથા તેમાં જણાવેલ મતાંતર-(Note of dissent)ને અનુલક્ષીને સંબંધકર્તા કૉલેજો સાથે વિચારવિનિમય કરવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી, અને તે પછી સદરહુ બાબત આ સભાગૃહની સમક્ષ ફરીથી રજૂ કરવી.

૮૬. નીચે જણાવેલ સેનેટના સભ્યોને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫ અન્વયે અભ્યાસસમિતિનું સભ્યપદ આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	સેનેટના સભ્યનું નામ	વિદ્યાશાખા	સભ્યશ્રીએ ઇચ્છેલ અભ્યાસસમિતિ
૧.	ડૉ. વી. જે. જાની	એન્જિનિયરિંગ	મિકેનિકલ એન્જિનિયરિંગ
૨.	ડૉ. દેવેન્દ્ર લાલ	વિજ્ઞાન	ભૌતિકવિજ્ઞાન

(ડૉ. લાલ સ્નાતક, અનુસ્નાતક અને ડૉકટરની પદવી ભૌતિકવિજ્ઞાનમાં ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

૮૭. રેફ્રલ હૉસ્પિટલ, માણસાને ઍા. ૨૭૨ તથા ૨૭૨—એ મુજબ ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા અંગે સિન્ડિકેટે તેની તા. ૮/૯—૭—૧૯૭૨ની સભામાં નીમેલી સ્થાનિક તપાસસમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"રેફ્રલ હૉસ્પિટલ, માણસામાં ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ માટે ૩ પુરુષ વિદ્યાર્થીને સર્જરી, મેડિસિન અને ગાયનેક દરેકમાં એક એક એમ મૂકવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૮૮. યુનિવર્સિટી કાર્યાલયમાં હેડ કલાર્ક તરીકે કામ કરતા શ્રી. એમ. ડી. ત્રિવેદીને સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે મકાન મરામત માટે તેમના પ્રૉવિડંટ ફંડ ખાતે જમા નીકળતી રકમમાંથી લોન આપવા અંગેની તેઓની તા. ૮—૧—૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓના પ્રૉવિડંટ ફંડ ખાતે રૂ. ૮,૩૭૩--૯૮ પૈસા જમા છે. તેમને વધુમાં વધુ રૂ. ૮,૩૭૩ની રકમની લોન આપી શકાય.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. ડી. ત્રિવેદીને સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે મકાન ખરીદવા માટે તેમના પ્રૉવિડંટ ફંડના ખાતામાંથી રૂ. ૮,૦૦૦ની લોન મંજૂર કરવી.

૮૯. ભૂગોળના અનુસ્નાતક કેન્દ્રમાં નોંધાતા વિદ્યાર્થીઓને ફિલ્ડવર્ક વગેરે કાર્ય માટે તદર્થ ધોરણે વાર્ષિક રૂ. ૧૫૦ લેખે સબસિડી આપવામાં આવે છે તેને અનુલક્ષીને અનુસ્નાતક નિયમ નં. ૪૪માં નીચે મુજબનો ભાગ ઉમેરી તે નિયમ સુધારવા વિચારણા કરવા બાબત :

જોગ્રાફી..... રૂ. ૧૫૦ વાર્ષિક.

[નોંધ.—(૧) અનુ. નિયમ ૪૪માં ઉપર મુજબનો ઉમેરો કરી તે નિયમ જૂન, ૧૯૬૯થી અમલમાં લાવવાનો છે.

(૨) ઑડિટ ઑબ્જેક્શન આવવાથી ઉપર મુજબ સુધારો કરવાની ફરજ પડી છે.

(૩) જૂન, ૧૯૬૫થી ઍડ-હૉક ધોરણે એચ. કે. આર્ટ્સ કૉલેજમાં ભૂગોળનું અનુ. કેન્દ્ર સ્થાપવામાં આવ્યું છે.

(૪) સબસિડી આપવી તેવો ઠરાવ સિન્ડિકેટની તા. ૨૦/૨૧--૧૧--૧૯૬૫ની સભામાં કરવામાં આવ્યો.]

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક નિયમ નં. ૪૪માં નીચે મુજબનો ઉમેરો કરવો :

જોગ્રાફી ... રૂ. ૧૫૦ વાર્ષિક;

અને તે મુજબ સુધારેલો નિયમ તા. ૧૧--૫--૧૯૬૯થી અમલમાં આવેલો ગણવો.

૯૦. યુ. પી. આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈમાં જૂન ૧૯૭૩થી હિન્દી વિષયમાં અનુસ્નાતક શિક્ષણ આપવા કેન્દ્ર સ્થાપવા આચાર્યશ્રી તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) સ્થાનિક શિક્ષકગણ નીચે મુજબ છે જે નિયમાનુસાર પૂરતો છે :

(૧)	શ્રી. એમ. ડી. ચૌહાણ	... અનુ. શિક્ષક હિન્દી
(૨)	શ્રી. વી. એન. ગૌસ્વામી	... અનુ. શિક્ષક હિન્દી
(૩)	શ્રી. એમ. સી. પંડ્યા	... અનુ. શિક્ષક ગુજરાતી
(૪)	શ્રી. બી. એચ. રાવ	... મદદનીશ ગુજરાતી

(૨) નૉર્થ ઝોનમાં હાલ વીસનગર અને મહેસાણામાં હિન્દી વિષયનાં અનુસ્નાતક કેન્દ્રો છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની ઉપરની વિનંતી મંજૂર કરવી નહીં.

૯૧. ગુજરાત કૉલેજ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૭૨થી જોડાણ મેળવવા માટેની અરજી પર સેનેટે મૂકેલી શરતોનું હજી યથાર્થ પરિપાલન થયું નથી તો તે અંગે વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—સદરહુ કૉલેજના શરતોના પરિપાલનમાં હજુ નીચે મુજબ ક્ષતિઓ રહેવા પામી છે :

(૧) નવું મકાન જે જૂન, ૧૯૭૨થી અસ્તિત્વમાં આવવાનું હતું અને જેમાં જુદા જુદા ખંડોની વ્યવસ્થા કરવાની શરત હતી, તે માટે હજુ સુધીમાં પ્લાન એપ્રુવ કરાવવા તથા એસ્ટિમેટ મંજૂર કરાવવાની કાર્યવાહી થઈ છે. બાંધકામ શરૂ થયું નથી.

(૨) નાટ્યવિદ્યાનાં સાધનો માટેની રૂ. ૧૫,૦૦૦ની શરત પૈકી રૂ. ૩,૦૦૦નાં સાધનો વસાવવાનાં બાકી છે જે ટૂંક સમયમાં વસાવવામાં આવશે તેમ કૉલેજ જણાવે છે.

(૩) વોર્ડબૉય. વર્કશૉપ વગેરે પાછળ રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવ્યો નથી; ચાલુ સાલે કરશે એમ કૉલેજે જણાવ્યું છે.

(૪) અત્યાર સુધીમાં વખતોવખત સેનેટે ગ્રંથાલય માટેનાં પુસ્તકો અને સામયિકો માટેની મૂકેલી શરતના સંદર્ભમાં કૉલેજે કરેલ ખર્ચની માહિતી મોકલી નથી.

(૫) નાટ્યવિદ્યાના અભ્યાસક્રમને લગતાં પુસ્તકોની રૂ. ૫,૦૦૦ની શરત પૈકી રૂ. ૮૦૦નાં પુસ્તકો વસાવવાનાં બાકી છે.)

કેટલીક ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજને જૂન ૧૯૭૧થી માઇક્રોબાયોલોજી અને નાટ્યવિદ્યાના અભ્યાસ માટે જોડાણ આપવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

વધુમાં, સદરહુ શરતોના પૂરેપૂરા પાલન માટે આગ્રહ ચાલુ રાખવો.

૯૨. સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા તરફથી જૂન, ૧૯૭૨થી જોડાણ મેળવવા માટેની અરજી પર સેનેટે મૂકેલી શરતોના યથાર્થ પરિપાલનમાં હજી નીચે જણાવેલ ક્ષતિઓ રહેવા પામી છે તો તે અંગે વિચારણા કરવા બાબત :

(૧) કૉમર્સના પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂકને બદલે ખંડ સમયના પ્રાધ્યાપકની નિમણૂક કૉલેજે કરી છે.

(૨) એકાઉન્ટસીના પૂરા સમયના વ્યાખ્યાતા ન મળવાથી વ્યાખ્યાતાને બદલે બે ટ્યૂટરની નિમણૂક કરી છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જૂન ૧૯૭૨થી જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

વધુમાં, સદરહુ શરતોના પરિપાલન માટે આગ્રહ ચાલુ રાખવો.

૯૩. ડૉ. રમેશ ભાવીથી તથા અન્ય કેટલાકે ગુજરાત હાઈકોર્ટમાં કરેલી રીટ અરજી નં. ૨૦૦૩—૭૨માં સામાવાળા પક્ષકાર નં. ૨ તરીકે ગુજરાત યુનિવર્સિટીને સામેલ કરેલ હોઈ તે કામે યુનિવર્સિટીના ઍડવોકેટ તરીકે શ્રી. સુરેશ નાનુભાઈ શેલતને રોકવાના તથા તે કામને અંગે તેમના મહેનતાણા તથા તે અંગે થતા ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવા માટે કુલપતિશ્રીએ મંજૂરી આપ્યાના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી તથા તે અંગે જરૂરી ખર્ચ કરવા માટે તેઓશ્રીને સત્તા આપવી, તથા જરૂરી કાર્યવાહી કરવા માટે શ્રી. કુલસચિવને સત્તા આપવી.

૯૪. યુનિવર્સિટી કાર્યાલયમાં કાર્યાલય નિયામક તરીકે કામ કરતા શ્રી. વી. એમ. વ્યાસની સેવાઓ તા. ૮--૧--૧૯૭૩થી એક વર્ષ માટે ગુજરાત કૃષિ યુનિવર્સિટીને ઉછીની (lien ઉપર) આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. એમ. વ્યાસની સેવાઓ ગુજરાત કૃષિ યુનિવર્સિટીને ઉછીની આપી છે તે અંગે નીચે મુજબ શરતો નિયત કરવી :

(૧) શ્રી. વી. એમ. વ્યાસને તેમને મળતા મૂળ માસિક પગાર ઉપરાંત તે રકમના ૨૦ ટકા જેટલું વધારાનું ભથ્થું (Deputation allowance તરીકે) આપવામાં આવે;

(૨) તેમને રાજ્ય સરકારના ધોરણે મોંઘવારી ભથ્થું તથા ઘરભાડા ભથ્થું તથા અન્ય જે કાંઈ ભથ્થાં હોય તે આપવામાં આવે;

(૩) તેમને ગુજરાત યુનિવર્સિટી તરફથી અપાતું માસિક પરીક્ષા ભથ્થું (રૂ. ૫૦--૬૦ પૈસાનું) તેમના મૂળ પગારના દશ ટકા જેટલું ભથ્થું આરક્ષિત (protected) રાખવામાં આવે.

(૪) શ્રી. વ્યાસની ઉછીની સેવાઓના સમય દરમિયાન ગુજરાત કૃષિ યુનિવર્સિટી શ્રી. વ્યાસના મૂળ માસિક પગાર, ડેપ્યુટેશન ઓલાવન્સ તથા પરીક્ષા ભથ્થા પરનો પ્રોવિડંટ ફંડનો ફાળો તથા નહિ ભોગવેલી રજાઓ અંગે શ્રી. વ્યાસના કુલ પગાર (બધાં ભથ્થાં સહિત)ના ૧૬ ટકા લેખે 'લીવ સેલેરી કૉન્ટ્રીબ્યુશન' અને મૂળ પગારના પાંચ ટકા લેખે ગ્રેચ્યુઇટીની રકમ ગુજરાત યુનિવર્સિટીને આપે.

૯૫. ચોથી બી.ફાર્મ. પદવી પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવી પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક એનાયત કરવા માટેનું રૂ. ૭,૫૦૦નું પ્રદાન સ્વીકારવા અંગે સ્વ. ડૉ. સી. આર. મહેતા મેમોરિયલ ફંડ કમિટીના ચેરમેન ડૉ. સી. કે. શાહના તા. ૧૦--૧--૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૯૬. યુનિવર્સિટી કાર્યાલયમાં સીનિયર કલાર્ક તરીકે કામ કરતા શ્રી. જે. જે. ચૌહાણ તેઓની પદાધિકારની મુદત તા. ૩૧--૧૨--૧૯૭૨ના રોજ પૂરી થતાં તા. ૩૧--૧૨--૧૯૭૨થી રાજીનામું આપી છૂટા થયા હોઈ તેમને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની તથા સ્ટે. ૧૯૩-એ મુજબ ગ્રેચ્યુઇટીની રકમ પરત કરવા અંગેની તેઓની તા. ૪--૧--૧૯૭૩ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. ચૌહાણ તા. ૧૭--૯--૧૯૫૬ના રોજ જોડાયા હતા. તા. ૧--૭--૧૯૭૧થી તા. ૩૧—૧૨--૧૯૭૨ સુધી તેઓ Lien ઉપર હતા અને તા. ૩૧--૧૨--૧૯૭૨થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જે. જે. ચૌહાણને તેમના પ્રોવિડન્ટ ફંડની તથા ગ્રેચ્યુઇટીની રકમો યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૯૭. યુનિવર્સિટી તથા કૉલેજોમાં આરોગ્ય કેન્દ્રો સ્થાપવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન હવે પાંચમી પંચવર્ષીય યોજનાના અંત સુધી એટલે કે ૧૯૭૮--૭૯ સુધીના ગાળા માટે આર્થિક સહાય આપશે તેનું જણાવતા તેમના તા. ૨૨--૧૨--૧૯૭૨ના પત્રાંક એફ. ૧૩/૭૦ (એસ.એ. ૩)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯૮. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૮૧ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૯૯. યુનિવર્સિટી કેમ્પસમાં ટયૂબવેલ તૈયાર કરવા માટે ગુજરાત રાજ્યના શિક્ષણ અને મજૂર વિભાગ તરફથી તેમના પત્ર નં. યુ.એસ.જી. ૧૧૭૨ / ૧૪૧૭૫૧ કેએચ, તા. ૫—૧—૧૯૭૩થી રૂ. ૫૦,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૦૦. એકેડેમિક કાઉન્સિલની તા. ૮—૧—૧૯૭૩ના રોજ મળેલ સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

" આથી ઠરાવવામાં આવે છે કે પ્રથમ વર્ષ બી.ઈ. (સી., એમ., ઈ. અને કેમિ. ઓન્જિ.)ના વર્ગમાં ભણતા વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીઓએ ફર્સ્ટ બી.એસસી. પરીક્ષા ઉત્તીર્ણ કરી હોય તેમને પ્રથમ વર્ષ બી.ઈ.(સિવિલ, મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ અને કેમિકલ એન્જિ.)ના વિષય ફિઝિકસ પેપર ૧ અને ૨ અને વિષય કેમિસ્ટ્રી પેપર ૧ અને ૨ના પ્રશ્નોપત્રોમાંથી મુક્તિ આપવાની ઈજનેરી વિદ્યાશાખાની તા. ૧૯—૧૨—૧૯૭૨ની ભલામણ મંજૂર રાખવી. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.

૧૦૧. એકેડેમિક કાઉન્સિલની તા. ૮—૧—૧૯૭૩ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

" આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-મેડિકલ પરીક્ષાના અંગ્રેજી વિષયમાં પાસ થવાનું ધોરણ ૫૦ ટકાને બદલે ઘટાડીને ૪૦ ટકા રાખવું અને તે મુજબ રે. પ્રી-મેડિકલ--૩ સુધારીને તેને માર્ચ-એપ્રિલ ૧૯૭૩ની પરીક્ષામાં અમલમાં મૂકવો.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ વિષયના અભ્યાસક્રમ માટે નિયત થયેલ પુસ્તકમાં કાંઈ ફેરફાર કરવો જરૂરી નથી (એ.કા.બા. ક્રમાંક ૮૧). સુધારેલા રેગ્યુલેશન પ્રી-મેડિકલનો પાઠ નીચે મુજબ છે :

R. Pre-Med. 3 :

To pass the examination (Pre-Medical), a candidate must obtain at least—

(1) 50% of the full marks separately in theory and Practicals in each of the subjects, namely, Physics, Chemistry and Biology also separately both in the internal assessment and the University Examinations;

(2) 40% of marks in English separately in the internal assessment and the University examination; and

(3) 40% of marks in General Education."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ રેગ્યુલેશન પ્રી-મેડ. ૩ સુધારીને તેને તાત્કાલિક એટલે કે માર્ચ--એપ્રિલ ૧૯૭૩ની પરીક્ષાને લાગુ પડે તે રીતે અમલમાં મૂકવો.

૧૦૨. એકેડેમિક કાઉન્સિલની તા. ૮—૧—૧૯૭૩ના રોજ મળેલ સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે (૧) ઈજનેરી વિદ્યાશાખા નીચે આવતી સિવિલ, મિકેનિકલ ઈલેક્ટ્રિકલ અને કેમિકલ એન્જિનિયરિંગની અભ્યાસસમિતિઓની તા. ૨૬—૧૨—૧૯૭૨ની સંયુક્ત સભાની ભલામણ ગુજબ સેમેસ્ટર પદ્ધતિના નવા નિયમો—ઑર્ડિનન્સ ઑજ. ૧થી ૪ અને રેગ્યુ. ઑન્જ. ૧થી ૧૨ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) ઉપર જણાવેલ સુધારેલા ઑર્ડિ. ઑન્જ. ૧નો લાભ ઑકટોબર ૧૯૭૨ની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓને પણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બેઉ ભલામણો એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે પાછી મોકલવી.

૧૦૩. ત્રિવાર્ષિક અભ્યાસક્રમની યોજના હેઠળ વર્ષ ૧૯૬૩—૬૪થી વર્ષ ૧૯૬૬—૬૭ સુધીનાં ચાર વર્ષના મુદત માટે (૧) એમ. પી. શાહ મ્યુનિસિપલ કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ લૉ, જામનગરને એકંદર રૂ. ૧૯,૫૦૫ અને (૨) એલ. એચ. સાયન્સ ઍન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસાને એકંદર રૂ. ૪૬,૭૬૬—૯૧ પૌસાની આવર્તક ગ્રાન્ટ ચૂકવેલી તેને મંજૂર રાખવા બાબત.

[નોંધ.—સરકારી ઑડિટરોએ તેમના તા. ૨૨—૯—૧૯૭૦ના પત્રાંક એલ (એ.એમ.ડી.) ૩૦—બી. આઈ.—૨૧૧૯ મારફતે સરકારી ગ્રાન્ટના વર્ષ ૧૯૬૮—૬૯ના હિસાબો પરત્વે આવેલ ઑડિટ નોંધના ફકરા ક્રમાંક ૫ના સંદર્ભમાં સિન્ડિકેટની મંજૂરીની આવશ્યકતા છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૧૦૪. વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગમાં યુનિવર્સિટીના ઉપક્રમે તા. ૨૪—૫—૧૯૭૨થી તા. ૧૩—૬—૧૯૭૨ના સમય દરમ્યાન કૉલેજોના શિક્ષકો માટેનો એક ગ્રીષ્મ વર્ગ યોજવામાં આવ્યો હતો. આ અંગે નીચે જણાવેલ યુનિવર્સિટીના શિક્ષક તથા બિનશિક્ષકગણના કર્મચારીઓએ વધારાની સેવાઓ આપેલ તે માટેનું વધારાનું મહેનતાણું સ્વીકારવા અંગેની ભવનના અધ્યક્ષશ્રી તરફથી આવેલ દરખાસ્ત પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	સૂચિત મહેનતાણાની રકમ	માસિક મૂળ પગાર
		રૂ.	રૂ.
૧.	પ્રા. ડી. એસ. બસન	૨૭૦	૧,૦૦૦
૨.	પ્રા. એચ. એન. રાવલ	૨૭૦	૧,૧૦૦
૩.	પ્રા. આઈ. એચ. શેઠ	૨૨૫	૬૪૦
૪.	શ્રી. એસ. આર. પરમાર, ક્લાર્ક	૧૨૬	૩૦૫
૫.	શ્રી. પી. એસ. ચિટ્ટી, પટાવાળા	૫૪	૯૩

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના કર્મચારીઓ ક્રમાંક ૧થી ૪ને, ૧૯૭૨—૭૩ના વર્ષ દરમિયાનનું સદરહુ સભ્યોનું યુનિવર્સિટીનાં કામકાજ સિવાયનાં બીજાં કામકાજો અંગેનું કુલ વેતન તેમના કુલ વાર્ષિક મૂળ પગાર-

(basic salary)ના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે, અને તેની મર્યાદામાં રહીને, ઉપર જણાવેલ કામકાજ માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

વધુમાં ઉપર ક્રમાંક ૫ ને સદરહુ કામકાજ માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૧૦૫. સિન્ડિકેટે તેની તા. ૮–૧૨–૧૯૭૨ની સભામાં પ્રોવિડંટ ફંડની લોન અંગેની વસૂલાત જે હાલ ૨૪ હપતામાં કરવામાં આવે છે તેને બદલે ૪૦ હપતામાં કરવાનું મંજૂર કરવાનું ઠરાવ્યું હોઈ તે અંગેના સંબંધકર્તા સ્ટે. ૧૮૮ (*i*)નો પાઠ નીચે પ્રમાણે વંચાય તે પ્રમાણે સુધારવા વિચારણા કરવા બાબત :

St. 188 (*i*) :

In case of illness of a subscriber or any member of his family or for any other reason deemed fit by the Vice-Chancellor, advance to the extent of his own subscription may be granted to the subscriber at the discretion of the Vice-Chancellor. Such advance shall be repaid in such number of monthly instalments not exceeding **40** and at such rate of interest as may be fixed by the Syndicate from time to time.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૮૮(૧) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવી.

૧૦૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન સમિતિની તા. ૪–૧–૧૯૭૩ના રોજ મળેલી સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૭. પ્રી-યુનિવર્સિટીના અંગ્રેજી ગદ્યપદ્યસંગ્રહ તથા અંગ્રેજી ગદ્યસંગ્રહને વધુ એક વર્ષ (૧૯૭૩–૭૪) માટે ચાલુ રાખવાના અભ્યાસસમિતિના ઠરાવને અનુલક્ષીને મેસર્સ બી. એસ. શાહની પ્રકાશક પેઢી યુનિવર્સિટીને ૪૩ ૧/૨ ટકા રોયલ્ટી ચૂકવતી હતી તેના બદલે સદરહુ એક વર્ષ માટે ૨૫ ટકા રોયલ્ટી યુનિવર્સિટીને ચૂકવશે તેવી સદરહુ પેઢીની વિનંતી મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

૧૦૮. યુનિવર્સિટીની માલિકીનાં જુદાં જુદાં મકાનોને ધોળાવવા માટે તથા બારીઓ અને દરવાજાઓને ઑઈલ પેઇન્ટ કરવાનાં કામો માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— સૌથી નીચા ભાવ મુજબ કામની વહેંચણી નીચે મુજબ થાય છે :

(૧)	વી. આર. રંગવાળા	રૂ. ૮,૭૩૬--૦૦
(૨)	ન્યૂ સ્ટાર પેઈન્ટ્સ	રૂ. ૧૮,૨૭૦--૦૦
(૩)	સહકારી પેઇન્ટર્સ	રૂ. ૩,૭૫૦--૦૦
(૪)	બચુભાઈ એમ. રંગવાલા	રૂ. ૪,૮૨૫--૦૦
		રૂ. ૩૫,૫૮૧--૦૦.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના મકાનને ધોળાવવાનું તથા તેને ઑઈલ પેઈન્ટ, વૉશેબલ હોય તેવો રંગ કરવાનું રાખવું અને તે માટે રૂ. ૩૫,૬૦૦ સુધીનો અંદાજી ખર્ચ મંજૂર કરવો અને તે કામના ઑર્ડર ઉપર મુજબ આપવાનું મંજૂર કરવું.

૧૦૯. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ ૧૯૭૩--૭૪ના વર્ષમાં યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં નીચે જણાવેલ જગ્યાઓ પૂરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	ભવનનું નામ		જગ્યાનું નામ	સંખ્યા
(૧)	ભાષા-સાહિત્ય ભવન	...	૧. રીડર ઈન હિન્દી	એક જગ્યા
			૨. લેક્ચરર ઈન ઇંગ્લિશ	એક જગ્યા
			૩. લેક્ચરર ઈન સંસ્કૃત	એક જગ્યા
			૪. લેક્ચરર ઈન મોડર્ન યુરોપિયન લેંગ્વેજ	બે જગ્યાઓ
			૫. રિસર્ચ ઍસિસ્ટન્ટ	ત્રણ જગ્યાઓ
(૨)	મનોવિજ્ઞાન વિદ્યાભવન	...	૧. લેક્ચરર ઈન ફિલોસોફી	એક જગ્યા
			૨. સોશિયલ વર્કર-સાયકોલોજી	એક જગ્યા
			૩. ડેમોન્સ્ટ્રેટર એજ્યુકેશન	એક જગ્યા
(૩)	વિજ્ઞાન વિદ્યાભવન	...	૧. રીડર ઈન કેમિસ્ટ્રી	બે જગ્યાઓ
			૨. રીડર ઈન ફિઝિકસ	એક જગ્યા
			૩. રીડર ઈન ઝૂલોજી	એક જગ્યા
			૪. સી. ટેકનિશિયન	એક જગ્યા
			૫. જુ. ટેકનિશિયન	બે જગ્યાઓ.

[**નોંધ.**—ઉપરની જગ્યાઓ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તા. ૩૧--૩--૧૯૭૪ સુધી ગ્રાન્ટ મળશે. ત્યાર બાદ તેના ખર્ચની જવાબદારી યુનિવર્સિટીએ ઉપાડવાની રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યાઓ ચોથી પંચવર્ષીય યોજનાઓ દરમિયાન પૂરવાનું બંધ રાખવું, અને એને પાંચમી પંચવર્ષીય યોજનામાં મૂકવી, જેથી યુ.જી.સી. ગ્રાન્ટનો યોજનાના પૂરા ગાળા દરમિયાન લાભ મળે.

૧૧૦. ચોથી પંચવર્ષીય યોજનાની બચતમાંથી યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓ માટે રહેઠાણો બાંધવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કૅમ્પસ પર કર્મચારીઓનાં રહેઠાણો માટે રૂ. ૩,૧૨,૦૦૦ના અંદાજી ખર્ચે કર્મચારીઓ માટે રહેઠાણો બાંધવાનો પ્રસ્તાવ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવો.

૧૧૧. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ આચરેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસોમાં તેમ જ પ્રિન્સિપલો/પરીક્ષકો અને નિરીક્ષકોને હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર

વિચારણા કરવા તા. ૧૨--૧--૧૯૭૩ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની પ્રથમ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૨--૧--૧૯૭૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ ભલામણોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૧૧૨. યુનિવર્સિટીના રેસિડન્ટ મેડિકલ ઑફિસર ડૉ. સી. આર. ત્રિવેદીની તા. ૩૧--૧૨--૧૯૭૨ની અરજી પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. સી. આર. ત્રિવેદીને આગામી માર્ચ--એપ્રિલ ૧૯૭૩ની એમ.ડી.બ્રાન્ચની પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવી તથા તેમને, લાલ સી.એમ.ઓ. માને અને આર.એમ.ઓ. બેઉનું કામ તેઓ એકલા સંભાળતા હોઈ, અપવાદ તરીકે, ચાર માસની ફરજિયાત રજા લેવામાંથી મુક્તિ આપવી.

૧૧૩. (૧) ત્રીજી એલએલ.બી.ની પરીક્ષામાં કાયદાના બેરેક્સના ચોપડીઓ પ્રાપ્ત હોય તો તે આપવાની કાયદાની વિદ્યાશાખાની તા. ૨૮--૧૨--૧૯૭૨ની સભાની ભલામણને અસ્વીકાર કરવાની; અને (૨) કાયદાની વિદ્યાશાખાની પહેલી એલએલ.બી.ના સેમેસ્ટર પદ્ધતિના નિયમોના રેગ્યુ. લો આર. ૩--એ ને મંજૂર કરવાની તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની કાયદાની વિદ્યાશાખાની તા. ૨૮--૧૨-૧૯૭૨ની સભાની ભલામણ સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૮--૧-૧૯૭૩ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૧૧૪. અમદાવાદ એજ્યુકેશન સોસાયટીએ ૧૯૬૫ જૂનથી ૧૯૭૧ નવેંમ્બર સુધીના વીજળી વપરાશના બિલના એક્સાઇઝ ડ્યૂટી પેટે તથા હિસાબ પેટે વધારાના રૂ. ૧,૧૧,૩૪૧--૫૮ પૈસાની માગણી કરેલ છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી કૅમ્પસ પર યુનિવર્સિટીના વીજળી વપરાશ અંગેના જૂન ૧૯૬૫થી નવેંમ્બર ૧૯૭૧ના સમય દરમિયાનના ગાળાના વીજળી બળતણનો રૂ. ૧,૧૧,૩૪૧-૫૮ પૈસાનો વધારાનો ખર્ચ મંજૂર કરવો.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિ./૦૨૭૦૮૧ / ૧૯૭૩.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ--૯.
ફેબ્રુઆરી ૧૩, ૧૯૭૩.

કં. ચં. પરીખ
કુલસચિવ

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૨૯

સિન્ડિકેટે નીમેલી જોઇન્ટ કન્સલ્ટેટિવ સમિતિની એક સભા તા. ૨૭--૧૨--૧૯૭૨ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં સાંજના ૫--૩૦ વાગે મળી હતી. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ (કુલપતિશ્રી)	હાજર
૨. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૩. પ્રો. આર. કે. અમીન	હાજર
૪. શ્રી. સી. ટી. દરૂ	હાજર
૫. શ્રી. એન. આર. જોશી	હાજર
૬. શ્રી. શરદ ઓમ. પટેલ	હાજર
૭. શ્રી. બી જે. પંડ્યા	હાજર

સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ પટેલે લીધું હતું.

૧. તા. ૨૦--૧૦--૧૯૭૨ની સમિતિની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની તા. ૨૦--૧૦--૧૯૭૨ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રી-એ સહી કરી. ત્યાર બાદ સભ્યોની વિનંતીથી આ સમિતિની તારીખ ૨૦--૧૦--૧૯૭૨ની સભાની બાબત ૫/૬ની ભલામણ પર પુનર્વિચારણા કરવામાં આવી અને તે અંગે નીચે પ્રમાણે સુધારો કરવામાં આવ્યો :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે હાલ ઓવરટાઇમ એલાવન્સ જે ધોરણે પરીક્ષાની મોસમ દરમ્યાન પરીક્ષાના કામ માટે જ આપવામાં આવે છે તે ધોરણે યુનિવર્સિટી પ્રેસ સિવાયના તમામ બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓને બીજા કામ માટે પણ એક વર્ષ માટે પ્રયોગાત્મક રીતે યુનિવર્સિટી પ્રેસ સિવાયના હેડક્લાર્ક અને તેની નીચેની કક્ષાના બધા જ સભ્યોને ભારે માસ હાલના નિયમોને આધીન ઓવરટાઇમ ભથ્થું આપવાનું રાખવું."

આથી ઓવરટાઇમ કામ માટે કુલસચિવશ્રી કે તેઓ જેમને સત્તા આપે તે મદદનીશ કુલસચિવશ્રીથી ઊતરતી કક્ષાના નહીં તેવા અધિકારીની પૂર્વસંમતિ લીધા વિના કોઈ કર્મચારીને બોલાવી શકાશે નહિ.

૨. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘની તા. ૧૯--૬--૧૯૭૨ના રોજ મળેલ કારોબારીના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સંઘની પ્રવૃત્તિઓમાં હવે વધારો થયેલ હોઈ જરૂરી પત્રવ્યવહાર યુનિવર્સિટી કાર્યાલયમાં ટાઇપ સ્ટેન્સિલ થાય અને જરૂરી નકલો કાઢવા માટે ડુપ્લિકેટિંગ મશીન સંઘ વાપરી

શકે તથા સંઘના જરૂરી પરિપત્રો વગેરે સભ્યોની જાણ માટે પ્રદર્શિત કરવા નોટિસ બોર્ડની સવલત મળે તથા ફર્નિચર સાથેનો સંઘના કાર્યાલય માટે યુનિવર્સિટીમાંથી એક ઓરડો ફાળવવા માટે યુનિવર્સિટીને વિનંતી કરવી."

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે અગાઉ સિન્ડિકેટે ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘને ટાઇપરાઇટર અને ડુપ્લિકેટિંગ મશીનનો ઉપયોગ કરવા પરવાનગી આપી છે અને નોટિસ બોર્ડ અને કબાટ વાપરવા આપવાનું મંજૂર કર્યું છે તે જોતાં તે અંગે કાંઈ કરવાનું રહેતું નથી. પરંતુ યુનિવર્સિટી કર્મચારી સંઘને તેમના ઉપયોગ માટે એક ઓરડો બીજી માગણીઓના સંદર્ભમાં જરૂરિયાતના ક્રમાનુવર્તી ધોરણે જ્યારે આપી શકાય તેમ હોય ત્યારે આપવાનું વિચારવું.

૩. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘની તા. ૧૨--૬--૧૯૭૨ના રોજ મળેલી કારોબારીની સભામાં કરેલા નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી અને કર્મચારીઓ વચ્ચે ઉપસ્થિત થતા ઝઘડાનો નિકાલ લાવવા ટ્રિબ્યુનલ ઑફ આર્બિટ્રેશનની જોગવાઈ રટેચ્યૂટથી કરવા શ્રી ડોંગરેકરી ખંચે ભલામણ કરી છે તેને આ સભા આવકારે છે તેમ રાજ્ય સરકારશ્રીના શિક્ષણ અને મજૂર વિભાગે તેના પત્રાંક યુ.એસ.જી. ૪૨૭૨--૨૯૮૨૩-ખ, તા. ૨૨--૫--૧૯૭૨થી જણાવેલ હોઈ આ બાબતમાં તાકીદે યોગ્ય કાર્યવાહી હાથ ધરવા આ સભા યુનિવર્સિટીને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારો સુધારવાનું બિલ મંજૂર થાય ત્યાર બાદ આ બાબત આ સમિતિ સમક્ષ વિચારણા માટે ફરીથી મૂકવી.

૪. (૧) ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘની તા. ૨૦--૭--૧૯૭૨ના રોજ મળેલી કારોબારી સભાના નીચેના ઠરાવો ઉપર વિચારણા કરવા બાબત :

ઠરાવ ૧ :

"આથી ઠરાવવામાં આવે છે કે કર્મચારીઓના વણઉકલ્યા પ્રશ્નો અંગે તા. ૩૧--૭--૧૯૭૨ સુધીમાં સક્રિય વિચારણા યુનિવર્સિટી સત્તામંડળો તરફથી કરવામાં ન આવે તો આગામી ૭મી ઑગસ્ટના રોજ કાળી પટ્ટી ધારણ કરી સૂત્રોચ્ચાર સાથે દેખાવો યોજી સમગ્ર રાજ્યની યુનિવર્સિટીઓ અને કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓને વિરોધ દિન ઊજવવા મહામંડળની તા. ૧૬--૭--૧૯૭૨ની ક્લોલ ખાતે મળી ગયેલ રાજ્ય કક્ષાની કારોબારી સભાએ સર્વાનુમતે ઠરાવી આપેલ એલાનને આપણા સંઘ તરફથી ટેકો જાહેર કરવો તથા વિરોધદિન ઊજવવાનો આદેશ આપણા સંઘના સભ્યોને આપવો."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં હવે કાંઈ કરવાનું રહેતું નથી, તેથી આ બાબત દફ્તરે કરવી.

ઠરાવ ૨ :

"રૂપિયાની ખરીદશક્તિમાં થતા ઘટાડાને લક્ષમાં લઈ અને લાંબી સેવાઓ આપ્યા બાદ નિવૃત્ત થનાર યુનિવર્સિટી કર્મચારીઓને વૃદ્ધાવસ્થામાં કંઈક માનભેર નિવૃત્ત જીવન પસાર કરવામાં સહાયભૂત થાય તે હેતુને લક્ષમાં રાખી યુનિવર્સિટી કર્મચારીઓને મૃત્યુ, રાજીનામું અથવા નોકરીમાંથી છૂટા કરવામાં

આવે તે વખતે ગ્રેચ્યુઈટી આપવા માટે હાલ જે સ્ટે. ૧૯૩-એ અમલમાં છે તેને બદલે તેનો પાઠ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા યોગ્ય પગલાં ભરવા આ સભા યુનિવર્સિટીને વિનંતી કરે છે :

St. 193–A :

The employees of the University, both teaching and non-teaching, be paid gratuity under the following rules :

(1) Gratuity shall be paid on the death, retirement, resignation or termination of service, at the rate of one month's basic salary (excluding all allowances) for each completed year of service or part thereof subject to the maximum of Rs. 20,000/— .

(2) Salary for the purpose of gratuity under (1) above shall mean the average basic salary (excluding all allowances) drawn by the employee during the twelve months period of active service immediately preceding death, retirement, resignation or termination of service, as the case may be.

(3) The University shall establish a fund known as gratuity fund for the purpose by contributing a suitable amount not excluding 5% of the basic salary paid to its employee covered by the scheme from the recurring expenditure on the University during every accounting year. The sum shall be regulated by the Syndicate in its discretion as may be deemed fit by investing the amount on the fund in Government or other securities or by taking out a group-gratuity insurance policy with the Life Insurance Corporation with a view to discharging the University's liability in this behalf, in the event of a group-gratuity insurance policy being taken out by the University, notwithstanding anything stated above, the heir or heirs of an employee who dies during the course of his employment shall be paid gratuity at the rate of one month's basic salary (excluding all allowances) per year of service for the number of years he would have otherwise ordinarily served, had he continued to live till the date of his retirement, subject to maximum of Rs. 20,000/—.

(4) Notwithstanding whatever stated above any employee who has put in less than three years service will not be entitled to the benefit of the above provisions. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

ઠરાવ નં. ૩ :

"નિયત કરેલી શૈક્ષણિક લાયકાતોમાં છૂટછાટ મૂકી યુનિવર્સિટીમાં ખાલી પડતી જગ્યાઓ સીનિયોરિટી મુજબ પ્રમોશન આપી પૂરવાની ચાલી આવતી પ્રથાને આ સભા આવકારે છે તથા ટેકનિકલ જગ્યાઓ સહિતની તમામ જગ્યાઓ માટે પણ નિયત કરવામાં આવેલ શૈક્ષણિક લાયકાતોમાં છૂટછાટ મૂકી બઢતી આપીને પૂરવા યોગ્ય પગલાં લેવા આ સભા યુનિવર્સિટીને વિનંતી કરે છે."

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે હાલના નિયમોમાં કાંઈ ફેરફાર કરવો નહિ.

ઠરાવ નં. ૪ :

જ્યારે ઉપલી કક્ષાના કર્મચારી રજા ઉપર જાય ત્યારે તેમની ખાલી પડેલી જગ્યા ઉપર ઑફિસિયેટિંગ માટે ફકત તે પછીની નીચેની કક્ષાના કર્મચારીઓને મજકૂર ઉપલી જગ્યાનું ઑફિસિયેટિંગ આપીને અટકાવી નહિ દેતાં ઑફિસિયેટિંગનો લાભ છેક નીચેની કક્ષાના કર્મચારી સુધી મળવો જોઈએ તેમ આ સભાનું માનવું છે અને તે અંગે યોગ્ય પગલાં ભરવા આ સભા યુનિવર્સિટીને વિનંતી કરે છે."

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો.

૫. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના તા. ૨૩–૮–૧૯૭૨ના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીમાં સૌથી વધારે સંખ્યામાં કામ કરતા અને પ્રમાણમાં ઓછી આવક ધરાવતા બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે રહેઠાણો બાંધવા ૧૯૭૨–૭૩ના અંદાજપત્રમાં "બી", "સી" અને "ડી" પ્રકારનાં રહેઠાણો માટે કુલ્લે રૂ. ૧,૭૫,૦૦૦ની કરવામાં આવેલી જોગવાઈ મુજબ હજુ સુધી બાંધકામો અંગે કોઈ શરૂઆત પણ થયેલ જાણાતી નથી.

અમદાવાદ શહેરમાં મકાનોની તીવ્ર તંગી અને ઊંચા ઘરભાડાના સંદર્ભમાં અંદાજપત્રની જોગવાઈ મુજબ તાત્કાલિક અને મોડામાં મોડાં ૧૯૭૩ના આખર સુધીમાં તમામ રહેઠાણો કર્મચારીઓને રહેવા માટે ફાળવી શકાય તે મુજબ ઘટતાં પગલાં લેવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓનાં રહેઠાણ માટે સરકાર અને / અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી ગ્રાન્ટ મળે ત્યારે આ બાબત પરત્વે વિચારવું.

૬. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા પટાવાળાઓને પાણી પિવડાવવાની ફરજમાંથી મુકિત આપવા અંગે તેઓની તા. ૧૮–૭–૧૯૭૨ની સંયુકત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજય સરકારના તા. ૧૫–૧૨–૧૯૭૨ના પત્રમાંની વિગતોની ચોખવટ જોતાં આ અંગે કાંઈ કરવાનું રહેતું નથી.

૭. યુનિવર્સિટીના આઈ. બી. એમ. વિભાગમાં કામ કરતા જુનિયર ઑપરેટરો પાસેથી સીનિયર ઑપરેટરના કાર્યક્ષેત્રમાં આવતાં મશીનો ઉપર કામ લેવામાં આવતું હોવાથી જુનિયર ઑપરેટરોને માસિક રૂ. ૧૫નું ભથ્થું આપવા અંગે શ્રી. બી. જે. પંડયાના તા. ૪–૯–૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યંત્ર વિભાગમાં કામ કરતા જુનિયર ઑપરેટરોને હાલ માસિક રૂ. ૧૦નું મશીન ભથ્થું આપવામાં આવે છે તે વધારીને હવેથી તેમને માસિક રૂ. ૧૫ લેખે મશીન ભથ્થું આપવું.

૮. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘની કારોબારીની સભાના તા. ૧૮--૮--૧૯૭૨ના નીચેના ઠરાવો ઉપર વિચારણા કરવા બાબત :

ઠરાવ ૧ :

આથી ઠરાવવામાં આવે છે કે ઈલેક્ટ્રિક વાયરમેન, કેશિયર, લેબોરેટરી આસિસ્ટન્ટ, ડ્રાઈવર વગેરે જોખમી જગ્યાઓ ઉપર કામ કરતા અથવા યુનિવર્સિટી તરફથી જેમને જોખમી કામ સોંપવામાં આવે તેવા કર્મચારીઓની પર્સનલ એક્સિડન્ટની રૂ. ૨૦,૦૦૦ની વીમાની પૉલિસી લેવા યુનિવર્સિટીને વિનંતી કરવી.

ઠરાવ ૨ :

"યુનિવર્સિટીએ કર્મચારીઓને પોતાનું મકાન બાંધવા, રિપેર કરાવવા પ્રૉવિડંટ ફંડમાંથી લોન આપવાની જે સુવિધા કરી આપી છે તેને આ સભા આવકારે છે. પણ તે રકમ મકાન બાંધકામ માટે હાલના જમીનોના તથા બાંધકામના ઊંચા ભાવને જોતાં ઘણી જ ઓછી હોઈ કર્મચારીને મકાન બાંધવા માટે તેના બેઝિક પગારના ૬૦ પગાર લોન તરીકે આપવાની જોગવાઈ કરવા આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

ઠરાવ ૩ :

"કર્મચારીઓને વારતહેવારે ૧ કલાક વહેલા ફરજ ઉપરથી મુકત કરવામાં આવે છે અને તે અંગેનો જે પરિપત્ર યુનિવર્સિટી તરફથી બહાર પાડવામાં આવે છે તેની નકલ ભવનોના અધ્યક્ષશ્રીઓને હાલમાં ફકત જાણ માટે જ મોકલવામાં આવતી હોઈ તેનો અમલ ભવનોના અધ્યક્ષશ્રીઓ કરતા નહિ હોવાથી આવા પરિપત્રો ભવનોને અને ગ્રંથાલયને તથા આરોગ્યકેન્દ્રને ફકત જાણ માટે નહિ મોકલતાં આદેશાત્મક રીતે અમલ કરવા માટે મોકલવા આ સભા યુનિવર્સિટીને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ત્રણે બાબતોની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૯. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના મંત્રીશ્રીના તારીખ ૩૦—૯—૧૯૭૨ના પત્રમાં જણાવેલ નીચેના ઠરાવો ઉપર વિચારણા કરવા બાબત :

ઠરાવ ૧ :

"આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલયમાં કામ કરતા પ્યૂન-કમ-એટેન્ડન્ટ ભાઈઓની જગ્યાએ જ્યારે અન્ય ચોથા વર્ગના કર્મચારીઓને તેમની ફરજો હોય છે ત્યારે તે કામ માટે ૦૦-૨૫ પૈસાનું વધારાનું મહેનતાણું આપવામાં આવે છે જે આજની તીવ્ર મોંઘવારીમાં ઘણું જ ઓછું છે તેમ આ સભા માને છે. સદરહુ મહેનતાણાની રકમ વધારીને ૦-૫૦ પૈસા કરી આપવા તથા તેનો લાભ ટેલિફોન ઑપરેટરની ફરજ બજાવવાનું કામ જે કર્મચારીને સોંપવામાં આવે તેને તથા ડુપ્લિકેટિંગ મશીનમેનની ફરજ બજાવવાનું કામ જે કર્મચારીને સોંપવામાં આવે તેને પણ આપવા આ સભા યુનિવર્સિટીને વિનંતી કરે છે."

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ગ્રંથાલયમાં કામ કરતા પ્યૂન-કમ-એટેન્ડન્ટની જગ્યાએ જ્યારે અન્ય ચોથા વર્ગના કર્મચારીઓ તેમની ફરજ બજાવે ત્યારે તે કામ માટે દૈનિક ૦૦-૨૫ પૈસાના ધોરણે ભથ્થું આપવામાં આવે છે તે વધારીને દૈનિક ૦૦-૪૦ પૈસાનું મહેનતાણું આપવું. વધુમાં ભલામણ કરવામાં

આવે છે કે જે કર્મચારીઓ ટેલિફોન ઑપરેટરની અવેજીમાં અને ડુપ્લિકેટિંગ મશીનમૅનની અવેજીમાં ફરજ બજાવે તેમને પણ દૈનિક ૦૦-૪૦ પૈસાના ધોરણે મહેનતાણું આપવાનું રાખવું.

ઠરાવ ૨ :

"આથી ઠરાવવામાં આવે છે કે કોઈ પણ કર્મચારીને પોતાની ચાલુ જગ્યા ઉપરથી ઉપરની જગ્યા ઉપર પ્રમોશન આપવામાં આવે ત્યારે ઉપરની જગ્યાના પગારધોરણમાં આગળના પગથિયે ફક્ત સ્ટેજ-અપ કરી આપવાની હાલની પ્રથા બંધ કરી જે તે કર્મચારીને ઉપલી જગ્યાના પગારધોરણમાં સ્ટેજ-અપ કરી પછી એક ઇન્ક્રીમેન્ટ આપવાની પ્રથા દાખલ કરવા આ સભા યુનિવર્સિટીને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

ઠરાવ ૩ :

"સંઘની કારોબારી સભા સામાન્ય રીતે દરેક માસમાં એક વખત મળે છે તથા આ સભા હાલમાં કાર્યાલયનો સમય પૂરો થયા બાદ રાખવામાં આવે છે તેને બદલે કારોબારીની સભા ૩-૦૦ વાગ્યે રાખવા અને કારોબારીના સભ્યોને સભામાં હાજરી આપવા ૩—૦૦ વાગ્યે આવવાની પરવાનગી આપવા આ સભા યુનિવર્સિટીને વિનંતી કરે છે."

સદરહુ પ્રસ્તાવ કેટલીક ચર્ચાવિચારણાના અંતે સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લેવામાં આવતાં તે અંગે કાંઈ કરવાનું રહ્યું નહી

૧૦. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના તા. ૧૩—૧૦—૧૯૭૨ના પત્રમાં જણાવેલ નીચેની બાબતો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) "પ્રૉવિડંટ ફંડમાં યુનિવર્સિટીનો ફાળો દર માસે જમા થવો જોઈએ તથા તેના પર વ્યાજ મળવું જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત રાજ્યની તમામ યુનિવર્સિટીઓ પાસેથી ઘટતી માહિતી મંગાવવી અને માહિતી આવ્યેથી આ બાબત સભાગૃહ સમક્ષ વિચારણા માટે ફરીથી રજૂ કરવી.

(૨) "ટાઇપરાઈટર, ડુપ્લિકેટિંગ મશીન, ફ્રેન્કિંગ મશીન, ડેટા પ્રોસેસિંગ મશીન તથા જ્યાં શારીરિક શ્રમ પડતો હોય તેવાં અન્ય મશીનો ઉપર કામ કરતા કર્મચારીઓને પગારના ૧૦ ટકા પણ ઓછામાં ઓછા રૂ. ૨૦—૦૦ અને વધુમાં વધુ રૂ. ૪૦—૦૦ માસિક મશીન ભથ્થા તરીકે આપવા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

(૩) "સાઇકલ ખરીદવા લોનની મર્યાદા કર્મચારી જેટલી રકમની સાઇકલ ખરીદે તેટલી રાખવી."

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સાઇકલ લોનની હાલની મર્યાદા રૂ. ૨૫૦ની છે તેને બદલે કર્મચારીને સાઇકલ ખરીદીના ખરેખર ખર્ચ સુધીની રકમ લોન તરીકે આપવી.

(૪) "ચોથા વર્ગના કર્મચારીઓને રાજ્યની અન્ય યુનિવર્સિટીની જેમ પ્રતિવર્ષે ૩ સુતરાઉ કપડાંની જોડ અને દર બે વર્ષે છત્રી આપવા, રેઇન કોટ, દર ત્રણ વર્ષે ગરમ કોટ-પાટલૂન તથા પ્રતિવર્ષ ૨ જોડ પગરખાં આપવાં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

(૫) "મોટરકાર ડ્રાઈવર, ચોકીદાર, માળી વગેરે કર્મચારીઓના કામના કલાકો તથા રજાઓ અન્ય ચોથા વર્ગના કર્મચારીઓના જેટલા—જેટલી જ રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૧૧. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના મહામંત્રીના તા. ૧૩—૧૦—૧૯૭૨ના પત્રમાં જણાવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ

"જીવનધોરણની સમતુલા જળવાય તે હેતુસર ગુજરાત યુનિવર્સિટીના શૈક્ષણિક કર્મચારીઓની સાથે સાથે બિનશૈક્ષણિક કર્મચારીઓને પણ તેમનાં ચાલુ પગારધોરણોની સાથે સાથે અન-મર્જ્ડ મોંઘવારી ભથ્થું તથા અન્ય ભથ્થાંનો લાભ રાજ્ય સરકારના ધોરણે તા. ૧—૪—૧૯૭૧થી આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનોના શિક્ષકોને અનમર્જ્ડ મોંઘવારી ભથ્થું આપવાનું મંજૂર થાય ત્યાર બાદ આ બાબત સભાગૃહ સમક્ષ ફરીથી રજૂ કરવી.

૧૨. જોઈન્ટ કન્સલ્ટેટિવ કમિટી પર સંઘના પ્રતિનિધિઓને યુનિવર્સિટીના પ્રતિનિધિઓ જેટલું સરખું પ્રતિનિધિત્વ આપવા અંગે ગુજરાત યુનિવર્સિટી સંઘના મહામંત્રીશ્રીના તા. ૧—૧૨—૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે તે અંગે યુનિવર્સિટીનાં હાલનાં ધારાધોરણોમાં કશો ફેરફાર કરવાની જરૂર નથી.

૧૩. સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨—૧૧—૧૯૭૨ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

કન્સલ્ટેટિવ સમિતિની તા. ૨૦—૧૦—૧૯૭૨ની સભામાં નીચે પ્રમાણે સિન્ડિકેટને ભલામણ કરી હતી :

૨. કૉલેજનું સ્વતંત્ર મકાન તૈયાર કરવામાં આવે;

૩. ઑડિટોરિયમ તૈયાર કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૭. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારા-ધોરણોનું પાલન કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૭. નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી સંચાલિત શેઠ એમ. એન. સાયન્સ ઍન્ડ શ્રી ઍન્ડ શ્રીમતી પી. કે. કોટાવાળા આર્ટ્સ કૉલેજ, પાટણનું જૂન ૧૯૭૩થી વિભાગીકરણ કરવા તથા અલગ થયેલ વિનયન કૉલેજ સાથે સદરહુ સોસાયટી સંચાલિત શ્રીમતી તારાબહેન સુંદરલાલ રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણનું સંયોજન કરી (૧) શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ, પાટણને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને ભૌતિકવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં પ્રાણીવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે મળેલ કાયમી જોડાણ કાયમી રાખવા; તથા (૨) શ્રી ઍન્ડ શ્રીમતી પી. કે. કોટાવાળા આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રીમતી તારાબહેન સુંદરલાલ રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, પ્રાકૃત, મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્ર તથા બી.એ.(સબો.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે મળેલ કાયમી જોડાણ કાયમ રાખવા; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો

શીખવવા માટે તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ ચાલુ રાખવા; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૭૩થી એમ. એન. સાયન્સ ઍન્ડ શ્રી ઍન્ડ શ્રીમતી પી. કે. કોટાવાળા આર્ટ્સ કૉલેજ, પાટણનું વિભાગીકરણ કરવા તથા વિભાગીકરણને અંતે અલગ થયેલ શ્રી ઍન્ડ શ્રીમતી પી. કે. કોટાવાળા આર્ટ્સ કૉલેજ સાથે હાલની શ્રીમતી તારાબહેન સુંદરલાલ રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણનું સંયોજન કરવા અંગેની અરજીનો અસ્વીકાર કરવો, અને હાલની શ્રીમતી તારાબહેન સુંદરલાલ રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૩ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૩થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. બિઝનેસ મૅનેજમેન્ટના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તે જું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. બિઝનેસ મૅનેજમેન્ટ વિષયને લગતાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૬. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારા-ધોરણોનું પાલન કરવામાં આવે. "

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૮. બી. એમ. ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી નીચે જણાવેલ અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ માન્યતા માટેની અરજી :

(૧) Diploma in Psychotherapy

(૨) Diploma in Psychiatric Social Work

(૩) Diploma in Psychiatric Occupational Therapy

(૪) Diploma in Special Education for Non-normal Children.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે બી. એમ. ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૩ સુધીમાં કરે તો તેને (૧) ડિપ્લોમા ઇન સાયકોથેરાપી,

(૨) ડિપ્લોમા ઇન સાયકિયાટ્રિક ઓક્યુપેશનલ થેરાપી, (૩) ડિપ્લોમા ઇન સાયકિયાટ્રિક સોશિયલ વર્ક, અને (૪) ડિપ્લોમા ઇન સ્પેશિયલ એજ્યુકેશન ફોર નૉન-નોરમલ ચિલ્ડ્રનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૩થી તા. ૧૪--૬--૧૯૭૮ સુધી ચાલુ માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોનાં પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૨. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૯. ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૧૩--૧૨--૧૯૭૨ની સભાની ભલામણ અનુસાર ત્રીજા વર્ષ બી.એ.ની ગુજરાતી વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર ૭નો અભ્યાસક્રમ સુધારવાના તથા તે મુજબ રેગ્યુ. આર્ટ્સ ૧૨ સુધારી તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૮--૧--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. આર્ટ્સ ૧૨ સુધારવો તથા તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. આર્ટ્સ ૧૨નો નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૫૦. અંગ્રેજીની અભ્યાસસમિતિની તા. ૧૫/૧૬--૯--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૮--૧--૧૯૭૩ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે પહેલા વર્ષ બી.એ., બી.એસસી. અને બી.કૉમ.નો ફરજિયાત અંગ્રેજીનો અભ્યાસક્રમ નીચે મુજબ સુધારવા અને તે માટે રેગ્યુ. આર્ટ્સ ૨, રેગ્યુ. સાયન્સ ૨ તથા રેગ્યુ. કૉમર્સ ૨ સુધારવા તથા તે રેગ્યુલેશનો જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા ભલામણ કરવી :

R. Arts 2, R. Sc. 2, અને R. Com. 2

English Compulsory

Section I—Language work ... . 35 marks

Topics for Language work :

The sentence, the noun, the adjective, the adverb, the pronoun, the verb, the preposition, the conjunction, the interjection.

Recommended book

'A Concise English Grammar for Foreign Students' by C. E. Eckersley (Orient Longmans)

Section II ... ... 35 marks.

No poems of poetic plays to be prescribed. Only Victorian and post-Victorian texts in prose will be prescribed from essays, fiction, plays, biographies, translation, etc."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. આર્ટ્સ ૨, રેગ્યુ. સાયન્સ ૨ અને રેગ્યુ. કૉમર્સ ૨ નો સંબંધકર્તા ભાગ સુધારવો તથા તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

૫૧. ભાષાવિજ્ઞાનની તદર્થ (એડ-હૉક) સમિતિની તા. ૪--૧૨--૧૯૭૨ની સભાની નીચેની ભલામણો એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૮--૧--૧૯૭૩ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

અભ્યાસસમિતિની ભલામણ

"(૧) આથી ઠરાવવામાં આવે છે કે લિંગ્વિસ્ટિક્સના ડિપ્લોમાના બીજા વર્ષના અભ્યાસક્રમ તથા તેને લગતા રેગ્યુ. ૨૬૪--બી આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ મંજૂર કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ. ભાગ ૧ લિંગ્વિસ્ટિક્સ તથા ડિપ્લોમા ઈન લિંગ્વિસ્ટિક્સ ભાગ ૧ની પરીક્ષા માટેના "ઈન્ટ્રોડક્શન ટૂ લિંગ્વિસ્ટિક્સ"ના પ્રશ્નપત્ર માટે ભલામણ કરેલાં પુસ્તકોની યાદીમાં નીચે મુજબ પુસ્તકો ઉમેરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

Book recommended

David Crystal : 'Linguistics' (Penguin Books, 1971)

Book for reference

F. Palmer : 'Grammar' (Penguin Books, 1971)"

(૧) આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. ૨૬૪--બી સુધારવો તથા તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. ૨૬૪--બી ની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

(૨) આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ (૨) મંજૂર કરવી.

૫૨. હિંદીની અભ્યાસસમિતિની તા. ૧૩--૧૦--૧૯૭૨ની સભાની ભલામણ અનુસાર એમ.એ. ભાગ ૨ના હિંદી વિષયના પ્રશ્નપત્ર ૬નો અભ્યાસક્રમ નીચે મુજબ સુધારી જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા તથા સંબંધકર્તા રેગ્યુ. એમ.એ.--૭ માં સુધારો કરવાની એકૅડેમિક કાઉન્સિલની તા. ૮--૧--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"પ્રશ્નપત્ર ૬—નિબંધ, સાહિત્ય-સમીક્ષા તથા સ્વાતંત્ર્યોત્તર હિન્દી સાહિત્ય

૧.	નિબંધ (સાહિત્યિક વિષય પર) ...	૩૦ ગુણ
૨.	સમીક્ષા	
	(અ) ભારતીય વિવિધ કાવ્યશાસ્ત્રીય સંપ્રદાય : ...	૨૦ ગુણ
	રસ, ધ્વનિ, રીતિ, વક્રોકિત, અલંકાર, ઔચિત્ય	
	(બ) પાશ્ચાત્ય— (૧) અરસ્તૂનો કાવ્યવિચાર ...	૨૦ ગુણ
	(૨) વર્ડ્ઝવર્થ-કોલરિજનો કાવ્યવિચાર	
	(૩) ક્રોચેનો કાવ્યવિચાર	
	(૪) આઈ. એ. રિચાર્ડ્ઝનો કાવ્યવિચાર	
	(૫) ટી. એસ. ઈલિયટનો કાવ્યવિચાર	
૩.	સ્વાતંત્ર્યોત્તર હિંદી સાહિત્ય : ...	૩૦ ગુણ
	કવિતા, ઉપન્યાસ, કહાની, નાટક, નિબંધ તથા સમીક્ષાનો વિકાસ"	

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. એમ.એ.--૭ સુધારવો તથા તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

૫૩. લૉજિક--ફિલોસોફીની અભ્યાસસમિતિની તા. ૧૬--૧૨--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ અનુસાર પ્રી-યુનિ. વિનયનથી ટી.વાય.બી.એ. તથા એમ.એ. ભાગ ૧ અને ૨ના અભ્યાસક્રમો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા અને સુધારેલા રેગ્યુલેશનો પ્રી.-આર્ટ્સ–૨, રેગ્યુ. આર્ટ્સ–૨, રેગ્યુ. આર્ટ્સ–૭, રેગ્યુ. આર્ટ્સ–૧૨ તથા રેગ્યુ. એમ.એ.--૫ અને રેગ્યુ. એમ.એ.--૮ જૂન ૧૯૭૩થી એકસાથે અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૮--૧--૧૯૭૩ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

અભ્યાસસમિતિની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) પ્રી-યુનિ. વિનયનના અભ્યાસક્રમ અંગેના રેગ્યુ. પ્રી-આર્ટ્સ–૨માં જગતના ધર્મો તથા તર્કશાસ્ત્રના વિષયના અભ્યાસક્રમો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા અને સુધારેલો રેગ્યુલેશન જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા ભલામણ છે.

(૨) પહેલા, બીજા અને ત્રીજા વર્ષ બી.એ.ના તત્ત્વજ્ઞાનના વિષયના અભ્યાસક્રમો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા અને તે માટે રેગ્યુ. આર્ટ્સ–૨, રેગ્યુ. આર્ટ્સ-૭ અને રેગ્યુ. આર્ટ્સ—૧૨ સુધારવા તથા સુધારેલા ત્રણેય રેગ્યુલેશનો જૂન ૧૯૭૩થી એકસાથે અમલમાં મૂકવા ભલામણ છે.

(૩) એમ.એ. ભાગ ૧ અને ભાગ ૨ના તત્ત્વજ્ઞાન વિષયના અભ્યાસક્રમો સુધારવા તથા તે માટેના રેગ્યુ. એમ.એ.–૫ અને રેગ્યુ. એમ.એ.--૮ સુધારી તેને જૂન ૧૯૭૩થી એકસાથે અમલમાં મૂકવા ભલામણ કરવામાં આવે છે.

(નોંધ.—૧. આ અભ્યાસક્રમોમાં બહુ મોટા ફેરફારો કરવામાં આવ્યા નથી, તેથી બધા અભ્યાસક્રમો જૂન ૧૯૭૩થી એકસાથે અમલમાં મૂકવામાં કોઈ મુશ્કેલી નથી.

૨. એમ.એ. ભાગ ૧ના પ્રશ્નપત્ર ૩ના વૈકલ્પિક પ્રશ્નપત્ર-માર્કિસઝમ ઍન્ડ ગાંધીઝમના અભ્યાસક્રમની વિગતો આ અભ્યાસસમિતિના સભ્યશ્રી જે. એ. યાજ્ઞિક અને પ્રો. એમ. બી. બક્ષી તૈયાર કરી આપે તે અભ્યાસસમિતિની ભલામણ તરીકે સ્વીકારવા ભલામણ કરી છે.)"

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. પ્રી-આર્ટ્સ ૨, રેગ્યુ. આર્ટ્સ ૨, રેગ્યુ. આર્ટ્સ ૭, રેગ્યુ. એમ.એ.--૮ સુધારવા તથા તેમને જૂન ૧૯૭૩થી એકસાથે અમલમાં મૂકવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે "Symbolic Logic" માટે એક વર્કશોપ યોજવાનું વિચારવું.

(સુધારેલા સદરહુ રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૫૪. લૉજિક-ફિલોસોફીની અભ્યાસસમિતિની તા. ૧૬--૧૨--૧૯૭૨ની સભાની ભલામણ અનુસાર તત્ત્વજ્ઞાનના "માસ્ટર એરો"ના પ્રશ્નપત્રમાં પાસ થયેલા પરંતુ બીજા પ્રશ્નપત્રોમાં નાપાસ થવાને કારણે એમ.એ. ભાગ ૨ના રેગ્યુ. એમ.એ.–૯ના પ્રોવિઝોમાં માસ્ટર એરોના પ્રશ્નપત્રમાં પાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓને

ગુણ "કેરી ફોરવર્ડ" કરવા અંગે ઘટતી જોગવાઈ કરવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૮-૧-૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ એમ.એ. ભાગ ૨ના રેગ્યુ. એમ.એ.--૯નો પ્રોવિઝો નીચે મુજબ સુધારવો અને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો :

Provided that—

If a candidate passes in the paper of Master Essay in the subject of Entire Sociology or Philosophy or Dissertation in Geography and Psychology but fails in the whole examination he will not be required to resubmit the Master Essay or Dissertation. His marks therein will in that event be carried over to subsequent examination or examinations. A candidate passing the examination by compartment will be eligible for a class.

In the event of the failure at the examination a candidate is entitled to resubmit or submit after revising it, the Master Essay or Dissertation in consultation with his teacher.

૫૫. ફ્રેન્ચ-જર્મનની ઍડ-હૉક સમિતિની તા. ૧૬-૯-૧૯૭૨ની સભાએ કરેલ નીચેની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૮-૧-૧૯૭૩ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

અભ્યાસસમિતિની ભલામણ

"આથી ફરી વાર ભારપૂર્વક ભલામણ કરવામાં આવે છે કે—

(૧) એસ.એસ.સી. પરીક્ષા પાસ થયેલા વિદ્યાર્થીઓ માટે એક વર્ષનો સર્ટિફિકેટ અભ્યાસક્રમ ફ્રેન્ચ માટે તથા જર્મન માટે જુદો જુદો દાખલ કરવો.

(૨) એક વર્ષનો સર્ટિફિકેટ અભ્યાસક્રમ અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓ માટે એક વર્ષનો ફ્રેન્ચ અને જર્મનનો જુદો ડિપ્લોમા અભ્યાસક્રમ દાખલ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તેને અનુલક્ષીને અભ્યાસક્રમ વગેરે તૈયાર કરવા ફ્રેન્ચ-જર્મનીની ઍડ-હૉક સમિતિને જણાવવું.

૫૬. ઇતિહાસ વગેરેની અભ્યાસસમિતિની તા. ૩-૧૦--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવાની તથા તે મુજબ રેગ્યુ. એમ.એ.—૭ સુધારવાની અને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૮--૧-૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

અભ્યાસસમિતિની ભલામણ

"આ સભા ઠરાવે છે કે એમ.એ. ભાગ ૨ ઇતિહાસ ગ્રુપ 'એફ' પ્રશ્નપત્ર ૭માં હિસ્ટરી ઑફ યુ.એસ.એ. (૧૯૦૧થી ૧૯૬૦) રાખવું."

[નોંધ.—હાલ ગ્રુપ 'એફ'માં પ્રશ્નપત્ર ૭—હિસ્ટરી ઑફ યુ.અસ.એ. (૧૯૦૧થી ૧૯૫૦) છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ રેગ્યુ. એમ.એ.--૭ સુધારવો અને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

૫૭. ઇતિહાસની અભ્યાસસમિતિની તા. ૩--૧૦--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ પરથી પીએચ.ડી. પદવી માટે ક્રમાનુવર્તી રેફરીઓ—મૌખિક પરીક્ષકની નિમણૂક કરવા માટે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૮--૧--૧૯૭૩ની સભાએ કુલપતિશ્રીને સત્તા આપવા માટે કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત :

નામ	વિષય	ઇન્ટર્નલ રેફરી	એક્સ્ટર્નલ રેફરીઓ
શ્રી. જે. આર. શુકલ	"૧૯૪૨માં 'હિંદ છોડો'ની લડતમાં અમદાવાદનું પ્રદાન"	ડૉ. આર. કે. ધારૈયા, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯.	(૧) ડૉ. જી. એન. શર્મા, પ્રોફેસર ઑફ હિસ્ટરી, રાજસ્થાન યુનિવર્સિટી, જયપુર–૪ (રાજસ્થાન). (૨) ડૉ. કે. એન. સિંહા, રીડર ઇન હિસ્ટરી, જબલપુર યુનિવર્સિટી, જબલપુર (એમ.પી.). (૩) પ્રો. એમ. આર. મજમુદાર, 'ચૈતન્યધામ', એમ. એસ. યુનિવર્સિટી પાછળ, પ્રતાપગંજ, વડોદરા. (૪) ડૉ. અંબાપ્રસાદ, પ્રોફેસર ઑફ હિસ્ટરી, દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી. (૫) ડૉ. તારાશંકર બેનરજી, પ્રોફેસર ઑફ હિસ્ટરી, શાંતિનિકેતન યુનિવર્સિટી, શાંતિનિકેતન (પશ્ચિમ બંગાળ).

(**નોંધ.**—વાઇવા માટે પણ ઉપરનો ક્રમ સૂચવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૮. ઇન્ડિયન કલ્ચરની અભ્યાસસમિતિની તા. ૬--૧૦--૧૯૭૨ની સભાની ભલામણ અનુસાર એમ.એ. ભાગ ૨ ના ઇન્ડિયન કલ્ચરના ગ્રૂપ 'જે'ના પેપર ૨(ઇન્ડિયન પેઇન્ટિંગ્સ)નો અભ્યાસક્રમ તથા સૂચિત પુસ્તકો અંગે સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા તથા સંબંધકર્તા રેગ્યુ. એમ.એ.--૮માં જરૂરી સુધારો કરી તેનો અમલ જૂન ૧૯૭૩ના શૈક્ષણિક વર્ષથી કરવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૮--૧--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. એમ.એ. ૮નો સંબંધકર્તા ભાગ સુધારવો અને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુલેશનના સંબંધકર્તા ભાગની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૫૯. રાજ્યનીતિશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૦–૯--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૮–૧--૧૯૭૨ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

અભ્યાસસમિતિની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ત્રીજા વર્ષ બી.એ.ના રાજ્યશાસ્ત્ર વિષયનો અભ્યાસક્રમ સુધારવો અને તે માટે રેગ્યુ. આર્ટ્સ--૧૨ સુધારીને સુધારેલો રેગ્યુલેશન જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. આર્ટ્સ-૧૨નો સંબંધકર્તા ભાગ સુધારવો અને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુલેશનના સંબંધકર્તા ભાગની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૬૦. અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૫/૬--૧--૧૯૭૩ની સભાએ કરેલ નીચેની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૮--૧--૧૯૭૩ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

અભ્યાસસમિતિની ભલામણ

"આ સભા ભલામણ કરે છે કે પ્રથમ વર્ષ બી.એ. અર્થશાસ્ત્રનો સુધારવામાં આવેલ અભ્યાસક્રમ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવો તથા તે મુજબ સુધારેલો રેગ્યુ. આર્ટ્સ--૨ જૂન, ૧૯૭૩થી અમલમાં મૂકવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. આર્ટ્સ--૨નો સંબંધકર્તા ભાગ સુધારવો અને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુલેશનના સંબંધકર્તા ભાગની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૬૧. અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૫/૬--૧--૧૯૭૩ની સભાએ કરેલ નીચેની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૮--૧--૧૯૭૩ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

અભ્યાસસમિતિની ભલામણ

"આ સભા ભલામણ કરે છે કે પ્રી-યુનિ. વિનયનનો અર્થશાસ્ત્ર વિષયનો સુધારવામાં આવેલ અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવો તથા તે મુજબ સુધારેલા રેગ્યુ. પ્રી-આર્ટ્સ--૨ને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. પ્રી-આર્ટ્સ--૨નો સંબંધકર્તા ભાગ સુધારવો અને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગુલેશનના સંબંધકર્તા ભાગની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૬૨. ગણિતની અભ્યાસસમિતિની તા. ૨૩--૯--૧૯૭૨ની સભાની ભલામણ અનુસાર એમ.એ. અને એમ.એસસી. ભાગ--૨નો ગણિતનો અભ્યાસક્રમ સુધારવાની તથા તે માટે રેગ્યુ. એમ.એ.--૮ અને રેગ્યુ. એમ.એસસી.--૬માં જરૂરી સુધારો કરી તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૮--૧--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. એમ.એ.--૮ અને રેગ્યુ. એમ.એસસી.--૬નો સંબંધકર્તા ભાગ સુધારવો અને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

(સદરહુ સુધારેલા રેગ્યુલેશનોની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૬૩. આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૧–૯–૧૯૭૨ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૮--૧–૧૯૭૩ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

અભ્યાસસમિતિની ભલામણ

"(૧) આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ. અને એમ.એસસી. ભાગ ૨ના સ્ટેટિસ્ટિકસ વિષયના ઓપ્શનલ પ્રશ્નપત્રો ૭ અને ૮ની યાદીમાં '(૨) ઈન્ડસ્ટ્રિયલ સ્ટેટિસ્ટિકસ ઑપરેશન રિસર્ચ ઍન્ડ કૉમ્પ્યુટર પ્રોગ્રામિંગ'ને બદલે '(૨) ઇન્ડસ્ટ્રિયલ સ્ટેટિસ્ટિકસ ઍન્ડ ઑપરેશન રિસર્ચ'નો પ્રશ્નપત્ર રાખવો અને તે માટેનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવો અને સુધારેલો અભ્યાસક્રમ જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા ભલામણ કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ. અને એમ.એસસી. ભાગ ૨ના સ્ટેટિસ્ટિકસ વિષયના ઑપ્શનલ પ્રશ્નપત્ર ૭ અને ૮ની યાદીમાં ૯ કૉમ્પ્યુટર સાયન્સનો વિગતવાર અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ મંજૂર કરવા અને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા ભલામણ કરવી.

(૩) ત્રીજા વર્ષ બી.એ.ના અર્થશાસ્ત્ર વિષયના અભ્યાસક્રમના પ્રશ્નપત્ર ૧૦માં સ્ટેટિસ્ટિકસ ઍન્ડ સ્ટેટિસ્ટિકલ મેથડ્સનો અભ્યાસક્રમ સુધારવા અને તે માટે રેગ્યુ. આર્ટ્સ–૧૨નો સંબંધકર્તા ભાગ સુધારી તે જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. આર્ટ્સ--૧૨ તથા રેગ્યુ. એમ.એ.--૮ અને રેગ્યુ. એમ.એસસી.--૬ના સંબંધકર્તા ભાગ સુધારવા અને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "૮"** તરીકે સામેલ છે.)

૬૪. આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૧--૯--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૮--૧--૧૯૭૩ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

અભ્યાસસમિતિની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ત્રીજા વર્ષ બી.એ. અને બી.એસસી.ના સ્ટેટિસ્ટિકસ વિષયના અભ્યાસક્રમ અંગેના રેગ્યુ. આર્ટ્સ–૧૨ તથા રેગ્યુ. સાયન્સ–૧૫ અને તેને લગતા ગુણના વિભાગીકરણ અંગેના રેગ્યુ. આર્ટ્સ–૧૧ તથા રેગ્યુ. સાયન્સ–૧૪ સુધારવા અને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. આર્ટ્સ--૧૨ તથા રેગ્યુ. સાયન્સ--૧૫ અને તેને લગતા ગુણના વિભાગીકરણ અંગેના રેગ્યુ. આર્ટ્સ--૧૧ તથા રેગ્યુ. સાયન્સ--૧૪ના સંબંધકર્તા ભાગ સુધારવા તથા તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા.

(સદરહુ સુધારેલા રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "૯"** તરીકે સામેલ છે.)

૬૫. એક્ચ્યુઅરિયલ સાયન્સ અને સ્ટેટિસ્ટિકસની અભ્યાસસમિતિની તા. ૭–૧–૧૯૭૩ની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૮–૧–૧૯૭૩ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

અભ્યાસસમિતિની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બીજા વર્ષ અને ત્રીજા વર્ષ બી.કૉમ.ના ઐચ્છિક વિષય એક્ચ્યુઅરિયલ સાયન્સના પ્રશ્નપત્ર ૨, ૩ અને ૪નો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવો તથા તે મુજબ સુધારેલા રેગ્યુ. કૉમર્સ–૮ને જૂન ૧૯૭૩થી તથા રેગ્યુ. કૉમર્સ–૧૩ને જૂન ૧૯૭૪થી અમલમાં મૂકવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. કૉમર્સ–૮નો સંબંધકર્તા ભાગ સુધારવો અને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

(સુધારેલા સદરહુ રેગ્યુ. કૉમર્સ–૮ની નકલ **પરિશિષ્ટ "૩"** તરીકે સામેલ છે.)

૬૬. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૫/૨૬–૯–૧૯૭૨ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૮–૧–૧૯૭૩ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

અભ્યાસસમિતિની ભલામણ

"આથી ભલામણ કરવામાં આવે છે કે પ્રી-યુનિ. વિજ્ઞાનથી ત્રીજા વર્ષ બી.એસસી.ના અભ્યાસ-ક્રમમાં આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારો સૂચવવામાં આવે છે અને આ સુધારેલો અભ્યાસક્રમ જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. સાયન્સ–૨, રેગ્યુ. સાયન્સ–૮ તથા રેગ્યુ. સાયન્સ–૧૫ના સંબંધકર્તા ભાગ સુધારવા અને તેમને એકસાથે જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા.

(સદરહુ સુધારેલા રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "૪"** તરીકે સામેલ છે.)

૬૭. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૪–૧–૧૯૭૩ની સભાની ભલામણ અનુસાર એમ.એસસી. ભાગ ૧ની પરીક્ષા માટે ફિઝિકસ વિષયનો અભ્યાસક્રમ સુધારવા તથા તે માટે રેગ્યુ. એમ.એસસી. ૪ સુધારી તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૮–૧–૧૯૭૩ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. એમ.એસસી.–૪નો સંબંધકર્તા ભાગ સુધારવો તથા તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુલેશનની નકલ **પરિશિષ્ટ "૫"** તરીકે સામેલ છે.)

૬૮. વનસ્પતિશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧૩–૧૦–૧૯૭૨ની સભાની ભલામણ મુજબ બીજા વર્ષ બી.એસસી. અને ત્રીજા વર્ષ બી.એસસી.ના બોટેની વિષયના અભ્યાસક્રમો સુધારવા તથા બીજા વર્ષ બી.એસસી.નો સુધારેલો રેગ્યુ. સાયન્સ–૮ જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા તથા ત્રીજા વર્ષ બી.એસસી.નો સુધારેલો રેગ્યુ. સાયન્સ

૧૫ જૂન ૧૯૭૪થી અમલમાં મૂકવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૮–૧–૧૯૭૩ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. સાયન્સ–૮ તથા રેગ્યુ. સાયન્સ–૧૫નો સંબંધકર્તા ભાગ સુધારવો તથા સુધારેલા રેગ્યુ. સાયન્સ–૮ને જૂન ૧૯૭૩થી અને સુધારેલા રેગ્યુ. સાયન્સ ૧૫ને જૂન ૧૯૭૪થી અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "થ"** તરીકે સામેલ છે.)

૬૯. ભૂસ્તરવિજ્ઞાનની ઑડ-ઑક સમિતિની તા. ૪–૧૦–૧૯૭૨ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૮–૧–૧૯૭૩ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

અભ્યાસસમિતિની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ.એસસી. ભાગ ૧ અને ભાગ ૨નો જિયોલોજી વિષયનો સુધારેલો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ તરીકે રાખવા અને સંબંધકર્તા રેગ્યુ. એમ.એસસી.–૪, જૂન ૧૯૭૩થી અને રેગ્યુ. એમ.એસસી.–૬, જૂન ૧૯૭૪થી અમલમાં મૂકવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. એમ.એસસી.–૪ અને રેગ્યુ. એમ.એસસી.–૬નો સંબંધકર્તા ભાગ સુધારવો અને સુધારેલો રેગ્યુ. એમ.એસસી.–૪, જૂન ૧૯૭૩થી અને સુધારેલો રેગ્યુ. એમ.એસસી.–૬, જૂન ૧૯૭૪થી અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "દ"** તરીકે સામેલ છે.)

૭૦. એકાઉન્ટિંગની અભ્યાસસમિતિની તા. ૬–૧–૧૯૭૩ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૮–૧–૧૯૭૩ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

અભ્યાસસમિતિની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બીજા વર્ષ બી.કૉમ.ના પ્રૅક્ટિસ ઍન્ડ પ્રોસિજર ઑફ ટેક્સેશનનો અભ્યાસક્રમ તથા એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના ઐચ્છિક પ્રશ્નપત્ર ૨ નો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવો તથા તે મુજબ સુધારેલા રેગ્યુ. કૉમર્સ–૮ને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. કૉમર્સ–૮નો સંબંધકર્તા ભાગ સુધારવો તથા તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

(સદરહુ રેગ્યુલેશનની નકલ **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે.)

૭૧. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૭–૧૨–૧૯૭૨ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૮–૧–૧૯૭૩ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

વિદ્યાશાખાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઑડિ. કૉમ. ૫–બી આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ જૂન ૧૯૭૩થી એક વર્ષની મુદત માટે અમલમાં મૂકવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ ઑર્ડિ. કૉમર્સ–૫–બી સુધારવો અને તેને જૂન ૧૯૭૩થી એક વર્ષની મુદત માટે અમલમાં મૂકવો.

(ઑર્ડિ. કૉમર્સ–૫–બીની નકલ **પરિશિષ્ટ "ન"** તરીકે સામેલ છે.)

૭૨. વાણિજ્યની અભ્યાસસમિતિની તા. ૬–૧–૧૯૭૩ની સભાની નીચેની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલની તા. ૮–૧–૧૯૭૩ની સભામાં મંજૂર થયેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

અભ્યાસસમિતિની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બીજા વર્ષ બી.કૉમ.ના સેક્રેટરિયલ પ્રૅક્ટિસનો અભ્યાસક્રમ તથા બૅન્કિંગના ઐચ્છિક પ્રશ્નપત્ર ૨ નો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવો તથા તે મુજબ સુધારેલા રેગ્યુ. કૉમર્સ–૮ને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા ભલામણ છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઈકોનોમિક્સ ઑફ ટ્રાન્સપોર્ટના ઐચ્છિક વિષયના પ્રશ્નપત્ર ૨ માટે હાલનો અભ્યાસક્રમ ચાલુ રાખવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. કૉમર્સ–૮નો સંબંધકર્તા ભાગ સુધારવો અને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે "ઈકોનોમિક્સ ઑફ ટ્રાન્સપોર્ટ"ના ઐચ્છિક વિષયના પ્રશ્નપત્ર–૨ માટે હાલનો અભ્યાસક્રમ ચાલુ રાખવો.

(સદરહુ રેગ્યુલેશનની નકલ **પરિશિષ્ટ "૫"** તરીકે સામેલ છે.)

૭૩. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૭–૧૨–૧૯૭૨ની સભાની નીચેની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૮–૧–૧૯૭૩ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

અભ્યાસસમિતિની ભલામણ

"આથી વધુમતે ઠરાવવામાં આવ્યું કે વાણિજ્ય વિદ્યાશાખામાં ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમમાં બિઝનેસ મૅનેજમેન્ટ તથા એડવાન્સ્ડ ઈકોનોમિક્સના વૈકલ્પિક વિષયો શીખવવા માગતી કૉલેજોમાં જે તે વિષયના એક ખંડ સમયના પ્રાધ્યાપકની આવશ્યકતા રાખવી અને બિઝનેસ મૅનેજમેન્ટ વિષય શીખવવા માટે શિક્ષકની શૈક્ષણિક લાયકાત વાણિજ્યના શિક્ષકની લાયકાત મુજબ રાખવી તથા એડવાન્સ્ડ ઈકોનોમિક્સ વિષયના શિક્ષકની લાયકાત અર્થશાસ્ત્રના શિક્ષકની શૈક્ષણિક લાયકાત મુજબ રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ સદરહુ વિદ્યાશાખાના અભ્યાસક્રમમાં એડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના વિષય સિવાયના અન્ય વૈકલ્પિક વિષયોમાં શિક્ષણાર્થે જોડાય તે માટે તેઓને માર્ગદર્શન આપવા માટે યુનિવર્સિટી એમ્પ્લોયમેન્ટ ઍન્ડ ઈન્ફર્મેશન બ્યૂરોના અધ્યક્ષ પ્રો. જે. એલ. ધોળકિયાને વિનંતી કરવી.

૭૪. કાયદાની વિદ્યાશાખાની તા. ૨૮--૧૨--૧૯૭૨ની સભાએ કરેલ નીચેના ઠરાવ અનુસાર ત્રીજી એલએલ.બી.ના લૉ. આર. ૧૦–એ(ન્યૂ)માં નીચેની નોંધ ઉમેરવાની અને તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૮--૧--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

અભ્યાસસમિતિની ભલામણ

"આ સભા ઠરાવે છે કે ત્રીજી એલએલ.બી.ના લૉ આર-૧૦(એ)(ન્યૂ)માં નીચેની નોંધ ઉમેરવી અને તેને તાત્કાલિક અમલમાં લાવવા ભલામણ કરવી :

Law R. 10–A (New) :

Note.—(*a*) Each student will keep a diary of work attended showing Court's case number, parties and nature of case.

(*b*) The Advocate to whom the student is attended will countersign the diary from time to time."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ લૉ રેગ્યુ. ૧૦--૨(ન્યૂ)માં ઉપર મુજબ નોંધ ઉમેરવી અને સુધારેલા રેગ્યુલેશનને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

૭૫. મેડિસિન સર્જરીની અભ્યાસસમિતિની તા. ૪–૧૦--૧૯૭૨ની સભાની ભલામણ અનુસાર ડિપ્લોમા ઇન ઑપ્થેલ્મોલોજીના અભ્યાસક્રમ માટેના ઑર્ડિ. ૩૦૦–ડી અને ઑર્ડિ. ૩૦૦--ઈ માંની ડિઝર્ટેશન રજૂ કરવા અંગેની નીચેની જોગવાઈ રદ કરવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૮--૧--૧૯૭૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"Post-graduate candidate must give notes of 100 refractive cases done by himself."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ ઑર્ડિ. ૩૦૦–ડી અને ૩૦૦–ઈ માં સુધારો કરી સુધારેલા રેગ્યુલેશનો તાત્કાલિક અમલમાં મૂકવા.

૭૬. મેડિસિન સર્જરીની અભ્યાસસમિતિની તા. ૪–૧૦--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ ઉપર એકેડેમિક કાઉન્સિલની તા. ૮--૧--૧૯૭૩ની સભાએ મંજૂર કરેલ હોઈ તે ઉપર વિચારણા કરવા બાબત :

અભ્યાસસમિતિની ભલામણ

"ત્રીજી એમ.બી., બી.અસ.ની સર્જરીની પરીક્ષા માટે શૉર્ટ કેસ માટે ૧૦ મિનિટ રાખવા અને તબીબી વિદ્યાશાખાની ખાસ સૂચનાઓમાં તે પ્રમાણે સુધારો કરવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ તબીબી વિદ્યાશાખાના પ્રાશ્નિક–પરીક્ષકોને આપાતી ખાસ સૂચનાઓમાં સુધારો કરવો.

૭૭. એકેડેમિક કાઉન્સિલની તા. ૮--૧--૧૯૭૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-મેડિકલની પરીક્ષા માટે કોઈ પણ વિદ્યાર્થીને વધુમાં વધુ ચાર વખત બેસવા માટે છૂટ આપવી, અને તે માટે નીચે મુજબનો ઑર્ડિનન્સ પ્રી--મેડિકલ ૪ સુધારીને તેને તાત્કાલિક

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ બી.ઈ. ઇલેક્ટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરિંગની ટીચિંગ અને એકઝામિનેશન સ્કીમ રેગ્યુ. એન્જ. એસ. ૧૭માં સુધારી, સુધારેલા રેગ્યુલેશનને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. એન્જ. એસ. ૧૭ના સંબંધકર્તા ભાગની નકલ **પરિશિષ્ટ "ભ"** તરીકે સામેલ છે.)

૮૩. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૭--૧૨--૧૯૭૨ના રોજ મળેલી સભાની ભલામણ અનુસાર સ્ટે. ૧૨૧-એચ હેઠળ સ્ટે. ૧૨૧-એચ(એ) નીચે મુજબ વંચાય તે રીતે ઉમેરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૮--૧--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"St. 121--H (a) :

Notwithstanding anything contained elsewhere, it shall be competent for the Syndicate after consulting the Board of University Teaching and the Academic Council, recognise outstanding expert working in his field of speciality for guiding students for the Ph.D. Degree in his field of speciality even if he is not a teacher in affiliated College/Recognised Institution/University Departments."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ સ્ટે. ૧૨૧-એચ(એ) ઉમેરવા માટે સેનેટને ભલામણ કરવી.

૮૪. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૭-૧૨--૧૯૭૨ના રોજ મળેલી સભાની ભલામણ અનુસાર તબીબી વિદ્યાશાખાના વિદ્યાર્થીએ જે તે ડિપ્લોમા વિષય માટે રાખેલા સત્ર કે સત્રો જે તે વિષયના અનુસ્નાતક પદવી માટે ગ્રાહ્ય રાખવા અને તેને અનુલક્ષીને નીચે મુજબના ઑર્ડિ. ૨૮૫—સી તથા ઑર્ડિ. ૨૯૮—સી ઉમેરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૮—૧—૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"O. 285-C :

A term or terms put in by a candidate registered for a post-graduate diploma course in a subject in the Faculty of Medicine will be deemed to have been kept by a candidate who desires to continue his studies for the M.D. Degree course, in the branch concerned of the Diploma course, provided that the candidate is granted admission thereto by the college / institution and is registered by the University afresh by paying the prescribed registration and the tuition fees.

O. 298-C :

A term or terms put in by a candidate registered for a post-graduate diploma course in a subject in the Faculty of Medicine will be deemed to

have been kept by a candidate who desires to continue his studies for the M.S. Degree course in the branch concerned of the Diploma course, provided that the candidate is granted admission thereto by the college/institution and is registered by the University afresh by paying the prescribed registration and the tuition fees."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ ઑર્ડિ. ૨૮૫-સી અને ઑર્ડિ. ૨૯૮—સી નવા ઉમેરી તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

૮૫. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૭–૧૨–૧૯૭૨ના રોજ મળેલી સભાની ભલામણ અનુસાર ઑર્ડિ. ૬૫-એફ (૧) હેઠળ આપવામાં આવેલ નોંધ ૫નો (૧)વાળો ભાગ તથા ઑર્ડિ. ૬૫–એમ હેઠળ આપવામાં આવેલી નોંધ (૨) વાળો ભાગ જે નીચે મુજબ વંચાય છે તે રદ કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૮–૧–૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"As Physical Chemistry and Inorganic Chemistry are to be different subjects post-graduate teachers qualified in one of them should not be henceforth permitted to teach the other. Those permitted to teach both may be requested to select one."

રદ કરવાની નોંધો નીચે મુજબ છે :

(૧) ઑ. ૬૫-એફ (૧) હેઠળની નોંધ ૫(૧) :

"Notwithstanding anything contained in the above rules, a teacher who has been recognised as a Post-graduate teacher either in Inorganic Chemistry or Physical Chemistry will also be recognised as a Post-graduate teacher in the branches of Physical Chemistry and Inorganic Chemistry, respectively."

(૨) ઑ. ૬૫-એમ (૧) હેઠળની નોંધ (૨) :

"A teacher who has been recognised as an Assistant to a Post-graduate teacher either in Inorganic or Physical Chemistry will also be recognised as an Assistant to Post-graduate Teacher in the branches of Physical and Inorganic Chemistry respectively."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ ઑર્ડિ. ૬૫—એફ (૧) હેઠળ આપવામાં આવેલી નોંધનો (૧)વાળો ભાગ તથા ઑર્ડિ. ૬૫–એમ હેઠળ આપવામાં આવેલ નોંધનો (૨)વાળો ભાગ રદ કરવો.

૮૬. ઑર્ડિ. ૭૫ સુધારવાની અને તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૮–૧–૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો ઑર્ડિ. ૭૫ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સુધારેલા ઑર્ડિ. ૭૫ની નકલ **પરિશિષ્ટ "મ"** તરીકે સામેલ છે.)

અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી :

O. Pre-Med. 4 :

Failure to pass the examination will not debar a candidate from appearing at a subsequent examination on the submission of a new application and payment of a fresh fee, provided, however, that a candidate who fails to pass this examination on four occasions shall not be eligible to reappear thereat."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ ઑર્ડિ. પ્રી-મેડિકલ ૪ ઉપર મુજબ સુધારવો અને સુધારેલો ઑર્ડિનન્સ તાત્કાલિક અમલમાં મૂકવો.

૭૮. પ્રી-ક્લિનિકલ વિષયોની અભ્યાસસમિતિની તા. ૨૮--૯--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ અનુસાર રેગ્યુ. ૧૭૪માં સૂચિત સુધારો કરવા તથા તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૮-૧-૧૯૭૩ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

અભ્યાસસમિતિની ભલામણ

"સેકન્ડ એમ.બી., બી.એસ.ની પરીક્ષામાં 'પેથોલોજી ઍન્ડ બૅક્ટીરિયોલોજી'ના પેપરનું શીર્ષક બદલી 'પેથોલોજી ઍન્ડ મેડિકલ માઇક્રોબાયોલોજી ઍન્ડ હેલમિન્થોલોજી' રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, અને તે મુજબ રેગ્યુ. ૧૭૪માં સુધારો કરી તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

૭૯. પ્રી-ક્લિનિકલ વિષયોની અભ્યાસસમિતિની તા. ૧૪--૧૨--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૮--૧--૧૯૭૩ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

અભ્યાસસમિતિની ભલામણ

"(૧) પહેલી એમ.બી.,બી.એસ.ની એનેટોમી વિષયની થિયરીની પરીક્ષાના પ્રશ્નપત્ર કાઢવા અંગે તબીબી વિદ્યાશાખાની પ્રાશ્નિક-પરીક્ષકને અપાતી સૂચનાઓમાં આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ ઉમેરો કરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

(૨) પહેલી એમ.બી.,બી.એસ.ની એનેટોમી વિષયની પ્રાયોગિક પરીક્ષાની વિગતો, ગુણની વહેંચણી વગેરે અંગેનો રેગ્યુ. ૧૬૬ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ તબીબી વિદ્યાશાખાની પરીક્ષાઓ માટે પ્રાશ્નિક-પરીક્ષકોને અપાતી ખાસ સૂચનાઓમાં સુધારો કરવો.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ (૨) મંજૂર કરવી અને તે મુજબ રેગ્યુ. ૧૬૬નો સંબંધકર્તા ભાગ સુધારવો તથા તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

(પ્રાશ્નિક-પરીક્ષકોને અપાતી સૂચનાનો સુધારો તથા સુધારેલા રેગ્યુ. ૧૬૬ના સંબંધકર્તા ભાગની નકલ પરિશિષ્ટ "ફ" તરીકે સામેલ છે.)

૮૦. ડેન્ટલ સર્જરીની અભ્યાસસમિતિની તા. ૧૨--૧૦--૧૯૭૨ની સભાની ભલામણ અનુસાર બી.ડી.એસ.ની પરીક્ષાના પરીક્ષકોની લાયકાત અંગેનાં ધારાધોરણોમાં નીચે મુજબ ઉમેરો કરવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૮–૧–૧૯૭૩ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

Examination at B.D.S. :

No person shall be recommended as an Examiner at B.D.S. Examinations unless he has at least graduate qualification and has three years' teaching experience in the subject as Professor / Assistant Professor / Lecturer in a Dental college.

In the subject of Pedodontia and Preventive Dentistry, a person having 3 years' teaching experience in Operative Dentistry and in the subject of Oral Diagnosis and Dental Radiology a person having three years' teaching experience in Oral Pathology will be recommended as Examiner provided he fulfils the other condition in Paragraph 1. "

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ બી.ડી.એસ.ની પરીક્ષાના પરીક્ષકોની લાયકાતના ધોરણમાં ઉમેરો કરવો.

૮૧. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૨૭--૧૨--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવાના અને તે મુજબ રેગ્યુ. એન્જ. એસ. ૧૭માં સુધારો કરવાની તથા તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવાની તા. ૮–૧–૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

વિદ્યાશાખાની ભલામણ

"આ સભા ઠરાવે છે કે (૧) બી.ઈ. (સિવિલ)—"બિલ્ડિંગ ટેકનોલોજી", અને (૨) બી.ઈ. (સિવિલ)—"ઇરિગેશન એન્જિનિયરિંગ"ની ટીચિંગ અને એકઝામિનેશન સ્કીમ, આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવા અને તેને જૂન ૧૯૭૩ના શૈક્ષણિક વર્ષથી અમલમાં લાવવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ (૧) બી.ઈ. (સિવિલ) બિલ્ડિંગ ટેકનોલોજી અને (૨) બી.ઈ. (સિવિલ) ઇરિગેશન એન્જિનિયરિંગની ટીચિંગ અને એકઝામિનેશન સ્કીમ રેગ્યુ. એન્જ. એસ. ૧૭માં ઉમેરો સુધારેલા રેગ્યુલેશનને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. એન્જ. એસ. ૧૭ના સંબંધકર્તા ભાગની નકલ પરિશિષ્ટ "બ" તરીકે સામેલ છે.)

૮૨. ઇલેકિટ્રકલ એન્જિનિયરિંગની અભ્યાસસમિતિની તા. ૨૮--૯--૧૯૭૨ની સભાએ કરેલ નીચેની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ રેગ્યુ. એન્જ. એસ. ૧૭માં સુધારો કરવાની અને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૮–૧–૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

અભ્યાસસમિતિની ભલામણ

"આ સભા ઠરાવે છે કે બી.ઈ. ઇલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરિંગ(ઇન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ ઓટોકંટ્રોલ એન્જિનિયરિંગ)ની સુધારેલી ટીચિંગ અને એકઝામિનેશન સ્કીમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવી અને તેને તાત્કાલિક પરિપત્રિત કરવી."

બાબત નં. ૯૫ અને ૯૬ની વિચારણા સાથે કરવામાં આવી.

૯૫. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સ લિ.ની તા. ૨૬--૧૧--૧૯૭૨ની સામાન્ય સભાએ યુનિવર્સિટીના હિસાબ વિભાગમાં કામ કરતા જુનિ. ક્લાર્ક શ્રી. એન. કે. જયાણીની આંતરિક અન્વેષક તરીકે નિમણૂક કરી હોઈ તથા આ અંગેનું રૂ. ૫૦/-નું માસિક માનદ વેતન સ્વીકારવાની પરવાનગી માગતા સ્ટોર્સના માનદ મંત્રીના તા. ૧૦--૧--૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત. અને

૯૬. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સની વહીવટી સમિતિની તા. ૨૬--૧૧--૧૯૭૨ના રોજ મળેલ સભાએ આંતરિક અન્વેષક તરીકે કામ કરતા જુનિ. ક્લાર્ક શ્રી. એન. કે. જયાણીએ કરેલા વધારાના કામકાજ માટે રૂ. ૩૨૫/--નો પુરસ્કાર સ્વીકારવાની મંજૂરી માગતા સ્ટોર્સના માનદ મંત્રીના તા. ૧૦--૧--૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એન. કે. જયાણીને ૧૯૭૨--૭૩ના વર્ષ દરમિયાનનું તેમનું યુનિવર્સિટીના કામકાજ સિવાયનાં બીજાં કામકાજો અંગેનું કુલ વેતન તેમના કુલ વાર્ષિક મૂળ પગાર-(basic salary)ના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને સદરહુ કામકાજ માટે ઉપર જણાવેલ પુરસ્કારની રકમો સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૯૭. ગણિત વિભાગના ક્લાર્ક શ્રી. એમ. એન. પટેલને સને ૧૯૭૨--૭૩ના વર્ષ માટે યુનિવર્સિટી વિદ્યાભવનોના મધ્યસ્થ જિમખાનાના ક્લાર્ક તરીકેની કામગીરી તથા તે અંગે રૂ. ૩૦૦/-નો પુરસ્કાર સ્વીકારવાની પરવાનગી આપવા માટે મધ્યસ્થ જિમખાનાના ચેરમેનના તા. ૧૨--૧--૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. એન. પટેલને ૧૯૭૨--૭૩ના વર્ષ દરમિયાનનું તેમનું યુનિવર્સિટીનાં કામકાજ સિવાયનાં બીજાં કામકાજો અંગેનું કુલ વેતન તેમના કુલ વાર્ષિક મૂળ પગાર-(basic salary)ના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને સદરહુ કામગીરી માટે રૂ. ૩૦૦નો પુરસ્કાર સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૯૮. પીપલ્સ એજ્યુકેશન સોસાયટી કૉમર્સ કૉલેજ, ભૂજના આચાર્યશ્રી તરફથી જૂન ૧૯૭૩થી તેમની કૉલેજમાં અંગ્રેજીનો જુનિયર સર્ટિફિકેટ અભ્યાસક્રમ શીખવવા દેવાની પરવાનગી આપવા આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને અંગ્રેજીનો જુનિયર સર્ટિફિકેટ અભ્યાસક્રમ શીખવવા માટે ૧૯૭૩--૭૪ના શૈક્ષણિક વર્ષ માટે પરવાનગી આપવી.

૯૯. સને ૧૯૭૧-૭૨ના વર્ષ માટે "આચાર્ય ડૉ. કે. જી. નાયક સુવર્ણચંદ્રક" (વિનયન વિદ્યાશાખા) એનાયત કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૫/૬--૮--૧૯૭૨ની સભામાં નીચેલ નીચે જણાવેલ સભ્યોની સમિતિમાં શ્રી. રસિકલાલ છો. પરીખે તેમના તા. ૧૭--૧--૧૯૭૩ના પત્રથી કામ કરવા અસંમતિ બતાવેલ હોવાથી તેમની જગ્યાએ બીજા સભ્ય નીમવા અંગે વિચારણા કરવા બાબત :

૧. શ્રી. રસિકલાલ પરીખ
૨. શ્રી. ભોગીલાલ સાંડેસરા
૩. ડૉ. પી. એચ. પ્રભુ
૪. ડૉ. જે. જી. ત્રિવેદી

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર શ્રી. રસિકલાલ છો. પરીખને બદલે આચાર્ય અમૃતલાલ યાજ્ઞિકની નિમણૂક કરવી.

૧૦૦. તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ના રોજ મળેલ ઍકેડેમિક કાઉન્સિલની સભાએ કૉલેજોના એફિલિયેશન માટે તથા યુનિવર્સિટી પરીક્ષા-સંશોધન માટે ઘટક (cell) ઊભો કરવા અંગે અને પરીક્ષાઓના તબક્કાઓ (૧) Pattern (નમૂનો--તબક્કા) કેટલા, (૨) Paper-setting, (૩) Conduct, (૪) Assessmeot લક્ષમાં રાખી તબક્કાવાર સુચિંતિત અહેવાલ તૈયાર કરવા અંગે વિચારણા કરવા નીમેલી સમિતિના અહેવાલ પરની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૮--૧--૧૯૭૩ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"સદરહુ સમિતિના રિપોર્ટ પર કેટલીક વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

ભલામણ નં. ૧, ૨, ૪, ૫, ૬, ૭, ૯, ૧૪, ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ સ્વીકારવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

ભલામણ નં. ૩ સ્વીકારવાનું હાલ શકય નથી એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

ભલામણ નં. ૮ સિન્ડિકેટની વિચારણા માટે મોકલવી.

ભલામણ નં. ૧૦થી ૧૩ સિન્ડિકેટની વિચારણા માટે મોકલવી."

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ સદરહુ સમિતિની ભલામણ નં. ૧, ૨, ૪, ૫, ૬, ૭, ૯, ૧૪, ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ સ્વીકારવી.

(૨) સદરહુ સમિતિની ભલામણ નં. ૩નો હાલ સ્વીકાર કરવો નહીં.

(૩) સદરહુ સમિતિની ભલામણ નં. ૮ અંગેની વિચારણા હાલ મોકૂફ રાખવી.

(૪) સદરહુ સમિતિની ભલામણો નં. ૧૦ થી ૧૩ અંગે યુનિવર્સિટી કાર્યાલયને પોતાનાં સૂચનોની નોંધ સાથે રજૂ કરવા માટે જણાવવું.

(સદરહુ સમિતિના અહેવાલની નકલ **પરિશિષ્ટ "૫"** તરીકે સામેલ છે.)

૧૦૧. કૉલેજોનાં સંચાલક મંડળોના પ્રતિનિધિઓનાં નીચેનાં સૂચનો અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૮--૧--૧૯૭૩ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

કૉલેજોનાં સંચાલક મંડળોનાં સૂચનો

"(૧) એક જ સંચાલક મંડળ હેઠળની એકથી વધુ કૉલેજો માટે કૉલેજ દીઠ ગૃહપતિ (Rector)ની તથા ગ્રંથપાલની નિમણૂક અંગેનાં હાલનાં ધારાધોરણોની યુનિવર્સિટીએ પુનર્વિચારણા કરવી;

(૨) વિદ્યાર્થીઓ ન હોય તોપણ ફિઝિકલ ઇન્સ્ટ્રકટરની નિમણૂક ફરજિયાત બનાવવામાં આવે છે તે અંગે પણ યોગ્ય વિચારણા કરવી."

૮૭. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૭--૧૨--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ સ્વીકારવા એકેડેમિક કાઉન્સિલની તા. ૮--૧--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

"૧. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં નિમાતા શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષક અને / અથવા માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપોઆપ મળે તેવી જોગવાઈ યુનિવર્સિટીના અનુસ્નાતક શિક્ષકની માન્યતા અંગેના નિયમોમાં કરવા એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં નિમાતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાત અંગેના હાલ જે નિયમો ચાલુ છે તે નિયમો અનુસ્નાતક શિક્ષકો અને મદદનીશ શિક્ષકોની માન્યતા માટે શૈક્ષણિક લાયકાતના જે નિયમો છે તે મુજબ સુધારવા અને ભવિષ્યમાં યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં શિક્ષકોની નિમણૂક તે મુજબ કરવાનું રાખવા એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની બંને ભલામણો મંજૂર કરવી.

૮૮. યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓના જુદા જુદા વિષયોના પરીક્ષક તથા અધ્યક્ષના પરીક્ષણ-કાર્ય અંગેના અહેવાલ રજૂ કરવા અંગે કાર્યાલય તરફથી સૂચવવામાં આવેલ નિયત પત્રકનો મુસદ્દો મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલની તેની તા. ૮--૧--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણપત્રનો મુસદ્દો મંજૂર કરવો.

૮૯. રાષ્ટ્રીય સેવા યોજના હેઠળ કામ કરતી કે. કે. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકાના આચાર્યશ્રી તરફથી એન. એસ. એસ.ના અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે નીચે મુજબનો ફેરફાર સૂચવતો પત્ર આવેલ તે અંગે યોગ્ય વિચારણા કરવા બાબત :

ક્રમ	કૉલેજનું નામ	અધ્યાપક-ઇન-ચાર્જનું નામ	બદલાયેલા અધ્યાપક-ઇન-ચાર્જનું નામ
૧.	શ્રી. કે. કે. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા	શ્રી. એસ. જી. વ્યાસ	શ્રી. કે. ટી. સોરઠિયા

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના એન.એસ.એસ. એકમના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એસ. જી. વ્યાસને બદલે શ્રી. કે. ટી. સોરઠિયાની નિમણૂક કરવી.

૯૦. વિજ્ઞાનવિદ્યા ભવનમાં ગણિતશાસ્ત્રના રીડરની લંગામી જગ્યા માટે ઓ. ૬૬ પ્રમાણે વરણીસમિતિ પર ત્રણ સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિ પર સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે નીચેના ત્રણ સભ્યોની નિમણૂક કરવી :

(૧) પ્રો. એસ. એસ. શ્રીખંડે (મુંબઈ)
(૨) ડૉ. રામકુમાર (ઉદેપુર)
(૩) ડૉ. બી. ડી. સિંગ (વિક્રમ).

૯૧. સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસના વ્યાખ્યાતાની જગ્યા માટે તથા વિજ્ઞાનવિદ્યા ભવનમાં આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતાની જગ્યા માટે વરણીસમિતિ પર નિષ્ણાતની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇતિહાસના લેકચરરની જગ્યા માટેની વરણીસમિતિ પર સિન્ડિકેટના પ્રતિનિધિ તરીકે ડૉ. એસ. સી. મિશ્રાની અને આંકડાશાસ્ત્રના લેકચરરની જગ્યા માટેની વરણીસમિતિ પર સિન્ડિકેટના પ્રતિનિધિ તરીકે ડૉ. પી. ઓ. બુચની નિમણૂક કરવી.

૯૨. (૧) રેફરલ હૉસ્પિટલ, ડભોઈ, (૨) રેફરલ હૉસ્પિટલ, છોટાઉદેપુરને ઑર્ડિ. ૨૭૨ તથા ઑર્ડિ. ૨૭૨-એ મુજબ ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા અંગે નીમેલ તપાસસમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

" Both the Hospitals are well staffed, well equipped and doing good work, otherwise qualify for acceptance of interns. But as interns are already being deputed by M. S. University Baroda, there is no point in deputing any of our interns for the above named Hospitals as the work and residential accommodation, etc. is only adequate for M. S. University interns."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ સ્વીકારવી.

૯૩. ભાષા-સાહિત્ય ભવનમાં જુનિ. કલાર્ક તરીકે સેવાઓ આપતા શ્રી. કે. એલ. મહેતાને રૂ. ૧૫૩—૫—૧૮૩—૧૦—૨૪૩—ઈ.બૉ. ૧૫—૪૦૮—૨૦—૪૪૮ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછી તા. ૧--૨—૧૯૭૩થી કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

જુનિયર કલાર્ક શ્રી. કે. એલ. મહેતાની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. કે. એલ. મહેતાને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બૉ. ૧૫-૪૦૮-૨૦-૪૪૮ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧-૨-૧૯૭૩થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૯૪. યુનિવર્સિટી મુદ્રણાલયમાં કૉર્પોરેલ્ડર તરીકે કામ કરતા શ્રી. વી. એલ. દવે તા. ૧૯--૧૨--૧૯૭૨ના રોજ મુદ્રણાલયની સેવાઓમાંથી નિવૃત્ત થયા હોઈ સ્ટે. ૧૯૩—એ મુજબ ગ્રૅચ્યુઈટીની રકમ આપવા અંગેની તેઓની તા. ૬--૧--૧૯૭૩નાં અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— શ્રી. વી. એલ. દવે યુનિવર્સિટી મુદ્રણાલયમાં તા. ૧--૪--૧૯૬૨ના રોજ જોડાયા હતા અને તા. ૧૯--૧૨--૧૯૭૨ના રોજ નિવૃત્ત થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. એલ. દવેને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ગ્રૅચ્યુઈટીનાં નાણાં ચૂકવી આપવાં.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) એક જ સંચાલક મંડળ હેઠળ ચાલતી અને એક જ કૅમ્પસમાં આવેલી એકથી વધુ કૉલેજો માટે અલગ અલગ છાત્રાલયો અને અલગ અલગ ગૃહપતિઓ રાખવા માટે આગ્રહ ન રાખતાં એક જ છાત્રાલય અને તેના એક જ ગૃહપતિથી ચલાવવા માટે મંજૂરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે એક જ સંચાલક મંડળ હેઠળ ચાલતી એકથી વધુ કૉલેજો માટે ગ્રંથપાલો અને વ્યાયામ શિક્ષકોની જરૂરિયાત અંગેનાં હાલનાં ધારાધોરણોમાં કશો ફેરફાર કરવો નહીં."

(૧) ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ નં. (૧) અંગે ઠરાવવામાં આવ્યું કે એક જ સંચાલક મંડળ હેઠળ ચાલતી અને એક જ કૅમ્પસમાં આવેલી એકથી વધુ કૉલેજોનાં છાત્રાલયોમાં રહેતા વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૨૦૦થી ઓછી હોય તો તે માટે અલગ અલગ છાત્રાલયો કે અલગ અલગ ગૃહપતિઓ રાખવા માટે આગ્રહ ન રાખતાં એક જ છાત્રાલય અને તેના એક જ ગૃહપતિથી ચાલી શકશે.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે આવાં છાત્રાલયોમાં રહેતા વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૨૦૦થી વધુ થાય તો વધારાના પ્રત્યેક ૨૦૦ વિદ્યાર્થીઓ કે તેના ભાગ દીઠ વધારાના એક ગૃહપતિની નિમણૂક કરવી કૉલેજોને માટે આવશ્યક રહેશે.

(૨) ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ નં. ૨ અંગે ઠરાવવામાં આવ્યું કે તે બાબતમાં સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

(૧) આચાર્ય એમ. સી. શાહ
(૨) પ્રો. કે. એસ. શાસ્ત્રી
(૩) શ્રી. પી. એફ. પટેલ
(૪) શ્રી. વાસુદેવ મહેતા, મંત્રી.

૧૦૨. સેનેટની તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ની તથા તા. ૮--૧--૧૯૭૨ની સભાએ કૉલેજ કક્ષાએ લેવાતી પરીક્ષાઓની ઉત્તરવહીઓ પરીક્ષા બાદ વિદ્યાર્થીઓને કોઈ પણ જાતની ફી લીધા સિવાય જોવા દેવાની છૂટ આપવાની વિનંતી સિન્ડિકેટની તા. ૮/૯--૭--૧૯૭૨ની સભાએ મંજૂર કરેલ તેને અનુલક્ષીને નીચે મુજબનો નિયમ આંતરિક ગુણાંકનને લગતા રેગ્યુ. જન. ૧ માં ઉમેરવાના પ્રસ્તાવ અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૮--૧--૧૯૭૩ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

R. **Arts/Science/Com. Gen. 1 (vii) :**

" The candidates will be allowed to see their own answerscript in a college on request within fifteen days, after the test examination is over without any charge. "

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો નહીં એમ સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલવી.

૧૦૩. ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૮--૧--૧૯૭૩ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"જૂન ૧૯૭૩થી સવારની કૉલેજો શરૂ કરવા અંગે આ અગાઉ જે ઠરાવ આ સભાગૃહની ભલામણથી સિન્ડિકેટે તેની તા. ૪--૯--૧૯૭૧ ની સભામાં મંજૂર કરેલો છે તેનો અમલ કરવા માટે આવશ્યક પૂર્વતૈયારીઓ હજુ થઈ શકી નથી અને તૈયારીના અભાવે એનો અમલ કરવામાં કેટલીક ક્ષુબ્ધતા જન્મે તે હકીકત લક્ષમાં લઈને તે ઠરાવનો અમલ જૂન ૧૯૭૫ સુધી મોકૂફ રાખવો, અને તે દરમિયાન આ પૂર્વતૈયારી માટેનો ક્રમિક કાર્યક્રમ વિગતે તૈયાર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ સ્વીકારવી.

૧૦૪. તા. ૯/૧૦--૧૦--૧૯૭૨ના રોજ મળેલી સેનેટની ખાસ સભામાં પસાર થયેલો નીચેનો ઠરાવ જે સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨--૧૧--૧૯૭૨ની સભામાં ઍકૅડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ તે પરની ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૮--૧--૧૯૭૩ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

સેનેટની તા. ૯/૧૦--૧૦--૧૯૭૨ની સભાનો ઠરાવ

"પરીક્ષાપદ્ધતિમાં હવે અહીંતહીં થીગડાં લગાવવાથી ઝાઝો ફેર પડે તેમ ન લોઈ તેને રદ કરવા અને શિક્ષણની વાસ્તવિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈને મૂલ્યાંકનની આધુનિક પદ્ધતિઓ સત્વરે અપનાવવા આ સભા યુનિવર્સિટીનાં સત્તામંડળોને અનુરોધ કરે છે."

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સેનેટના સદરહુ ઠરાવની નોંધ લેવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ સ્વીકારવી.

૧૦૫. ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૬/૭--૪--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે નીચે મુજબ અનુસ્નાતક અભ્યાસક્રમો સ્થાપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

1. Two years' Diploma Course in Adudiology and Speech Tharapy (D.A. St.)
2. Two years' Diploma Course in Medical and Social Psychology (D.M. & S.P.)
3. One-year Diploma in Psychiatric Nursing (DPN)
4. One-year Diploma in Community Psychology (D.Com.P.)"

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવી.

૧૦૬. સને ૧૯૭૧-૭૨ના વર્ષ માટે "આચાર્ય શ્રી. એમ. સી. દેસાઈ સુવર્ણચંદ્રક" (સમાજવિજ્ઞાન વિદ્યાશાખા) અંનાયત કરવા બાબતમાં નીચે જણાવેલ નિયમ પ્રમાણે સમિતિ રચવા બાબત:

Rule

"A gold Medal in the name of "Principal Shri M. C. Desai Gold Medal" of the value of about Rs. 200/- shall be awarded in any subject in Social Sciences, viz. Economics, History, Politics, Sociology, Psychology, Philosophy and Education etc. annually to a teacher who is working in any affiliated college of the University or a recognised institution of the University or any post-graduate department of the Gujarat University and whose Research work published during the two calendar years preceding the convocation is adjudged to be of the highest merit, by a special committee of Experts who made their mark in their respective fields of work. This Committee shall be appointed by the Syndicate of the Gujarat University every year and the decision of the Committee in the matter shall be final."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સંશોધન કામ રજૂ થાય ત્યારે તેના વિષયો જોઈને યોગ્ય સમિતિની રચના કરવા માટે કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

૧૦૭. યુનિવર્સિટી કાર્યાલયમાં કાર્યાલય નિયામક તરીકે કામ કરતા અને હાલ કૃષિ યુનિવર્સિટીમાં ઉછીની સેવા (લોન સર્વિસ) ઉપર કામ કરતા શ્રી. વી. એમ. વ્યાસને રૂ. ૪,૦૦૦ની સ્કૂટર લોન આપવા અંગેની તેઓની તા. ૫-૧-૧૯૭૩ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. એમ. વ્યાસને રૂ. ૪,૦૦૦ (રૂપિયા ચાર હજાર)ની લોન સ્કૂટરની ખરીદી કરવા માટે યુનિવર્સિટીનાં ધારાધોરણોને આધીન મંજૂર કરવી અને ગુજરાત કૃષિ યુનિવર્સિટીને તેની જાણ કરવી.

૧૦૮. તા. ૧૮-૧-૧૯૭૩ના રોજ મળેલ પ્રકાશન વહીવટી સમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે લઘુગ્રંથની હસ્તપ્રત ભાષા તથા વિષયની દૃષ્ટિએ જોઈતપાસી જનારને ½ ડેમી કદના છાપેલા પાના દીઠ રૂ. ૧ના દરે, પરંતુ વધુમાં વધુ રૂ. ૧૦૦ સુધીનો પુરસ્કાર આપવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૦૯. કુલપતિશ્રીના આમંત્રણથી અમદાવાદ કૉલેજ મૅનેજમેન્ટ ઍસોસિયેશન અને ગ્રામવિસ્તાર કૉલેજ સંચાલક મંડળની તા. ૧૩-૧૨-૧૯૭૨ના રોજ મળેલી અવિધિસરની સભાના નીચેના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત:

"યુનિવર્સિટીનાં ધારાધોરણોના સંદર્ભમાં ઊભા થતા નાણાકીય પ્રશ્નોની વિચારણા અંગે અમદાવાદની કૉલેજોના સંચાલક મંડળના ત્રણ અને ગ્રામવિસ્તાર કૉલેજોના ત્રણ અને સિન્ડિકેટના બે એમ આઠ સભ્યોની એક સમિતિ(Management Consultative Committee)ની રચના કુલપતિશ્રીના અધ્યક્ષપદે કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન મંજૂર કરવું.

૧૧૦. બોરસદ કૉલેજ ઑફ એજ્યુકેશન, બોરસદનું સંચાલન ઈ. એમ. હાઈસ્કૂલ ટ્રસ્ટ, બોરસદને બદલે ફેકલ્ટી ઑફ એજ્યુકેશન સોસાયટી, બોરસદને સોંપવામાં આવ્યું છે તેને મંજૂરી આપવા માટેની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની તા. ૨૦--૧૨--૧૯૭૨ના પત્રથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

(૧) આચાર્ય રા. કે. આકુવાળા
(૨) આચાર્ય એન. કે. દવે.

૧૧૧. Indian Council of World Affairs, New Delhiને પાંચ વર્ષ સુધી પ્રતિવર્ષ રૂ. ૨,૦૦૦ આર્થિક સહાય આપવા અંગેની વિનંતી કરતા સંસ્થાના પ્રમુખના તા. ૧૦--૧--૧૯૭૩ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ચાલુ વર્ષમાં અને હવે પછીનાં વર્ષોમાં આ ખર્ચ માટે વધારે જોગવાઈ કરવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની નાણાકીય મર્યાદાઓ જોતાં સદરહુ સંસ્થાની પ્રતિવર્ષ રૂ. ૨,૦૦૦ (રૂપિયા બે હજાર)ની આર્થિક સહાયની માગણી સ્વીકારી શકાય એમ નથી તેમ તેને ખેદપૂર્વક જણાવવું.

૧૧૨. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુરના જૂન ૧૯૭૨થી ચાલુ જોડાણ માટેની અરજી પર સેનેટે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં સિન્ડિકેટે તેની તા. ૮--૧૨--૧૯૭૨ની સભામાં એક વર્ષ પૂરતું જોડાણ આપવાની ભલામણ કરી છે પરંતુ જૂન ૧૯૭૩થી ચાલુ જોડાણ માટે અરજી કરવાની તા. ૩૦--૭--૧૯૭૨ હતી તે વીતી ગઈ છે તે જોતાં સદરહુ કૉલેજને બે વર્ષ માટે ચાલુ જોડાણ આપવા ભલામણ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ૧૪મી જૂન ૧૯૭૩ સુધી જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૧૧૩. કૉલેજોમાં શિક્ષકોની હાજરીના કલાકો વધારવા તથા કામના દિવસોમાં વધારો કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૫/૬--૨--૧૯૭૨ની સભામાં નીમેલ સમિતિની તા. ૫--૧--૧૯૭૩ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે હાલના ઑર્ડિ. ૧૨૦—એની નીચે જે નોંધ છે તે નોંધના બદલે નીચે પ્રમાણેની નોંધ રાખવા માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે :

'Daily attendance of not less than five hours will be compulsory for every full time teacher on working days. However every full time teacher shall have to remain present in the college whenever required for college work including extra carricular activities.' "

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૨૦-એની હેઠળની નોંધ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી અને તે પ્રમાણે સુધારેલા ઑર્ડિ. ૧૨૦-એને ૧૫મી જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો :

Note.—Daily attendance of not less than four hours shall be compulsory for every full time teacher on all working days and for every part-time teacher

who is required to work for two or less than two days on his working day or days. It is, however, understood that teachers in affiliated colleges would be available to students for individual guidance as well as for co-curricular activities beyond the period mentioned above.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોને માટે કામના પ્રત્યેક દિવસે ઓછામાં ઓછા ૪ કલાકની હાજરી પોતાના ભવનમાં રાખવી આવશ્યક રહેશે. ઉપરાંત વિદ્યાર્થીઓને વ્યક્તિગત માર્ગદર્શન માટે તેમ જ અભ્યાસપૂરક પ્રવૃત્તિઓ માટે પણ તેઓની સેવા ઉપલબ્ધ રહેશે એમ અપેક્ષા રહે છે તેની સ્પષ્ટતા કરવામાં આવે છે.

૧૧૪. કીટાણુવિજ્ઞાનના પ્રાધ્યાપક શ્રી. આર. બી. પટેલ રાજીનામું આપીને છૂટા થતાં તેમને સ્થાને તા. ૨૮ નવેંબરથી મુલાકાતી પ્રાધ્યાપક તરીકે એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટના એચ. જી. દેસાઈની સેવાઓ લેવામાં આવી રહી છે, તેને પરવાનગી આપવા વિનંતી કરતા ગુજરાત કૉલેજના આચાર્યશ્રીના તા. ૫--૧--૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની મુલાકાતી પ્રાધ્યાપક અંગેની ઉપર જણાવેલી વ્યવસ્થા ફકત ચાલુ સત્ર પૂરતી જ અપવાદ તરીકે મંજૂર કરવી અને આચાર્યશ્રીને જણાવવું કે તા. ૧૫મી જૂન ૧૯૭૩થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક રહેશે અન્યથા સદરહુ વિષય માટે નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

૧૧૫. બાર કાઉન્સિલ ઑફ ઈન્ડિયાના નવા નિયમ પ્રમાણે વકીલાત કરતી વ્યકિત કાયદાની કૉલેજોમાં પૂર્ણ સમયના પ્રાધ્યાપક કે વ્યાખ્યાતા તરીકે સેવા ન આપી શકે તે સદર્ભમાં કાયદાની કૉલેજોમાં પૂર્ણ સમયના શિક્ષકોની આવશ્યકતા અંગે પુનર્વિચારણા કરવા માટે વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટી તરફથી આવેલા તા. ૧૫--૧--૧૯૭૩ના પત્રાંક ૬૦૬૭--૭૩ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી માન્ય રાખી શકાય તેમ નથી.

૧૧૬. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાતે ચાલુ શૈક્ષણિક વર્ષમાં યોગ્ય લાયકાત ધરાવતા આચાર્ય વગર શૈક્ષણિક કાર્ય ચલાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(અ) આથી ઠરાવવામાં આવે છે કે ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની કૉલેજોમાં શિક્ષકોની જરૂરિયાત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાની સુચિંતિત ભલામણ રજૂ કરવા માટે તે વિદ્યાશાખાને જણાવવું.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની આચાર્ય અંગેની ઉપર જણાવેલી વ્યવસ્થા ફકત ચાલુ સત્ર પૂરતી જ અપવાદ તરીકે મંજૂર કરવી અને તેમને જણાવવું કે તા. ૧૫મી જૂન ૧૯૭૩થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના આચાર્યની નિમણૂક કરવી આવશ્યક રહેશે અન્યથા સદરહુ વિષય માટે નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

૧૧૭. બોરસદ સાયન્સ અને લૉ કૉલેજ, બોરસદમાંથી રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપક શ્રી. જી. બી. જોશી તા. ૧૦--૧૧--૧૯૭૨થી છૂટા થતાં તેમને સ્થાને નવા લાયકાત ધરાવતા પ્રાધ્યાપક અપ્રાપ્ય હોવાથી પ્રાધ્યાપકને બદલે વ્યાખ્યાતા દ્વારા ચાલુ સત્ર પૂરતું શિક્ષણકાર્ય કરવાની પરવાનગી માગના કૉલેજના તા. ૧૨--૧૦--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની પ્રાધ્યાપક અંગેની ઉપર જણાવેલી વ્યવસ્થા ફકત ચાલુ સત્ર પૂરતી જ અપવાદ તરીકે મંજૂર કરવી અને આચાર્યશ્રીને જણાવવું કે તા. ૧૫મી જૂન, ૧૯૭૩થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક રહેશે અન્યથા સદરહુ વિષય માટે નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

૧૧૮. શિક્ષણના પ્રાધ્યાપક તરીકે શૈક્ષણિક કાર્ય કરતા શ્રી. પી. એસ. પટેલની નિમણૂક માન્ય રાખવા અંગે વિશ્વભારતી કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદના આચાર્યશ્રીના તા. ૧૩--૧૨--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. પટેલ બી.એસસી. પાસ વર્ગ, એલએલ.બી. બીજો વર્ગ, બી.એડ. બીજો વર્ગ, અને એમ.એડ. પાસ વર્ગ ધરાવે છે તથા ૧ વર્ષ શિક્ષણના ટયૂટર તરીકે અને ૯ વર્ષ શિક્ષણના વ્યાખ્યાતા તરીકેનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પી. એસ. પટેલની સમગ્ર લાયકાત લક્ષમાં લઈને તેમને અપવાદ તરીકે સંલગ્ન કૉલેજમાં શિક્ષણના પ્રાધ્યાપક તરીકે માન્યતા આપવી.

૧૧૯. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ મંજૂર થયેલ ગાંધી ભવનની યોજના અંગે પુનર્વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યોજના હેઠળ ગાંધીભવનની યોજના માટે જે મૂળ આર્થિક સહાય મળવાની અપેક્ષા હતી તે હવે મળી શકે તેમ ન હોઈ ગાંધીભવન સ્થાપવાનું બંધ રાખવું.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર નં. (૧)માં જણાવેલા ઠરાવને પરિણામે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આર્થિક સહાયનો જે હિસ્સો મળનાર હતો તે હિસ્સાનો ઉપયોગ યુનિવર્સિટી કૅમ્પસમાં રહેતા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અન્ય કર્મચારીઓની સુવિધા માટે સેવા સંકુલ (service centre), બાંધકામ સમિતિની તા. ૨૫-૮-૧૯૭૨ની સભાની ભલામણ નં. ૯ મુજબ બાંધવાનું રાખવું.

૧૨૦. સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૭/૨૬-૬-૧૯૭૨ની સભામાં સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકો માટે નિવૃત્તિ વયમર્યાદા ૬૦+૫ વર્ષની રાખવા ઠરાવ્યું છે તેના સંદર્ભમાં કોઈ વ્યકિતની સંલગ્ન કૉલેજોમાં માનદ સેવાઓ લેવા માટે હાલ જે ૬૮ વર્ષ વીતી ગયા પછીની વયમર્યાદા છે તે અંગે પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટી વિદ્યાભવનોના શિક્ષકો માટેની નિવૃત્તિ વયમર્યાદા ૬૦ વત્તા ૫ રાખવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૭/૨૬-૬-૧૯૭૨ની સભામાં ઠરાવ્યું છે તે પર્યાપ્ત ગણવું અને ૬૫ વર્ષ પછી કોઈ પણ સંજોગોમાં કોઈ પણ વ્યકિતની સેવાઓ માનદ ધોરણે પણ લઈ શકાશે નહીં એમ સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને વિદ્યાભવનોને જણાવવું.

૧૨૧. અંધ કલ્યાણકેન્દ્રના માનદ મંત્રી તરફથી નેત્રહીન વિદ્યાર્થીઓ માટે પરીક્ષાના નિયત સમય કરતાં ૩૦ મિનિટનો સમય વધુ આપવાની માગણી અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—મુંબઈ યુનિવર્સિટીમાં માહિતી પૂછતાં ત્રણ કલાકના પેપર માટે ૩૦ મિનિટ અને બે કલાકના પેપર માટે ૨૦ મિનિટ વધારાની આપવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં બેસતા નેત્રહીન વિદ્યાર્થીઓ માટે ત્રણ કલાકના પ્રશ્નપત્ર માટે વધારાનો ત્રીસ મિનિટનો અને બે કલાકના પ્રશ્નપત્ર માટે વધારાનો ૨૦ મિનિટનો સમય આપવો.

૧૨૨. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓની સભાની તા. ૧૬–૪-૧૯૭૨ની સભાની નોંધમાં નીચેની બાબત ક્રમાંક ૩(૨)(સી)ની સંબંધકર્તા ભલામણ સિન્ડિકેટે તેની તા. ૯–૯–૧૯૭૨ની સભામાં એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી હતી તે પરત્વે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮–૯–૧૯૭૨ની સભાના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"That in certain faculties where competition for admission is keen, such as medical and Engineering, special attention is needed for evaluation, and with a view to safeguarding that only deserving students were admitted to such faculties, special tests should be held for granting admission."

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે યુનિવર્સિટી તરફથી લેવામાં આવતી પરીક્ષા પર્યાપ્ત છે અને તે માટે જુદી ખાસ પરીક્ષા (Special Test) લેવાની જરૂર નથી એમ આ સભાગૃહનો અભિપ્રાય જણાવવો."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલનો ઉપરનો અભિપ્રાય સ્વીકારવો.

૧૨૩. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) એમ.એ. પાર્ટ ૧ અને એમએ. પાર્ટ ૨ની પરીક્ષામાં એન્ટાયર ઇકોનોમિકસના વિષયમાં ગ્રુપ 'ડી' માટે અગાઉ જૂના અભ્યાસક્રમ મુજબ રાખેલ બે વૈકલ્પિક પ્રશ્નપત્રો સાથે અને ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને ૧૯૭૩ની પરીક્ષામાં બેસવા દેવાનું મંજૂર કર્યાના;

(૨) યુનિવર્સિટીનાં જુદાં જુદાં મકાનોની ચકાસણી તથા વાંધા અરજી, અપીલ વગેરે માટે ૧૯૬૯થી ૧૯૭૨--૭૩ સુધી થયેલ એડવોકેટની ફીની રકમ રૂ. ૨,૮૯૯--૭૫ પૈસાનું ખર્ચ મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૧૨૪. યુનિવર્સિટી કાર્યાલયના ટાઇપિસ્ટ શ્રી. ડી. જે. બાવીસીને સ્કૂટર ખરીદવા અંગે રૂ. ૪,૦૦૦- (અંકે રૂપિયા ચાર હજાર)ની લોન આપવા અંગેની તેઓની તા. ૧૮-૧--૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સિન્ડિકેટના ઠરાવ પ્રમાણે રૂ. ૨૫૦ના મૂળ માસિક પગારદારને આ લોન આપી શકાય. શ્રી. બાવીસીનો મૂળ માસિક પગાર હાલ રૂ. ૨૪૩ છે જે તા. ૧-૭--૧૯૭૩ના રોજ રૂ. ૨૫૮ થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે ટાઇપિસ્ટ શ્રી. ટી. જે. બાવીસીને અપવાદ તરીકે સ્કૂટર ખરીદી માટે રૂ. ૪,૦૦૦(અંકે રૂપિયા ચાર હજાર)ની લોન મંજૂર કરવી.

૧૨૫. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૭--૧૯૭૩ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અંગ્રેજી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા તા. ૧૫--૬--૧૯૭૩થી તા. ૧૪--૬--૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. વિદ્યાર્થીઓની સંખ્યા વધે તો તેને અનુલક્ષીને વધારાના વર્ગ-ખંડોની વ્યવસ્થા કરવામાં આવે;

૨. મનોવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૬. પ્રૉવિડંટ ફંડ અને સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૨૬. ગુજરાત કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર; બી.એ.(સબો.)માં આંકડાપદ્ધતિ તથા બી.એસસી.(રૂપે.)માં આંકડાશાસ્ત્ર અને કીટાણુવિજ્ઞાન તથા દ્વિતીય વર્ષ નાટ્યવિદ્યાના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા પ્રી-મેડિકલના અભ્યાસક્રમો તથા પત્રકારત્વના ડિપ્લોમાના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત કૉલેજ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૭--૧૯૭૩ સુધીમાં કરે તો તેને—

(૧) પ્રી-મેડિકલના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૩થી તા. ૧૪--૬--૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવા; તથા

(૨) બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં આંકડાપદ્ધતિના અભ્યાસક્રમો શીખવવા માટે;

(૩) બી.એસસી.(રસા.)માં કીટાણુવિજ્ઞાન તથા આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે; અને

(૪) દ્વિતીય વર્ષ ડ્રામા સુધીનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૩થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા; તથા

(૫) પત્રકારિત્વના ડિપ્લોમાના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૩થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે :
   (૧) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૨) પત્રકારત્વના ડિપ્લોમા માટે એક પ્રાધ્યાપક
   (૩) પત્રકારત્વના ડિપ્લોમા માટે એક વ્યાખ્યાતા
   (૪) પત્રકારત્વના ડિપ્લોમા માટે એક મુલાકાતી પ્રાધ્યાપક
   (૫) કીટાણુવિજ્ઞાન માટે એક પ્રાધ્યાપક
   (૬) તૃતીય વર્ષ કીટાણુવિજ્ઞાન માટે અનુસ્નાતક પદવી ધરાવતા જરૂરી ડેમોન્સ્ટ્રેટરો;
૨. પત્રકારત્વના પ્રત્યક્ષ અનુભવ માટે સ્થાનિક પ્રેસ સાથે જરૂરી વ્યવસ્થા કરવામાં આવે;
૩. પત્રકારિત્વનાં પુસ્તકો માટે રૂ. ૩,૦૦૦ તથા સામયિકો માટે રૂ. ૧,૫૦૦ ખર્ચવામાં આવે;
૪. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;
૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પણ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને
૭. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૨૭. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, ગુજરાતી અને સંસ્કૃત; તથા બી.એ.(સબો.)માં હિન્દી, અંગ્રેજી, મનોવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન; તથા બી.એસસી.(રસા.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧૧--૧૯૭૩ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં

અર્થશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, ગુજરાતી, સંસ્કૃત; બી.એ.(સમા.)માં હિંદી, અંગ્રેજી, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન, અને બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૩થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાનો જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અંગેની પાછલી શરતની ઊણપ પેટે બાકી રહેલા રૂ. ૨,૦૦૦નાં પુસ્તકો માટે અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો પાછળ પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૨૮. શ્રી રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત તરફથી જૂન ૧૯૭૩થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૭--૧૯૭૩ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૩થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો પાછળ પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર, અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૨૯. વૈદ્યશ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વૈદ્યશ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૩ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૩થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. વિદ્યાર્થી-શિક્ષકનું પ્રમાણ ૧૦ : ૧ પ્રમાણે જળવાય અને પ્રાધ્યાપક, વ્યાખ્યાતા, અને ટ્યૂટરનું પ્રમાણ ૨ : ૫ : ૩નું જળવાય તેમ નિમણૂક કરવામાં આવે અને એવી રીતે પુરવણી કરવામાં આવે કે કન્ટેન્ટ અને વિષય પદ્ધતિઓ સ્ટાફના સભ્યો લઈ શકે;

૨. હાલમાં પ્રાથમિક શાળાના મકાનમાં કરવામાં આવેલ હંગામી વ્યવસ્થા બંધ કરી જે મકાનમાં શિક્ષણકાર્ય કરવામાં આવે છે તેમાં જ નીચે પ્રમાણેની વધારાના ખંડોની વ્યવસ્થા કરવામાં આવે :
(૧) ૭૦ વિદ્યાર્થીઓને સમાવી શકે તેવો વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટના ક્ષેત્રફળવાળો ખંડ
(૨) બે કેબિન
(૩) આચાર્ય માટેનો ખંડ
(૪) શિક્ષકો માટેનો ખંડ,

૩. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૭. રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તેનું શી. ચૅરિટી કમિશનરનું / ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ૧૯૭૩--૭૪ના કુલ ૭૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૩૦. શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત તરફથી જૂન ૧૯૭૩થી બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૩ સુધીમાં કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૩થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે ગણિતશાસ્ત્ર વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. એક ગણતરીયંત્ર (કેલ્કયુલેટિંગ મશીન) વસાવવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૭. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતના યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૩૧. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી પ્રથમ વર્ષ બી.કૉમ.માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણઅરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૭--૧૯૭૩ સુધીમાં કરે તો

તેને બી.કૉમ.માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૩થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. બિઝનેસ મૅનેજમેન્ટનો વિષય શિખવાડી શકે તેવા જરૂરી લાયકાત ધરાવતા પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. બિઝનેસ મૅનેજમેન્ટ વિષયને લગતાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૬. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૩૨. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ તરફથી જૂન ૧૯૭૩થી પાંચમા વર્ષ બી.ઈ. (કેમ.) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૩ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.ઈ. (કેમ.) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૩થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે :
   (૧) કેમિકલ એન્જિનિયરિંગના એક આસિ. પ્રાધ્યાપક
   (૨) સિવિલ એન્જિનિયરિંગના એક વ્યાખ્યાતા
   (૩) ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના એક વ્યાખ્યાતા;

૨. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં દર્શાવેલ પરિશિષ્ટ "અ"માં જણાવ્યા પ્રમાણેનાં સાધનો વસાવવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૬. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૩૩. શ્રી એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત તરફથી જૂન ૧૯૭૩થી (૧) દ્વિતીય વર્ષ ડિપ્લોમા-ઇન-ફાર્મસી તથા (૨) તૃતીય વર્ષ બી.ફાર્મ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા (૩) ફાઇનલ બી.ફાર્મ.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧--૧૯૭૩ સુધીમાં કરે તો તેને ફાર્મસીના ડિપ્લોમાના અભ્યાસક્રમો તથા થર્ડ બી.ફાર્મ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૩થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ તથા ફાઇનલ બી.ફાર્મ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૩થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. પ્રયોગશાળા માટેનાં જે સમગ્ર સાધનો વસાવવામાં આવ્યાં છે તે જૂન ૧૯૭૩ સુધીમાં કાર્યરત થાય;

૧(અ) સ્થાનિક તપાસના સમિતિના અહેવાલના એનેક્સ્યોર " ડી "માં દર્શાવ્યા મુજબનાં સાધનો વસાવવામાં આવે અને તેને પણ જૂન ૧૯૭૩ સુધીમાં કાર્યરત કરવામાં આવે;

૨. કીટાણુવિજ્ઞાનની પ્રયોગશાળા સહિતની અન્ય પ્રયોગશાળાઓ જૂન ૧૯૭૩ સુધીમાં તૈયાર કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે.

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૬. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે **ફાર્મસીના પદવી અભ્યાસક્રમ માટે વધુમાં વધુ** ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ૧૯૭૩—૭૪ના વર્ષ દરમ્યાન ફાર્મસીના પદવી અભ્યાસક્રમમાં વધુમાં વધુ ૪૫ વિદ્યાર્થીઓને, તે અંગે સ્થાનિક તપાસસમિતિના રિપોર્ટને આધીન, પ્રવેશ આપવા માટે પરવાનગી આપવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૩૪. બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદનું જૂન ૧૯૭૩થી વિભાગીકરણ કરી (૧) બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ તથા (૨) બોરસદ લૉ કૉલેજ, બોરસદને સ્વતંત્ર કૉલેજો તરીકે (૧) બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદને બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન; બી.એસસી.(જન.)માં ગણિતશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા (૨) બોરસદ લૉ કૉલેજ, બોરસદને તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪--૬--૧૯૭૪ સુધી મળેલ ચાલુ જોડાણ ચાલુ રાખવા માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ બોરસદ શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૩ સુધીમાં કરે તો તેને જૂન ૧૯૭૩થી (૧) બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ, અને (૨) બોરસદ લૉ કૉલેજ, બોરસદ એમ વિભાગીકરણ કરવા તથા (૧) બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો માટે તા. ૧૫--૬--૧૯૭૩થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધી ચાલુ જોડાણ આપવા તથા (૨) બોરસદ લૉ કૉલેજ, બોરસદને સ્વતંત્ર કૉલેજ તરીકે તૃતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું મળેલ ચાલુ જોડાણ ચાલુ રાખવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) વિભાજિત થનાર કાયદાની કૉલેજ માટે આચાર્ય
   (૨) કાર્યભારને અનુલક્ષીને ખંડ સમયના કાયદાના વ્યાખ્યાતા
   (૩) ગ્રંથપાલ;

૨. કાયદાની કૉલેજના આચાર્ય માટે તથા કાર્યાલય માટે અલગ ખંડોની વ્યવસ્થા કરવામાં આવે;

૩. વિભાજિત થતી બન્ને કૉલેજોના ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે વિભાજિત થતી પ્રત્યેક કૉલેજ માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. વિભાજિત થતી બન્ને કૉલેજો માટે ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની જોગવાઈ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૭. વિભાજિત થતી બન્ને કૉલેજોમાં પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૩૫. મોતીલાલ નહેરુ લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું જૂન ૧૯૭૩થી વિભાગીકરણ કરી (૧) મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદને તથા (૨) મોતીલાલ નહેરુ કૉમર્સ કૉલેજ, અમદાવાદને સ્વતંત્ર કૉલેજો તરીકે (૧) મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદને દ્વિતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા (૨) મોતીલાલ નહેરુ કૉમર્સ કૉલેજ, અમદાવાદને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે મળેલ તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું જોડાણ ચાલુ રાખવા માટેની જોડાણઅરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે મોતીલાલ નહેરુ લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૭--૧૯૭૩ સુધીમાં કરે તો તેને જૂન ૧૯૭૩થી (૧) મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદ તથા (૨) મોતીલાલ નહેરુ કૉમર્સ કૉલેજ, અમદાવાદ એમ વિભાગીકરણ કરવા તથા તેને પરિણામે અલગ થતી (૧) મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદને સ્વતંત્ર કૉલેજ તરીકે એલએલ.બી. ડિગ્રી સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૩થી કાયમી જોડાણ આપવા, તથા (૨) મોતીલાલ નહેરુ કૉમર્સ કૉલેજ, અમદાવાદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું મળેલ ચાલુ જોડાણ ચાલુ રાખવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. કૉમર્સ કૉલેજ માટે આચાર્ય નીમવામાં આવે;

૨. કૉમર્સ કૉલેજના આચાર્ય માટે તથા કાર્યાલય માટે અલગ ખંડોની વ્યવસ્થા કરવામાં આવે;

૩. વિભાજિત થતી બન્ને કૉલેજોના આચાર્યો માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની જોગવાઈ કરવામાં આવે;

૪. વિભાજિત થતી બન્ને કૉલેજો તરફથી ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેવું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૫. વિભાજિત થતી બન્ને કૉલેજો માટે પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. વિભાજિત થતી બન્ને કૉલેજો માટે ઓછામાં ઓછા ૨૧૦ વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની જોગવાઈ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ રજા પર ગયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તે ચૂકવી આપવામાં આવે; અને

૮. વિભાજિત થતી બન્ને કૉલેજોમાં પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૩૬. વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, અમદાવાદનું જૂન ૧૯૭૩થી વિભાગીકરણ કરી (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ તથા (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ લૉ, અમદાવાદને સ્વતંત્ર કૉલેજો તરીકે (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪--૬--૧૯૭૪ સુધી મળેલ ચાલુ જોડાણ તથા (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ લૉ, અમદાવાદને દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪--૬--૧૯૭૪ સુધી મળેલ ચાલુ જોડાણ ચાલુ રાખવા માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તારીખ ૧૫--૩--૧૯૭૩ સુધીમાં કરે તો તેને જૂન ૧૯૭૩થી (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ (બપોરની કૉલેજ) તથા (૨) વિવેકાનંદ લૉ કૉલેજ, અમદાવાદ (સાંજની કૉલેજ) એમ વિભાગીકરણ કરવા તથા તેને પરિણામે અલગ થતી (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ (બપોરની કૉલેજ), અમદાવાદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તારીખ ૧૪--૬--૧૯૭૪ સુધીનું મળેલ જોડાણ ચાલુ રાખવા તથા (૨) વિવેકાનંદ લૉ કૉલેજ, અમદાવાદને સ્વતંત્ર કૉલેજ તરીકે દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું જોડાણ ચાલુ રાખવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. કાયદાની કૉલેજ માટે યોગ્ય લાયકાત ધરાવતા આચાર્યની નિમણૂક કરવામાં આવે;

૨. વાણિજ્ય કૉલેજ તથા કાયદાની કૉલેજના આચાર્ય અને કાર્યાલય માટે અલગ અલગ ખંડોની વ્યવસ્થા કરવામાં આવે;

૩. વિભાજિત થતી બન્ને કૉલેજોના આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની જોગવાઈ કરવામાં આવે;

૪. વિભાજિત થતી બન્ને કૉલેજો તરફથી ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેવું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધી શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૫. વિભાજિત થતી બન્ને કૉલેજો તરફથી પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક કૉલેજ માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. વિભાજિત થતી બન્ને કૉલેજો માટે ઓછામાં ઓછા ૨૧ વિદ્યાર્થીઓ માટે ભોજનાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની જોગવાઈ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૮. વિભાજિત થતી બન્ને કૉલેજોમાં પ્રૉવિડંટ ફંડ, સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૩૭. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન ઍન્ડ લૉ, મહેસાણાનું જૂન ૧૯૭૩થી વિભાગીકરણ કરી (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, મહેસાણા તથા (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ લૉ, મહેસાણાને સ્વતંત્ર કૉલેજો તરીકે (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, મહેસાણાને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું મળેલ ચાલુ જોડાણ ચાલુ રાખવા તથા (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ લૉ, મહેસાણાને દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું મળેલ ચાલુ જોડાણ ચાલુ રાખવા માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન ઍન્ડ લૉ, મહેસાણા શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૩ સુધીમાં કરે તો તેને જૂન ૧૯૭૩થી (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, મહેસાણા તથા (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ લૉ, મહેસાણા એમ વિભાગીકરણ કરવા તથા તેને પરિણામે અલગ થતી (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, મહેસાણાને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એડ.માં અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું જોડાણ ચાલુ રાખવા; તથા (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ લૉ, મહેસાણાને સ્વતંત્ર કૉલેજ તરીકે એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું મળેલ જોડાણ ચાલુ રાખવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે:

(૧) કાયદાની કૉલેજ માટે આચાર્ય

(૨) કાયદાના પૂર્ણ સમયના બે વ્યાખ્યાતા

(૩) કાયદાના ખંડ સમયના બે વ્યાખ્યાતા

(૪) શિક્ષણની કૉલેજ માટે આચાર્ય

(૫) વિદ્યાર્થી—શિક્ષકનું પ્રમાણ ૧૦:૧ પ્રમાણે જળવાય અને પ્રાધ્યાપક, વ્યાખ્યાતા અને ટ્યૂટરનું પ્રમાણ ૨:૫:૩નું જળવાય તેમ નિમણૂક કરવામાં આવે અને એવી રીતે પુરવણી કરવામાં આવે કે કન્ટેન્ટ અને વિષયપદ્ધતિઓ સ્ટાફના સભ્યો લઈ શકે;

૨. કાયદાની કૉલેજ તથા શિક્ષકની કૉલેજના આચાર્ય માટે અલગ અલગ ખંડની વ્યવસ્થા કરવામાં આવે;

૩. વિભાજિત થતી બન્ને કૉલેજોના આચાર્યોને માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની જોગવાઈ કરવામાં આવે;

૪. વિભાજિત થતી બન્ને કૉલેજોના ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે અને તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૫. વિભાજિત થતી પ્રત્યેક કૉલેજ માટે પુસ્તકો અને સામાયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. વિભાજિત થતી બન્ને કૉલેજો માટે ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની જોગવાઈ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૮. વિભાજિત થતી બન્ને કૉલેજોમાં પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૩૮. શ્રી પ્રાંતીજ તાલુકા કેળવણી ટ્રસ્ટ, તાજપુર દ્વારા જૂન ૧૯૭૩થી પ્રાંતીજ ખાતે નવી શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજને પ્રી-યુનિ. વિનયન અને વાણિજ્ય તથા પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, ઈતિહાસ અને ગુજરાતી તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણની વ્યવસ્થામાં હાયર સેકન્ડરીની યોજના અમલમાં આવનાર છે તે જોતાં અને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૧) (એ)માં નિર્દિષ્ટ જરૂરિયાતો સંતોષાતી ન હોવાથી શ્રી પ્રાંતીજ તાલુકા કેળવણી ટ્રસ્ટ, તાજપુર દ્વારા જૂન ૧૯૭૩થી પ્રાંતીજ ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની નવી કૉલેજોને જોડાણ આપવું નહિ, એમ સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૩૯. શ્રી સી. વી. દવે કેળવણી ટ્રસ્ટ, દહેગામ તરફથી જૂન ૧૯૭૩થી દહેગામ ખાતે શરૂ કરાનાર શિક્ષણની કૉલેજને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીની ધારાની કલમ ૩૩ (૧) (એ)માં નિર્દિષ્ટ જરૂરિયાતો સંતોષાતી ન હોવાથી શ્રી સી. વી. દવે કેળવણી ટ્રસ્ટ, દહેગામ દ્વારા જૂન ૧૯૭૩થી દહેગામ ખાતે શરૂ કરાનાર શિક્ષણની નવી કૉલેજને જોડાણ આપવું નહિ, એમ સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૪૦. શ્રી આર. જે. દવે આદર્શ કેળવણી ટ્રસ્ટ, નડિયાદ તરફથી જૂન ૧૯૭૩થી નડિયાદ ખાતે શરૂ કરાનાર શિક્ષણની નવી કૉલેજને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણઅરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૧) (એ)માં નિર્દિષ્ટ જરૂરિયાતો સંતોષાતી ન હોવાથી શ્રી આર. જે. દવે આદર્શ કેળવણી ટ્રસ્ટ, નડિયાદ દ્વારા જૂન ૧૯૭૩થી નડિયાદ ખાતે શરૂ કરાનાર શિક્ષણની નવી કૉલેજને જોડાણ આપવું નહિ, એમ સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૪૧. શ્રી ક્ષત્રિય કેળવણી મંડળ, નડિયાદ દ્વારા જૂન ૧૯૭૩થી નડિયાદ ખાતે શરૂ કરાનાર શિક્ષણની નવી કૉલેજને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણઅરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૧) (એ)માં નિર્દિષ્ટ જરૂરિયાતો સંતોષાતી ન હોવાથી શ્રી. ક્ષત્રિય કેળવણી મંડળ, નડિયાદ દ્વારા જૂન ૧૯૭૩થી નડિયાદ ખાતે શરૂ કરાનાર શિક્ષણની નવી કૉલેજને જોડાણ આપવું નહિ, એમ સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૪૨. દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, દાહોદ તરફથી જૂન ૧૯૭૩થી દાહોદ ખાતે શરૂ કરાનાર નવજીવન સાયન્સ કૉલેજને પ્રી-યુનિ. વિજ્ઞાનમાં તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણઅરજી.

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૮--૧--૧૯૭૩ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણની નવી વ્યવસ્થામાં હાયર સેકન્ડરીની યોજના અમલમાં આવનાર છે તે જોતાં અને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૧)(એ)માં નિર્દિષ્ટ જરૂરિયાતો સંતોષાતી ન હોવાથી દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, દાહોદ દ્વારા જૂન ૧૯૭૩થી દાહોદ ખાતે શરૂ કરાનાર વિજ્ઞાનની નવી કૉલેજને જોડાણ આપવું નહિ, એમ સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૨-૨--૧૯૭૩ની સભાની ભલામણ

"સદરહુ બાબતના સંદર્ભમાં નવી કૉલેજો માટે ગ્રાન્ટની નીતિ અંગેના રાજ્ય સરકારના તા. ૮—૨—૧૯૭૩ના પત્રાંક એનજીસી—૧૩૭૧—૧૫૧૮૭—ખ.ના સરકારી ઠરાવ તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું, એ પછી ઠરાવવામાં આવ્યું કે, ઍકેડેમિક કાઉન્સિલની તા. ૮—૧—૧૯૭૩ની સભાની ભલામણ પર પુનર્વિચારણા કરવાની જરૂર જણાતી નથી એમ સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે પંચમહાલ પછાત વિસ્તાર ગણાતો હોઈ અને દાહોદની નજદીકના વિસ્તારમાં કોઈ વિજ્ઞાનની કૉલેજ ન હોઈ તે અંગેની જરૂરિયાત આ સભા સ્વીકારે છે અને સેનેટને ભલામણ કરે છે કે દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, દાહોદ તરફથી જૂન ૧૯૭૩થી દાહોદ ખાતે શરૂ કરાનાર વિજ્ઞાનની કૉલેજ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫—૫—૧૯૭૩ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.એસસી.માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૩થી તા. ૧૪—૬—૧૯૭૪ સુધીનું જોડાણ આપવું :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય
   (૨) અંગ્રેજીના વ્યાખ્યાતા
   (૩) ગુજરાતીના વ્યાખ્યાતા

(૪) હિન્દીના ખંડ સમયના વ્યાખ્યાતા
(૫) રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા
(૬) ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા
(૭) જીવવિજ્ઞાનના વ્યાખ્યાતા
(૮) ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા
(૯) રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર
(૧૦) ભૌતિકવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર
(૧૧) જીવવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર
(૧૨) રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાન—એ પ્રત્યેકના એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ
(૧૩) વ્યાયામશિક્ષક
(૧૪) ગ્રંથપાલ;

(**નોંધ.**—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષયના વ્યાખ્યાતા નીમવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગ ખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દશ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
(૬) ઓછામાં ઓછા દશ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો.ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાંચનખંડો સહિતનું ગ્રંથાલય
(૭) આચાર્ય માટેનો ખંડ
(૮) પ્રયોગશાળા માટેના ખંડો
(૯) પીવાના પાણી માટેનો ખંડ
(૧૦) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂ. ૧,૧૦,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૧૧. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂ. ૫,૦૦૦

(૨) સામયિકો માટે ... રૂ. ૧,૦૦૦

(૩) સંદર્ભગ્રંથો ... રૂ. ૧,૦૦૦;

૬. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, તે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૦. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૧૧. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૧૨. રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે, અને તે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડ્યેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું / ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે.

૧૪૩. શ્રી લુણાવાડા વિભાગ ઉચ્ચ વિદ્યોત્તેજક મંડળ, લુણાવાડા તરફથી જૂન ૧૯૭૩થી લુણાવાડા ખાતે શરૂ કરાનાર વાણિજ્યની કૉલેજને પ્રી-યુનિ. કૉમર્સના અભ્યાસક્રમો તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણની વ્યવસ્થામાં હાયર સેકન્ડરીની યોજના અમલમાં આવનાર છે તે જોતાં અને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૧) (એ)માં નિર્દિષ્ટ જરૂરિયાતો સંતોષાતી ન હોવાથી શ્રી લુણાવાડા વિભાગ ઉચ્ચ વિદ્યોત્તેજક મંડળ, લુણાવાડા દ્વારા જૂન ૧૯૭૩થી લુણાવાડા ખાતે શરૂ કરાનાર વાણિજ્યની નવી કૉલેજને જોડાણ આપવું નહિ, એમ સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૪૪. પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા તરફથી જૂન ૧૯૭૩થી ગોધરા ખાતે શરૂ કરાનાર વાણિજ્યની કૉલેજને પ્રી-યુનિ. કૉમર્સના અભ્યાસક્રમો તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બૅંકિંગ, થિયરી ઍન્ડ પ્રૅક્ટિસ ઑફ કો-ઑપરેશન અને એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણની વ્યવસ્થામાં હાયર સેકન્ડરીની યોજના અમલમાં આવનાર છે તે જોતાં અને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૧) (એ)માં નિર્દિષ્ટ જરૂરિયાતો સંતોષાતી ન હોવાથી પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા દ્વારા જૂન ૧૯૭૩થી ગોધરા ખાતે શરૂ કરાનાર વાણિજ્યની નવી કૉલેજને જોડાણ આપવું નહિ એમ સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૪૫. ગાંધીધામ કૉલેજિયેટ બોર્ડ, આદિપુર (કચ્છ) તરફથી જૂન ૧૯૭૩થી આદિપુર (કચ્છ) ખાતે શરૂ કરાનાર વાણિજ્યની નવી કૉલેજને પ્રી-યુનિ. કૉમર્સના અભ્યાસક્રમો તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૮--૧--૧૯૭૩ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણની વ્યવસ્થામાં હાયર સેકન્ડરી યોજના અમલમાં આવનાર છે તે જોતાં અને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૧) (એ)માં નિર્દિષ્ટ જરૂરિયાતો સંતોષાતી ન હોવાથી ગાંધીધામ કૉલેજિયેટ બોર્ડ, આદિપુર દ્વારા જૂન ૧૯૭૩થી આદિપુર ખાતે શરૂ કરાનાર વાણિજ્યની નવી કૉલેજને જોડાણ આપવું નહિ, એમ સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૧૨-૨-૧૯૭૩ની સભાની ભલામણ

"સદરહુ બાબતના સંદર્ભમાં નવી કૉલેજોને માટે ગ્રાન્ટની નીતિ અંગેના રાજ્ય સરકારના તા. ૮—૨—૧૯૭૩ના પત્રાંક એનજીસી—૧૩૭૧—૧૧૧૮૭—ખના સરકારી ઠરાવ તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું, એ પછી ઠરાવવામાં આવ્યું કે ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૮—૧—૧૯૭૩ની સભાની ભલામણ પર પુનર્વિચારણા કરવાની જરૂર જણાતી નથી એમ સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૪૬. શ્રી. મથુરદાસ લા. ગાંધી હાયર એજ્યુકેશન સોસાયટી, મોડાસા તરફથી જૂન ૧૯૭૩થી શરૂ કરાનાર કાયદાની નવી કૉલેજને પ્રથમ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"સદરહુ બાબતના સંદર્ભમાં નવી કૉલેજોને માટે ગ્રાન્ટની નીતિ અંગેના રાજ્ય સરકારના તા. ૮—૨—૧૯૭૩ના પત્રાંક એનજીસી—૧૩૭૧—૧૧૧૭૭—ખના સરકારી ઠરાવ તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું, એ પછી ઠરાવવામાં આવ્યું કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૧) (એ)માં નિર્દિષ્ટ જરૂરિયાતો

સંતોષાતી ન હોવાથી શ્રી. મથુરદાસ લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ, મોડાસા દ્વારા જૂન ૧૯૭૩થી મોડાસા ખાતે શરૂ કરાનાર કાયદાની નવી કૉલેજને જોડાણ આપવું નહીં, એમ સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૪૭. પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા તરફથી જૂન ૧૯૭૩થી ગોધરા ખાતે શરૂ કરાનાર કાયદાની નવી કૉલેજને પ્રથમ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૧) (એ)માં નિર્દિષ્ટ જરૂરિયાતો સંતોષાતી ન હોવાથી પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા દ્વારા જૂન ૧૯૭૩થી ગોધરા ખાતે શરૂ કરાનાર કાયદાની નવી કૉલેજને જોડાણ આપવું નહિ, એમ સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૪૮. શ્રી નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ તરફથી જૂન ૧૯૭૩થી પાટણ ખાતે શરૂ કરાનાર કાયદાની નવી કૉલેજને દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"સદરહુ બાબતના સંદર્ભમાં નવી કૉલેજને માટે ગ્રાન્ટની નીતિ અંગેના રાજ્ય સરકારના તા. ૮—૨—૧૯૭૩ના પત્રાંક એનજીસી-૧૩૭૧-૧૫૧૮૭--ખના સરકારી ઠરાવ તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું, એ પછી ઠરાવવામાં આવ્યું કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૧) (એ)માં નિર્દિષ્ટ જરૂરિયાતો સંતોષાતી ન હોવાથી નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી દ્વારા, જૂન ૧૯૭૩થી પાટણ ખાતે શરૂ કરનાર કાયદાની નવી કૉલેજને જોડાણ આપવું નહીં એમ સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૪૯. માનવ મંદિર ટ્રસ્ટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર કાયદાની નવી કૉલેજને પ્રથમ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૧) (એ)માં નિર્દિષ્ટ જરૂરિયાતો સંતોષાતી ન હોવાથી માનવ મંદિર ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા જૂન ૧૯૭૩થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર કાયદાની નવી કૉલેજને જોડાણ આપવું નહિ, એમ સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૧૦. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) સરકારી પ્રેસ, રાજકોટ તરફથી ઉપરાઉપરી માગણીઓ આવતી હોઈ તથા યુનિવર્સિટીએ નાણાં ચૂકવી આપવા અંગે કુલપતિશ્રીને રાજ્ય સરકારના લાગતાવળગતા અધિકારીઓ સાથે થયેલ વાતચીત લક્ષમાં લઈને કુલપતિશ્રીએ તેઓની બાકી નીકળતી રકમ રૂ. ૨૦,૩૭૦--૧૬ પૈસાની રકમ ચૂકવી આપવાનું મંજૂર કર્યાના;

(૨) યુનિવર્સિટી કેમ્પસના નીચેના ત્રણ રસ્તાઓનો અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનની ટાઉન પ્લેનિંગ સ્કીમ નં. ૩૧માં મ્યુનિસિપાલિટીને યોગ્ય લાગે તો વળતર આપીને સમાવેશ કરે તે માટે તથા યુનિવર્સિટીના પાણીપુરવઠા અંગેની યોજના પર્યાપ્ત હોવાથી તે અંગે મ્યુનિસિપાલિટીએ કાંઈ કરવાની જરૂર નથી તેમ જણાવ્યાના :

(૧) યુનિવર્સિટી ગ્રંથાલયથી સિન્ડર ટ્રેક સુધીનો રસ્તો

(૨) યુનિવર્સિટી હેલ્થ સેન્ટરથી ઈલેક્ટ્રિક સબસ્ટેશન સુધીનો રસ્તો

(૩) ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીથી "ડી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સ સુધીનો રસ્તો;

(૩) પીએચ.ડી. પદવી માટે નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ સ્વીકાર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા	વિષય
૧.	કુમારી વિભૂતિ રજનીનાથ ધારેખાન	વિનયન	સંસ્કૃત
૨.	શ્રી. લાલજી વિઠલજી કરગાથ્રા	વિજ્ઞાન	ફિઝિક્સ
૩.	શ્રીમતી પેરીન દારા ડ્રાઈવર	વિનયન	ગુજરાતી

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૧૧૧. ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે તા. ૧૯--૧--૧૯૭૩થી તા. ૨૧--૧--૧૯૭૩ના રોજ યોજવામાં આવેલ Fourth All-India Conference on Mental Retardation અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્રાંક F. 3,24/73 (SI), dtd. 14--1--73થી અનુદાનની રકમ રૂ. 3,000/- (ત્રણ હજાર) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૧૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી ૧૨ મિલિયન ડૉલર લોન યોજના હેઠળ યુનિવર્સિટીના જુદા જુદા વિભાગો માટે વૈજ્ઞાનિક સાધનો આયાત કરીને યુનિવર્સિટીને આપ્યાં તે અંગે કુલ રૂ. ૪,૪૬,૪૧૯--૬૩ પૈસાની આર્થિક સહાય તરીકે એડજસ્ટમેન્ટ કરવાનું મંજૂર કર્યા અંગેના તેમના તા. ૨૧--૧--૧૯૭૩ના પત્રાંક એફ. ૧૫-૨૭-૭૦ (એફ.ઈ.)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

Course : B.E. (Electronics and Communication) Semester VII (B.E. IV Elect and Com. Part I) Engineering

(Instrumentation and Control) Semester VII (B.E. IV Inst. and Cont. Part I, Engineering)

Sr. No	*Sub. No.*	*Name of the subject*	*Teaching Scheme*			*Examination Scheme*				*Total marks*
			PERIOD	*Lab*	*Practt*	*Theory Hrs.*	*Paper marks*	*Sessional marks*	*Term Work marks*	*Pract./ Oral and Sketching marks*	
1.	IC—EC 701	Solid State Physics	4	2		3	100	50	50	..	200
2.	IC—EC 702	Engineering Economics	2	..		3	100	50	..	..	150
3.	IC—EC 703	Electronics–II	4	4		3	100	50	50	50	250
4.	IC—EC 704	Electrical Measurements and Instruments	4	4		3	100	50	50	50	250
5.	IC—EC 705	Elements of Control Theory	4	2		3	100	50	50	50	250
6.		Group Discussion	..	3		..	..	..	..	..	..
7.		*Industrial Training (1st Period)	..	..		..	..	..	..	50	50
		Total	18	15	...		500	250	200	150	1150

* Two and half months Industrial Training at the end of sixth Semester.

This comes into effect from October 1972.

(વધુમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે VII ઇલેકિટ્રકલ એન્ડ ઇન્સ્ટ્રુમેન્ટેશનનું પેપર ઇલેકિટ્રકલના પેપર સાથે કોમન છે.)

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૮૬

O. 75 :

(*1*) The following is the arrangements of term :

Faculty	**First Term** *Date of commence-ment*	*Date of conclu-sion*	**Second Term** *Date of commence-ment*	*Date of conclu-sion*
In the Faculty of Arts including Education, Science, Commerce, Law and Agriculture.	15th June	15th October	10th November (inclusive of holidays from 25th December to 1st January)	15th March
In the Faculty of Technology including Engineering (Five Year Degree Course)	15th June	15th October	15th November	15th March
	Semester I, III, V, VII & IX		Semester II, IV, VI, VIII & X	
	No Christmas Holidays			
For Post-diploma degree course in Engineering	5th November	15th March		
	Semester I & III, V & VI		Semester II, IV, VI & VIII	
	No Christmas Holidays			
In the Faculties of Medicine, Pharmacy, Dental Surgery and Ayurvedic Medicine.	15th June	15th October	10th November (inclusive of holidays from 25th December to 1st Januray)	15th April

(*ii*) In addition to the vacancies mentioned in (*i*) above and a weekly holiday on Sunday, it shall be competent for the Principal of affiliated colleges, Heads of recognised Institutions and Direcotrs of University Departments to declare for their institutions in any academic year (*i*) not more than 8 days as holidays on account of national or religious festivals, and (*ii*) not more than 3 days as holidays to be declared in their discretion in view of the needs and exigencies arising in their institutions. In no case any further holiday over and above these indicated in (*i*) and (*ii*) above shall be declared without converting the preceding or following Sunday or holidays into a working day.

(*iii*) Provided that arrangements for instruction for the vacation course leading to the M.Ed. Degree may be made as under :

1st May to 5th June and 20th October to 5th November in the First Year, and

1st May to 28th May and 20th October to 5th November in the Second Year.

પરિશિષ્ટ "ય"

કામકાજ ક્રમાંક ૧૦૦

તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભામાં બાબત નં. ૧૨ (૩)ના ઠરાવ અનુસાર કૉલેજોના એફિલિયેશન માટે તથા યુનિવર્સિટી પરીક્ષા સંશોધન માટે ઘટક (Cell) ઊભો કરવા અંગે સમગ્ર રીતે વિચારણા કરવા અને પરીક્ષાઓના તબક્કાઓ (૧) પેટર્ન—તરાહ અને તબક્કા કેટલા, (૨) પેપર-સેટિંગ (૩) કન્ડક્ટ, (૪) એસેસમેન્ટ અંગે સમગ્ર રીતે વિચારણા કરવા અને તબક્કાવાર સુચિંતિત અહેવાલ તૈયાર કરવા માટે ૧૩ સભ્યોની એક સમિતિ રચવામાં આવી હતી તે સમિતિની કુલ ૭ સભાઓ નીચે જણાવેલી તારીખોએ મળી હતી :

(૧) તા. ૨૫--૮--૧૯૭૨, (૨) તા. ૮--૯--૧૯૭૨, (૩) તા. ૨૨--૯--૧૯૭૨, (૪) તા. ૨૯--૯--૧૯૭૨ (૫) તા. ૫--૧૦--૧૯૭૨, (૬) તા. ૬--૧૦--૧૯૭૨ અને (૭) તા. ૨૧--૧૨--૧૯૭૨.

તેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

	૨૫--૮ --'૭૨	૮--૯ --'૭૨	૨૨--૯ --'૭૨	૨૯--૯ --'૭૨	૫--૧૦ --'૭૨	૬--૧૦ --'૭૨	૨૧--૧૨ --'૭૨
૧. આચાર્ય એસ. આર. ભટ્ટ (અધ્યક્ષ)	હાજર	હાજર	હાજર	હાજર	હાજર	હાજર	હાજર
૨. શ્રી. પી. જી. માવજંકર	હાજર	હાજર	હાજર	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર
૩. ડૉ. કે. જી. દેસાઈ	હાજર	ગેરહાજર	હાજર	ગેરહાજર	હાજર	ગેરહાજર	હાજર
૪. આચાર્ય ય. પ્રા. શુક્લ	હાજર	હાજર	હાજર	ગેરહાજર	હાજર	હાજર	ગેરહાજર
૫. શ્રી. નરહરિ પરીખ	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર	હાજર	હાજર	ગેરહાજર
૬. આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર	હાજર	હાજર	હાજર	હાજર	હાજર	ગેરહાજર
૭. શ્રી. એ. ટી. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર	હાજર	હાજર	હાજર	હાજર
૮. આચાર્ય એચ. કે. ત્રિવેદી	હાજર	હાજર	હાજર	ગેરહાજર	હાજર	હાજર	હાજર
૯. શ્રી. રમેશભાઈ શાહ	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર	હાજર	હાજર	હાજર
૧૦. ડૉ. રમણભાઈ ભટ્ટ	હાજર	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર	હાજર
૧૧. પ્રા. બબાભાઈ પટેલ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર	—	—	—	—
૧૨. શ્રી. ગિરીશભાઈ પટેલ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર	—	—	—	—
૧૩. શ્રી. જે. એમ. મહેતા, સભ્ય–સચિવ	હાજર	હાજર	હાજર	હાજર	હાજર	હાજર	હાજર

ઉપરોકત સભાઓમાં યુનિવર્સિટીનાં જુદાં જુદાં સત્તામંડળોએ અગાઉ નીમેલી પરીક્ષા સુધારણા અંગેની સમિતિઓએ કરેલી વિવિધ ભલામણો તથા ઉત્તરપત્રોનું પુનઃ મૂલ્યાંકન કરવું કે કેમ તે અંગે વિચારણા કરવા નીમેલી સમિતિની ભલામણો તથા સમિતિના જુદા જુદા સભ્યો તરફથી અને કાર્યાલય તરફથી રજૂ કરવામાં આવેલાં

સૂચનોને ચર્ચા દરમિયાન લક્ષમાં લેવામાં આવ્યાં હતાં અને જરૂર લાગે ત્યાં તેના પર વિસ્તૃત વિચારણા પણ કરવામાં આવી હતી. સમિતિએ પરીક્ષાને લગતી નીચેની બાબતો અંગે લંબાણ ચર્ચાઓ કરી હતી :

૧. પરીક્ષાના હેતુ અંગે
૨. પરીક્ષાની તરાહ અંગે
૩. પરીક્ષાઓ કેટલી તથા કોણ લે તે અંગે
૪. પ્રશ્નપત્રો કાઢવા અંગે
૫. પ્રાધ્યિનકો અંગે
૬. પરીક્ષણ અને મોડરેશન અંગે
૭. પરીક્ષકોના રિપોર્ટ અંગે
૮. પરીક્ષકોના મહેનતાણા અંગે
૯. ગુણપત્રકો અંગે
૧૦. પરીક્ષાઓ દરમિયાન નિરીક્ષણ અંગે
૧૧. કેન્દ્રવ્યવસ્થા અંગે—બેઠકવ્યવસ્થા
૧૨. ઉત્તરપત્રોની રવાનગી અંગે
૧૩. ઉત્તરવહીઓને ઽમી નંબરો આપવા અંગે
૧૪. પરીક્ષાનાં પરિણામો તથા ચંદ્રકો તથા ક્રમાંક અંગે
૧૫. પરીક્ષા સેલ (ઘટક)ના કામ અંગે
૧૬. પ્રાધ્યિનક / પરીક્ષકોની નિમણૂકો વેળાસર કરવા અંગે
૧૭. એફિલિયેશન અંગે.

ઉપર જણાવેલ જુદાં જુદાં પાસાં અંગે વિચાર્યા બાદ સમિતિ નીચેની ભલામણો કરે છે :

(૧) પરીક્ષાનો હેતુ નિયત અભ્યાસ દ્વારા અપેક્ષિત જ્ઞાન વિદ્યાર્થીએ કેટલું પ્રાપ્ત કર્યું છે અને તે જ્ઞાન મેળવતાં મેળવતાં વિદ્યાર્થી વિષય પ્રત્યે નાનાભિમુખ બન્યો છે કે કેમ તે જાણવાનો છે. આ બાબતની તેની ચકાસણી કરવામાં જે પદ્ધતિ અખત્યાર કરવામાં આવે તે પણ એવી હોવી જોઈએ કે તે વિદ્યાર્થીને વધુમાં વધુ જ્ઞાન પ્રાપ્ત કરવા તરફ વાળે અને શિક્ષણનો સાથે સાથે જ તેનું પરીક્ષણ પણ થતું રહે તેવી હોવી જોઈએ.

વર્તમાન પરીક્ષા પદ્ધતિ, હાલ શિક્ષણક્ષેત્રે જે વાતાવરણ પ્રવર્તે છે અને શૈક્ષણિક સંસ્થાઓમાં જે સ્પર્ધાત્મક સ્થિતિ છે તે જોતાં, ઉપરના હેતુઓ પૂર્ણ કરી શકતી નથી તેમ સ્પષ્ટપણે માનવું છે. તેથી આ વર્તમાન પરીક્ષા પદ્ધતિ બદલવા માટે જુદા જુદા સ્તરે પ્રયત્ન કરી હાલની શિક્ષણપ્રથા જે પરીક્ષા પર જ અવલંબે છે તેમાં એવા મૂળભૂત ફેરફારો કરવા જરૂરી છે કે જેને લઈ વિદ્યાર્થી પોતાની સ્વયં મહેનતથી અને શિક્ષક દ્વારા અપાતા માર્ગદર્શનથી નિયત અભ્યાસક્રમનું અપેક્ષિત જ્ઞાન મેળવવા તરફ પ્રયત્નશીલ બને.

(૨) પરીક્ષાની તરાહ અંગે વિચારતાં પરીક્ષા લેખિત, મૌખિક, પ્રાયોગિક, વર્ષ દરમિયાન વિદ્યાર્થીએ કરેલ કામના મૂલ્યાંકન પર અવલંબિત—એ સૌ પ્રકારની અથવા તેમાંના એક અથવા વધારે પ્રકારની હોઈ શકે અને વિદ્યાર્થી વર્ષ દરમિયાન જે કાંઈ જ્ઞાન મેળવતો જાય તેનું તેમાં સતત પ્રતિબિંબ પડતું રહે એવા પ્રકારની પરીક્ષાની તરાહ હોય તો તેને શ્રેષ્ઠ કહી શકાય.

આ પ્રકારની પરીક્ષાઓ નિબંધ પ્રકારના પ્રશ્નોથી તથા હેતુલક્ષી પ્રકારના તથા ટૂંકા જવાબના પ્રશ્નો દ્વારા કે વર્ગમાં ચર્ચા કે કોયડાઓ રજૂ કરી તેના દ્વારા યોજી શકાય.

(૩) ભારતની જુદી જુદી યુનિવર્સિટીઓમાં સ્નાતક પદવી સુધીમાં પરીક્ષાઓના જે તબક્કાઓ છે તે અંગેની માહિતીને નજર સમક્ષ રાખીને તથા યુનિવર્સિટીના હાલ જે અભ્યાસક્રમો રચાયેલા છે અને તે અભ્યાસક્રમોની તાત્કાલિક પુનઃરચના કરવાનું જ્યારે શકય જણાતું નથી ત્યારે અને કૉલેજોમાં શિક્ષણકાર્ય અંગે જે માળખું પ્રવર્તમાન છે તે જોતાં હાલ આપણી યુનિવર્સિટીમાં દર વર્ષને અંતે યુનિવર્સિટી દ્વારા પરીક્ષાઓ લેવાની જે પ્રથા છે તેમાં તાત્કાલિક ફેરફાર કરવાની આ સમિતિ ભલામણ કરતી નથી.

અભ્યાસક્રમની પુનઃરચના કરવામાં આવે અને તે અભ્યાસક્રમ વિદ્યાર્થી તબક્કાવાર પૂરો કરી ઇચ્છે તો પરીક્ષા આપી શકે તેવી તેમાં ગોઠવણ હોય તો હાલ જે સ્નાતકકક્ષા સુધીમાં દર વરસે વિદ્યાર્થીને ચાર પરીક્ષાઓ આપવાની હોય છે તેની સંખ્યામાં ઘટાડો કરી શકાય. પરંતુ ઉપર જણાવ્યા મુજબ જ્યાં સુધી હાલના અભ્યાસક્રમ પ્રવર્તે છે ત્યાં સુધી યુનિવર્સિટી હાલ જે પરીક્ષા લે છે તે પરીક્ષા માત્ર કૉલેજને જ લેવાનું સોંપવાથી કોઈ ખાસ હેતુ સિદ્ધ કરી શકાય એમ લાગતું નથી. યુનિવર્સિટી દ્વારા જ્યારે પરીક્ષા લેવાતી હોય છે ત્યારે એક વસ્તુ સ્પષ્ટ છે કે વિદ્યાર્થીઓમાં એક પ્રકારની ઓથી લાગણી પ્રવર્તમાન હોય છે કે યુનિવર્સિટીની પરીક્ષા માટે વધુ તૈયારી કરવી આવશ્યક છે અને તેના કારણે વિદ્યાર્થી અભ્યાસ કરવા માટે વધુ અંશે પ્રેરાય છે.

આંતરિક કસોટી પરીક્ષાઓ જે કૉલેજો દ્વારા લેવાય છે તેમાં જો કોઈ કૉલેજ પોતાની કૉલેજના વિદ્યાર્થીના પિરિયોડિકલ એસેસમેન્ટ કરવા માંગતી હોય તો તે માટે કૉલેજને છૂટ આપવામાં આવે તો કાંઈ વાંધા જેવું નથી. વળી આ માટે કૉલેજ અઠવાડિક પરીક્ષાઓ, વર્ષમાં બે જ પરીક્ષાઓ, ચર્ચા, નિબંધલેખન, પુસ્તકવાચન, એવી કોઈ હેતુલક્ષી (objective) પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીએ પ્રાપ્ત કરેલ શિક્ષણનું મૂલ્યાંકન કરી શકે.

જે કૉલેજ યુનિવર્સિટીની હાલની પદ્ધતિ અનુસાર આંતરિક કસોટી રાખવા ન માંગતી હોય, પરંતુ ઉપર સૂચવેલા કોઈ પ્રકારની કોઈ પ્રથા મુજબ પોતાની કૉલેજના વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવાની ઇચ્છા રાખતી હોય તે કૉલેજ પોતે કઈ પ્રથા મુજબ આંતરિક મૂલ્યાંકન કરવા માંગે છે તેની વિગતવાર યોજના ૧૫મી જૂન પહેલાં યુનિવર્સિટીને લખી મોકલી તેની જાણ કરવાનું રાખે. વળી કૉલેજ કોઈ વિદ્યાશાખામાં વર્ગવાર અલગ અલગ પદ્ધતિ રાખવા માંગે તો તેમ કરવાની પણ છૂટ રાખી શકાય. આ વ્યવસ્થાથી વર્ષને અંતે જે ગુણ યુનિવર્સિટીને મોકલાય તેની ચકાસણી કરવાનું જરૂરી બને તે માટે કૉલેજ તમામ રેકર્ડ યુનિવર્સિટીને ઉપલબ્ધ કરવાનું રાખવું જોઈએ.

કૉલેજોની આંતરિક પરીક્ષાઓ અંગે હાલ વર્ષ દરમિયાન જે ત્રણ અથવા ચાર કસોટીઓ નિયત થયેલ છે તે ચાલુ રાખવી. પરંતુ આ સમિતિનું એવું માનવું છે કે દરેક વિષયની આંતરિક પરીક્ષા માટે હાલ જે ૩૦ ગુણ છે (૩૦ ટકા) તેને બદલે તે ૧૦૦ ગુણની રાખવી. વળી કૉલેજોએ લીધેલી અને યુનિવર્સિટીએ લીધેલી પરીક્ષાઓની સરખામણી સરળતાથી થઈ શકે તેવું વાતાવરણ ઊભું કરવા માટે યુનિવર્સિટીની પ્રત્યેક પરીક્ષા ૧૦૦ ગુણની રાખવી અને કૉલેજની આંતરિક કસોટીની પરીક્ષા પણ ૧૦૦ ગુણની રાખવી. કૉલેજના આંતરિક કસોટીના ૧૦૦ આંતરિક ગુણોમાં ૫૦ ગુણ હાલમાં લેવાતી કસોટી પરીક્ષાઓના આધારે અને ૫૦ અધ્યયનના (અધ્યયન નીચે Assignment, Library work, Seminer, Tutorials અને હાજરી ઇત્યાદિનો સમાવેશ થશે) માટે ફાળવવાનું રાખવું.

આમ જેટલા ગુણની યુનિવર્સિટી પરીક્ષા હોય તેટલા ગુણની આંતરિક કસોટી-પરીક્ષા પણ હોય. આમ કરતો હેતુ—અભ્યાસનું સાતત્ય—જળવાય અને પરીક્ષાને પરથી ઝોક ખસેડી અધ્યયન પર આવે તે સિદ્ધ કરવાનો છે. આમ કરવાથી વિદ્યાર્થીનો સ્તર યુનિવર્સિટી કક્ષાએ અને કૉલેજ કક્ષાએ સમાંતર રહે છે કે કોઈ વધુ વધઘટ છે તેનો ખ્યાલ મળી રહે. હાલ ગુણપત્રકમાં યુનિવર્સિટીના ગુણ અને આંતરિક કસોટી પરીક્ષાના ગુણ જે પ્રમાણે જુદા જુદા બતાવવામાં આવે છે તે પ્રમાણે જુદા જુદા બતાવવાનું ચાલુ રાખવું.

(૪) પ્રશ્નપત્રો કાઢવા અંગે :

પરીક્ષાનું એક પાસું પેપરસેટિંગ છે અને આ કાર્ય સંપૂર્ણ ગુપ્તતાપૂર્વક થાય એવી તંત્ર પદ્ધતિ જરૂરી છે. સાથે સાથે પ્રશ્નપત્ર પણ સમગ્ર અભ્યાસક્રમને આવરી લેનું અને વિદ્યાર્થીએ કરેલા અભ્યાસની યથાવત્ કસોટી કરનું નીઠળે તે પણ જરૂરી છે. સંપૂર્ણ ઓબ્જેકટિવ પ્રશ્નપત્ર તરફ વળવું ઇચ્છનીય જણાતું નથી કેમકે તેમ કરવામાં કેટલાંક કેન્દ્રો પર જો પરીક્ષા સંચાલન તરફ સંપૂર્ણ તકેદારી ફરજ પરના અધિકારીઓ જેવા કે નિરીક્ષક વગેરે દ્વારા ન રખાય તો ઓબ્જેકટિવ પ્રશ્નપત્રનો જે હેતુ છે તે સાધી શકાય નહીં એમ લાગે છે.

અત્યારે પ્રશ્નપત્રોમાં ૮માંથી ૫ સવાલો કરવા અથવા ૧૦માંથી ૬ સવાલો કરવા એવા પ્રકારના સમગ્ર અભ્યાસક્રમને આવરી લે તેવા વિકલ્પ આપવામાં આવે છે અને પરિણામે આખો અભ્યાસક્રમ તૈયાર કરવાને બદલે અભ્યાસક્રમનો અમુક ભાગ જ તૈયાર કરવાની વૃત્તિ વિદ્યાર્થીઓમાં જાગે છે. પરિણામે ચકાસણીનો હેતુ સસ્તો નથી. આ પરિસ્થિતિ નિવારવા માટે આ સમિતિ ભલામણ કરે છે કે પ્રશ્નપત્રમાં આપેલા બધા જ પ્રશ્નો ફરજિયાત રાખી દરેક પ્રશ્નની અંદર ખૂરતા આંતરિક વિકલ્પ મૂકવાનું રાખવું. આ આંતરિક વિકલ્પો અભ્યાસક્રમના નિશ્ચિત મુદ્દાઓને આવરી લે તેવી રીતે મુકાય તેની ચોકસાઈ રાખતા પ્રાધ્યાપકોને સૂચના આપી શકાય, જેથી અભ્યાસક્રમનો એક આખો મુદ્દો અવગણવાનું વિદ્યાર્થી માટે શક્ય બને નહીં.

આવી રીતે આંતરિક વિકલ્પો દાખલ કરવાની સાથે પ્રશ્નપત્રોની રચના એવી થવી જોઈએ કે કુલ પ્રશ્નોની સંખ્યા વધે અને સરેરાશ પ્રશ્નોના જવાબોની લંબાઈ ઘટે. દા.ત. અત્યારે એમ.એ. પરીક્ષામાં નીચે પ્રમાણે વ્યવસ્થા ચાલુ છે, દરેક પ્રશ્નપત્રમાં સરેરાશ ૪ પ્રશ્નો હોય છે. પહેલા પ્રશ્નમાં ૨ વિકલ્પોમાંથી એક વિકલ્પ વિદ્યાર્થીઓએ કરવાનો હોય છે. બીજા પ્રશ્નમાં ત્રણ વિકલ્પમાંથી બે વિકલ્પો વિદ્યાર્થીઓએ કરવાના હોય છે. એટલે કે બીજા પ્રશ્નના એક ભાગનો જવાબ પહેલા પ્રશ્નના જવાબ કરતાં અડધો હશે. ત્રીજા પ્રશ્નમાં ૬ વિકલ્પોમાંથી ૪ વિકલ્પો કરવાના હોય છે અને ચોથા પ્રશ્નમાં ૮ વિકલ્પમાંથી ૬ વિકલ્પો કરવાના થાય છે. આવી વ્યવસ્થાને લીધે હજાર શબ્દોના જવાબો આવે તેવા પ્રશ્નો આવરી લેવાય અને ૧૫૦—૨૦૦ શબ્દોના જવાબો આવે તેવા પ્રશ્નો પણ ગોઠવી શકાય. આમ થવાથી ચકાસણી માટે સમગ્ર અભ્યાસક્રમને આવરી લઈ શકાય અને અભ્યાસ-ક્રમના ઝીણવટભર્યા મુદ્દાઓને પણ પ્રશ્નપત્રમાં સમાવી શકાય.

ઉપર જે ફેરફારો સૂચવ્યા છે તે ફેરફારો જુદા જુદા વિષયોમાં અને જુદી જુદી પરીક્ષાઓમાં જુદા જુદા સ્વરૂપ લે એવો સંભવ છે. તેથી આ મુદ્દાઓને સમાવી લે તેવા પ્રત્યેક પરીક્ષા માટે પ્રત્યેક વિષયના નમૂનાનો એક એક પ્રશ્નપત્ર અભ્યાસસમિતિઓ પાસે તૈયાર કરાવવો અને આ પ્રશ્નપત્ર તે વિષયના એક નિષ્ણાત, પરીક્ષા પદ્ધતિ વિજ્ઞાનના એક જાણકાર તથા તે પેપર શીખતા એક સીનિયર

શિક્ષકની બનેલી સમિતિ પાસે મૂકવો જોઈએ. તે સમિતિનાં સૂચનો સાથે અને અભ્યાસસમિતિએ તેને મંજૂર કર્યા પછી આ પ્રશ્નપત્રો કૉલેજોમાં પરિપત્રિત કરવા જોઈએ અને પ્રાશ્નિકોને પણ તેમના માર્ગદર્શન માટે ઉપલબ્ધ કરી શકાય.

યુનિવર્સિટીના પ્રશ્નપત્રમાં ઓબ્જેક્ટિવ ટાઈપ એટલે કે "હા" કે "ના" જેવા એક જ શબ્દમાં જવાબ આવે તેવા પ્રશ્નો વિદ્યાર્થીની કસોટી માટે સારા છે. પરંતુ હાલને તબક્કે પરીક્ષાઓ અનેક કેન્દ્રોમાં લેવાતી હોવાથી આવા પ્રશ્નોનો જે હેતુ છે તે કેટલે અંશે ફળીભૂત થશે તે વિશે શંકા છે અને તેથી પ્રશ્નપત્રના માળખા સંબંધમાં આ સમિતિ ટૂંકા જવાબોવાળા (short-answer-type) પ્રશ્નો પૂરતા પ્રમાણમાં રાખવાની આવશ્યકતા પર ભાર મૂકે છે અને પ્રી-યુનિવર્સિટીની પરીક્ષાથી સ્નાતક પરીક્ષા સુધી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાનની શાખાઓમાં પાસ થવાનું ધોરણ ૩૬ ટકા જ હોવાથી આ સમિતિ એમ સૂચવે છે કે શક્ય હોય ત્યાં સુધી આવા પ્રશ્નોમાં વિકલ્પ મૂકવો નહીં. જવાબમાં જે મુદ્દાઓ અપેક્ષિત હોય તેનો નિર્દેશ કરીને પ્રશ્ન એસે ટાઈપ પ્રશ્નોમાં પણ પૂછવાનું રખાય તે માટે પરીક્ષકોને જરૂરી સૂચના આપવી જોઈએ.

(૫) પ્રશ્નપત્ર કાઢવા માટે પ્રાશ્નિકોની નિમણૂક કરવામાં જે વ્યક્તિએ તે પ્રશ્નપત્રનું શિક્ષણકાર્ય છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન કર્યું હોય તેવા શિક્ષકોને પસંદગી આપવા સમિતિ સૂચવે છે.

યુનિવર્સિટીની પરીક્ષાઓ—ખાસ કરીને ડિગ્રી પરીક્ષાઓ—પબ્લિક એક્ઝામિનેશન્સ હોઈ તેમાં બાહ્ય (એક્સ્ટર્નલ) પરીક્ષકો નીમવાની હાલ જે પ્રથા છે તે ચાલુ રાખવી. પ્રી--યુનિ. અને એફ.વાય.ની કક્ષાએ પણ યુનિવર્સિટી બહારના વિસ્તારના શિક્ષકોને પ્રાશ્નિક તરીકે શક્ય હોય ત્યાં નીમવાનું રાખવું.

પ્રાશ્નિકોએ તેમણે કાઢેલા પ્રશ્નપત્રોના મોડેલ આન્સર્સ એટલે કે નમૂનાના જવાબો વિસ્તૃત નોંધ સાથેની માર્કિંગ સ્કીમ તેમ જ સમગ્ર ઉત્તરપત્ર પરીક્ષકે તપાસ્યા બાદ કેટલા ગુણ સુધી વધઘટને અવકાશ આપી શકાય તેની સ્પષ્ટ લેખિત સૂચના તૈયાર કરી આપવા જણાવવું કે જેથી તે પરીક્ષકોને આપી શકાય.

પ્રી--યુનિ.થી ડિગ્રી પરીક્ષા સુધી દરેક પ્રશ્નપત્ર માટે ડિટેઈલ્ડ સ્કીમ ઑફ એસેસમેન્ટ દરેક પ્રાશ્નિક પાસેથી મેળવવાનો આગ્રહ રાખવો.

જે વિષયમાં એક કરતાં વધુ પ્રશ્નપત્ર હોય ત્યાં હાલ બધા પ્રશ્નપત્રો માટે પ્રાશ્નિકો--પરીક્ષકોનું એક જ જૂથ નીમવામાં આવે છે તેને બદલે પ્રશ્નપત્ર દીઠ અલગ અલગ પ્રાશ્નિક--પરીક્ષક નીમવાનું શક્ય હોય તો રાખવું.

શક્ય હોય ત્યાં સુધી પ્રાશ્નિકોને માત્ર પ્રશ્નપત્ર કાઢવાનું જ કામ સોંપાય અને ઉત્તરવહીઓની તપાસણીનું કામ અલાયદા પરીક્ષકો નીમી તેમને સોંપવાનું રાખવા સમિતિ સૂચવે છે.

અનુસ્નાતક પરીક્ષાઓમાં પ્રાશ્નિકો અને પરીક્ષકો આ રીતે પૂરતા પ્રમાણમાં મળી શકવાની શક્યતા ન હોવાથી જ્યાં શક્ય હોય ત્યાં જ પ્રાશ્નિકો-પરીક્ષકો જુદા રાખવા.

પ્રાશ્નિકો—પરીક્ષકોની નિમણૂક માટે ભલામણ કરનારી સમિતિમાં વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાઓના ડીનને બધા જ વિષયોના શિક્ષકો અંગે પૂરી માહિતી (જાણકારી) ન હોય તે સ્વાભાવિક છે, તે જોતાં જ્યારે કોઈ વિષયના પ્રાશ્નિક--પરીક્ષકોની નિમણૂક કરવાની હોય ત્યારે તે વિદ્યાશાખાના તે વિષયની અભ્યાસસમિતિના અધ્યક્ષને પરીક્ષકોની ભલામણ કરનારી સમિતિની બેઠકમાં આમંત્રી તેનાં સલાહસૂચન લેવાની પ્રથા અપનાવવા સૂચવવામાં આવે છે.

(૬) ઉત્તરપત્રોનું યોગ્ય રીતે મૂલ્યાંકન થઈ શકે તે માટે એક પરીક્ષકને વધુમાં વધુ ૩૦૦ જેટલાં જ ઉત્તરપત્રો પરીક્ષણ માટે આપવા અને ૧૫ દિવસના ગાળામાં તેનું પરીક્ષણ કામ પ્રાશ્નિકોએ આપેલ 'મોડેલ આન્સર્સ' અને 'સ્કીમ ઑફ માર્કિંગ'ને અનુલક્ષીને તે કામ પરીક્ષક આટોપે તે અપેક્ષા છે. પરીક્ષણકાર્ય દરમિયાન પરીક્ષક કોઈ પણ પ્રકારના દબાણ હેઠળ કે અન્ય કામકાજના બોજા હેઠળ ન રહેતાં વિદ્યાર્થીના ઉત્તરપત્રોનું મૂલ્યાંકન 'ઑબ્જેક્ટિવલી' કરે તે અપેક્ષા છે. આ માટે પ્રી--સાયન્સ અને એફ.વાય.સાયન્સમાં ડમી નંબરો આપવાની જે પ્રથા હાલ શરૂ કરવામાં આવી છે તેવી ડમી નંબર આપવાની પ્રથા આવતે વર્ષે ટી.વાય.ની પરીક્ષામાં દાખલ કરવા માટે સમિતિ સૂચવે છે. જો તે શકય ન હોય તો ટી.વાય.બી.કૉમ.ની પરીક્ષામાં તે દાખલ કરવી જરૂરી છે તેમ સમિતિ માને છે.

મોડરેશન

ઉત્તરપત્રોના મોડરેશનનો સ્પષ્ટ હેતુ એ છે કે જુદા જુદા પરીક્ષકો દ્વારા થતું મૂલ્યાંકન એકવાકયતા ધરાવે અને જો કોઈ પરીક્ષક વધારે પડતા કડક અથવા ઉદાર જણાય તો તેનું સમગ્ર મૂલ્યાંકન પરીક્ષકોની બીજીઝરોળમાં આવે તે માટે ઘટતાં પગલાં લેવાનું બની શકે. આ બાબત દરેક મોડરેટરના ધ્યાન પર લાવવી. મોડરેશન ફકત પાંચપંદર ઉત્તરવહીઓમાં ગુણના ફેરફાર કરવામાં પર્યાપ્ત ન રહેતાં જે પરીક્ષામાં મોડરેટરો નીમવામાં આવે છે ત્યાં મોડરેટર્સની સૂચનાનું પરીક્ષકો અવશ્ય પાલન કરે અને નિયમિત રીતે ઉત્તરવહીઓ સમયસર મોડરેટરને મળી રહે તે માટે દરેક પરીક્ષક પ્રયત્નશીલ રહે તે ઇચ્છનીય છે. મોડરેટરોએ પણ પરીક્ષકોને સ્પષ્ટ લેખિત સૂચનાઓ આપવાનું રાખવું અને પરીક્ષકકાર્યમાં વિનાકારણ અવરોધ ઊભા કરવાની પરિસ્થિતિ ટાળવી જોઈએ. દરેક મોડરેટરે ઓછામાં ઓછા ૧૦ ટકા ઉત્તરવહીઓનું પૂરેપૂરી જવાબદારીથી મોડરેશન કરવાનું રાખવું આવશ્યક છે.

સમિતિ એમ સૂચવે છે કે યુનિવર્સિટીની ડિગ્રી પરીક્ષાઓમાં બેઠેલા વિદ્યાર્થીઓની ઉત્તરવહી પર આપવામાં આવેલા ગુણ તેમ જ પરીક્ષકોએ સુપરત કરેલા ગુણપત્રક પરના ગુણ ચેક કરવા માટે યોગ્ય સંખ્યામાં 'ટેબ્યુલેટરો' નીમવાની પ્રથા શરૂ કરવી.

(૭) હાલ પરીક્ષણ અંગેના જે અહેવાલો પરીક્ષકો પાસેથી આવે છે તે અસ્પષ્ટ, ટૂંકા અને વિદ્યાર્થીના પ્રશ્નપત્રની સમજ અને સૂઝ પર પરીક્ષક તરીકે તેના કયા પ્રત્યાઘાત છે તે માહિતી આપતા નથી અને તેથી આ સમિતિ આ અહેવાલ માટે નીચેના મુદ્દાની માહિતી મળી રહે તેવું એક નિયત પત્રક તૈયાર કરવા સૂચવે છે અને તે નિયત પત્રકમાં જણાવેલ પ્રત્યેક મુદ્દાસર વિગતે અહેવાલ આપવા પ્રત્યેક પરીક્ષકને સૂચના આપવા જણાવે છે :

૧. પરીક્ષકે કુલ કેટલા ઉત્તરપત્રો તપાસ્યા.

૨. તપાસેલા ઉત્તરપત્રો પૈકી ૩૬ ટકાથી વધુ અને ૪૮ ટકાથી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા તેમ જ ૪૮ ટકા અને ૬૦ ટકા વચ્ચે ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા તેમ જ ૬૦ ટકા ઉપરના ગુણાંક મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા.

૩. પ્રશ્નો અને વિદ્યાર્થીઓના ઉત્તર વચ્ચેના સંવાદિતા અને વિસંવાદિતાની નોંધ.

૪. પ્રાશ્નિકે આપેલા મોડેલ આન્સર અંગેના તેના પ્રત્યાઘાતો

૫. વિદ્યાર્થીની વિષય અંગેની સૂઝ અને સમજ અંગેની માહિતી
ઉદાહરણની યાદી સાથે વિદ્યાર્થીઓએ આપેલા જવાબના નમૂનાઓ આપવા :
(અ) સામાન્ય ભૂલો
(બ) ભાષાકીય ક્ષતિઓ

૬. જનરલ રિમાર્કસ

વધુમાં પરીક્ષકોને અહેવાલમાં એ પણ માહિતી આપવા જણાવવું કે પ્રશ્નપત્ર કોઈ અમુક પુસ્તક પર આધારિત હતો તેમ જ વિદ્યાર્થીના ઉત્તરો કોઈ અમુક પુસ્તક, નોંધ કે ગાઈડમાંથી લેવાયા હોય તેવું તેમને તેમના પરીક્ષણ દરમિયાન જણાયું હતું.

(૮) પ્રાશ્નિકો અને પરીક્ષકોને હાલમાં અપાતું મહેનતાણું ઘણું ઓછું જણાય છે અને પ્રાશ્નિકો પ્રશ્ન-પત્રની સાથે સાથે પ્રશ્નોના મોડેલ જવાબો તૈયાર કરવાનું કામ વધુ ચોકસાઈથી અને જવાબદારીથી કરી શકે તે માટે સમિતિએ તે હાલ પ્રાશ્નિકો-પરીક્ષકોને અપાતા મહેનતાણા અંગે વિચાર કર્યો હતો અને ચર્ચાવિચારણા બાદ પ્રશ્નપત્ર કાઢવા માટેનો મહેનતાણાનો દર નીચે પ્રમાણે સૂચવેલ છે :

One paper of 2 hours' duration ... Remuneration Rs. 50/—
One paper of 3 hours' duation ... Remuneration Rs. 75/—
Paper for post-graduate examination ... Rs. 100/- per paper.

ઉત્તરપત્ર	મહેનતાણું
પ્રી-યુનિ. પરીક્ષામાં બે કલાકના પ્રશ્નપત્રના ઉત્તરપત્ર માટે	... રૂ. ૧--૦૦
પ્રી-યુનિ. પરીક્ષામાં ત્રણ કલાકના પ્રશ્નપત્રના ઉત્તરપત્ર માટે	... રૂ. ૧--૨૫
એફ.વાય., એસ.વાય. અને ટી.વાય. માટે બે કલાકના પ્રશ્નપત્રના ઉત્તરપત્ર માટે	... રૂ. ૧--૨૫
એફ.વાય., એસ.વાય. અને ટી.વાય. માટે ત્રણ કલાકના પ્રશ્નપત્રના ઉત્તરપત્ર માટે	... રૂ. ૧--૫૦
અનુસ્નાતક પરીક્ષાના ઉત્તરપત્ર માટે	... રૂ. ૨--૦૦

ઉત્તરપત્રો પરીક્ષકોને મોકલવા માટે જો શક્ય હોય તો યુનિવર્સિટીમાં બધા એકત્ર કરીને જે તે પરીક્ષકોને મોકલવા અથવા કેટલાંક નાનાં કેન્દ્રો પર રેલવે દ્વારા કે પોસ્ટ ઑફિસ દ્વારા ઉત્તરપત્રો રવાના કરવાનાં હોય તેની ગુપ્તતા વધુ જળવાય તે માટે રોજબરોજના ઉત્તરપત્રો તે જ દિવસે અથવા બીજે દિવસે બરોબર પેક (સીલ) કરીને નજીકના ગામની પોસ્ટ ઑફિસમાંથી કે સ્ટેશનથી મોકલવાનું શક્ય હોય ત્યાં વિચારે અને ગોઠવે.

(૯) વિદ્યાર્થીઓને આપવામાં આવતાં ગુણપત્રકોમાં ઇન્ટર્નલ અને યુનિવર્સિટી પરીક્ષાના દરેક વિષયના ગુણો જુદા જુદા બતાવવાની જે પ્રથા છે તે પ્રથા ચાલુ રાખવી. આંતરિક ગુણાંકન પણ યુનિવર્સિટી-ની પરીક્ષાના ગુણ જેટલું જ રાખવાની અન્યત્ર ભલામણ કરેલી છે.

ઉત્તરપત્રોના પુનઃમૂલ્યાંકન બાબતમાં વિગતે ચર્ચા કરી હતી. અગાઉ પ્રો. માવળંકરના અધ્યક્ષપણા નીચે નિમાયેલી સમિતિનો જે રિપોર્ટ એકેડેમિક કાઉન્સિલ તરફથી સ્વીકારવામાં આવ્યો છે તેમાં જે જે મુદ્દાઓ વિચારવામાં આવ્યા હતા તે તથા અન્ય મુદ્દાઓનો સમગ્ર પ્રમાણે વિચાર કરીને સમિતિએ ઠરાવ્યું કે વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓનું પુનઃ મૂલ્યાંકન કરવાનું વ્યવહારુ કે શક્ય નથી અને તેથી એકેડેમિક કાઉન્સિલે જે નિર્ણય લીધો છે તેમાં કોઈ ફેરવિચારણા કરવાની જરૂર નથી.

(૧૦) થી (૧૩) : યુનિવર્સિટી પરીક્ષાનાં ધોરણ જળવાઈ રહે તેમ જ પરીક્ષાનાં જુદાં જુદાં કેન્દ્રો પર તેના સંચાલન અંગે જે કેટલીક ટીકાઓ થઈ રહી છે તે માટે કેટલાંક સક્રિય પગલાં તાત્કાલિક લેવાય તેમ આ સમિતિ સૂચવે છે. આમાં ખાસ કરીને નીચેનાં કેટલાંક સૂચનો શક્ય હોય તો આગામી પરીક્ષાઓની સીઝનથી અમલી બનાવી યુનિવર્સિટી પરીક્ષાની પ્રતિષ્ઠા વધે તેમ કરવું જરૂરી જણાય છે.

(૧) જે તે કેન્દ્ર પર યુનિવર્સિટી પરીક્ષા લેવાતી હોય ત્યાં સમગ્ર પરીક્ષા દરમિયાન સ્થાનિક મુખ્ય નિરીક્ષકની સાથે શક્ય હોય ત્યાં સુધી એક વધારાના નિરીક્ષકને બહારથી નામવાનું રાખવું.

(૨) કેન્દ્ર પર પરીક્ષા દરમિયાન યુનિવર્સિટી સંલગ્ન કૉલેજના આચાર્ય કે અધ્યાપક જે કોઈ યુનિવર્સિટી પર પ્રતિનિધિત્વ ધરાવતા હોય તેમને પરીક્ષા સંચાલનનું કામ અવશ્ય સોંપવાનું રાખવું એટલું જ નહિ, પરંતુ આ કામ તેઓ સ્વેચ્છાએ સ્વીકારે અને યુનિવર્સિટીએ ઉપાડેલ પરીક્ષા સુધારણાના આ કાર્યમાં સહકાર આપે એવો ખાસ આગ્રહ કરવો.

(૩) જે કેન્દ્ર પર એક કરતાં વધુ સંલગ્ન કૉલેજો હોય ત્યાં શક્ય હોય ત્યાં સુધી એક વિદ્યાશાખાની પરીક્ષાઓ બીજી વિદ્યાશાખાની કૉલેજમાં એમ અરસપરસ ગોઠવવાનું રાખવું. દા.ત., કોઈ સ્થળે આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સની કૉલેજો હોય ત્યાં આર્ટ્સની પરીક્ષા સાયન્સ અથવા કૉમર્સ કૉલેજમાં અને કૉમર્સની પરીક્ષા આર્ટ્સ અથવા સાયન્સ કૉલેજમાં રાખવી.

(૪) કેન્દ્રો પર વિદ્યાર્થીઓ એકબીજાથી છેટે સુદૂર અંતરે બેસાડવામાં આવે અને જ્યાં જગ્યાની અગવડ હોય ત્યાં પાસેપાસેના બે વિદ્યાર્થીઓ જુદી જુદી પરીક્ષાના હોય તેમ રાખવું.

(૫) પરીક્ષાના સંચાલન દરમિયાન પરીક્ષામાં વિદ્યાર્થીઓ ગેરરીતિ ન આજમાવે તે માટે અનુભવી અને પ્રૌઢ સીનિયર સુપરવાઈઝરો હોવા જરૂરી છે કેમ કે ફ્રેશ સ્નાતકોને સુપરવાઈઝરો તરીકે નીમતાં તેમની નાની વય તેમ જ વિદ્યાર્થીઓ સાથેની આત્મીયતાને કારણે વિદ્યાર્થીઓ ગેરરીતિનો રાહ્યશ્રય લેતા જણાય છે અને તેથી કેન્દ્રો પરના મુખ્ય નિરીક્ષકો જે પ્રૌઢ અને વિશ્વાસુ સંનિષ્ઠ વ્યક્તિઓને આ કામ સોંપે તો પરીક્ષાની પવિત્રતા જોખમાય નહિ. શક્ય હોય ત્યાં નિરીક્ષણકાર્યમાં અધ્યાપકોને પણ જુનિયર સુપરવાઈઝરની કામગીરી સોંપવાનું રાખવા કૉલેજોના આચાર્યોને સૂચવવું.

(૧૪) આ સમિતિ વધુમાં સૂચવે છે કે, પ્રી-યુનિવર્સિટીની પરીક્ષાઓમાં પહેલા દશ આવનાર વિદ્યાર્થીઓનાં નામોની જાહેરાત કરવાની લાલની પ્રથા બંધ કરવી જોઈએ, કારણ કે આને કારણે કૉલેજોમાં પ્રવેશ અંગે સ્પર્ધાનું તત્ત્વ સામેલ થાય છે અને સાથે સાથે આ સમિતિ એમ પણ સૂચવે છે કે યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં અપાતા ગુંદરો અને પ્રદાનોની જાહેરાત ૧૫મી જુલાઈ પછી એકસાથે કરવાનું રાખવું.

(૧૧) પરીક્ષા સંશોધન એકમ (એકઝામિનેશન રિસર્ચ સેલ) પર "સેલ" (ઘટક)ની રચના અને તેના કાર્યક્ષેત્ર પર લંબાણપૂર્વક ચર્ચા કરવામાં આવી અને નીચેનાં સૂચનો કરવામાં આવે છે :

(૧) સૌપ્રથમ એક કેળવણીકાર (શિક્ષણશાસ્ત્રી), એક રિસર્ચ ઑફિસર અને બે સ્ટેટિસ્ટિશિયન સાથેનું એક નાના સ્કેલ પર એકઝામિનેશન સેલ (ઘટક) ઊભું કરવું.

(૨) આ સેલ (ઘટક)ને દેશની અન્ય યુનિવર્સિટીઓમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા તેમ જ પરીક્ષા સુધારણા અંગેના જુદા જુદા સેમિનારો દ્વારા પ્રસિદ્ધ થતા સાહિત્ય વગેરેને લક્ષમાં લઈને ચાલુ પરીક્ષાપદ્ધતિમાં સૂચવાયેલા સુધારા અંગેની નોંધ તૈયાર કરવા અને પરિપત્રિત કરવા જણાવવું.

(૩) જુદી જુદી પરીક્ષાઓના પરીક્ષકો દ્વારા થતા પરીક્ષણનું રેન્ડમ ચેકિંગ કરી એક જ પરીક્ષકમાં તેના સમગ્ર પરીક્ષણ દરમ્યાન તેમ જ એક જ વિષયના બે કે વધુ પરીક્ષકો વચ્ચે કેટલું વેરિયેશન આવે છે તે અંગે પણ તપાસીને આંકડાઓ સાથેનો રિપોર્ટ કરવા સેલ (ઘટક)ને જણાવી શકાય.

(૪) યુનિવર્સિટીનાં પ્રશ્નપત્રો તેમ જ તે અંગે પ્રાશ્નિકોએ આપેલા મોડેલ આન્સર્સ અને તે પરથી વિદ્યાર્થીઓએ આપેલા ઉત્તરપત્રોના પરીક્ષણ અંગેના પરીક્ષકોના રિપોર્ટમાં આવેલા પ્રત્યાઘાતો વગેરેનો અભ્યાસ કરી એક સૂચિતિત હેવાલ રજૂ કરવાનું જણાવી શકાય.

(૫) આ સેલ (ઘટક)થી કયારેક કયારેક યુનિવર્સિટીમાં પરત આવતા ઉત્તરપત્રો અંગેના રેકર્ડ ઝના સરપ્રાઈઝ ચેકિંગની કામગીરી પણ કરી શકે.

(૬) અભ્યાસસમિતિઓને તેના અભ્યાસક્રમો—તેના ઑબ્જેક્ટિવ્સ વગેરે વિસ્તૃત રીતે ઘડવામાં તેમ જ અન્ય જરૂરી માહિતી પૂરી પાડવામાં મદદગાર થવા પણ સેલ (ઘટક)ને જણાવવું.

(૭) આ સેલ(ઘટક) પાસે ઉપર જણાવેલી કામગીરીઓ કરવા માટે પૂરતું સાહિત્ય હોવું જરૂરી છે અને તે માટે આ સેલ(ઘટક) પાસે તેની પોતાની એક નાની એવી આગવી લાઈબ્રેરી હોવી જોઈએ. આ લાઈબ્રેરીમાં પરીક્ષા સુધારણાની દિશામાં દેશ-પરદેશમાંથી પ્રસિદ્ધ થતાં જુદાં જુદાં મેગેઝિન્સ, રિપોર્ટ્સ અને સ્ટાન્ડર્ડ પુસ્તકો રખાય. આ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પાસે જરૂરી સહાય માંગવાનું રાખવું. આ સેલ(ઘટક)ને વર્ષ અંતભરે સેલ(ઘટક) દ્વારા થયેલ કાર્યનો વિગતવાર રિપોર્ટ એકેડેમિક કાઉન્સિલને કરવા જણાવવું.

(૧૬) હાલ પ્રાશ્નિકો અને પરીક્ષકોની નિમણૂક છેક ફેબ્રુઆરીમાં અને સપ્ટેમ્બર માસમાં કરવામાં આવે છે. આમ કરવાથી તેમને પ્રશ્નપત્ર કાઢવા માટે પૂરતો સમય મળતો નથી અને જ્યાં કોઈક વ્યકિતઓ કામ કરવાની અશકિત બતાવે ત્યાં અવેજી નિમણૂકો કરવામાં વિલંબ થાય છે અને પ્રશ્નપત્ર બહુ જ ઉતાવળમાં કાઢવામાં આવતાં હોય છે. આ પ્રથામાં ફેરફાર કરી જો પ્રાશ્નિકોની નિમણૂકો માર્ચ--એપ્રિલ માસની પરીક્ષા માટે એવી રીતે કરવામાં આવે કે તેમને તેમની નિમણૂકના હુકમો ડિસેમ્બર માસની શરૂઆતમાં મળે અને ઑકટોબરની પરીક્ષાઓ માટેના હુકમો જુલાઈ માસની શરૂઆતમાં મળે તો પ્રશ્નપત્રો યોગ્ય રીતે નીકળી શકે તેમ સમિતિનું માનવું છે. આ માટે જો જરૂર લાગે તો હાલના ઑર્ડિનન્સો વગેરેમાં જરૂરી ફેરફાર કરવા માટે પગલાં લેવાનું વિચારવા સમિતિ સૂચવે છે.

સમિતિને એમ લાગે છે કે હાલ જે પરીક્ષાઓ દર વર્ષે લેવાય છે તેમાં જેઓને એ.ટી.કે.ટી મળેલી હોય છે તેઓને બીજે વર્ષે બે પરીક્ષાની તૈયારી કરવાની ન રહે અને પોતાનો કાચો અભ્યાસ વેળાસર તૈયાર કરી તેમાંથી મુક્ત થાય તે માટે એ.ટી.કે.ટી.વાળા વિદ્યાર્થીઓની જે તે વિષયની પરીક્ષા ઑક્ટોબરમાં ગોઠવવાની ખૂબ આવશ્યકતા છે. સિન્ડિકેટે આ માટે તાત્કાલિક ગોઠવણ કરવી.

(૧૭) યુનિવર્સિટી સાથે સંકળાયેલ કૉલેજના એફિલિયેશન અંગે હાલ જે તપાસસમિતિ કૉલેજમાં જાય છે તેમની સાથે યુનિવર્સિટીના ડે. રજિસ્ટ્રાર કક્ષાના અધિકારીને તે કૉલેજની બધી માહિતી સાથે મોકલવાનું રાખવું કે જેથી તપાસસમિતિને પૂરતી માહિતી મળી શકે અને જુદી જુદી કૉલેજોમાં એકસરખું ધોરણ જાળવવાનું બની શકે. આ અંગે અત્યારનું જે ફૉર્મ છે તેમાં આવશ્યક સુધારણા કરવી જરૂરી છે.

(૧૮) જે વિષયોમાં ડિઝર્ટેશન આપી શકાય છે ત્યાં ત્યાં પ્રત્યેક ડિઝર્ટેશનનો લેવાલ જે તે માર્ગદર્શકને ઉપલબ્ધ કરવાનું રાખવું.

પરીક્ષા સુધારણા બાબતમાં ટૂંકા ગાળાની યોજના તરીકે ઉપર કરેલી ભલામણો છે.

લાંબા ગાળાની યોજના અંગે વિચારણા પણ કરી હતી (જુઓ પાનું ૩, પેરા ૧) અને તે માટે સૌપ્રથમ યુનિવર્સિટીની અભ્યાસસમિતિઓએ પોતાના હાલના અભ્યાસક્રમોને અદ્યતન બનાવવા માટે તથા તેના હેતુઓ સ્પષ્ટ કરવા માટે વિસ્તૃત રીતે તે અભ્યાસક્રમો તૈયાર કરવા જોઈએ.

તે અભ્યાસક્રમો સાથે સંદર્ભ પુસ્તકો આપવા જોઈએ. જો સેમેસ્ટર પદ્ધતિ પ્રમાણે આયોજન કરવામાં આવે તો તેવા અભ્યાસક્રમને જુદા જુદા એકમોમાં વહેંચી આપી તેના શિક્ષણનું કામ અમુક તાસોમાં થઈ શકે તે ધ્યાનમાં રાખી આખા વિષયનું આયોજન કરવું જોઈએ.

આ થયા બાદ તેના આધારે આગળ પેરા ૪ માં જણાવ્યા પ્રમાણે અભ્યાસસમિતિ પાસે જે તે વિષયનું 'Model Question Paper' તૈયાર કરી કૉલેજોના શિક્ષકોના માર્ગદર્શન માટે પરિપત્રિત કરી શકાય.

પરિશિષ્ટ "૨"

કામકાજ ક્રમાંક ૧૬૦

બાંધકામ સમિતિની એક સભા તા. ૯--૨--૧૯૭૩ ને શુક્રવારના રોજ બપોરના ૩--૦૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. તેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	હાજર
૩.	શ્રી. નવનીતલાલ સા. શેાધન	હાજર
૪.	શ્રી. કે. આર. ચંદ્રશેખરન	હાજર
૫.	શ્રી. એમ. સી. શાહ	ગેરહાજર
૬.	શ્રી. એલ. જે. ચૌહાણ	ગેરહાજર

૧. બાંધકામ સમિતિની તા. ૪--૧૨--૧૯૭૨ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૪--૧૨--૧૯૭૨ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. વિદ્યાર્થીઓના છાત્રાલયના બાંધકામમાં નીચેની આઈટેમના જથ્થામાં વધારો થાય છે, પરંતુ કુલ ખર્ચમાં વધારો થતો નથી. આથી સદરહુ આઈટેમના જથ્થામાં વધારાની નોંધ લેવા અંગે વિચારણા કરવા બાબત:

ટે. આ. નં.	આઈટેમ	ભાવ	જથ્થો ટેન્ડર પ્રમાણે	થયેલ કામ મુજબ
૩	પી. સી. સી. ૧ : ૮	૨--૭૦ ઘનફૂટ	૮૫૦ ઘનફૂટ	૧૯૦૦ ઘનફૂટ
૭	ચણતરકામ	૧૬૦ ટકા ઘનફૂટ	૧૫૬૫૦ ઘનફૂટ	૨૦૦૦૦ ઘનફૂટ

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓના છાત્રાલયના બાંધકામમાં નીચેની આઈટેમના જથ્થામાં વધારો થાય છે, પરંતુ કુલ ખર્ચમાં વધારો થતો ન હોઈ તેને બહાલી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી. (આથી કુલ ખર્ચમાં વધારો થતો નથી.)

ટે. આ. નં.	આઈટેમ	ભાવ	જથ્થો ટેન્ડર પ્રમાણે	થયેલ કામ પ્રમાણે જથ્થો
૩	પી. સી. સી. ૧ : ૮	૨--૭૦ ઘનફૂટ	૮૫૦ ઘનફૂટ	૧૯૦૦ ઘનફૂટ
૭	ચણતરકામ	૧૬૦ ટકા ઘનફૂટ	૧૫૬૫૦ ઘનફૂટ	૨૦૦૦૦ ઘનફૂટ

૩. ભાષાસાહિત્ય ભવનના વિકાસ-બાંધકામમાં ટેન્ડરની આઈટમ બારી-દરવાજામાં તેનાં ફિટિંગ્સ યુનિવર્સિટી-એ પૂરાં પાડવાં કે કેમ તે અંગે અસ્પષ્ટતા હોવાથી ગેરસમજૂતી દૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.—સદરહુ આઈટેમ અંગે ટેન્ડરમાં નીચે પ્રમાણે જણાવેલ છે :

Schedule :

Doors and windows 1/2" T.W. 5" × 3" T.W. Frame including all brass crome fixtures holdfast etc., complete 3 coats as per design 1150 SFT Rate 11/- Rs. 12650/-

સ્પેસિફિકેશન નીચે પ્રમાણે જણાવેલ છે :

Page No. 42(8) :

The rate shall include the cost and all sawing, planning, joining, forming and labour at all fixtures including loan to be supplied by the Gujarat University but nails screws, treenials, wedges, pins etc. The fixtures and fastening shall be supplied by Gujarat University. The fixing of the same shall be done by contractor.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. વિજ્ઞાન વિદ્યાભવનના બાંધકામમાં અમુક આઈટેમના જથ્થામાં વધારો થાય છે પરંતુ કુલ ખર્ચમાં વધારો થતો નથી. આથી આઈટેમના જથ્થામાં ફેરફારની નોંધ લેવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સાથે સામેલ કરેલ **યાદી "ક"** પ્રમાણે જે જથ્થામાં વધારો થવા પામે છે તે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. યુનિવર્સિટીના બી ટાઈપ ક્વાટર્સ તથા અધ્યક્ષશ્રીના બંગલાની આસપાસ વાયર ફેન્સિંગના કામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી ટાઈપ સ્ટાફ ક્વાટર્સ તથા અધ્યક્ષના બંગલાની આસપાસ વાયર ફેન્સિંગના કામ માટે આવેલ કુલ વીસ ટેન્ડરો પૈકી તારની વાડના સૌથી નીચા ભાવ ટાંકનાર કૉન્ટ્રાકટર શ્રી નાથ બિલ્ડર્સને નીચેના ભાવે આ કામ આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) તારની વાડ	...	રૂ. ૪--૦૦	એક રનિંગ ફૂટના બાદ ૫ ટકા
(૨) લોખંડના ઝાંપા ટેન્ડર મુજબ	...	રૂ. ૭--૫૦	એક ચોરસ ફૂટ —
(૩) ગાર્ડર	...	રૂ. ૧૦૦--૦૦	નંગ દીઠ —

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ઝાંપાનું કામ શ્રી નાથ બિલ્ડર્સ ઉપર જણાવેલ સૌથી નીચા આવેલા ભાવે કરવાનું સ્વીકારે નહિ તો તે કામ સૌથી નીચા ભાવ ટાંકનાર કૉન્ટ્રાકટર મે. એ. કે. જૈન એસોસિયેટ્સને ઉપરના ભાવે કામ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. યુનિવર્સિટીની સૂચના મુજબ જિમ્નેશિયમના બદલે સ્વિમિંગ પૂલ બાંધવા માટે ના પાડતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૭--૧૧--૧૯૭૨ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સદરહુ પત્રની નોંધ લેવી અને સ્વિમિંગ પુલને બદલે જિમ્નેશિયમના કામને આગળ ધપાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્થપતિશ્રી કમલ મંગળદાસ તરફથી આવેલ જિમ્નેશિયમનો પ્લાન તપાસી મંજૂર કરવા કુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના બાંધકામમાં અમુક આઈટમના જથ્થામાં વધારો થાય છે પરંતુ કુલ ખર્ચમાં વધારો થતો નથી. આથી આ બાબતની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન ભવનના બાંધકામમાં આ સાથે સામેલ કરેલ **યાદી "ખ"** પ્રમાણે જથ્થામાં જે વધારો થાય છે તે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૮. રેક્ટર ક્વાર્ટર્સમાં જરૂરી ફેરફારો કરવા માટે રૂ. ૨૫૯૯--૦૦નું ખર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ કામ માટે આઠ પાર્ટીઓને ટેન્ડરો મોકલ્યાં હતાં તેમાંથી બે પાર્ટીનાં ટેન્ડર આવ્યાં તેમાં તેના ભાવ વધારે જણાતાં સદરહુ કામ શ્રી. લાલજીભાઈ માધવજીભાઈ પાસે રૂ. ૨૫૯૯--૦૦માં કરાવી લેવા અંગે વિચારણા કરવા બાબત.)

આથી ઠરાવવામાં આવે છે કે રેક્ટર ક્વાર્ટર્સમાં જરૂરી ફેરફાર કરવા માટે આવેલાં ટેન્ડરોના ભાવ વધારે જણાતાં આ કામ શ્રી. લાલજીભાઈ માધવજીભાઈ પાસે રૂ. ૨૫૯૯--૦૦માં કરાવી લેવા કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવી.

૯. યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનમાં ઈલેક્ટ્રિક વાયરિંગના કામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન ભવનમાં ઈલેક્ટ્રિક કામ માટે આવેલાં સાત ટેન્ડરોમાંથી મે. જોષી ઈલેક્ટ્રિક વર્કસે યુનિવર્સિટીનું અત્યાર સુધી કરેલું કામ સંતોષકારક હોવાથી અને તફાવત નજીવો હોવાથી રૂ. ૧૫૭૦૫--૦૦ (બાદ ટેન્ડરની દરેક આઈટમમાંથી ૫·૮ ટકા)નું ટેન્ડર મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦. યુનિવર્સિટી કેમ્પસમાં નીચેના ડામરના રસ્તાઓ બનાવવા અંગે વિચારણા કરવા બાબત :

(અ) પ્રેસથી સિન્ડર ટ્રેકના રસ્તા સુધી
(બ) એન. આર. એસ.ના ઝાંપાથી લાઈબ્રેરી સુધી
(ક) સાઈકલ સ્ટેન્ડથી પ્રેસના ઝાંપા સુધી
(ડ) હેલ્થ સેન્ટરના ઝાંપાથી પોર્ચ સુધી
(ઈ) બૉઈઝ હૉસ્ટેલ સિન્ડર ટ્રેકના રસ્તાથી રેક્ટર ક્વાર્ટર્સ સુધી.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં નીચેના રસ્તાઓ ઉપર પાકી ડામરની સડક બનાવવા માટે રૂ. ૫૫,૦૦૦નું અંદાજી ખર્ચ મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) એન. આર. એસ.ના ઝાંપાથી લાઈબ્રેરી સુધી
(૨) પ્રેસના મકાનની બાજુથી ગ્રીડ લાઈનને સમાંતર સિન્ડર ટ્રેકના રસ્તા સુધી
(૩) યુનિવર્સિટી કાર્યાલયના સાઈકલ સ્ટેન્ડથી પ્રેસના મકાન સુધી
(૪) હેલ્થ સેન્ટરના ઝાંપાથી પોર્ચ સુધી
(૫) બોઈઝ હૉસ્ટેલ સિન્ડરટ્રેકના રસ્તાથી રેક્ટર ક્વાર્ટર્સ સુધી.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે આ કામ મ્યુનિ. કૉરપોરેશન પાસે તેઓના ભાવે કરાવી લેવું.

૧૧. યુનિવર્સિટીના લેક્ચરર કવાર્ટર્સના બાંધકામમાં વધારાના કામકાજના દર મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લેક્ચરર કવાર્ટર્સના બાંધકામમાં આ સાથે સામેલ કરેલ **યાદી "ગ"** મુજબ વધારાના કામકાજના દર મંજૂર કરવા ભલામણ કરવી.

૧૨. મનોવિજ્ઞાન ભવનના બાંધકામમાં વધારાના કામકાજના દર મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન ભવનના બાંધકામમાં આ સાથે સામેલ કરેલ **યાદી "ઘ"** મુજબ વધારાના કામકાજના દર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૩. યુનિવર્સિટી કાર્યાલયમાં પશ્ચિમ વિંગમાં કૉમ્પ્યુટર માટે પાર્ટિશન કરવા માટેનાં આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયમાં પશ્ચિમ વિંગમાં કૉમ્પ્યુટર રૂમ માટે લાકડાનાં પાર્ટિશન કરવા માટે આવેલાં ટેન્ડરોમાંથી મેસર્સ ન્યૂ ફર્નિચર માર્ટનું રૂ. ૨૨,૭૨૧--૦૦નું ટેન્ડર કુલપતિશ્રીએ મંજૂર કર્યું તેની નોંધ લેવી.

૧૪. રસાયણવિજ્ઞાન વિભાગ, ઝૂલોજી વિભાગ તથા ફિઝિક્સ વિભાગના મકાનમાં ભોંયતળિયે બેસી ગયેલા ટાઈલ્સનું સમારકામ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગ, ઝૂલોજી વિભાગ તથા ફિઝિક્સ વિભાગના મકાનમાં ભોંયતળિયે બેસી ગયેલા ટાઈલ્સનું સમારકામ કરવા માટે રૂ. ૧૪,૧૦૦નું અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી. વધુમાં ઠરાવવામાં આવ્યું કે આ કામ તાકીદે કરાવી લેવા માટે ઘટતું કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૫. યુનિવર્સિટીનાં નીચેનાં મકાનો ધોળાવવા અંગે સિન્ડિકેટે તેની તારીખ ૮--૧--૧૯૭૩ની સભામાં મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં આ સાથે સામેલ કરેલ **યાદી "ચ"** પ્રમાણે મકાનો ધોળાવવા માટે તેમ જ મકાનોના બારી-દરવાજાને ઓઈલ પેઈન્ટ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૧--૮--૧૯૭૩ની સભામાં મંજૂરી આપી તેની નોંધ લેવી.

૧૬. યુનિવર્સિટીના નવા બોરિંગ માટે ૧૨" ડાયામીટરની બોરિંગ પાઈપો રાજ્ય સરકાર પાસેથી લોન પર લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના નવા બોરિંગ માટે ૧૨" ડાયામીટરની બોરિંગ પાઈપો રાજ્ય સરકારના ટ્યુબવેલ ખાતા પાસેથી લોન પર લેવા કુલપતિશ્રીએ વ્યવસ્થા કરી તેની નોંધ લેવી.

૧૭. નીચેના રસ્તા ઉપર ૧૦ ટકાના ખર્ચે સ્ટ્રીટ લાઈટ નાખવાનું નક્કી કર્યું તેની નોંધ લેવા બાબત:

(૧) લાઈબ્રેરીથી આરોગ્ય કેન્દ્ર સુધીનો રસ્તો

(૨) આરોગ્ય કેન્દ્રથી ગેસ્ટ હાઉસ સુધીનો રસ્તો.

આથી ઠરાવવામાં આવે છે કે નીચેના રસ્તાઓ પર ૫૦ ટકાના ખર્ચે અમદાવાદ મ્યુનિસિપલ કૉરપોરેશને સ્ટ્રીટ લાઈટ કરવાનું નક્કી કર્યું તેની નોંધ લેવી. કુલ અંદાજી ખર્ચ રૂ. ૭,૫૦૦ થશે :

(૧) લાઈબ્રેરીથી આરોગ્ય કેન્દ્ર સુધીનો રસ્તો

(૨) આરોગ્ય કેન્દ્રથી ગેસ્ટ હાઉસ સુધીનો રસ્તો.

૧૮. યુનિવર્સિટી કેમ્પસ પર નીચેના રસ્તા પર યુનિવર્સિટીના ખર્ચે સ્ટ્રીટ લાઈટ નાંખવા અંગે વિચારણા કરવા બાબત :

(૧)	એન. આર. એસ. હોલથી લાઈબ્રેરી સુધી	... રૂ. ૪,૫૦૦ અંદાજી ખર્ચ
(૨)	પ્રેસની બાજુથી ગ્રીડ લાઈનને સમાંતર જતો રસ્તો સિન્ડર ટ્રેકના રોડ સુધી	... રૂ. ૩,૦૦૦
	કુલ ખર્ચ	... રૂ. ૭,૫૦૦

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ પર નીચેના રસ્તા પર યુનિવર્સિટીના ખર્ચે સ્ટ્રીટ લાઈટ નાખવા માટે રૂ. ૭૫૦૦નું ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧)	એન. આર. એસ. હોલથી લાઈબ્રેરી સુધી	... રૂ. ૪,૫૦૦
(૨)	પ્રેસની બાજુથી ગ્રીડ લાઈનને સમાંતર જતા સિન્ડર ટ્રેકના રોડ સુધી	... રૂ. ૩,૦૦૦
	કુલ	... રૂ. ૭,૫૦૦

૧૯. નીચેના રસ્તાઓ ટાઉન પ્લાનિંગ યોજના નં. ૩૧માં નોમિનલ વળતર આપીને સમાવેશ કરવા અંગે તથા યુનિવર્સિટીની હાલની પાણીની વ્યવસ્થા પર્યાપ્ત હોઈ ટાઉન પ્લાનિંગ યોજનામાં પાણીપુરવઠાની કોઈ વ્યવસ્થા કરવાની નથી તેમ અમદાવાદ મ્યુનિસિપલ કૉરપોરેશનને જાણ કરી તેની નોંધ લેવા બાબત.

(૧) યુનિવર્સિટી લાઈબ્રેરીથી આરોગ્ય કેન્દ્ર થઈને સિન્ડરટ્રેક તરફનો રસ્તો.

(૨) ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીથી સ્ટાફ ક્વાર્ટર્સ સુધીનો રસ્તો

(૩) આરોગ્ય કેન્દ્રથી ઈલેક્ટ્રિક સબ-સ્ટેશનનો રસ્તો.

આથી ઠરાવવામાં આવે છે કે નીચેના રસ્તાઓ ટાઉન પ્લાનિંગ યોજના નં. ૩૧માં નોમિનલ વળતર આપીને સમાવેશ કરવા અંગે તથા યુનિવર્સિટીની હાલની પાણીની વ્યવસ્થા પર્યાપ્ત હોઈ ટાઉન પ્લાનિંગ યોજનામાં પાણીના પુરવઠાની કોઈ વ્યવસ્થા કરવાની નથી, તેમ અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનને જાણ કરી તેની નોંધ લેવી:

(૧) યુનિવર્સિટી લાઈબ્રેરીથી આરોગ્ય કેન્દ્ર થઈને સિન્ડરટ્રેક સુધી જતો રસ્તો

(૨) ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીથી સ્ટાફ ક્વાર્ટર્સનો રસ્તો

(૩) આરોગ્ય કેન્દ્રથી ઈલેક્ટ્રિક સબ-સ્ટેશનનો રસ્તો.

૨૦. યુનિવર્સિટી કૅમ્પસમાં બાંધવામાં આવનાર જિમ્નેશિયમ બૉઇઝ હૉસ્ટેલ તથા લેડીઝ હૉસ્ટેલના કામ માટે કન્સલ્ટિંગ એન્જિનિયરની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કૅમ્પસમાં બાંધવામાં આવનાર નીચેનાં મકાનો માટે કન્સલ્ટિંગ એન્જિનિયરની નીચે પ્રમાણે નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧.	જિમ્નેશિયમ	— શ્રી દેવેન્દ્ર શાહ
૨.	બૉઇઝ હૉસ્ટેલ લેડીઝ હૉસ્ટેલ	— આર્યોન એન્જિનિયર્સ.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. ભિડી,
કુલસચિવ વતી

* * *

પાદી "ક"

SCIENCE LABORATORIES

Excess in quantities

Physics

Tender Item No.	*Item*	*Rate*	*Quantity as per Tender*	*Per Execution*	*Amount Rs.*
24	Torsteel	2100/–	—	3·75	7875/–
45	Plaster	4/–	340 Smt.	1000 Smt.	4000/–
49 C.	Waterproofing	9/–	—	350 Smt.	3150/–
				Total ..	15025/–

Chemistry

34	Torsteel	2100/–	—	8·5 M.T.	17850/–
33	Pivorted windows	120/–	40 Smt.	120 Smt.	14400/–
35	Cinder Concrete	60/–	50 Smt.	60 Cmt.	3600/–
45	Plaster	4/–	610 Smt.	1400 Smt.	5600/–
49 C.	Waterproofing	9/–	—	550 Smt.	4950/–

Botany

18	Lintel & Beam	230/–	20 Cmt.	32 Cmt.	7360/–
24	Torsteel	2100/–	—	900 Mt.	18900/–
27	Fixed Windows	100/–	—	45 Smt.	4500/–
35	Cinder Concrete	60/–	5 Cmt.	45 Cmt.	2700/–
45	Plaster	4/–	720 Smt.	2100 Smt.	2400/–
49 C.	Waterproofing	9/–	—	800 ,,	7200/–

			Maths.		
22	R.C.C. Ribs (SF)	240/–	—	17 Cmt.	4080/–
24	Torsteel	2100/–	—	1·5 Mt.	3150/–
25	Side hung windows	110/–	5 Smt.	60 Smt.	6500/–
27	Fixed Windows	100/–	26 Smt.	60 „	6000/–
45	Plaster	4/–	715 „	1400 „	5600/–
49 C.		9/–	—	370 „	3330/–

Physics	:	15025/–
Chemistry	:	46400/–
Botany	-	49060/–
Maths.	:	28760/–
Rs.		139245/–

* * * *

પાદી "પ"

SCHOOL OF PSYCHOLOGY

Tender Item No.	*Item in brief*	*Total quantity as per approval*	*Excess as per execution*
7	4½ Brick partitions	5300 Sft.	7500 Sft.
8	Cement Plaster ½″ to ¾″ thick in 1 : 3 Cm.	72000 Sft.	113000 Sft.
10	White or colour wash	22000 Sft.	113000 Sft.
14–B	Polished Kotah Stone on walls	70 Sft.	600 Sft.
25	Earth filling in and around the building	45000 Cft.	60800 Cft.
36	Providing and constructing 9″ thick 3′–0″ high brick masonry 1.6 paraphet terrace	1220 Rft.	1520 Rft.

* * * *

પાદી "અ"

LECTURER'S QUARTERS

Sr. No.	*Item*	*Rate*	*Per*
1.	Pink cement tiles dedo 8″×8″ in bath basic Rs. 100/– as per tender	Rs. 1700–00 (Basic rate Rs. 80–00 per 100 Sft.	100 Sft.

* * * *

યાદી "ધ"

SCHOOL OF PSYCHOLOGY

S. No.	*Item*	*Quantity*	*Rate* Rs.	*Per*
1.	R.C.C. Water Spount as per Architect's design	10 Nos.	75/–	Each
2.	9″ × 6″ Sower trap-supplying & fixing incl. labour etc. (for 9″)	1 No.	100/–	Each
3.	Extra labour for rough ladi in stairs of brick steps	1200 Sft.	1/–	Sft.

* * * *

યાદી "ચ"

અ.નં.	નામ	આઈટેમ	મકાનનું નામ	કુલ ખર્ચ
૧.	વી. આર. રંગવાલા	વ્હાઈટ અથવા કલરવૉશ	હૉસ્ટેલ "સી"	૧૧૯૧--૦૦
		,,	હૉસ્ટેલ "ડી"	૧૨૧૧--૦૦
		,,	હૉસ્ટેલ એ--બી.નું રસોડું	૪૯૧--૦૦
		ઓઇલ પેઈન્ટ	ટીચર્સ હૉસ્ટેલ	૪૯૦૧--૦૦
		,,	હૉસ્ટેલ એ--બી.ના કૉમનરૂમ–રસોડું	૭૯૧--૦૦
		,,	ઓવરહેડ ટાંકી	૧૫૧--૦૦
				૮૭૩૬--૦૦
૨.	ન્યૂ સ્ટાર પેઈન્ટર્સ	ડિસ્ટેમ્પર ઓઇલ પેઈન્ટ	યુનિવર્સિટી કાર્યાલય	૪૫૦૦--૦૦
		,,	"બી" ટાઇપ ક્વાર્ટર્સ	૨૦૦૦--૦૦
		,,	"સી" ટાઇપ ક્વાર્ટર્સ	૭૦૦--૦૦
		,,	"ડી" ટાઇપ ક્વાર્ટર્સ	૬૦૦--૦૦
		,,	હૉસ્ટેલ "એ"–"બી"	૧૨૦૦--૦૦
		,,	"સી"–"ડી" કૉમન રૂમ	૨૦૦૦--૦૦
		,,	"સી"–"ડી" રસોડું	૩૦૦--૦૦
		,,	પોસ્ટઑફિસ	૧૨૦--૦૦
		,,	સિન્ડર ટ્રેક પેવેલિયન	૧૧૦--૦૦
		,,	બોટાની	૬૦૦--૦૦
		,,	કેમિસ્ટ્રી	૧૧૦૦--૦૦
		,,	ફિઝિકસ	૬૦૦--૦૦
		,,	મેથ્સ.	૪૦૦--૦૦
				૧૮૨૭૦--૦૦

અ. નં.	નામ	આઈટેમ	મકાનનું નામ	કુલ ખર્ચ
૩.	સહકારી પેઈન્ટર્સ	વ્હાઈટ અથવા કલરવૉશ	સમાજવિદ્યા ભવન	૧૫૦૦--૦૦
		,,	ભાષા ભવન	૧૧૦૦--૦૦
		,,	હેલ્થ સેન્ટર	૫૫૦--૦૦
		,,	એન.આર.એસ.	૩૦૦--૦૦
		,,	ગેસ્ટ હાઉસ	૨૫૦--૦૦
		,,	પોસ્ટઑફિસ	૫૦--૦૦
				૩૭૫૦--૦૦
૪.	બચુભાઈ એમ. રંગવાલા	,,	હૉસ્ટેલ "એ"	૧૯૫૧--૦૦
		,,	હૉસ્ટેલ "બી"	૧૯૫૧--૦૦
		,,	હૉસ્ટેલ સી--ડી.નું રસોડું	૧૯૧--૦૦
		,,	પ્રેસ	૬૦૧--૦૦
		,,	પ્રેસ એનેક્ષી	૧૩૧--૦૦
				૪૮૨૫--૦૦

કુલ ખર્ચ રૂ. ૩૫૫૮૧--૦૦ થશે.

પરિશિષ્ટ "લ"

કામકાજ ક્રમાંક ૧૬૪

યુનિવર્સિટી કાર્યાલયમાં ઈલેક્ટ્રોનિક એન્જિનિયરની એક જગ્યા માટે સિન્ડિકેટની બનેલી વરણી સમિતિની એક સભા ઉમેદવારોની મુલાકાત લેવા માટે શુક્રવાર, તા. ૧૬--૨--૧૯૭૩ના રોજ ૧૨--૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઈશ્વરભાઈ પટેલે લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઈશ્વરભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨. શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩. આચાર્ય સી. એસ. શાહ	ગેરહાજર
૪. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર
૫. શ્રી. રણજિતરાય ગંગાધર શાસ્ત્રી	ગેરહાજર
૬. ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	ગેરહાજર
૭. શ્રી. ઈન્દ્રવદન અંબાલાલ મોદી	ગેરહાજર
૮. શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર
૯. શ્રી. સત્યેન્દ્ર કાળીદાસ ઝવેરી	ગેરહાજર
૧૦. શ્રી. હીરાલાલ એચ. ભગવતી	ગેરહાજર
૧૧. શ્રી. પ્રફુલ્લચંદ્ર સી. શાહ	ગેરહાજર
૧૨. ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૩. શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	ગેરહાજર
૧૪. પ્રો. ડી. એન. પાઠક	હાજર
૧૫. આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	ગેરહાજર
૧૬. આચાર્ય ડૉ. લક્ષ્મીપ્રસાદ ધનશંકર દવે	ગેરહાજર
૧૭. આચાર્ય ડી. ડી. દેસાઈ	ગેરહાજર
૧૮. આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર

નિષ્ણાત તરીકે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રી ડૉ. જે. જે. ચિનોય, ભૌતિકશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. પી. ડી. પાઠક, ભૌતિકશાસ્ત્રના રીડર ડૉ. કે. એમ. કોટડિયા અને ઈન્ડિયન સ્પેઈસ રિસર્ચ ઑર્ગેનાઈઝેશનના શ્રી. ઓ. પી. એન. કલ્લા હાજર રહ્યા હતા.

ઇલેકટ્રોનિક એન્જિનિયરની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. એલ. એન. લાલવાણી	ગેરહાજર
૨. શ્રી. કે. બી. મહેતા	હાજર
૩. શ્રી. એચ. પી. શાહ	હાજર
૪. શ્રી. જે. આર. પટેલ	હાજર
૫. શ્રી. આર. ટી. રાનાડે	હાજર
૬. શ્રી. ડી. સી. ભોપટકર	હાજર
૭. શ્રી. પી. એલ. કુલકર્ણી	હાજર
૮. શ્રી. કે. બી. પંડયા	ગેરહાજર

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

"હાજર રહેલા ઉમેદવારો પૈકી કોઈ આ જગ્યા માટે લાયક જણાયા ન હોવાથી આ માટે ફરીથી જાહેરખબર આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ,
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "૧"
કામકાજ ક્રમાંક ૧૮૫

ગુજરાત યુનિવર્સિટીની ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન સમિતિની સને ૧૯૭૩ના વર્ષની પ્રથમ સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં ગુરુવાર, તા. ૪—૧—૧૯૭૩ના રોજ બપોરના ૩—૩૦ વાગ્યે કુલપતિશ્રી ઈશ્વરભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિ	હાજર
૨. ડૉ. જયન્ત હરિભક્તિ	હાજર
૩. ડૉ. એલ. ડી. દવે	હાજર
૪. આચાર્ય ડૉ. ધીરુભાઈ ઠાકર	ગેરહાજર
૫. આચાર્યશ્રી બી. એમ. પીરજાદા	ગેરહાજર
૬. આચાર્યશ્રી દર્શનસીંગ બસન	હાજર
૭. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર.

૧. ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન સમિતિની તા. ૧૫—૯—૧૯૭૨ના રોજ મળેલી સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન સમિતિની તા. ૧૫—૯—૧૯૭૨ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન સમિતિની તા. ૧૫—૯—૧૯૭૨ના રોજ મળેલી સભામાં કેટલાક શિક્ષકો તરફથી સંશોધન ગ્રાન્ટ્સ મેળવવા માટે અરજીઓ આવેલી તે નામંજૂર કરવામાં આવી હતી તો તે પરત્વે ફેરવિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી સાથે સંકળાયેલ કૉલેજો, માન્ય સંસ્થાઓ તથા યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો તરફથી સને ૧૯૭૨—૭૩ના વર્ષ દરમ્યાન એજ્યુકેશનના વિષયમાં સંશોધન યોજનાઓ અંગે સંશોધન ગ્રાન્ટ મેળવવા માટે આવેલી અરજીઓ જે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન સમિતિએ તેની તા. ૧૫—૯—૧૯૭૨ની સભામાં નામંજૂર રાખેલી તે પરત્વે પુનર્વિચારણા કરવામાં આવી.

આ અરજીઓ અંગે નીચે પ્રમાણે પગલાં લેવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(અ) નીચે જણાવેલ શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ વિષય પર સંશોધન કરવા માટે તેમની સામે જણાવ્યા મુજબની મંજૂર કરેલ કરેલ અંદાજી ખર્ચના ૮૦ ટકા જેટલી રકમ નીચેની શરતોએ મંજૂર કરવી :

ક્રમાંક	શિક્ષકનું નામ	સંશોધનનો વિષય	મંજૂર કરેલ અંદાજી ખર્ચ
૧.	અકુવાલા સી. કે., આચાર્ય, શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત	માધ્યમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓની સંસ્કૃત ભાષાના અભ્યાસ પ્રત્યે સેવાની અપેક્ષા અને નીરસતાનાં કારણોની તપાસ	રૂ. ૪૦૦—૦૦

ક્રમાંક	શિક્ષકનું નામ	સંશોધનનો વિષય	મંજૂર કરેલ અંદાજી ખર્ચ
૨.	શ્રીમતી ત્રિવેદી એસ. એન., વ્યાખ્યાતા, પ્રકાશન કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	A survey of difficulties encountered by English teachers of Secondary Schools in their day to day teaching of English	રૂ. ૪૦૦—૦૦
૩.	શ્રી. જે. એચ. શાહ, યુનિવર્સિટી મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર, વિદ્યાભવન, અમદાવાદ—૯	Factorial Composition of the adopted S. B. scale at age level 3+, 6+ and 15+	રૂ. ૪૦૦—૦૦

શરતો

૧. સંશોધન ગ્રાન્ટ અન્વયે ઉપર મુજબ મંજૂર કરેલા અંદાજી ખર્ચના ૨૦ ટકા જેટલું ખર્ચ કૉલેજે ભોગવવાનું રહેશે.

૨. સંશોધન ગ્રાન્ટના નિયમ નં. ૪ અનુસાર શિક્ષકે તેમનું સંશોધનકાર્ય ગ્રાન્ટ મંજૂર થયાની તારીખથી બે વર્ષમાં પૂરું કરવાનું રહેશે તેમ જ તે પૂરું કર્યા પછી એક વર્ષમાં તે સંશોધનકાર્ય સન્માન્ય સામયિકમાં છપાવવાનું રહેશે તેમ જ તેની રિપ્રિન્ટ યુનિવર્સિટીને મોકલવાની રહેશે.

૩. સંશોધન ગ્રાન્ટના નિયમ નં. ૯ અનુસાર સંશોધન ગ્રાન્ટની રકમ બે હપતામાં ચૂકવવામાં આવશે. પરંતુ બીજો હપ્તો મેળવવા માટે સંશોધનકારે તેમનો પ્રગતિ અહેવાલ, પ્રથમ હપતાની રકમમાંથી કરેલ ખર્ચનો હિસાબ, વાઉચર્સ વગેરે જે તે વર્ષના હિસાબી વર્ષમાં રજૂ કરવાનાં રહેશે. જો તેમ નહી થાય તો નિયમાનુસાર પ્રથમ હપતા તરીકે ચૂકવેલ રકમ પરત કરવાની રહેશે.

૪. સંશોધન ગ્રાન્ટના નિયમ નં. ૧૧ અનુસાર સંશોધનકાર મુકરર કરેલ સમયમાં તેમનું સંશોધન-કાર્ય પૂરું ન કરે અને/અથવા સન્માન્ય સામયિકમાં છપાવે નહિ તો સંશોધનકારે સંશોધન ગ્રાન્ટની મંજૂર કરેલ રકમમાંથી ચૂકવાયેલ રકમ પરત કરવાની રહેશે.

(બ) સને ૧૯૭૨—૭૩ના વર્ષ દરમિયાન સંશોધન ગ્રાન્ટ મેળવવા માટે નીચેના શિક્ષકો તરફથી આવેલી અરજીઓ નાણાના અભાવે હાલ મંજૂર થઈ શકે તેમ નથી તેમ સદિલગીરી જણાવવું :

ક્રમાંક	શિક્ષકનું નામ અને સંસ્થાનું નામ	સંશોધનનો વિષય
૧.	આચાર્યશ્રી પી. એ. પટેલ, કૉલેજ ઑફ એજ્યુકેશન, બોરસદ	A critical study of college student representative councils of college of Gujarat University.
૨.	શ્રી. પી. સી. સુથાર, કૉલેજ ઑફ એજ્યુકેશન, બોરસદ	An investigation into the problem of wastage and stagnation of Higher Education in Borsad Taluka of Kaira District.

ક્રમાંક	શિક્ષકનું નામ અને સંસ્થાનું નામ	સંશોધનનો વિષય
૩.	આચાર્યશ્રી એન. યુ. ત્રિવેદી, પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	Vocabulary of Gujarat pupils in their mother-tongue.
૪.	શ્રી. એન. આર. ત્રિવેદી, પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	Achievement of Puipls of Std. VIII coming from Municipal Primary Schools and Schools run by private enterprise—A comparison.
૫.	શ્રી. બી. જે. મહેતા, પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	A study of assignments given in the higher standards of Scondary Schools of Ahmedabad City.
૬.	શ્રી. એન. કે. પટેલ, પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	Survery of audiovisual aids for teaching history facilities and their use in the Secondary Schools of Ahmedabad City.
૭.	શ્રીમતી એચ. એસ. દેસાઈ, પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	To prepare and try out an auto instrumental programme on the Physical features and climate of the continent of North America for Std. IX.
૮.	શ્રીમતી ડી. એન. પંડ્યા, પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	An investigation into the causes of maladjustment among teachers.
૯	શ્રી. સી. યુ. રાવલ, પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	A critical study of Science textbook prepered by Gujarat State Textbook Board for Std. VII.
૧૦.	શ્રી. એન. ડી. શેલત, બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસા	A critical study of the present programme of social studies in the Secondary Schools of Sabarkantha District.
૧૧.	શ્રી. જે. સી. બ્રહ્મભટ્ટ, બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસા	Construction of a diagnostic test of English for Std. VI.
૧૨.	શ્રી. એમ. જે. કાછિયા, બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસા	Construction and try out of a programme in Modern Physics for Std. VIII of Secondary Schools.
૧૩.	શ્રી. એમ. એલ. જોશી, બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસા	A critical study of the new syllabus of Mathematics and Science of Stds. V to VII with a view to suggesting measures for its effective implementation.

યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના નીચે જણાવેલ શિક્ષકોને જે તે વિદ્યાભવનના ૧૯૭૨—૭૩ના વર્ષના બજેટમાં ફાળવેલી સંશોધનપ્રવૃત્તિ અંગેની રકમમાંથી સંશોધન ગ્રાન્ટ મેળવવા આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત :

શિક્ષકનું નામ	ભવન	સંશોધનનો વિષય	સંશોધન ગ્રાન્ટની માંગેલ રકમ ₹.
૧. ડૉ. જે. એચ. શાહ	મનોવિજ્ઞાન ભવન	Factorial composition of the adopted S–B Scale at age levels 3+,6+ and 15	૪૦૦–૦૦
૨. શ્રી. એમ. એસ. ત્રિવેદી,	સમાજવિદ્યા ભવન	A survey of the commercial Banking in India	3,૦૦૦–૦૦
૩. શ્રી. જે. આઈ. લાલીવાલા	સમાજવિદ્યા ભવન	Inflation in reserve currency countries and some developed and under-developed countries.	3,૦૦૦–૦૦

૧. યુનિવર્સિટી મનોવિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદના શ્રી. જે. એચ. શાહ અંગે બાબત નં. ૨ (અ)થી નિર્ણય લેવાયો હોઈ તે અંગે વિચારણા કરવાની જરૂર રહેતી નથી.

૨. નીચેના શિક્ષકોની સંશોધન ગ્રાન્ટ અંગેના પ્રસ્તાવો પરની વિચારણા મોકૂફ રાખવી :

ક્રમાંક	શિક્ષકનું નામ અને સંસ્થાનું નામ	સંશોધનનો વિષય
૧.	શ્રી. એમ. એસ. ત્રિવેદી, સમાજ વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ—૯.	A Survey of the Commercial Banking in India
૨.	શ્રી. જે. આઈ. લાલીવાલા, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ—૯	Inflation in reserve currency countries and some developed and under-developed countries.

૪. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદના ડૉ. કે. એન. મહેતા અને ડૉ. આર. સી. મંકોડીને Histo-Chemical studies in Endometrium from cases of primary sterility એ વિષય પર સંશોધન કરવા માટે રૂ. ૨૫૦ની સંશોધન ગ્રાન્ટ ૧૯૬૬–૬૭ના વર્ષમાં મંજૂર કરવામાં આવી હતી. ડૉ. આર. સી. મંકોડીએ તેઓ સંશોધનકાર્ય પૂરું કરી શકયા નહિ હોવાથી રૂ. ૧૨૫–૦૦ની ચૂકવેલ રકમ સામે રૂ. ૧૨૫—૭૩ પૈસા પરત કર્યાની નોંધ લેવા અંગે.

વર્ષ ૧૯૬૬—૬૭માં મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદના શિક્ષક ડૉ. કે. એન. મહેતાને સંશોધન કરવા માટે રૂ. ૨૫૦ની સંશોધન ગ્રાન્ટ મંજૂર રાખવામાં આવેલ તેમાંથી પ્રથમ હપતા પેટે ચૂકવેલ રૂ. ૧૨૫—૦૦ પરત કર્યાના કાર્યની નોંધ લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. સર પી. ટી. સાયન્સ કૉલેજ, ગોધરાના હાલ મહિલા આર્ટ્સ કૉલેજ, ખંભાતના ડૉ. મધુસૂદન એમ. પારેખને Investigation of Historical and cultural back ground of Panchmahals as reflected in Sanskrit and other literature" એ વિષય પર સંશોધન કરવા માટે રૂ. ૨૦૦ની સંશોધન ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હતી. તેના સંદર્ભમાં મજકૂર સંશોધનના વિષયનો લેખ "શારદાપીઠ પ્રદીપ"ના વૉલ્યૂમ ૧૨ ફેબ્રુઆરી ૧૯૭૨ના અંકમાં છપાયાની રિપ્રિન્ટ્સ મોકલાવ્યાની નોંધ લેવા અંગે.

મહિલા આર્ટ્સ કૉલેજ, ખંભાતના ડૉ. મધુસૂદન એમ. પારેખને સંશોધનકાર્ય કરવા માટે આપેલ ગ્રાન્ટ અન્વયે તેમણે સંશોધનકાર્ય પૂરું કરી તે છપાયાના કાર્યની નોંધ લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. વર્ષ ૧૯૭૨—૭૩ના વર્ષમાં ભાષાસાહિત્ય ભવનના રીડર ડૉ. ટી. એસ. નાન્દીને "An unpublished Manuscripts, A comments by Gunaratanagani Karyaprakash of Mammata" એ વિષય પરત્વે સંશોધન અર્થે રૂ. ૬૦૦ની સંશોધન ગ્રાન્ટ અપૂરતી હોવાથી વધુ રૂ. ૧,૦૦૦ની સંશોધન ગ્રાન્ટ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

વર્ષ ૧૯૭૨—૭૩ના વર્ષમાં ભાષાસાહિત્ય ભવનના રીડર ડૉ. ટી. એસ. નાન્દીને "An unpublished Manuscripts, A comments by Gunaratanagani Karyaprakasa of Mammata" એ વિષય પર રૂ. ૬૦૦ની ગ્રાન્ટ મંજૂર કરેલી, તે ઉપરાંત વધારાની રૂ. ૧,૦૦૦ની સંશોધન ગ્રાન્ટ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. ડૉ. એમ. એન. દેસાઈ તરફથી "Studies in Cuthotic Profusian of Metals" એ વિષય પરત્વે રૂ. ૪,૦૦૦ની સંશોધન ગ્રાન્ટ મેળવવા માટે આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

નોંધ.—રૂ. ૨,૦૦૦ ધાતુઓ અને મિશ્રધાતુઓની ખરીદી અંગે અને રૂ. ૨,૦૦૦ રસાયણો માટે.

ડૉ. એમ. એન. દેસાઈ, રીડર, રસાયણવિજ્ઞાન વિભાગ, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ તરફથી "Studies in Cuthotic Profusian of Metals" એ વિષય પરત્વે સંશોધન માટે આવેલી માગણીના સંદર્ભમાં નક્કી કરવામાં આવ્યું કે વર્ષ ૧૯૭૨—૭૩માં જે શિક્ષકો તરફથી સંશોધનકાર્ય અંગે આર્થિક સહાય મેળવવા અરજીઓ આવેલી અને તેમની અરજીઓ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની યોજના હેઠળ સંશોધન ગ્રાન્ટ મેળવવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવા ગઈ સભામાં ઠરાવેલું તે અરજીઓની સાથોસાથ વિચારણા કરવી.

આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે—

૧. નીચેના શિક્ષકોની અરજીઓ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના નિયત પત્રકમાં મંગાવી યોગ્ય ભલામણ સાથે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવી :

ક્રમાંક	**શિક્ષકનું નામ**	**સંશોધન યોજનાનો વિષય**
૧.	ડૉ. એમ. એન. દેસાઈ, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, રસાયણવિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯	Studies in Cuthotic Profusian of Metals

ક્રમાંક	શિક્ષકનું નામ	સંશોધન યોજનાનો વિષય
૨.	શ્રી. પી. એસ. સત્પંથી, શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ સાયન્સ, ખંભાત	Biologically aptive Sulphonyl Bis. Quinazalinones
૩.	શ્રી. પી. બી. પટેલ, શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ સાયન્સ, ખંભાત	Synthesis of Physiologically active compounds
૪.	આચાર્યશ્રી જે. ડી. તલાટી, આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, પિલવાઈ	Corrosion of Metals in non-aqueous media
૫.	આચાર્યશ્રી એલ. ડી. દવે, ભવન્સ કૉલેજ, ડાકોર	Chelates of metals their properties and structures
૬.	શ્રી. આર. એમ. શાહ, સાયન્સ કૉલેજ, ગોધરા	The study of schiff's bases of 1 : 3 dia-amino propone 1 : 4–dia-amino butane with 2-on-3-Br. 3-Me propio/Batryo Phenone.
૭.	શ્રી. બી. એમ. દેસાઈ, એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ–૯	Explexometric methods for the determination of Iron (III)
૮.	શ્રી. બી. એન. પટેલ, ભવન્સ કૉલેજ, ડાકોર	Separation of some metal Ion-exchange
૯.	શ્રી. કે. એ. ત્રિવેદી, પી. બી. સાયન્સ કૉલેજ, કપડવંજ	Ecology of Photosociology of Shamlaji forest
૧૦.	શ્રી. એ. બી. વોરા, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯	Effect of pre-sowing treatment on ascorbic acid and carbohydrate metabolism during disication and revival of Oat seedlingly
૧૧.	આચાર્યશ્રી જે. જે. ત્રિવેદી, એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ–૯	Synthesis of compounds of Medical Interest
૧૨.	શ્રી. એમ. પી. ભટ્ટ, અને શ્રી. સી. એચ. ઠાકર, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯	State Finance and Net Transfer of resources

ક્રમાંક	શિક્ષકનું નામ	સંશોધન યોજનાનો વિષય
૧૩.	શ્રી. જે. આઈ. લાલીવાલા સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯	Study of inflation in Reserve currency countries and some developed and under-developed countries
૧૪.	શ્રી. એમ. એસ. ત્રિવેદી, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯	An Empirical analysis of some aspects of the Commercial Banking sectors in India
૧૫.	શ્રી. ગૌતમ વી. પટેલ, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	The Commentaries of— (1) Janardan Vyas, (2) Mahimasingh (3) Sumati Vijay, and (4) Jinachaiya on Meghdoot of Kalidas.
૧૬.	શ્રી. જે. વી. ત્રિવેદી, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ	ખેડા જિલ્લાના પેટલાદ તથા બોરસદ તાલુકાના સંસ્કૃત અને ગુજરાતી અભિલેખો (ઈ.સ. ૧૯૪૭ સુધી)—સંપાદન અને અધ્યયન
૧૭.	શ્રી. જે. બી. પટેલ, સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	The Imperial Guptas—A Political Study (in Gujarat)
૧૮.	શ્રી. કે. એફ. સોમપુરા, ભો. જે. અધ્યયન અને સંશોધન વિદ્યાભવન, અમદાવાદ	The Critical and Comparative Studies in Five Jain Temples at Kumbharia
૧૯.	શ્રી. એન. એ. મહેતા, સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ	Research and Development expenditure and success of the Textile Mills (Selected Textile Mills in Ahmedabad)
૨૦.	શ્રી. વી. સી. પરીખ, અને શ્રી. કે. જી. મુનશી, સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	Evaluation of the working of Industrial Estates in Ahmedabad
૨૧.	શ્રી. બી. સી. પટેલ, આચાર્ય, કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ	An investigation into Inter and Intra Examiner reliability in marking essay type answers with and without marking scheme

૨. નીચેના શિક્ષકોની અરજીઓ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલવી નહિ :

ક્રમાંક	શિક્ષકનું તથા કૉલેજનું નામ	સંશોધનનો વિષય
૧.	શ્રી. વી. ટી. સોની, પી. બી. સાયન્સ કૉલેજ, કપડવંજ	Some potential Anticogulants : 2–methyl–2–substituted–4–aroyl–5–Oxo dihydropyrano (3, 2, C) (1) Benzopyran
૨.	શ્રી. એમ. પી. પટેલ, પી. બી. સાયન્સ કૉલેજ, કપડવંજ	Some aspects of oxidation of English Polymers
૩.	શ્રી. એન. કે. પટેલ, આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ	Corrosion of Aluminium and its inhibition
૪.	શ્રી. આર. સી. પટેલ, ભવન્સ કૉલેજ, ડાકોર	Study of Chelates
૫.	શ્રી. કે. આર. પટેલ, ભવન્સ કૉલેજ, ડાકોર	Inorganic coordination chelation of Sciff's bases to Ketorninc with 1st Tansition metal ions
૬.	શ્રી. કે. એચ. જાદવ, ભવન્સ કૉલેજ, ડાકોર	Preparation of metal complex and Chemical bonding of the metal complex
૭.	શ્રી. બી. બી. પટેલ, બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ	The Study of Physico–chemical properties of potential inhibitors
૮.	શ્રી. ટી. એસ. પઠાણ, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	Histo-chemical exalisation of a free medical peroxides in the short apex of Triticum Sp.
૯.	શ્રી. જે. એચ. ત્રિવેદી, સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ	Metal—Chelates
૧૦.	શ્રી. યુ. એસ. પાઠક, એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ	Synthesis of quinazolene derivatives
૧૧.	શ્રી. એમ. બી. દેવાણી, એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ	Synthesis of Hydrozine derivatives

ક્રમાંક	શિક્ષકનું તથા કૉલેજનું નામ	સંશોધનનો વિષય
૧૨.	શ્રી. કે. સી. ક્ષત્રિય, એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ અમદાવાદ--૯	Basic Esters / amides
૧૩.	શ્રીમતી એસ. એલ. દલાલ, એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ અમદાવાદ--૯	Synthesis of Local Anasthetic
૧૪.	શ્રી. જી. એસ. કાપડિયા, એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ અમદાવાદ--૯	Substituted Biurets.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. પી. મેઠ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "થ"
બાબત ક્રમાંક ૧૯૫

બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સભ્યોએ નવેમ્બર ૧૯૭૨થી જાન્યુઆરી ૧૯૭૩ સુધીમાં ઑડિટ અંગે હાજર રહી કામ પૂરું કર્યું છે. તા. ૩૦--૧--૧૯૭૩ના રોજ અંતિમ સભામાં નીચેના સભ્યો હાજર રહ્યા હતા :

૧. શ્રી. વી. એચ. ભટ્ટ (ચેરમૅન) હાજર
૨. શ્રી. એન. કે. દવે હાજર
૩. શ્રી. જશભાઈ જી. પટેલ હાજર

સેનેટને નીચે પ્રમાણે ૨૩ આઇટેમોનો રિપોર્ટ સને ૧૯૭૧--૭૨ના હિસાબો અંગે કરવાનું ઠરાવ્યું :

૧. યુનિવર્સિટીનાં જુદાં જુદાં ખાતાંમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ (સંશોધન યોજનાઓ સહિત) માટે ઍડવાન્સ રકમ આપવામાં આવે છે. આ રકમો મોટી છે. વળી કેટલાક કેસોમાં તો ૧૯૬૭થી ખેંચાતી આવતી રકમો છે. આ વસ્તુ અટકાવવા ઍડવાન્સ અંગેના નિયમો અમલમાં છે, તે ઉપરાંત નીચે પ્રમાણે નિયમો ઘડવા :

(અ) એક વાર ઍડવાન્સ રકમ લીધા પછી બીજી વાર ઍડવાન્સ માગે ત્યારે પ્રથમ ઍડવાન્સનો હિસાબ શક્ય હોય ત્યાં માગી લેવો. પછી જ બીજી વાર ઍડવાન્સ આપવું. તા. ૩૧ માર્ચ પહેલાં બધા ઍડવાન્સનો હિસાબ પરત આવે તો જ પછીના વર્ષે ઍડવાન્સ રકમ આપવી; એ સિવાય નહિ.

(બ) દરેક વિભાગના અધ્યક્ષ, પોતાના વિભાગમાં ચાલતી પ્રવૃત્તિ (જે માટે ઍડવાન્સ રકમ લીધેલી હોય) માટે મહિને એક વાર વિભાગના કાર્યકરો સાથે એક મીટિંગ રાખે, પ્રવૃત્તિની પ્રગતિથી માહિતગાર રહે અને ઍડવાન્સની પરિસ્થિતિથી માહિતગાર રહે.

(ક) જુદા જુદા ઍડવાન્સ પોતાની પાસે હાથમાં ન રાખતાં બૅંકમાં જ અલગ પ્રોજેક્ટ ખાતે રાખવા જોઈએ.

૨. યુનિવર્સિટીનાં પ્રકાશનો, સંલગ્ન કૉલેજો ખરીદે છે ત્યારે કૉલેજો પાસેથી લેણી રકમ ખેંચાયા કરે છે તે અંગે એવું કરવું કે સંલગ્ન કૉલેજોને પણ રોકડેથી જ વેચાણ કરવું.

૩. માર્કશીટની ફી પરીક્ષા ફી સાથે જ લેવી, જેથી ઘણું કામ અને સમય બચશે.

૪. યુનિવર્સિટીને મળેલાં દાન (મેડલ, પારિતોષિક વગેરે)ની વ્યાજની આવક, તેમાંથી થતા ખર્ચ કરતાં ઘણી વધારે માલૂમ પડે છે. તેથી મેડલ, પારિતોષિક વગેરેની કિંમત વધારીને વ્યાજની આવકની નજીક લઈ જવી. એન્ડાઉમેન્ટ ફંડ વ્યાજની બચત જેટલું વધતું જાય છે, પણ તે વધારવાની જરૂર નથી.

૫. ઑડિટર્સ મેસર્સ લાખિયા દેસાઈ ઍન્ડ કું. યુનિવર્સિટીના હિસાબોનું સતત ઑડિટ (continuous audit) કરે છે તેથી વર્ષ પૂરું થાય (૩૧ માર્ચ) કે તરત જ તેઓ પોતાનો રિપોર્ટ આપી શકે, મોડામાં મોડા ૩૦ જૂન સુધીમાં એ રિપોર્ટ મળી જવાં જોઈએ. તેમનો રિપોર્ટ નવેમ્બરમાં મળે તો તેનું કોમ્પાયન્સ

થતાં ડિસેમ્બર કે જાન્યુઆરી થઈ જાય અને તેમની ભલામણોનો અમલ ચાલુ વર્ષના બદલે પછીના વર્ષે જ થઈ શકે. આ ટાળવા, દર ૩૦ જૂન પહેલાં તેમનો રિપોર્ટ મળવો જોઈએ.

૬. ઑડિટ રિપોર્ટ : મેસર્સ લાખિયા દેસાઈ ઍન્ડ કંપની કે સરકારી નં. compliance રિપોર્ટની તારીખથી એક માસની અંદર મળવો જોઈએ.

૭. યુનિવર્સિટી તરફથી લોકલ સ્પોર્ટ્સ કમિટીને દર વર્ષે સ્પોર્ટ્સ માટે ફાળો આપવામાં આવે છે તે બંધ કરવો જોઈએ; કારણ કે લોકલ સ્પોર્ટ્સ કમિટી ડિનર જેવા બગાડમાં રકમ ખર્ચે છે અને કોચિંગમાં ખર્ચતી નથી.

૮. વિદ્યાર્થીઓ પાસેથી મેળવેલી કોશન મનીની રકમ તેઓ સ્કૂલ છોડે તે તારીખથી એક વર્ષની મુદતમાં ડિપોઝિટ પરત ન લઈ જાય તો તે જપ્ત કરવામાં આવે છે. આ જપ્ત રકમ યુનિવર્સિટીની આવક તરીકે દર્શાવાય છે તેના બદલે આ રકમ વિદ્યાર્થીઓના કલ્યાણ ફંડ ખાતે લઈ જવી અને વિદ્યાર્થીઓને મદદ કે સગવડ પાછળ તે રકમ વાપરવી.

૯. સંશોધન માટે કોઈ અધ્યાપકને ઍડવાન્સ રકમ આપી હોય તો તેની મુદત (૨ વર્ષ) પૂરાં થાય તે પહેલાં તેનો હિસાબ મેળવી લેવો.

૧૦. યુનિવર્સિટી ગ્રંથાલય :

(અ) જુદા જુદા વિષયોનાં પ્રમાણભૂત પુસ્તકોની પસંદગી વિષય દીઠ નિમાયેલી નિષ્ણાત સમિતિ દ્વારા અને બોર્ડ ઑફ સ્ટડીઝ દ્વારા થવી જોઈએ.

(બ) લાઇબ્રેરીનાં પુસ્તકો અભ્યાસક્રમ બદલાતાં નકામાં થઈ જાય ત્યારે યોગ્ય પ્રક્રિયા દ્વારા મંજૂરી મેળવી રદ કરવાં જોઈએ.

૧૧. એસ્ટેટ વિભાગ :

(અ) જમીનમાંથી ઊપજ થાય તેવી યોજનાઓ વિચારીને અમલમાં મૂકવી જોઈએ.

(બ) સ્ટાફ ક્વાર્ટર્સ પાછળ ચાલુ ખર્ચ રૂ. ૨૨,૦૦૦--૦૦ લગભગ છે તેમાંથી ભાડાની આવક વાર્ષિક રૂ. ૨૮,૦૦૦ છે. મરામત અને સુધારાવધારા માટે આવકનો બારમો ભાગ (૧ માસનું ભાડું) વધુમાં વધુ યુનિવર્સિટી ભોગવે અને તેથી વધારાનું ખર્ચ છે તે ક્વાર્ટર્સમાં રહેનાર ભોગવે તેવી યોજના અમલમાં મૂકવી જોઈએ.

૧૨. એન.એસ.એસ. :

જે કૉલેજને આ યુનિટ મળ્યું હોય તેને ઍડવાન્સ આપેલી રકમનો હિસાબ આવી જાય પછી જ બીજું ઍડવાન્સ આપવું. કૉલેજ પાસેથી મૂળ વાઉચરો યુનિવર્સિટી મંગાવે છે તેથી યુનિવર્સિટીનું કામ વધી પડે છે. સારો રસ્તો એ છે કે કૉલેજ યુનિટને ખર્ચ કરે તેનું ઑડિટ કૉલેજનો ઑડિટર કરે અને ઑડિટેડ સ્ટેટમેન્ટ યુનિવર્સિટીનું એન.એસ.એસ. કાર્યાલય મંગાવીને ફાઈલમાં રાખે જે યુનિવર્સિટીના ઑડિટર માટે પૂરતું ગણાવું જોઈએ.

૧૩. હિસાબ વિભાગ :

ઑડિટ વિભાગમાં ૩ કર્મચારીઓ છે તેનું કાર્યક્ષેત્ર યુનિવર્સિટીની વધતી જતી પ્રવૃત્તિઓના કારણે વિસ્તરનું જાય છે તેથી ૩ કર્મચારીઓ પહોંચી વળતા નથી. પરિણામે હિસાબના કાર્યમાં ઢીલ થાય છે અને ભૂલ રહી જાય છે. દા.ત. યુનિવર્સિટી સ્કૂલોના વિદ્યાર્થીઓનાં હાજરીપત્રકો, ફી રિસીપ્ટ સાથે ચેક થવાં જોઈએ જે ૧૯૬૮થી થયાં નથી. ઑડિટ વિભાગમાં વધારાના કામની ગણતરી કરી વધારાના કર્મચારીઓની જરૂર મુજબ નિમણૂક તાત્કાલિક કરવી જોઈએ.

૧૪. આરોગ્ય કેન્દ્ર :

સ્વીપરની જગ્યાની જોગવાઈ બજેટમાં છે છતાંય તે જગ્યા પુરાઈ નથી અને તે જગ્યાએ બે વર્ષથી એક સ્વીપર રોજિંદા વેતન ઉપર રાખવામાં આવેલો છે તે યોગ્ય નથી. વહેલી તકે સ્વીપરને નિયમિત નિમણૂક આપવી જોઈએ.

૧૫. પ્રેસ :

"રિપીટ વર્ક" માટે "ઑફસેટ પ્રિન્ટિંગ મશીન" માટે "પ્લેટ પેકિંગ ઈકિવપમેન્ટ" વસાવવામાં આવે તો પ્રેસની સ્થાપિત શકિતમાંથી વણવપરાયેલી શકિત ઊભી કરી શકાય. તેનો ઉપયોગ બહારનું કામ લેવામાં કરી શકાય. દા.ત. સંલગ્ન કૉલેજોનું પ્રિન્ટિંગ કામ : કામના દર બજાર ભાવ સાથે લાવવા થોડા વધારવા જરૂરી છે (બહારના કામ માટે). આ રીતે ખોટ ઓછી કરી શકાય.

૧૬. ફિક્સ્ડ ડિપોઝિટો :

ફિક્સ્ડ ડિપોઝિટો જુદી જુદી બૅંકોમાં રાખવામાં આવી છે. રાષ્ટ્રીયકરણ થયા પછી તેની કંઈ જરૂર નથી. વહીવટી સગવડ માટે બધી જ થાપણો એક જ બૅંકમાં રાખવી જોઈએ.

૧૭. ઈયર માર્ક્ડ બૅંક ખાતાં :

હવે આ ખાતાંની જરૂર નથી તે યુનિવર્સિટીના જનરલ બૅંક ખાતામાં મર્જ કરી દેવાં જોઈએ.

૧૮. સ્ટે. ૧૨૪ :

બોર્ડ ઑફ અૅકાઉન્ટ્સ પોતાની મર્યાદાઓના કારણે ટેસ્ટ ઑડિટ જ કરી શકે. તેથી આ સ્ટેચ્યૂટમાં "ઑડિટ" શબ્દ આગળ "ટેસ્ટ" શબ્દ ઉમેરીને સ્ટેચ્યૂટ સુધારવો જોઈએ. વળી બોર્ડનો સભ્ય એક વર્ષમાં તો યુનિવર્સિટીની અૅકાઉન્ટ સિસ્ટમ ઉપર માંડ પકડ મેળવી શકે ત્યાં તો તેની મુદત પૂરી થઈ જાય, તેથી સ્ટેચ્યૂટમાં સુધારો કરી બોર્ડની મુદત ઓછામાં ઓછાં ૩ વર્ષની કરવી જોઈએ.

આવા બોર્ડના સભ્ય હિસાબી જ્ઞાન ધરાવતા હોવા જરૂરી છે.

૧૯. બાકી બિલોના હવાલા :

યુનિવર્સિટીના વિવિધ ખર્ચ માટે વર્ષને અંતે ચૂકવવાની બાકી રહેતી રકમ માટે બાકી બિલોનું રજિસ્ટર રાખવામાં આવે છે તો પછી બાકી ખર્ચના હવાલા ઊપજ ખર્ચ ખાતામાં અને પાકા સરવૈયામાં નાખવામાં કંઈ મુશ્કેલી ન રહેવી જોઈએ. (કોઈ કોઈ ખર્ચમાં તે શકય નથી. દા.ત. સભ્યોનું બાકી ટી.એ. બિલ પણ તે સિવાય ઘણા ખર્ચમાં બાકી ખર્ચના આંકડા મેળવવા અશકય નથી.) તેથી બાકી ખર્ચના હવાલા નાખીને વાર્ષિક હિસાબો તૈયાર કરવા જોઈએ. એ જ રીતે બાકી આવકના હવાલા પણ પાડવા જોઈએ.

૨૦. યુનિવર્સિટીની મિલકતો સ્ટોર, ગ્રંથાલયમાં પુસ્તકો વગેરેનું ફિઝિકલ ઑડિટ ઈન્ટર્નલ ઑડિટ દ્વારા કે ઑડિટર્સ મેસર્સ લાખિયા દેસાઈ ઍન્ડ કંપની દ્વારા દર વર્ષ અથવા દર બે વર્ષે કરાવવું જોઈએ.

૨૧. ફિઝિકલ એજ્યુકેશન વિભાગ :

કોઈ પણ કોચિંગ કેમ્પમાં ભાગ લેનારાનું કેમ્પના દિવસો દરમિયાનનું હાજરીપત્રક વાઉચર સાથે આપાવું જોઈએ. પાર્ટિસિપેન્ટની સહી હાજરીના ખાનામાં દરરોજ લેવી જોઈએ.

૨૨. શિક્ષકોને આર્થિક સહાય આપવા માટેનું ઈયરમાર્ક્ડ ફંડ રૂ. ૬૮,૦૦૦ લગભગનું છે. માહિતી મુજબ આ ફંડ રિસર્ચ ગ્રાન્ટ વાપરવપરાયેલી પડી રહેલી તેમાંથી ઊભું થયું છે અને રિસર્ચ માટે જ તેમાંથી મદદ આપવાની છે તેથી આ નામ બદલવું જોઈએ અથવા નામમાં "રિસર્ચ માટે" આ બે શબ્દો ઉમેરવા જોઈએ. તેના ઉપયોગ વ્યાપક રીતે થાય તેવા યત્નો સત્તામંડળે કરવા જોઈએ.

૨૩. યુનિવર્સિટી સ્કૂલ, ફિઝિકલ એજ્યુકેશન વિભાગ વગેરે(જ્યાં ઍડવાન્સની ખેંચાતી રકમો મોટી છે)માં આ માટેની તપાસ કરતાં દરેકના વડાની સામાન્ય ફરિયાદ એ હતી કે તેમની પાસે ઍકાઉન્ટ્સના કામ માટે માણસ નથી અથવા ઓછા માણસ છે અથવા જુનિયર માણસ છે. આ અંગે તપાસ કરી યોગ્ય થવું જોઈએ.

આ સિવાય, હિસાબી પદ્ધતિ સંતોષકારક છે. હિસાબ વિભાગના અધિકારીઓએ અમને સહકાર આપ્યો છે. અમે વિદ્યાભવનોના અધ્યક્ષોને પણ મળેલા, તેમણે પણ સારો સહકાર આપ્યો છે. અમે તેમના આભારી છીએ.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભો. કે. શાહ
કુલસચિવ વતી

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ–૯

ગુ.યુ.પ્રેસ ૧૪૯૪--૪૫૦--૪--૧૯૭૩

સિન્ડિકેટ (માર્ચ) : તા. ૧૧--૩--૧૯૭૩

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની માર્ચ માસની સભા, રવિવાર, તા. ૧૧--૩--૧૯૭૩ના રોજ સવારના ૯--૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૧--૩--૧૯૭૩
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય સી. એસ. શાહ	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૭.	શ્રી. ઈન્દ્રવદન અંબાલાલ મોદી	ગેરહાજર
૮.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૯.	શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	હાજર
૧૦.	શ્રી. હીરાલાલ એચ. ભગવતી	હાજર
૧૧.	શ્રી. પ્રફુલ્લચંદ્ર સી. શાહ	હાજર
૧૨.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૩.	શ્રી.કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૪.	પ્રોફેસર દેવવ્રત એન. પાઠક	હાજર
૧૫.	આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	હાજર
૧૬.	આચાર્ય ડૉ. લક્ષ્મીપ્રસાદ ઘનશંકર દવે	હાજર
૧૭.	આચાર્ય ડી. ડી. દેસાઈ	ગેરહાજર
૧૮.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. તા. ૧૭--૨--૧૯૭૩ના રોજ મળેલ સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવા બાબત :

તા. ૧૭--૨--૧૯૭૩ના રોજ મળેલ સિન્ડિકેટની સભાની નોંધને નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) બાબત નં. ૭૧ (પાનું ૪૮) ઉપરના ઠરાવમાં 'રેગ્યુલેશનો' શબ્દને બદલે 'ઑર્ડિનન્સો' એમ ફેરફાર કરવો.

(૨) બાબત નં. ૧૧૨ (પાનું ૬૦) ઉપરના ઠરાવમાં '૧૪મી જૂન ૧૯૭૩ સુધી' ને બદલે '૧૪મી જૂન ૧૯૭૪ સુધી' એમ ફેરફાર કરવો.

(૩) બાબત નં. ૧૭૩ (પાનું ૮૮) ઉપરના ઠરાવમાં સ્ટે. ૧૭૩ના પાઠમાં કલમ (૨)ની પેટાકલમ (એ) અને (બી)ની વચ્ચે 'or' શબ્દ મૂકવો.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ડિપ્લોમા-ઇન-મૅથેમેટિકલ ઇકોનોમિક્સની પરીક્ષા તા.૨૦-૨-૧૯૭૩ને બદલે તા. ૨૧-૫-૧૯૭૩ના રોજ શરૂ કરવા અને ડી.પી.એસ.ડબલ્યુ. અને ડી.પી.ઓ.ટી.ની પરીક્ષાઓ તા. ૧૨--૩--૧૯૭૩ને બદલે તા. ૬--૪--૧૯૭૩ના રોજથી શરૂ કરવા અંગેના;

(૨) ઑક્ટોબર ૧૯૭૨માં લેવાયેલ ફાઇનલ એમ.બી.,બી.એસ. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થિનીઓ કુ. પલ્લવી આર. શાહને તેમ જ કુ. સુરમા કાન્તિલાલ દેસાઈને આફ્રિકામાં ઝાંબિયામાં આવેલ લુસાક્કાની યુનિવર્સિટી ટીચિંગ હૉસ્પિટલમાં ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ (ઇન્ટર્નશિપ) કરવાની મંજૂરી આપ્યાના;

(૩) એપ્રિલ ૧૯૭૩માં બી.ઈ. (ઇલેક્ટ્રિકલ)ની પરીક્ષા જૂના અભ્યાસક્રમ મુજબ લેવા માટે મંજૂરી આપ્યાના;

(નોંધ.—બે વિદ્યાર્થીઓ મજકૂર પરીક્ષા આપનાર છે.)

(૪) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૧૭--૧--૧૯૭૩ના પત્ર ક્રમાંક એફ. ૭--૧--૧૩-(એચ. ૧)થી આ યુનિવર્સિટીના ગ્રંથાલયમાં પુસ્તકો તથા સામયિકોની ખરીદી માટે ચોથી પંચવર્ષીય યોજના અંગે વિકાસ માટેની મંજૂર કરેલ ગ્રાન્ટ ઉપરાંત વધારાની રૂ. ૨,૦૦,૦૦૦-(બે લાખ)ની ગ્રાન્ટ સદરહુ યોજનાના સમય માટે મંજૂર કરી તેની નોંધ લેવા તથા તે માટે ગ્રંથપાલશ્રીના તા. ૭--૨--૧૯૭૩ના પત્રથી સદરહુ ગ્રાન્ટની યુનિવર્સિટીનાં ભવનોના વિભાગવાર સૂચવેલ ફાળવણી નીચે પ્રમાણે મંજૂર કર્યાના :

ક્રમાંક	વિભાગનું નામ	ફાળવેલ ગ્રાન્ટ
૧.	ગણિતવિજ્ઞાન	રૂ. ૮,૦૦૦
૨.	પ્રાણીવિજ્ઞાન	રૂ. ૨૧,૦૦૦
૩.	પદાર્થવિજ્ઞાન	રૂ. ૨૧,૦૦૦
૪.	રસાયણવિજ્ઞાન	રૂ. ૨૭,૦૦૦
૫.	રાજ્યશાસ્ત્રવિજ્ઞાન	રૂ. ૮,૦૦૦
૬.	સમાજશાસ્ત્ર	રૂ. ૧૦,૦૦૦

ક્રમાંક	વિભાગનું નામ	ફાળવેલ ગ્રાન્ટ
૭.	ઇતિહાસ	રૂ. ૫,૦૦૦
૮.	લેબર વેલ્ફેર	રૂ. ૬,૦૦૦
૯.	અર્થશાસ્ત્ર	રૂ. ૨૬,૦૦૦
૧૦.	શિક્ષણશાસ્ત્ર	રૂ. ૮,૦૦૦
૧૧.	ફિલોસોફી	રૂ. ૮,૦૦૦
૧૨.	મનોવિજ્ઞાન	રૂ. ૮,૦૦૦
૧૩.	અંગ્રેજી	રૂ. ૮,૦૦૦
૧૪.	પ્રાકૃત–પાલિ	રૂ. ૮,૦૦૦
૧૫.	હિંદી	રૂ. ૫,૦૦૦
૧૬.	સંસ્કૃત	રૂ. ૮,૦૦૦
૧૭.	પર્શિયન	રૂ. ૬,૦૦૦
૧૮.	ગ્રંથાલયશાસ્ત્ર	રૂ. ૯,૦૦૦
		કુલ રૂ. ૨,૦૦,૦૦૦

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩. પ્રો. કે. આર. ચંદ્રશેખરન સિન્ડિકેટના સભ્ય તરીકે હવે મટી જવાથી ફાઇનાન્સ કમિટી ઉપર તેઓની જગ્યાએ બીજા સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

[નોંધ.—ફાઇનાન્સ સમિતિ ઉપર હાલ નીચેના સભ્યો છે :

(૧) કુલપતિશ્રી

(૨) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી

(૩) શ્રી. હીરાલાલ હ. ભગવતી]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર પ્રો. કે. આર. ચન્દ્રશેખરનની જગ્યાએ તા. ૪-૧-૧૯૭૪ સુધીની મુદત માટે પ્રો. ડી. એન. પાઠકને નીમવા.

૪. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઓક્યુપેશનલ હેલ્થ, અમદાવાદ તરફથી અનુસ્નાતક અભ્યાસક્રમ તથા પીએચ.ડી. પદવી સુધી ઓક્યુપેશનલ હેલ્થના અભ્યાસક્રમો શીખવવા માટે માન્યતા મેળવવા માટે આવેલ અરજી ઉપર સ્થાનિક તપાસસમિતિની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

(૧) ડૉ. એ. એન. ભટ્ટ

(૨) શ્રી. રમેશભાઈ મહેતા

(૩) ડૉ. રામાનુજમ્

૫. માર્ચ ૨૩થી ૨૫, ૧૯૭૩ના સમય દરમિયાન કલકત્તા મુકામે યોજનાર ઇન્ડિયન પબ્લિક હેલ્થ એસોસિયેશનના ૧૭મા વાર્ષિક અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા અંગે એસોસિયેશનના સામાન્ય મંત્રીશ્રીના તા. ૮--૨--૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર જણાતી નથી.

૬. ભાષા-સાહિત્ય ભવનમાં યુનિવર્સિટીના ઉપક્રમે યોજાયેલ ઑલ-ઇન્ડિયા ઇંગ્લિશ ટીચર્સ કૉન્ફરન્સ અંગે ભવનના તથા યુનિવર્સિટીના નીચે જણાવેલ કર્મચારીઓએ કાર્યાલયના સમય સિવાય વધારાનું કામ કરેલ તે માટેનું મહેનતાણું સ્વીકારવાની મંજૂરી માટે ભવનના અધ્યક્ષશ્રીના તા. ૧૨--૨--૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	વધારાના મહેનતાણાની સૂચિત રકમ	કર્મચારીનો મૂળ પગાર
		રૂ.	રૂ.
૧.	શ્રી. એમ. એચ. શાહ	૨૫૦--૦૦	૨૨૩
૨.	શ્રી. એન. એસ. ઠાકોર	૧૫૦--૦૦	૪૧૩
૩.	શ્રી. કે. એલ. મહેતા	૧૧૦--૦૦	૨૪૩
૪.	શ્રી. વાય. યુ. મહાજન	૧૦૦--૦૦	૧૭૮
૫.	શ્રી. વાળંદ	૮૦--૦૦	૯૪
૬.	શ્રી. ચંદન	૮૦--૦૦	૧૨૫
૭.	શ્રી. કરસન	૮૦--૦૦	૧૫૩
૮.	શ્રી. ચિમન પટેલ	૭૦--૦૦	૧૨૫
૯.	શ્રી. જીવણ વાઘેલા	૭૦--૦૦	૧૫૩
૧૦.	શ્રી. ગુલાબ વાઘેલા	૬૦--૦૦	૧૫૩
૧૧.	શ્રી. મહેશ દવે	૬૦--૦૦	૩૫૦

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના સભ્યો પૈકી ક્રમાંક ૧થી ૪ અને ૧૧ ને ૧૯૭૨--૭૩ના વર્ષ દરમિયાનનું સદરહુ સભ્યોનું યુનિવર્સિટીનાં કામકાજ સિવાયનાં બીજાં કામકાજો અંગેનું કુલ વેતન તેમના કુલ વાર્ષિક મૂળ પગાર(basic salary)ના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને ઉપર જણાવેલાં કામકાજ માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

વધુમાં ઉપર ક્રમાંક ૫થી ૧૦ને સદરહુ કામકાજ માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૭. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૬ (૧) વર્ગ બે (એ) (૪) (સી) અન્વયે સેનેટ પર આવતા ગુજરાત વિધાનસભાના સભ્યો પૈકી શ્રીમતી ભટ્ટાબહેન એસ. પંડ્યાને એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮--૯--૧૯૭૨-ની સભાની ભલામણ અનુસાર વિનયનની વિદ્યાશાખા તેમ જ વિનયન અને વાણિજ્યની સંયુકત વિદ્યાશાખા હેઠળ આવતી લેબર વેલ્ફેરની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી ભટ્ટાબહેન એસ. પંડ્યાને મજૂર-કલ્યાણની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

૮. પ્રથમ વર્ષ બી.કૉમ. અર્થશાસ્ત્રનો સુધારવામાં આવેલ અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા તથા તે મુજબ સુધારેલા રેગ્યુ. કૉમ.--૨ને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૨—૨—૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઍ.કા. બાબત ક્રમાંક ૨૦).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી અને તે મુજબ રેગ્યુ. કૉમ.--૨ મંજૂર કરીને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. કૉમ.--૨ની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૯. બીજા વર્ષ બી.કૉમ.નો "મૅનેજરિયલ ઇકોનોમિક્સ"ના વૈકલ્પિક પ્રશ્નપત્રોનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા તથા તે મુજબ સુધારેલા રેગ્યુ. કૉમર્સ.—૮ને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૨--૨--૧૯૭૩ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (ઍ.કા. બાબત ક્રમાંક ૩૦).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી અને તે મુજબ રેગ્યુ. કૉમર્સ--૮ મંજૂર કરીને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. કૉમર્સ--૮ની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૧૦. બીજા વર્ષ બી.કૉમ.નો બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, પેપર ૨નો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા તથા તે મુજબ સુધારેલા રેગ્યુ. કૉમર્સ—૮ને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૨—૨--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઍ.કા. બાબત ક્રમાંક ૩૧).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી અને તે મુજબ રેગ્યુ. કૉમર્સ--૮ ને મંજૂર કરીને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. કૉમર્સ--૮ની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૧૧. પોસ્ટ-ગ્રૅજ્યુએટ ડિપ્લોમા ઇન ક્વૉન્ટિટેટિવ ઇકોનોમિક્સમાં ઉત્તીર્ણતાનાં ધોરણો અંગેનો રેગ્યુલેશન આ સાથે જોડેલા પરિશિષ્ટમાં દર્શાવ્યા પ્રમાણેનો મંજૂર કરી તેને તાત્કાલિક અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૨--૨--૧૯૭૩ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (ઍ.કા. બાબત ક્રમાંક ૫૨).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી અને તે મુજબ રેગ્યુ. R.P.G. (Dip.) in Quan. Econ.ને મંજૂર કરીને તેને તાત્કાલિક એટલે કે માર્ચ--એપ્રિલ ૧૯૭૩ની પરીક્ષાને લાગુ પડે તે રીતે અમલમાં મૂકવો.

[સદરહુ રેગ્યુ. R.P.G. (Dip.) in Quan. Econ.ની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.]

૧૨. સિન્ડિકેટે તેની તા. ૬--૫--૧૯૭૨ની સભામાં માસ્ટર ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ (એમ.બી.એ.)ના અભ્યાસક્રમ અંગે નીમેલી સમિતિએ સૂચવેલા અભ્યાસક્રમ મંજૂર કરવા તથા તેમાં જરૂરી સુધારાવધારા કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૨--૨--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઍ.કા. બાબત ક્રમાંક ૪૫).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી, અને સદરહુ અભ્યાસક્રમને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

૧૩. એમ.એસસી. માઇક્રોબાયોલોજી ભાગ ૧નો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા અને તે અંગેના સંબંધકર્તા રેગ્યુ. એમ.એસસી.--૪ને સુધારી જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨--૨--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા. બાબત ક્રમાંક ૪૨).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી અને તે મુજબ રેગ્યુ. એમ.એસસી.--૪ મંજૂર કરીને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. એમ.એસસી.--૪ની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૧૪. તબીબી વિદ્યાશાખાની તા. ૭--૨--૧૯૭૩ની સભાની નીચેની ભલામણો સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨--૨--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા. બાબત ક્રમાંક ૪૮) :

" (૧) તબીબી વિદ્યાશાખા હેઠળ એમ.એસસી. (મેડિકલ)ના હાલના અભ્યાસક્રમને રદ કરીને તેને સ્થાને એમ.એસસી. (મેડિકલ)નો ૩ ૧/૨ વર્ષનો અભ્યાસક્રમ નૉન-મેડિકલ ગ્રેજ્યુએટ માટે રાખવા ભલામણ છે.

(૨) સૂચિત અભ્યાસક્રમ માટે પ્રવેશનાં ધોરણો, અભ્યાસક્રમ તથા પાસ થવાનાં ધોરણોની નકલ પરિશિષ્ટ તરીકે સામેલ છે.

(૩) બી.એસસી. (મેડિકલ)નો અભ્યાસક્રમ તથા તેને લગતાં ધારાધોરણો રદ કરવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરવી અને તે મુજબ ઑર્ડિ. ૩૦૦ તથા રેગ્યુ. ૧૯૩ અને રેગ્યુ. ૧૯૧ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા અને સુધારેલા ઑર્ડિનન્સ અને રેગ્યુલેશનોનો અમલ ૧૧થી જૂન ૧૯૭૩થી ત્રણ વર્ષ સુધી કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે બી.એસસી. મેડિકલના અભ્યાસક્રમો રદ કરવા અને તે માટેના ઑર્ડિ. ૨૯૯ અને રેગ્યુ. ૧૯૦, રેગ્યુ. ૧૯૧ અને રેગ્યુ. ૧૯૨ રદ કરવા.

(સુધારેલા ઑર્ડિનન્સ અને રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૧૧. પ્રી-મેડિકલના અભ્યાસક્રમના રેગ્યુ પ્રી-મેડિકલ ૨માં અંગ્રેજીનો અભ્યાસક્રમ નીચે મુજબ સુધારવા અને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨--૨--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા. બાબત ક્રમાંક ૩૯) :

English Compulsory

Section I—Language work ... 35 marks.

Topics for Language work :

The sentence, the noun, the adjective, the adverb, the pronoun, the verb, the preposition, the conjuction, the interjection.

Recommended book

'A Concise English Grammar for Foreign Students' by C. E. Fokersley (Orient Longmans)

Section II—Texts ... 35 marks.

No poems of Poetic plays to be prescribed, only Victorian and Post-victorian Texts in prose will be prescribed from Essay, Fiction, Plays, Biographies, Translation, etc.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી અને તે મુજબ રેગ્યુ. પ્રી-મેડિકલ--૨ મંજૂર કરીને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

૧૬. એમ.ડી. અને એમ.એસ.ની પરીક્ષામાં બેસવા અંગે વ્યવસાયી તબીબોને આપવામાં આવતા કન્સેશનને રદ કરવા, પરંતુ કૉલેજોમાં કામ કરતા શિક્ષકોને અપાતા કન્સેશનને ચાલુ રાખવા અને તે માટે ઑર્ડિ. ૨૮૪ અને ઑર્ડિ. ૨૯૭ સુધારવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૨--૨--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઍ.કા. બાબત ક્રમાંક ૪૭).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી અને તે મુજબ ઑર્ડિ. ૨૮૪ અને ઑર્ડિ. ૨૯૭ મંજૂર કરીને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા ઑર્ડિ. ૨૮૪ અને ઑર્ડિ. ૨૯૭ની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૧૭. પોસ્ટ-બી.એસસી. ડિગ્રી કોર્સ ઈન ઈલેકટ્રોનિકસ ઍન્ડ કોમ્યુનિકેશન ઍન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન ઍન્ડ કૉન્ટ્રોલ એન્જિનિયરિંગની શિક્ષણ અને પરીક્ષાની યોજનાનાં ધારાધોરણો તેમ જ અભ્યાસક્રમ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવા તથા તે અંગેના રેગ્યુ. પી. બી. એન્જિ.-૧૫ને સુધારી જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૨--૨--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઍ.કા. બાબત ક્રમાંક ૫૦).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી અને તે મુજબ રેગ્યુ. પી.બી. એન્જિ.—૧૫ મંજૂર કરીને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. પી. બી. એન્જિ.--૧૫ની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૧૮. કેમિકલ એન્જિનિયરિંગના વિષયના અભ્યાસક્રમોમાં સુધારા કરી સુધારેલા અભ્યાસક્રમો મંજૂર કરવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૨--૨--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઍ.કા. બાબત ક્રમાંક ૨૨).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી અને સદરહુ અભ્યાસક્રમને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

(મંજૂર કરવામાં આવેલા અભ્યાસક્રમની નકલ **પરિશિષ્ટ "ટ"** તરીકે સામેલ છે.)

૧૯. ઈજનેરીના સેમેસ્ટર પદ્ધતિના નિયમોના ઑર્ડિ. એન્જિ. એસ. ૪માં ઑ. એન્જિ. એસ. ૪ (એ)-નો નીચે પ્રમાણેનો પ્રોવિઝો ઉમેરવા અને તેને જૂન ૧૯૭૩ના શૈક્ષણિક વર્ષથી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૨--૨--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઍ. કા. બાબત ક્રમાંક ૪૯).

O. Eng. S. 4 (A) :

"A candidate who has passed Final Year Diploma Examination in at least Second Class of the Technical Examination Board, Gujarat State or any other examinations recognised as equivalent thereto will be eligible for admission directly to the Third Semester of the respective branch for the 5-year degree course in Civil, Mechanical, Electrical, Electronics & Communication and Chemical

Engineering. Such candidates will be exempted from appearing at the subject of the Third Semester and Fourth Semester as under :

(*a*) Candidates who have passed Diploma in Civil Engineering ;

(*i*) Third Semester :

1. Engineering Mechanics.

(*ii*) Fourth Semester :

1. Humanities—III
2. Surveying—I

(*b*) Candidate who have passed Diploma in Mechanical or Electrical Engineering :

(*i*) Third Semester :

1. Engineering Mechanics
2. Heat Power—I
3. Workshop Practice—III

(*ii*) Fourth Semester :

1. Humanities—III
2. Electrical Circuit & Fields
3. Workshop Practice—IV

(*c*) Candidates who have passed Diploma in Chemical Engineering :

Third Semester :

1. Workshop Practice—III. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી અને તે મુજબ ઑર્ડિ. એન્જ. એસ.–૪ માં ઑ. એન્જ. એસ.–૪ (એ)નો ઉપર પ્રમાણેનો પ્રોવિઝો ઉમેરવો અને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

૨૦. જે ચાલુ કૉલેજોમાં જૂન ૧૯૬૯ કે ત્યાર પછી વિનયન અને વાણિજ્યની નવી વિદ્યાશાખા ઉમેરવામાં આવી હોય તથા (૨) જે કૉલેજનું જૂન ૧૯૬૯થી પરંતુ ૧૯૭૨ પહેલાં વિભાજન થયેલું હોય અને જેમાં જૂન ૧૯૬૯ પહેલાં અસ્તિત્વ ધરાવતી વિદ્યાશાખા ઉમેરવામાં આવી હોય તેવી કૉલેજો માટે ગ્રાન્ટ ઈન એઈડની નીતિ અંગેના રાજ્ય સરકારના તા. ૧--૨--૧૯૭૩ના ઠરાવ ક્રમાંક એનજીસી ૩૭૦-૧૩૫૬૩૩-ખની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૧. તા. ૧૧--૧--૧૯૭૩ની ફાઇનાન્સ સમિતિની નીચેની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૧૩--૧--૧૯૭૩ની સભામાં મોકૂફ રાખી હતી આથી આ ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવન માટે એવીસદુગલ બ્રાન્ડ લેબોરેટરી કેમિકલ ખરીદવા માટે મે. ભાગવત બ્રધર્સ સાથે તેઓના તા. ૨૨--૧૨--૧૯૭૨ના પત્રાંક ૩૭૬માં જણાવ્યા પ્રમાણેની શરતો મુજબ રેઇટ કૉન્ટ્રાક્ટ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૨. સિન્ડિકેટની તા. ૧૧/૧૨—૧૧—૧૯૭૨ની સભામાં સંલગ્ન કૉલેજોમાં શિક્ષકોને અપાતું ઘરભાડા ભથ્થું બેઝિક પગારના ૧૦ ટકા પ્રમાણે ઓછામાં ઓછું આપવાની બાબતમાં કૉલેજોના આર્થિક બોજાનો પણ વિચાર કરી રિપોર્ટ રજૂ કરવા નિયુક્ત થયેલ સમિતિમાં અધ્યાપકવર્ગના બે પ્રતિનિધિઓનાં નામ ઉમેરવાના ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપકમંડળના મંત્રીશ્રીના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર નીચેના બે સભ્યોને ઉમેરવા :

(૧) પ્રો. કે. એસ. શાસ્ત્રી

(૨) ડૉ. એમ. એન. દેસાઈ.

૨૩. ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ્ ટેકનોલોજી, નડિયાદના ટેકનિકલ વર્ગના કર્મચારીઓએ પોતાનાં પગારધોરણ સુધારવા અંગે કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચેના સભ્યોની સમિતિ રચવી :

(૧) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી

(૨) ડૉ. સી. એસ. શાહ

(૩) પ્રો. કે. એસ. શાસ્ત્રી.

૨૪. ભારત—જાપાન વિદ્યાર્થી વિનિમય યોજના હેઠળ જાપાનની ઓટેમોન ગાકુઈન યુનિવર્સિટી, ઓસાકા અને ગુજરાત યુનિવર્સિટી વચ્ચે આ કાર્યક્રમ ૧૯૭૩—૭૪ના વર્ષ માટે ચાલુ રાખવા તથા યુનિવર્સિટીના પ્રોફેસર સુગ્રી તરફથી આવેલ નીચેના સૂચન અંગે વિચારણા કરવા બાબત :

"આ કાર્યક્રમ એકને બદલે બે માસનો રાખવો. વિદ્યાર્થીઓ એક માસ યુનિવર્સિટીના મહેમાન તરીકે રહે જ્યારે બીજો એક માસ વિદ્યાર્થીઓ પોતે સ્વતંત્ર રીતે ફરી શકે અને તેનો ખર્ચ પોતે ભોગવે પણ યુનિવર્સિટીએ તેમને રહેવાની સગવડ આપવાની રહે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યુનિવર્સિટીના પ્રમુખશ્રી ચાલુ વર્ષ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીની મુલાકાતે આવવાના છે, તો આ બાબત અંગે તેઓની સાથે ચર્ચાવિચારણા કર્યા પછી નિર્ણય લેવાનું રાખવું. દરમિયાન સદરહુ કાર્યક્રમ અંગે હાલ પ્રવર્તમાન નીતિનિયમો મુજબ કાર્યવાહી કરવી.

૨૫. યુનિવર્સિટી દ્વારા લેવાતી પરીક્ષાઓમાં કોઈ કેન્દ્રમાં બધા જ વિદ્યાર્થીઓ ફક્ત ગુજરાતી માધ્યમ દ્વારા પરીક્ષામાં બેસનાર હોય તો તે પરીક્ષા માટેના પ્રશ્નપત્રો ફક્ત ગુજરાતીમાં જ છાપવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

હાલની પ્રથા મુજબ પ્રશ્નપત્ર બે ભાષામાં અંગ્રેજી અને ગુજરાતીમાં છાપવામાં આવે છે. પ્રત્યેક પ્રશ્નના ગુજરાતી પાઠ નીચે તેના અંગ્રેજીમાં તરજુમા છાપવામાં આવે છે.

(**નોંધ.**—ડીસાના આચાર્યશ્રીનો તા. ૧૩—૨—૧૯૭૩નો પત્ર આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટેના પ્રશ્નપત્રોના છાપકામની બાબતમાં હાલનાં ધોરણોનું ચાલુ રાખવાં.

૨૬. નીચે જણાવેલ સંલગ્ન કૉલેજો તરફથી તેમનાં નામ સામે દર્શાવેલ વિષયોનું શિક્ષણકાર્ય બંધ કરવા માટે આવેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત :

૧. શાહ કે. એસ. આર્ટ્સ અને વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ	... જૂન ૧૯૭૨થી બી.એ. (સમો.)માં હિંદી અને પર્શિયન
૨. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ	... જૂન ૧૯૭૨થી બી.એ. (સમો.)માં સંસ્કૃત
૩. ભવન્સ કૉલેજ, ડાકોર	... જૂન ૧૯૭૨થી બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત; બી.એ. (ગોધ્રા)માં મનોવિજ્ઞાન, રાજ્યનીતિશાસ્ત્ર; બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન
૪. શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ અને શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા	... પ્રથમ વર્ષ બી.એ. સુધીના વર્ગમાં પર્શિયન
૫. પારેખ આર્ટ્સ સાયન્સ કૉલેજ, કપડવંજ	... બી.એસસી. (સ્પે.)માં ગણિતશાસ્ત્ર; બી.એસસી. (જન.)માં વનસ્પતિશાસ્ત્ર.
૬. બોરસદ સાયન્સ અને લૉ કૉલેજ, બોરસદ	... બી.એસસી. (સ્પે.)માં ભૌતિકશાસ્ત્ર

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોના ઉપરના પ્રશ્નો અંગે જરૂરી ચર્ચા અને તપાસ કરીને ઘટતાં પગલાં લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૭. એસ.એસ.સી.ની પરીક્ષામાં અંગ્રેજી વિષય વિના ઉત્તીર્ણ થયેલા જે વિદ્યાર્થીઓ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય અને પ્રથમ વર્ષ ડિપ્લોમા ફાર્મસીના અભ્યાસક્રમમાં દાખલ થાય તેમને માટે પ્રી-યુનિ.ના વર્ગમાં અંગ્રેજીનો એક તાસ (પિરિયડ) વધારે રાખવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૨--૨--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઍ.કા. બાબત ક્રમાંક ૨૭ અને ૪૦).

આથી ઠરાવવામાં આવે છે કે એસ.એસ.સી.ની પરીક્ષામાં અંગ્રેજી વિષયમાં ઉત્તીર્ણ થયા વિના જે વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીમાં પ્રવેશ આપવામાં આવે તેમને માટે વધુ એક તાસને બદલે વધુ એક પ્રશ્નપત્રના શિક્ષણની જોગવાઈ કરવાના સૂચન સાથે સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલનો પુનર્વિચારણા માટે મોકલવી.

૨૮. અંગ્રેજી વિના પ્રવેશ આપવા અંગે ગુજરાત યુનિવર્સિટી ધારાના સૂચિત ખરડામાં જોગવાઈ કરેલી હોઈ, સદરહુ ધારો અમલમાં આવે ત્યારે એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીની ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી કૉલેજોને ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન થવા અંગેની ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી એસ. એન. ડી. ટી. મહિલા કૉલેજોના આચાર્યો તથા સંચાલકોની તા. ૨--૨--૧૯૭૩ની સંયુક્ત વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારામાં ગુજરાત વિધાનસભાએ તાજેતરમાં પસાર કરેલા સુધારા અમલમાં આવ્યેથી સંબંધકર્તા કૉલેજોની અરજીઓ આવ્યેથી જે તે કૉલેજ અંગે જરૂરી સ્થાનિક તપાસસમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૯. યુનિવર્સિટી કાર્યાલયમાં પંપ-એટેન્ડન્ટ તરીકે કામ કરતા શ્રી. એસ. જે. સુરતી તા. ૧૯–૨–૧૯૭૩થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડ તથા સ્ટે. ૧૯૩–એ મુજબ ગ્રેચ્યુઈટીની રકમ પરત કરવા અંગે તેઓની તા. ૨૧–૨–૧૯૭૩ની અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. એસ. જે. સુરતી તા. ૯–૧૧–૧૯૬૪ના રોજ જોડાયા હતા અને તા. ૧૯–૨–૧૯૭૩ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. જે. સુરતીને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ તથા ગ્રેચ્યુઈટીની રકમ ચૂકવી આપવી.

૩૦. એચ. કે. આર્ટ્સ કૉલેજ ખાતે ચાલતા યુનિવર્સિટી સ્ટડી સેન્ટર પર વાંચનારા વિદ્યાર્થીઓની સારી સંખ્યામાં હાજરી રહે છે તેથી કામને પહોંચી વળવા માટે એક માસ માટે દૈનિક ધોરણે બે પટાવાળાની નિમણૂક કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩૧. યુનિવર્સિટીના પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડ્યાને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ મકાન માટે તેમના ખાતે નીકળતી લોન આપવા અંગેની તેઓની તા. ૨૨–૨–૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.–(૧) તેઓના પ્રોવિડંટ ફંડ ખાતે તા. ૩૧–૩–૧૯૭૩ના રોજ રૂ. ૧૦,૬૯૧–૦૪ પૈ. જમા છે અને તે પર તેમની પ્રોવિડંટ ફંડની લોનના રૂ. ૧,૧૬૦ તથા તે પર જે વ્યાજ થાય તે કપાત કરવાની રહેશે.

(૨) તેઓને તા. ૩૦–૪–૧૯૭૩ના રોજ ૧૨ વર્ષ પૂરાં થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. ડી. પંડ્યાની યુનિવર્સિટીની તેમની સેવાનાં ૧૨ વર્ષ પૂરાં થયેથી એટલે કે તા. ૩૦–૪–૧૯૭૩ પછી તેમના પ્રોવિડન્ટ ફંડમાંથી તેમણે લીધેલી લોન અંગેની જરૂરી કપાત કરીને તેમને ખાતે નીકળતી રકમ સ્ટે. ૧૮૮ (૨) હેઠળ તેમને લોન તરીકે મંજૂર કરવી.

૩૨. યુનિવર્સિટી કાર્યાલયમાં પટાવાળા શ્રી. એન. એલ. વાઘેલાને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ મકાન માટે તેમના ખાતે નીકળતી લોન આપવા અંગેની તેઓની તા. ૨૦–૨–૧૯૭૩નો અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— તેઓના પ્રોવિડંટ ફંડ ખાતે તા. ૩૧–૩–૧૯૭૨ના રોજ રૂ. ૨,૪૦૬–૭૯ પૈ. જમા છે અને તે પર તેમની પ્રોવિડંટ ફંડની લોનના રૂ. ૯૨૦ તથા તે પર જે વ્યાજ થાય તે કપાત કરવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. એલ. વાઘેલાને તેમના પ્રોવિડન્ટ ફંડમાંથી રૂ. ૨,૪૦૦ની રકમ સ્ટે. ૧૮૮ (૨) હેઠળ લોન તરીકે મંજૂર કરવી તથા તેમાંથી ઉપર મુજબ કપાત કરીને તેમને લોનનાં નાણાં ચૂકવવાં.

૩૩. ઈજનેરી વિદ્યાશાખાના પોસ્ટ-ડિપ્લોમા ડિગ્રી કોર્સના સ્નાતકોને પદવી પ્રમાણપત્ર આપવાનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

(**નોંધ.**—ઈજનેરી વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય છે કે પાંચ વર્ષના અભ્યાસક્રમના રેગ્યુલર વિદ્યાર્થીઓ માટેનાં બી.ઈ. પદવી પ્રમાણપત્રો પોસ્ટ-ડિપ્લોમા ડિગ્રી કોર્સના વિદ્યાર્થીઓને આપવાં.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પદવી પ્રમાણપત્રનો સુધારેલો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.)

૩૪. યુનિવર્સિટી મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિની તા. ૨૧--૨--૧૯૭૩ના રોજ મળેલ સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે આગામી ઉનાળાની રજાઓમાં ૧૦ વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતી એક એવી ત્રણ ટુકડીઓને માઉન્ટ આબુ ખાતે રાજ્ય સરકાર સંચાલિત પર્વતારોહણ તાલીમ સંસ્થાના ઉપક્રમે યોજાતા બેઝિક ચઢાણ કોર્સના શિબિરોમાં મોકલવા અને તે માટેના કુલ રૂ. ૧૧,૪૧૦નો અંદાજી ખર્ચ આ સાથે જોડેલ પરિશિષ્ટમાં જણાવેલ વિગતે મંજૂર કરવો અને તેમાં જણાવ્યા પ્રમાણે ખર્ચ કરવાની સત્તા તથા અંદાજી ખર્ચમાં ફાળવેલ રકમને જરૂર પડે તો એક મથાળેથી બીજે મથાળે ફેરફાર કરવાની સત્તા કુલપતિશ્રીને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૫. એમ.એ. અને એમ.એસસી. પરીક્ષાના ડિઝર્ટેશન તપાસવા માટે પરીક્ષકના પુરસ્કારના દર નીચે મુજબ નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત :

[નોંધ.—(૧) દરની વિગત:

Examining a Dissertation or Research work offered by a candidate at the M.A. or M.Sc. Examination of this University payable to each Examiner other than a guide of the candidate.....Rs. 25/- per candidate.

(૨) નક્કી થયેલા દરનો અમલ માર્ચ ૧૯૭૨થી કરવાનો રહેશે.]

(૧) આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ. અને એમ.એસસી.ની પરીક્ષાના ડિઝર્ટેશન તપાસવા માટે નીચેના પુરસ્કારના દર અંગેના નિયમ મંજૂર કરવો :

"Examining a Dissertation or Research work offered by a candidate at the M.A. or M.Sc. Examination of this University payable to each external Examiner .....Rs. 25/- per candidate.

No remuneration shall be paid to an internal Examiner."

(૨) ઉપર નં. (૧)માં જણાવેલ નિયમ માર્ચ--એપ્રિલ ૧૯૭૩ની પરીક્ષાને લાગુ પાડવો.

૩૬. પ્રી-ક્લિનિકલ અભ્યાસસમિતિની તા. ૧૪--૧૨--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Looking to the nature of practical examination work, the Board recommends that remuneration for practicals in the subjects of Physiology, Anatomy, Pharmacology and Pathology and Bacteriology, should be Rs. 2/- per candidate per Examiner at under-graduate level, irrespective of the number of the Examiners appointed at the above examinations.

The present rate of remuneration, at this University was derived from the parent Bombay University. At this University the rates of remunera-

tion to each Examiner has since in effect been reduced than original (reduced to 66 paise per Examiner) because of increase in number Examiners amongst which the total remuneration is at present distributed in each of above subjects. In contract to this the parent Bombay University has revised and increased the remuneration Rs. 1–75 Paise to each Examiner since long.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૭. **સને ૧૯૬૩--૬૪ના વર્ષ દરમિયાન એપ્રિલ--મેમાં આબુ ખાતે યોજવામાં આવેલ પર્વતારોહણ શિબિરમાં ભાગ લેનાર શિબિરાર્થીઓ માટે પ્રત્યેક શિબિરાર્થી દીઠ રૂ. ૧/- પ્રમાણે આબુ મ્યુનિસિપાલિટી તરફથી ટોલ ટેક્સ તરીકે વસૂલ કરેલ તે માટેની કુલ રૂ. ૧૭૩--૦૦ની રકમ રિફંડ મેળવવા માટે સદરહુ મ્યુનિસિપાલિટી સાથે જરૂરી પત્રવ્યવહાર કરવા છતાં તે રકમ રિફંડ થયેલ નહિ હોવાથી તે અંગે ઑડિટ નોંધના સંદર્ભમાં જરૂરી વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રૂ. ૧૭૩--૦૦ના ખર્ચ મંજૂર રાખવો.

૩૮. **૧૯૭૨--૭૩ના વર્ષ દરમિયાન (૧) પારેખ પ્રાયર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ, અને (૨) શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજમાં એક જ વ્યાયામશિક્ષકથી કામ ચલાવવામાં આવ્યું હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે જુદા વ્યાયામશિક્ષક વિના ૧૯૭૨--૭૩નું આખું વર્ષ કામ ચલાવ્યા બદલ સદરહુ કૉલેજને ઠપકો આપવો અને આગામી શૈક્ષણિક વર્ષથી જુદા યોગ્ય લાયકાત ધરાવતા વ્યાયામશિક્ષકની નિમણૂક કરવા માટે તેમને જણાવવું.

૩૯. **સંલગ્ન કૉલેજના શિક્ષકો યુનિવર્સિટીના પરીક્ષાકામ માટે જેટલા દિવસો રોકાય તેટલા દિવસોને ફરજ પરની રજા ગણવાનું સૂચન કરતા ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપકમંડળના મંત્રીશ્રીના તા. ૧૫–૨--૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોને આ યુનિવર્સિટીની પરીક્ષાના કામ માટે પોતાની કૉલેજ/સંસ્થાની ફરજ દરમિયાન રોકાવાનું થાય તો તેમની ફરજ પરની રજા ગણવાનો સિદ્ધાંત સ્વીકારવો અને તે માટેના નિયમો ઘડીને રજૂ કરવાનું રાખવું.

૪૦. **Youth Welfare Board and Committees--Financial Assistance to Gujarat University, Ahmedabad for the year 1971--72 અંગે અનુદાનની રૂ. ૯,૯૬૭/-ની રકમ ભારત સરકારના શિક્ષણ અને સમાજકલ્યાણ ખાતા (ન્યૂ દિલ્હી) તરફથી તેમના પત્રાંક એફ ૨૦--૧૦--૭૨ વાય.એસ.આઈ. (૧), તા. ૨૯–૧૨--૧૯૭૨થી મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૪૧. સંલગ્ન કૉલેજોમાં લેવાની સત્ર ફી પરત કરવા અંગેના નિયમ ૨ નો પૂર્વાધ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાના આચાર્યશ્રી એફ.એલ. બ્રેગાન્ઝાના સૂચન પર વિચારણા કરવા બાબત :

(2) Full amount after deducting Rs. 10/- if a student applies within 10 days of the commencement of the terms and one-half of it if a student applies after 10 days but within 20 days at the commencement of the term.

(**નોંધ.**— હાલના નિયમમાં સત્રના આરંભથી ૧૧ દિવસમાં અરજી કરે તો રૂ. ૧૦/- કાપીને અને ૧૧ દિવસ પછી પરંતુ ૩૦ દિવસની અંદર અરજી કરે તો અડધી સત્ર ફી પરત કરવાની જોગવાઈ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં લેવાતી ટ્યૂશન ફી અંગેના નિયમ નં. (૨) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા નિયમને અનુલક્ષીને યુનિવર્સિટીની અનુસ્નાતક ટ્યૂશન ફી અંગેના નિયમ નં. ૨૮ (૧) અને (૨) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા :

28. (1) In the case of a student leaving the centre within 10 days of the commencement of the term, the tuition fees may be refunded after deducting Rs. 15/--.

(2) In the case of a student leaving the centre after 10 days but within 20 days of the commencement of the term, half of the tuition fees may be refunded.

૪૨. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદને ઓ. ૧૨૦—એ મુજબ પૂરતા શિક્ષકો હોવા છતાં અન્ય કૉલેજોમાં પૂર્ણ સમય શિક્ષણકાર્ય કરતા શિક્ષકોની સેવાઓ લેવા પરવાનગી આપવા માટે સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૬—૧—૧૯૭૨ની સભામાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં સેકન્ડ ઈયર કક્ષાએ મુલાકાતી પ્રાધ્યાપક (વિઝિટિંગ પ્રોફેસર)ની જે જોગવાઈ ઓ. ૧૨૦-એ હેઠળ છે તે સિવાય મુલાકાતી પ્રાધ્યાપકની અન્ય વ્યવસ્થા કોઈ પણ કૉલેજમાં રાખવા માટે પરવાનગી આપવી નહીં એમ ઠરાવેલું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી સ્વીકારી શકાય તેમ નથી.

૪૩. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) એન.એસ.ઓ. યોજના હેઠળ આપણી યુનિવર્સિટીને બાસ્કેટબૉલ અને હૉકીના કૅમ્પ યોજવાનું મંજૂર કર્યાના;

(**નોંધ.**— આ માટેનો ખર્ચ ભારત સરકાર તરફથી મળશે.)

(૨) સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને તેઓના શિક્ષકોને રાજ્ય સરકારના તા. ૧૦--૧૧--૧૯૭૨ના સરકારી ઠરાવ ક્રમાંક વી.આઈ.બી. ૧૧૭૨--૭૮૯૦ અનુસાર તા. ૧--૧૦--૧૯૭૨થી સુધારેલા

મોંઘવારી ભથ્થાના દર ચૂકવવાનું જણાવ્યાના તેઓના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પણ સદરહુ મોંઘવારી ભથ્થાનો વધારો આપવા ભલામણ કર્યાના;

(૩) અલાહાબાદ ખાતે ઇન્ડિયન કેમિકલ સોસાયટીના વાર્ષિક કન્વેન્શનમાં ગયેલા ડૉ. આઈ. એમ. ભટ્ટને ભવનના પ્રતિનિધિ ગણી તેઓને ટી.એ., ડી.એ. આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૪૪. યુનિવર્સિટી કાર્યાલયમાં અને ગ્રંથાલયમાં જુ. કલાર્ક તરીકે સેવાઓ આપતાં શ્રીમતી પી. એચ. પંડ્યા અને શ્રીમતી પી. જે. ફાર્મરને તા. ૧—૩—૧૯૭૩થી રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૨૦-૪૪૮ના પગારધોરણમાં રૂ. ૨૪૩થી કાર્યક્ષમતા અંતરાય ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોની કામગરી અંગેના ખાનગી અહેવાલને અનુલક્ષીને જરૂર નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૫. ચાલુ વર્ષ ૧૯૭૨—૭૩ના અંદાજપત્રમાં વિજ્ઞાન વિદ્યાભવનના ગજજર વ્યાખ્યાનમાળા અંગેના ખર્ચના મથાળે રૂ. ૧,૦૦૦ની અંદાજી જોગવાઈ છે તે વધારીને રૂ. ૧,૩૦૦ની જોગવાઈ કરવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ ૧૯૭૨—૭૩ના પુનર્નિર્મિત અંદાજપત્રમાં વિજ્ઞાન વિદ્યાભવનના ગજજર વ્યાખ્યાનમાળા ખર્ચમાં વધુ રૂ. ૩૦૦ની એટલે કે કુલ રૂ. ૧,૩૦૦ની જોગવાઈ મંજૂર કરવી.

૪૬. ચાલુ વર્ષ ૧૯૭૨—૭૩ના પુનર્નિર્મિત અંદાજપત્રમાં "અનુસ્નાતક કામ માટે કૉલેજોને સબસિડી વગેરે"ના ખર્ચના મથાળે રૂ. ૩,૦૦,૦૦૦ની જોગવાઈ છે તે વધારી રૂ. ૪,૦૦,૦૦૦ની કરવા વિચારણા કરવા માટે.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે ૧૯૭૨—૭૩ના પુનર્નિર્મિત અંદાજપત્રમાં 'અનુસ્નાતક કામ માટે કૉલેજોને સબસિડી વગેરે' અંગેના ખર્ચના મથાળે રૂપિયા ત્રણ લાખની જોગવાઈ છે તે વધારીને રૂપિયા ચાર લાખની જોગવાઈ મંજૂર કરવી.

૪૭. ત્રીજી એમ.બી.,બી.એસ.ની પ્રાયોગિક પરીક્ષામાં દરેક વિષયના અડધા વિદ્યાર્થીઓની પરીક્ષા એક તબીબી કૉલેજમાં અને બાકીના વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષા બીજી તબીબી કૉલેજમાં રાખવા અને બીજા વર્ષે તેનાથી ઊલટી ગોઠવણ કરવા અંગેના તા. ૬—૯—૧૯૬૯ અને તા. ૮—૧૨—૧૯૭૨ની સિન્ડિકેટ સભાના ઉપરોકત ઠરાવ પર પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ત્રીજી એમ.બી.,બી.એસ.ની પ્રાયોગિક પરીક્ષા હાલ જે શિરસ્તા મુજબ લેવાય છે તે મુજબ લેવાનું રાખવું અને ભવિષ્યની પરીક્ષાઓ માટે આ બાબત અંગે ઘટતી વિચારણા કરીને તે અંગેના નિયમમાં જરૂરી સુધારા કરવાનું વિચારવું.

૪૮. ઇન્ટર્નલ ઑડિટર્સ મેસર્સ લાખિયા દેસાઈ એન્ડ કંપનીની સને ૧૯૭૧—૭૨ના યુનિવર્સિટીના હિસાબો પરની તા. ૨૯—૧૧—૧૯૭૨ની ઑડિટ નોંધ તથા તે ઉપર કાર્યાલયે ઘડેલા જવાબો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઑડિટ નોંધ અંગે કાર્યાલયે ઘડેલા જવાબો મંજૂર કરવા.

૪૯. ફાઇનાન્સ સમિતિની તા. ૨૮--૨--૧૯૭૨ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

૧. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી છાત્રાલય માટે નીચે પ્રમાણે ફર્નિચર ખરીદવું :

ક્રમ	જાત	જથ્થો	વેપારીનું નામ	ભાવ રૂ.	નોંધ
૧.	સાગી લાકડાનું ટેબલ ૩ × ૨ ૨ × ૬	૧૨૭ નંગ	શ્રી અંબિકા ફર્નિચર માર્ટ	૬૬--૦૦	સૌથી ઓછા ભાવ હોવાથી
૨.	સાદી ખુરશી	૧૪૮ નંગ	,,	૨૮--૦૦	,,
૩.	ડાઇનિંગ ટેબલ ૪ × ૪ ૨ – ૬"	૨૦ નંગ	,,	૧૪૨--૦૦	,,
૪.	રીડિંગ ટેબલ ૬--૪ ૨--૬"	૧ નંગ	વિનોદ ફર્નિચર ઇન્ડસ્ટ્રીઝ	૨૦૦--૦૦	વેપારી જાણીતા હોવાથી
૫.	સાગી લાકડાની ખુરશી	૬ નંગ	,,	૩૫--૦૦	,,
૬.	સાગી લાકડાની ઇઝી ચેર	૬ નંગ	શ્રી. અંબિકા ફર્નિચર માર્ટ	૬૮--૦૦	સૌથી ઓછા ભાવ હોવાથી

૨. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે આ સાથેના પરિશિષ્ટ "અ" માં બતાવ્યા પ્રમાણેનાં વૈજ્ઞાનિક સાધનો ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ ખરીદવાં.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૫૦. અંગ્રેજીનું જ્ઞાન વધુ સુદૃઢ બનાવવા ઇચ્છતા અને વિદ્યાભ્યાસ કરતા એસ.એસ.સી.માં બેઠેલા અથવા પ્રેપરેટરીના વિદ્યાર્થીઓ પોતાનો અંગ્રેજીનો અભ્યાસ સારો કરી શકે અને સાથે સાથે રજાઓનો સદુપયોગ કરી શકે એ હેતુસર આગામી રજાઓમાં શહેરના જુદા જુદા ભાગોમાં દશેક જેટલાં કેન્દ્રોમાં ૬ઠ અઠવાડિયાના અંગ્રેજી ભાષાના વિદ્યાર્થીઓ માટેના વર્ગો ચલાવવા માટેની યોજના પર વિચારણા કરવા બાબત.

[નોંધ.--(૧) વર્ગમાં જોડાનાર દરેક વિદ્યાર્થી પાસેથી નામની રૂ. ૧૦ ફી લેવામાં આવશે.

(૨) શિક્ષણકાર્ય માટે ૧૦ વિદ્યાર્થી દીઠ રૂ. ૬૦૦નો પુરસ્કાર યુનિવર્સિટી તરફથી આપવામાં આવશે.

(૩) વહીવટી ખર્ચ પેટે દરેક કેન્દ્રને રૂ. ૧૦ યુનિવર્સિટી તરફથી આપવામાં આવશે.]

આથી ઠરાવવામાં આવે છે કે અંગ્રેજીના શિક્ષણ માટેની ખાસ વર્ગોની ઉપરની યોજના મંજૂર કરવી.

૫૧. સિન્ડિકેટની તા. ૧૩--૧--૧૯૭૩ની સભામાં સ્વીકારવામાં આવેલ "સ્વ. ડૉ. સી. આર. મહેતા સ્મૃતિ સુવર્ણચંદ્રક" ચતુર્થ બી.ફાર્મ.ની પદવી પરીક્ષા માટે એનાયત કરવા માટે પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુવર્ણચંદ્રક અંગેના નિયમો મંજૂર કરવા.
(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "૩"** તરીકે સામેલ છે.)

૫૨. વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને તબીબી વિદ્યાશાખાના વિષયોમાં માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા માટે લાયકાતના ધોરણને લગતો ઑર્ડિ. ૬૫--એચ સાથે આપેલ પરિશિષ્ટ પ્રમાણે સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો ઑર્ડિ. ૬૫--એચ મંજૂર કરવો તથા તેને તા. ૧૫મી જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

(મંજૂર કરવામાં આવેલા ઑર્ડિ. ૬૫--એચની નકલ **પરિશિષ્ટ " ણ "** તરીકે સામેલ છે.)

૫૩. પીએચ.ડી. પદવી માટે ગુજરાતી વિષયમાં આચાર્યશ્રી ડી. પી. ઠાકરના માર્ગદર્શન હેઠળ નોંધાયેલા વિદ્યાર્થી શ્રી. પી. એસ. દરજીના મહાનિબંધ પરના જે તે રેફરીઓના અહેવાલના આધારે તેમનું પીએચ.ડી. પદવીનું પરિણામ ઑર્ડિ. ૩૨૧ અનુસાર જાહેર કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	**રેફરીનું નામ**	**રેફરીનો અભિપ્રાય**
૧.	ડૉ. ત્રિભોવનદાસ લુહાર (સુન્દરમ્), પોંડિચેરી	મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે સ્વીકાર્ય ગણે છે.
૨.	ડૉ. સુરેશ જોશી, વડોદરા	મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે અસ્વીકાર્ય ગણે છે.
૩.	શ્રી. જ્યોતીન્દ્ર દવે, ચોથા રેફરી	મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે સ્વીકાર્ય ગણે છે.
૪.	આચાર્ય ડી. પી. ઠાકર (વિદ્યાર્થીના માર્ગદર્શક શિક્ષક)	મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે સ્વીકાર્ય ગણે છે.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પી. એસ. દરજીનો મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે સ્વીકાર્ય ગણવો.

૫૪. શ્રી ભકત વલ્લભઘોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદને સને ૧૯૭૨--૭૩ના વર્ષ દરમિયાન એ કૉલેજમાં અભ્યાસ કરતા હરિજન અને આદિવાસી વિદ્યાર્થીઓને આપવા માટે ભારત સરકારની શિષ્યવૃત્તિ પેટે આવેલ ઍડહૉક ગ્રાન્ટની રકમ અંગે આવેલ રાજ્ય સરકારના પત્રાંક બી.સી.સ્કો. ઍડહૉક--૭૨--૭૩--૫૫, તા. ૨૯--૧--૧૯૭૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫૫. સેનેટની તા. ૨૭/૨૮/૨૯--૩--૧૯૭૩ના રોજ મળનાર વાર્ષિક સભા સમક્ષ રજૂ થનારા પ્રસ્તાવો.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવોની નોંધ લેવી.

૫૬. ૧૫મી જૂન ૧૯૭૩થી યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પૂર્ણ સમયના તેમ જ ખંડસમયના શિક્ષકોની વ્યવસ્થા કરવા અંગેના સિન્ડિકેટની તા. ૧૩--૧--૧૯૭૩ની સભાના ઠરાવના સંદર્ભમાં જે વિષયમાં એકથી વધુ ખંડ સમયના શિક્ષકો છે અને જેઓ વર્ષોથી માન્યતા ધરાવે છે તેમને છૂટા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે માટે માર્ગદર્શન મેળવવા માટેના બી. ડી. કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીના તા. ૧--૩--૧૯૭૩ના પત્રાંક ૫૯૨ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) પ્રો. ડી. એન. પાઠક

(૨) પ્રો. કે. એસ. શાસ્ત્રી.

સમિતિનો અહેવાલ આવ્યે તે પર ઘટતું કરવાની સત્તા કુલપતિશ્રીને આપવામાં આવે છે.

૫૭. સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં અગાઉ વ્યાખ્યાતા તરીકે કાર્ય કરતા (હાલમાં પરદેશ ગયા છે) શ્રી. એ. ડી. ભટ્ટના કેસ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. ડી. ભટ્ટની નિમણૂક જૂન ૧૯૬૬થી લેક્ચરર તરીકે કરવામાં આવી તેનો શિક્ષકગણ ફેરફાર અંગેનો રિપોર્ટ વેળાસર ન કરવા માટે સદરહુ કૉલેજને ઠપકો આપવો. શ્રી. એ. ડી. ભટ્ટ હવે તે કૉલેજમાંથી ફારેગ થયેલા હોઈ તેમની બાબતમાં વિશેષ કાંઈ કરવાપણું રહેતું નથી.

૫૮. યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓને તા. ૨૮--૯--૧૯૭૧ના રોજ સામુદાયિક ગેરહાજરીના કારણે કપાયેલ એક દિવસનો પગાર તે દિવસે જો હક રજા જમા હોય તો તે સામે એડજસ્ટ કરી તે દિવસનો કપાયેલો પગાર ચૂકવી આપવા મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૫૯. "કેમિકલ એન્જિનિયરિંગ સેમેસ્ટર ૯ ના" ટ્રાન્સફર ઓપરેશન નં. ૧ તથા ૨ના વિષયની પ્રાયોગિક પરીક્ષા માટે લેબોરેટરી સ્ટાફની જરૂરિયાત નક્કી કરવા વિચારણા માટે.

વિષય	પૂર્વતૈયારીના દિવસો	સાફસૂફીના દિવસો	એક્સપર્ટ આસિ.	લેબોરેટરી આસિ.	હમાલ
ટ્રાન્સફર ઓપરેશન નં. ૧ તથા ૨ પ્રત્યેક વિષયમાં	૨	૨	૨	૨	૨

(સદર નક્કી કરેલ જોગવાઈનો અમલ ઑક્ટોબર ૧૯૭૨ની પરીક્ષાઓથી કરવાનો રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરીક્ષા માટે ઉપર મુજબ લેબોરેટરી સ્ટાફની જરૂરિયાત મંજૂર કરવી.

૬૦. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક ડૉ. વી. સી. શાહને Japan Society for the Promotion of Sciencc (JSPS), Kyoto University, Osaka, Japanના વિઝિટિંગ પ્રોફેસર તરીકે તા. ૧લી એપ્રિલ ૧૯૭૩થી માર્ચ ૧૯૭૪ના ગાળામાં ૪ માસ માટેની કામગીરી સ્વીકારવા તથા ચાર માસ માટેની સવેતન અભ્યાસ-રજા આપવા અંગે ભવનના અધ્યક્ષશ્રીના તા. ૬--૩--૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) તેઓને તેમની અભ્યાસ-રજા દરમ્યાન ૯૦૦ એટલે કે અંદાજે રૂ. ૭,૦૦૦ની માસિક રકમ મળશે અને તેમને પ્રવાસની ટિકિટ પણ આપશે. તેમાંથી ૩૦૦નું એટલે કે રૂ. ૨,૪૦૦નું માસિક ખર્ચ તેમના માત્ર રહેઠાણના ભાડા માટે થશે.

(૨) ડૉ. શાહને મૂળ માસિક પગાર રૂ. ૧,૪૨૦નો છે.]

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સભાગૃહનું સામાન્ય મંતવ્ય એવું હતું કે આ યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોને અધ્યયન/અધ્યાપન કે સંશોધનના કામ માટે પરદેશ જવાનું થાય તો તેમને પરવાનગી આપતી વખતે તે માટેનાં સામાન્ય ધોરણો નિયત કરવાં જોઈએ.

તે પછી ઠરાવવામાં આવ્યું કે—

(૧) જો યુનિવર્સિટીના વિદ્યાભવનના કોઈ શિક્ષકને કોઈ પગારદાર નોકરી માટે પરદેશ જવાનું થાય તો તેમને તે પરદેશની નોકરીના સમય દરમિયાન સામાન્ય રીતે યુનિવર્સિટી તરફથી કશું પણ વેતન આપવું નહીં.

(૨) આવા શિક્ષકને જો તેમના પરદેશના અભ્યાસ / સંશોધન દરમિયાન તેમના નિર્વાહ માટે દૈનિક ભથ્થું આપવામાં આવે તો તેમને સામાન્ય રીતે તેમના મૂળ માસિક પગારના ૧૦ ટકા ઉચ્ચક કે રૂ. ૪૦૦/- ઉચ્ચક બેમાંથી જે રકમ (કોઈ પણ પ્રકારનું ભથ્થું નહીં) વધુ હોય તે માસિક વેતન તરીકે આપવી.—સિવાય કે તેમનો મૂળ માસિક પગાર રૂ. ૪૦૦ થી ઓછો હોય તો તેમને મૂળ માસિક પગાર (કોઈ પણ પ્રકારનું ભથ્થું નહીં) આપવો.

(૩) (ક) આવા શિક્ષકને અધ્યયન / અધ્યાપન / સંશોધન માટે ૬ માસ કે તેથી ઓછા સમય માટે પરદેશ જવા માટે યુનિવર્સિટીમાં ગેરહાજર રહેવાનું થાય તો તેમણે પાછા ફર્યા પછી ઓછામાં ઓછા બે વર્ષ સુધી યુનિવર્સિટીની સેવામાં તેમના તે સમયના વેતનથી ચાલુ રહેવા માટે બાંયધરી આપવી જોઈશે.

૪. ઉપરોક્ત સહાય મેળવવાને પાત્ર થતાં બાળકો માટે આ સાથેનું ફૉર્મ ભરીને રજૂ કરવાનું રહેશે અને તેની સાથે નીચેની સાબિતી રજૂ કરવી આવશ્યક રહેશે :

(૧) સંબંધકર્તા શાળાનો છેલ્લા પ્રગતિપત્રકનો વાલીની સહી સાથેનો ઉતારો—મૂળ પ્રગતિપત્રક સાથે (મૂળ પ્રગતિપત્રક ચકાસણી થયા બાદ પરત કરવામાં આવશે).

(૨) શાળાએ માન્ય કરેલાં પાઠ્યપુસ્તકો રોકડેથી ખરીદ કર્યાનું અને ચૂકતે કરવામાં આવેલું બિલ (કેશ મેમો), જે અત્રે રાખી લેવામાં આવશે.

નોંધ.—(૧) જરૂરી બધાં જ પાઠ્યપુસ્તકો ખરીદ્યા પછી જ એકીસાથે ઘટતી સહાય માટે વિનંતી કરવી.

(૨) માન્ય થયેલાં પાઠ્યપુસ્તક એક વાર ખરીદ્યા પછી કોઈ પણ કારણસર બીજી વાર ખરીદી કરવાની થાય તો તે માટે સહાય મળી શકશે નહિ.

ગુજરાત યુનિવર્સિટી

યુનિવર્સિટી કર્મચારીઓનાં બાળકો માટે પાઠયપુસ્તકોની ખરીદી માટે આર્થિક સહાયનું ફૉર્મ

૧. (અ) યુનિવર્સિટી કર્મચારીનું પૂરું નામ :

(બ) સરનામું :

(ક) હાલ મૂળ માસિક પગાર :

(ડ) કેટલાં બાળકો માટે યુનિવર્સિટીમાંથી સહાય માંગવામાં આવે છે :

૨. (અ) બાળકનું પૂરું નામ :

(બ) શાળાનું નામ / સ્થળ :

(ક) પ્રાથમિક શાળા કે માધ્યમિક શાળામાં અભ્યાસ કરે છે :

(ડ) ધોરણ :

૩ બાળકની પ્રગતિ અંગે શાળાના પ્રગતિપત્રકમાંથી સંબંધકર્તા ભાગનો ઉતારો :

૪. પાઠયપુસ્તકોની ખરીદીની વિગત :

બિલ-કેશમેમો તારીખ	પાઠયપુસ્તકોનાં નામ	વિક્રેતાનું નામ	ચોખ્ખી રકમ રૂ. પૈ.

૫. સહાયને પાત્ર કુલ ખર્ચ રૂ.....

૬. ખર્ચના ૭૫ ટકા રૂ.....

.....

(કર્મચારીની સહી)

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ--૯.

ગુ.યુ. પ્રેસ ૧૧૯–૪૫૦–૬–'૭૩

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની મે માસની સભા, શનિવાર, તા. ૧૨–૫–૧૯૭૩ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૨–૫–૧૯૭૩
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય સી. એસ. શાહ	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬.	ડૉ. જ્યંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૭.	શ્રી. ઈન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૮.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૯.	શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	હાજર
૧૦.	શ્રી. હીરાલાલ એચ. ભગવતી	હાજર
૧૧.	શ્રી. પ્રફુલ્લચન્દ્ર સી. શાહ	હાજર
૧૨.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૩.	શ્રી. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૪.	પ્રો. દેવવ્રત એન. પાઠક	હાજર
૧૫.	આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	હાજર
૧૬.	આચાર્ય ડૉ. લક્ષ્મીપ્રસાદ ધનશંકર દવે	ગેરહાજર
૧૭.	આચાર્ય ડી. ડી. દેસાઈ	ગેરહાજર
૧૮.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. તા. ૭–૪–૧૯૭૩ના રોજ મળેલ એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૭–૪–૧૯૭૩ના રોજ મળેલ એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને નીચેના ફેરફાર સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

બાબત નં. ૬૧નો ઠરાવ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓને પરીક્ષાની મોસમોમાં થતા એક કલાકના વધુ રોકાણ તથા અગત્યના કામકાજ માટે કાર્યાલયના સમયની બહાર કાર્યલયના કામકાજ માટે રોકવાનું થાય છે તે હકીકત લક્ષમાં લઈને તેમને હાલ વાર્ષિક ધોરણે વધારાના એક માસના મૂળ પગારરૂપે અપાતા પરીક્ષા ભથ્થાને બદલે તેમને, ઑફિસ સુપરિન્ટેન્ડેન્ટ અને તેથી ઉપરની કક્ષાના કર્મચારીઓની જેમ વધારાની આ કામગીરીના સંદર્ભમાં, માસિક મૂળ પગારના દસ ટકા જેટલી રકમ આ વધુ કામ માટે 'વધુકામ ભથ્થા' તરીકે આપવાનું રાખવું અને આ ઠરાવનો અમલ તા. ૧–૪–૧૯૭૩થી કરવો."

૨. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ગુજરાત કૉલેજના આચાર્ય વી. જે. ત્રિવેદીના આમંત્રણના સંદર્ભમાં વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ શ્રી. જે. જે. ચિનોયને આઈ.એ.એસ.ના વર્ગોમાં વ્યાખ્યાનો આપવાની તથા તે અંગેના વ્યાખ્યાન દીઠ રૂ. ૨૫ નો પુરસ્કાર સ્વીકારવાની મંજૂરી આપ્યાના;

(૨) મનોવિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ ડૉ. કે. જી. દેસાઈને ધી નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ બૅન્ક મૅનેજમેન્ટ, બૉમ્બે તરફથી ઈન્ડિયન ઓવરસીઝ બૅંકમાંની જગ્યાઓના ઉમેદવારોના સાયકોલોજિકલ ટેસ્ટ એડમિનિસ્ટર કરવાની કામગીરી સ્વીકારવાની તથા તે અંગેનો રૂ. ૧૦૦નો પુરસ્કાર સ્વીકારવાની મંજૂરી આપ્યાના;

(૩) વિજ્ઞાન વિદ્યાભવનના ગણિતશાસ્ત્ર વિભાગના વ્યાખ્યાતા શ્રી. એલ. કે. પટેલને કોચિંગ સેન્ટર ફૉર આઈ.એ.એસ. એકઝામિનેશન્સ માટે આશરે ૧૦ વ્યાખ્યાનો આપવા તથા તે અંગેનો અંદાજે રૂ. ૨૫૦ નો પુરસ્કાર સ્વીકારવાની મંજૂરી આપ્યાના;

(૪) ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના મહામંત્રીના તા. ૧૮--૪--૧૯૭૩ના પત્રના સંદર્ભમાં યુનિવર્સિટી કર્મચારીઓને અનાજ ખરીદવા માટે મૂળ માસિક પગાર જેટલી, પરંતુ વધુમાં વધુ રૂ. ૩૦૦ સુધી રકમ એડવાન્સ આપવા તથા તે રકમ કર્મચારીના પગારમાંથી ૧૨ સરખા હપતાથી વસૂલ કરવાની વિનંતી મંજૂર કર્યાના;

(૫) વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગના પ્રો. વી. સી. શાહ તરફથી ઈન્ડિયન નેશનલ સાયન્સ એકેડેમીની આર્થિક સહાયથી હાથ ધરવામાં આવેલ પ્રોજેક્ટ "Genetic and Cytogenetic Studies of Leucoderma patients in Ahmedabad"ના વર્ષ ૧૯૭૩--૭૪ માટેનાં ગ્રાન્ટનાં નાણાં યુનિવર્સિટી ખાતે ટ્રાન્સફર કરાવવા ઈન્ડિયન નેશનલ સાયન્સ એકેડેમી, ન્યૂ દિલ્હીના તા. ૨૦--૩--૧૯૭૩ના પત્રાંક ૩૧--બીએસ--૮૫૭૫માં જણાવ્યા મુજબ મંજૂરી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૩. યુનિવર્સિટીના સીનિયર કલાર્ક શ્રી. ડી. એન. પંચાસરાની પદાધિકાર(Lien)ની એક વર્ષની મુદત જે તા. ૧૪--૬--૧૯૭૩ના રોજ પૂરી થાય છે તે વધુ એક વર્ષ માટે લંબાવવાની તેમની તા. ૩૧--૩--૧૯૭૩ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સીનિયર કલાર્ક શ્રી. ડી. એન. પંચાસરા આ યુનિવર્સિટી સાથેની સંલગ્ન કૉલેજમાં અધ્યાપક તરીકે સેવાઓ આપે છે તે જોતાં સીનિયર કલાર્કની જગ્યા પરની તેમના પદાધિકારની મુદત વધુ એક વર્ષ એટલે કે તા. ૧૪--૬--૧૯૭૪ સુધી લંબાવી આપવી.

૪. વિજ્ઞાન વિદ્યાભવનમાં હેડ માળી તરીકે કામ કરતા શ્રી. બેની માધવ કુમિને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ મકાન મરામત માટે તેમના પ્રૉવિડંટ ફંડ ખાતેથી રૂ. ૨,૨૦૦(અંકે રૂપિયા બે હજાર બસો પૂરા)ની લોન આપવા અંગેની તેઓની તા. ૯--૪--૧૯૭૩ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.– તેઓના પ્રૉવિડંટ ફંડ ખાતે તા. ૩૧--૩--૧૯૭૩ના રોજ રૂ. ૨,૨૧૮--૪૮ જમા છે અને તે પર તેમની પ્રૉવિડંટ ફંડની લોનના રૂ. ૧૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે કપાત કરવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના હેડ માળી શ્રી. બેની માધવ કુમિને સ્ટે. ૧૮૮(૨) હેઠળ તેમના મકાનના મરામત માટે તેમના પ્રૉવિડન્ટ ફંડ ખાતામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ રૂ. ૨,૨૦૦ની લોન મંજૂર કરવી.

૫. સમાજવિદ્યા ભવનમાં શરૂ થનાર બિઝનેસ મૅનેજમેન્ટના કોર્સ માટે સ્થાપેલી નીચેની જગ્યાઓ માટે વરણીસમિતિ ઉપર સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	જગ્યાનું નામ	સંખ્યા
૧.	પ્રોફેસર ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ	એક
૨.	પ્રોફેસર ઑફ માર્કેટિંગ	એક
૩.	રીડર ઈન ફાઈનેન્શિયલ મૅનેજમેન્ટ	એક
૪.	રીડર ઈન પ્રોડક્શન મૅનેજમેન્ટ	એક
૫.	લેક્ચરર	ચાર

આથી ઠરાવવામાં આવે છે કે પ્રસ્તુત બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમ માટે નીચેની જગ્યાઓ માટે તેમનાં નામ સામે જણાવેલ સભ્યોની વરણીસમિતિ નીમવી :

૧. પ્રોફેસર ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ	૧ જગ્યા	૧. અધ્યક્ષશ્રી, બજાજ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ
૨. પ્રોફેસર ઑફ માર્કેટિંગ	૧ જગ્યા	૨. ડૉ. રવિ મથાઈ
૩. રીડર ઈન ફાઈનેન્શિયલ મૅનેજમેન્ટ	૧ જગ્યા	૩. શ્રી. વાડીલાલ ડગલી
૪. રીડર ઈન પ્રોડક્શન મૅનેજમેન્ટ	૧ જગ્યા	
૫. લેક્ચરર	ચાર જગ્યા	૧. શ્રી. પ્રફુલ્લ આનુભાઈ ૨. શ્રી. બી. વી. ભટ્ટ

૬. સ્પેસ ટેકનોલોજી સેન્ટર માટે નીચેની જગ્યાઓ સ્થાપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	જગ્યાનું નામ	સંખ્યા
૧.	ઈલેકટ્રોનિક એન્જિનિયર	એક
૨.	મિકેનિક	એક
૩.	ઈલેકિટ્રશિયન	એક

આથી ઠરાવવામાં આવે છે કે પ્રસ્તુત સ્પેસ ટેકનોલોજી સેન્ટર માટે ઉપર મુજબની જગ્યાઓ સ્થાપવી.

૭. રાષ્ટ્રીય સેવા યોજનાના અધ્યાપક ઈન ચાર્જનો પ્રશિક્ષણ તાલીમ વર્ગ જે મજૂર કલ્યાણ વિભાગમાં તા. ૩–૧–૧૯૭૩થી તા. ૮–૧–૧૯૭૩ સુધી યોજવામાં આવ્યો હતો તેનું કુલ ખર્ચ રૂ. ૩,૦૦૦ મંજૂર થયેલ છે તે ખર્ચમાંથી સાથે જોડેલ યાદી મુજબના ૧૩ સભ્યોને તેમની સામે સૂચવેલ રકમ મુજબ કુલ રકમ રૂ. ૫૦૦ પુરસ્કાર પેટે ચૂકવવા અંગે યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ ડૉ. ડી. એન. પાઠકના પત્રની નોંધ લઈ માનદ વેતન જે તે સભ્યોને લેવાની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૩–૭૪ના વર્ષ દરમિયાનનું નીચેના સભ્યોનું યુનિવર્સિટીનાં કામકાજ સિવાયનાં બીજાં કામકાજો અંગેનું કુલ વેતન, તેમના કુલ વાર્ષિક મૂળ પગાર(Basic salary)ના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને, ઉપર જણાવેલાં કામકાજ માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી :

ક્રમાંક	કર્મચારીનું નામ	વધારાના મેહનતાણાની રકમ રૂ.
૧.	ડૉ. પરેશ મજુમદાર	૧૦૦–૦૦
૨.	શ્રી. વી. કે. ચાવડા	૭૫–૦૦
૩.	ડૉ. (મિસિસ) જે. બી. ઠાકોર	૭૫–૦૦
૪.	શ્રી. ડબલ્યુ. એન. ક્રિશ્ચિયન	૫૦–૦૦
૫.	શ્રી. જી. એફ. પટેલ	૫૦–૦૦
૬.	શ્રી. આર. એસ. પટેલ	૩૫–૦૦
૭.	શ્રી. એસ. એન. શાહ	૩૫–૦૦
૮.	શ્રી. જે. પી. ચૌહાણ	૩૦–૦૦

વધુમાં, સદરહુ કામકાજ માટે નીચેના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી :

ક્રમાંક	કર્મચારીનું નામ	વધારાના મહેનતાણાની રકમ રૂ.
૧.	શ્રી. સી. કે. વાઘેલા	૧૦—૦૦
૨.	શ્રી. એસ. કે. વાઘેલા	૧૦—૦૦
૩.	શ્રી. કે. પી. દોડિયા	૧૦—૦૦
૪.	શ્રી. કે. ડી. વાઘેલા	૧૦—૦૦
૫.	શ્રી. આઈ. એ. વાઘેલા	૧૦—૦૦

૮. તા. ૧૮–૧૨–૧૯૭૨ના રોજ મળેલ યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

૧. વધતી જતી મોંઘવારી અને અન્ય યુનિવર્સિટીઓમાં અપાતા દૈનિક ભથ્થાનો દર જોતાં નીચે પ્રમાણેનો સુધારો સૂચવ્યો છે તેને મંજૂર કરવા ફરી આ બોર્ડ સિન્ડિકેટને આગ્રહભરી ભલામણ કરે છે :

(અ) આંતર-યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા જતાં પહેલાં યુનિવર્સિટી તરફથી યોજાતા શિબિરો માટે–

સ્થાનિક વિદ્યાર્થીઓને રોજના રૂ. ૨--૦૦ ને બદલે રૂ. ૩--૦૦

બહારગામના વિદ્યાર્થીઓને રૂ. ૪--૦૦ ને બદલે રૂ. ૫--૦૦

(બ) આંતર-યુનિવર્સિટી સ્પર્ધા માટે જનાર ખેલાડીઓને દરરોજના રૂ. ૬--૦૦ ને બદલે રૂ. ૮--૦૦

(ક) આંતર-યુનિવર્સિટી સ્પર્ધા માટે ટુકડી સાથે જનાર મૅનેજર--કોચને રોજના રૂ. ૧૦--૦૦ને બદલે રૂ. ૧૫--૦૦ (યુનિવર્સિટી હેડ ક્વાર્ટર્સ છોડયા તારીખથી પાછા આવ્યાની તારીખ સુધીના દિવસો માટે).

[**નોંધ.**–મૅનેજર–કોચને ત્રીજા વર્ગમાં ટુકડી સાથે પ્રવાસ કરવાનો હોય છે. મુસાફરી ભથ્થા પેટે તેમને પ્રથમ વર્ગ અને ત્રીજા વર્ગના રેલવે ભાડાનો તફાવત (વધુમાં વધુ રૂ. ૫૦--૦૦ જતાં-આવતાંના થઈને) આપવામાં આવે છે. લાંબા અંતરની મુસાફરીમાં મૅનેજર–કોચને ઘણી વખત જતાં-આવતાંના થઈને કુલ ૬ થી ૭ દિવસ કે તેથી પણ વધારે દિવસો જતા હોય છે. અને તેથી વધુમાં વધુ રૂ. ૫૦--૦૦ તેમને કુલ મુસાફરી ભથ્થા તરીકે મળે છે, જે બહુ ઓછા છે તેમ આ બોર્ડ સ્પષ્ટપણે માને છે. તેથી તેમને પણ ખેલાડીની માફક યુનિવર્સિટી હેડ ક્વાર્ટર્સ છોડે તે તારીખથી (નિયમ પ્રમાણે) તે ટુકડી હેડ ક્વાર્ટર પાછી આવે તે તારીખ સુધીના દિવસો માટે રોજના રૂ. ૧૫--૦૦ (મુસાફરી દરમિયાન કે ટુર્નામેન્ટના સ્થળે રહેવાના દિવસો દરમિયાન) આપવા ભલામણ છે.]

(ડ) ટુકડી સાથે જનાર પટાવાળા--ગ્રાઉન્ડ મૅનને તેમના પગાર પ્રમાણે ડી.એ. નહીં આપતાં રોજના રૂ. ૫--૦૦ (રૂપિયા પાંચ) આપવા ભલામણ કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે—

(અ) આંતર-યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા જતાં પહેલાં યુનિવર્સિટી તરફથી યોજાતા તાલીમ-શિબિરો માટે તાલીમી વિદ્યાર્થીઓનો દૈનિક ભથ્થાનો દર નીચે મુજબ સુધારવો :

સ્થાનિક વિદ્યાર્થીઓને રોજના રૂ. ૨--૦૦ને બદલે રૂ. ૩--૦૦ અને બહારગામના વિદ્યાર્થી-ઓને રોજના રૂ. ૪--૦૦ને બદલે રૂ. ૫--૦૦ આપવા;

(બ) આંતર-યુનિવર્સિટી સ્પર્ધા માટે જનાર ખેલાડીઓને રોજના રૂ. ૬--૦૦ને બદલે રૂ. ૭–૦૦ આપવા;

(ક) આંતર-યુનિવર્સિટી સ્પર્ધા માટે વિદ્યાર્થીઓની ટુકડી સાથે જનાર મૅનેજર–કોચને હાલ આપવામાં આવતા દૈનિક ભથ્થાના દરમાં કશો ફેરફાર કરવો નહીં, પરંતુ તેઓને પ્રવાસનું incidental ખર્ચ આપવામાં આવતું નથી તે જોતાં તેમનો પ્રવાસનો સમય પણ તેમને દૈનિક ભથ્થા માટે પાત્ર ગણવો;

(ડ) વિદ્યાર્થીઓની ટુકડી સાથે જનાર પટાવાળા/ગ્રાઉન્ડમૅનને આપવામાં આવતા હાલના દૈનિક ભથ્થાના દરમાં કશો ફેરફાર કરવો નહીં; પરંતુ તેમના પ્રવાસ માટે તેમને કિલોમીટરના ધોરણે incidental ખર્ચ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આપવું.

૯. સંલગ્ન કૉલેજોમાં એક જ સંચાલક મંડળ હેઠળ ચાલતી એકથી વધુ કૉલેજોમાં ગ્રંથપાલ અને વ્યાયામ શિક્ષકો અંગેની જરૂરિયાત બાબતમાં વિચારણા કરી અહેવાલ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૭--૨--૧૯૭૩ની સભાએ નિયુક્ત કરેલી સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(૧) હાલની જે પ્રથા ચાલુ છે તે ચાલુ રાખવી. ઉપરાંત ૧૦૦ વિદ્યાર્થીઓએ એક વધારાના લાઈબ્રેરી કલાર્કની નિમણૂક કરવામાં આવે અને જ્યાં કેન્દ્રીય ગ્રંથાલય હોય ત્યાં ઓછામાં ઓછા બે લાઈબ્રેરી કલાર્કની નિમણૂક કરવામાં આવે.

(૨) વ્યાયામ શિક્ષક અંગે હાલની જે પ્રથા ચાલુ છે તેમાં કોઈ ફેરફાર કરવાની જરૂર જણાતી નથી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૦. પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજે ૧૯૭૪--૭૫ના વર્ષથી બી.એસસી.(મુખ્ય અને ગૌણ)માં ગણિતશાસ્ત્રનું શિક્ષણ બંધ કરવા અંગેના ઠરાવની જાણ કરેલી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં ગણિતશાસ્ત્રના વિદ્યાર્થીઓની સંખ્યા અંગેની માહિતી સાથે સદરહુ બાબત સિન્ડિકેટે તેની તા. ૨૩--૯--૧૯૭૨ની સભામાં બાબત નં. ૧૬, ૧૭ અને ૧૮થી નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૧. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકો માટેના નિવૃત્તિવયમર્યાદાના સંદર્ભમાં નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદને એકચ્યુઅરિયલ સાયન્સના લાયકાત ધરાવતા શિક્ષકો પ્રાપ્ય ન હોવાને કારણે નિવૃત્તિવયમર્યાદા ઓળંગી ચૂકેલા સદરહુ વિષયના શિક્ષકો સર્વશ્રી (૧) જી. આર. દેસાઈ, અને (૨) બી. જી. દવેને ત્રણ વર્ષ માટે નિવૃત્તિવયમર્યાદાના નિયમમાંથી અપવાદ તરીકે પરવાનગી આપવા અને જો તે શકય ન હોય તો એક વર્ષ માટે પણ પરવાનગી આપવા અંગેના સદરહુ કૉલેજના આચાર્યના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ત્રણ વર્ષ માટે મુકિતમર્યાદા ન મળે તો વિષય બંધ કરવાની પરિસ્થિતિ ઊભી થાય તેમ છે તેવું કૉલેજે જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એકચ્યુઅરિયલ સાયન્સના વિષયમાં જરૂરી લાયકાત ધરાવતા અધ્યાપકો દુષ્પ્રાપ્ય હોવાથી સર્વશ્રી જી. આર. દેસાઈ અને બી. જી. દવેને અપવાદ તરીકે તેમની નિવૃત્તિની વયમર્યાદા પૂરી થયા પછી વધુ બે વર્ષ માટે ચાલુ રાખવા માટે નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદને પરવાનગી આપવી.

૧૨. યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭/૨૮--૩--૧૯૭૩ની વાર્ષિક સભામાં પસાર થયેલા નીચેના ઠરાવને અનુલક્ષીને આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓની સિનોપ્સિસ યુનિવર્સિટી જ્યારે જે તે બોર્ડના સભ્યો ઉપર સરકયુલેટ કરે છે ત્યારે ટિકિટ સાથે જવાબી કવર બીડવામાં આવે છે તે બંધ કરી દેવા અને જે તે સભ્ય દશ દિવસમાં પોતાનો જવાબ ન આપે તો તેઓ તે સિનોપ્સિસ સાથે સહમત છે તેમ માની લેવું. આ બાબતે યોગ્ય કરવા સેનેટની આ સભા આ યુનિવર્સિટીનાં સત્તામંડળોને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે પીએચ.ડી.ના વિદ્યાર્થીઓના મહાનિબંધની રૂપરેખા (synopsis) યુનિવર્સિટી કાર્યાલય તરફથી અભ્યાસસમિતિઓના સભ્યોને પરિપત્રિત કરવામાં આવે ત્યારે સભ્યોને જણાવવું કે દસ દિવસમાં તેઓ પોતાનો જવાબ આપશે નહીં તો તેઓને મહાનિબંધની રૂપરેખા અંગે કશું કહેવાનું નથી એમ માની લેવામાં આવશે.

૧૩. યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭/૨૮–૩–૧૯૭૩ની વાર્ષિક સભામાં થયેલા નીચેના ઠરાવને અનુલક્ષીને ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી તરફથી અનુસ્નાતક શિક્ષકોની માન્યતા લંબાવી આપવા માટે કરવામાં આવેલી સંશોધન-પત્રો પ્રકટ કરવાની પદ્ધતિની સેનેટની આ સભા કદર કરે છે અને સંબદ્ધ સત્તામંડળોને ગુજરાત યુનિવર્સિટીના અનુસ્નાતક તેમ જ અન્ય અધ્યાપકોના સંશોધનલેખો તેમ જ અન્ય લેખોને સારી રીતે પ્રકટ થવાનું સદ્‌ભાગ્ય સાંપડે તે માટે સંશોધન અંગેનું દળદાર માસિક ગુજરાતી ભાષામાં પ્રકટ કરવા ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી તરફથી હાલ માનવવિદ્યાઓ માટે એક અને વિજ્ઞાન-વિદ્યાઓ માટે એક એમ બે સંશોધન સામયિકો પ્રગટ કરવામાં આવે છે તેને બદલે આગામી શૈક્ષણિક વર્ષથી નીચે મુજબ ત્રણ સંશોધન સામયિકો પ્રગટ કરવાનું રાખવું :

(૧) સમાજવિદ્યાઓ માટે
(૨) ભાષા-સાહિત્ય માટે
(૩) વિજ્ઞાનવિદ્યાઓ માટે.

૧૪. યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭/૨૮–૩–૧૯૭૩ની વાર્ષિક સભામાં પસાર થયેલ નીચેના ઠરાવને અનુલક્ષીને ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"મેડિકલ અને એન્જિનિયરિંગ વિદ્યાશાખાઓની જેમ અન્ય વિદ્યાશાખાઓમાં ટ્યૂટર કે ડેમોન્સ્ટ્રેટરના હોદ્દાને મદદનીશ વ્યાખ્યાતાના હોદ્દામાં ફેરવવા તેમ જ વ્યાખ્યાતા તરીકે લાયકાત ધરાવતા આવા અનુસ્નાતક પદવીધારી શિક્ષકોને રૂ. ૩૦૦-૨૫-૬૦૦ના નવા પગારધોરણમાં મૂકી વ્યાખ્યાતા તરીકે સમકક્ષ ગણી, વ્યાખ્યાતાને મળતા સઘળા લાભ મળે તેવા નિયમો ઘડી કાઢવા યુનિવર્સિટીનાં સત્તામંડળોને આ સભા અનુરોધ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) ટ્યૂટર અને ડેમોન્સ્ટ્રેટરોનાં હાલનાં પગારધોરણોમાં ફેરફાર કરવાનો સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો નહીં; અને

(૨) ટ્યૂટર અને ડેમોન્સ્ટ્રેટરના નામાભિધાનમાં ફેરફાર કરવા અંગે સદરહુ પ્રસ્તાવમાં સૂચવ્યા મુજબનો ફેરફાર કરવાની બાબતમાં સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચેના સભ્યોની સમિતિ રચવી :

(૧) ડૉ. ધીરુભાઈ ઠાકર
(૨) પ્રો. ડી. એન. પાઠક
(૩) ડૉ. એમ. એન. દેસાઈ.

૧૫. યુનિવર્સિટીની કોર્ટે તેની તા. ૨૭/૨૮–૩–૧૯૭૩ની વાર્ષિક સભામાં પસાર કરેલ નીચેના ઠરાવને અનુલક્ષીને ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"નોકરી કરતા થોડાક અધ્યાપકો અનુસ્નાતક ઉપાધિથી વંચિત રહી ગયા છે. આ અધ્યાપકો અનુસ્નાતક ઉપાધિ માટે અભ્યાસ કરી શકે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવા સારુ લાગતાંવળગતાં સત્તામંડળોને વિનંતી કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઠરાવમાં અભિપ્રેત છે તેવા સંલગ્ન કૉલેજોના અધ્યાપકોની અનુસ્નાતક અભ્યાસ માટેની ખરેખરી માગ તપાસીને આ બાબત અંગે વિચારણા કરવાનું રાખવું.

૧૬. યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭/૨૮--૩--૧૯૭૩ની વાર્ષિક સભામાં પસાર થયેલ નીચેના ઠરાવને અનુલક્ષીને આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"શૈક્ષણિક કાર્યની ગુણવત્તા વધારવા માટે સંલગ્ન કૉલેજોમાં અને યુનિવર્સિટીઓનાં ભવનોમાં શિક્ષણનું કાર્ય કરતા સૌ પોતપોતાના વિષયમાં રોજબરોજ ઉદ્‌ભવતા નવા જ્ઞાનના પ્રવાહોથી સુપરિચિત રહે તેમ જ તેઓ સૌ હમેશાં અધ્યયનશીલ રહે તે અનિવાર્ય છે. તેથી સંલગ્ન કૉલેજો અને યુનિવર્સિટીનાં ભવનોમાં શિક્ષણકાર્ય કરતી દરેક વ્યકિત દર ત્રણ વર્ષે ટૂંકા ગાળાના પુનઃસંસ્કરણ વર્ગ(રિઓરિયેન્ટેશન કોર્સ)માં ફરજિયાત રીતે ભાગ લે તેવી યોજના તૈયાર કરવા સેનેટની આ સભા સંબંધિત સત્તામંડળોને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઠરાવનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો.

૧૭. યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭/૨૮--૩--૧૯૭૩ની વાર્ષિક સભામાં પસાર થયેલા નીચેના ઠરાવને અનુલક્ષીને આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"This Senate recommends to the Government that Mathematics should be considered as Science subject and a special grant for encouragement to Science education 10 % pay packet of Science teaching staff (including Mathematics teachers) and laboratory staff be paid to science college."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઠરાવ સ્વીકારવો અને તે મુજબ રાજ્ય સરકારની સમક્ષ ઘટતી રજૂઆત કરવાનું રાખવું.

૧૮. યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭/૨૮--૩--૧૯૭૩ની સભામાં પસાર થયેલા નીચેના ઠરાવને અનુલક્ષીને આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક સભ્યોનાં લાયકાતનાં ધોરણો, પગારધોરણો અને નોકરીના નિયમો ઘડી તેનો અમલ જૂન, ૧૯૭૩થી કરવા આ સેનેટની સભા લાગતાંવળગતાં સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી

(૨) શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરી

(૩) રાજ્ય સરકારના સંયુકત શિક્ષણસંચાલકશ્રી.

૧૯. યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭/૨૮–૩–૧૯૭૩ની વાર્ષિક સભામાં પસાર થયેલા નીચેના ઠરાવને અનુલક્ષીને આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"એ.ટી.કે.ટી. વિદ્યાર્થીઓ માટે ઑકટોબર મહિનામાં પરીક્ષા લેવાની વ્યવસ્થા કરવા સેનેટની આ સભા સંબંધિત સત્તામંડળોને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે એ.ટી.કે.ટી.વાળા વિદ્યાર્થીઓની સંખ્યાના આંકડા કઢાવીને સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૨૦. યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭/૨૮–૩–૧૯૭૩ની વાર્ષિક સભામાં પસાર થયેલા નીચેના ઠરાવને અનુલક્ષીને ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"એ.ટી.કે.ટી. વિદ્યાર્થીઓ પાસેથી પરીક્ષાની પૂરી ફી લેવામાં આવે છે તેના બદલે પ્રશ્નપત્ર દીઠ પરીક્ષા ફી લેવાનું ધોરણ નક્કી કરવા માટે સેનેટની આ સભા યુનિવર્સિટીનાં સત્તામંડળોને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કોર્ટની સદરહુ વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી.

૨૧. યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭/૨૮–૩–૧૯૭૩ની વાર્ષિક સભામાં પસાર થયેલા નીચેના ઠરાવને અનુલક્ષીને આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"પીએચ.ડી.નો મહાનિબંધ તપાસવા અંગેના રેફરીઓનાં નામ અંગે સંમતિ મેળવવા બોર્ડના સભ્યોને રિમાઈન્ડર કરાવવા છતાં જવાબ મળતા નથી. દશ દિવસની અંદર સભ્ય સાહેબોનો જવાબ ન મળે તો તેઓ આ રેફરીનાં નામો સાથે સહમત છે, એમ માની એ.સી. તેમ જ સિન્ડિકેટ વગેરેમાં મૂકી શકાય તેવી વ્યવસ્થા કરવા સેનેટની આ સભા યોગ્ય સત્તામંડળોને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે પીએચ.ડી. વિદ્યાર્થીઓના મહાનિબંધ તપાસવા માટેના રેફરીઓનાં નામ અંગે સંમતિ મેળવવા અભ્યાસસમિતિના સભ્યશ્રીઓને પરિપત્રિત કરવામાં આવે ત્યારે સભ્યશ્રીઓને જણાવવું કે દસ દિવસમાં તેઓ પોતાનો જવાબ આપશે નહિ તો રેફરીઓનાં નામ અંગે તેમને કશું કહેવાનું નથી એમ માની લેવામાં આવશે.

તે પછી બાબત નં. ૨૨ સાથે બાબત નં. ૪૯ અને બાબત નં. ૫૭ની વિચારણા પણ કરવામાં આવી.

૨૨. સ્પેસ ટેકનોલોજી અને કોમ્યુનિકેશન સેન્ટર સ્થાપવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તથા એકિઝકયુટિવ કાઉન્સિલની ભલામણ કોર્ટે તેની તા. ૨૭/૨૮–૩–૧૯૭૩ની વાર્ષિક સભામાં મંજૂર કરેલ હોઈ તેને અનુલક્ષીને આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત.

૪૯. સ્પેસ ટેકનોલોજીની યોજના માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬–૪–૧૯૭૩ની સભાની ભલામણ મુજબ નીચેની જગ્યાઓ સ્થાપવા અંગે વિચારણા કરવા બાબત (એ.કા. બા. ક. ૩૧) :

પ્રોફેસર (Space Physics and Applications)	... એક જગ્યા
રીડર (One on Microwaves, T.V. and Information Theory)	... એક જગ્યા
લેકચરર	... બે જગ્યાઓ

૧૭. સ્પેસ ટેકનોલોજી યોજના માટે ઊભી કરાનાર નીચેની જગ્યાઓ માટે વરણીસમિતિ ઉપર સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	જગ્યાનું નામ	સંખ્યા
૧.	પ્રોફેસર (Space Physics and Applications)	એક
૨.	રીડર (One on Microwaves, T.V. and Information Theory)	એક
૩.	લેકચરર —	બે

તે પછી ઠરાવવામાં આવ્યું કે—

(૧) પ્રસ્તુત સ્પેસ ટેકનોલોજીની યોજના માટે નીચે મુજબની જગ્યાઓ સ્થાપવી :

પ્રોફેસર ... એક જગ્યા
રીડર ... એક જગ્યા
લેકચરર ... બે જગ્યા.

(૨) (ક) સદરહુ પ્રોફેસર અને રીડરની જગ્યાઓ માટે નીચે જણાવ્યા મુજબ સભ્યોની વરણીસમિતિઓ રચવી :

(૧) ડૉ. બી. એમ. ઉદગાવકર
(૨) ડૉ. યશપાલ, અને
(૩) કર્નલ પંત.

(ખ) સદરહુ લેકચરરની જગ્યા માટે નીચે મુજબ સભ્યોની વરણીસમિતિ રચવી :

(૧) ડૉ. પી. આર. પિશારોટી
(૨) ડૉ. કે. આર. રામનાથન.

૨૩. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૧-૩-૧૯૭૩ની સભામાં સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોને આ યુનિવર્સિટીની પરીક્ષાના કામ માટે પોતાની કૉલેજ-સંસ્થાની ફરજ દરમિયાન રોકાવાનું થાય તો તેમની ફરજ પરની રજા ગણવા માટે નિયમો ઘડીને રજૂ કરવા ઠરાવેલું છે તેના સંદર્ભમાં સંલગ્ન કૉલેજો / માન્ય સંસ્થાઓના શિક્ષકોની સેવાઓની શરતોમાં નીચેનો નિયમ ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત :

"7(*d*)(*i*) : A member of the teaching staff who is required to be absent from the College / Institution on account of examination work entrusted to him by this University shall be granted leave of absence on duty."

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોની સેવાઓની શરતોમાં નીચેનો નિયમ નં. ૭(ડી)(*i*) તરીકે ઉમેરવો :

7(d)(i) :

A member of the teaching staff who is required to be absent from the College/Institution on account of examination work entrusted to him by this University shall be granted leave of absence on duty.

તે પછી બાબત નં. ૨૪ અને ૨૫ની વિચારણા સાથે કરવામાં આવી.

૨૪. કપડવંજ કેન્દ્ર પર તા. ૩૦–૩–૧૯૭૩ના રોજ લેવાયેલ ફર્સ્ટ બી.એ., ફર્સ્ટ બી.કૉમ. (ઓલ્ડ અને ન્યૂ) અને થર્ડ બી.એ.ની પરીક્ષાઓ અંગે નિમાયેલ સમિતિના રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

૨૫. કપડવંજ કેન્દ્ર પર તા. ૩૦–૩–૧૯૭૩ના રોજ લેવાયેલ ફર્સ્ટ બી.એ., ફર્સ્ટ બી.કૉમ. અને થર્ડ બી.એ. પરીક્ષાઓમાં થયેલી અવ્યવસ્થાના બનાવ અંગે આ સભાગૃહની તા. ૭–૪–૧૯૭૩ની સભામાં નીમવામાં આવેલી સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતો અંગે લંબાણ ચર્ચાવિચારણા ચાલી તેને આધારે નીચે મુજબ પ્રસ્તાવ સભાગૃહની વિચારણા માટે રજૂ કરવામાં આવ્યો :

"(૧) તા. ૩૦–૩–૧૯૭૩ના રોજ બપોરે ૧૧–૦૦થી ૨–૦૦ના સમય દરમ્યાન કપડવંજ કેન્દ્ર પર લેવાયેલ એફ.વાય.બી.એ., એફ.વાય.બી.કૉમ. (ઓલ્ડ એન્ડ ન્યૂ) અને થર્ડ બી.એ.ના તમામ વિદ્યાર્થીઓ માટેની પરીક્ષા રદ કરવી અને તે પરીક્ષાઓ ફરીથી અમદાવાદ કેન્દ્ર પર જ લેવાનું રાખવું અને તે માટે તેની તારીખ નિયત કરવા અને તેની વ્યવસ્થા કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(૨) સદરહુ બનાવ અંગે પૂરતી જાંચ-તપાસ કરવા માટે પરીક્ષા શુદ્ધિસમિતિને જણાવવું અને પોતાનો હેવાલ એક માસમાં રજૂ કરવા માટે તેને વિનંતી કરવી."

સદરહુ પ્રસ્તાવ પર શ્રી. રણજિતરાય શાસ્ત્રીએ નીચેનો સુધારો રજૂ કર્યો :

"પરીક્ષામાં કોપી કરવા માટે ચિઠ્ઠી પકડાઈ છે તે વિદ્યાર્થીને ગુજરાત યુનિવર્સિટી તે પરીક્ષામાં નાપાસ જાહેર કરી ત્યાર પછી એક પરીક્ષામાં બેસવા દેતી નથી એ પ્રકારની શિક્ષા કરે છે તે હકીકતને ધ્યાનમાં લઈ આ અંગેની કમિટીનો રિપોર્ટ જોતાં સને ૧૯૭૨–૭૩ની કેટલીક પરીક્ષાઓમાં કેટલાક વિદ્યાર્થીઓનું વલણ જોતાં યુનિવર્સિટીએ આ પ્રકારની વૃત્તિઓ ડામવાનો સમય પાકી ગયો છે. તેથી કમિટીનો રિપોર્ટ જોતાં આ વિદ્યાર્થીઓને આ વર્ષે નિષ્ફળ જાહેર કરવા જોઈએ."

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે શ્રી. રણજિતરાય શાસ્ત્રીએ રજૂ કરેલા સુધારા પર મત લેવામાં આવતાં તે વધુમતે ઊડી ગયો.

તે પછી સભાગૃહમાં રજૂ કરવામાં આવેલા ઉપરના મૂળ પ્રસ્તાવ ઉપર મત લેવામાં આવતાં તે વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૬. (૧) શિક્ષકોને તેમના વિષયનાં પુસ્તકો ખરીદવા માટે આર્થિક સહાયની બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પાસે હાલ આર્થિક સહાય આપવાની યોજના નથી એવું જણાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સેક્રેટરીના તા. ૫–૩–૧૯૭૩ના પત્રાંક ઈ. ૯. ૧–૯–૧૯૬૮ (સીડી)ની નોંધ લેવા બાબત.

(૨) શિક્ષકોને તેમના વિષયનાં પુસ્તકો ખરીદવા માટે આર્થિક સહાય આપવા અંગે વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિના રિપોર્ટ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે —

(૧) ઉપરની પેટાબાબત નં. (૧)માં જણાવેલ બાબતની નોંધ લેવી.

(૨) સદરહુ સમિતિની તા. ૧૮–૪–૧૯૭૩ની સભાએ કરેલી નીચેની ભલામણો સ્વીકારવી :

૧. શિક્ષકો સંશોધન અને સ્વાધ્યાય સારી રીતે કરે તે માટે યુનિવર્સિટી કોર્ટની ઇચ્છા મુજબ અંગત રીતે પુસ્તકો વસાવવા માટે આર્થિક સહાય આપવી શૈક્ષણિક રીતે હિતાવહ રહેશે.

૨. આ યોજનાના પ્રથમ તબક્કા રૂપે ચાલુ વર્ષના એટલે કે સને ૧૯૭૩-૭૪ના વર્ષના અંદાજપત્રમાં આ કાર્યક્રમ માટે રૂ. ૨૫,૦૦૦ (રૂપિયા પચીસ હજાર) ફાળવવાનું રાખવું.

૩. કોઈ પણ એક શિક્ષકને એક જ વખત, વધુમાં વધુ રૂ. ૧૦૦(એક સો)ની મર્યાદાને આધીન કુલ પુસ્તક ખરીદીના ખર્ચના ૫૦ ટકાના ધોરણે (આ બે રકમમાંથી જે ઓછી હોય તે) આપવાનું રાખવું.

૪. આ યોજના હેઠળની આર્થિક સહાય માટેની અરજીઓ તા. ૩૧ ઑગસ્ટ સુધીમાં નિયત પત્રકમાં મંગાવી લેવાનું રાખવું.

૫. આ યોજના હેઠળની આર્થિક સહાય માટેની અરજી મંજૂર થયે, શિક્ષક પોતે પુસ્તકો ખરીદ કરવાનું રાખે અને તેની ચુકવણી સહિતનું બિલ તથા પુસ્તકો યુનિવર્સિટી કાર્યાલયમાં રજૂ કર્યેથી પુસ્તકો ઉપર 'ગુજરાત યુનિવર્સિટી પુસ્તક નિધિ' એ પ્રમાણેના સિક્કાની છાપ પાડી કુલ રકમના ૫૦ ટકા પરંતુ કોઈ સંજોગોમાં રૂ. ૧૦૦(રૂપિયા એકસો)થી વધુ નહિ, એમ આર્થિક સહાયની રકમની ચુકવણી કરવી અને પુસ્તકો શિક્ષકને પાછાં સોંપવાનું રાખવું.

આ અંગેના અન્ય નિયમો વિગતે તૈયાર કરી આગળ ઉપર મંજૂરી માટે રજૂ કરવા.

૨૭. પ્રી-ક્લિનિકલ અભ્યાસસમિતિની તા. ૧૪–૧૨–૧૯૭૨ની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

Looking to the nature of Practical Examination work, the Board recommends that remuneration for Practicals in the subjects of Physiology, Anatomy, Pharmacology and Pathology and Bacteriology, should be Rs. 2/— per candidate per Examiner at under-graduate level, irrespective of the number of the Examiners appointed at the above examination.

The present rate of remuneration, at this University was derived from the parent Bombay University. At this University the rates of remuneration to each Examiner has since in effect been reduced than original (reduced to 66 paisa per Examiner) because of increase in number of Examiners amongst which the total remuneration is at present distributed in each of above subject. In contrast to this the parent Bombay University has revised and increased the remuneration Rs. 1–75 Paise to each Examiner since long.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની તમામ વિદ્યાશાખાઓની પ્રાયોગિક પરીક્ષાઓ માટેના પુરસ્કારના દરો અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) ડૉ. જે. બી. હરિભક્તિ
(૨) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૩) ડૉ. સી. એસ. શાહ
(૪) ડૉ. એમ. એન. દેસાઈ.

૨૮. નીચે જણાવેલી કૉલેજોએ તેમનાં નામ સામે જણાવેલ તારીખોથી ફી વધારવા માટે અરજી કરેલી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત :

(૧) દેસાઈ સી. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ

વર્ગ	હાલ લેવાતી ફીનો દર (રૂપિયા)	સૂચિત ફીનો દર (જૂન ૧૯૭૩થી)	
પ્રી	૧૫૦	વિનયન અને વાણિજ્યનાં	૧૭૦
પ્રથમ	૧૫૦	પ્રથમ બે વર્ષમાં	
દ્વિતીય	૧૫૦	વિનયન અને વાણિજ્યનાં	૧૯૦
તૃતીય	૧૫૦	પછીનાં બે વર્ષમાં	

(૨) તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર

વર્ગ	હાલનો દર રૂપિયા	સૂચિત દર રૂપિયા	કયારથી અમલી બને
પ્રી-આર્ટ્સ	૧૧૦	૧૪૦	૧૫--૬--૧૯૭૨
એફ.બી.એ.	૧૧૦	૧૪૦	૧૫--૬--૧૯૭૩
એસ.બી.એ.	૧૧૦	૧૪૦	૧૫--૬--૧૯૭૪
ટી.બી.એ.	૧૧૦	૧૪૦	૧૫--૬--૧૯૭૫
પ્રી-સાયન્સ	૧૨૫+૪૦	૧૭૦+૫૦	૧૫--૬--૧૯૭૨
એફ.બી.એસસી.	૧૨૫+૪૫	૧૭૦+૫૦	૧૫--૬--૧૯૭૩
એસ.બી.એસસી.	૧૨૫+૫૦	૧૭૦+૬૦	૧૫--૬--૧૯૭૪
ટી.બી.એસસી.	૧૨૫+૬૦	૧૭૦+૭૦	૧૫--૬--૧૯૭૫

(૩) કલોલ મ્યુનિ. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલ

વર્ગ	હાલનો દર રૂપિયા	સૂચિત દર રૂપિયા
૧. પ્રી-આર્ટ્સ–એફ.બી.એ.	૧૫૦	૧૭૦
૨. એસ.બી.એ.–ટીબી.એ.	૧૫૦	૧૯૦
૩. પ્રી-સાયન્સ; એફ.બી.એસસી.	૧૯૦ (રૂ. ૪૦ પ્રયોગ ફી સાથે)	૨૦૦ (રૂ. ૪૦ પ્રયોગ ફી સાથે)
૪. એસ.બી.એસસી.; ટી.બી.એસસી.	૨૦૦ (રૂ. ૫૦ પ્રયોગ ફી સાથે)	૨૩૦ (રૂ. ૫૦ પ્રયોગ ફી સાથે)

(૪) શાહ સી. કે. મ્યુનિ. કૉમર્સ કૉલેજ, કલોલ

વર્ગ	હાલનો દર રૂપિયા	સૂચિત દર વધારો રૂપિયા
૧. પ્રી-કૉમર્સ	૧૬૦	૧૦
૨. એફ.વાય.બી.કૉમ.	૧૬૦	૧૦
૩. એસ.વાય.બી.કૉમ.	૧૬૦	૧૦
૪. ટી.વાય.બી.કૉમ.	૧૬૦	૧૦

સંલગ્ન કૉલેજોમાં ટ્યૂશન ફી અંગે ઘટતી વિચારણા કરીને તે અંગે જરૂરી ઑર્ડિનન્સ ઘડવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલ સમિતિનો અહેવાલ જે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨--૩--૧૯૭૩ની સભામાં સ્વીકાર્યો છે તેમાં નીચે મુજબ ભલામણ કરવામાં આવેલી છે :

"આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર; કલોલ મ્યુનિ. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલ; શાહ સી. કે. મ્યુનિ. કૉમર્સ કૉલેજ, કલોલ; અને દેસાઈ સી. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામની ફી વધારાની માગણીના સંદર્ભમાં ગ્રાન્ટ અંગેની બાબતમાં કુલપતિશ્રીની સરકાર સમક્ષની રજૂઆતની વિગતો અંગે કુલપતિશ્રી સાથે ચર્ચા કરી આ અંગેની વિચારણા હાથ ધરવી."

સદરહુ બાબત અંગે લંબાણ ચર્ચાવિચારણા ચાલી તે દરમિયાન શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો :

"કૉલેજોમાં ફી વધારો કરવા પરવાનગી આપવામાં આવતી નથી. મંજૂરીની અપેક્ષાએ જે કૉલેજોએ મંજૂર થયા પહેલાં ફી વધારો કરેલ છે તે કૉલેજોએ અગાઉનું ફી ધોરણ લાવી દેવું."

શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીના સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે વધુમતે ઊડી ગયો.

તે પછી શ્રી. રણજિતરાય શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો :

"શેલત કમિટીના રિપોર્ટના આધારે ગુજરાત સરકારે ગત વર્ષે જે જી.આર. બહાર પાડી ફીનો રેન્જ સૂચવ્યો છે તેને ધ્યાનમાં લેતાં આ કૉલેજોએ માગણી કરેલ ફીનું ધોરણ તે રેન્જમાં જ હોવાથી વિનંતી મંજૂર કરવી."

શ્રી. રણજિતરાય શાસ્ત્રીના સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

(**નોંધ.**— શ્રી. રણજિતરાય શાસ્ત્રીના પ્રસ્તાવ પર મતદાન વખતે બે સભ્યોએ સભાગૃહનો ત્યાગ કર્યો હતો.)

૨૯. એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૧/૧૨–૧૧–૧૯૭૨ની સભામાં જર્મન ડેમોક્રેટિક રિપબ્લિકના સાયન્ટિસ્ટના અમદાવાદ ખાતેની રોકાણ-વ્યવસ્થાના ખર્ચ પેટે રૂ. ૭,૩૦૦ની રકમની જોગવાઈ યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના વર્ષ ૧૯૭૩–૭૪ના અંદાજપત્રમાં કરવામાં આવી છે, પરંતુ સી. એસ. આઈ. આર. તે સાયન્ટિસ્ટના પ્રવાસભથ્થા વગેરેનો ખર્ચ ભોગવવા તૈયાર ન હોવાથી વધારાના રૂ. ૨,૬૦૦ના ખર્ચની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીના ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂ. ૨,૬૦૦ના વધારાના ખર્ચની જોગવાઈ કરવી.

૩૦. યુનિવર્સિટીનાં પ્રકાશનોનું વેચાણ વધે તે માટે યુનિવર્સિટીની કોર્ટની સભામાં થયેલા સૂચનને અનુલક્ષીને બહારના પ્રકાશકોને વિતરક તરીકે નીમવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં રહેલો સિદ્ધાન્ત સ્વીકારીને પુસ્તક-પ્રકાશકો પાસેથી યુનિવર્સિટીનાં પુસ્તકોના વિતરણ માટેના ભાવ (ટેન્ડર) મંગાવવાનું રાખવું.

૩૧. એમ.કૉમ. પાર્ટ ૧ અને ૨ પરીક્ષાઓ દર વર્ષે ઑક્ટોબર માસમાં લેવાના સૂચન અંગે શ્રી. પી. સી. રાવળના તા. ૩–૪--૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો નહીં.

૩૨. મોલેકયુલર સાયટોલોજી અને સાયટોજેનેટિકસના પરિસંવાદ માટે વધારાની કામગીરી કરવા માટે વિજ્ઞાન વિદ્યાભવનના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે નીચે જણાવેલ પુરસ્કાર સ્વીકારવા અંગે પરવાનગી આપવા માટે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના તા. ૧૭–૪–૧૯૭૩ના પત્રાંક ઝૂલો–સેમી–૫૯–૭૩–૨૩૯ અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	પુરસ્કારની રકમ	અગાઉ કોઈ રકમ મળી હોય તો	મૂળ પગાર
૧.	શ્રી. પી. કે. મોદી	રૂ. ૧૨૫	—	૨૩૩
૨.	શ્રી. બી. એન. મોદી	રૂ. ૧૨૫	—	૨૩૩
૩.	શ્રી. આર. કે. મોદી	રૂ. ૧૨૫	—	૩૧૮
૪.	શ્રી. એન. એ. ગઢવી	રૂ. ૪૦	—	૪૬૫
૫.	શ્રી. સમાજી ખોડાજી વાઘેલા	રૂ. ૪૦	—	૧૨૯
૬.	શ્રી. રામફેર સી. તિવારી	રૂ. ૪૦	—	૧૩૩

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના સભ્યો પૈકી ક્રમાંક ૧થી ૪ને ૧૯૭૩–૭૪ના વર્ષ દરમિયાનનું સદરહુ સભ્યોનું યુનિવર્સિટીનાં કામકાજ સિવાયનાં બીજાં કામકાજો અંગેનું કુલ વેતન, તેમના કુલ વાર્ષિક મૂળ પગાર(basic salary)ના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને ઉપર જણાવેલા કામકાજ માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

વધુમાં ઉપર ક્રમાંક ૫થી ૬ને સદરહુ કામકાજ માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૩૩. સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૨૧–૪–૧૯૭૩ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે–

(૧) સદરહુ સમિતિની તા. ૨૧–૪–૧૯૭૩ની સભાની કાર્યવાહીમાં બાબત નં. ૫ હેઠળ કરવામાં આવેલી ભલામણમાં મુલાકાતી નિષ્ણાત ડૉકટરોમાં જનરલ સર્જરી માટે એક ખંડ સમયના નિષ્ણાતની જગ્યા ઉમેરીને કુલ પાંચ પ્રકારના ખંડ સમયના નિષ્ણાતોની સેવાઓ લેવાનું રાખવું.

(૨) સદરહુ સમિતિની તા. ૨૧–૪–૧૯૭૩ની સભાની બાકીની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૧–૪–૧૯૭૩ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૩૪. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ગુજરાત યુનિવર્સિટી એકટ ૬થી સુધારવામાં આવેલી કલમ ૧૬ (૧) વર્ગ ૨ સામાન્ય સભ્યો (એ)ની પેટાકલમ (૮)ને રદબાતલ ઠરાવવા અંગે યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટોના શ્રી. પી. એન. શેઠ તથા અન્ય કેટલાક શિક્ષકોએ ગુજરાત હાઈકોર્ટમાં કરલ રિટ પિટિશન (સ્પેશિયલ એપ્લિકેશન નં. ૫૯૧) કરેલ છે તેમાં યુનિવર્સિટી તથા કુલપતિશ્રી તરફથી શ્રી. સુરેશભાઈ શેલતને રોકયાના તથા તે અંગેના જરૂરી થનાર ખર્ચ મંજૂર કર્યાના;

(૨) ડૉ. (મિસ) એસ. સી. પંડયાને સ્થાનિક તપાસસમિતિના કામ માટે અમદાવાદથી માણસાની મુસાફરી માટે તેઓની ગાડી વાપરવા દેવાના અને તે અંગે કિલોમીટર દીઠ ૦–૩૫ પૈસાનો ખર્ચ મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૩૫. ફાઈનાન્સ સમિતિની તા. ૨૭–૪–૧૯૭૩ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૭–૪–૧૯૭૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૭–૪–૧૯૭૩ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૩૬. બાંધકામ સમિતિની તા. ૨૩–૪–૧૯૭૩ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૩–૪–૧૯૭૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૩–૪–૧૯૭૩ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૩૭. યુનિવર્સિટીના રેસિડેન્ટ પ્રોફેસરને ત્યાં ટેલિફોનની સવલત આપવા માટે તેઓના તા. ૫–૪–૧૯૭૩ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં વિદ્યાર્થીભાઈઓના છાત્રાલયમાં હાલ જે પબ્લિક ટેલિફોન છે તે છાત્રાલયના ગૃહપતિના નિવાસસ્થાને ખસેડવો અને છાત્રાલયના વિદ્યાર્થીઓ માટે કોઈ સંદેશો આવે તો તે પહોંચાડવાની વ્યવસ્થા કરવા શ્રી ગૃહપતિને જણાવવું.

બાબત નં. ૩૮ અને ૯૩ની વિચારણા સાથે કરવામાં આવી.

૩૮. સી. ઍન્ડ એસ. એસ. દેસાઈ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એલ. કે. એલ. દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોરને જૂન ૧૯૭૩થી કૉલેજનો સમય બપોરનો કરવાની પરવાનગી આપવાની આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

૯૩. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં તા. ૧૫–૬–૧૯૭૩થી શૈક્ષણિક કાર્યનો સમય બપોરનો રાખવા અંગેના ગુજરાત લૉ સોસાયટીના માનદ મંત્રીશ્રીના તા. ૫–૫–૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ; અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ અને રજની પારેખ આર્ટ્સ કૉલેજ, ખંભાતની પોતાનો શિક્ષણનો સમય ફેરવવાની માગણી સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી વધુમતે ઠરાવવામાં આવ્યું કે સી. ઍન્ડ એસ. એસ. દેસાઈ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એલ. કે. એલ. દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોર; એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ અને અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને પોતાના શિક્ષણકાર્યનો સમય સવારથી બદલીને તા. ૧૫–૬–૧૯૭૩થી બપોરનો કરવા માટે પરવાનગી આપવી જ્યારે રજની પારેખ આર્ટ્સ કૉલેજ, ખંભાતને પોતાનો સમય હાલ બપોરનો છે તે ફેરવીને તા. ૧૫–૬–૧૯૭૩થી તા. ૧૪–૬–૧૯૭૪ સુધી ફક્ત એક વર્ષ માટે જ સવારનો કરવા માટે પરવાનગી આપવી તથા તે સમયગાળા દરમિયાન જરૂરી ખંડોનું બાંધકામ કરી લેવા માટે તે કૉલેજને જણાવવું.

૩૯. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદના ભૂતપૂર્વ પ્રાધ્યાપક શ્રી. એમ. જે. પાઠકજીને રૂ. ૪૦૦-૩૦-૬૪૦-૪૦-૮૦૦નું પગારધોરણ આપવા માટે કૉલેજને વારંવાર જણાવ્યા છતાં કૉલેજે હજુ સુધી તેનો અમલ કર્યો ન હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. જે. પાઠકજીને યુનિવર્સિટીના સુધારેલા પગારધોરણ રૂ. ૪૦૦–૩૦–૬૪૦–૪૦–૮૦૦ મુજબ તેમને આપવાની થતી રકમ આગામી ત્રણ માસ દરમિયાન ચૂકતે કરી આપવા સદરહુ કૉલેજને આદેશ આપવો.

૪૦. સિન્ડિકેટની તા. ૧૧–૩–૧૯૭૩ની સભાના ઠરાવ ક્રમાંક ૬૨માં યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓનાં પગારધોરણોમાં સુધારા કરવાનું ઠરાવવામાં આવ્યું છે તેનો અમલ તે અંગેના રાજ્ય સરકારના તા. ૬–૩–૧૯૭૩ના હુકમ (GR) ક્રમાંક યુ.એસ.જી. ૧૧૭૧-૧૭૫૫૯-એ માં સ્પષ્ટ જણાવ્યા મુજબ તા. ૧–૪–૧૯૭૧થી કરવા માટે કુલપતિશ્રીએ કરેલી સ્પષ્ટતાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૧. સંલગ્ન કૉલેજોના શિક્ષકોને મૂળ પગારના દસ ટકા પ્રમાણે ઘરભાડું આપવા બાબતમાં કૉલેજોના આર્થિક બોજાનો પણ વિચાર કરી રિપોર્ટ રજૂ કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૧/૧૨–૧૧–૧૯૭૨ અને તા. ૧૧–૩–૧૯૭૩ની સભામાં નિયુક્ત થયેલ સમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજોના શિક્ષકોનું ઘરભાડા ભથ્થું તેમના મૂળ (બેઝિક) પગારના દસ ટકા પ્રમાણે આપવાની બાબતમાં રાજ્ય સરકારને ગ્રાન્ટ આપવા અંગે ઘટતી રજૂઆત કરવી અને એનો ઘટતો નિકાલ થયે એક્ઝિકયુટિવ કાઉન્સિલ ઘટતું કરે તેવી ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ સ્વીકારવી.

૪૨. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીની સૂચના અનુસાર સ્ટે. ૧૧૩–ઈ અનુસાર નીચે જણાવેલા વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલા વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલા મહાનિબંધો તપાસવા માટે તથા મૌખિક પરીક્ષા માટે રેફરીઓની નિમણૂક કરવા પત્રવ્યવહારથી મેળવેલી ભલામણ એકેડેમિક કાઉન્સિલની તેની તા. ૨૬–૪–૧૯૭૩ની સભામાં મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

Sr. No.	*Name of Student*	*Subject*	*Internal Referee*	*External Referees*
1.	Shri R. M. Oza	Studies in Corrosion and inhibition of Stainless Steel	Dr. J. C. Vora	1. Prof. V. Carassiti, Director of the Chemical Institute, University of Ferrara, Millan (Italy).

Sr. No.	*Name of Student*	*Subject*	*Internal Referee*	*External Referees*

2. Dr. G. Okamoto,
Professor of Electro-Chemistry,
Faculty of Technology,
University of Hokkaido,
Sapporo (Japan).

3. E. H. Phelps,
Chief Corrosion Technology Division,
Applied Research Laboratory
U. S. Steel Corrosion,
Monroeville, Pa. (U.S.A.).

4. H. H. Uhlig,
Department of Metallurgy & Materials Sciences,
Massachusetts Institute of Technology,
Cambridge, Massachusetts,
(U.S.A.).

For Viva

1. Dr. A. K. Lahiri,
Specialist Engineer,
Engineers India Ltd.,
Allahabad Bank Building,
Parliament Street,
New Delhi.

2. Dr. T. Banerji,
National Metallurgical Laboratory,
Jamshedpur-7.

3. Dr. B. Sanyal,
Defence Research Laboratory
(Materials),
Kanpur (U.P.).

Sr. No.	*Name of Student*	*Subject*	*Internal Referee*	*External Referees*
2.	Shri M. M. Patel	Studies in corrosion of 63/37 Brass and its inhibition	Dr. J. C. Vora, University School of Sciences, Gujarat University, Ahmedabad-9	1. Dr. J. Bambulis, Research Department, Imperial Oil Ltd., Sarmia, Anterio (Canada). 2. Dr. T. K. Ross, University of Manchester, Institute of Science of Technology, P.O. Box No. 88, Sack Ville Street, Manchester-1 (U.K.). 3. Dr. J. B. Cotton, Research Laboratories of Imperial Metal Industries (Kynoch) Ltd., Birmingham (U.K.). 4. Dr. S. C. Britton, Tin Research Institute, Fraser Road, Greenford, Middlesex, Perivale (England), U.K. 5. Dr. E. Heusler, Maxplank Institute Fur Metallforschung Stuttgart, W. Germany. *For Viva-voce* 1. Dr. K. Balkrishan, Corrosion Section, Central Electrochemical Research Institute (Tamil Nadu), Karaikudi-3.

Sr. No.	*Name of Student*	*Subject*	*Internal Referee*	*External Referees*
				2. Dr. K. Seshadri, Associate Director, Central Salt & Marine Chemicals Research Institute, Bhavnagar (Saurashtra).
				3. Dr. T. Benerji, National Metallurgical Laboratory, Jamshedpur–7.
				4. Dr. T. L. Ramachar, Department of Inorganic Chemistry, Indian Institute of Science, Bangalore.
				5. Dr. K. I. Vasu, Secretary, Electrical Society of India, Indian Institute of Science, Bangalore–12.
3.	Mr. S. C. Makwana	Studies in Corrosion of Metal (Aluminium 39)	Dr. J. C. Vora Ahmedabad-9	1. Dr. F. Wormwell, National Physical Research Laboratory, Tiddington, Middlesex (U.K.).
				2. Dr. F. C. Porter, The British Nonferrous Metal Research Association, 81–91, Buston Street, London N.W. 1.
				3. Dr. Eurof Davies, Department of Mettallurgy, University of College of Swansea, Singleton Park, Swansea SA 28 pp. Glam.
				4. Dr. J. E. O. Mayne, Department of Metallurgy, University of Cambridge,

Sr. No.	*Name of Student*	*Subject*	*Internal Referee*	*External Referees*

Pemvoke Street, Cambridge U.K.

5. Dr. J. B. Cotton,
Research Laboratories of Imperial Metal Industries (Kynoch) Ltd., Birmingham-6 (U.K.).

For Viva-voce

1. Dr. K. I. Vasu,
Secretary Electrochemical Society of India,
Indian Institute of Science,
Bangalore-12.
2. Dr. P. R. Shibad,
Atomic Energy Establishment,
Trombay, Bombay-85.
3. Dr. N. Subramanyam,
Central Electrochemical Research Institute,
Karaikudi-3, Tamilnadu.
4. Dr. T. L. Ramachar,
Department of Inorganic Chemistry, Institute of Science Bangalore.
5. Dr. B. C. Kar,
National Metallurgical Laboratory,
Jamshedpur.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓના મહાનિબંધો તપાસવા માટે રેફરીઓ તથા મૌખિક પરીક્ષા માટે પરીક્ષકોની નિમણૂક માટેની ઉપર મુજબની ભલામણો મંજૂર કરવી.

૪૩. એસ.એસ.સી.ની પરીક્ષામાં અંગ્રેજી વિષય વિના ઉત્તીર્ણ થયેલ જે વિદ્યાર્થીઓ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય અને પ્રથમ વર્ષ ડિપ્લોમા ફાર્મસીના અભ્યાસક્રમમાં દાખલ થાય તેમને માટે પ્રી-યુનિ.ના વર્ગમાં અંગ્રેજીનો એક તાસ (પિરિયડ) વધારે રાખવાની એકેડેમિક કાઉન્સિલની તા.૧૨-૨-૧૯૭૩ની સભાની ભલામણ એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૧-૩-૧૯૭૩ની સભાએ અંગ્રેજીના એક તાસને બદલે વધુ એક પ્રશ્નપત્રના શિક્ષણની જોગવાઈ

કરવાના સૂચન અંગે ઍકૅડેમિક કાઉન્સિલને પુનર્વિચારણા માટે મોકલેલ તે અંગે ઍકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬--૪--૧૯૭૩ની સભામાં અંગ્રેજીનો એક તાસ રાખવાની ભલામણ ફરીથી કરી છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એસ.એસ.સી.ની પરીક્ષામાં અંગ્રેજી વિષય વિના ઉત્તીર્ણ થઈને આ યુનિવર્સિટીમાં જે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે તેમને માટે અંગ્રેજીના શિક્ષણ માટે વધુ એક તાસની જોગવાઈ કરવા માટે સંલગ્ન કૉલેજોને જણાવવું.

૪૪. સિન્ડિકેટે તેની તા. ૧૧--૩--૧૯૭૩ની સભામાં ઠરાવ્યા અનુસાર વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક ડૉ. વી. સી. શાહની જાપાન જવા અંગેની મંજૂર કરેલી મૂળ માસિક પગારના ૫૦ ટકા પ્રમાણેના ઉચ્ચક વેતનની ખાસ રજાને બદલે પુનર્વિચારણાથી પૂરા મૂળ માસિક પગાર (ફૂલ ઍઠિક પે) સાથે ખાસ રજાઓ મંજૂર કરવા અંગેની વિનંતી કરતા ડૉ. શાહના તા. ૧૦--૪--૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે પુનર્વિચારણા કરવાની જરૂર જણાતી નથી.

૪૫. સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ પ્રો. ડી. એન. પાઠકને ગુજરાત કૉલેજના આચાર્ય શ્રી. વી. જે. ત્રિવેદીના આમંત્રણના સંદર્ભમાં આઈ. એ. એસ. પરીક્ષાના તાલીમ વર્ગોમાં રાજ્યશાસ્ત્રના વિષય પર વ્યાખ્યાનો આપવાની તથા વ્યાખ્યાન દીઠ રૂ. ૨૫નું માનદ વેતન સ્વીકારવાની મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

બાબત નં. ૪૬ અને બાબત નં. ૫૦ની વિચારણા સાથે કરવામાં આવી.

૪૬. યુનિવર્સિટી કૉમ્પ્યુટર સેન્ટર માટે નીચેની જગ્યાઓ માટે વરણીસમિતિ ઉપર સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

રીડર	...	એક જગ્યા
લેક્ચરર	...	બે જગ્યા

૫૦. યુનિવર્સિટી કૉમ્પ્યુટર સેન્ટર માટે ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ નીચેની જગ્યાઓ સ્થાપવા અંગે વિચારણા કરવા બાબત (ઑ.કા.બા.ક. ૩૦) :

રીડર	...	એક જગ્યા
લેક્ચરર	...	બે જગ્યાઓ

તે પછી ઠરાવવામાં આવ્યું કે—

(૧) પ્રસ્તુત કૉમ્પ્યુટર સેન્ટર માટે નીચે મુજબ જગ્યાઓ સ્થાપવી :

રીડર	...	૧ જગ્યા
લેક્ચરર	...	૨ જગ્યા

(૨) સદરહુ જગ્યાઓ માટે નીચે જણાવેલા સભ્યોની વરણીસમિતિ નીમવી :

(૧) ડૉ. જે. જી. કૃષ્ણય્યા

(૨) ડૉ. સુરેશ ઠાકોર

(૩) ડૉ. એન. શેશાગીરી

(**નોંધ.**—રીડરની જગ્યા માટે ક્રમાનુવર્તી ઉપરના ત્રણ સભ્યો રહેશે અને લેક્ચરરની જગ્યા માટે ક્રમાનુવર્તી ઉપરના બે સભ્યો રહેશે.)

૪૭. જૂન ૧૯૭૩થી જોડાણ મેળવવા જે સંસ્થાઓએ અરજી કરેલી તે પર યુનિવર્સિટી ધારાની જૂની કલમ ૩૩ મુજબ કાર્યવાહી ચાલુ હતી તે દરમિયાન ૧૯૭૩ના ગુજરાત ઍક્ટ નં. ૬થી યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ સુધારાઈ હોઈ સુધારેલ કલમ ૩૩ને અનુલક્ષીને સદરહુ અરજીઓ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૭–૪–૧૯૭૩ની સભા સમક્ષ વિચારણાર્થે મૂકેલી જે તેને ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ તે પરની તા. ૨૬--૪--૧૯૭૩ની ઍકેડેમિક કાઉન્સિલની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(અ) કૉલેજોની જોડાણઅરજીઓ અંગેની બાબતો એક પછી એક હાથ ધરવામાં આવી અને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ

"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

વધુમાં શ્રી. જી. આર. ભાવસારનો કેસ તાકીદે એક્ઝિક્યુટિવ કાઉન્સિલના ધ્યાન પર લાવવો."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે શ્રી. જી આર. ભાવસારના કેસ અંગે ઘટતી કાર્યવાહી કરવી.

૨. બી. ડી. કૉલેજ, અમદાવાદ

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ

"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

વધુમાં શ્રીમતી ભાનુમતીબહેન જાની તથા શ્રીમતી અરુણા દેસાઈની ફરિયાદો એક્ઝિક્યુટિવ કાઉન્સિલના ધ્યાન પર લાવવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે શ્રીમતી ભાનુમતીબહેન જાની અને શ્રીમતી અરુણા દેસાઈની ફરિયાદો અંગે ઘટતી કાર્યવાહી કરવી.

૩. સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬–૪–૧૯૭૩ની સભાની ભલામણ

"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪. નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાની ભલામણ

"આગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાની ભલામણ

"આગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬. ગુજરાત કૉલેજ, અમદાવાદ

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાની ભલામણ

"આગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭. એમ. એન. કૉલેજ, વીસનગર

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાની ભલામણ

"આગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૮. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાની ભલામણ

"આગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૯. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાની ભલામણ

"આગાઉ કરેલ જોડાણ કાર્યવાહીની શરત નં. ૧(૩)માં 'ઇતિહાસના વ્યાખ્યાતા'ને બદલે 'ઇતિહાસના પ્રાધ્યાપક' નીમવા એ સુધારા સાથે અન્ય કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૦. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, આદિપુર

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાની ભલામણ

"આગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

વધુમાં પ્રા. રામકૃષ્ણ શાસ્ત્રીની પગારની ચુકવણી અંગેનો કેસ એકિઝકયુટિવ કાઉન્સિલના ધ્યાન પર લાવવો."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રા. રામકૃષ્ણ શાસ્ત્રીની પગારની ચુકવણી અંગેના કેસ ઉપર ઘટતી કાર્યવાહી કરવી.

૧૧. ભવન્સ કૉલેજ, ડાકોર

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬–૪–૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."
આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૨. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬–૪–૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.
વધુમાં પ્રા. વિજયદાસનો કેસ એક્ઝિકયુટિવ કાઉન્સિલના ધ્યાન પર લાવવો."
આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.
વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રા. વિજયદાસના કેસ અંગે ઘટતી કાર્યવાહી કરવી.

૧૩. લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬–૪–૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."
આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૪. શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ શ્રી એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬–૪–૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."
આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૫. રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬–૪–૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."
આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૬. શ્રી એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ એન્ડ શ્રી એચ. એસ. શાહ કૉમર્સ કૉલેજ, મોડાસા

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."
આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૭. સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."
આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૮. શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી બી. ડી. શાહ કોમર્સ કૉલેજ, ધોળકા

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૯. યુવરાજ સુભદ્રસિંહજી આર્ટ્સ એન્ડ કે. એસ. કોમર્સ કૉલેજ, દેવગઢબારિયા

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

વધુમાં પ્રો. સી. એન. ભટ્ટીના કેસ એકિઝકયુટિવ કાઉન્સિલના ધ્યાન પર લાવવો."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રા. સી. એન. ભટ્ટીના કેસ અંગે ઘટતી કાર્યવાહી કરવી.

૨૦. શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ (કરજણ)

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.
વધુમાં શ્રી. બી. કે. કાયસ્થના કેસ એકિઝકયુટિવ કાઉન્સિલના ધ્યાન પર લાવવો."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. કે. કાયસ્થના કેસ અંગે જરૂરી તપાસ કરીને પોતાની સુનિતિત ભલામણ રજૂ કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ રચવી :

(૧) ડૉ. જે. બી ડરિભકિત
(૨) શ્રી. ઇન્દ્રવદન એ. મોદી.

૨૧. મ્યુ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૨. શ્રી બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૩. શ્રી એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ શ્રી એચ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૪. શ્રી એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ ગોસ્વામી એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામ

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ

"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૫. સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ

૧. "અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૨. વધુમાં, સામાન્ય ધોરણે ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજોમાં વિદ્યાર્થીઓની છાત્રાલય માટેની જોગવાઈ આવશ્યક શરત તરીકે રાખવી નહીં, એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૨૬. વડનગર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ

"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

વધુમાં પ્રા. સુરેશ દવે તથા પ્રા. રાજેન્દ્ર દવેના કેસો એકિઝકયુટિવ કાઉન્સિલના ધ્યાન પર લાવવા."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રા. સુરેશ દવે તથા પ્રા. રાજેન્દ્ર દવેના કેસો અંગે ઘટતી કાર્યવાહી કરવી.

૨૭. એસ. ડી. આર્ટ્સ ઍન્ડ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસા

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ

"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર રાખવી.

૨૮. નગર પંચાયત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ

"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૯. ગવર્નમેન્ટ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ

"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૦. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઈડર

એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૧. આર. બી. સાગર કૉલેજ ઑફ્ એજ્યુકેશન, અમદાવાદ

એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪–૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૨. શ્રી. સાર્વજનિક કૉલેજ ઑફ્ એજ્યુકેશન, ગોધરા

એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૩. કૉલેજ ઑફ્ એજ્યુકેશન, મુન્દ્રા (કચ્છ)

એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૬ -૪--૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૪. કૉલેજ ઑફ્ એજ્યુકેશન, પેટલાદ

એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૫. કૉલેજ ઑફ્ અજ્યુકેશન, ડભોઈ

એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૬. વૈદ્ય શ્રી. એમ. એમ. પટેલ કૉલેજ ઑફ્ એજ્યુકેશન, અમદાવાદ

એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪ -૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૭. વિશ્વભારતી કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૮. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૯. શ્રીમતી બી. સી. જલુંધવાળા સાયન્સ કૉલેજ, ખંભાત

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૦. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૧. ગવર્નમેન્ટ સાયન્સ કૉલેજ, ગાંધીનગર

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૨. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.
વધુમાં શ્રી. એન. એચ. પટેલનો કેસ એકિઝકયુટિવ કાઉન્સિલના ધ્યાન પર લાવવો."
આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.
વધુમાં ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. એચ. પટેલના કેસ અંગે ઘટતી કાર્યવાહી કરવી.

૪૩. શેઠ એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."
આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૪. શ્રી. એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાનો ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."
આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૫. નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."
આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૬. નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."
આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૭. સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."
આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૮. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."
આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૯. એલ. ડી. કૉલેજ ઑફ્ એન્જિનિયરિંગ, અમદાવાદ

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."
આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૦. ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ્ ટેકનોલોજી, નડિયાદ

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."
આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૧. કૉલેજ ઑફ્ નર્સિંગ, અમદાવાદ

એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૬–૪–૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૨. શ્રી. એમ. એન. કૉલેજ ઑફ્ ફાર્મસી, ખંભાત

એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૬–૪–૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૩. શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ ઍન્ડ કૉ ઍન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ

એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૬–૪–૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૪. બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદ

એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૬–૪–૧૯૭૩ની સભાની ભલામણ

"બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદના આચાર્યશ્રીનો તા. ૨૧–૪–૧૯૭૩નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તેને અનુલક્ષીને સદરહુ કૉલેજનું વિભાગીકરણ કરવા અંગેની અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી રદ કરવી અને સદરહુ કૉલેજમાં હાલ ચાલે છે તે મુજબ વિજ્ઞાન અને કાનૂની વિદ્યાશાખાઓવાળી એક કૉલેજ તરીકે શિક્ષણકાર્ય કરવા માટેની તેમની વિનંતી માન્ય રાખવી અને બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદ, નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૩ સુધીમાં કરે તો તેને બી.એસસી.(રૂપ.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં ગણિતશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૩થી તા. ૧૪–૬–૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવું :

૧. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું આપવામાં આવે, તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૪. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૫. મોતીલાલ નહેરુ લૉ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ

"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૬. વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, અમદાવાદ

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ

"વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદના મૅનેજિંગ ટ્રસ્ટીશ્રીનો તા. ૨૩--૪--૧૯૭૩નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. સદરહુ કૉલેજનું વિભાગીકરણ કરવા અંગેની અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી રદ કરવી અને તેને અનુલક્ષીને વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, અમદાવાદને સદરહુ કૉલેજમાં હાલ ચાલે છે તે મુજબ વાણિજ્ય અને કાનૂનની વિદ્યાશાખાઓવાળી એક જ કૉલેજ તરીકે શિક્ષણકાર્ય કરવા માટેની તેની વિનંતી માન્ય રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૭. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન એન્ડ લૉ, મહેસાણા

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાની ભલામણ

"બાબત ક્રમાંક ૫ (૫૭), ૫(૬૮) અને ૩૭ની વિચારણા સાથે કરવામાં આવી. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન એન્ડ લૉ, મહેસાણાના સંચાલક મંડળ, વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદના મૅનેજિંગ ટ્રસ્ટીશ્રીનો તા. ૨૩-૪-૧૯૭૩નો પત્ર તથા નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈના મંત્રીશ્રીનો તા. ૨૨-૪-૧૯૭૩નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તેને અનુલક્ષીને વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન એન્ડ લૉ, મહેસાણાનું વિભાગીકરણ કરી—

(૧) વિવેકાનંદ કૉલેજ ઑફ લૉ, મહેસાણાનું સ્વતંત્ર કૉલેજ તરીકે સંચાલન નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટીને સોંપવું અને સદરહુ કૉલેજનું સ્થળાંતર તે જ જિલ્લામાં પાટણ ખાતે કરવા માટે મંજૂરી આપવી; તથા

(૨) વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, મહેસાણાને સ્વતંત્ર કૉલેજ તરીકે હાલ સંચાલક મંડળના આશ્રયે તે જ જિલ્લામાં સાંતેજ સ્થળે સ્થળાંતર માટે મંજૂરી આપવી તથા ઉપર (૧) અને(૨) અંગે અગાઉની કાર્યવાહીમાંની શરતોનું પરિપાલન થયેથી સદરહુ કૉલેજને જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે આ નવી યોજનાને કારણે કોઈ પણ અધ્યાપકને ફારેગ થવું ન પડે તે જોવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને જણાવવું."

વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન ઍન્ડ લૉ, મહેસાણાના સંચાલક મંડળ, વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદના મૅનેજિંગ ટ્રસ્ટીનો તા. ૯-૫-૧૯૭૩નો પત્ર સભાગૃહના ધ્યાન પર લાવવામાં આવ્યો.

ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન ઍન્ડ લૉ, મહેસાણાની સદરહુ કૉલેજને તેની કાયદાની વિદ્યાશાખાનું પાટણ મુકામે અને શિક્ષણની વિદ્યાખાનું સાંતેજ મુકામે સ્થળાંતર કરવા માટે મંજૂરી આપવી નહીં અને સદરહુ કૉલેજને હાલ ચાલે છે તે મુજબ શિક્ષણ અને કાનૂનની વિદ્યાશાખાઓવાળી એક જ કૉલેજ તરીકે શિક્ષણકાર્ય ચાલુ રાખવા જણાવવું.

૫૮. પ્રાંતીજ તાલુકા કેળવણી મંડળ દ્વારા પ્રાંતીજ ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજ

એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાની ભલામણ

"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૯. સી. બી. દવે કેળવણી ટ્રસ્ટ, દહેગામ દ્વારા દહેગામ ખાતે શરૂ કરાનાર શિક્ષણની કૉલેજ

એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાની ભલામણ

"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૦. શ્રી. આર. જે. દવે આદર્શ કેળવણી ટ્રસ્ટ, નડિયાદ દ્વારા નડિયાદ ખાતે શરૂ કરાનાર શિક્ષણની કૉલેજ.

એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાની ભલામણ

"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૧. ક્ષત્રિય કેળવણી મંડળ, નડિયાદ દ્વારા નડિયાદ ખાતે શરૂ કરાનાર શિક્ષણની કૉલેજ.

એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાની ભલામણ

"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૨. દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, દાહોદ દ્વારા દાહોદ ખાતે શરૂ કરાનાર વિજ્ઞાનની કૉલેજ

એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાની ભલામણ

"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી અંગે આ કૉલેજ પછાત વિસ્તારમાં આવી હોઈ પુનર્વિચારણા કરવામાં આવી અને તે પછી ઠરાવવામાં આવ્યું કે એકિઝકયુટિવ કાઉન્સિલની ભલામણ મુજબ સદરહુ કૉલેજને જોડાણ આપવું."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૩. શ્રી. લુણાવાડા વિભાગ ઉચ્ચ વિદ્યોત્તેજક મંડળ, લુણાવાડા દ્વારા લુણાવાડા ખાતે શરૂ કરાનાર વાણિજ્યની કૉલેજ.

એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૬–૪–૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોગવાઈ કાર્યવાહી મંજૂર રાખવી."
આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૪. પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા દ્વારા ગોધરા ખાતે શરૂ કરાનાર વાણિજ્યની કૉલેજ

એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૬–૪–૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોગવાઈ કાર્યવાહી મંજૂર રાખવી."
આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૫. ગાંધીધામ કૉલેજિયેટ બોર્ડ, આદિપુર દ્વારા આદિપુર ખાતે શરૂ કરાનાર વાણિજ્યની કૉલેજ

એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૬–૪–૧૯૭૩ની સભાની ભલામણ

"અગાઉ કરેલ જોગવાઈ અંગે આ કૉલેજમાં હિન્દી માધ્યમ દ્વારા શિક્ષણ આપવાની સદરહુ સંસ્થાની વિશિષ્ટ જોગવાઈના અનુસંધાનમાં પુનર્વિચારણા કરવામાં આવી અને તે પછી ઠરાવવામાં આવ્યું કે ગાંધીધામ કૉલેજિયેટ બોર્ડ, આદિપુર દ્વારા આદિપુર ખાતે જૂન ૧૯૭૩થી શરૂ કરાનાર વાણિજ્યની કૉલેજ શિક્ષકગણની નિમણૂકો અંગેની **શરત સહિતની નીચે** જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલનો સંતોષ થાય તે રીતે તા. **૧૫–૫–૧૯૭૩ સુધીમાં** કરે તો તેને પ્રી-યુનિવર્સિટી વાણિજ્યના અભ્યાસક્રમો શીખવવા માટે તા. **૧૫–૬–૧૯૭૩થી** તા. ૧૪–૬–૧૯૭૪ સુધીનું જોગવાઈ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને **ભલામણ કરવી :**

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના વ્યાખ્યાતા
(૪) હિન્દીના વ્યાખ્યાતા
(૫) અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા
(૬) વાણિજ્યના વ્યાખ્યાતા
(૭) એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા
(૮) વ્યાયામ શિક્ષક
(૯) ગ્રંથપાલ;

(નોંધ.—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષયના વ્યાખ્યાતા નીમવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં ધારા-ધોરણ પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગ ખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દશ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
(૬) ઓછામાં ઓછા દશ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિતનું ગ્રંથાલય
(૭) આચાર્ય માટેનો ખંડ
(૮) પ્રયોગશાળા માટેના ખંડો
(૯) પીવાના પાણી માટેનો ખંડ
(૧૦) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂ. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂ. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂ. ૧,૦૦૦;

૪. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, તે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૬. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે;

૮. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૧૦. રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે, અને તે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનના અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુકત અસ્કામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું / ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૬. શ્રી મથુરાદાસ એલ. ગાંધી હાયર એજ્યુકેશન સોસાયટી, મોડાસા દ્વારા મોડાસા ખાતે શરૂ કરાનાર કાયદાની કૉલેજ.

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાની ભલામણ

"અગાઉ કરેલ જોડાણ અંગેની કાર્યવાહી પર સાબરકાંઠા જિલ્લામાં આ એક માત્ર લૉ કૉલેજ થતી હોઈ પુનર્વિચારણા કરવામાં આવી. તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી મથુરાદાસ એલ. ગાંધી હાયર એજ્યુકેશન સોસાયટી, મોડાસા દ્વારા શરૂ કરાનાર કાયદાની કૉલેજ શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૩ સુધીમાં કરે તો તેને પ્રથમ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૩થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું જોડાણ આપવું :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય
   (૨) એક વ્યાખ્યાતા
   (૩) કાયદાના ખંડ સમયના બે વ્યાખ્યાતા
   (૪) ગ્રંથપાલ;
૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીના પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :
   (૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
   (૨) વર્ગખંડો અને ટયુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો
   (૩) શિક્ષકો માટેનો ખંડ
   (૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે તેવો.)
   (૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)
   (૬) પ્રત્યેક વિદ્યાશાખામાં ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો, સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિતનું ગ્રંથાલય
   (૭) આચાર્ય માટેનો ખંડ
   (૮) પીવાના પાણી માટેનો ખંડ, અને
   (૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :
(૧) પુસ્તકો માટે ... રૂ. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂ. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂ. ૧,૦૦૦;

૪. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખૂલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ઓછામાં ઓછા ૧૦૦ ચો. વાર ક્ષેત્રફળવાળા ભાડામુકત રહેઠાણનો વ્યવસ્થા કરવામાં આવે;

૬. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગાર, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે;

૮. કૉલેજના સંચાલનમાં જે ખાધ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૯. રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે, અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુકત અસ્કામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનર/ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે. "

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૭. પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા દ્વારા શરૂ કરાનારી કાયદાની કૉલેજ

ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૨૬–૪–૧૯૭૩ની સભાની ભલામણ

"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી પર, પંચમહાલ જિલ્લામાં આ એકમાત્ર લૉ કૉલેજ થતી હોઈ પુનર્વિચારણા કરવામાં આવી. તે પછી ઠરાવવામાં આવ્યું કે પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા દ્વારા ગોધરા ખાતે શરૂ કરાનાર કાયદાની કૉલેજ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૩ સુધીમાં કરે તો તેને પ્રથમ એલએલ.બી.ના અભ્યાકમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૩થી તા. ૧૪–૬–૧૯૭૪ સુધીનું જોડાણ આપવું :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) આચાર્ય
(૨) એક વ્યાખ્યાતા
(૩) કાયદાના ખંડ સમયના બે વ્યાખ્યાતાઓ
(૪) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસ ખંડો

(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો

(૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે તેવો.)

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)

(૬) ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ ચારેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિતનું ગ્રંથાલય

(૭) આચાર્ય માટેનો ખંડ

(૮) પીવાના પાણી માટેનો ખંડ, અને

(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂ. ૫,૦૦૦

(૨) સામયિકો માટે ... રૂ. ૧,૦૦૦

(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂ. ૧,૦૦૦;

૪. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનથી બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ઓછામાં ઓછા ૧૦૦ ચો. વાર ક્ષેત્રફળવાળા ભાડામુકત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૬. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગાર, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૮. કૉલેજના સંચાલનમાં જે ખાધ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૯. રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે, અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુકત અસ્કામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનર/ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી,

૬૮. નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ દ્વારા શરૂ કરાનાર કાયદાની કૉલેજ

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬–૪–૧૯૭૩ની સભાની ભલામણ મુજબ વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન ઍન્ડ લૉ, મહેસાણાની કાયદાની વિદ્યાશાખાનું પાટણ મુકામે સ્થળાંતર કરવાની પરવાનગી આપવી નહીં, પરંતુ નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈને પાટણ મુકામે સદરહુ સોસાયટી શિક્ષકગણની નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧–૫–૧૯૭૩ સુધીમાં પાલન કરે તો તેને એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૩થી તા. ૧૪–૬–૧૯૭૪ સુધીનું જોડાણ આપવું :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય
   (૨) એક વ્યાખ્યાતા
   (૩) કાયદાના ખંડ સમયના બે વ્યાખ્યાતાઓ
   (૪) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :
   (૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
   (૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો
   (૩) શિક્ષકો માટેનો ખંડ
   (૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે તેવો.)
   (૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
   (૬) ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિતનું ગ્રંથાલય
   (૭) આચાર્ય માટેનો ખંડ
   (૮) પીવાના પાણી માટેનો ખંડ, અને
   (૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦ નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :
   (૧) પુસ્તકો માટે ... રૂ. ૫,૦૦૦
   (૨) સામયિકો માટે ... રૂ. ૧,૦૦૦
   (૩) સંદર્ભગ્રંથો માટે ... રૂ. ૧,૦૦૦;

૪. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનથી બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણશે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ઓછામાં ઓછા ૧૦૦ ચોરસ વાર ક્ષેત્રફળવાળા ભાડામુકત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૬. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગાર, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૮. કૉલેજના સંચાલનમાં જે ખાધ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૯. રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે, અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે જાહેરનામું બહાર પાડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુકત અસ્કામત છે તેનું શ્રી. ચૉરિટી કમિશનર/ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે.

૬૯. માનવ મંદિર ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા શરૂ કરાનાર કાયદાની કૉલેજ

એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪-૧૯૭૩ની સભાની ભલામણ
"અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(બ) વધુમાં ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૭૪થી શરૂ કરાનાર નવી કૉલેજોના જોડાણ માટેની અરજીઓ પર યુનિવર્સિટી ધારાની નવી કલમ ૩૩(૨)ના સંદર્ભમાં વિચારણા કરીને જે તે કૉલેજોની જરૂરિયાત અંગેનો અહેવાલ તૈયાર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૭-૪-૧૯૭૩ની સભામાં નીમેલ સમિતિની ભલામણો પૈકી મોડાસા અને ગોધરા મુકામે જૂન ૧૯૭૩થી કાયદાની નવી કૉલેજોનાં જોડાણ આપવા મંજૂર કર્યું હોઈ તે સિવાયની નીચેની સંસ્થાઓ, જેને જૂન ૧૯૭૪થી તેમનાં નામ સામે જણાવેલ સ્થળે અને વિદ્યાશાખાવાળી કૉલેજ શરૂ કરવા માટેની અરજી પરત્વે કૉલેજની જરૂરિયાત નથી એમ સ્વીકારવું :

ક્રમાંક	સંસ્થાનું નામ	સ્થળ	વિદ્યાશાખા
(૧)	મૅનેજિંગ ટ્રસ્ટી, શ્રી પ્રાંતીજ તાલુકા કેળવણી ટ્રસ્ટ, મુ. પો. તા. પ્રાંતીજ, નેશનલ હાઈવે નં. ૬, જિ. સાબરકાંઠા	પ્રાંતીજ	વિનયન અને વાણિજ્ય
(૨)	શ્રી હાલોલ મહાજન ઉચ્ચ શિક્ષણ મંડળ, હાલોલ	હાલોલ	,,
(૩)	શ્રી સાવલી તાલુકા કેળવણી મંડળ, સાવલી	સાવલી	,,
(૪)	સી. ડી. ખાંડવાળા એજ્યુ. ટ્રસ્ટ	અમદાવાદ	,,
(૫)	શ્રી વીરેન્દ્ર એજ્યુકેશન સોસાયટી	છોટાઉદેપુર	શિક્ષણ
(૬)	મૅનેજિંગ ટ્રસ્ટી, ધર્મસિંહ દેસાઈ ફાઉન્ડેશન, નડિયાદ	નડિયાદ	શિક્ષણ

ક્રમાંક	સંસ્થાનું નામ	સ્થળ	વિદ્યાશાખા
(૭)	નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, નડિયાદ	નડિયાદ	શિક્ષણ
(૮)	ઉત્તર પૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળ, પિલવાઈ	પિલવાઈ	વાણિજ્ય
(૯)	ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી, નડિયાદ	નડિયાદ	વાણિજ્ય
(૧૦)	મૅનેજિંગ ટ્રસ્ટી, ધર્મસિંહ દેસાઈ ફાઉન્ડેશન, નડિયાદ	નડિયાદ	વાણિજ્ય
(૧૧)	મંત્રીશ્રી, પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા, જિ. પંચમહાલ	ગોધરા	વાણિજ્ય
(૧૨)	મૅનેજિંગ ટ્રસ્ટી, માનવમંદિર ટ્રસ્ટ, દ્વારા : સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, આશ્રમ રોડ અમદાવાદ–૧૪	અમદાવાદ	કાયદો

૪૮. યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭/૨૮–૩–૧૯૭૩ની વાર્ષિક સભામાં પસાર થયેલા નીચેના ઠરાવને અનુલક્ષીને આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજોમાં કામ કરતા પૂરા સમયના તેમ જ ખંડ સમયના અધ્યાપકોને અને બિન-શૈક્ષણિક કર્મચારીઓને રાજ્ય સરકારના ધોરણે સિટી કૉમ્પેન્સેટરી એલાવન્સ મળે તેવી જોગવાઈ કરવામાં આવે તેવી સેનેટની આ સભા અધિકૃત સત્તામંડળોને વિનંતી કરે છે. વધુમાં આ યુનિવર્સિટીના ખંડ સમયના શિક્ષકો માટે મુંબઈ યુનિવર્સિટીએ કરેલી જોગવાઈઓને ધ્યાનમાં લઈ પગાર-ધોરણો તેમ જ નોકરીની સલામતીના નિયમો નવેસરથી ઘડી કાઢવા આ સભા યુનિવર્સિટી સત્તા-મંડળોને અનુરોધ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના અધ્યાપકો અને બિનશૈક્ષણિક કર્મચારીઓને રાજ્ય સરકારના ધોરણે સિટી કૉમ્પેન્સેટરી એલાવન્સ આપવાની બાબતમાં રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવી અને તે માટે જરૂરી આર્થિક સહાય મળેથી આ બાબત ફરીથી આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ખંડ સમયના શિક્ષકોની સેવાઓની શરતોના હાલના નિયમોમાં કશો ફેરફાર કરવો નહીં.

૪૯. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૨૨ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૫૦. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૪૬ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૫૧. "દુષ્કાળ સામે યુવાન" કાર્યક્રમ હેઠળ ભારત સરકારના કેળવણી તથા સમાજ કલ્યાણના મંત્રાલયના તા. ૧૪–૪–૧૯૭૩ના પત્રાંક એફ. ૨૬-૮-૭૫-વાય. એસ. ૧થી આ યુનિવર્સિટીને માટે રૂ. ૩,૮૪,૬૧૫ની ગ્રાન્ટ મંજૂર કરી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫૨. ૧૯૭૩ના ગુજરાત એકટ નં. ૬થી સુધારેલી યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ની પેટાકલમ (૧૦) અન્વયે શ્રી લાલશંકર ઉમિયાશંકર કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિંદી, સમાજશાસ્ત્ર અને ભૂગોળ તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી, ઇતિહાસ, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને ભારતીય સંસ્કૃતિના તથા બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"સદરહુ બાબતની ચર્ચાવિચારણાના સંદર્ભમાં એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટીના કુલસચિવશ્રીનો તા. ૩-૪-૧૯૭૩નો પત્ર જે સભ્યોને અગાઉથી પરિપત્રિત કરવામાં આવ્યો હતો તે પણ ધ્યાનમાં લેવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે ૧૯૭૩ના ગુજરાત એકટ નં. ૬થી સુધારેલી યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ની પેટાકલમ (૧૦) અન્વયે વિચારણા કરી ઠરાવવામાં આવે છે કે શ્રી. લાલશંકર ઉમિયાશંકર કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ રશતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૩ સુધીમાં કરે તો, તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, હિંદી, સમાજશાસ્ત્ર અને ભૂગોળ; તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી, ઇતિહાસ, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને ભારતીય સંસ્કૃતિના તથા બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬--૧૯૭૩થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) યોગ્ય લાયકાત ધરાવતા આચાર્ય

(૨) વિનયન વિદ્યાશાખા માટે યુનિવર્સિટીના અભ્યાસક્રમ અને જોડાણના વિષયોના સંદર્ભમાં ઓ. ૧૨૦--એમાં નિર્દિષ્ટ જરૂરિયાતો અને કાર્યભાર મુજબ જરૂરી નિમણૂકો કરવામાં આવે

(૩) શિક્ષણની વિદ્યાશાખા માટે વિદ્યાર્થી-શિક્ષકનું પ્રમાણ ૧૦ : ૧ પ્રમાણે જળવાય અને પ્રાધ્યાપક, વ્યાખ્યાતા અને ટયૂટરનું પ્રમાણ ૨ : ૫ : ૩નું જળવાય તેમ નિમણૂકો કરવામાં આવે તથા કન્ટેન્ટ અને વિષય પદ્ધતિઓ માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવે

(૪) યોગ્ય લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષક, અને

(૫) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

(**નોંધ.**—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે અલગ વ્યાખ્યાતા નીમવાની જરૂર રહેશે નહીં.)

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રવર્તમાન ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો

(૨) વર્ગખંડો અને ટયૂટોરિયલ માટેના જરૂરી ખંડો

(૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (કૉલેજની કુલ વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા ૧૦ ટકા જેટલી વિદ્યાર્થિનીઓને ચાલી શકે તેવો સંલગ્ન શૌચાલય વગેરેની સુવિધા સહિતનો)

(૫) ચાર નાના ખંડો (જૂથકાર્ય માટે)
(૬) દૃશ્ય–શ્રાવ્ય માટેનો ખંડ
(૭) ઓછામાં ઓછી ૧૦ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થિની દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો, સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૮) આચાર્ય માટેનો ખંડ
(૯) પીવાના પાણીનો ખંડ
(૧૦) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. વિજ્ઞાનના શિક્ષકો માટે નાની પ્રયોગશાળાની વ્યવસ્થા કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા કુલ રૂ. ૧૦,૦૦૦ની કિંમતનાં શૈક્ષણિક સાધનો તથા દૃશ્ય-શ્રાવ્ય સાધનો વસાવવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસવાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧૦૦૦ ચોરસવાર જેટલી ખુલ્લી જગા હોવી આવશ્યક ગણાશે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુકત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૦. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૧૧. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજના શિક્ષકગણની પાત્રતા અંગે આ યુનિવર્સિટીનાં ધારા-ધોરણોના સંદર્ભમાં કોઈ શિક્ષક કે શિક્ષકોની બાબતમાં કશી ઊણપ વર્તાય તો ફારેગ કરવાનો પ્રશ્ન ઊભો ન થાય તે રીતે આ યુનિવર્સિટીનાં ધારાધોરણોમાં સદરહુ શિક્ષકોને માટે જરૂરી છૂટછાટ આપવામાં આવે જેથી કોઈ શિક્ષકને ફારેગ કરવાનો પ્રશ્ન ઊભો થાય નહીં."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણમાં જોડાણની મુદત 'તા. ૧૧–૬-૧૯૭૩થી તા. ૧૪–૬–૧૯૭૫' છે તેને બદલે જોડાણની મુદત તા. '૧૫–૬–૧૯૭૩થી તા. ૧૪—૬—૧૯૭૪' સુધારીને એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ કૉલેજનું ગુજરાત યુનિવર્સિટી સાથેનું જોડાણ થતાં તેમાંથી ઊભા થતા પ્રશ્નો અંગે એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટીના કુલસચિવશ્રીએ સૂચવ્યું છે તે મુજબ તેમની સાથે વાતચીત કરીને યોગ્ય કરવું.

૫૩. ૧૯૭૩ના ગુજરાત ઍકટ નં. ૬થી સુધારેલી યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ની પેટાકલમ (૧૦) અન્વયે શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ સંચાલિત ચંદનબહેન ચિમનલાલ મહિલા કૉલેજ, વીસનગર તરફથી જૂન ૧૯૭૩થી બી.એ.(ધ્રિન્સિ.)માં ગુજરાતી અને ઈતિહાસ; તથા બી.એ.(સમા.)માં હિંદી, સમાજશાસ્ત્ર અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"સદરહુ બાબતની ચર્ચાવિચારણાના સંદર્ભમાં એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટીના કુલસચિવશ્રીનો તા. ૩—૪—૧૯૭૩નો પત્ર જે સભ્યોને અગાઉથી પરિપત્રિત કરવામાં આવ્યો હતો તે પણ ધ્યાનમાં લેવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે ૧૯૭૩ના ગુજરાત ઍકટ નં. ૬થી સુધારેલી યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ની પેટાકલમ (૧૦) અન્વયે વિચારણા કરી ઠરાવવામાં આવે છે કે શ્રી. મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ સંચાલિત ચંદન બહેન ચિમનલાલ મહિલા કૉલેજ, વીસનગર શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૩ સુધીમાં કરે તો તેને બી.એ.(ધ્રિન્સિ.)માં ગુજરાતી અને ઈતિહાસ તથા બી.એ.(સમા.)માં હિંદી, સમાજશાસ્ત્ર અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૩થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂક કરવામાં આવે :

(૧) યોગ્ય લાયકાત ધરાવતા આચાર્ય

(૨) યુનિવર્સિટીના અભ્યાસક્રમો અને જોડાણના વિષયોના સંદર્ભમાં ઑર્ડિ. ૧૨૦—એમાં નિર્દિષ્ટ કરેલ જરૂરિયાત અને કાર્યભાર મુજબ જરૂરી શિક્ષકગણની નિમણૂકો કરવામાં આવે

(૩) યોગ્ય લાયકાત ધરાવતા વ્યાયામશિક્ષક

(૪) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

(નોંધ.— આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રવર્તમાન ધારા-ધોરણો પ્રમાણે કરવામાં આવે:

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો

(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો

(૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (કૉલેજની કુલ વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા ૧૦ ટકા જેટલી વિદ્યાર્થિનીઓને ચાલી શકે તેવો—સંલગ્ન શૌચાલય વગેરેની સુવિધા સહિતનો.)

(૫) ઓછામાં ઓછી ૧૦ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો વિદ્યાર્થિની દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૬) આચાર્ય માટેનો અલાયદો ખંડ

(૭) પીવાના પાણીનો ખંડ

(૮) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગા લેવી આવશ્યક ગણાશે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુકત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૬. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૮. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૯. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજના શિક્ષકગણની પાત્રતા અંગે આ યુનિવર્સિટીનાં ધારાધોરણોના સંદર્ભમાં કોઈ શિક્ષક કે શિક્ષકોની બાબતમાં કશી ઊણપ વર્તાય તો ફારેગ કરવાનો પ્રશ્ન ઊભો ન થાય તે રીતે આ યુનિવર્સિટીનાં ધારાધોરણોમાં સદરહુ શિક્ષકોને માટે જરૂરી છૂટછાટ આપવામાં આવે, જેથી કોઈ શિક્ષકને ફારેગ કરવાનો પ્રશ્ન ઊભો થાય નહીં."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણમાં જોડાણની મુદત તા. '૧૫--૬--૧૯૭૩ થી તા. ૧૪--૬--૧૯૭૫' છે તેને બદલે જોડાણની મુદત તા. '૧૫--૬--૧૯૭૩ થી તા. ૧૪--૬--૧૯૭૪' સુધારીને એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૪. સિન્ડિકેટે તેની તા. ૬--૭--૧૯૬૯ની સભામાં ઠરાવ્યા પ્રમાણે યુનિવર્સિટી ભવનોના શિક્ષકોએ વર્ષની આખરે બીજી યુનિવર્સિટી કે સંસ્થામાં કરેલી કામગીરી તથા તે અંગેના મહેનતાણાની વિગત સિન્ડિકેટ સમક્ષ જાણ માટે રજૂ કરવાની હોઈ આ અંગેની વર્ષ ૧૯૬૯--૭૦ અને ૧૯૭૦--૭૧ની આવેલી માહિતીની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫૫. ઇજનેરી વિદ્યાશાખાની ભલામણ અનુસાર ઇજનેરી વિદ્યાશાખા હેઠળ નીચે પ્રમાણે સ્નાતક પદવી સ્થાપવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

(1) Bachelor of Textiles (Process Planning)

(2) Bachelor of Textile Chemical Technology (Manmade Fibres).

(**નોંધ.**—ઉપરના અભ્યાસક્રમના પ્રથમ વર્ષનો અભ્યાસક્રમ ઇજનેરી વિદ્યાશાખાના પ્રથમ વર્ષના અભ્યાસક્રમ પ્રમાણે રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઇજનેરી વિદ્યાશાખા હેઠળ ઉપર મુજબ સ્નાતક પદવીઓ સ્થાપવી.

૫૬. આયુર્વેદ મેડિસિનની વિદ્યાશાખા રદ કરવા તથા તે પ્રમાણે સ્ટે. ૯૭--એ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

St. 97–A :

In addition to the seven Faculties specified in Section 23 of the Act, the University shall include the Faculty of Dental Surgery, Faculty of Pharmacy.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૯૭-એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી :

St. 97–A :

In addition to the seven Faculties specified in Section 23 of the Act, the University shall include the Faculty of Dental Surgery and Faculty of Pharmacy.

૫૭. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૨૨ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૫૮. પ્રાકૃતના અભ્યાસ અંગેના પરિસંવાદ (Seminar of Prakrit Studies) માટે નીચેના સભ્યોએ વધારાની કામગીરી કરી હતી તે અંગેનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવા માટે ભાષા-ભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૪–૪–૧૯૭૩ના પત્રાંક ૧૧૬૪ ઉપર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	સ્ટાફના સભ્યો	સૂચવેલ વેતન	મૂળ પગાર	૧૯૭૩–૭૪માં અગાઉ મળેલ વધારાનું કુલ વેતન
૧.	શ્રી. એમ. એચ. શાહ	૧૧૦	૨૨૩	નથી
૨.	શ્રી. બી. કે. ઝાલા	૭૦	૨૮૮	નથી
૩.	શ્રી. એન. એસ. ઠાકોર	૭૦	૪૧૩	નથી
૪.	શ્રી. કે. એલ. મહેતા	૪૦	૨૧૮	નથી
૫.	શ્રી. વાય. યુ. મહાજન (ટેમ્પરરી)	૩૦	૧૭૮	નથી
૬.	શ્રી. સી. જી. પટેલ	૨૦	૧૨૯	નથી
૭.	શ્રી. સી. પી. ચૌહાણ	૨૦	૧૨૯	નથી
૮.	શ્રી. સી. એસ. વાળંદ (ટેમ્પરરી)	૩૧	૯૪	નથી
૯.	શ્રી. જે. એ. વાઘેલા	૧૦	૧૫૩	નથી
૧૦.	શ્રી. જી. સી. વાઘેલા	૫	૧૫૩	નથી

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના સભ્યો પૈકી ક્રમાંક ૧થી ૫ને ૧૯૭૩–૭૪ના વર્ષ દરમિયાનનું સદરહુ સભ્યોનું યુનિવર્સિટીનાં કામકાજ સિવાયનાં બીજાં કામકાજો અંગેનું કુલ વેતન તેમના કુલ વાર્ષિક મૂળ પગાર(basic salary)ના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને ઉપર જણાવેલાં કામકાજ માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

વધુમા ઉપર ક્રમાંક ૬થી ૧૦ને સદરહુ કામકાજ માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૫૯. યુનિવર્સિટીની જુદી જુદી સભાઓ / સમિતિઓના સભ્યોને, પરિષદો / પરિસંવાદોમાં મોકલવામાં આવતા પ્રતિનિધિઓને, સેનેટ–સિન્ડિકેટ ઇત્યાદિ સત્તામંડળના સભ્યોને, પ્રાધ્નિકો--પરીક્ષકો--મોડરેટરો વગેરેને, સ્પોર્ટ્સ સમિતિના સભ્યોને, યુનિવર્સિટી કર્મચારીઓને તથા ભવનો--અનુસ્નાતક કેન્દ્રો પર મુલાકાતે આવતા પ્રાધ્યાપકો વગેરેને અપાતા પ્રવાસભથ્થા અંગેના પ્રવર્તમાન નિયમોમાં જ્યાં પહેલા--બીજા વર્ગમાં મુસાફરી કરવાનો તથા તે અંગેનું ડેકલેરેશન આપવાનો ઉલ્લેખ છે ત્યાં નીચે પ્રમાણે "ફૂટ નોટ" ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત :

Whenever a member has travelled by Second Class or by a class higher than Second Class or by Air, he will be required to give the following information for each trip, in addition to usual declaration :

Particulars of Journey

From.....to.....

Train / Plane : by which travelled

Time and Date of travel

Ticket No.

Date of issue of Ticket

Class by wh'ch travelled,

OR

A certificate from the Railway/Air authorities to that effect.

(**નોંધ.**—યુનિવર્સિટીની કારોબારી સમિતિએ તેની તા. ૨૩--૯--૧૯૭૨ની સભામાં ટી.એ. બિલોમાં ટિકિટ નંબર અને / અથવા પ્રમાણપત્ર લેવાનો સિદ્ધાંત સ્વીકાર્યો છે અને સંબંધકર્તા ધારાધોરણોમાં જરૂરી સુધારો કરીને તે બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવા ઠરાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૬૦. મોતીલાલ નહેરુ લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું વિભાગીકરણ થતાં સદરહુ કૉલેજોનાં નામ (૧) મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદ; તથા (૨) સરદાર વલ્લભભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ રાખવા તે કૉલેજના આચાર્યશ્રીના તા. ૨૮–૪–૧૯૭૩ના આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મોતીલાલ નહેરુ લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું વિભાગીકરણ થતાં સંબંધકર્તા બે કૉલેજોનાં નામ તા. ૧૧મી જૂન ૧૯૭૩થી ઉપર મુજબ રાખવા માટે પરવાનગી આપવી.

૬૧. સ્ટેચ્યૂટ્સ–ઑર્ડિનન્સ ઇત્યાદિ સુધારવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૭–૪–૧૯૭૩ની સભામાં નીમેલી સમિતિની તા. ૧--૫--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧-૫-૧૯૭૩ની સભાની ભલામણો મંજૂર કરવી અને તે સમિતિએ ઘડેલા સ્ટેચ્યૂટ્સ, સભામાં થયેલાં સૂચનો મુજબ તેમાં જરૂરી ફેરફાર કરીને, તે મંજૂર કરવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે નવા ઘડવામાં આવેલા ઑર્ડિ. ૧૬૦ અને ઑર્ડિ. ૧૬૧ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(સદરહુ સમિતિની તા. ૧–૫–૧૯૭૩ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે, અને નવા ઘડેલા, સુધારેલા, અને રદ કરેલા સ્ટેચ્યૂટની નકલ **પરિશિષ્ટ "ઘ–૧"** તરીકે સામેલ છે.)

(સદરહુ સમિતિએ નવા ઘડેલા ઑર્ડિનન્સોની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૬૨. વિજ્ઞાન અને ટેકનોલોજીનો જ્ઞાનકોશ તૈયાર કરવાની સમિતિની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ જ્ઞાનકોશના સંપાદક તરીકે શ્રી. વિજયગુપ્ત મૌર્યની નિમણૂક માસિક રૂ. ૧,૫૦૦/–ના ઉચ્ચક પગારથી હંગામી ધોરણે કરવી.

બાબત નં. ૬૩ અને ૯૭ની વિચારણા સાથે કરવામાં આવી.

૬૩. એસ.વાય.બી.એસસી.ના ભૌતિકવિજ્ઞાન વિષયના પ્રાયોગિક પરીક્ષકોને માર્કશીટ વગેરે ટપાલ દ્વારા યુનિવર્સિટી કાર્યાલયને મોકલવા માટે થતા ટપાલખર્ચ સામે ઍડ-હૉક ધોરણે ખર્ચ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ટપાલખર્ચ અંગેનો હાલનો નિયમ નીચે મુજબ છે:

In order to meet with postal expenditure which the Examiners have to incur in sending answer-books, mark-sheets, etc., at Pre-Uni. Science, F.Y.B.Sc. Practical Examination & S.Y.B.Sc. Chemistry Practical Examination, a lump-sum of Rs. 15/– may be paid to each of the Examiners.

૯૭. ટી.વાય.બી.એસસી.ના કેમિસ્ટ્રીના પ્રાયોગિક પરીક્ષાના પરીક્ષકોને માર્કશીટ્સ વગેરે ટપાલ દ્વારા યુનિવર્સિટી કાર્યાલયને મોકલવા માટે થતા ટપાલખર્ચ સામે ઍડહૉક ધોરણે ટપાલખર્ચ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ટપાલખર્ચ અંગેનો હાલનો નિયમ નીચે મુજબ છે :

In order to meet with postal expenditure which the Examiners have to incur in sending answer-books, mark-sheets at Pre-Uni. Science, F.Y.B.Sc. Practical Examination & S.Y.B.Sc. Chemistry Practical Fxamination, a lump-sum of Rs. 15/-- may be paid to each of the Examiners.

આથી ઠરાવવામાં આવે છે કે એસ.વાય.બી.એસસી. અને ટી.વાય. બી.એસસી.ની પરીક્ષામાં પ્રાયોગિક પરીક્ષાને લગતો ટપાલ-ખર્ચ અંગેનો નિયમ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને ચાલુ વર્ષની પરીક્ષાને લાગુ પડે તે રીતે અમલમાં મૂકવો :

In order to meet with postal expenditure which the Examiners have to incur in sending answer-books, mark-sheets, etc., at Pre-University Science, F.Y.B.Sc. Practical Examination, S.Y.B.Sc. Chemistry Practical Examination, S.Y.B.Sc. Physics Practical Examination and T.Y.B.Sc. Chemistry Practical Examination, a lump-sum of Rs. 15/– may be paid to each of the Examiners.

૬૪. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) પીએચ.ડી. પદવી માટે નીચેના વિદ્યાર્થીઓને ઉત્તીર્ણ જાહેર કર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા	વિષય
૧.	શ્રી. વોરા ચંદ્રવદન માધુપ્રસાદ	વિજ્ઞાન	રસાયણશાસ્ત્ર
૨.	કુ. ઘેસાણી પેરીન ઈસ્માઈલભાઈ	વિજ્ઞાન	વનસ્પતિશાસ્ત્ર;

(૨) સ્વામિનારાયણ સાયન્સ કૉલેજમાં લેવાઈ રહેલ સેકન્ડ બી.એસસી. કેમિસ્ટ્રી વિષયની પ્રાયોગિક પરીક્ષા દરમિયાન તા. ૩૦–૪–૧૯૭૩ના રોજ ગૅસ પ્લાન્ટ ફાટતાં અકસ્માત થવાથી સદરહુ પરીક્ષા મુલતવી રાખ્યાના અને તા. ૩૦ મીની અને ત્યાર પછીની પરીક્ષાઓ સેંટ ઝેવિયર્સ કૉલેજમાં તા. ૨–૫–૧૯૭૩-થી શરૂ કરવાની ગોઠવણ કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૬૫. ગ્રંથાલયના રોજબરોજના ખર્ચ માટે પેટીકેશ એડવાન્સ તરીકે રૂ. ૨૫૦ (અંકે રૂપિયા બસો પચાસ પૂરા) આપવામાં આવેલા છે તેને બદલે રૂ. ૭૫૦ (અંકે રૂપિયા સાતસો પચાસ પૂરા આપવા માટે ગ્રંથપાલના તા. ૧–૫–૧૯૭૩ના પત્રાંક ૫૨૮થી આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયના રોજબરોજના ખર્ચ માટે પેટીકેશ એડવાન્સ તરીકે હાલ રૂ. ૨૫૦ની મર્યાદા છે તે વધારીને રૂ. ૭૫૦(રૂપિયા સાતસો પચાસ પૂરા)ની કરવી.

૬૬. સંલગ્ન કૉલેજોના ટેકનિકલ વર્ગના કર્મચારીઓનાં પગારધોરણ સુધારવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૧–૩–૧૯૭૩ની સભામાં નિયુક્ત થયેલી સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સર્વ ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂશનો(જે ગ્રાન્ટ ઈન એઈડમાં આવતી હોય)માં સરેલા પંચે સુધાર્યા પ્રમાણેનાં નીચે જણાવ્યા અનુસારનાં પગારધોરણ રાખવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

ટેકનિકલ વર્ગના શૈક્ષણિક કર્મચારીઓનાં પગારધોરણ અંગે

ક્રમાંક	કક્ષા	પગારધોરણ
૧.	આચાર્ય	રૂ. ૧૩૦૦–૬૦–૧૬૦૦ વત્તા રૂ. ૧૦૦ એડમિનિસ્ટ્રેટિવ એલાવન્સ
૨.	પ્રાધ્યાપક	રૂ. ૧૩૦૦–૬૦–૧૬૦૦
૩.	એસો. પ્રાધ્યાપક	રૂ. ૧૦૫૦–૫૦–૧૨૦૦–૬૦–૧૫૦૦
૪.	આસિ. પ્રાધ્યાપક	રૂ. ૮૫૦–૫૦–૧૦૦૦ ઈ.બી. ૫૫–૧૨૭૫
૫.	વ્યાખ્યાતા	રૂ. ૫૦૦–૩૦–૬૫૦ ઈ.બી. ૩૫–૮૨૫ ઈ.બી. ૪૫–૧૦૫૦–૫૦–૧૧૦૦
૬.	આસિ. વ્યાખ્યાતા, ડેમોન્સ્ટ્રેટર, ડ્રાફ્ટ્સમૅન ઈ.	રૂ. ૩૫૦–૨૫–૪૫૦ ઈ.બી. ૨૫–૫૫૦ ઈ.બી. ૩૦–૭૦૦
૭.	વર્કશોપ સુપરિન્ટેન્ડેન્ટ	રૂ. ૫૦૦–૩૦–૬૫૦ ઈ.બી. ૩૫–૮૨૫ ઈ.બી. ૪૫–૧૦૫૦–૫૦–૧૧૦૦

ઉપર જણાવેલાં પગારધોરણ ઉપરાંત સરકારી નિયમો પ્રમાણે મોંઘવારી ભથ્થાં અને અન્ય ટેકનિકલ સંસ્થાઓ પ્રમાણે મળવા પાત્ર અન્ય ભથ્થાં આપવાં જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૭. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણના અધ્યાપક શ્રી. કે. ડી. પટેલને મળવા પાત્ર રકમ કૉલેજ તરફથી ચૂકવવામાં ન આવતાં તે બાબત પર એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧/૬--૮--૧૯૭૨ની સભામાં સદરહુ કૉલેજની ગ્રાન્ટ અટકાવવા ઠરાવેલું. હવે શ્રી. કે. ડી. પટેલે જણાવ્યું છે કે તેઓએ ૧૯૭૦--૭૧ના પગારનાં લેણાં નાણાં અંગે સમજૂતી મેળવી લીધી છે. સરકારશ્રી પણ તેમના તા. ૧૪--૩--૧૯૭૩ના પત્રાંક એન.જી.સી.--૧૦૭૨--૨૧૦૨૯--ખ થી પણ તેમ જણાવી કાંઈ કરવાનું રહેતું નથી તે અંગે સમર્થન માગે છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી તપાસ કરીને પોતાની સુચિંતિત ભલામણ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) ડૉ. જે. બી હરિભક્તિ, અને

(૨) શ્રી. ઈન્દ્રવદન મોદી.

૬૮. સમાજવિદ્યા ભવનમાં "ડિપ્લોમા ઈન કૉન્ટિટેટિવ ઈકોનોમિકસ"ના વર્ગમાં દાખલ કરવામાં આવેલા પાંચ બિનશિક્ષક વિદ્યાર્થીઓને સત્ર ફીમાં શિક્ષક વર્ગના વિદ્યાર્થીઓને આપવામાં આવેલી રાહત આપવા માટે તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટેની સત્ર ફી રૂ. ૭૫ નક્કી કરી છે પણ આ ભાઈઓની સત્ર ફી રૂ. ૧૨૫ રાખવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૨--૭૩ના વર્ષ દરમ્યાન ડિપ્લોમા ઈન કૉન્ટિટેટિવ ઈકોનોમિકસના વર્ગોમાં દાખલ કરવામાં આવેલા તમામ વિદ્યાર્થીઓની સત્ર ફી રૂ. ૭૫ રાખવી.

૬૯. યુનિવર્સિટીની પરીક્ષાઓનાં ગુણપત્રકો વિદ્યાર્થીઓને કૉલેજો ઉપરથી આપવાની વ્યવસ્થાના સંદર્ભમાં વહેંચણી કરનાર કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓને તે માટે પુરસ્કાર આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની પરીક્ષાનાં ગુણપત્રકો વિદ્યાર્થીઓને પોતપોતાની કૉલેજો દ્વારા મળી રહે તેવી વ્યવસ્થા ચાલુ રાખવી અને તે માટે જે તે કૉલેજને પ્રત્યેક ગુણપત્રક દીઠ પંદર પૈસા લેખે પુરસ્કાર ગણીને તે રકમ કૉલેજોને મોકલી આપવી અને તેના કારકુન વર્ગમાં તેની વહેંચણી કરવા આચાર્યશ્રીઓને જણાવવું.

૭૦. સને ૧૯૭૩–૭૪ના વર્ષથી શરૂ થતા ત્રિવાર્ષિક ગાળા માટે યુનિવર્સિટીઓને રાજય સરકાર તરફથી મંજૂર થનાર બ્લોક મેન્ટેનન્સ ગ્રાન્ટ નક્કી કરવા માટેની ગણતરી અંગે સને ૧૯૭૨--૭૩ના વર્ષને પાયાનું વર્ષ ગણીને સરકારશ્રી તરફથી આ અંગે અગાઉના ત્રિવાર્ષિક ગાળા માટે જે સિદ્ધાંતો નક્કી કરવામાં આવેલ તે મુજબ ગણતરી કરી બ્લોક ગ્રાન્ટ નક્કી કરવામાં આવશે તેમ જણાવતાં તેઓશ્રીના તા. ૨૬--૪--૧૯૭૩ના પત્ર ક્રમાંક યુ.એસ.જી. ૧૧૭૩-૩૪૫૪૯-ખ ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૧. મરાઠવાડ યુનિવર્સિટીના ઉપક્રમે ઔરંગાબાદ મુકામે તા. ૧૨, ૧૩ અને ૧૪ જૂન ૧૯૭૩ દરમિયાન મળનાર પાંચમી અખિલ ભારતીય ઉર્દૂ શિક્ષકોની પરિષદમાં પ્રતિનિધિ મોકલવા અંગે પરિષદના મંત્રીશ્રીના આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૭૨. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ અનુસાર ઑર્ડિ. ૧૨૦-બીમાં નીચેનો પ્રોવિઝો ઉમેરવા અને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા અંગે વિચારણા કરવા બાબત :

Notwithstanding anything contained above, the maximum number of students admissible to a college in the Faculty of Technology including Engineering shall be 2000.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૨૦--બીમાં ઉપરનો પ્રોવિઝો ઉમેરવો અને તે મુજબ સુધારેલ ઑર્ડિ. ૧૨૦--બીને ૧૫મી જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

૭૩. કોર્ટ ઉપરની સામાન્ય ચૂંટણીઓ યોજવાની છે તેના માટે નીચેના મતદારવિભાગ માટે ચૂંટણી મથકો અને ચૂંટણી સ્થળનો સૂચિત પ્રસ્તાવ આ સાથે રજૂ કરેલ છે તે મંજૂર કરવા બાબત :

(૧) નોંધાયેલા સ્નાતકોનો મતદારવિભાગ
(૨) સંલગ્ન કૉલેજોના શિક્ષકોનો મતદારવિભાગ
(૩) સંલગ્ન કૉલેજોના આચાર્યોનો મતદારવિભાગ
(૪) યુનિવર્સિટીના અને સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓનો મતદારવિભાગ.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની કોર્ટના સભ્યોની ઉપર જણાવેલ મતદારવિભાગો માટેની આગામી સામાન્ય ચૂંટણીઓ માટે ચૂંટણી-મથકોની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં ચૂંટણી-મથકોની યાદી **પરિશિષ્ટ " છ "** તરીકે સામેલ છે.)

૭૪. યુનિવર્સિટી કાર્યાલયના જુ. કલાર્ક શ્રી. કે. જે. મહેતા તથા વિજ્ઞાન વિદ્યાભવનમાં લેબોરેટરી આસિ. તરીકે સેવાઓ આપતા શ્રી. વી. એમ. દરજીને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫ના પગાર-ધોરણમાં રૂ. ૨૪૩ પછીનો તા. ૧--૬--૧૯૭૩થી કાર્યક્ષમતા અંતરાય (એફિસિયન્સી બાર) ઓળંગવા માટેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. કે. જે. મહેતાની તથા શ્રી. વી. એમ. દરજીની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. કે. જે. મહેતાને અને શ્રી. વી. એમ. દરજીને રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે પરવાનગી આપવી.

૭૫. પ્રો. કે. કે. શાહ સ્મારક સુવર્ણચંદ્રક બી.ઈ.ની ત્રીજી સેમેસ્ટરની પરીક્ષાના એન્જિનિયરિંગ મિકેનિકસના વિષયની લેખિત પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવનારને એનાયત કરવા માટે રૂ. ૬,૦૧૨નું પ્રદાન આપવા અંગે શ્રી. સી. એચ. શાહ, અમદાવાદે તેમના વિદ્યાર્થીઓ, સહકાર્યકરો અને મિત્રો વતી લખેલ તા. ૧૮--૪--૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) સામાન્યત: સુવર્ણચંદ્રક એનાયત કરવા માટે રૂ. ૭,૫૦૦નું પ્રદાન સ્વીકારવામાં આવે છે. ખાસ કેસ તરીકે આ સ્વીકારવા વિનંતી છે.

(૨) એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન ન રહે અને તે સ્વાયત્ત સંસ્થા બને ત્યારે આ પ્રદાન તેને ટ્રાન્સફર કરી આપવા વિનંતી છે.

(૩) ચાલુ વર્ષે પ્રદાન આપવા માટે વધારાના રૂ. ૩૫૦ તેઓ આપશે તેમ જણાવે છે.

(૪) બી.ઈ. ૩ની સેમેસ્ટર પરીક્ષામાં વર્ગ આપવામાં આવતો નથી તેથી કુલ ગુણાંક વધુ હોય તેવા વિદ્યાર્થીને ઉપર જણાવેલ વિષયમાં સૌથી વધુ ગુણાંક મળ્યા હોય તેવા વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક આપવા અંગેની શરત રાખવી.]

આથી ઠરાવવામાં આવે છે કે પ્રસ્તુત સુવર્ણચન્દ્રક યુનિવર્સિટીના એક અધ્યાપકની પુણ્ય સ્મૃતિમાં સ્થાપવા માટે તેમના વિદ્યાર્થીઓ, સાથી અધ્યાપકો અને મિત્રો તરફથી સ્વૈચ્છિક ધોરણે ફાળો એકત્રિત કરવામાં આવ્યો છે તે હકીકત લક્ષમાં લઈને, અપવાદ તરીકે પ્રદાન અંગેના નિયમોમાં થોડી છૂટછાટ મૂકીને, સદરહુ રકમનો સાભાર સ્વીકાર કરવો તથા આ ઠરાવને ભવિષ્યમાં પ્રથા તરીકે ગણવો નહીં.

૭૬. યુનિવર્સિટી કાર્યાલયમાં મદદનીશ સુપરિટેન્ડન્ટ તરીકે કામ કરતા શ્રી. કૃષ્ણસ્વામીનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૨૮--૬--૧૯૭૩ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨૯--૬--૧૯૭૩થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તા. ૭--૪--૧૯૭૩ની સભામાં આ બાબત જૂન માસની સભામાં મૂકવા ઠરાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા તા. ૭--૪--૧૯૭૩ની સભામાં ઠરાવ્યા મુજબ આ સભાગૃહની જૂન માસની સભામાં કરવાનું રાખવું.

૭૭. શ્રીમતી હર્ષાબહેન છગનલાલ પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાંથી ફારેગ થયેલા પ્રાધ્યાપક શ્રી. બી. કે. કાયસ્થની સદરહુ કૉલેજ પાસે નીકળતી લહેણી રકમ ચૂકવવા અંગેની તેમની ફરિયાદ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી વિચારણા કરીને પોતાની સુચિંતિત ભલામણ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) ડૉ. જે. બી. હરિભક્તિ, અને

(૨) શ્રી. ઇન્દ્રવદન મોદી.

૭૮. જુનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશમાં પ્રવેશ માટેની પાત્રતા અંગેની જોગવાઈ નીચેના ઑર્ડિ. ૩૭૩—એ માં જણાવેલ છે તેના સંદર્ભમાં સદરહુ અભ્યાસક્રમમાં યુનિવર્સિટી ધારામાં નવી ઉમેરાયેલ કલમ ૪૨—એ-ના સંદર્ભમાં અંગ્રેજી વિના એસ.એસ.સી.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની બાબતમાં વિચારણા કરવા બાબત :

O. 373-A :

"Candidates for the Junior Certificate Course in English must havepa ssed the S.S.C. Examination with at least seven subjects including English at a higher or lower level or any other examination considered equivalent thereto.

Candidates for the Senior Certificate Examination must have either passed the examination in Junior Certificate Course in English or a degree Examination of this University or an examination recognised as equivalent thereto."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૩૭૩–એનો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો :

"Candidates for the Junior Certificate Course in English must have passed the S.S.C. Examination with at least seven subjects or any other examination considered equivalent thereto.

Candidate for the Senior Certificate Examination must have passed either the examination in Junior Certificate Course in English or a degree examination of this University or an examination recognised as equivalent thereto."

૭૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેના કાર્યની નોંધ લેવા બાબત :

સ્ટેટ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્પોર્ટ્સ, ગાંધીનગરના ઉપક્રમે સી. એન. વિદ્યાલય, અમદાવાદ ખાતે તા. ૩–૫–૧૯૭૩થી તા. ૨૩–૫–૧૯૭૩ દરમિયાન યોજાયેલ ૨૧ દિવસના બહેનોના વૉલીબૉલની રમતના તાલીમશિબિરમાં યુનિવર્સિટીનાં કોચ કુ. કલ્પનાબહેન મજમુદારને મૅનેજર તરીકે સેવાઓ આપવાનું મંજૂર કર્યાના અને તે અંગે આ અને બીજાં કામકાજો અંગેનું કુલ વેતન તેમના કુલ વાર્ષિક મૂળ પગારના ત્રીસ ટકા કરતાં વધે નહિ તે શરતે અને તેની મર્યાદામાં રહીને સ્વીકારવા માટે પરવાનગી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી :

૮૦. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૧–૩–૧૯૭૩ની સભામાં બાબત ક્રમાંક ૫૭થી એસ. વી. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના વ્યાખ્યાતા શ્રી. એ. ડી. ભટ્ટની બાબત અંગે થયેલ ઠરાવમાં "નિમણૂક જૂન ૧૯૬૬થી" ને બદલે "નિમણૂક જૂન ૧૯૬૭ થી" એમ વંચાય તે રીતે સુધારો કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઠરાવ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો.

૮૧. યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૨૭/૨૮–૩–૧૯૭૩ની સભામાં નીચેના ડિપ્લોમા અભ્યાસક્રમો સ્થાપવા મંજૂરી આપી હોઈ સ્ટે. ૧૭૯માં તેમનો સમાવેશ કરી તે સુધારવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬–૪–૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(1) Two years' Diploma Course in Medical and Social Psychology (D.M.&S.P.)

(2) One year's Diploma Course in Psychiatric Nursing (D.P.N.)

(3) One year's Diploma Course in Community Psychology (D.Com.P.)

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૭૯માં ઉપર મુજબ સુધારો કરીને તેને મંજૂર કરવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

૮૨. ૧૯૭૩ના ગુજરાત ઍક્ટ નં. ૬ માં નિર્દિષ્ટ એકિઝકયુટિવ કાઉન્સિલની સત્તાઓ અને ફરજોની કલમ ૨૦ (xxvi) અને ઍકેડેમિક કાઉન્સિલની સત્તાઓ અને ફરજોની કલમ ૨૨ (૨) (xii)ની જોગવાઈઓના સંદર્ભમાં ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬–૪–૧૯૭૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની જે તે ડિગ્રી કે ડિપ્લોમા પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના પદવીદાન સમારંભોમાં જે તે ડિગ્રી કે ડિપ્લોમા આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૭થી ૧૭૯માં કોઈ ફેરફાર કરવાની જરૂર જણાતી નથી એમ એકિઝકયુટિવ કાઉન્સિલને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ સ્વીકારવી.

૮૩. ૧૯૭૩ના ગુજરાત એકટ નં. ૬ દ્વારા સુધારેલા ગુજરાત યુનિવર્સિટી ધારામાં પરીક્ષકોની નિમણૂક અંગે સ્ટેચ્યૂટની જોગવાઈ કરી લેાઈ તે અંગેના નીચેના ઑર્ડ. ૬૭ અને ઑર્ડ. ૬૭–એ ૨૬ કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪–૧૯૭૩ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

O. 67 :

(1) A Committee for each Faculty shall be formed every year for the purpose of drawing up the lists of persons for appointment as Examiners at the University Examinations.

(2) The members of the Committee :

(*i*) The Vice-Chancellor, Ex-officio Chairman;

(*ii*) The Rector, if any;

(*iii*) The Dean of the Faculty concerned;

(*iv*) Two members appointed by the Academic Council from amongst belonging to the Faculty;

(*v*) Two members appointed by the Syndicate from amongst its members.

(3) The Committee shall draw up the lists from amongst the persons included in the panels. As regards external examiners, the Committee can go outside the panels. The lists so drawn up by the Examination Committee shall be placed before the Academic Council and thereafter before the Syndicate which shall make the appointments.

(4) If any Examiner is unable to accept the appointment, the Vice-Chancellor shall appoint another person to fill in the vacancy and shall report such appointments made by him to the Syndicate.

O. 67–A :

(1) No member of the Examination Committee of Syndicate shall be recommended by the Examination Committee for appointment as a Paper-setter and/or Examiner but the Syndicate may, if it thinks fit, invite any such member as a Paper-setter and/or Examiner. The remuneration to be paid to such a member shall in any one examination season be limited to the maximum of Rs. 250/-- taking into consideration all the examinations at which he is invited together.

(2) The Examination Committee shall be free to recommend members of the Academic Council for appointment as Paper-setters and/or Examiners at any Examinations, the remuneration to be paid to a member of the Academic Council, shall be limited to the maximum amount of Rs. 5,000/- taking into consideration all the subjects and all the examinations at which he is appointed together.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૭ અને ઑર્ડિ. ૬૭--એ તાત્કાલિક રદ કરવા.

૮૪. ગુજરાત ઍક્ટ નં. ૬થી ગુજરાત યુનિવર્સિટી ધારામાં થયેલ સુધારાના સંદર્ભમાં ઑ. ૭૮માંથી એગ્રિકલ્ચર વિદ્યાશાખા અને આયુર્વેદ મેડિસિનની વિદ્યાશાખા રદ કરવા તથા ડેન્ટલ સર્જરી અને ફાર્મસી વિદ્યાશાખા અલગ કરવા તથા તે પ્રમાણે ઑ. ૭૮ સુધારીને તેને યોગ્ય તારીખથી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઍકા. બા. ક્ર. ૩૫).

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલ ઑર્ડિ. ૭૮ મંજૂર કરવો તથા તેને ૧૨મી સપ્ટેંબર ૧૯૭૩થી અમલમાં મૂકવો.

૮૫. ૧૯૭૩ના ગુજરાત ઍક્ટ નં. ૬થી યુનિવર્સિટી ધારામાં થયેલા સુધારાને અનુલક્ષીને ઑ. ૭૪ નીચે મુજબ સુધારી તેને યોગ્ય તારીખે અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઍકા. બા. ક્ર. ૩૪).

O. 74 :

The Academic year of the University for the Faculties of Arts *including Education*, Science, Technology including Engineering, Law, Medicine, Commerce, Dental Surgery and Pharmacy shall be divided into two terms.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલ ઑર્ડિ. ૭૪ મંજૂર કરવો તથા તેને ૧૨મી સપ્ટેંબર ૧૯૭૩થી અમલમાં મૂકવો.

૮૬. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪--૧૯૭૩ની સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત (ઍકા. બા. ક્ર. ૨૦) :

(૧) "આથી ઠરાવવામાં આવે છે કે હાયર સેકન્ડરી પરીક્ષા માટે નવી શિક્ષણ તરાહના સંદર્ભમાં સંબંધકર્તા વિદ્યાશાખાઓ અને તેના વિષયોમાં એક વર્ષનો Post-graduate Diploma for teachers સ્થાપવા માટે તથા આ ડિપ્લોમા શિક્ષણ માટે નીચે મુજબ વ્યવસ્થા કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

માધ્યમિક શાળાઓમાં કામ કરતા શિક્ષકો પૈકી જેઓ ઓછામાં ઓછી સ્નાતકની પદવી અને પાંચ વર્ષનો કોઈ વિષયનો એસ.એસ.સી. વર્ગમાં શિક્ષણકાર્ય અનુભવ ધરાવતા હોય તેમને આ અભ્યાસક્રમમાં તે વિષય માટે પ્રવેશપાત્ર ગણવા તથા તેમને માટે ઉનાળાનાં ત્રણ વૅકેશનો તથા દિવાળીનાં ત્રણ વૅકેશનો એમ કુલ ૬ વૅકેશનોમાં વર્ગોનું આયોજન જે તે વિષયના યુનિવર્સિટીના

અનુસ્નાતક વિદ્યાભવન કે અનુસ્નાતક કેન્દ્રમાં કરવાનું રાખવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે આ અભ્યાસક્રમના આયોજન માટે રાજ્ય સરકાર તરફથી જરૂરી આર્થિક સહાય મેળવવા માટે તજવીજ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૭. આડિયોલોજી ઍન્ડ સ્પીચ થેરાપીના વિષયમાં અનુસ્નાતક ડિપ્લોમા સ્થાપવામાં આવ્યો છે તેનું નામાભિધાન બદલીને હવે બી.એસસી. (ઓડિયોલોજી ઍન્ડ સ્પીચ થેરાપી) નામાભિધાન રાખવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઍ.કા.બા.ક્ર. ૧૩).

આથી ઠરાવવામાં આવે છે કે ઓડિયોલોજી ઍન્ડ સ્પીચ થેરાપીના વિષયમાં જે અનુસ્નાતક ડિપ્લોમા સ્થાપવામાં આવ્યો છે તેનું નામાભિધાન બદલીને હવે બી.એસસી. (ઓડિયોલોજી ઍન્ડ સ્પીચ થેરાપી) નામાભિધાન રાખવું.

૮૮. બોરસદ કૉલેજ ઑફ એજ્યુકેશન, બોરસદનું સંચાલન ઈ. એમ. હાઈસ્કૂલ ટ્રસ્ટ, બોરસદને બદલે "ફેકલ્ટી ઑફ એજ્યુકેશન સોસાયટી", બોરસદને આપવામાં આવ્યું છે તેને મંજૂરી આપવા માટેની આચાર્યશ્રીની વિનંતી પર એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૭--૨--૧૯૭૩ની સભામાં નીમેલ સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Our recommendations are—

(1) The Trust (handing over the management) must give guarantee to the society that the above deficit of Rs. 21,450/- will in case of need, be borne by the Trust.

(2) The P. F. or balance of Rs. 3,796/- now under the custody of the Trust, must be deposited in a separate P. F. bank A/C latest by June, 1973. It may be invested in Govt. securities.

The P. F. must be treated as statutory P. F. & not as recognised P. F. because educational Institutions are governed under statutory P. F. Act of 1925.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી અને તેનું પરિપાલન થયેથી બોરસદ કૉલેજ ઑફ એજ્યુકેશન, બોરસદનું સંચાલન ઈ. એમ. હાઈસ્કૂલ ટ્રસ્ટને બદલે ફેકલ્ટી ઑફ એજ્યુકેશન સોસાયટી, બોરસદને આ યુનિવર્સિટી સાથેના જોડાણના હેતુઓ માટે સોંપવા માટે અનુમતિ આપવી.

૮૯. ધી કેમ્બે એજ્યુકેશન સોસાયટી, ખંભાત સંચાલિત અને એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈ સાથે સંલગ્ન વિનયન કૉલેજ, ખંભાતની જૂન, ૧૯૭૩થી ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ માટેની અરજી પર યુનિવર્સિટી ધારાની સુધારેલી કલમ ૩૩ (૧૦) હેઠળ વિચારણા કરી સદરહુ બાબતમાં સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ

સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬--૪--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક. ૧૭).

(**નોંધ.**—તપાસસમિતિનો અહેવાલ આવ્યા બાદ સદરહુ સંસ્થાએ જોડાણઅરજી પાછી ખેંચ્યાની જાણ કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંસ્થાએ જોડાણ માટેની અરજી પાછી ખેંચી છે તેની નોંધ લેવી.

૯૦. ગુજરાત યુનિવર્સિટી કોર્ટ પર ઉમેદવારી નોંધાવવા માટેનું ઉમેદવારીપત્ર સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર જુદાં જુદાં મતદારમંડળોમાંથી સભ્યોને ચૂંટવા માટેના ઉમેદવારીપત્રનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા ઉમેદવારીપત્રના મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૯૧. સિન્ડિકેટે તેની તા. ૧૩--૧--૧૯૭૩ની સભામાં વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. સી. જી. ખત્રીને યુનિવર્સિટી ઑફ ટોરેન્ટોના રિસર્ચ પ્રોજેક્ટમાં ભાગ લેવા માટે તા. ૮--૧--૧૯૭૩થી તા. ૧૪--૬--૧૯૭૩ની ખાસ રજા બિનપગારી રજા તરીકે મંજૂર કરી છે તેમાં એક માસનો વધારો (તા. ૧૫--૬--૧૯૭૩-થી તા. ૧૫--૭--૧૯૭૩ સુધી) મંજૂર કરી આપવા અંગેની ડૉ. ખત્રીની તા. ૫--૪--૧૯૭૩ની અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ અંગે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીએ તેમના તા. ૨૮--૪--૧૯૭૩ના પત્રથી ભલામણ કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. સી. જી. ખત્રીને આપવામાં આવેલી બિનપગારી રજા તા. ૧૫--૭--૧૯૭૩ સુધી લંબાવવી.

૯૨. ૧૯૭૩ના ગુજરાત ઍક્ટ નં. ૬ની કલમ ૪૨--એ અન્વયે એસ.એસ.સી.ની પરીક્ષામાં અંગ્રેજી વિષય વિના ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને કૉલેજમાં પ્રવેશ આપવામાં આવનાર છે તેના સંદર્ભમાં બીજી યુનિવર્સિટી-બોર્ડની પરીક્ષાઓની સમકક્ષતા અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬--૪--૧૯૭૩ની સભામાં વ્યકત કરેલ નીચેના અભિપ્રાયની નોંધ લેવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીએ અન્ય યુનિવર્સિટીઓ-બોર્ડોની જે પરીક્ષાઓને સમકક્ષતાની માન્યતા આપેલી હોય તે પરીક્ષાઓ ઉત્તીર્ણ કરનાર વિદ્યાર્થીઓને, તેઓ તે પરીક્ષા અંગ્રેજીના વિષયમાં ઉત્તીર્ણ થયા નથી એ જ એકમાત્ર કારણે કોઈ પણ કક્ષાએ પ્રવેશને માટે ગેરલાયક ઠરાવી શકાય નહીં, એમ એકિઝકયુટિવ કાઉન્સિલને આ સભાગૃહનો અભિપ્રાય જણાવવો."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલનો ઉપરનો અભિપ્રાય સ્વીકારવો.

૯૩. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩૮ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૯૪. ગુજરાત ઍકટ નં. ૬ હેઠળ ગુજરાત યુનિવર્સિટી ધારામાં ઉમેરાયેલી કલમ ૩૮–બી (૨) (a) મુજબ સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ તરફથી તેને સ્વાયત્તતા આપવા અંગે આવેલી અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી ધારાધોરણો ઘડવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) આચાર્ય એમ. સી. શાહ

(૨) ડૉ. ધીરુભાઈ ઠાકર

(૩) પ્રો. ડી. એન. પાઠક

(૪) ડૉ. એમ. એન. દેસાઈ

(૫) પ્રો. કે. એસ. શાસ્ત્રી.

૯૫. સરદાર પટેલ યુનિવર્સિટીના નીચેના પ્રસ્તાવ પર ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાની ૪૮મી વાર્ષિક સભાએ કરેલ ઠરાવ પર પગલાં લેવાનું સદરહુ બોર્ડના મદદનીશ મંત્રીઓ તેમના તા. ૨૭–૪–૧૯૭૩ના પત્રાંક Meet Misc ૭૩-૭૪-૨૯૭૩-૩૦૫૬થી જણાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

સરદાર પટેલ યુનિવર્સિટીનો ઠરાવ

"At the college and University level this is not done. The experience of this University is that it is exceedingly useful for those who are beginning their teaching career to undergo training of this kind. In fact the Senate has passed a resolution making it obligatory upon every new entrant to undergo this course."

ઇન્ટર- યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાનો ઠરાવ

"Resolved to commend the proposal to the Universities."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો નહીં.

૯૬. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના આચાર્યોને અને શિક્ષકોને અનુક્રમે આપવાના રૂ. ૮૦૦-૫૦-૧૨૫૦ અને રૂ. ૭૦૦-૪૦-૧૧૦૦ના પગારધોરણ અંગેની યાદી જે સિન્ડિકેટે તેની તા. ૨૩–૯–૧૯૭૨-ની સભામાં મંજૂર કરી છે તેમાં અનુક્રમ નં. ૧૫૬ માં શ્રી. એસ. જે. કૉન્ટ્રાક્ટરના નામ સામે જણાવેલ માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતાની તા. ૩૦–૯–૧૯૬૪ને બદલે તા. ૫–૮–૧૯૬૪ હોવાથી તેમનો યાદીમાંનો ક્રમ ૧૫૬ ને બદલે ૧૫૨ થાય છે તો તે સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકની યાદીમાં શ્રી. એસ. જે. કૉન્ટ્રાક્ટરને ૧૫૨નો ક્રમાંક આપવો અને તે પછીના નામોના ક્રમાંકમાં આનુષંગિક સુધારા કરવા.

૯૭. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૬૩ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૯૮. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૧--૯--૧૯૭૧ના પત્રાંક એફ. ૩૩-૩૪-૬૫ (સીડી) પીટીથી કૉલેજો--સંસ્થાઓ માટે ૧૯૫૬ના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના કાયદાની પેટાકલમ ૨ (એફ) હેઠળની યાદીમાં આવતી તમામ સંલગ્ન કૉલેજોએ તા. ૧--૯--૧૯૭૪ સુધીમાં નીચે મુજબ કરવાનું ફરજિયાત કરેલું છે. તેના સંદર્ભમાં વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત નીચે જણાવેલ પાંચ કૉલેજોનાં જુદાં જુદાં ટ્રસ્ટ રચવામાં આવ્યાં છે, તેમ જણાવતાં વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશનના મૅનેજિંગ ટ્રસ્ટીશ્રીના તા. ૨૩--૪--૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

	વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત કૉલેજ	કૉલેજના નવા ટ્રસ્ટનું નામ
૧.	વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ	વિવેકાનંદ આર્ટ્સ કૉલેજ ટ્રસ્ટ
૨.	વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ	વિવેકાનંદ કૉમર્સ કૉલેજ ટ્રસ્ટ
૩.	વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ લૉ	વિવેકાનંદ કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ ટ્રસ્ટ
૪.	વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન	વિવેકાનંદ એજ્યુકેશન કૉલેજ ટ્રસ્ટ
૫.	વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન ઍન્ડ લૉ, મહેસાણા	વિવેકાનંદ એજ્યુકેશન ઍન્ડ લૉ કૉલેજ ટ્રસ્ટ

It is registered as a society under the Societies Registration Act, 1860 (21 of 1960) or is a body corporate established or incorporated under the Central or State Act for the time being in force or is a trust with Trustees being appointed and vested with legal powers and duties.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ, સંબંધિત કૉલેજોના આ યુનિવર્સિટી સાથેના જોડાણના હેતુઓ માટે મંજૂર કરવો.

૯૯. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) આંતર-ભારતી અને ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે તા. ૫મી જૂનથી તા. ૧૧મી જૂન ૧૯૭૩ દરમિયાન "આંતર-પ્રાંતીય સમજ અને બિનસાંપ્રદાયિક સમાજરચના" અંગે યોજનાર શિબિર માટે યુનિવર્સિટી તરફથી રાષ્ટ્રીય એકતા સમિતિની ગ્રાન્ટમાંથી કુલપતિશ્રીએ રૂ. ૧,૫૦૦ મંજૂર કર્યાના;

(૨) ગુજરાત યુનિવર્સિટી તરફથી વિદ્યાર્થી સંસદના ઉપક્રમે માઉન્ટ આબુ ખાતે તા. ૨૮--૪--૧૯૭૩થી તા. ૭--૫--૧૯૭૩ દરમિયાન યોજાયેલ "વાચન શિબિર" રાષ્ટ્રીય એકતા ઘોતક માટે કુલપતિશ્રીએ રૂ. ૫,૦૦૦ મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૧૦૦. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં Cosip યોજના હેઠળ ગણિતવિજ્ઞાનના રીડરની જગ્યા હંગામી ધોરણે એક વર્ષ માટે સ્થાપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં ગણિતવિજ્ઞાનના રીડરની જગ્યા તા. ૩૧મી માર્ચ ૧૯૭૪ સુધીના સમય માટે હંગામી ધોરણે સ્થાપવી.

૧૦૧. સને ૧૯૭૩–૭૪ના ચાલુ વર્ષમાં સાથેના સ્ટેટમેન્ટ મુજબ કેટલાંક ખર્ચ ખાતાંઓમાં વધારાના ખર્ચની જોગવાઈ કરવા વિચારણા કરવા માટે.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષના અંદાજપત્રમાં આ સાથે જોડેલી યાદી મુજબ વધારાના ખર્ચની જોગવાઈ કરવી.

(વધારાના ખર્ચની જોગવાઈ અંગેની યાદી **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૧૦૨. વિજ્ઞાન વિદ્યાભવનનાં પ્રાણીશાસ્ત્રનાં વ્યાખ્યાતા ડૉ. મિસ એન. જે. ચિનોયને Professor and Chairman, Dept. of Anatomy, Rutger Medical School, Rutgers, The State University New Brunswick, New Jersey, U.S.A. તરફથી પોસ્ટ-ડૉકટરલ રિસર્ચ એન્ડ ટીચિંગ એસાઈનમેન્ટનું આમંત્રણ મળેલ છે તે માટે ૧લી ઑગસ્ટ ૧૯૭૩થી એક વર્ષ માટે પગાર સહિતની અભ્યાસ-રજા આપવા અંગેની ભવનના અધ્યક્ષશ્રી દ્વારા આવેલી તેઓની તા. ૨૧–૪–૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) ડૉ. ચિનોયનો હાલ મૂળ પગાર રૂ. ૫૬૦ છે.

(૨) તેઓ તેમની અરજીમાં જણાવે છે કે તેઓને $ ૯,૪૭૧ × ૭.૨૫ એટલે કે રૂ. ૫૬,૮૨૬ જેટલી રકમ મળશે જેમાંથી તેઓએ આવવાજવાનું મુસાફરી ખર્ચ ભોગવવાનું રહેશે.

(૩) આ સાથેના પત્ર પ્રમાણે તેઓને અસાઈનમેન્ટ હોવાથી તેઓને શું વેતન આપવું તે પણ વિચારવાનું રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એન. જે. ચિનોયને **૧લી** ઑગસ્ટ ૧૯૭૩થી એક વર્ષ માટે નીચેની શરતોએ અભ્યાસ-રજા મંજૂર કરવી :

(૧) તેમને આપવામાં આવેલી ખાસ રજાની મુદત પૂરી થાય કે તરત જ તેઓ યુનિવર્સિટીમાં પોતાની નોકરી ઉપર હાજર થશે અને તે પછી ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી તેઓ તે જગ્યા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરશે એ મુજબની બાંયધરી તેમના તરફથી આપવામાં આવે.

(૨) તેમને આપવામાં આવેલી ખાસ રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહીં.

(૩) ઉપર જણાવેલ શરત નં. (૧), અને (૨)નું તેઓ પાલન કરી શકે નહીં તો ત્રણ માસના પગાર (ભથ્થા સહિત) જેટલી રકમ નોટિસ-પે તરીકે તેઓ યુનિવર્સિટીને ભરપાઈ કરશે; અને

(૪) ઉપર જણાવેલી શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જામીનગીરી તેઓએ આપવાની રહેશે.

૧૦૩. યુનિવર્સિટી કાર્યાલયમાં અમુક જગ્યાઓ અપ-ગ્રેડ કરવાના સંદર્ભમાં સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨–૧૧–૧૯૭૨ની સભાના ઠરાવ ઉપર પુનર્વિચારણા કરવા માટેની કર્મચારીઓના પ્રતિનિધિઓની માગણી પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે આ સભાગૃહે (સિન્ડિકેટે) તેની તા. ૧૧/૧૨–૧૧–૧૯૭૨ની સભામાં બાબત નં. ૧૨ અને ૧૩થી કરેલા ઠરાવ પ્રમાણે કર્મચારી મંડળ પાસેથી માગેલી બાંયધરી દૂર કરવાની બાબતમાં કર્મચારી મંડળના પ્રતિનિધિઓએ કરેલી માગણીના સંદર્ભમાં ઉપરોક્ત ઠરાવ અંગે પુનર્વિચારણા કરવામાં આવી. ચર્ચા

દરમિયાન એનું સૂચવવામાં આવ્યું કે આ બાબત અંગે નીચે મુજબનું એક સામાન્ય ધોરણ માર્ગદર્શન માટે અખત્યાર કરવામાં આવે તો ઠીક પડે :

(૧) દરેક પાંચ જુનિયર કલાર્ક કે તેની સમકક્ષ જગ્યા માટે એક સીનિયર કલાર્ક કે તેની સમકક્ષની જગ્યા રાખવી.

(૨) દરેક પાંચ જુનિયર કલાર્ક કે તેની સમકક્ષ જગ્યા માટે એક હેડકલાર્ક કે તેની સમકક્ષની જગ્યા રાખવી.

(૩) દરેક દસ જુનિયર કલાર્ક કે તેની સમકક્ષ જગ્યા માટે એક કાર્યાલય નિયામક કે તેની સમકક્ષની જગ્યા રાખવી.

ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓ માટેની બઢતીના માર્ગો ખુલ્લા થાય તથા યુનિવર્સિટી કાર્યાલયનું કામકાજ વધુ કાર્યક્ષમ બને તે હેતુને લક્ષમાં લઈને યુનિવર્સિટીના સમગ્ર તંત્રમાંથી ૨૨ જુનિયર કલાર્ક કે તેની સમકક્ષ જગ્યાઓ અને ૭ પટાવાળાઓ કે તેની સમકક્ષ જગ્યાઓ રદ કરવી અને તેને બદલે નીચે મુજબની જગ્યાઓ કાયમી ધોરણે ઊભી કરવી :

	હાલ છે	હવે કુલ થશે
(૧) ઑફિસ સુપરિન્ટેન્ડન્ટ અને તેની સમકક્ષ જગ્યાઓ	૧૦	૧૩
(૨) હેડકલાર્ક અને તેની સમકક્ષ જગ્યાઓ	૧૪	૨૪
(૩) સીનિયર કલાર્ક અને તેની સમકક્ષ જગ્યાઓ	૧૯	૨૮
(૪) હવાલદાર	૧	૩
(૫) નાયક	૩	૫
(૬) ખૂન-કમ-એટેન્ડન્ટ	૫	૭
(૭) જમાદાર	—	૧

(રૂ. ૧૩૦-૫-૧૪૦-૫-૧૮૦ -૭-૨૨૨ના પગાર-ધોરણમાં)

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર મુજબ જે નવી જગ્યાઓ ઊભી કરવામાં આવે તે પૈકી ચાર સીનિયર કલાર્કની જગ્યાઓ ચાર વિદ્યાભવનોમાં, પ્રત્યેકમાં ઓછામાં ઓછો એક એ રીતે, ફાળવવી.

૧૦૪. એક્ઝિકયુટિવ કાઉન્સિલ પરની ચૂંટણી માટેનું ઉમેદવારીપત્ર મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એક્ઝિકયુટિવ કાઉન્સિલ પર સભ્યોની ચૂંટણી માટેના ઉમેદવારીપત્રનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા ઉમેદવારીપત્રના મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "૮"** તરીકે સામેલ છે.)

૧૦૫. કોર્ટ અને એક્ઝિકયુટિવ કાઉન્સિલ સિવાયની Office / Authorities પરની ચૂંટણી માટેનું ઉમેદવારીપત્રક મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કોર્ટ અને એક્ઝિકયુટિવ કાઉન્સિલ સિવાયનાં બાકીનાં સત્તામંડળો માટે અને પદ (ઑફિસ) માટે ચૂંટણી માટેના ઉમેદવારીપત્રનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા ઉમેદવારીપત્રના મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "૯"** તરીકે સામેલ છે.)

૧૦૬. ૧૯૭૩ના ગુજરાત એકટ નં. ૬થી ગુજરાત યુનિવર્સિટી ધારામાં થયેલ સુધારાના સંદર્ભમાં પરીક્ષકોની નિમણૂક અંગે સ્ટેચ્યૂટની જોગવાઈ કરી લેાઈ અને તે અન્વયે પરીક્ષકોની પેનલ અરજીઓ મંગાવી તૈયાર કરવાની લેાઈ આવી પ્રત્યેક અરજી દીઠ એક રૂપિયો લેવાનું રાખવા અંગેના કાર્યાલયના સૂચન પર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે આગામી શૈક્ષણિક વર્ષથી પરીક્ષકોની પેનલેા માટે જાહેરખબર અને પરિપત્ર દ્વારા અરજીઓ મંગાવવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર નં. (૧)માં જણાવેલ અરજીઓ માટે કશી પણ ફી લેવી નહિ.

૧૦૭. ૧૯૭૩ના ગુજરાત એકટ નં. ૬ અન્વયે યુનિવર્સિટી કોર્ટની ચૂંટણીના સંદર્ભમાં મતદારયાદીઓ સાયકલોસ્ટાઈલ્ડ કરવા–છપાવવા માટે વ્યવસ્થા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કોર્ટનાં જુદાં જુદાં મતદારમંડળોમાંથી સભ્યોની ચૂંટણી અંગે જરૂર મુજબ મતદારયાદીઓ છપાવવા યા સાયકલોસ્ટાઈલ કરાવવા અને તે માટે જરૂરી ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૮. બી. એમ. ઈન્સ્ટિટયૂટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી નીચેના અભ્યાસક્રમો શીખવવા માટે માન્યતા માટેની અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેડિકલ સાયકોલોજી એન્ડ સોશિયલ સાયકોલોજી (ડી.એમ. એન્ડ એસ.પી.)

(૨) પોસ્ટ-ગ્રેજ્યુએટ બી.એસસી. (ઓડિયોલોજી એન્ડ સ્પીચ થેરાપી)

(**નોંધ.**– ઑ. ૧૨૦–સી મુજબ માન્યતા માટેની અરજી તા. ૧–૯–૧૯૭૨ સુધીમાં આપવી જોઈતી હતી, પરંતુ સદરહુ સંસ્થા તરફથી અરજી તા. ૨૭–૪–૧૯૭૩ના રોજ આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

(૧) ડૉ. સી. ટી. ભોપટકર
(૨) ડૉ. એસ. એસ. બાલગે.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કા. / ૧૪૮૬૯ / ૧૯૭૩.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ–૯.
જૂન ૫, ૧૯૭૩.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ " ક "
કામકાજ ક્રમાંક ૩૩

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૨૧–૪–૧૯૭૩ના રોજ ૫–૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભામાં હાજરી નીચે મુજબ હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલે લીધું હતું.

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિ	હાજર
૨. ડૉ. જયંત બી. હરિભક્તિ	ગેરહાજર
૩. શ્રી. ઈન્દ્રવદન એ. મોદી	હાજર
૪. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૫. શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરી	હાજર
૬. પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૭. શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવ	હાજર

૧. તા. ૧૬–૯–૧૯૭૨ની સમિતિની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૧૬–૯–૧૯૭૨ની સમિતિની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સિન્ડિકેટે તેની તા. ૪–૧૨–૧૯૭૧ની સભામાં કરેલા નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

" કૉલેજોની સંખ્યામાં થતો ઉત્તરોત્તર વધારો જોતાં કૉલેજ જોડાણ અંગે સર્વગ્રાહી અને કોન્સોલિડેટેડ નોંધ પ્રાપ્ત થાય તે માટે યુનિવર્સિટી કાર્યાલયમાં એક અલાયદું તંત્ર (યુનિટ) ઊભું કરવામાં આવે જે નાયબ કુલસચિવશ્રી કક્ષાની વ્યકિતના માર્ગદર્શન હેઠળ કાર્ય કરે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૩. યુનિવર્સિટીના એન. એસ. એસ. વિભાગનાં નીચેની જગ્યાઓ અંગે શ્રી. ડી.પી.ઈ.ના તા. ૧૮–૨–૧૯૭૨ના નૂચન પર વિચારણા કરવા બાબત :

(૧) એક મદદનીશ વહીવટી અધિકારીની જગ્યા જે સિન્ડિકેટે સ્થગિત કરી છે તે revive કરવી.
(૨) એક વહીવટી અધિકારીની જગ્યા સિન્ડિકેટે સ્થગિત કરી છે તે revive કરવા વિચારણા કરવી.
(૩) હાલના હંગામી હેડકલાર્કની જગ્યા રદ કરવી.
(૪) હાલના મદદનીશ વહીવટી અધિકારીની હંગામી જગ્યા કાયમી જગ્યામાં ફેરવવી.
(૫) હાલના દૈનિક ધોરણે કામ કરતા જુ. કલાર્ક, ટાઈપિસ્ટ, ડ્રાઈવરની નિયત પગારધોરણમાં નિમણૂક કરવી.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે એન. એસ. એસ. યોજના હેઠળ હવેથી ૪૦૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા આપણી યુનિવર્સિટીને આપવામાં આવેલી હોવાથી વધારાના કામને પહોંચી વળવા માટે નીચે પ્રમાણેની વધારાની જગ્યાઓ મેજર બજેટમાં સમાવેશ થાય તે હિસાબે કામચલાઉ ધોરણે સ્થાપવી :

(૧) મદદનીશ વહીવટી અધિકારી ... રૂ. ૪૬૬-૨૦-૫૬૬-૨૨-૬૧૦ ઈબી ૨૫-૬૬૦.
(એક જગ્યા)

(૨) ક્લાર્ક—ટાઇપિસ્ટ ... રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈબી ૧૫-૪૦૮-૧૯૪૬૫.
(એક જગ્યા)

ચર્ચામાં ફરાવવામાં આવે છે કે હેડક્લાર્કની જગ્યા રદ કરવાની જરૂર નથી તથા આ વિભાગ હાલ મધ્યસ્થ સરકારની યોજના નીચે ફક્ત કામચલાઉ ધોરણે મંજૂર થયો હોઈ આ વિભાગ અંગેની કોઈ જગ્યા કાયમી કરવાનું હાલ બની શકે તેમ નથી, અને સૌને જે તે જગ્યાનાં પગારધોરણોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલના ઠરાવ મુજબ મૂકી દેવામાં આવ્યા છે.

૪. યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોના મધ્યસ્થ જિમખાના ખાતે એક વ્યાયામશિક્ષક અને કોચની જગ્યા ઊભી કરવા અંગે યુનિવર્સિટી ભવનોના મધ્યસ્થ જિમખાનાના અધ્યક્ષશ્રીના તા. ૨૮--૭--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીનાં ભવનોના જિમખાના માટે હાલ કાયમી ધોરણે વ્યાયામશિક્ષક અને કોચની જગ્યા ઊભી કરવાની જરૂર સમિતિને જણાતી નથી; પરંતુ યુનિવર્સિટીએ મંજૂર કરેલી કોચની ત્રણ જગ્યામાંથી જરૂર પ્રમાણે કોચની સેવાઓ આ કામ માટે આપવાનું ગોઠવવું.

ચર્ચામાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં જિમ્નેશિયમ અંગેનું મકાન પૂરું થયેથી આ પ્રશ્ન પર વિચારણા કરવાનું રાખવું.

૫. યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્રમાં નીચેની જગ્યાઓ ઊભી કરવા અંગે કાર્યાલયની તા. ૩--૮--૧૯૭૨ની નોંધ ઉપર વિચારણા કરવા બાબત :.

(૧) સાઈકિયાટ્રિસ્ટ
(૨) ફિઝિશિયન
(૩) સર્જન—હાલ ઈ.એન.ટી. અને ઓર્થોપેડિકનું કામ પણ સંભાળશે
(૪) ગાઈનેકોલોજિસ્ટ
(૫) આંખના દાકતર
(૬) ચામડીના દાકતર
(૭) દાંતના દાકતર.

(**નોંધ.**—યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન જેની સામે ૫૦ ટકા પ્રમાણે રૂ. ૩૦,૦૦૦ની ગ્રાન્ટ આપશે.)

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્ર માટે જૂન ૧૯૭૩થી અઠવાડિયે એક વખત સેવાઓ આપે તે પ્રમાણે નીચેના નિષ્ણાત ડૉકટરોની જગ્યાઓ ઊભી કરવી અને તેઓને યોગ્ય તે માનદ પુરસ્કાર આપવો. માનદ પુરસ્કાર આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

(૧) ફિઝિશિયન

(૨) સર્જન (હાલ ઈ.એન.ટી. અને ઓર્થોપેડિકનું કામ પણ સંભાળશે.)

(૩) આંખના દાકતર

(૪) દાંતના દાકતર.

૬. યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ માટે નીચેની ચાર કાયમી જગ્યાઓ ઊભી કરવા અંગે પરીક્ષા નિયામકશ્રીના તા. ૨૨--૯--૧૯૭૨ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

(૧) ડે. કન્ટ્રોલર--ડે. રજિસ્ટ્રાર	... એક જગ્યા
(૨) કાર્યાલય નિયામક	... બે જગ્યા
(૩) સ્ટેનોગ્રાફર	... એક જગ્યા.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં સ્ટેનો-ટાઈપિસ્ટની બે જગ્યાઓ તાજેતરમાં ઊભી કરવામાં આવી છે, અને એક સ્ટેનો-ટાઈપિસ્ટની સેવાઓ પરીક્ષા વિભાગને આપી છે, એટલે નવી જગ્યા ઊભી કરવાની જરૂર નથી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પરીક્ષા પદ્ધતિમાં કેટલાક ફેરફારો સૂચવાઈ રહ્યા હોવાથી આ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૭. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા જુ. કલાર્ક-ટાઈપિસ્ટો કે જેઓ એસ.એસ.સી. પાસ છે અને જેઓ તા. ૧--૨--૧૯૬૧થી કે પછી જોડાયા છે તે દિવસના પગારધોરણના મૂળ પગારમાં પાંચ પગારવધારા આપવા અંગે તા. ૪--૮--૧૯૭૨ની સંયુકત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે તા. ૪--૮--૧૯૭૨ની કેટલાક કલાર્ક-ટાઈપિસ્ટોની સંયુકત અરજી સ્વીકારી શકાય તેમ નથી. વધુમાં ભલામણ કરવામાં આવે છે કે રાજ્ય સરકાર તરફથી હવે સ્નાતક થયેલા ઉમેદવાર તથા એસ.એસ.સી થયેલા ઉમેદવારને શરૂઆતના પગારમાં કોઈ તફાવત રાખવામાં આવતો નથી તે જોતાં હવે પછી થતી નિમણૂકો માટે જુ. કલાર્ક-ટાઈપિસ્ટના પગારધોરણમાં હાલમાં શરૂઆતના પગારમાં આપવામાં આવતો પગારવધારો આપવાનું બંધ કરવું.

૮. યુનિવર્સિટી પ્રેસમાં પ્રૂફરીડર તરીકે કામ કરતા શ્રી. ડી. ડી. પટેલને નિયમ ૭ (૧) પ્રમાણે તા. ૧૯--૯--૧૯૬૭થી તા. ૧૧--૨--૧૯૬૯ સુધી કાર્યકારી પ્રેસ-મેનેજર તરીકે કામ કરવા બદલ તેઓને એક મૂળ માસિક પગારને બદલે ઓવરટાઈમનું મહેનતાણું સ્વીકારવાનો વિકલ્પ આપવા અંગે તા. ૨૦--૬--૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે પ્રૂફરીડર શ્રી. ડી. ડી. પટેલને નિયમ ૭(૧) પ્રમાણે તા. ૧૯—૯—૧૯૬૭થી તા. ૧૧—૨—૧૯૬૯ સુધી કાર્યકારી મદદનીશ પ્રેસ-મેનેજરનો ચાર્જ

આપવામાં આવેલો. તે સમયે તેમને પરીક્ષાના કામ માટે મૂળ માસિક પગાર આપેલો તેને બદલે તેઓને ડ્રાફ્ટરની જગ્યા ઉપર જે પગાર મળતો હોય તે પગાર પ્રમાણે ઓવરટાઇમ સ્વીકારવાનો વિકલ્પ આપવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ભવિષ્યમાં આ અંગે શી વ્યવસ્થા કરવી તે માટે કાર્યાલયે નોંધ રજૂ કરવી.

૯. સિન્ડિકેટે તેની તા. ૨૩–૯–૧૯૭૨ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા હેઠળ મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના જે કર્મચારીઓ પોતાના મકાનમાં રહેતા હોય અથવા ભાડે રહેતા હોય તેવા કર્મચારીઓ તરફથી ભાડાની પાવતી અને મ્યુ. ટેક્સનું બિલ રજૂ કરવામાં આવે નહિ કે ભાડાભથ્થા અંગેની બીજી કોઈ પણ શરત જેઓ પૂરી કરી શકે નહિ તેમના ઘરભાડા-ભથ્થાના દરમાં કશો ફેરફાર કરવો કે નહિ તે પ્રશ્ન સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવો."

(**નોંધ**.—હાલમાં રૂ. ૩૫૦થી નીચેના કર્મચારીઓને ૧૨½ ટકા અને રૂ. ૩૫૦થી ઉપરના કર્મચારીઓને ૧૦ ટકા ઘરભાડા ભથ્થું આપવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૧૦. વિજ્ઞાનવિદ્યા ભવનમાં વધુ એક કાયમી ચોકીદારની જગ્યા ઊભી કરવા અંગે એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટના તા. ૨૬–૧૦–૧૯૭૨ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં વધુ એક ચોકીદારની કાયમી જગ્યા ઊભી કરવાની સમિતિને જરૂર જણાતી નથી.

૧૧. યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્ર પર કામ કરતા ખંડ સમયના સ્ત્રી દાક્તરને કઈ કઈ રજાઓ આપવી તે અંગે ચીફ મેડિકલ ઑફિસરના તા. ૨૫–૧૦–૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આરોગ્યકેન્દ્રમાં ખંડ સમયના સ્ત્રી દાક્તરને યુનિવર્સિટીમાં લંગામી ધોરણે જોડાયેલા કર્મચારીઓને જે ધોરણે રજાઓ મળે છે તે ધોરણે રજાઓ આપવી.

૧૨. સિન્ડિકેટે તેની તા. ૨૩–૯–૧૯૭૨ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોના મોંઘવારી ભથ્થાનો પ્રશ્ન સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સ્ટે. ૨૦૪ કોર્ટે મંજૂર કર્યો હોવાથી હવે આ બાબતમાં કાંઈ કરવાનું રહેતું નથી.

૧૩. યુનિવર્સિટી વિદ્યાભવનોમાં વિભાગીય ગ્રંથાલયો શરૂ કર્યાં હોવાથી દરેક ભવનના ગ્રંથાલયમાં એક-એક એટલે કુલ ત્રણ પટાવાળાની કાયમી જગ્યાઓ ઊભી કરવી કે કેમ તે અંગે ગ્રંથપાલકક્ષીના તા. ૧૯–૧૨–૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં વિભાગીય ગ્રંથાલયો શરૂ કર્યાં હોવાથી નીચે પ્રમાણેની કાયમી જગ્યાઓ સ્થાપવી :

૧. જુ. કલાર્ક—૪ જગ્યાઓ ... રૂ. ૧૧૩—૫—૧૮૩—૧૦—૨૪૩ ઈ.બી. ૧૫—૪૦૮—૧૯—૪૬૫

૨. પટાવાળા—૪ જગ્યાઓ ... રૂ. ૯૪—૩—૧૦૯—૪—૧૩૩—૫—૧૫૮—૬—૧૭૦

(નોંધ.— ઉપરની જગ્યાઓમાં એક જુ. કલાર્ક અને એક પટાવાળાની જગ્યા હવે પછી શરૂ કરવાના મનોવિજ્ઞાન ભવનના વિભાગીય ગ્રંથાલય માટેની છે.)

૧૪. યુનિવર્સિટીના કર્મચારીઓને યુનિવર્સિટી પરીક્ષાઓમાં બેસવા દેવા માટે ચાર માસની રજાઓ પરિણામ બહાર પડે ત્યાં સુધી લેવી પડે છે તેમાંથી મુક્તિ આપવા તથા તે સમય દરમ્યાન અન્ય વિભાગમાં ટ્રાન્સફર કરવા અંગે ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના તા. ૪—૧—૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓને પરીક્ષામાં બેસવા દેવા માટે નિયમ પ્રમાણે પરિણામ બહાર પડે ત્યાં સુધી ચાર માસની રજાઓ લેવાની હોય છે તે નિયમમાં કોઈ ફેરફાર કરવાની જરૂર જણાતી નથી.

૧૫. સિન્ડિકેટે તેની તા. ૧૩—૧—૧૯૭૩ની સભામાં બાબત ક્રમાંક ૧(અ) આ સમિતિની તા. ૧૬—૯—૧૯૭૨ની ભલામણ નં. ૪ પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીના ટાઈપિસ્ટોને રાજ્ય સરકાર તથા મુંબઈ યુનિવર્સિટીના ધોરણે રૂ. ૨૦નું ટાઈપિંગ એલાવન્સ આપવા અંગેની તા. ૨૨—૭—૧૯૭૧ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત."

આ સમિતિની તા. ૧૬–૯–૧૯૭૨ની ભલામણ નીચે પ્રમાણે હતી :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ટાઈપિસ્ટોની તા. ૨૨–૭–૧૯૭૧ની સંયુક્ત અરજી મંજૂર કરવાનું બની શકે તેમ નથી."

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના ટાઈપિસ્ટોને ટાઈપિંગ અંગે હાલમાં જે એલાવન્સ આપવામાં આવે છે તેમાં કોઈ ફેરફાર કરવાની જરૂર નથી.

૧૬. સિન્ડિકેટે તેની તા. ૧૩—૧—૧૯૭૩ની સભામાં મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનના શિક્ષણશાસ્ત્ર વિભાગ માટે નીચેની જગ્યાઓ ઊભી કરી હોવાથી તે જગ્યાઓના પગાર અને લાયકાતનાં ધોરણો નક્કી કરવાની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

(૧) સ્ટેટિસ્ટિશિયન ... એક જગ્યા

(૨) સંશોધન-મદદનીશ ... ત્રણ જગ્યા.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે મનોવિજ્ઞાન ભવનના શિક્ષણશાસ્ત્ર વિભાગ માટે મંજૂર કરવામાં આવેલ સ્ટેટિસ્ટિશિયન અને સંશોધન-મદદનીશ માટે પગારધોરણ અને લાયકાતનાં

ધોરણો નીચે પ્રમાણે રાખવાં :

ક્રમાંક	જગ્યાનું નામ	પગારધોરણ	લાયકાતનું ધોરણ
૧.	સ્ટેટિસ્ટિશિયન	રૂ. ૪૦૦--૪૦--૮૦૦--૫૦--૯૦૦	1. (*a*) A First or Second class both in Bachelor's Degree & Master's degree in the subject and (*b*) At least 5 years' experience *or* 2. A Ph.D. degree.
૨.	સંશોધન-મદદનીશ	રૂ. ૩૦૦ (fixed)	A First Class Bachelor's Degree in the subject *or* A First or Second Class Master's degree in the subject.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં જુદા જુદા વિભાગોમાં મંજૂર થયેલી જગ્યાઓનું પગારધોરણ હવેથી રૂ. ૩૦૦ (fixed) રાખવું.

૧૭. ભાષા-સાહિત્ય ભવનમાં વધારાનું મકાન થયું હોવાથી સફાઈ વગેરેનું ૬૦ ટકા કામ વધ્યું હોવાથી એક સફાઈ કામદારની કાયમી અને એક કાયમી પટાવાળાની અથવા બે કાયમી પટાવાળાની જગ્યાઓ સ્થાપવા અંગે ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૩—૩—૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ભાષા-સાહિત્ય ભવનના મકાનમાં થયેલા વધારા તથા શિક્ષકગણમાં થયેલા વધારા ધ્યાનમાં લઈને એક પટાવાળાની કાયમી જગ્યા રૂ. ૯૪-૩-૧૦૮-૪-૧૩૩-૫-૧૧૮-૬-૧૭૦ના પગારધોરણમાં સ્થાપવી.

૧૮. યુનિવર્સિટી ગ્રંથાલયમાં ત્રીજી પંચવર્ષીય યોજના હેઠળ નીચે પ્રમાણેની હંગામી જગ્યાઓ ઊભી કરવામાં આવી હતી તે જગ્યાઓ ચોથી પંચવર્ષીય યોજનામાં પણ ચાલુ રાખી છે. તે જગાઓ તા. ૧--૪--૧૯૭૩થી કાયમી જગ્યાઓ તરીકે મંજૂર કરી તે પર કાયમી ધોરણે સ્ટાફ નીમવા અંગે ગ્રંથપાલશ્રીના તા. ૩--૪--૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	જગ્યાનું નામ	સંખ્યા
૧.	ટેકનિકલ આસિસ્ટંટ	એક
૨.	ક્લાર્ક	એક
૩.	ક્લાર્ક-ટાઈપિસ્ટ	એક
૪.	પટાવાળા	એક

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયમાં ત્રીજી પંચવર્ષીય યોજના હેઠળ મંજૂર કરવામાં આવેલી જગ્યાઓ પૈકી નીચેની જગ્યાઓ કાયમી ધોરણે મંજૂર કરવી અને તેનો ખર્ચ શકય હોય ત્યાં સુધી યુ.જી.સી. ગ્રાન્ટ ખાતે પાડવાનું રાખવું :

ક્રમાંક	જગ્યાનું નામ	સંખ્યા
૧.	ટેકનિકલ આસિસ્ટંટ	એક
૨.	કલાર્ક	એક
૩.	ટાઇપિસ્ટ	એક

૧૯. યુનિવર્સિટીમાં બધા જ ચોકીદારો ઉપર દેખરેખ રાખવા માટે એક સિક્યોરિટી ઑફિસરની જગ્યાની નિમણૂક કરવા અંગે એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટના તા. ૭-૪-૧૯૭૩ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના ચોકીદારો ઉપર દેખરેખ રાખવા માટે એક સિક્યોરિટી ઑફિસરની જગ્યા રૂ. ૨૦૦-૧૦-૩૦૦-૧૫-૪૫૦ના પગારધોરણમાં ઊભી કરવી. આ માટે લાયકાતનું ધોરણ "એસ.એસ.સી. અને પોલીસ કે મિલિટરીમાં પાંચ વર્ષનો અનુભવ" એમ રાખવું.

૨૦. યુનિવર્સિટી ક્વાર્ટર્સમાં રહેતા કર્મચારીઓ પાસેથી સરકારના ધોરણે મૂળ પગારના ૧૦ ટકા ભાડું વસૂલ કરવામાં આવે છે તે ભાડામાં રાહત આપવા અંગે કર્મચારીઓની સંયુકત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી ક્વાર્ટર્સમાં રહેતા કર્મચારીઓની તા. ૭-૪-૧૯૭૩ની સંયુકત અરજી યુનિવર્સિટી હાલ રાજય સરકારના ધોરણે મૂળ પગારના ૧૦ ટકા ભાડું લેતી હોવાથી તે પ્રથા ચાલુ રાખવી વાજબી છે. એ સંજોગોમાં રાહત આપવા અંગેની વિનંતી મંજૂર કરવાનું બની શકે તેમ નથી.

૨૧. યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગમાં એક સ્ટોરકીપરની જગ્યા સ્થાપવા અંગે એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટના તા. ૧૩-૪-૧૯૭૩ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગમાં એક સ્ટોરકીપરની કાયમી જગ્યા રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૧ના પગાર-ધોરણમાં સ્થાપવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભો. કે. શાહ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૩૫

ફાઇનાન્સ સમિતિની તા. ૨૭--૪--૧૯૭૩ની સભાની એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ

૧. આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે હાલનાં ટેન્ડરો મંગાવવાના નિયમોમાં ફેરફાર કરી રૂ. ૫,૦૦૦ને બદલે રૂ. ૧૦,૦૦૦ (રૂપિયા દશ હજાર) કે તેથી વધુ રકમની ખરીદી હોય તો છાપામાં જાહેરખબર આપી ટેન્ડરો મંગાવવાનું રાખવું. આથી નીચેની રકમની ખરીદી હોય તો હાલની પ્રથા પ્રમાણે પરિપત્રથી ટેન્ડર મંગાવાનું રાખવું.

૨. આથી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાને ભલામણ કરવામાં આવે છે કે પ્રાયોગિક પરીક્ષાના પરીક્ષકોને પરીક્ષા માટે દરરોજના રૂ. ૭--૫૦ના દરે રહેઠાણ ભથ્થું આપવામાં આવે છે તેને બદલે નીચે પ્રમાણે રહેઠાણ ભથ્થું આપવું :

	દરરોજનું રહેઠાણ ભથ્થું
(૧) જે જગ્યાએ કૉલેજે રહેઠાણની વ્યવસ્થા કરી આપી હોય ત્યાં	રૂ. ૭--૫૦
(૨) જે જગ્યાએ કૉલેજે રહેઠાણની વ્યવસ્થા ન કરી આપી હોય ત્યાં	રૂ. ૧૦--૦૦

પરીક્ષકે કૉલેજ તરફથી રહેઠાણની વ્યવસ્થા કરી આપી છે કે નહિ તે અંગેનું પ્રમાણપત્ર બિલમાં આપવાનું રાખવું.

વધુમાં એકિઝયુકટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે જે પરીક્ષકો પ્રથમ વર્ગનું મુસાફરી ભથ્થું માગે તેઓએ બિલમાં ટિકિટ નંબર આપવાનું આવશ્યક રહેશે.

૩. આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સેનેટમાં થયેલી ચર્ચાને ધ્યાનમાં લઈને શિક્ષક સંશોધનનિધિમાંથી નીચે પ્રમાણે ફાળવણી કરવી અને તે અંગેની અંદાજપત્રમાં જોગવાઈ કરવી :

(૧) શિક્ષક પુસ્તક મદદ	...	રૂ. ૨૫,૦૦૦
(૨) શિક્ષક સંશોધન નાણાકીય મદદ	...	રૂ. ૩૫,૦૦૦
(૩) પ્રકાશન મદદ	...	રૂ. ૯,૦૦૦

૪. આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીની જાહેરાતો માટે એજન્ટો નીમવા માટે વેપારીઓ તરફથી આવેલાં ટેન્ડરો તથા તે અંગેના કમિશનના દર અને તેઓના

સ્ટેન્ડિંગ અંગે વિચારણા કર્યા બાદ મે. કે. શાહ એન્ડ કં.ને નીચેના કમિશનના દરથી યુનિવર્સિટીના એજન્ટ તરીકે નિમણૂક કરવી :

	કમિશનનો દર
(૧) ગુજરાત રાજ્યનાં તમામ ગુજરાતી દૈનિક પત્રોમાં જાહેરાત પ્રસિદ્ધ કરવા માટે દૈનિકપત્રોના નક્કી કરાયેલા દરના	૧૨ ટકા
(૨) અંગ્રેજી દૈનિક ઉપર દૈનિક પત્રોના નક્કી કરાયેલા દરના	૬½ ટકા

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે મે. જેસ્ટેટનર ડુપ્લિકેટર્સ પ્રા. લિ. પાસેથી એક જેસ્ટેટનર ઈન્ટરનેશનલ રિપ્રોડકશન યુનિટ કંપની ભાવે અને શરતે ખરીદવું. ડુપ્લિકેટિંગ મશીન આ યુનિટ સાથે ખરીદવાની જરૂરત આ સભાને જણાતી નથી.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૩૬

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૩–૪–૧૯૭૩ ને સોમવારના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	ગેરહાજર
૩. શ્રી. નવનીતલાલ સા. શેાધન	ગેરહાજર
૪. શ્રી. એલ. જે. ચૌહાણ	હાજર
૫. શ્રી. એમ. સી. શાહ	હાજર
૬. શ્રી. ડી. એન. પાઠક	હાજર

૧. બાંધકામ સમિતિની તા. ૨૩–૩–૧૯૭૩ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૩–૩–૧૯૭૩ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી લેડીઝ હૉસ્ટેલના બાંધકામમાં વધારાના કામકાજ અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ. –(૧) વધારાના કામકાજ અંગેનું તારણ આ સાથે સામેલ છે.

(૨) આથી કુલ રૂ. ૧,૮૬૬નું ખર્ચ વધશે, પરંતુ ટેન્ડરના કુલ ખર્ચમાં વધારો થતો નથી.]

(અ) આથી ઠરાવવામાં આવે છે કે લેડીઝ હૉસ્ટેલના બાંધકામમાં આ સાથે સામેલ કરેલ **યાદી "ક"** મુજબના વધારાના કામકાજના દર મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(બ) વધુમાં ઠરાવવામાં આવે છે કે બાંધકામનાં હવે પછીનાં ટેન્ડરોમાં વધારાના કામકાજના દર પી.ડબ્લ્યુ.ડી.ના નિયત કરેલા દર મુજબ આપવામાં આવશે તેવી શરતનો ઉમેરો કરવો.

૩. યુનિવર્સિટીના રીડર ક્વાર્ટરના બાંધકામમાં વધારાના દર મંજૂર કરવા માટે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આથી કુલ ખર્ચમાં વધારો થતો નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે રીડર ક્વાર્ટર્સના બાંધકામમાં વધારાના કામકાજના દર મંજૂર કરવા અંગે કુલપતિશ્રીને સત્તા આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. યુનિવર્સિટીની બૉય્ઝ હૉસ્ટેલની અગાસી ઉપર વૉટરપ્રૂફિંગ ટ્રીટમેન્ટ કરાવવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૧,૭૫૫ જેટલું થશે.

(૨) યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનની અગાસી ઉપર મે. ટેકસ્ટાઈલ એન્ડ જનરલ એન્જી. સ્ટોર્સ પાસેથી રૂ. ૭૮--૦૦ સો ચોરસ ફૂટના ભાવથી થોડા સમય અગાઉ કામ કરાવેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી બૉય્ઝ હૉસ્ટેલની અગાસી ઉપર વૉટરપ્રૂફિંગ ટ્રીટમેન્ટ કરવાના કામ મનોવિજ્ઞાન ભવનના વૉટરપ્રૂફિંગના કૉન્ટ્રાકટર મે. ટેકસ્ટાઈલ એન્ડ જનરલ એન્જી. સ્ટોર્સ પાસેથી રૂ. ૭૮--૦૦ સો ચોરસ ફૂટના ભાવથી કુલ રૂ. ૧,૭૫૫ના ખર્ચે કરાવી લેવાનું મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. વિજ્ઞાન વિદ્યાભવનના વિકાસ બાંધકામમાં વધારાના કામકાજ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના વિકાસ બાંધકામમાં આ સાથે સામેલ : યાદી "ખ" મુજબના વધારાના કામકાજના દર મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. યુનિવર્સિટી કાર્યાલયના મકાનમાં ભોંયતળિયું તથા પહેલો માળ બંધ થાય તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના મકાનમાં ભોંયતળિયું અને પહેલો માળ બંધ થાય તે માટે સુપરિન્ટેન્ડિંગ એન્જિનિયર શ્રી. એલ. જે. ચૌહાણનાં સલાહસૂચનો લઈને આ કામ અંગે ઘટતું કરવાની સત્તા કુલપતિશ્રીને આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૭. સેનેટ હોલનું સ્ટેજ મોટું કરાવવા માટે સ્થપતિ શ્રી. એલ. કે. નંદવાણા તરફથી આવેલ પ્લાન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૮. યુનિવર્સિટીના "ડી" ટાઈપ કવાર્ટર્સના પ્લાન મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચોથા વર્ગના કર્મચારીઓના કવાર્ટર્સ માટેના સ્થપતિ શ્રી. એલ. કે. નંદવાણાએ તૈયાર કરેલા પ્લાન મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૯. યુનિવર્સિટી ટ્રસ્ટ ભવન માટે સ્થપતિની નિમણૂક કરવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ટ્રસ્ટ ભવન માટે સ્થપતિ શ્રી. હસમુખ સી. પટેલની નિમણૂક કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

કુલપતિશ્રીએ સ્પષ્ટતા કરી કે તેઓનો પુત્ર આ સ્થપતિને ત્યાં નોકરી કરે છે તેની સમિતિએ નોંધ લીધી.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત મકાન યુનિવર્સિટીના મકાનની સામે બસ સ્ટેન્ડની પાછળ પૂર્વ--પશ્ચિમ બાંધવાનું રાખવું.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. મિસ્ત્રી
કુલસચિવ વતી

* * *

પાદી "ક"

Extra Item rate in the work of extension of Ladies Hostel

No.	*Item*	*Quantity*	*Rate*	*Per*
(1)	1½" G. I. Pipe	30'—0"	4—50	RFT
(2)	4" S. W. Line	70'—0"	3—50	RFF
(3)	Gully Traps	3 Nos.	32—00	No.
(4)	Connections to G. I. Lines	1 No.	30—00	No.
(5)	Cutting G. I. Lines from slab	110 RFT	2—00	RFT
(6)	Waterproof Plaster	400 SFT	0—50	SFT
(7)	Plywood Supports	50 SFT	6—00	SFT
(8)	Polished kotah stone skirting	120 SFT	4—25	SFT
(9)	Rajula Stone for washing platform	3 Nos.	20—00	Each
(10)	Polished kotah stone strips	70 RFT	1—00	RFT

* * *

પાદી "ખ"

Extra Item rates in the work of School of Sciences Gujarat University, Ahmedabad–9.

No.	*Item*	*Quantity*	*Rate*	*Per*
1.	Extra for Providing 4m.m. thick glass in lieu of ⅛" thick glass in steel or teak doors, windows & ventilators etc.	75 Smt.	10—80	Smt,
2.	Extra for providing wiring glass in lieu of ⅛" thick sheet glass in windows,	10 Smt.	34—00	Smt.

પરિશિષ્ટ "ધ"

કામકાજ ક્રમાંક ૬૧

એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૭–૪–૧૯૭૩ની સભામાં ૧૯૭૩ના ગુજરાત એકટ નં. ૬ અન્વયે સ્ટેચ્યૂટ્સ અને ઑર્ડિનાન્સ સુધારવા માટેના સુચિંતિત મુસદ્દો તૈયાર કરીને રજૂ કરવા અંગેની સમિતિની પ્રથમ સભા તા. ૧–૫–૧૯૭૩ના રોજ સાંજના ૫–૦૦ વાગ્યે અને દ્વિતીય સભા તા. ૪–૫–૧૯૭૩ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે અને તૃતીય સભા તા. ૧૦–૫–૧૯૭૩ના રોજ બપોરના ૩–૩૦ વાગે મળી હતી જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

	૧–૫–૧૯૭૩	૪–૫–૧૯૭૩	૧૦–૫–૧૯૭૩
૧. કુલપતિશ્રી	હાજર	ગેરહાજર	હાજર
૨. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૩. આચાર્યશ્રી એમ. સી. શાહ	હાજર	ગેરહાજર	હાજર
૪. શ્રી. આઈ. એ. મોદી	હાજર	હાજર	હાજર
૫. શ્રી. કે. એસ. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૬. શ્રી. એસ. કે. ઝવેરી	હાજર	ગેરહાજર	હાજર
૭. આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર	હાજર	હાજર

પ્રથમ સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રીએ સંભાળ્યું હતું.

દ્વિતીય સભાનું પ્રમુખસ્થાન શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ સંભાળ્યું હતું.

તૃતીય સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રીએ સંભાળ્યું હતું.

૧. ૧૯૭૩ના ગુજરાત એકટ નં. ૬ અન્વયે સુધારવાના તથા રદ કરવાના સ્ટેચ્યૂટ્સ અને ઑર્ડિનાન્સ પર વિચારણા કરવા બાબત.

કાર્યાલયે રજૂ કરેલા નવા ઘડવાના, સુધારવાના અને રદ કરવાના સ્ટેચ્યૂટ્સની યાદી તથા કોર્ટ પરની ચૂંટણી અંગેનાં ધારાધોરણો સમગ્ર રીતે જોઈતપાસીને તેમાં જરૂરી સુધારાવધારા કરવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૩૧–૧–૧૯૭૧ની સભામાં નીમેલી સમિતિની નોંધ સાથે વિચારણા કરવામાં આવી. ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે—

(અ) આ સાથે જોડેલી યાદીમાં દર્શાવેલ સ્ટેચ્યૂટ્સ નવા ઘડવા, સુધારવા અને રદ કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(બ) નીચેનો ઑર્ડિનાન્સ ૬૩ રદ કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

O. 63 :

The Office of the Dean shall be vacated by death, resignation, by the Dean ceasing to be a fellow, or by his being absent from four

consecutive meetings of the Academic Council. He will also cease to be the Dean, if he remains absent from the Gujarat State for more than four consecutive calendar months without the permission of the Vice-Chancellor.

૨. ૧૯૭૩ના ગુજરાત એકટ નં. ૬ થી ઉમેરવામાં આવેલ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ (૩એએ)-ના સંદર્ભમાં ઓર્ડિનાન્સ ઘડવા અંગે વિચારણા કરવા બાબત :

(3AA) "Department" means a department designated as such by Ordinances with reference to a subject or a group of subjects.

આથી ઠરાવવામાં આવે છે કે આ સાથે જોડેલ ઓર્ડિ. સ્ટે. ૧૬૧ મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટની વ્યાખ્યા માટે આ સાથે જોડેલ ઓ. ૧૬૦ મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. ૧૯૭૩ના ગુજરાત એકટ નં. ૬ માં કલમ ૨૦(૧૯) નીચે પ્રમાણે છે:

20(XIX). to affiliate colleges and to approve institutions as may be provided by Statutes.

૧૯૭૩ના ગુજરાત એકટ નં. ૬થી ગુજરાત યુનિવર્સિટી ધારાની સુધારેલી કલમ ૩૩ અને નવી ઉમેરાયેલી કલમ ૩૫-એ માં આપેલી વિગતો જોતાં કોઈ સ્ટેચ્યૂટ ઘડવાની આવશ્યકતા છે કે નહીં તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૩ના ગુજરાત એકટ નં. ૬ થી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને નવી ઉમેરાયેલી કલમ ૩૫(એ) માં આપેલી વિગતો જોતાં કોઈ સ્ટેચ્યૂટ ઘડવાની આવશ્યકતા જણાતી નથી એમ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. ૧૯૭૩ના ગુજરાત એકટ નં. ૬ થી નવી ઉમેરાયેલી કલમ ૫૩(એ)(૨) નીચે પ્રમાણે છે:

(2) "The subscriptions of members of the teaching, other academic and non-teaching staff of an affiliated college or of a recognised institution, towards his provident fund and the contribution, if any, of the college or, as the case may be, of the institution towards the fund, shall be deposited in such manner and within such time as may be prescribed by the Statutes in a Scheduled Bank as defined in the Reserve Bank of India Act, 1934 or in a Co-operative Bank as defined in the Gujarat Co-operative Societies Act, 1961, approved by the State Government for such purpose." II of 1934 Guj. of 1962

ઉપરની કલમ ૫૩ (એ)(૨)માં જણાવ્યા પ્રમાણેનો સ્ટેચ્યૂટ ઘડવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૩ ના ગુજરાત એકટ નં. ૬ થી નવી ઉમેરાયેલ ઉપરની કલમ ૫૩(એ)(૨)માં નિર્દિષ્ટ સ્ટેચ્યૂટ નવી કોર્ટ રચાયેથી તેની સમક્ષ રજૂ કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૨૭/૨૮–૩–૧૯૭૩ની વાર્ષિક સભામાં અર્થશાસ્ત્ર તથા સહકારની અભ્યાસસમિતિઓ સંયુકત કરવાના સૂચન સાથે સ્ટે. ૧૦૮ પુનર્વિચારણા માટે મોકલેલ તે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬–૪–૧૯૭૩ની સભામાં આ સમિતિને વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૨૭/૨૮–૩–૧૯૭૩ની વાર્ષિક સભામાં અર્થશાસ્ત્ર તથા સહકારની અભ્યાસસમિતિઓ સંયુકત કરવાના સૂચન સાથે સ્ટેચ્યૂટ ૧૦૮ પુનર્વિચારણા માટે મોકલેલ જે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬–૪–૧૯૭૩ની સભામાં આ સમિતિની વિચારણા માટે મોકલેલ તે અંગેનો નિર્ણય લેવાનું એકિઝકયુટિવ કાઉન્સિલ પર છોડવું.

૬. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૬ કલાસ–૨ સામાન્ય સભ્યો (બી) મુજબ સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓની ચૂંટણી માટે મતદારવાદીઓ તેમ જ મતદાન પદ્ધતિ અંગે સ્ટેચ્યૂટ નવો બનાવવો પડશે તો તે અંગે વિચારણા કરવા બાબત.

ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે આ મતદાર વિભાગમાં પરોક્ષ ચૂંટણી રાખવી અને નીચેના નિયમો મુજબ મતદાર યાદી બનાવવી :

૧. ૧૫મી જુલાઈના રોજ યુનિવર્સિટીના અનુસ્નાતક વિદ્યાભવન અથવા અનુસ્નાતક કેંદ્રમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૨૫થી વધુ ન હોય ત્યાં ... એક મતદાર

૨. ૧૫મી જુલાઈના રોજ યુનિવર્સિટીના જે અનુસ્નાતક વિદ્યાભવન કે અનુસ્નાતક કેંદ્રમાં ૧૨૫થી વધુ વિદ્યાર્થી સંખ્યા હોય ત્યાં ... બે મતદાર

૩. ૧૫મી જુલાઈના રોજ જે સંલગ્ન કૉલેજમાં વિદ્યાર્થી-સંખ્યા ૫૦૦થી વધુ ન હોય ત્યાં ... એક મતદાર

૪. ૧૫મી જુલાઈના રોજ જે સંલગ્ન કૉલેજમાં વિદ્યાર્થી-સંખ્યા ૫૦૦થી વધુ હોય પણ ૧૦૦૦થી વધુ ન હોય ત્યાં ... બે મતદાર

૫. ૧૫મી જુલાઈના રોજ જે સંલગ્ન કૉલેજમાં વિદ્યાર્થી-સંખ્યા ૧૦૦૦થી વધુ હોય ત્યાં .. ત્રણ મતદાર.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ઉપરના નિયમોને અનુલક્ષીને ઘડવામાં આવેલ નવો સ્ટે. ૧૪–સી મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

એસ. પી. મેઠ
કુલસચિવ વતી

પરિશિષ્ટ "ધ–૧"
કામકાજ ક્રમાંક ૬૧

(૧) નવા ઘડવામાં આવેલા સ્ટેચ્યૂટ્સ

Statute 10 (*a*) :

(1) In case of election of Principals of affiliated colleges under clause (*ix*) of Section 16 (1) Class II(*A*), the Registrar shall prepare a roll of Principals of affiliated colleges affiliated as on 31st December of every year; and not less than 21 clear days before the date of election shall publish in newspapers selected by the Vice-Chancellor, a notice of election to be held by ballot in accordance with the procedure prescribed for the same.

(2) 35 Principals of affiliated colleges shall be elected in such manner as would ensure that at least one Principal from each faculty gets its representation on the Court.

(3) Notwithstanding anything contained above for the First election to this constituency under the Gujarat Act No. 6 of 1973, the Registrar shall prepare a roll of Principals of affiliated colleges as on 14–6–1973.

Statute 14–A :

(1) In the case of election to the Court by the governing bodies of the colleges affiliated to the University from amongst themselves under Section 16(1) Class II (*a*) (*vii*), the Registrar shall have rolls prepared of (*a*) the governing bodies of such colleges as are on 31st December every year situated within the limits of the city of Ahmedabad as constituted under the Bombay Provincial Municipal Corporations' Act, 1949; and (*b*) the governing bodies of such colleges as are situated outside the limits of the city of Ahmedabad as on 31st December every year, and not less than 21 clear days before the date of election publish in newspapers selected by the Vice-Chancellor, a notice of election to be held by ballot at polling centers to be fixed by the Executive Council in accordance with procedure prescribed in Statute 162.

(2) The Registrar shall ask each of such governing bodies for the purpose of preparing the above rolls to intimate to the University within 21 days of such request from the Registrar, the name, degrees, if any, and address of its representative for the purpose of voting and the name of such representative shall be put on the roll as a voter.

(3) Notwithstanding what is stated above for the first election to the Court from this constituency under the Gujarat University amended Act No. 6 of 1973, the Registrar shall prepare such rolls of governing bodies with their representatives of each of them as on 14-6-1973.

Statute 14-B :

In the case of election to the Court by the members of non-teaching staff of the University, affiliated colleges, recognised institutions and approved institutions, if any, from among themselves under Section 16(1) Class II (*B*) (*ii*) for its representative, the Registrar shall have a roll prepared as on 31st December of every year, of all confirmed full-time employees other than the teaching staff; and not less than 21 clear days before the date of election publish in newspapers selected by the Vice-Chancellor, a notice of election to be held by ballot in accordance with the procedure prescribed in Statute 162.

Statute 14-C :

Election of eleven representatives of students on the Court to be made under sub-section *b*(*i*) (*a*), (*b*) and (*c*) under the category of Class II—Ordinary Members as provided under Section 16(1) shall be held in the manner prescribed herebelow :

(*a*) (*i*) Any post-graduate student duly enrolled as such as on 15th July at a post-graduate department of the University, or at a post-graduate centre of the University, who has passed his first degree examination not more than five years before 15th March immediately preceding the date of his nomination as a candidate; and

(*ii*) every under-graduate student duly enrolled as such at any affiliated college as on 15th July who passed his S.S.C. or equivalent examination not more than seven years before 15th March immediately preceding the date of his nomination as a candidate, as the case may be, shall be entitled to stand as a candidate by submitting his nomination paper in the prescribed form, duly proposed by one of

his fellow-students and duly seconded by one of his fellow-students at his post-graduate department / post-graduate centre or college, as the case may be. His nomination paper shall contain a certificate duly signed by the Head of his Department or Professor-in-charge of the post-graduate centre, or by his Principal, as the case may be, certifying his enrolment and passing of his qualifying degree or S.S.C. Examination, as the case may be, within the qualifying period. On such nomination and certificate being made, he shall be held eligible to stand as a candidate for election to (*a*) one of the three seats meant for post-graduate students in the Faculties of Arts including Education, Science and Commerce, or (*b*) one of the three seats meant for under-graduate students in the Faculties of Arts including Education, Science and Commerce, or (*c*) one of the five seats meant for post-graduate and under-graduate students in the Faculties other than the Faculties of Arts including Education, Science and Commerce, as the case may be; provided that no student shall be held eligible to stand as a candidate for a seat meant for any faculty other than the one in which he is enrolled as a student. In the event of a student belonging to more than one Faculty, he shall opt for one of the faculties from which he desires to contest.

(*b*) For the purpose of voting for election for eleven members as students' representatives on the Court, every post-graduate department and every affiliated colllege shall be entitled to elect student representatives as voters as mentioned herebelow :

(*i*) (*a*) A post-graduate department of the University or a post-graduate centre of the University with an enrolment of students not exceeding 125 as on 15th July of the year of election ...one voter

(*b*) A post-graduate department of the University or a post-graduate centre of the University with an enrolment of more than 125 as on 15th July of year of election ...two voters

(*ii*) (*a*) An affiliated college with an enrolment of students not exceeding 500 as on 15th July of the year of election ...one voter

(*b*) An affiliated college with an enrolment of more than 500 students but not more than 1000 students as on 15th July of the year of election ...two voters

(*c*) An affiliated college with an enrolment of students exceeding 1000 students as on 15th July of the year of election ...three voters

(*iii*) The voters mentioned in (*i*) and (*ii*) above shall be elected by the Students of the post-graduate departments of the University or the post-graduate centres of the University or of the affiliated colleges, as the case may be.

૩૫. એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટીની કૉલેજોને ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ મળ્યેથી તે કૉલેજમાં જૂન ૧૯૭૩થી પ્રી-યુનિ.ના વર્ગમાં જોડાતા વિદ્યાર્થીઓએ સ્ટે. ૧૭૩ મુજબ એનરોલમેન્ટ સર્ટિફિકેટ મેળવવાનું થાય તેમ જ સદરહુ યુનિવર્સિટી કે કૉલેજો દ્વારા લેવાયેલ પરીક્ષાઓ પસાર કરનાર વિદ્યાર્થીઓએ આ યુનિવર્સિટીમાંથી એલિજિબિલિટી સર્ટિફિકેટ લેવાનું થાય તેમ જ પાકું પ્રમાણપત્ર મેળવવા એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીના માઈગ્રેશન સર્ટિફિકેટ અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી બહેનોની જે કૉલેજો એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટી સાથે હાલ જોડાયેલી છે તે કૉલેજોની જે વિદ્યાર્થિનીઓને એ.ટી.કે.ટી. મળેલ હોય અગર એસ.વાય.બી.એ.ની પોતાની કૉલેજમાં પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલી હોય તેમને ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી વિનયન વિદ્યાશાખાની કૉલેજોમાં ચાલુ વર્ષે ઉપલા વર્ગમાં પ્રવેશપાત્ર ગણવામાં આવે છે. આ વિદ્યાર્થિનીઓએ ગુજરાત યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પ્રવેશપાત્રતાનું પ્રમાણપત્ર (એલિજિબિલિટી સર્ટિફિકેટ) નિયત પત્રકમાં અરજી કરીને મેળવી લેવાનું રહેશે.

૩૬. મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન ઍન્ડ સોશિયલ વેલ્ફેરે પરીક્ષા સુધારણા અંગે નીમેલી સમિતિના હેવાલની બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧--૩--૧૯૭૩ના પત્રાંક એફ્--૮--૧--૭૩ (એચ. ૨) પર વિચારણા કરવા એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૭--૪--૧૯૭૩ની સભામાં નીમેલી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૩૭. વિજ્ઞાનવિદ્યા ભવનમાં ભૌતિકવિજ્ઞાનના રીડર તરીકે ડૉ. રઘુનાથ આચાર્યની નિમણૂક કરી હતી પરંતુ તેઓને આ અંગે પુછાવતાં તેઓ ઑક્ટોબર ૧૯૭૪માં જોડાઈ શકશે ત્યાં સુધી આ ઓફર ખુલ્લી રાખવા માટે તેમના તા. ૧૪--૫--૧૯૭૩ના પત્રથી કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ—એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮--૧૨--૧૯૭૨ની સભામાં ક્રમાંક ૨૮થી સદરહુ જગ્યા માટે ક્રમાનુવર્તી નીચેના ઉમેદવારો પૈકી એકની બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવા ઠરાવ્યું છે :

૧. શ્રી. રઘુનાથ આચાર્ય

૨. શ્રી. વિનયકુમાર મંગુભાઈ ત્રિવેદી

તથા

નિમણૂકપત્ર બાદ ઉમેદવાર જોડાય તે તારીખથી શરૂઆતનો મૂળ માસિક પગાર નક્કી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપી હતી.]

સદરહુ બાબત અંગે કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૌતિક-વિજ્ઞાનના રીડર તરીકે શ્રી. વિનયકુમાર મંગુભાઈ ત્રિવેદીને તા. ૧૫મી જૂન ૧૯૭૩થી રૂ. ૭૦૦–૫૦–૧,૨૫૦ના પગારધોરણમાં મૂળ પગાર રૂ. ૮૫૦થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

૩૮. તા. ૯–૪–૧૯૭૩ના રોજ મળેલ ગુજરાત રાજ્યના યુનિવર્સિટીઓના સંયુકત બોર્ડની બાબત ક્રમાંક ૩ અને ૫ પરત્વે કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(3) To consider the report of the Committee on Reservation in admission to scheduled castes and scheduled tribes students.

બોર્ડની ભલામણ

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટેના પ્રવેશમાં અનામત ધોરણ રાખવા અંગે જે તે યુનિવર્સિટીઓએ નિર્ણય લેવો તેમ સ્વીકારવામાં આવ્યું.

(5) To consider the question of making it obligatory for every teacher to carry out supervision and examination assessment work irrespective of the fact whether any remuneration is attached to it or not.

બોર્ડની ભલામણ

સૂચન આવકારદાયક છે અને તે પ્રમાણે જોગવાઈ કરવા અંગેની કાર્યવાહી જે તે યુનિવર્સિટી-ઓએ હાથ ધરવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની બાબત ક્રમાંક ૩ અને ૫ પરત્વેના તેણે કરેલા ઉપરના ઠરાવોની નોંધ લેવી.

૩૯. એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદને તેની જોડાણઅરજીમાં જણાવેલા વિષયોમાં ગૃહવિજ્ઞાનનો વિષય ઉમેરવા માટે પરવાનગી આપવા માટે તેમની તા. ૧૪-૫-૧૯૭૩થી કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—સદરહુ કૉલેજમાં હાલ ગૃહવિજ્ઞાનનો વિષય પ્રી-યુનિ.ના તથા પ્રથમ વર્ષના વર્ગમાં ફરજિયાત વિષય તરીકે શીખવાય છે જે ક્રમશ: તૃતીય બી.એ.ના વર્ગમાં શીખવવા માંગે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેનને તેને જોડાણ મળ્યેથી તા. ૧૫-૬-૧૯૭૩થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધી ગૃહવિજ્ઞાન મુખ્ય વિષય તરીકે શીખવવા માટે તદર્થ ધોરણે મંજૂરી આપવી.

૪૦. સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી બી.એ. (સબો.) માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી પર મૂકેલી શરતોના પરિપાલનના હેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજનું જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૧. નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઈતિહાસ અને સમાજશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં આંકડાશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, સંસ્કૃત અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની શરતોના પરિપાલનના રિપોર્ટના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ પ્રતિવર્ષ કરવા અંગે સ્પષ્ટ બાંયધરી મોકલી નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજનું જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૨. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) મનોવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરી નથી.

(૨) ગ્રંથાલયમાં પુસ્તકો માટે અગાઉ સેનેટે વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં પુસ્તકો માટે ખર્ચની માહિતી નિયત પત્રકમાં મોકલી નથી.

(૩) શરત ૫ અને ૬ ના પરિપાલન અંગે પૂરક માહિતી નિયત પત્રકમાં મોકલી નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણની શરતોનું પાલન થયેથી તે કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૩. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી બી.એસસી.(રૂપે.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી પર મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન કરવામાં આવ્યું

હોઈ જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—છૂટા થયેલા શિક્ષકો પૈકી પાંચ શિક્ષકોને કુલ રૂ. ૧,૬૦૪--૦૬ની રકમ ચૂકવવાની બાકી છે તે તેઓના સરનામાને અભાવે ચૂકવાઈ નથી અને તે રકમ ચૂકવવા તૈયાર છે તેમ કૉલેજે જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજનું જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૪. કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ તરફથી જૂન ૧૯૭૩થી બી.એડ.ના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ તથા ડિપ.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી પર મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા સહિત જુદા ખાતામાં પૂરી રકમ ભરપાઈ થઈ ગયેલ છે પરંતુ ટ્રસ્ટની રચના કરવા માટેની કાર્યવાહી ચાલુ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણની શરતોનું પાલન થયેથી તે કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૫. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી બી.એસસી.(સ્પે.)માં રસાયણ-વિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં પ્રાણીવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી પર મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) પુસ્તકો અને સામયિકો માટેની શરતના સંદર્ભમાં રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની સ્પષ્ટ બાંયધરી મોકલી નથી.

(૨) પ્રૉવિડંટ ફંડની રકમ અલગ ખાતામાં જમા કરાવી નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણની શરતોનું પાલન થયેથી તે કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૬. શ્રી. એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસ-ક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બૅંકિંગ અને બિઝનેસ મૅનેજમેન્ટ; તથા બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આંકડાશાસ્ત્ર વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કર્યો નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણની શરતોનું પાલન થયેથી તે કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૭. નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી પર મૂકેલી શરતોનું સદરહુ કૉલેજે યથાર્થ પરિપાલન કરેલું હોઈ જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજનું જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૮. નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, આંકડાશાસ્ત્ર, બૅન્કિંગ અને એકચ્યુઅરિયલ સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—પુસ્તકો અને સામયિકો માટેનો રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ પ્રતિવર્ષ કરવા અંગે સ્પષ્ટ બાંયધરી મોકલી નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજનું જોડાણ અંગેનું જાહેરનામું એક્ઝિકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૯. કૉલેજ ઑફ એજ્યુકેશન, મુન્દ્રા—કચ્છ તરફથી જૂન ૧૯૭૩થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) ગ્રંથાલય માટે અગાઉ પુસ્તકો અને સામયિકો માટેની મૂકેલી શરત પૈકી રૂ. ૧,૨૩૪—૯૩નો ખર્ચ કરવાની ઊણપ છે.

(૨) પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૩,૦૦૦ના પ્રતિવર્ષ કરવાના આવર્તક ખર્ચ અંગે સ્પષ્ટ બાંયધરી મોકલી નથી.

(૩) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચનાની કાર્યવાહી ચાલુ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણની શરતોનું પાલન થયેથી તે કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એક્ઝિકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૦. મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા તરફથી જૂન ૧૯૭૩થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને હિંદી; તથા બી.એ.(સભો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ, તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) જરૂરી વર્ગખંડોનું બાંધકામ ચાલુ છે જે સમયસર થઈ જશે એમ કૉલેજે જણાવ્યું છે.

(૨) જૂન, ૧૯૭૪ સુધીમાં કૉલેજના સ્વતંત્ર મકાનના બાંધકામ માટે જરૂરી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

(૩) પ્રૉવિડંટ ફંડ ટ્રસ્ટની રચના કરવા માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે તેમ કૉલેજે જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણની શરતોનું પાલન થયેથી તે કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એક્ઝિકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૧. વડનગર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર તરફથી જૂન ૧૯૭૩થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સભો.)માં મનોવિજ્ઞાન, હિંદી, સંસ્કૃત અને ઇતિહાસ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના પ્રાધ્યાપક અને કૉમર્સના પ્રાધ્યાપકની નિમણૂકો અંગેની વિગતો અધૂરી છે.

(૨) અર્થશાસ્ત્રના કાર્યભારને અનુલક્ષીને વધારાના શિક્ષકની નિમણૂક કરવાની શરત અંગે વ્યવસ્થા કરવામાં આવશે જેની જાણ યુનિવર્સિટીને તા. ૫--૬--૧૯૭૩ સુધીમાં કરવામાં આવશે તેમ જણાવ્યું છે.

(૩) કૉલેજના મકાનમાં જરૂરી વર્ગખંડોની વ્યવસ્થા કરવાની શરત અંગે હાલ જરૂરના બે વર્ગખંડો તૈયાર થઈ ગયા છે. બીજા ચારનું કામ ચાલુ છે તેમ જણાવ્યું છે.

(૪) પુસ્તકો અને સામયિકો માટેની અગાઉની શરતો પૈકી રૂ. ૩,૫૪૧--૬૬ની ઊણપ રહી છે, જોકે રૂ. ૫,૦૦૦નાં પુસ્તકો માટે ઑર્ડર આપેલ છે તેમ કૉલેજે જણાવ્યું છે.

(૫) પ્રૉવિડંટ ફંડના નિયમોના પાલન અંગેની માહિતી અધૂરી છે.

(૬) સર્વશ્રી આર. એન. દવે અને સુરેશ દવેના કેસીઝ એકિઝકયુટિવ કાઉન્સિલની સભા સમક્ષ મુકાયેલ અલાયદી બાબતમાં આવરી લેવાઈ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણની શરતોનું પાલન થયેથી તે કૉલેજની જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૨. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર, તરફથી જૂન ૧૯૭૩થી બી.એ.(પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન, હિન્દી, અર્થશાસ્ત્ર; બી.એ.(સબો.)માં અંગ્રેજી, ઈતિહાસ, અને રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ, તથા બી.એ.(પ્રિન્સિ.)માં ઈતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) પુસ્તકો અને સામયિકો માટેનો રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ પ્રતિવર્ષ કરવામાં આવશે તેવી સ્પષ્ટ બાંયધરી મોકલી નથી.

(૨) પી. એફ. ટ્રસ્ટની રચના કરવામાં આવી છે, પરંતુ પી.એફ.ની શિક્ષકોની કપાત તથા સંસ્થાના ફાળાની રકમ પ્રત્યેક સભ્યના ખાતામાં જમા કરવામાં આવે છે.

(૩) શ્રી. આર. કે. શાસ્ત્રીની લેણી રકમ અંગે કાર્યવાહી ચાલુ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણની શરતોનું પાલન થયેથી તે કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૩. મોતીલાલ નહેરુ લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું જૂન ૧૯૭૩થી વિભાગીકરણ કરી (૧) મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદને તથા (૨) મોતીલાલ નહેરુ કૉમર્સ કૉલેજ, અમદાવાદને સ્વતંત્ર કૉલેજો તરીકે (૧) મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદને દ્વિતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ, તથા (૨) મોતીલાલ નહેરુ કૉમર્સ કૉલેજ, અમદાવાદને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે મળેલ તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું જોડાણ ચાલુ રાખવા માટેની શરતોનું યથાર્થ પરિપાલન થયું હોઈ જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજનું જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૪. કૉલેજ ઑફ્ નર્સિગ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી દ્વિતીય વર્ષ (પોસ્ટ-બેઝિક) બી.એસસી. (નર્સિગ) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) વ્યાખ્યાતાની બે ખાલી જગ્યા પૂરવામાં આવી છે, પરંતુ કોની નિમણૂક કરવામાં આવી છે તે માહિતી સ્પષ્ટ નથી.

(૨) કૉલેજનું સ્વતંત્ર મકાન તૈયાર થયું નથી પરંતુ સરકારે તેમને ગ્રાન્ટ ફાળવી છે તે જોતાં, ૧૯૭૩--૭૪માં બાંધકામ શરૂ થશે તેમ જણાવ્યું છે.

(૩) ઓડિટોરિયમ તૈયાર થયું નથી. ૧૯૭૩--૭૪માં બાંધકામ શરૂ કરવામાં આવશે તેમ જણાવ્યું છે.

(૪) ગ્રંથાલય માટે પુસ્તકો અને સામયિકો માટેની અગાઉની શરતોના સંદર્ભમાં કરેલ ખર્ચની માહિતી નિયત પત્રકમાં મોકલી નથી.

(૫) પુસ્તકો અને સામયિકો માટેના રૂ. ૩,૦૦૦ના આવર્તક ખર્ચની શરત અંગે સ્પષ્ટ બાંયધરી મોકલી નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણની શરતોનું પાલન થયેથી તે કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૫. સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સભો.)માં હિંદી, ઇતિહાસ અને મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણની શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) ગ્રંથાલયમાં પુસ્તકો અને સામયિકો માટે અગાઉ વખતોવખત મૂકેલી શરતોની માહિતી નિયત પત્રકમાં મોકલી નથી.

(૨) પ્રોવિડંટ ફંડ અંગે ટ્રસ્ટની રચના કરવામાં આવી નથી, પરંતુ તે અંગે કાર્યવાહી ચાલુ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણની શરતોનું પાલન થયેથી તે કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બજાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૬. શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ શ્રી એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર તરફથી જૂન ૧૯૭૩થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સભો.)માં મનોવિજ્ઞાન, હિંદી અને ઇતિહાસ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) વર્ગખંડની વ્યવસ્થા કરવાની શરતના અનુસંધાનમાં તે કાર્યવાહી જો વિદ્યાર્થીઓની સંખ્યા પૂરતા પ્રમાણમાં આવશે તો કરવામાં આવશે તેમ જણાવ્યું છે.

(૨) વધુ વિદ્યાર્થી-સંખ્યા થશે તો નિયમાનુસારના ક્ષેત્રફળવાળો વાચનખંડ બનાવવામાં આવશે એમ જણાવ્યું છે.

(૩) ગ્રંથાલય માટે વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે કરવાના ખર્ચની વિગત નિયત પત્રકમાં મોકલી નથી.

(૪) પુસ્તકો તથા સામયિકો માટે રૂ. ૩,૦૦૦નો પ્રતિવર્ષ આવર્તક ખર્ચ કરવા અંગેની બાંયધરી મોકલી નથી.

(૫) શ્રી. એમ. એમ. શેખને ચૂકવવા પાત્ર થતી રકમ પૈકી રૂ. ૯૫૮ની રકમની ચુકવણી બાકી છે.

(૬) ચોથી પંચવર્ષીય યોજના હેઠળ શિક્ષકોના સુધારેલા પગારધોરણના સંદર્ભમાં મોંઘવારી ભથ્થું તથા ઘરભાડા ભથ્થાના તફાવતની ચુકવણીમાં ૧૯૭૦-૭૧ના મોંઘવારી ભથ્થા તથા ઘરભાડા ભથ્થાની ૪૦ ટકાની રકમ ચૂકવવામાં આવી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણની શરતોનું પાલન થયેથી તે કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૭. સરકારી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર તરફથી જૂન ૧૯૭૩થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, સમાજશાસ્ત્ર, હિંદી, સંસ્કૃત, અંગ્રેજી, આંકડાશાસ્ત્ર અને ઇતિહાસ; તથા બી.એ.-(સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, ભૂગોળ, ફારસી અને ગણિતશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિગ એન્ડ ઑડિટિંગ, બૅન્કિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઇકોનોમિક્સ ઑફ કૉટનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—ઇકોનોમિક્સ ઑફ કૉટનના વિષયનાં પુસ્તકો માટે ઑર્ડર મૂકેલ છે. રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવાની શરત અંગે તેમ જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજનું જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૮. શ્રી સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા તરફથી જૂન ૧૯૭૩થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) એકાઉન્ટન્સીના પૂર્ણ સમયના પ્રાધ્યાપક ન મળવાથી બે ખંડ સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરી છે પણ માહિતી નિયત પત્રકમાં મોકલી નથી.

(૨) વાણિજ્યના પૂર્ણ સમયના પ્રાધ્યાપક ન મળવાથી ખંડ સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરી છે, પરંતુ નિયત પત્રકમાં માહિતી મોકલી નથી.

(૩) હિંદીના ખંડ સમયના લેકચરર તરીકે શ્રીમતી કાન્તાબહેન અગ્રવાલની નિમણૂક કરી છે પણ માહિતી નિયત પત્રકમાં મોકલી નથી.

(૪) ગ્રંથાલય માટે પુસ્તકો અને સામયિકો અંગેના ખર્ચ માટેની માહિતી નિયત પત્રકમાં મોકલી નથી.

(૫) રૂ. ૩,૦૦૦ના આવર્તક ખર્ચ અંગે સ્પષ્ટ બાંયધરી મોકલી નથી.

(૬) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થાની શરત અંગેની માહિતી નિયત પત્રકમાં મોકલી નથી.

(૭) પ્રૉવિડંટ ફંડ ટ્રસ્ટ અંગેની શરતની માહિતી નિયત પત્રકમાં મોકલી નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણની શરતોનું પાલન થયેથી તે કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૯. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી પ્રથમ વર્ષ બી.કૉમ.માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટેની શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) બિઝનેસ મૅનેજમેન્ટ વિષય માટે નિમાયેલ શ્રી. એન. એન. મહેતાની માહિતી નિયત પત્રકમાં મોકલી નથી.

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની શરત અંગે સ્પષ્ટ બાંયધરી મોકલી નથી.

(૩) બિઝનેસ મૅનેજમેન્ટ વિષયનાં રૂ. ૨,૦૦૦નાં પુસ્તકો માટેના અનાવર્તક ખર્ચની શરતના સંદર્ભમાં ૧૯૭૨-૭૩ના વર્ષમાં રૂ. ૨,૦૦૮નો ખર્ચ કરેલો છે તેમ જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણની શરતોનું પાલન થયેથી તે કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૦. ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ તરફથી જૂન ૧૯૭૩થી પાંચમા વર્ષ બી.ઈ. (કેમ.) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) કેમિકલ એન્જિ. ના આસિ. પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવી નથી.

(૨) કાર્યભારને અનુલક્ષીને સિવિલ એન્જિનિયરિંગના વ્યાખ્યાતા અને ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના લેક્ચરરની નિમણૂકો કરવાની જરૂર નથી તેમ જણાવ્યું છે.

(૩) પ્રયોગશાળા માટેનાં સાધનો પૂરેપૂરાં વસાવાયાં નથી.

(૪) પ્રૉવિડંટ ફંડના ટ્રસ્ટની રચના કરી છે, પરંતુ તેની રકમ ફાઉન્ડેશનમાં જમા કરાવી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણની શરતોનું પાલન થયેથી તે કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી બાબત નં. ૬૧ના સંદર્ભમાં બાબત નં. ૭૬ પણ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૬૧. ડૉ. કે. બી. વિનુરાજને ડૉ. ઓ. પી. ગુપ્તાના યુનિટમાં ખાસ કેસ તરીકે એમ.ડી. બ્રાન્ચ ૧માં નોંધવા માટે ડીન, બી. જે. મેડિકલ કૉલેજ દ્વારા આવેલ વિનંતીને ધ્યાનમાં લેવા વિચારણા કરવા બાબત.

૭૬. ડૉ. યોગિની મહેતા કે જેઓ ડી.જી.ઓ. માટે તા. ૧-૨-૧૯૭૨થી નોંધાયાં છે તેમને ડૉ. યુ. ટી. પટેલ હેઠળના એકમમાં ખાસ કેસ તરીકે વધારાના વિદ્યાર્થી તરીકે એમ.ડી. બ્રાંચ ૩ માટે નોંધવા અંગે બી. જે. મેડિકલ કૉલેજના ડીનની વિનંતીને ધ્યાનમાં લઈ વિચારણા કરવા બાબત :

(નોંધ.—ડૉ. યુ. ટી. પટેલના યુનિટમાં તા. ૧-૮-૧૯૭૨થી એક જગ્યા ખાલી પડી છે.)

તે પછી ઠરાવવામાં આવ્યું કે ડૉ. કે. બી. વિનુરાજને તથા ડૉ. (કુ.) યોગિની મહેતાને તેમના કેસના વિશિષ્ટ સંજોગો જોતાં અનુક્રમે એમ.ડી. બ્રાન્ચ ૧ અને એમ.ડી. બ્રાન્ચ ૩માં વધારાના વિદ્યાર્થીઓ તરીકે નોંધવામાં આવે તેમાં યુનિવર્સિટીને હરકત નથી એમ બી. જે. મેડિકલ કૉલેજના આચાર્યશ્રીને જણાવવું.

૬૨. સિન્ડિકેટની તા. ૨૧-૧૦-૧૯૭૨ની સભાના ઠરાવથી ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઓપ. સ્ટોર્સને નીચે મુજબનું ફર્નિચર તા. ૩૦-૪-૧૯૭૩ સુધી આપવામાં આવ્યું હતું તે ફર્નિચર હજુ

વધુ સમય માટે આપવા અંગે સ્ટોર્સના મૅનેજિંગ ડિરેક્ટર તરફથી આવેલા તા. ૯–૫–૧૯૭૩ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત :

ઑફિસ ચેર	૧૫ નંગ
ટેબલ ૪′×૨′× ૨½′	૨ નંગ
ઘડિયાળ	૧ નંગ
કમિટી ટેબલ	૧ નંગ
સીલિંગ ફેન	૧૧ નંગ
ટાઇપરાઇટર	૨ નંગ

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કઝ્યુમર્સ કો-ઑ. સ્ટોર્સને ઉપર મુજબનું ફર્નિચર વધુ એક વર્ષ માટે, એટલે કે તા. ૩૦–૪–૧૯૭૪ સુધી, વાપરવા માટે આપવું.

૬૩. યુનિવર્સિટી મુદ્રણાલયમાં પ્રૂફરીડર–કક્ષા 'બી' તરીકે કામ કરતા શ્રી. બી. આર. ભાવસારને રૂ. ૧૫૩-૧-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૩૭૮ના પગારધોરણમાં તા. ૧–૭–૧૯૭૩થી રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય (Efficiency bar) ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી મુદ્રણાલયના પ્રૂફરીડર–કક્ષા "બી" શ્રી. બી. આર. ભાવસારની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. બી. આર. ભાવસારને રૂ. ૧૫૩-૧-૧૮૩–૧૦–૨૪૩ ઈ.બી. ૧૫–૩૭૮ના પગારધોરણમાં રૂ ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧–૭–૧૯૭૩થી ઓળંગવા માટે પરવાનગી આપવી.

૬૪. યુનિવર્સિટી કાર્યાલયમાં ડી. પી. ઈ. વિભાગમાં કોચ તરીકે કામ કરતા શ્રી. એમ. પી. સુબેહા તા. ૧૨–૪–૧૯૭૩ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ તેઓના ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ પરત કરવા અંગેની તેઓની તા. ૨૧–૫–૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓ યુનિવર્સિટીમાં તા. ૧૫–૧–૧૯૭૩ના રોજ જોડાયા હતા અને તા. ૧૨–૪–૧૯૭૩ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. પી. સુબેહાને તેમના ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ પરત કરવી.

૬૫. યુનિવર્સિટી કાર્યાલયના ટાઇપિંગ વિભાગમાં ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. આઈ. બી. સાડીવાળાને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ તેઓએ શ્રી. લાલબહાદુર શાસ્ત્રી પાર્કમાં ખરીદેલા મકાન માટે તેમના પ્રૉવિડન્ટ ફંડ ખાતે જમા નીકળતી રકમમાંથી રૂ. ૩,૭૦૦ (અંકે રૂપિયા ત્રણ હજાર સાત સો) પૂરાની લોન આપવા અંગેની તેઓની તા. ૨૧–૫–૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓના પ્રૉવિડંટ ફંડ ખાતે તા. ૩૧–૩–૧૯૭૩ના રોજ રૂ. ૩,૭૦૬–૧૧ જમા છે અને તે પર તેમની પ્રૉવિડંટ ફંડની લોનના રૂ. ૧,૪૪૧ કપાત છે તો તે પર ગણતરી કરતાં જે વ્યાજ થાય તે કપાત કરવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના ટાઇપિંગ વિભાગના ટાઇપિસ્ટ શ્રી. આઈ. બી. સાડીવાલાને સ્ટે. ૧૮૮(૨) હેઠળ તેમના પ્રૉવિડન્ટ ફંડ ખાતેથી રૂ. ૩,૭૦૦(અંકે રૂપિયા ત્રણ હજાર સાતસો પૂરા)ની બિલ્ડિંગ લોન મંજૂર કરવી.

૬૬. યુનિવર્સિટી કાર્યાલયમાં જુ. કલાર્ક તરીકે કામ કરતા શ્રી. સી. એચ. મોદીને રૂ. ૩,૫૦૦ની સ્કૂટર લોન તા. ૧–૭–૧૯૭૩ના રોજ મળે તે અંગે તેઓની તા. ૪–૬–૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓનો હાલ મૂળ માસિક પગાર રૂ. ૨૪૩ છે, પરંતુ તેઓનો પગારવધારો તા. ૧–૭–૧૯૭૩ના રોજ થતો હોવાથી તેઓનો પગાર રૂ. ૨૫૮ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના જુનિયર કલાર્ક શ્રી. સી. એચ. મોદીને સ્કૂટરની ખરીદી કરવા માટે રૂ. ૩,૫૦૦(અંકે રૂપિયા ત્રણ હજાર પાંચસો)ની લોન, યુનિવર્સિટીનાં ધારાધોરણોને આધીન, મંજૂર કરવી.

૬૭. સિવિલ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ હાલ અનાવૃષ્ટિના રાહતકાર્યમાં રોકાયેલા હોઈ તેમને પ્રથમ સત્રની આવશ્યક હાજરીમાંથી વધુમાં વધુ ૨૦ દિવસની મુકિત આપવા અંગે કમિશનર ઑફ સ્કેરસિટી રિલીફ તરફથી આવેલા તા. ૩૦–૫–૧૯૭૩ના પત્રાંક ડી.ઓ. ડીસીઈ–૧૩૭૩ (૨૫)–જી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇજનેરી કૉલેજોના જે વિદ્યાર્થીઓને અનાવૃષ્ટિ અંગેના રાહતકાર્યમાં તા. ૧૫મી જૂનથી તા. ૩૦મી જૂન સુધીના સમય દરમ્યાન જેટલા દિવસ રોકવામાં આવેલા હોય તેને તેટલા દિવસનું તેમનું કામ ક્ષેત્રકાર્ય ગણીને તેમના સત્રની માન્યતા માટેના હેતુ માટે હાજરી તરીકે ગણતરીમાં લેવાનું રાખવું.

૬૮. ત્રિવાર્ષિક તપાસસમિતિઓના અહેવાલો પરત્વે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની તા. ૨૧–૫–૧૯૭૩ના રોજ મળેલ સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૨૧–૫–૧૯૭૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૧–૫–૧૯૭૩ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૬૯. ઑગસ્ટ ૧૯૭૩ના પ્રથમ સપ્તાહમાં કોર્ટની સામાન્ય ચૂંટણી યોજવામાં આવનાર હોવાથી પોલિંગ ઑફિસર્સને આપવાની સૂચનાઓના મુસદ્દા અંગે વિચારણા કરવા માટે.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કોર્ટની ચૂંટણીઓની બાબતમાં મતદાનકેન્દ્રના અધિકારીઓ (પોલિંગ ઑફિસર્સ)ને આપવામાં આવતી સૂચનાઓનો સુધારેલો મુસદ્દો મંજૂર કરવો.

(સૂચનાઓના સુધારેલા મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૭૦. ૧૯૭૩ના ગુજરાત ઍકટ નં. ૬થી ગુજરાત યુનિવર્સિટી ધારામાં ઉમેરાયેલી કલમ ૫૧–એ અન્વયે કોઈ પણ સંલગ્ન કૉલેજ / માન્ય સંસ્થા કામચલાઉ સમય માટે નિમાયેલ કર્મચારીઓ સિવાય કોઈને તેમાં જણાવેલ કાર્યવાહી સિવાય છૂટા ન કરી શકે તેવી જોગવાઈના સંદર્ભમાં સદરહુ ઍકટ અમલમાં આવ્યા પછી એટલે કે તા. ૧૨–૩–૧૯૭૩ કે તે પછી છૂટા કરવામાં આવેલા કર્મચારીઓની ફરિયાદો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શિક્ષકોને ફારેગ કરવામાં ગુજરાત ઍકટ ૬થી ઉમેરાયેલ કલમ ૫૧–એની જોગવાઈનો ભંગ થતો હોઈ એ શિક્ષકોને તેમની સેવાઓનું સાતત્ય જળવાય તે રીતે જે તે પદ પર ચાલુ રાખવા સંબંધકર્તા કૉલેજોને પુનઃ જણાવવું.

૭૧. યુનિવર્સિટી કોર્ટની ચૂંટણીના કામકાજ માટે પોલિંગ ઑફિસરને રૂ. ૧૫, ક્લાર્કને રૂ. ૫ અને પટાવાળાને રૂ. ૨ નો પુરસ્કાર આપવામાં આવે છે તો આ કામનો પ્રકાર, જવાબદારી અને સંજોગોને ધ્યાનમાં લઈ તે દરમાં સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની કોર્ટની ચૂંટણી અંગે પુરસ્કારના દર નીચે મુજબ સુધારવા :

મતદાન અધિકારી (પોલિંગ ઑફિસર)	... રૂ. ૨૦
ક્લાર્ક	... રૂ. ૮
પટાવાળા	... રૂ. ૪

૭૨. શ્રી. સી. એન. આર્ટ્સ એન્ડ ડબોઈ નગરપાલિકા સાયન્સ કૉલેજ, ડબોઈએ નીચે જણાવ્યા પ્રમાણે ફી વધારવા માટે અરજી કરેલી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત :

વર્ગ	હાલ લેવાતી ફીનો દર	સૂચિત ફીનો દર
પ્રી-આર્ટ્સ તથા ફર્સ્ટ બી.એ.	રૂ. ૧૧૦	રૂ. ૧૭૦થી ૧૮૫
સેકન્ડ બી.એ. તથા થર્ડ બી.એ.	રૂ. ૧૧૦	રૂ. ૧૯૦થી ૨૦૦

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે ટ્યૂશન ફીમાં વધારો કરવા માટેની સદરહુ કૉલેજની વિનંતી માન્ય રાખી શકાય તેમ નથી.

૭૩. એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨–૫–૧૯૭૩ની સભામાં રાજ્ય સરકારે નીમેલી કૉલેજ ફાઇનાન્સ કમિટી (શેલત સમિતિ)ના રિપોર્ટ પર વિચારણા કરીને ગયે વર્ષે જે સરકારી ઠરાવ તા. ૨૩–૬–૧૯૭૨ નો જી. આર. ક્રમાંક (NGC–1372 Kh) બહાર પાડીને ફીની "રેન્જ" સૂચવી છે તેને ધ્યાનમાં લઈને જે તે કૉલેજને ફી વધારા માટે મંજૂરી આપી છે, પરંતુ સરકારી ઠરાવમાં વાણિજ્ય વિદ્યાશાખાનો ઉલ્લેખ ન હોઈ દેસાઈ સી. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વોરમગામની નીચે પ્રમાણે ફી વધારો માગતી અરજી પરત્વે વિચારણા કરવા બાબત :

પ્રી.-કૉમર્સ એફ.વાય.બી.કૉમ.	... રૂ. ૧૫૦ ને બદલે રૂ. ૧૭૦ કે રૂ. ૧૭૧
એસ.વાય.બી.કૉમ. ટી.વાય.બી.કૉમ.	... રૂ. ૧૧૦ ને બદલે રૂ. ૧૯૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તેમની વાણિજ્ય વિદ્યાશાખાના વિદ્યાર્થીઓની ટ્યૂશન ફીમાં વધારો કરવા માટેની વિનંતી માન્ય કરવી નહીં.

૭૪. એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨–૫–૧૯૭૩ની સભામાં રાજ્ય સરકારે નીમેલ ફાઇનેન્સ કમિટી (શેલત સમિતિ)ના રિપોર્ટ પર વિચારણા કરીને શેલત કમિટીના રિપોર્ટના આધારે ગુજરાત સરકારે ગયે વર્ષે જે સરકારી ઠરાવ તા. ૨૩–૬–૧૯૭૨નો જી.આર. ક્રમાંક NGC–1372Kh બહાર પાડી ફીની "રેન્જ" સૂચવી છે તેને ધ્યાનમાં લઈને જે તે કૉલેજને ફી વધારા માટે મંજૂરી આપી છે, પરંતુ સરકારી ઠરાવમાં વાણિજ્ય વિદ્યાશાખાનો

ઉલ્લેખ ન હોઈ શાહ સી. કે. મ્યુનિ. કૉમર્સ કૉલેજ, કલોલની પ્રી-યુનિ. કૉમર્સથી ટી.વાય.બી.કૉમ. સુધી રૂ. ૧૦નો ફી વધારો માંગતી અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તેમની વાણિજ્ય વિદ્યાશાખાના વિદ્યાર્થીઓની ટ્યૂશન ફીમાં વધારો કરવા માટેની વિનંતી માન્ય કરવી નહીં.

૭૫. સેકન્ડ એલએલ.બી. મોન્સૂન અને વિન્ટર સેમેસ્ટર પરીક્ષાઓ ઑક્ટોબર ૧૯૭૩માં પહેલી વાર જ લેવાની હોવાથી તે પ્રત્યેક સેમેસ્ટરની ફી નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સેકન્ડ એલએલ.બી. જૂના અભ્યાસક્રમની પરીક્ષાની ફી રૂ. ૬૦ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સેકન્ડ એલએલ.બી.ની ઉપરની પ્રત્યેક પરીક્ષાઓ માટે રૂ. ૪૦ની પરીક્ષા ફી નિયત કરવી અને તે અંગે ઑર્ડિ. ૧૨૯ના સંબંધકર્તા ભાગમાં નીચે મુજબ ફેરફાર કરવો :

Name of the Examination	*How many times in a year*	*Date of Commence-ment*	*Last date for Appli-cation*	*Examination Fee Rs.*
Second LL.B. Semester–I (Monsoon) or (Winter)	Twice	Second Monday in April and October	25th Feb. and 25th Aug.]	Rs. 40/–
Second LL.B. Semester II (Monsoon) or (Winter)	–do–	–do–	–do–	–do–

૭૬. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૬૧ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૭૭. નોંધાયેલા સ્નાતકોના મતદારવિભાગના મતદારો માટે તથા યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોના શિક્ષકોના મતદારવિભાગના મતદારો માટે જે તે મતદારે મત આપતાં પહેલાં ઓળખપત્ર રજૂ કરવાની સૂચિત સ્ટેચ્યૂટ્સમાં જોગવાઈ હોવાથી જે તે ઓળખપત્રના નમૂના મંજૂર રાખવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મતદારો માટેનાં ઓળખપત્રોના નમૂના મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલાં ઓળખપત્રોના નમૂના **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૭૮. અભ્યાસસમિતિઓની પૂર્ણ રચના થાય નહિ ત્યાં સુધી અભ્યાસસમિતિઓના અધ્યક્ષની ચૂંટણી થઈ શકે નહિ તેવા કુલાધિપતિશ્રીના ફ્લિગના સંદર્ભમાં ગુજરાત ઍકટ નં. ૬થી ઘડેલા બોર્ડ ઑફ સ્ટડીઝની રચના અંગેના સ્ટેચ્યૂટ ૪ (૧)ની કંડિકા (*ii*) મુજબ કુલપતિશ્રી નક્કી કરે તે સંખ્યામાં વિદ્યાશાખાઓએ અભ્યાસ-

સમિતિ ઉપર સભ્યો નીમવાના હોય છે. વિદ્યાશાખાઓની રચના થઈ ન હોય ને તેથી અભ્યાસસમિતિઓની પ્રથમ રચનામાં તે સભ્યો બની શકે નહિ તેથી અભ્યાસસમિતિઓની પૂર્ણ રચના થઈ ગણાય નહિ. તે બાબતમાં અભ્યાસ-સમિતિઓની રચના માટે તેના અધ્યક્ષની ચૂંટણીના પ્રશ્ન પરત્વે શું કરવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સ્થાયી કાનૂનવિષયક સમિતિનો અભિપ્રાય મેળવવો.

૭૯. માર્ચ–એપ્રિલ ૧૯૭૩માં લેવાયેલ સેકન્ડ બી.કૉમ. પરીક્ષાના એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ વિષયમાં નિમાયેલા પ્રાધ્યિનક–પરીક્ષક શ્રી. વી. વી. શાહના કેસ અંગે તેમ જ ફર્સ્ટ બી.એ. પોલિટિકલ સાયન્સમાં નિમાયેલા પ્રાધ્યિનક શ્રી. આઈ. એન. શુકલ(ઊંઝા)ના કેસ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સર્વશ્રી વી. વી. શાહ અને આઈ. એન. શુકલના ખુલાસાઓ મેળવીને તે બાબત પરીક્ષા શુદ્ધિયમિતિની વિચારણા માટે મોકલવી.

૮૦. યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ ઍન્ડ કે. એસ. કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયાએ જૂન ૧૯૭૩થી બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર અને બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે માગેલ વધારાના જોડાણ માટેની અરજી પાછી ખેંચી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮૧. શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા તરફથી જૂન ૧૯૭૩થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને હિન્દી; બી.એ.(સભા.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન અને ઇતિહાસ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ ઇત્યાદિ અપાય છે કે કેમ અને કોઈ શિક્ષકની લેણી રકમ છે કે કેમ તે અંગેની તથા પ્રૉવિડંટ ફંડ અંગેના ટ્રસ્ટીઓની માહિતી નિયત પત્રકમાં આવી નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૨. બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદનું જૂન ૧૯૭૩થી વિભાગીકરણ કરી (૧) બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ, તથા (૨) બોરસદ લૉ કૉલેજ, બોરસદને સ્વતંત્ર કૉલેજો તરીકે (૧) બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન; બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ, તથા (૨) બોરસદ લૉ કૉલેજ, બોરસદને તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪–૬–૧૯૭૪ સુધી મળેલ ચાલુ જોડાણ ચાલુ રાખવા માટેની શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(અ) બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજનું વિભાગીકરણ ન કરવા આચાર્યશ્રીએ અગાઉ કરેલ વિનંતી એકિઝકયુટિવ કાઉન્સિલે માન્ય રાખી હોઈ બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદે માંગેલ વિષયો અંગે જોડાણ આપવાનું રહેશે.

(બ) શરતોના પરિપાલનના સંદર્ભમાં નીચેના મુદ્દાઓ છે :

(૧) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની સ્પષ્ટ બાંયધરી મોકલી નથી.

(૨) યુનિવર્સિટીના નિયમ મુજબ પ્રોવિડંટ ફંડ અંગે ટ્રસ્ટની રચના કરી નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણની શરતોનું પાલન થયેથી તે કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૩. એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ શ્રી ગોસ્વામી એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામ તરફથી જૂન ૧૯૭૩થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં માનસશાસ્ત્ર, હિન્દી, ઈતિહાસ અને આંકડાપદ્ધતિ; તથા બી.કૉમ.માં એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—છૂટા થયેલા ચાર શિક્ષકોને ચોથી પંચવર્ષીય યોજના હેઠળ શિક્ષકોનાં સુધારેલાં પગારધોરણો અંગેના તફાવતની કુલ્લે રૂ. ૬,૬૮૮--૫ પૈસાની રકમ ૧૯૭૩--૭૪ના વર્ષ દરમિયાન ચૂકવવામાં આવશે તેમ આચાર્યશ્રીએ જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૪. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૭૩થી બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની શરતોનું યથાર્થ પરિપાલન સદરહુ કૉલેજે કરેલું હોઈ જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૫. બી. ડી. કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) સમાજશાસ્ત્ર વિષયના શિક્ષણકાર્ય માટે જરૂરી શિક્ષકગણ છે, પરંતુ કાર્યભાર અને વહેંચણીની વિગતો નથી.

(૨) ગ્રંથાલયમાં પુસ્તકો અને સામયિકો માટે અગાઉની વખતોવખત મૂકેલ શરત પ્રમાણે કૉલેજે કરેલ ખર્ચની વિગતો નિયત પત્રકમાં નથી.

(૩) પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ પ્રતિવર્ષ કરવા સ્પષ્ટ બાંયધરી નથી.

(૪) પ્રોવિડંટ ફંડ અંગેના ટ્રસ્ટની શરતો અંગે વિગતે માહિતી નથી.

(૫) શ્રીમતી અરુણાબહેન દેસાઈના કેસ અંગે કાર્યવાહી ચાલુ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણની શરતોનું પાલન થયેથી તે કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૬. **ડીસા નગરપંચાયત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા તરફથી જૂન, ૧૯૭૩થી બી.એ.(સબો.)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની શરતોનું યથાર્થ પરિપાલન સદરહુ કૉલેજે કરેલું હોઈ જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.**

(નોંધ.—પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની શરતના સંદર્ભમાં રૂ. ૬,૦૦૦નાં પુસ્તકો માટે ઑર્ડર આપેલા છે, પરંતુ આ ખર્ચ પ્રતિવર્ષ કરવાની શરત હોઈ તે અંગે આંયધરી મંગાવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણની શરતોનું પાલન થયેથી તે કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૭. **એસ. ડી. આર્ટ્સ એન્ડ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસા તરફથી જૂન, ૧૯૭૩થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, હિન્દી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી, સંસ્કૃત, મનોવિજ્ઞાન અને ઇતિહાસ, તથા બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.**

[નોંધ. (૧) ગ્રંથાલયમાં પુસ્તકો અને સામયિકો માટે અગાઉ વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે કરેલ ખર્ચની વિગતો ૧૯૬૯ પછીની મોકલી છે. અગાઉની માહિતી બોલ. એચ. સાયન્સ કૉલેજે મોકલી છે તેમ જણાવ્યું છે જેની અરજી ચાલુ સાલે નથી.

(૨) બિઝનેસ મૅનેજમેન્ટ વિષયને લગતાં રૂ. ૧,૦૦૦નાં પુસ્તકો માટે ઑર્ડર મૂકેલો છે.

(૩) પ્રૉવિડંટ ફંડ અંગે ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અંગે માહિતી નિયત પત્રકમાં નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણની શરતોનું પાલન થયેથી તે કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૮. **લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા તરફથી જૂન, ૧૯૭૩થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અને અર્થશાસ્ત્ર; બી.એ.(સબો.)માં હિન્દી, મનોવિજ્ઞાન, અંગ્રેજી અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.-(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ, તથા બી.એ.(ગૌણ)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.**

[નોંધ.—(૧) રાજ્યશાસ્ત્રના બોર્ડ ઑફ સ્ટડીઝના વ્યાખ્યાતાને જરૂર પડયે નવા સત્રથી પૂર્ણ સમયના બનાવવામાં આવશે.

(૨) રાજ્યશાસ્ત્ર વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો ઑર્ડર મૂકેલ છે.

(૩) પ્રૉવિડંટ ફંડ અંગે ટ્રસ્ટની રચના યુનિવર્સિટીના નિયમ પ્રમાણે કરી નથી. પ્રૉવિડંટ ફંડની સંસ્થાના ફાળાની રકમ ટ્રસ્ટને સોંપી છે કે કેમ તે સ્પષ્ટ નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણની શરતોનું પાલન થયેથી તે કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૯. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૭૩થી બી.એસસી.(સ્પે.)માં રસાયણ-વિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં પ્રાણીવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની શરતોનું યથાર્થ પરિપાલન સદરહુ કૉલેજે કર્યું હોઈ જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૦. શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત તરફથી જૂન ૧૯૭૩થી (૧) દ્વિતીય વર્ષ ડિપ્લોમા ઈન ફાર્મસી, તથા (૨) તૃતીય વર્ષ બી.ફાર્મ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા (૩) ફાઈનલ બી.ફાર્મ.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) પ્રયોગશાળાનાં સાધનો પૈકી એક ટેબલેટ મશીન સિવાયનાં બધાં સાધનો કાર્યક્ષમ છે.

(૨) પરિશિષ્ટ "ડી" મુજબનાં સાધનોનો ઓર્ડર આપેલ છે અને સાધનો આવવા માંડયાં છે.

(૩) સિમેન્ટ મળતાં પ્રયોગશાળાના બાંધકામ અંગે કાર્યવાહી કરવામાં આવશે.

(૪) પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ પ્રતિવર્ષ કરવા અંગે સ્પષ્ટ બાંયધરી મંગાવી છે.

(૫) પ્રોવિડંટ ફંડ ટ્રસ્ટની રચના કરવામાં આવી છે પરંતુ પ્રોવિડંટ ફંડની રકમ ટ્રસ્ટને સોંપવામાં આવી છે કે કેમ તે સ્પષ્ટ નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણની શરતોનું પાલન થયેથી તે કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૧. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૭૩થી બી.ઈ. ઈલેકટ્રોનિકસ ઍન્ડ કૉમ્યુનિકેશન અને બી.ઈ. ઈન્સ્ટ્રુમેન્ટેશન ઍન્ડ કંન્ટ્રોલ(સેન્ડવિચ પેટર્ન)ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) ઈલેકટ્રોનિકસ અને કૉમ્યુનિકેશનના પૂર્ણ સમયના પ્રાધ્યાપકની નિમણૂકની શરત અંગે તે માટેની દરખાસ્ત કરી દેવામાં આવી છે, અને તે ભરાઈ જવાની તૈયારીમાં છે તેમ આચાર્યશ્રી-એ જણાવ્યું છે.

(૨) પ્રયોગશાળાનાં સાધનો માટે ઑર્ડર આપી દેવામાં આવ્યો છે. નવું વર્ષ શરૂ થાય તે પહેલાં સાધનો આવી જવા ધારણા છે તેમ જણાવ્યું છે.

(૩) ગ્રંથાલયમાં પુસ્તકો અને સામયિકો માટે અગાઉ વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે કરેલ ખર્ચની માહિતી નિયત પત્રકમાં મોકલી નથી.

(૪) ગ્રંથાલયમાં ઈલેકટ્રોનિકસ ઍન્ડ કૉમ્યુનિકેશન વિષય માટે ૧૨ સામયિકો વસાવવા અંગેની શરતના સંદર્ભમાં કોઈ ઉલ્લેખ નથી.

(૫) સરકારી કૉલેજ હોઈ પગારધોરણ ઇત્યાદિ સરકારી ધારાધોરણ મુજબ આપવામાં આવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણની શરતોનું પાલન થયેથી તે કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એકિઝકયુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૨. **ગાંધીધામ કૉલેજિયેટ બોર્ડ, આદિપુર (કચ્છ) તરફથી જૂન, ૧૯૭૩થી આદિપુર (કચ્છ) ખાતે શરૂ કરાનાર વાણિજ્યની નવી કૉલેજને પ્રી-યુનિ. કૉમર્સના અભ્યાસક્રમો તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા જોડાણની શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.**

[નોંધ.—(૧) શરત ૧ માં દર્શાવેલ નિમણૂકો કરવામાં આવી નથી. તા. ૩-૬-૧૯૭૩ના રોજ ઇન્ટરવ્યૂ રાખ્યા છે અને જૂનના પ્રથમ અઠવાડિયામાં જાણ કરીશું તેમ જણાવ્યું છે.

(૨) પુસ્તકો અને સંદર્ભગ્રંથો ખરીદ્યાં છે. સામયિકો માટે લવાજમ ભરવામાં આવી રહ્યાં છે. કૉલેજના વિષયને અનુરૂપ સામયિકો માટે સ્ટાફની નિમણૂક કર્યેથી ઑર્ડર મૂકવામાં આવશે તેમ જણાવ્યું છે.

(૩) આચાર્યને માટે ભાડામુક્ત રહેઠાણની જોગવાઈ કરવામાં આવી છે, પરંતુ તેના ક્ષેત્રફળની માહિતી મોકલી નથી.

(૪) આચાર્યશ્રીને ગવર્નિંગ બૉડીના સભ્ય બનાવવા અંગેની માહિતી સ્પષ્ટ નથી.

(૫) કૉલેજના સંચાલનમાં જે ખાધ જાય તે ભરપાઈ કરવાની બાંયધરી લખી છે, પરંતુ તે અંગેના મંડળના ઠરાવની નકલ મોકલી નથી.

(૬) રૂ. ૧૦,૦૦૦ની અનામતની રકમ મોકલવાને બદલે દેના બૅંકમાં રૂ. ૧૦,૦૦૦ની રકમ ફિક્સ્ડ ડિપૉઝિટ તરીકે મૂકી છે જેની રસીદ મોકલી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણની શરતોનું પાલન થયેથી તે કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૩. **શેઠ પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા તરફથી જૂન, ૧૯૭૩થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત, ગણિતશાસ્ત્ર; બી.એ. (સંભા.)માં મનોવિજ્ઞાન, હિન્દી અને ઇતિહાસ; તથા બી.એસસી.-(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, કીટાણુવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; બી.એસસી.(જન.)માં પ્રાણીવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી અને ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણની શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.**

[નોંધ.—(૧) બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજીનો વિષય ચાલુ કરવાના નથી. આથી તે અંગેની શરતોનું પરિપાલન કરવાનું રહેતું નથી.

(૨) ઇતિહાસ વિષયને લગતાં રૂ. ૨,૦૦૦નાં પુસ્તકો માટે ઑર્ડર મૂકેલો છે.

(૩) ગ્રંથાલયમાં રૂ. ૩,૦૦૦ના આવર્તક ખર્ચ અંગેની શરતના સંદર્ભમાં પ્રતિવર્ષ ખર્ચ કરવા અંગે સ્પષ્ટતા (બાંયધરી) મોકલી નથી.

(૪) ભૂતપૂર્વ આચાર્ય શ્રી. ટી. એન. મહેતાની ચુકવણી બાકી છે. કોર્ટનો નિર્ણય આવ્યેથી ચુકવણી કરવામાં આવશે તેમ જણાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણની શરતોનું પાલન થયેથી તે કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૪. તા. ૨૬થી ૨૮ ડિસેંબર ૧૯૭૩ના સમય દરમિયાન ધી ઈન્ડિયન સોસાયટી ઑફ એગ્રિકલ્ચરલ ઈકોનોમિકસનું ૩૩મું વાર્ષિક અધિવેશન એ. પી. એગ્રિકલ્ચરલ યુનિવર્સિટીના ઉપકમે હૈદરાબાદમાં યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના સોસાયટીના માનદ મંત્રીશ્રીના તા. ૨૧–૫–૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ–અધિવેશનમાં નીચેના ત્રણ વિષયો પર ચર્ચા થનાર છે :

(૧) Integrated Area Development with reference to District Planning

(૨) Benefit-cost Analysis of Agricultural Projects

(૩) Agricultural Input-Supply Systems including Marketing.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. બબાભાઈ પટેલને મોકલવા.

૯૫. સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે પગારધોરણ, શૈક્ષણિક પાત્રતાનાં ધોરણ અને સેવાઓની શરતોની બાબતમાં રિપોર્ટ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨–૫–૧૯૭૩ની સભામાં નિયુકત કરેલી સમિતિની વચગાળાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૩ના ગુજરાત યુનિવર્સિટી ઍકટ નં. ૬ થી સુધારાયેલી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની કંડિકા ૩૯ અન્વયે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે નીચે પ્રમાણે પગારધોરણો અને લાયકાતનાં ધોરણો રાખવાં અને તેનો અમલ તા. ૧–૭–૧૯૭૩થી કરવો :

(૧) રાજ્ય સરકારના કર્મચારીઓને આપવામાં આવતાં પગારધોરણોને અનુલક્ષીને નીચે દર્શાવ્યા પ્રમાણે પગારધોરણોને, નીચેની નોંધને આધીન, અમલમાં મૂકવાં :

૧. કાર્યાલય નિયામક	રૂ. ૩૨૫–૧૫–૪૦૦ ઈ.બી. ૨૦–૫૦૦ ઈ.બી. ૨૫–૫૭૫	
૨. હેડકલાર્ક	રૂ. ૨૫૦–૧૨–૩૧૦ ઈ.બી. ૧૫–૪૦૦–૨૦–૪૨૦	
૩. સીનિયર કલાર્ક–હિસાબનીશ	રૂ. ૨૦૦–૧૦–૨૫૦ ઈ.બી. ૧૨–૩૧૦.	
૪. સ્ટોરકીપર, લેબો. આસિ., જુનિ. કલાર્ક, ટાઈપિસ્ટ, કૅશિયર	રૂ. ૧૩૦–૫–૧૫૫ ઈ.બી. ૧૯૦ ઈ.બી. ૮–૨૩૦–૧૦–૨૪૦	
૫. પટાવાળા, માળી, ચોકીદાર, હમાલ અને તેની સમકક્ષ જગ્યાઓ	રૂ. ૯૦–૨–૧૧૦.	

[નોંધ.–(૧) કૅશિયરને રૂ. ૧૫–૦૦નું ઓછામાં ઓછું માસિક એલાવન્સ આપવામાં આવે.

(૨) આ પગારધોરણો ઓછામાં ઓછા પગારધોરણ તરીકે નિયત કરવામાં આવ્યાં છે. તેનાથી વધુ પગારધોરણ કોઈ પણ કૉલેજ આપી શકે છે.

(૩) આ પગારધોરણ અમલમાં મૂકતાં કોઈ પણ કર્મચારીને તેને મળતી કુલ રકમ-(ટોટલ પે-પેકેટ)માં કોઈ પણ પ્રકારે વિપરીત અસર ન થવી જોઈએ.]

(૨) ઉપર જણાવેલાં પગારધોરણ ઉપરાંત સરેલા પંચનાં પગારધોરણોને અનુલક્ષીને તા. ૧-૧૦-૧૯૭૨થી અમલમાં આવેલ નીચે પ્રમાણેના દરે મોંઘવારી ભથ્થું આપવાનું રહેશે :

રૂ.	રૂ.
૧ થી ૧૦૯	૭૯
૧૧૦ થી ૧૪૯	૮૦
૧૫૦ થી ૨૦૯	૯૧
૨૧૦ થી ૩૯૯	૧૦૩
૪૦૦ થી ૪૪૯	૯૬
૪૫૦ થી ૪૯૯	૯૭
૫૦૦ થી ૫૭૫	૯૬

(૩) હાલમાં જે તે જગા પર કામ કરતા કર્મચારીઓને વિપરીત અસર થવી જોઈએ નહીં તે સ્પષ્ટતા સાથે, હવે પછી નિમાનાર બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓ માટે શૈક્ષણિક પાત્રતાનાં ધોરણો (ક્વૉલિફિકેશન) નીચે પ્રમાણે નિયત કરવામાં આવ્યાં છે :

(૧) કાર્યાલય નિયામક ... ૧. અનુસ્નાતક પદવી

અથવા

૨. હેડક્લાર્ક તરીકે ત્રણ વર્ષનો અનુભવ

અથવા

૩. સ્નાતક અને સાત વર્ષનો ઑફિસ કામનો અનુભવ

(૨) હેડક્લાર્ક ... ૧. સ્નાતક પદવી બીજા વર્ગ સાથે

અથવા

૨. સ્નાતક પદવી પાસ વર્ગમાં અને ઑફિસકામનો પાંચ વર્ષનો અનુભવ

અથવા

૩. નૉન-ગ્રેજ્યુએટ અને સાત વર્ષનો ઑફિસ કામનો અનુભવ.

(૩) સીનિયર ક્લાર્ક ... ૧. સ્નાતક પદવી

અથવા

૨. નૉન-ગ્રેજ્યુએટ અને ઑફિસ કામનો પાંચ વર્ષનો અનુભવ

(૪) હિસાબનીશ ... ૧. કૉમર્સ ગ્રેજ્યુએટ

અથવા

૨. એસ.એસ.સી. પાસ અને હિસાબી કામનો પાંચ વર્ષનો અનુભવ.

(૫) સ્ટોરકીપર, લેબોરેટરી આસિસ્ટન્ટ જુનિ. ક્લાર્ક, ટાઇપિસ્ટ, કૅશિયર ... એસ.એસ.સી. પાસ

(૬) પટાવાળા ઇત્યાદિ ... ૧. સાત ધોરણ પાસ

અથવા

૨. જે તે કામનો અનુભવ.

(૪) ઉપરાંત ઉપર પ્રમાણેનાં નવાં પગારધોરણોના અમલને કારણે કોઈ કર્મચારીનો મૂળ પગાર બે પગથિયાં (સ્ટેજ)ની વચ્ચે આવે તો ત્યાર પછીના ગગથિયે (Next higher stage) પર તેમને મૂકવાના રહેશે.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સેવાની શરતો વગેરે બાકી રહેલી બાબતોનો અહેવાલ તૈયાર કરી સવેળા મંજૂરી માટે મૂકવો.

(સમિતિની ભલામણોની નોંધ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૯૬. યુનિવર્સિટીની પરીક્ષામાં પ્રથમ દશ વિદ્યાર્થીઓનાં નામો તથા સુવર્ણચંદ્રકો જાહેર કરવાની વર્તમાન પદ્ધતિમાં સુધારો સૂચવતા ડૉ. જયંત હરિભકિતના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

(*a*) All gold medalists' names should be published alongwith the result of the examination.

(*b*) (*i*) Where the number of students appearing in each examination is less than 100 only the name of first candidate should be declared alongwith the result of the examination.

(*ii*) Where the number of candidates appearing in any examination is more than 100 but less than thousand the names of first three candidates be declared alongwith the result of that examination.

(*iii*) Where the number of candidates appearing in any examination is over 1000, the names of first five candidates be declared, alongwith the result of the examination.

(**નોંધ.**—તા. ૧૭--૨--૧૯૭૩ની બાબત નં. ૧૦૦ થી પ્રી-યુનિવર્સિટી પરીક્ષામાં પ્રથમ દશ નંબર આપવાની જે પ્રથા હતી તે બંધ કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં પરિણામ ઉપરથી અપાતાં સુવર્ણચંદ્રકો, પારિતોષિકો અને શિષ્યવૃત્તિઓ અંગેની જાહેરાત, જે તે પરીક્ષાના પરિણામ સાથે, શકય હોય ત્યાં સુધી, જાહેર કરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિવર્સિટી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાનની પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થતા વિદ્યાર્થીઓ પૈકી ક્રમાંક પ્રમાણે પ્રથમ દસ વિદ્યાર્થીઓનાં નામ અને નંબરો તથા પ્રી-મેડિકલની પરીક્ષામાં ઉત્તીર્ણ થતા વિદ્યાર્થીઓ પૈકી પ્રથમ પાંચ વિદ્યાર્થીઓનાં નામ અને નંબરો, શકય હોય ત્યાં સુધી, પરીક્ષાના પરિણામ સાથે જ જાહેર કરવાનું રાખવું.

૯૭. સોનાના બજારભાવ ઘણા ઊંચા હોવાથી માર્ચ–એપ્રિલ ૧૯૭૩ની પરીક્ષાઓના ચંદ્રકવિજેતાઓ માટે ૧૪ કેરેટ સોનાના સુવર્ણચંદ્રક બનાવવાનો ખર્ચ સંબંધકર્તા પ્રદાનના વ્યાજની ઊપજ કરતાં ઘણો વધુ આવે તેમ હોઈ તે બાબત પરત્વે વિચારણા કરવા બાબત.

(ઇન્ડિયા ગવર્નમેન્ટ મિન્ટ, મુંબઈના તા. ૨૩--૫--૧૯૭૩ના પત્ર મુજબ પ્રત્યેક ચંદ્રક દીઠ ફકત ઘડામણનો ખર્ચ અંદાજે રૂ. ૧૩૫ કે તેથી વધુ થાય તેમ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સરકારી ટંકશાળનાં સલાહસૂચનો મેળવીને તથા યુનિવર્સિટીના સુવર્ણચંદ્રકો અંગેના ફંડના રોકાણ અંગે વિચારણા કરીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે યુનિવર્સિટી કાર્યાલયને જણાવવું.

૯૮. રાષ્ટ્રીય સેવા યોજનાની સલાહકાર સમિતિની મુદત તા. ૧૪--૬--૧૯૭૩ના રોજ પૂરી થતી હોઈ તે અંગે નવી રચના કરવા બાબત.

[નોંધ.—(અ) ગયા વર્ષે નીચેના સભ્યો હતા, જેમની મુદત તા. ૧૪--૬--૧૯૭૩ના રોજ પૂરી થાય છે :

(૧) કુલપતિશ્રી

(૨) આચાર્ય વાય. પી. શુકલ

(૩) આચાર્ય ડી. પી. ઠાકર
(૪) આચાર્ય એસ. આર. મહેતા
(૫) આચાર્ય હરિહર શુકલ
(૬) આચાર્ય એમ. સી. શાહ
(૭) આચાર્ય વી. જે. ત્રિવેદી
(૮) આચાર્ય બી. એમ. પીરજાદા
(૯) ડૉ. ઓ. પી. ગુપ્તા (ડીન)
(૧૦) પ્રા. ડી. એચ. સુતરિયા
(૧૧) પ્રા. રમેશભાઈ ભટ્ટ
(૧૨) પ્રો. પરેશભાઈ મજમુદાર
(૧૩) પ્રા. જે. જી. સોલંકી
(૧૪) પ્રા. બાલુભાઈ પટેલ
(૧૫) શ્રી. ડાહ્યાભાઈ નાયક
(૧૬) શ્રી. બબલભાઈ મહેતા
(૧૭) આચાર્ય આર. એલ. સંઘવી
(૧૮) આચાર્ય વિનોદભાઈ અધ્વર્યુ

(બ) સલાહકાર સમિતિની રચના અંગે ભારત સરકારના હેવાલમાં નીચેની ભલામણ છે :

The Committee at the University level should not be too unwidely (not more than 20) and should provide representation to Principal / Head of departments involved in NSS (by rotation if necessary). The respective school at social work / other training institutions should also be associated with committee at the university level, wherever possible. The Committee may also co-opt or invite experts.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૩-૭૪ના વર્ષ માટે રાષ્ટ્રીય સેવા યોજનાની સલાહકાર સમિતિ પર નીચેના સભ્યોને નીમવા :

(૧) કુલપતિશ્રી
(૨) આચાર્ય એફ. એલ. બ્રેગાન્ઝા
(૩) આચાર્ય એન. એસ. યાજ્ઞિક
(૪) આચાર્ય અવિનાશ મુનશી
(૫) આચાર્ય તનમણિશંકર ભટ્ટ
(૬) આચાર્ય એસ. આર. ભટ્ટ
(૭) આચાર્ય જે. સી. ત્રિવેદી
(૮) આચાર્ય વી. સી. પરીખ
(૯) પ્રો. કે. એસ. શાસ્ત્રી
(૧૦) પ્રો. રમેશભાઈ ભટ્ટ
(૧૧) પ્રો. પરેશભાઈ મજમુદાર
(૧૨) આચાર્ય એન. બી. જોશી
(૧૩) પ્રા. આર. પી. શાહ (સહજાનંદ કૉલેજ)
(૧૪) પ્રો. પી. જી. માવળંકર
(૧૫) શ્રી. બબલભાઈ મહેતા
(૧૬) પ્રો. કે. એમ. રાવળ (ખંભાત કૉલેજ)
(૧૭) આચાર્ય દયાશંકર જોશી
(૧૮) આચાર્ય વિનોદભાઈ અધ્વર્યુ
(૧૯) પ્રો. ગિરીશભાઈ પંડ્યા.

૯૯. આર. આર. લાલન કૉલેજ, ભૂજના ગુજરાતી વિષયના અનુસ્નાતક કેન્દ્રના હાલના પ્રોફેસર-ઇન-ચાર્જ શ્રી. સી. એ. શુકલને બદલે આચાર્ય બી. જે. ઝવેરીની પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નિમણૂક કરવા અંગેના તેમના તરફથી આવેલ પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં સ્થાપવામાં આવેલા ગુજરાતી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. સી. એ. શુકલને બદલે આચાર્ય બી. જે. ઝવેરીની નિમણૂક કરવી.

૧૦૦. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ઑલ-ઇન્ડિયા ચેસ ટુર્નામેન્ટના આવેલા સભ્યોને યુનિવર્સિટી હૉસ્ટેલમાં કન્સેશન ચાર્જ ૦-૫૦ના દરથી રહેવાની સગવડ આપ્યાના;

(નોંધ.—હૉસ્ટેલનો ચાર્જ દિવસના રૂ. ૧-૦૦ છે તથા પંખાનો ચાર્જ ૦-૫૦ પૈસા છે.)

(૨) પી.એચ.ડી. પદવી માટે નીચેની વિદ્યાર્થિનીનો મહાનિબંધ તેમના નામ સામે જણાવેલ વિષય માટે સ્વીકાર્યાના :

વિદ્યાર્થિનીનું નામ	વિદ્યાશાખા	વિષય
કુ. સોમૈયા સ્નેહલતા અમૃતલાલ	વિનયન	સંસ્કૃત

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૧૦૧. શ્રી મથુરાદાસ લા. ગાંધી હાયર એજ્યુકેશન સોસાયટી, મોડાસા તરફથી જૂન ૧૯૭૩થી શરૂ કરાનાર કાયદાની નવી કૉલેજને પ્રથમ એલએલ.બી. ના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણની શરતોના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) ફક્ત પ્રથમ એલએલ.બી. નો વર્ગ શરૂ કરવાનો હોઈ પૂર્ણ સમયના વ્યાખ્યાતાની નિમણૂકો કરી નથી.

(૨) ગ્રંથપાલ તરીકે નિમાયેલ શ્રી. કે. આર. પટેલને અપાનાર પગારધોરણ રૂ. ૧૫૦-૧૦-૨૫૦ દર્શાવેલું છે, જ્યારે નિયત પગારધોરણ રૂ. ૧૫૦-૧૦-૨૫૦-૧૦-૩૦૦ છે.

(૩) હાલના આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના મકાનમાં કાયદાની કૉલેજ સવારે ચાલશે.

(૪) રૂ. ૭,૦૦૦નાં પુસ્તકો ઇત્યાદિ ખર્ચ માટે ઑર્ડર મૂકેલ છે.

(૫) ઋણમુકત અસ્કામત અંગેનું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર મોકલ્યું નથી.]

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે ધારાશાસ્ત્રની વિદ્યાશાખામાં સંલગ્ન કૉલેજોમાં આચાર્યપદ માટે જરૂરી લાયકાત ધરાવતી વ્યકિતઓની અછત પ્રવર્તે છે તે પરિસ્થિતિ જોતાં ઠરાવવામાં આવ્યું કે આચાર્યોની નિવૃત્તિવય અંગેનો નિયમ એક વર્ષ માટે લાગુ પાડવો નહીં, તથા લૉ કૉલેજોમાં પ્રોફેસરોની લાયકાત ધરાવતી વ્યકિતઓને આચાર્યપદ માટે ગ્રાહ્ય ગણવી.

તે પછી સદરહુ બાબત અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણની શરતોનું પાલન થયેથી તે કૉલેજના જોડાણ અંગેનું જાહેરનામું એકિઝક્યુટિવ કાઉન્સિલ વતી બહાર પાડવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૨. શ્રી એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉમર્સ કૉલેજ, મોડાસા તરફથી જૂન, ૧૯૭૩થી બી.એ.(પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણની શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) જાહેરાત આપવા છતાં લાયકાત ધરાવતા ગૃહવિજ્ઞાનના પ્રાધ્યાપક મળ્યા નથી. કુ. દામિની-બહેન મહેતાને તા. ૧૫--૬--૧૯૭૩થી પૂરા સમયનાં વ્યાખ્યાતા બનાવ્યાં છે. તેઓ બી.એસસી. પ્રથમ અને એમ.એસસી. પ્રથમ વર્ગ તથા એક વર્ષનો અનુભવ ધરાવે છે તે જોતાં તેમને પ્રાધ્યાપક તરીકે નીમવા મંજૂરી આપવા આચાર્યશ્રીએ વિનંતી કરી છે.

(૨) ચાઈલ્ડ ડેવલપમેન્ટના ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરી નથી, પરંતુ આર્ટ્સ વિભાગમાં મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા તરીકે કામ કરતા શ્રી. એન. જી. શાહની આ વિષયને માટે સેવાઓ લેશે તેમ કૉલેજે જણાવ્યું છે.

(૩) એપ્લાઇડ ફિઝિક્સના ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરી નથી, પરંતુ ભગિની સંસ્થા-માંથી શ્રી. આર. એલ. પટેલની સેવાઓ લેશે તેમ કૉલેજે જણાવ્યું છે.

(1) In case of election of Principals of affiliated colleges under clause (*IX*) of Section 16(1), Class II(*A*), the Registrar shall prepare a roll of Principals of affiliated colleges affiliated as on 31st December of every year; and not less than 21 clear days before the date of election shall publish in newpapers selected by the Vice-Chancellor, a notice of election to be held by ballot in accordance with the procedure prescribed for the same.

(2) Not more than 35 Principals of affiliated colleges shall be elected in such manner as would ensure that at least one Principal from each faculty gets representation on the Court.

35. Principals of affiliated colleges shall be elected from amongst themselves in the manner specified herebelow:

Faculty of Arts including Education	13
Faculty of Commerce	7
Faculty of Science	8
Faculty of Medicine	1
Faculty of Technology including Engineering	1
Faculty of Pharmacy	1
Faculty of Law	3
Faculty of Dental Surgery	1
	35.

(3) Notwithstanding anything contained above for the First election to this constituency under the Gujarat Act No. 6 of 1973, the Registrar shall prepare a roll of Principals of affiliated colleges as on 15-6-1973.

Statute 13 :

(1) In the case of election of ordinary members by Registered Graduates under clause (*v*) of Section 16 (1), Class II(*A*), the Registrar shall prepare at the end of every year on the 31st of December, faculty-wise Electoral Rolls of the Registered Graduates and shall publish them every five years. The intimation of holding of the election shall be published in the newspapers to be selected by the Vice-Chancellor, at least 21 days before the date of election to be held according to the relevant Statutes in this behalf, stating therein the necessary details. The election of the ordinary members to the Court by the Registered Graduates shall be held by ballot at polling centres fixed for the same.

Not more than one bye-election shall be held during any academic year by a Registered Graduates' Constituency :

Provided that if the number of faculties exceeds ten it shall be so grouped that the number of representations of the Registered Graduates Constituency shall not exceed ten.

(2) Notwithstanding what is stated above or elsewhere for the ensuing first election to the Court under Gujarat Act No. 6 of 1973, for the constituency of Registered Graduates, it will be competent for the Registrar to revise the electoral roll so as to register any person eligible for registration as a graduate on his appying in the prescribed form and paying the prescribed fee for the same on or before 30th June, 1973. The names of such persons will be put on the respective rolls effective up to 31-12-1977.

Statute 14-A :

(1) In the case of election to the Court by the governing bodies of the college other than a Government college or a college maintained by the Government affiliated to the University from amongst themselves under Section 16(1), Class II (*A*) (*vii*), the Registrar shall have rolls prepared of (*a*) the governing bodies of such colleges as are on 31st Dccember every year situated within the limits of the city of Ahmedabad as constituted under the Bombay Provincial Municipal Corporations Act, 1949; and (*b*) the governing bodies of such colleges as are situated outside the limits of the city of Ahmedabad as on 31st December every year, and not less than 21 clear days before the date of election publish in newspapers selected by the Vice-Chancellor, a notice of election to be held by ballot at polling centres to be fixed by the Executive Council in accordance with procedure prescribed in Statute 162.

(2) The Registrar shall ask each of such governing bodies for the purpose of preparing the above rolls to intimate to the University within 21 days of such request from the Registrar, the name, degree, if any, and address of its representative for the purpose of voting and the name of such representative shall be put on the roll as a voter provided that no single person shall even if he is nominated as a representative of

the governing bodies of more than one college, be entitled to more than one vote at any one election.

Statute 14-B :

In the case of election to the Court by the members of non-teaching staff of the University, affiliated colleges, recognised institutions and approved institutions, if any, from among themselvs under Section 16 (1), Class *II* (*B*) (*ii*) for its representative, the Registrar shall have a roll prepared as on 31st December of every year, of all confirmed full-time employees other than the teaching staff; and not less than 21 clear days before the date of election publish in newspapers selected by the Vice-Chancellor, a notice of election to be held by ballot in accordance with the procedure prescribed in Statute 162.

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૭૭

ગુજરાત યુનિવર્સિટી

ઓળખપત્ર

ગુજરાત યુનિવર્સિટી કોર્ટ

સ્નાતક મતદાર મંડળ

Instructions

(1) Every Registered Graduate will be required to affix his pass-port-size photograph which shall be duly signed by him and attested by the Principal of an affiliated college or Head Master of a High School situated within the University area, or a J.P. or a Magistrate or a Gazetted officer or a Member of the Court of the University for the time being.

(2) A Registered Graduate will be eligible to vote at an election only on production of the Identity card with the photograph affixed and duly attested as mentioned above.

(3) The voter is also requested to write his/her name in the column provided in the Identity card.

મતદારનું પૂરું નામ _____

(અટક સાથે) _____

પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અહીં ચોંટાડવો અને સ્ટેચ્યૂટ નં. ૪ માં કરેલી જોગવાઈ અનુસાર મતદારે તેમની સહી કરવી અને તેના પર પાછળ આપેલી સૂચના અનુસાર શાખ કરાવવી.

નોંધ.— પાછળ આપેલી સૂચનાઓ જુઓ.

મતદાન કર્યાનો સિક્કો

ગુજરાત યુનિવર્સિટી
કોર્ટ પરની ચૂંટણી

ચૂંટણીની તારીખ : ૫-૮-૧૯૭૩

નોંધાયેલા સ્નાતકોનો મતદાર વિભાગ

વિદ્યાશાખા

મતદાર યાદીનો અનુક્રમ

કં. ચં. પરીખ
(કલસચિવ)

_____
(મતદારની સહી)

_____
તા. ૫-૮-૭૩ (પોલિંગ અધિકારીની સહી)

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૯૫

સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓને માટે લાયકાતનાં ધોરણો, પગારધોરણો અને નોકરીના નિયમો ઘડવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૨–૫–૧૯૭૩ની સભામાં નિયુક્ત થયેલી સમિતિની સભા તા. ૨૮–૫–૧૯૭૩ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીના પ્રમુખપદે મળી હતી. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમ	સભ્યનું નામ	તા. ૨૮–૫–૧૯૭૩
૧.	શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૨.	શ્રી. એ. કે. પ્રધાન	ગેરહાજર
૩.	શ્રી. એસ. કે. ઝવેરી	હાજર

સદરહુ બાબતમાં ચર્ચાવિચારણા કરતાં ભલામણ કરવામાં આવી કે, ૧૯૭૩ના જૂનથી સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓને માટે રાજ્ય સરકારના કર્મચારીઓને આપવામાં આવતાં પગારધોરણોને અનુલક્ષીને નીચે દર્શાવ્યા પ્રમાણે પગારધોરણ અમલમાં મૂકવા :

૧. કાર્યાલય નિયામક : રૂ. ૩૨૫–૧૫–૪૦૦ ઈ.બી. ૨૦–૫૦૦ ઈ.બી. ૨૫–૫૭૫
૨. હેડકલાર્ક : રૂ. ૨૫૦–૧૨–૩૧૦ ઈ.બી. ૧૫–૪૦૦–૨૦–૪૨૦
૩. સીનિયર કલાર્ક–હિસાબનીશ : રૂ. ૨૦૦–૧૦–૨૫૦ ઈ.બી. ૧૨—૩૧૦
૪. સ્ટોરકીપર, લેબો. આસિ, જુ. કલાર્ક, ટાઈપિસ્ટ, કેશિયર : રૂ. ૧૩૦–૫–૧૫૫ ઈ.બી. ૧૯૦ ઈ.બી. ૮–૨૩૦–૧૦–૨૪૦
૫. પટાવાળા, માળી, ચોકીદાર, હમાલ અને તેમની સમકક્ષ જગ્યાઓ : રૂા. ૯૦–૨–૧૧૦

(**નોંધ.**—૧. કેશિયરને રૂ. ૧૫નું ઓછામાં ઓછું માસિક એલાવન્સ આપવામાં આવે.

૨. આ પગારધોરણો ઓછામાં ઓછા પગારધોરણ તરીકે ભલામણ કરાયેલાં છે. તેનાથી વધુ પગારધોરણ કોઈ પણ કૉલેજ આપી શકે છે.

૩. આ પગારધોરણ અમલમાં મૂકતાં કોઈ પણ કર્મચારીને તેને મળતી કુલ રકમ (ટોટલ-પે પૅકેટ)માં કોઈ પણ પ્રકારે વિપરીત અસર ન થવી જોઈએ.

૪. હાલમાં જે તે જગા પર કામ કરતા કર્મચારીને વિપરીત અસર ન થાય તે દૃષ્ટિએ આ સાથે દર્શાવેલ લાયકાતનાં ધોરણો હવે પછીની નિમણૂકને લાગુ પાડવાના રહેશે. ઉપર જણાવેલ પગારધોરણ ઉપરાંત તા. ૧–૧૦–૧૯૭૨થી અમલમાં આવતા મોંઘવારીભથ્થાના

દર સરેલા પંચનાં પગારધોરણોને અનુલક્ષીને નીચે પ્રમાણે રહેશે :

રૂ.	૧થી	૧૦૯	.....રૂ. ૭૯
રૂ.	૧૧૦થી	૧૪૯	.....રૂ. ૮૦
રૂ.	૧૫૦થી	૨૦૯	.....રૂ. ૯૧
રૂ.	૨૧૦થી	૩૯૯	.....રૂ. ૧૦૩
રૂ.	૪૦૦થી	૪૪૯	.....રૂ. ૯૬
રૂ.	૪૫૦થી	૪૯૯	.....રૂ. ૯૭
રૂ.	૫૦૦થી	૫૭૫	.....રૂ. ૯૬

શૈક્ષણિક પાત્રતા (ક્વોલિફિકેશન્સ)

૧. કાર્યાલય નિયામક : (૧) અનુસ્નાતક પદવી

અથવા

(૨) હેડકલાર્ક તરીકે ત્રણ વર્ષનો અનુભવ

અથવા

(૩) સ્નાતક અને સાત વર્ષનો ઑફિસ કામનો અનુભવ

૨. હેડકલાર્ક : (૧) સ્નાતકની પદવી બીજા વર્ગ સાથે

અથવા

(૨) સ્નાતક પદવી પાસ વર્ગમાં અને ઑફિસ કામનો પાંચ વર્ષનો અનુભવ

અથવા

(૩) નોન-ગ્રેજ્યુએટ અને સાત વર્ષનો ઑફિસ કામનો અનુભવ

૩. સીનિયર કલાક : (૧) સ્નાતક પદવી

અથવા

(૨) નોન-ગ્રેજ્યુએટ અને ઑફિસ કામનો પાંચ વર્ષનો અનુભવ

૪. હિસાબનીશ : (૧) કૉમર્સ ગ્રેજ્યુએટ

અથવા

(૨) એસ.એસ.સી. પાસ અને હિસાબી કામનો પાંચ વર્ષનો અનુભવ

૫. સ્ટોરકીપર, લેબો. આસિ, જુ. કલાર્ક, ટાઇપિસ્ટ, કેશિયર એસ.એસ.સી. પાસ

૬. પટાવાળા ઇત્યાદિ : (૧) સાત ધોરણ પાસ

અથવા

(૨) જે તે કામનો અનુભવ,

તમામ સંલગ્ન કૉલેજોમાં બિનશૈક્ષણિક કર્મચારીઓને એકસરખાં પગારધોરણ જે તે જગાઓ માટે જૂન ૧૯૭૩થી અમલમાં આવે તે હેતુથી ઉપર પ્રમાણે ભલામણો કરવામાં આવેલી છે.

નોકરીના નિયમો, કર્મચારીઓનું પ્રમાણ તેમ જ અન્ય બાબતો અંગેની ભલામણો જુદી જુદી કૉલેજો અને અન્ય સંસ્થાઓમાં પ્રવર્તતા નિયમો વગેરેની માહિતી મંગાવી તે અંગે વિચારીને ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૧૦૫

ગુજરાત યુનિવર્સિટીની સને ૧૯૭૨-૭૩ના વર્ષની વિદ્યાર્થી સંસદની વિદ્યાર્થી સંસદના બંધારણ અંગે જરૂર જણાયે તેમાં ફેરફાર સૂચવવા અંગેની નિયુક્ત થયેલ સમિતિની સભા, ગુરુવાર, તા. ૧-૨-૧૯૭૩ના રોજ બપોરે ૩-૩૦ વાગ્યે સમાજવિદ્યા ભવનમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી:

૧. પ્રા. ડી. એન. પાઠક	હાજર
૨. ડૉ. આર. જી. ભટ્ટ	હાજર
૩. શ્રી. ઉમાકાન્ત એન. માંકડ	હાજર
૪. શ્રી. નરેશ યાદવ	ગેરહાજર
૫. શ્રી. અંકિમ વ્યાસ	હાજર
૬. શ્રી. આર. પી. દવે	હાજર
૭. શ્રી. સાંકળચંદ એચ. પટેલ	હાજર
૮. શ્રી. ધીરજ પી. પટોલિયા	હાજર

પ્રા. ડી. એન. પાઠકે પ્રમુખસ્થાન સંભાળ્યું હતું.

સૌપ્રથમ હાજર રહેલ તમામ સભ્યોએ પોતાનો પરિચય આપ્યો હતો.

ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે ગુજરાત યુનિવર્સિટીની વિદ્યાર્થી સંસદના બંધારણની કલમ ૫ (લવાજમ અંગે), કલમ ૬ (રચના અંગે), કલમ ૧૧ (સંસદના અધિકારીઓ અંગે), કલમ ૧૪ (ભથ્થા-અંગે)માં નીચે મુજબ સુધારો કરવા માટે ભલામણ કરવી. સુધારેલ કલમોનો પાઠ નીચે મુજબ રહેશે :

હાલ કલમ ૫ (લવાજમ)

I. પ્રત્યેક સભ્યસંસ્થા કે જેની વિદ્યાર્થીસંખ્યા ૨૫૦ કે તેથી ઓછી હશે તેને વાર્ષિક લવાજમ રૂ. ૫૦-૦૦ અને જે સંસ્થાની વિદ્યાર્થીસંખ્યા ૨૫૦થી વધારે હશે તેને રૂ. ૧૦૦-૦૦ વાર્ષિક લવાજમ પેટે ભરવાના રહેશે.

સુધારેલ કલમ ૫ (લવાજમ)

પ્રત્યેક સભ્યસંસ્થા કે જેની વિદ્યાર્થીસંખ્યા ૨૫૦ કે તેથી ઓછી હશે તેને વાર્ષિક લવાજમ રૂ. ૫૦-૦૦ અને જે સંસ્થાની વિદ્યાર્થીસંખ્યા ૨૫૦થી વધારે હશે તેને રૂ. ૧૦૦-૦૦ વાર્ષિક લવાજમ પેટે ભરવાના રહેશે.

આ લવાજમ પ્રત્યેક વર્ષે તા. **૧૫મી જુલાઈ સુધીમાં** યુનિવર્સિટી કાર્યાલયને જે તે સભ્યસંસ્થાએ પહોંચાડવું જોઈશે.

II. હાલ કલમ ૬ (રચના)

ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થી સંસદની રચના નીચે જણાવ્યા મુજબ રહેશે :

(૧) **નીચે જણાવેલ ચાર વિભાગો પૈકી પ્રત્યેક વિભાગમાં આવેલી પાંચ પાંચ કૉલેજોનું એકેક જૂથ** એ પ્રમાણે સંખ્યાના પ્રમાણમાં કક્કાવારી પ્રમાણે જૂથો રચીને પ્રત્યેક જૂથનો એક પ્રતિનિધિ રહેશે, અને પ્રત્યેક વર્ષનો પ્રતિનિધિ કૉલેજોના નામની કક્કાવારી પ્રમાણે દર વર્ષે બદલાશે. આવા પ્રતિનિધિઓ વિદ્યાર્થી સભ્ય કહેવાશે :

૧. એલિસબ્રિજ વિસ્તાર
૨. અમદાવાદ શહેર વિસ્તાર
૩. ઉત્તર વિભાગ
૪. દક્ષિણ વિભાગ

(૨) કુલપતિશ્રીને આ સંસદ પર પાંચ પ્રતિનિધિઓ પોતાની વિવેક બુદ્ધિથી નીમવાની સત્તા રહેશે.

(૩) નીચેના સભ્યો આ સંસદના હોદ્દાગત સભ્યો રહેશે :

૧. કુલપતિશ્રી
૨. કુલસચિવશ્રી
૩. ડિરેક્ટર ઑફ યૂથ વેલ્ફેર

(૪) નીચેના સભ્યો સલાયક સભ્યો (Associate Members) તરીકે રહેશે :

	સંખ્યા
૧. પ્રત્યેક યુવકકલ્યાણ પ્રવૃત્તિ વિભાગના પ્રમુખ	૪

આ લવાજમ પ્રત્યેક વર્ષે તા. ૩૦મી જુલાઈ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયને જે તે સભ્યસંસ્થાઓ પહોંચાડવું જોઈશે.

સુધારેલ કલમ ૬ (રચના)

ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થી સંસદની રચના નીચે જણાવ્યા મુજબ રહેશે :

(૧) **પ્રત્યેક યુવક કલ્યાણ વિભાગો પૈકીની જે તે વિભાગમાં આવેલી કૉલેજોમાંથી ચાર ચાર કૉલેજોનું એકેક જૂથ એ પ્રમાણે સંખ્યાના પ્રમાણમાં,** કક્કાવારી પ્રમાણે, જૂથો રચીને પ્રત્યેક જૂથનો એક પ્રતિનિધિ રહેશે, અને પ્રત્યેક વર્ષે તે પ્રતિનિધિ, કૉલેજોના નામની કક્કાવારી પ્રમાણે દર વર્ષે બદલાશે. આવા પ્રતિનિધિ વિદ્યાર્થી સભ્ય કહેવાશે.

(૨) કુલપતિશ્રીને આ સંસદ પર પાંચ પ્રનિનિધિઓ પોતાની વિવેકબુદ્ધિથી નીમવાની સત્તા રહેશે.

(૩) નીચેના સભ્યો આ સંસદના હોદ્દાગત સભ્યો રહેશે :

૧. કુલપતિશ્રી
૨. કુલસચિવશ્રી
૩. ડિરેક્ટર ઑફ યૂથ વેલ્ફેર

(૪) નીચેના સભ્યો સલાયક સભ્યો (Associate Members) તરીકે રહેશે :

	સંખ્યા
૧. યુવકકલ્યાણ પ્રવૃત્તિઓ માટેના પ્રત્યેક વિભાગના પ્રમુખ	

૨. કુલપતિ દ્વારા નિયુકત પ્રત્યેક યુવકકલ્યાણ પ્રવૃત્તિ વિભાગમાંથી નિમાયેલ પ્રાધ્યાપક (આચાર્ય સિવાય)	૪
૩. કુલપતિશ્રી દ્વારા યુનિવર્સિટી ભવનોના શિક્ષકગણમાંથી નિયુકત અધ્યક્ષ અને અધ્યાપક	૨

[નોંધ.—(ક) કોઈ વિદ્યાર્થી સભ્યની ઉંમર ૨૪ વર્ષ (પૂરાં)થી વધુ હોવી જોઈએ નહીં.

(ખ) કોઈ પણ વિદ્યાર્થી સભ્યે એસ.એસ.સી.ની પરીક્ષા ઉત્તીર્ણ થયા પછી છ વર્ષોથી વધુ સમય યુનિવર્સિટી કૉલેજમાં વિતાવ્યો હોવો જોઈએ નહિ.]

કલમ ૧૧ : સંસદ સભાના અધિકારીઓ

સંસદ સભાના અધિકારીઓ નીચે જણાવ્યા મુજબ રહેશે :

પ્રમુખ : કુલપતિશ્રી
ખજાનચી અને સભ્ય સચિવ
ડિરેકટર ઑફ યૂથ વેલ્ફેર

મંત્રીઓ : બે વિદ્યાર્થી સભ્યો જેઓમાંથી એક સભ્ય અમદાવાદના બે વિભાગો પૈકીના એક વિભાગનું પ્રતિનિધિત્વ ધરાવતા હોય અને બીજા સભ્ય અમદાવાદ બહારના વિભાગો પૈકીના એક વિભાગનું પ્રતિનિધિત્વ ધરાવતા હોય તે રીતે વિભાગ વાર વારાફરતી હોદ્દો ધારણ કરશે.

૨. યુવકકલ્યાણ પ્રવૃત્તિઓ માટેના પ્રત્યેક વિભાગમાંથી આચાર્ય ન હોય એવા પ્રાધ્યાપક જેની નિમુકિત કુલપતિશ્રી કરશે.	
૩. યુનિવર્સિટીનાં અનુ. વિદ્યા- ભવનોના શિક્ષકગણમાંથી નિયુકત અધ્યક્ષ અને અધ્યાપક (નોંધ.— ઉપર ૧ અને ૨ની સંખ્યા નિયત કરવાની રહેશે.)	૨

[નોંધ.—(ક) કોઈ વિદ્યાર્થી સભ્યની ઉંમર ૨૫ વર્ષ (પૂરાં)થી વધુ હોવી જોઈએ નહીં.

(ખ) કોઈ પણ વિદ્યાર્થી સભ્યે એસ.એસ.સી.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પછી સાત વર્ષોથી વધુ સમય યુનિવર્સિટી કૉલેજમાં વીતાવ્યો હોવો જોઈએ નહીં]

સુધારેલ કલમ ૧૧, સંસદ સભાના અધિકારીઓ

સંસદ સભાના અધિકારીઓ નીચે જણાવ્યા મુજબ રહેશે :

પ્રમુખ : કુલપતિશ્રી
ખજાનચી અને સભ્ય સચિવ
ડિરેકટર ઑફ યૂથ વેલ્ફેર

મંત્રી : મંત્રીની ચૂંટણી યુનિવર્સિટીની બધી કૉલેજોના વિદ્યાર્થીસંઘના અગ્રિમ (મુખ્ય) વિદ્યાર્થી પ્રતિનિધિઓ ભેગા મળી કરશે.

સહમંત્રી : વિદ્યાર્થી સંસદના મંત્રીની ચૂંટણી પછી પ્રથમ મળેલી સંસદની સભા ઉપરોકત મંત્રી જે વિસ્તારમાંથી ચૂંટાયા હોય તે સિવાયના વિસ્તારના પ્રતિનિધિઓમાંથી ચૂંટવાના રહેશે.

IV. હાલની કલમ ૧૪ (ભથ્થું)

સંસદના તમામ સભાસદો કાંઈ પણ વેતન કે ભથ્થાં વગર કામ કરશે.

સંસદની અગર તેની સમિતિની બેઠક અંગે બહારગામથી આવનાર હાજર સભાસદને રેલવેનું **બીજા** વર્ગનું આવવા-જવાનું ભાડું આપવામાં આવશે. ઉપરાંત સંસદ અગર સમિતિઓના કામકાજના દિવસો દરમ્યાન રૂ. ૫--૦૦ રોજના આપવામાં આવશે.

સ્થાનિક સભ્યોને રૂ. ૩--૦૦ વાહનભથ્થા તરીકે રોજના આપવામાં આવશે.

IV. સુધારેલ કલમ ૧૪ (ભથ્થું)

સંસદના તમામ સભાસદો કાંઈ પણ વેતન કે ભથ્થા વગર કામ કરશે.

સંસદની અગર તેની સમિતિની બેઠક અંગે બહારગામથી આવનાર હાજર સભાસદને રેલવેનું ત્રીજા વર્ગનું અથવા બસનું ખરેખર થતું આવવા-જવાનું ભાડું આપવામાં આવશે. ઉપરાંત સંસદના અગર સમિતિઓના કામકાજના દિવસો દરમ્યાન રૂ. ૫--૦૦ રોજના આપવામાં આવશે.

સ્થાનિક સભ્યોને રૂ. ૪--૦૦ વાહનભથ્થા તરીકે રોજના આપવામાં આવશે.

ત્યાર બાદ પ્રમુખશ્રીનો આભાર માની સભાનું કામકાજ પૂરું થયું હતું.

દેવવ્રત પાઠક
ચેરમેન.

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૧૦૭

Post-Graduate Diploma in Space Sciences

Memorandum of Understanding between the Gujarat University, the Physical Research Laboratory and the Space Applications Centre.

A proposal of the Gujarat University to start a new post-graduate course on Space Sciences and their applications was examined by a committee. The Vice-Chancellor of the Gujarat University, Scientists from the Physical Research Laboratory, Scientists from the Space Applications Centre and Scientist Members nominated by the University Grants Commission participated in the discussions of the Committee, which met at Ahmedabad on the 29th March 1973.

The Gujarat University, the Physical Research Laboratory and the Space Applications Centre.

NOTING that there are advantages in conducting a post-graduate course on Space Sciences and their Applications in the Gujarat University

HAVE AGREED :

(1) that a one-year post-graduate Diploma Course in "Space Sciences and their Applications" be started from July 1973 at the Gujarat University;

(2) that the Gujarat University, the Physical Research Laboratory and the Space Applications Centre will collaborate in matters of teaching and laboratory work for the said course;

(3) that the Gujarat University will give due recognition to the teaching personnel from the collaborating Institutions, namely PRL and SAC, as honorary or visiting Faculty Members with appropriate academic status;

(4) that PRL and SAC will nominate their representatives in the committee for selection of students to be admitted to the said course; and

(5) that a Joint Academic Body composed of representatives of the Gujarat University, PRL and SAC will take decisions on all matters concerning the said course, like curricula, distribution of teaching loads, assessment of candidates, etc.

This AGREEMENT is valid initially for a period of three years commencing from the First July 1973.

Signed this day the June 1973.

Director PRL	Director SAC	Vice-Chancellor Gujarat University.

A meeting regarding the programme in Space Sciences and their Applications to be started from this year, was held at the Physical Research Laboratory, Ahmedabad-9, where the following were present :

(1) Shri I. J. Patel, Vice-Chancellor
(2) Shri K. C. Parikh
(3) Dr. K. R. Ramnathan
(4) Dr. Yashpal
(5) Prof. P. D. Pathak
(6) Dr. K. M. Kotadia
(7) Dr. P. K. Pisharoty
(8) Dr. R. K. Varma
(9) Dr. O. P. Rastogi
(10) Dr. J. S. Shirke
(11) Shri B. M. Patel

The meeting after discussion resolved that—

1. An agreement for collaboration between Gujarat University, Physical Research Laboratory and Space Applications Centre should be entered into by the parties concerned. A draft for the same will be prepared by Dr. K. R. Ramnathan and Dr. Pisharoty. The period of participation should be three years in the first instance.

2. The courses for the programme which has been drafted should be revised in view of the discussion held in the meeting and should be finalised.

3. An admission notice should be issued by the University as suggested.

4. The last date for application for admission to the course should be 30th June and course should be started from 15th of July 1973.

5. The University should ascertain from the University Grants Commission whether the fellowships to the students will be available.

6. A committee to scrutinize the applications be appointed with the following persons :

   (1) Prof. P. D. Pathak
   (2) Dr. K. M. Kotadia
   (3) Dr. P. K. Pisharoty
   (4) Dr. R. K. Varma
   (5) Dr. O. P. Rastogi
   (6) Dr. J. S. Shirke.

7. The Co-ordinators on behalf of each participating units were nominated as follows :

   (1) Dr. P. K. Pisharoty } Space Application Centre
   (2) Dr. P. P. Kale }
   (3) Dr. J. S. Shirke } Physical Research Laboratory
   (4) Dr. R. K. Varma }
   (5) Prof. P. D. Pathak } Gujarat University.
   (6) Dr. K. M. Kotadia }

B. M. Patel
for Registrar.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૧૨૩

યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોના કાર્યબોજ અને સાંજના વર્ગો અંગે વિચારણા કરવા માટેની સમિતિની બીજી સભા તા. ૬-૬-૧૯૭૩ ને બુધવારના રોજ બપોરના ૩-૦૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	હાજરી
૧.	શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ	હાજર
૨.	ડૉ. કે. આર. રામનાથન	ગેરહાજર
૩.	આચાર્ય વી. જે. ત્રિવેદી	ગેરહાજર
૪.	આચાર્ય એમ. સી. શાહ	હાજર
૫.	ડૉ. જે. જે. ચિનોય	ગેરહાજર
૬.	પ્રો. ટી. એન. પાઠક	હાજર
૭.	ડૉ. કે. જી. દેસાઈ	ગેરહાજર
૮.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન	હાજર

સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઈશ્વરભાઈ જે. પટેલે સંભાળ્યું હતું.

યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં જે વિષયોમાં સાંજના અનુસ્નાતક વર્ગો ૧૯૬૮થી શરૂ કરવામાં આવ્યા ત્યારથી ૧૯૭૨ સુધીના ચાર વર્ષના ગાળા દરમિયાન ઉત્તરોત્તર ઘટતી જતી વિદ્યાર્થીઓની સંખ્યા તથા વર્ષવાર જે તે વર્ગમાંની વિદ્યાર્થીઓની હાજરી, પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓની સંખ્યા, પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓ પૈકી ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા, ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ પૈકી બીજા વર્ગમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓની ટકાવારી વગેરે જોતાં, ઉપરોકત વર્ગોની પરિસ્થિતિ આ સમિતિને નિરાશાજનક જણાઈ છે. વિસ્તૃત ચર્ચાવિચારણાને અંતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

(૧) યુનિવર્સિટીની સિન્ડિકેટે તેની તા. ૬—૭—૧૯૬૮ની સભામાં બાબત ક્રમાંક ૭૮થી વિદ્યાર્થીઓની સંખ્યા અંગે નીચે પ્રમાણે જે ઠરાવ કર્યો છે તેનું પુનરુચ્ચારણ કરવું અને તે તરફ ફરીથી યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના અધ્યક્ષોનું ધ્યાન દોરવું :

"લાંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે અમદાવાદમાં નોકરી કરતા વિદ્યાર્થીઓની સુવિધા માટે એમ.એ. ભાગ ૧ના નીચેના વિષયોના વર્ગોમાં જો ઓછામાં ઓછા દસ વિદ્યાર્થીઓ

સાંજના વર્ગોમાં જોડાવા માટે તત્પર હોય તો તેઓ ખરેખર નોકરી કરે છે તેની ખાતરી કરીને સાંજના વર્ગો ચલાવવા માટે જરૂરી વ્યવસ્થા કરવી તેમ સંબંધકર્તા ભવનના અધ્યક્ષોને જણાવવું :

હિંદી, ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર.

વધુમાં ઠરાવવામાં આવે છે કે કોઈ પણ વિષયમાં સાંજના વર્ગો માટે વિદ્યાર્થીઓની સંખ્યા દશથી ઓછી થતી હોય તો તે બાબતમાં થોડીક છૂટછાટ મૂકીને સાંજના વર્ગો ચલાવવાનો નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(નોંધ.—કોઈ પણ સંજોગોમાં વિદ્યાર્થીઓની સંખ્યા પાંચ કરતાં ઓછી હોય તો સાંજના વર્ગો ચલાવી શકાશે નહિ.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સાંજના વર્ગોની હાજરીની નિયમિતતા માટે પૂરતું ધ્યાન આપવા માટે જે તે વિદ્યાભવનોના અધ્યક્ષોને જણાવવું."

(૨) સ્નાતક કક્ષાએ ઓછામાં ઓછો બીજો વર્ગ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને જ પાર્ટ ૧ માં સાંજના વર્ગોમાં પ્રવેશ આપવાનું રાખવું.

(૩) વિદ્યાર્થીઓને કયા વિષયો લેવા દેવા અથવા કયું જૂથ લેવા દેવું તે અંગે અધ્યક્ષશ્રીનો નિર્ણય છેવટનો ગણાશે.

(૪) સાંજના વર્ગોના સંચાલન તથા દેખરેખ માટે પ્રત્યેક વિષય માટે એક પૂર્ણ સમયના ભવનના શિક્ષકને ઈન-ચાર્જ તરીકે જવાબદારી સોંપવાનો પ્રબંધ અધ્યક્ષશ્રીએ કરવો.

(૫) વર્ગમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ રજૂ કરેલ નોકરીના પ્રમાણપત્રની બરોબર ચકાસણી કરવાનું રાખવું.

(૬) વિદ્યાર્થીઓની પાસેથી મળેલ પ્રશ્નોત્તરીના જવાબો પરથી જણાયું છે કે મુલાકાતી શિક્ષકો વર્ગો લેવામાં અનિયમિત હોય છે. અગાઉથી જાણ કર્યા સિવાય જ ગેરહાજર રહેતા હોવાથી વર્ગો બંધ રાખવા પડે છે. તો તમામ મુલાકાતી શિક્ષકોનું આ અંગે ધ્યાન દોરી તેવું ન બને તેની ઘટતી કાળજી રખાય તે માટે યોગ્ય કરવા અધ્યક્ષશ્રીને જણાવવું.

(૭) સાંજના વર્ગો માટે અખબારોમાં જરૂરી જાહેરાત આપવા યુનિવર્સિટી કાર્યાલયને જણાવવું.

ત્યાર બાદ હાજર રહેલા સભ્ય સાહેબોનો આભાર માની સભાનું કામકાજ પૂરું થયું હતું.

શ. પૂ. મેઠ
કુલસચિવ વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા અમદાવાદ-૯.

ગુ. યુ. પ્રેસ, ૩૨૪-૪૫૦-૭-૭૩

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલની જુલાઈ માસની સભા, બુધવાર, તા. ૪-૭-૧૯૭૩ના રોજ સાંજના ૪-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. નોમાનભાઈ મહંમદભાઈ મિયાંભાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૪-૭-૧૯૭૩
૧.	શ્રી. નોમાનભાઈ મહંમદભાઈ મિયાંભાઈ, કુલપતિ	હાજર
૨.	શ્રી. બલવંતસિંગ, સહશિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	આચાર્ય સી. એસ. શાહ	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૭.	શ્રી. ઈન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૮.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૯.	શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	હાજર
૧૦.	શ્રી. હીરાલાલ એચ. ભગવતી	ગેરહાજર
૧૧.	શ્રી. પ્રફુલચંદ્ર સી. શાહ	હાજર
૧૨.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૩.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૪.	પ્રો. દેવવ્રત એન. પાઠક	હાજર
૧૫.	આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	હાજર
૧૬.	આચાર્ય ડૉ. લક્ષ્મીપ્રસાદ ધનશંકર દવે	ગેરહાજર
૧૭.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર
૧૮.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. તા. ૯-૬-૧૯૭૩ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૯-૬-૧૯૭૩ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધને નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) તા. ૧૨-૫-૧૯૭૩ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધની બાબત નં. ૬૧માં સ્ટે. ૧૪-સીના મુસદ્દાની બાબતના ઠરાવની કંડિકા (બી)ના પાઠ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

(*b*) "For the purpose of voting for election for eleven members as students' representatives on the Court, the students' union of every post-graduate department and the students' union of every affiliated college shall be entitled to elect any of the students of the post-graduate department or college, as the case may be, as their representative voters to elect students' representatives on the Court as mentioned herebelow : "

(૨) બાબત નં. ૧૩-એ ના ઠરાવ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણ-વિજ્ઞાનના એક વધુ પ્રોફેસરની જગ્યા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સમક્ષ ઘટતી રજૂઆત કરવી તથા તે અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરવી, અને તે અંગેની મંજૂરી મળ્યેથી યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાનના પ્રોફેસરોની બેઉ જગ્યાઓની જાહેરાત કરવાનું રાખવું."

(૩) બાબત નં. ૭૦નો ઠરાવ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સદરહુ શિક્ષકોને ફારેગ કરવામાં ગુજરાત એક્ટ દ્વારા ઉમેરાયેલ કલમ ૫૧-એ ની જોગવાઈનો ભંગ થતો હોઈ એ શિક્ષકોને તેમની સેવાઓનું સાતત્ય જળવાય તે રીતે જે તે પદ પર ચાલુ રાખવા સંબંધકર્તા કૉલેજોને પુનઃ જણાવવું."

(૪) બાબત નં. ૧૦૨ના ઠરાવમાં નીચે મુજબ ઉમેરો કરવો :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે કુ. દામિનીબહેન મહેતાની ગૃહવિજ્ઞાનના પ્રાધ્યાપક તરીકેની નિમણૂકને મંજૂર કરવી."

(૫) બાબત નં. ૧૦૫ના પરિશિષ્ટ "છ"માં વિદ્યાર્થી સંસદના બંધારણની સુધારેલ કલમ ૬ (રચના)ની પેટાકલમ (૧) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવી :

"(૧) પ્રત્યેક યુવક કલ્યાણ વિભાગો પૈકીની જે તે વિભાગમાં આવેલી કૉલેજોમાંથી ચાર ચાર કૉલેજોનું એકેક જૂથ એ પ્રમાણે સંખ્યાના પ્રમાણમાં, કક્કાવારી પ્રમાણે, જૂથો રચીને પ્રત્યેક જૂથનો એક પ્રતિનિધિ રહેશે, અને પ્રત્યેક વર્ષે તે પ્રતિનિધિ, કૉલેજોના નામની કક્કાવારી પ્રમાણે દર વર્ષે બદલાશે, આવા પ્રતિનિધિ વિદ્યાર્થી સભ્ય કહેવાશે. જયા વખતનાં પાંચ જૂથનો વારો ૧૯૭૪-૭૫માં પૂરો થયા પછી આ અમલમાં આવે."

૨. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) સ્કૂલ ઑફ પ્લાનિંગ, અમદાવાદના અધ્યક્ષ શ્રી બી. વી. દોશીના તારીખ ૭-૬-૧૯૭૩ના પત્રના સંદર્ભમાં સમાજવિદ્યા ભવનના પ્રો. ઈ. જે. મીશીહીની સેવાઓ સ્કૂલ ઑફ પ્લાનંગને ૧લા સેમેસ્ટર (૧૯૭૩-૭૪) માટે આપ્યાના;

(૨) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદને તા. ૧૫-૬-૧૯૭૩થી બી.એસસી. (જન.)ના અભ્યાસક્રમ શીખવવા દેવા એક વર્ષ માટે તદર્થ ધોરણે મંજૂરી આપ્યાના;

(૩) પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન સ્પેસ સાયન્સીઝ અંગે ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટર અને ગુજરાત યુનિવર્સિટી વચ્ચે થયેલ કરારનામામાં પેરા નં. ૩માં નીચે પ્રમાણે ઉમેરો કર્યાના :

"And that the U.G.C. has agreed to support this activity financially,";

(૪) માર્ચ-એપ્રિલ, ૧૯૭૩માં લેવાયેલ આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે જુદાં જુદાં કેન્દ્રો પર અગાઉ નિમાયેલ કેટલાક મુખ્ય નિરીક્ષકોની અવેજીમાં નિમણૂકો કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩. યુનિવર્સિટીમાં સને ૧૯૭૩-૭૪થી પોસ્ટ-ગ્રેજ્યુએટ સેન્ટર ઇન સ્પેસ સાયન્સીઝ અંગેના અભ્યાસક્રમ શરૂ કરવા માટેની યોજના અંગે નીચે જણાવેલ આર્થિક સહાય આપવાનું મંજૂર કરતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૬-૩-૧૯૭૩ના પત્રાંક એફ. ૨૩-૩-૧૯૭૩ (એસ. ૨)ની નોંધ લેવા બાબત :

(1) **Non-recurring** :

(*i*) Building	...	Rs. 1,00,000
(*ii*) Equipment	...	Rs. 1,50,000
(*iii*) Books	...	Rs. 25,000

(2) **Recurring**

(*a*) Staff

(*i*) One Professor

(*ii*) One Reader

(*iii*) Two Lecturers

(*iv*) One Engineer (Rs. 400–950)

(*v*) One Mechanic, (*vi*) One Electrician } (Rs. 250-25-500)

(*b*) Specialized Journals 5,000/- p.a.

(*c*) Stipends of Rs. 250/- p.m.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી અને ઉપરનો અભ્યાસક્રમ આગામી વર્ષે શરૂ કરવા માટે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીને જણાવવું.

૪. યુનિવર્સિટીમાં કોમ્પ્યુટર સેન્ટરના વિકાસ અંગેની યોજના માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી અનાવર્તક ગ્રાન્ટ રૂ. ૨,૬૦,૦૦૦ તથા આવર્તક ગ્રાન્ટ રૂ. ૯૦,૦૦૦ની મંજૂર કરતા તા. ૬–૬–૧૯૭૩ના પત્રાંક એફ. ૨૭–૧૪–૧૯૭૨ (એસ. ૧)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી અને સદરહુ વિષયનો અભ્યાસક્રમ શરૂ કરવા માટે યુનિવર્સિટી કાર્યાલયને જણાવવું.

૫. પ્રૌઢશિક્ષણની યોજના માટે હાલના તબક્કે ચોથી પંચવર્ષીય યોજનાના અંત સુધી એટલે કે ફક્ત ૧૯૭૩–૭૪ના વર્ષ માટે આર્થિક સહાય આપવામાં આવશે તેવું જણાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૭–૬–૧૯૭૩ના પત્ર ક્રમાંક એફ. ૧૨–૨(૬૯) (એચ–૧) અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—આ અંગે અગાઉ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ફક્ત ચોથી પંચવર્ષીય યોજના સુધી આર્થિક સહાય આપશે એમ જણાવ્યું હતું પરંતુ સિન્ડિકેટના ઠરાવ અન્વયે યુનિવર્સિટીએ પાંચમી પંચવર્ષીય યોજનાના અંત સુધી સહાય આપવા માટે વિનંતી કરી હતી. આના પ્રત્યુત્તરમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને on the present basis ૧૯૭૩–૭૪ના વર્ષ માટે જ સહાય મળશે તેમ જણાવ્યું છે.]

સદરહુ બાબત અંગે વિચારણા કરવામાં આવી તથા તેની નોંધ લેવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે પાંચમી પંચવર્ષીય યોજનામાં સદરહુ યોજનાનો સમાવેશ કરીને જરૂરી આર્થિક સહાય મેળવવા માટે તજવીજ કરવી.

૬. પ્રી-યુનિ. વાણિજ્ય પરીક્ષામાં ફર્સ્ટ બી.કોમ.ની પરીક્ષા માટે સત્રો ભરવાની પરવાનગી મળી હોવા છતાં ૧૯૭૧-૭૨ના વર્ષમાં ફર્સ્ટ બી.એ.ના વર્ગમાં પ્રવેશ મેળવનાર શ્રી. રસિક પી. ઠક્કરનું ૧૯૭૨માં લેવાયેલ ફર્સ્ટ બી.એ.નું પરિણામ અને પરીક્ષા-પ્રવેશ રદ કરવાનું નક્કી કરવામાં આવેલ હોઈ તેના અનુસંધાનમાં વિદ્યાર્થીએ પ્રી-યુનિ. વાણિજ્ય પરીક્ષાના બાકીના વિષયની પરીક્ષા માર્ચ ૧૯૭૩માં પાસ કરતાં તેનો ફર્સ્ટ બી.એ. પરીક્ષાનો ૧૯૭૨નો પ્રવેશ માન્ય કરવા તથા પરિણામ જાહેર કરવાની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રસિક પી. ઠક્કરના વિશિષ્ટ સંજોગો જોતાં એફ.વાય.બી.એ.નાં તેમનાં સત્રો માન્ય ગણીને ૧૯૭૨માં લેવાયેલી તેમની પરીક્ષાનું પરિણામ જાહેર કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીને પ્રી-યુનિ. કોમર્સમાં એ.ટી.કે.ટી.ને આધારે ફર્સ્ટ બી.એ.ના વર્ગમાં પ્રવેશ આપવાની ભૂલ કરવા માટે સદરહુ કૉલેજને ઠપકો આપવો.

૭. ઑલ-ઇન્ડિયા સમર ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇકોલોજી, રાજકોટ ખાતે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્રના રીડર ડૉ. એમ. એસ. દુબળેને મળેલ આમંત્રણ ધ્યાને લઈ ત્રણ

વ્યાખ્યાનો આપવા તથા વ્યાખ્યાન દીઠ તે અંગેનો રૂ. ૫૦નો પુરસ્કાર સ્વીકારવા અંગેના ડૉ. દુબળેના તા. ૨૧-૫-૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એમ. એસ. દુબળેને ૧૯૭૩-૭૪ના વર્ષ દરમિયાનનું તેમનું યુનિવર્સિટીનાં કામકાજ સિવાયનાં બીજાં કામકાજે અંગેનું કુલ વેતન તેમના કુલ વાર્ષિક મૂળ પગાર (basic salary)ના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને સદરહુ કામગીરી તથા તે અંગેનો ઉપર જણાવેલ વધારાનો પુરસ્કાર સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૮. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સહકારી શરાફી મંડળી લિ.ની વ્યવસ્થાપક સમિતિની તા. ૩૦-૪-૧૯૭૩ની સભાના ઠરાવ અન્વયે આ મંડળીના માનદ હિસાબનીશ તરીકેની કામગીરી સ્વીકારવા તથા તે અંગે વાર્ષિક રૂ. ૨૫૦નું વેતન સ્વીકારવા અંગે શ્રી. એ. જે. પ્રજાપતિને પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. જે. પ્રજાપતિને ૧૯૭૩-૭૪ના વર્ષ દરમિયાનનું તેમનું યુનિવર્સિટીનાં કામકાજ સિવાયનાં બીજાં કામકાજે અંગેનું કુલ વેતન તેમના કુલ વાર્ષિક મૂળ પગાર (basic salary)ના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને સદરહુ કામગીરી તથા તે અંગેનો ઉપર જણાવેલ વધારાનો પુરસ્કાર સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૯. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં તા. ૪થી તા. ૯ જૂન, ૧૯૭૩ના સમય દરમ્યાન ઇમ્પ્રુવમેન્ટ ઑફ પ્રેક્ટિસ ટીચિંગ અંગે યોજાયેલ પરિસંવાદ માટે વધારાની સેવાઓ માટે નીચે જણાવેલ કર્મચારીઓને આપેલ નીચે મુજબ વધારાનો પુરસ્કાર સ્વીકારવા માટે પરવાનગી માટે અધ્યક્ષશ્રીની તા. ૧૨-૬-૧૯૭૩ની દરખાસ્ત પર વિચારણા કરવા બાબત :

નામ	મૂળ પગાર રૂ.	વેતનની રકમ રૂ.
૧. શ્રી. આર. એન. સોની	૨૨૩-૦૦	૧૨૦-૦૦
૨. શ્રી. એસ. એન. ઉત્તેકર	૧૩૩-૦૦	૫૦-૦૦

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી આર. એન. સોનીને ૧૯૭૩-૭૪ના વર્ષ દરમિયાનનું તેમનું યુનિવર્સિટીનાં કામકાજ સિવાયનાં બીજાં કામકાજે અંગેનું કુલ વેતન તેમના કુલ વાર્ષિક મૂળ પગાર (basic salary)ના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને ઉપર જણાવેલ કામગીરી માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનો પુરસ્કાર સ્વીકારવા માટે પરવાનગી આપવી.

વધુમાં, શ્રી. એસ. એન. ઉત્તેકરને સદરહુ કામકાજ માટે તેમના નામ સામે જણાવેલ વધારાનો પુરસ્કાર સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૧૦. વિજ્ઞાન વિદ્યાભવનમાં આંકડાશાસ્ત્રના લેક્ચરર તરીકે કામ કરતા શ્રી. આઈ. ડી. પટેલનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૩૧-૮-૧૯૭૩ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૧-૯-૧૯૭૩થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. આઈ. ડી. પટેલની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. આઈ. ડી. પટેલને આંકડાશાસ્ત્રના લેકચરર તરીકે તા. ૧–૯–૧૯૭૩થી કાયમ કરવા.

૧૨. વિજ્ઞાન વિદ્યાશાખામાં "કોસિપ" (COSIP) યોજના હેઠળ રીડર ઇન મેથેમેટિકસની હંગામી જગ્યા પૂરવા માટેની વરણીસમિતિની તા. ૪–૬–૧૯૭૩ની સભાની ભલામણો સ્વીકારવા માટે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૫–૬–૧૯૭૩ની સભામા સ્વીકારી હોઈ તે પર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક. ૩).

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં ગણિતશાસ્ત્રના રીડરની હંગામી જગ્યા ઉપર ડૉ. આઈ. એચ. શેઠને તા. ૩૧–૩–૧૯૭૪ સુધી રૂ. ૭૦૦–૫૦–૧,૨૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ ૭૦૦/–થી નીમવા.

(સદરહુ વરણીસમિતિની તા. ૪–૬–૧૯૭૩ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૨. એ.ટી.કે.ટી.વાળા વિદ્યાર્થીઓ માટે ઑકટોબર મહિનામાં પરીક્ષા લેવાની વ્યવસ્થા કરવા અંગે યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭/૨૮–૩–૧૯૭૩ની વાર્ષિક સભામાં પસાર થયેલો ઠરાવ(જે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨–૫–૧૯૭૩ની સભામાં એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલ્યો હતો તે)ની બાબતમાં એ.ટી.કે.ટી.વાળા વિદ્યાર્થીઓની એક વધારાની પરીક્ષા ઑકટોબર માસમાં લેવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫–૬–૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક. ૧૨).

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પ્રી-યુનિ., ફર્સ્ટ ઇયર અને સેકન્ડ ઇયરની પરીક્ષાઓમાં ફકત એ.ટી.કે.ટી.માં આવનાર વિદ્યાર્થીઓને માટે ઑકટોબર માસમાં એક વધારાની પરીક્ષા લેવાનું રાખવું અને આ ઠરાવનો અમલ આગામી ઑકટોબર માસમાં સદરહુ પરીક્ષાઓ લઈને શરૂ કરવાનું રાખવું.

૧૩. તબીબી વિદ્યાશાખાની તા. ૬–૬–૧૯૭૩ની સભાની ભલામણ મુજબ ડિપ્લોમા-ઇન-ઇન્ડસ્ટ્રિયલ હેલ્થના અભ્યાસક્રમને સ્થાને ડિપ્લોમા-ઇન-ઓકયુપેશનલ હેલ્થનો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ દાખલ કરવા અને તે માટે ઑ. ૩૭૭ સુધારવા તથા ઑ. ૩૭૭–એ ૨૬ કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫–૬–૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક. ૨૫).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ ડિપ્લોમા-ઇન-ઇન્ડસ્ટ્રિયલ હેલ્થના અભ્યાસક્રમને સ્થાને ડિપ્લોમા-ઇન-ઓકયુપેશનલ હેલ્થનો અનુસ્નાતક અભ્યાસક્રમ દાખલ કરવો અને તે માટે સુધારેલો ઑર્ડિ. ૩૭૭ મંજૂર કરવો તથા ઑર્ડિ. ૩૭૭–એ ૨૬ કરવો.

૧૪. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુરે તેના ભૂતપૂર્વ અધ્યાપક પ્રા. આર. કે. શાસ્ત્રીની લેણી રકમ હજુ સુધી ચૂકવી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૯–૬–૧૯૭૩ના પત્રથી આ પ્રશ્નની બાબતમાં યુનિવર્સિટી સત્તામંડળો દસ્તાવેજી પુરાવાને લક્ષમાં લઈ બન્ને પક્ષોને રૂબરૂ બોલાવી તેઓને સાંભળી યોગ્ય સમાધાન કરે તેવી વિનંતી કરી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેસ અંગે ટૂંકસારની નોંધ સાથે આ બાબત આગામી સભા સમક્ષ રજૂ કરવા કાર્યાલયને જણાવવું.

૧૫. શ્રી. એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણના પ્રાધ્યાપક શ્રી. બી. કે. કાયસ્થ તથા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણના અધ્યાપક શ્રી. કે. ડી. પટેલની ફરિયાદ અંગે જરૂરી વિચારણા કરી પોતાનો અહેવાલ રજૂ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨-૫-૧૯૭૩ની સભાએ નીમેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. કે. કાયસ્થ અને શ્રી. કે. ડી. પટેલના કેસોમાં પોતાની કૉલેજો પાસે લેણી નીકળતી રકમ અંગેના તેમના દાવાની બાબતમાં સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. કે. કાયસ્થની નિમણૂકની બાબતમાં શ્રી. એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ તરફથી ખોટો રિપોર્ટ આપવામાં આવેલો છે તે બાબતમાં તે કૉલેજને અપાતી ગ્રાન્ટમાં કાપ મૂકવાના સૂચન ઉપર જરૂરી વિચારણા કરીને પોતાની ભલામણ મંજૂર કરવા માટે એકેડેમિક કાઉન્સિલને સૂચવવું.

૧૬. કોર્ટે તેની તા. ૯/૧૦-૧૦-૧૯૭૨ની ખાસ સભામાં એકિઝકયુટિવ કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલેલા ઑર્ડિ. ૧૨૦-બી સુધારવાનો ડૉ. એલ. ડી. દવેનો પ્રસ્તાવ નહિ સ્વીકારવા માટે તથા હાલના ઑ. ૧૨૦-બી માં કશો ફેરફાર નહિ કરવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫-૬-૧૯૭૩ની સભાએ કરેલી ભલામણ અંગે વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક્ર. ૫).

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એલ. ડી. દવેનો પ્રસ્તાવ નહીં સ્વીકારવા તથા હાલના ઑર્ડિ. ૧૨૦-બી માં કશો ફેરફાર નહીં કરવા એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૧૭. ૧૯૭૩ના ગુજરાત એકટ નં. ૬ થી સુધારાયેલી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨)ને અનુલક્ષીને જૂન ૧૯૭૪થી શરૂ કરાનાર નવી કૉલેજોના જોડાણ બાબતમાં કૉલેજોની જરૂરિયાત અંગેના એકિઝકયુટિવ કાઉન્સિલના નીચેના ઠરાવ પર વિચારણા કરીને એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫-૬-૧૯૭૩ની સભાએ જૂન ૧૯૭૪થી નીચે જણાવેલી કૉલેજોની જરૂરિયાત સ્વીકારવા માટે વધુમતે કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક્ર. ૧૩) :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૭૪થી શરૂ કરાનાર નવી કૉલેજોના જોડાણ માટેની અરજીઓ પર યુનિવર્સિટી ધારાની નવી કલમ ૩૩(૨)ના સંદર્ભમાં વિચારણા કરીને જે તે કૉલેજોની જરૂરિયાત અંગેનો અહેવાલ તૈયાર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૭-૪-૧૯૭૩ની સભામાં નીમેલ સમિતિની ભલામણો પૈકી મેાડાસા અને ગોધરા મુકામે જૂન ૧૯૭૩થી કાયદાની નવી કૉલેજોનાં જોડાણ આપવા મંજૂર કર્યું હોઈ તે સિવાયની નીચેની સંસ્થાઓ જેને જૂન ૧૯૭૪થી તેમના નામ સામે જણાવેલ સ્થળે અને વિદ્યાશાખાવાળા

કૉલેજ શરૂ કરવા માટેની અરજી પરત્વે કૉલેજની જરૂરિયાત નથી એમ સ્વીકારવું :

ક્રમાંક	સંસ્થાનું નામ	સ્થળ	વિદ્યાશાખા
(૧)	મૅનેજિંગ ટ્રસ્ટી, શ્રી. પ્રાંતીજ તાલુકા કેળવણી ટ્રસ્ટ, મુ. પો. તા. પ્રાંતીજ, નેશનલ હાઈવે નં. ૬, જિ. સાબરકાંઠા	પ્રાંતીજ	વિનયન અને વાણિજ્ય
(૨)	શ્રી. હાલોલ મહાજન ઉચ્ચ શિક્ષણ મંડળ, હાલોલ	હાલોલ	,,
(૩)	શ્રી. સાવલી તાલુકા કેળવણી મંડળ, સાવલી	સાવલી	,,
(૪)	સી. ડી. ખાંડવાળા એજ્યુ. ટ્રસ્ટ, અમદાવાદ	અમદાવાદ	,,
(૫)	શ્રી. વીરેન્દ્ર એજ્યુકેશન સોસાયટી છોટાઉદેપુર	છોટાઉદેપુર	શિક્ષણ
(૬)	મૅનેજિંગ ટ્રસ્ટી, ધર્મસિંહ દેસાઈ ફાઉન્ડેશન, નડિયાદ	નડિયાદ	શિક્ષણ
(૭)	નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, નડિયાદ	નડિયાદ	શિક્ષણ
(૮)	ઉત્તર-પૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળ, પિલવાઈ	પિલવાઈ	વાણિજ્ય
(૯)	ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી, નડિયાદ	નડિયાદ	વાણિજ્ય
(૧૦)	મૅનેજિંગ ટ્રસ્ટી, ધર્મસિંહ દેસાઈ ફાઉન્ડેશન, નડિયાદ	,,	,,
(૧૧)	મંત્રીશ્રી, પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા, જિ. પંચમહાલ	ગોધરા	વાણિજ્ય
(૧૨)	મૅનેજિંગ ટ્રસ્ટી, માનવમંદિર ટ્રસ્ટ, C/o. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ-૧૪	અમદાવાદ	કાયદો

ઉપર જણાવેલ પ્રત્યેક પ્રસ્તાવ અંગે અલગ અલગ વિચારણા કરીને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે પ્રાંતીજમાં શ્રી. પ્રાંતીજ તાલુકા કેળવણી ટ્રસ્ટ પુરસ્કૃત વિનયન અને વાણિજ્યની નવી કૉલેજોની જરૂરિયાત સ્વીકારવી.

(૨) આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે હાલોલમાં શ્રી. હાલોલ મહાજન ઉચ્ચ શિક્ષણ મંડળ પુરસ્કૃત વિનયન અને વાણિજ્યની નવી કૉલેજની જરૂરિયાત સ્વીકારવી.

(૩) આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સાવલીમાં શ્રી. સાવલી તાલુકા કેળવણી મંડળ પુરસ્કૃત વિનયન અને વાણિજ્યની નવી કૉલેજની જરૂરિયાત સ્વીકારવી.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ ખાતે વિનયન અને વાણિજ્યની કૉલેજોની સંખ્યા સારા પ્રમાણમાં હોઈ ૧૯૭૪-૭૫ના વર્ષમાં સી. ડી. ખાંડવાળા એજ્યુકેશન ટ્રસ્ટ પુરસ્કૃત વિનયન અને વાણિજ્યની નવી કૉલેજની જરૂરિયાત સ્વીકારવી નહીં.

(૫) આથી ઠરાવવામાં આવે છે કે છોટાઉદેપુરની આજુબાજુના ભાગમાં શિક્ષણની કૉલેજો પૂરતા પ્રમાણમાં હોઈ શ્રા. વીરેન્દ્ર એજ્યુકેશન સોસાયટી પુરસ્કૃત શિક્ષણની નવી કૉલેજની જરૂરિયાત સ્વીકારવી નહીં.

(૬) આથી ઠરાવવામાં આવે છે કે નડિયાદની આજુબાજુના ભાગમાં શિક્ષણની કૉલેજો પૂરતા પ્રમાણમાં હોઈ ધર્મસિંહ દેસાઈ ફાઉન્ડેશન પુરસ્કૃત શિક્ષણની નવી કૉલેજની જરૂરિયાત સ્વીકારવી નહીં.

(૭) આથી ઠરાવવામાં આવે છે કે નડિયાદની આજુબાજુના ભાગમાં શિક્ષણની કૉલેજો પૂરતા પ્રમાણમાં હોઈ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ પુરસ્કૃત શિક્ષણની નવી કૉલેજની જરૂરિયાત સ્વીકારવી નહીં.

(૮) આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે પિલવાઈના આજુબાજુના ભાગમાં વાણિજ્યની કૉલેજો પૂરતા પ્રમાણમાં હોઈ ઉત્તર-પૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળ પુરસ્કૃત વાણિજ્યની નવી કૉલેજોની જરૂરિયાત સ્વીકારવી નહીં.

(૯) આથી ઠરાવવામાં આવે છે કે નડિયાદની આજુબાજુના ભાગમાં વાણિજ્યની કૉલેજો પૂરતા પ્રમાણમાં હોઈ ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી પુરસ્કૃત વાણિજ્યની નવી કૉલેજની જરૂરિયાત સ્વીકારવી નહીં.

(૧૦) આથી ઠરાવવામાં આવે છે કે નડિયાદની આજુબાજુના ભાગમાં વાણિજ્યની કૉલેજો પૂરતા પ્રમાણમાં હોઈ ધર્મસિંહ દેસાઈ ફાઉન્ડેશન પુરસ્કૃત વાણિજ્યની નવી કૉલેજની જરૂરિયાત સ્વીકારવી નહીં.

(૧૧) આથી ઠરાવવામાં આવે છે કે ગોધરાની આજુબાજુના ભાગમાં વાણિજ્યની કૉલેજો પૂરતા પ્રમાણમાં હોઈ પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ પુરસ્કૃત વાણિજ્યની નવી કૉલેજની જરૂરિયાત સ્વીકારવી નહીં.

(૧૨) આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ ખાતે કાયદાની કૉલેજોની સંખ્યા સારા પ્રમાણમાં હોઈ ૧૯૭૪-૭૫ના વર્ષમાં માનવમંદિર ટ્રસ્ટ પુરસ્કૃત કાયદાની નવી કૉલેજની જરૂરિયાત સ્વીકારવી નહીં.

૧૮. સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદમાં સ્થાપવામાં આવેલા એમ.એ. પદવી ગુજરાતી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ ડૉ. આર. એન. પંડ્યા તા. ૧૫-૬-૧૯૭૩થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમની [illegible] ડૉ. ડી. એમ.

માસ્તરની પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નિમણૂક કરવા અંગે આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઈન-ચાર્જ તરીકે ડૉ. આર. એન. પંડયાની જગ્યાએ ડૉ. ડી. એમ. માસ્તરને નીમવા.

૧૯. સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસના લેક્ચરરની જગ્યા માટેની વરણી સમિતિની તા. ૨૮-૫-૧૯૭૩ની સભાની ભલામણો પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૫-૬-૧૯૭૩ની સભામાં કરેલી નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૧૫):

(૧) સદરહુ વરણી સમિતિની ભલામણ મુજબ શ્રીમતા શિરીન એમ. મહેતાની સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર ઇન હિસ્ટરી તરીકે નીમવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૨) સદરહુ સમિતિની ભલામણમાં બીજા નંબરથી સૂચવાયેલ ઉમેદવાર શ્રી. જયકુમાર આર. શુકલ, વરણી સમિતિની સભા મળી તે વખતે જરૂરી લાયકાત ધરાવતા નહોતા તે પ્રત્યે એકિઝકયુટિવ કાઉન્સિલનું ધ્યાન દોરવું.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસના લેક્ચરરની જગ્યા ઉપર શ્રીમતી શિરીન એમ. મહેતાની રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૪૦૦/- (ચારસો)થી બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે શ્રી. જયકુમાર આર. શુકલની બાબતમાં એકેડેમિક કાઉન્સિલના ઉપરના ઠરાવની નોંધ લેવી.

(સદરહુ વરણીસમિતિની ભલામણની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૨૦. વિજ્ઞાનવિદ્યા ભવનમાં આંકડાશાસ્ત્રના લેક્ચરરની જગ્યા માટેની વરણી સમિતિની તા. ૯-૬-૧૯૭૩ની સભાની ભલામણો પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૫-૬-૧૯૭૩ની સભામાં કરેલી નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૧૪) :

૧. સદરહુ વરણી સમિતિની ભલામણ મુજબ શ્રી. આર. ટી. રતાણીને વિજ્ઞાન ભવનમાં આંકડાશાસ્ત્રના લેક્ચરર તરીકે નીમવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨. વધુમાં, યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં શિક્ષકોની નિમણૂક અંગેની વરણી સમિતિ સાથે જે તે વિષયના વિભાગના વડાને સંયોજિત (એસોસિયેટ) કરવાનું રાખવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાનવિદ્યા ભવનમાં આંકડાશાસ્ત્રના લેક્ચરરની જગ્યા ઉપર શ્રી. આર. ટી. રતાણીની રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૪૪૦/- (ચારસોચાલીસ)થી બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં શિક્ષકોની નિમણૂક અંગેની વરણી-સમિતિની સભા વખતે સંબંધકર્તા વિષયના વિભાગના વડાને હાજર રહેવા માટે જણાવવું; પરંતુ આવા હાજર રહેલા વડાને વરણીસમિતિની સભામાં મત આપવાનો અધિકાર રહેશે નહીં, એમ સ્પષ્ટતા કરવી.

(સદરહુ વરણીસમિતિની ભલામણની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે)

૨૧. વિદ્યાર્થી સંસદના બંધારણની વિદ્યાર્થી સંસદના મંત્રીની ચૂંટણી અંગેની કલમ ૧૧ અંગે મંત્રીની ચૂંટણી યુનિવર્સિટીની બધી કૉલેજોના વિદ્યાર્થી સંઘના અગ્રિમ (મુખ્ય) વિદ્યાર્થી પ્રતિનિધિઓ ભેગા મળી કરશે એમ એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૯-૬-૧૯૬૬ની સભામાં ઠરાવ્યું છે તેના અનુસંધાનમાં સદરહુ ચૂંટણી માટે મતદાન કરવાની પદ્ધતિ નિયત કરવા બાબત.

(નોંધ.—સુધારેલ કલમ ૧૧—સંસદ સભાના અધિકારીઓ :

સંસદસભાના અધિકારીઓ નીચે જણાવ્યા મુજબ રહેશે :

પ્રમુખ કુલપતિશ્રી

ખજાનચી અને સભ્ય-સચિવ—ડિરેક્ટર ઑફ યૂથ વેલ્ફેર

મંત્રીની ચૂંટણી યુનિ.ની બધી કૉલેજોના વિદ્યાર્થી સંઘના અગ્રિમ (મુખ્ય) વિદ્યાર્થી પ્રતિનિધિઓ ભેગા મળીને કરશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચૂંટણી વિદ્યાર્થી સંસદની સભામાં યોજવાનું રાખવું.

૨૨. એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદમાં બી. એડ.ના વર્ગમાં વિદ્યાર્થી સંખ્યા ૬૫થી વધારીને ૯૦ કરવા અંગે આવેલી અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—કૉલેજની સ્થાનિક તપાસસમિતિના પ્રધાન સભ્યશ્રી ધીરુભાઈ ઠાકરના અભિપ્રાય અનુસાર હાલ ૮૦ વિદ્યાર્થીઓ માટે જોગવાઈ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં બી.એડ ના વર્ગમાં ૮૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે પરવાનગી આપવી.

૨૩. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી (૧) પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા કોર્સ ઇન મેડિકલ સાયકોલોજી એન્ડ સોશિયલ સાયકોલોજી (ડી.એમ. એન્ડ એસ.પી.) તથા (૨) પોસ્ટ-ગ્રેજ્યુએટ બી.એસસી. ઑડિયોલોજી એન્ડ સ્પીચથેરાપીના અભ્યાસક્રમો શીખવવા માટે માન્યતા માટેની અરજી બાબત (એ.કા.બા.ક્ર. ૩૦).

એકેડેમિક કાઉન્સિલનો ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૭-૧૯૭૩ સુધીમાં કરે તો તેને પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન સાયકોલોજી એન્ડ સોશિયલ સાયકોલોજી (ડી. એમ. એન્ડ એસ. પી.) તથા (૨) પોસ્ટ-ગ્રેજ્યુએટ બી.એસસી. ઑડિયોલોજી એન્ડ સ્પીચથેરાપીના અભ્યાસક્રમો શીખવવા તા. ૧૫-૬-૧૯૭૩થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધી માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) સંસ્થામાં હાલના જે બે માન્ય અનુસ્નાતક શિક્ષકો છે તે પૈકી એક મદદનીશ તરીકે પ્રત્યેક અભ્યાસક્રમ માટે કાર્ય કરે;

(૨) (૧) ડિપ્લોમા ઇન મેડિકલ સાયકોલોજી એન્ડ સોશિયલ સાયકોલોજી તથા (૨) પોસ્ટ-ગ્રેજ્યુએટ બી.એસસી. ઑડિયોલોજી સ્પીચથેરાપી વિષયને લગતાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૧૦,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) સ્પીચથેરાપી અને ઑડિયોલોજી ક્લિનિક માટે રૂ. ૪૦,૦૦૦નાં સાધનો વસાવવામાં આવે તથા ટેરટ તથા ટેસ્ટનાં સાધનો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૪. ઢાહોદ ખાતે શરૂ કરાનાર વિજ્ઞાન કૉલેજની તપાસસમિતિના સભ્ય આચાર્ય વી.એ. વ્યાસને ઢાહોદ ખાતે તપાસસમિતિના કાર્ય માટે જવા-આવવા પોતાની કારનો ઉપયોગ કરવા કુલપતિશ્રીએ મંજૂરી આપેલ, પણ વિશિષ્ટ સંજોગોને કારણે તેઓને ટેકસીમાં જવા-આવવાનું થયું તો તે અંગેના રૂ. ૩૨૫-૫૬ના ખર્ચની ચુકવણી મંજૂર રાખવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્ય વી. એ. વ્યાસને, તેમના કેસના વિશિષ્ટ સંજોગો જોતાં, ચૂકવવામાં આવેલું ટેકસીનું ખર્ચ મંજૂર રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરના ઠરાવને ભવિષ્યમાં પ્રથારૂપ ગણવો નહીં.

૨૫. બી. એમ. ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી નીચેના ડિપ્લોમા અભ્યાસક્રમો માટે આવેલ અરજી પર મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત.

(૧) ડિપ્લોમા ઇન સાયકોથેરાપી,

(૨) ડિપ્લોમા ઇન સાયકિયાટ્રિક સોશિયલ વર્ક,

(૩) ડિપ્લોમા ઇન સાયકિયાટ્રિક ઑકયુપેશનલ થેરાપી,

અને

(૪) ડિપ્લોમા ઇન સ્પેશિયલ એજ્યુકેશન ફોર નોન-નોર્મલ ચિલ્ડ્રન.

[**નોંધ.**—પ્રો. ફંડના ટ્રસ્ટની રચનાની કાર્યવાહી ચાલુ છે અને યુનિવર્સિટીના નિયમ મુજબ વ્યવસ્થા કરી જાણ કરવા અધ્યક્ષશ્રીને જણાવેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે બી. એમ. ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદને (૧) ડિપ્લોમા ઇન સાયકોથેરાપી, (૨) ડિપ્લોમા ઈન સાયકિયાટ્રિક સોશિયલ વર્ક, (૩) ડિપ્લોમા ઇન સાયકિયાટ્રિક ઑકયુપેશનલ થેરાપી, અને (૪) ડિપ્લોમા ઇન સ્પેશિયલ એજ્યુકેશન ફોર નોન-નોર્મલ ચિલ્ડ્રનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૩થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધી માન્યતા આપવી.

૨૬. શ્રીમતી લીલાવતી રતિલાલ મહેતા તરફથી યુનિવર્સિટીના ગ્રંથાલયના ઉપયોગ માટે જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિએ પ્રસિદ્ધ કરેલ જૈન સૂત્રનો રૂ. ૧,૫૦૦નાં કિંમતનાં પુસ્તકોનો સેટ ભેટ તરીકે આપવા અંગેની શ્રી. સૂરજમલ બી. મહેતા તરફથી આવેલ દરખાસ્ત સ્વીકાર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૨૭. ગુજરાત રાજ્યના નાણા ખાતાના ઠરાવ નં. વી.આઈ.પી. ૧૨૭૩-૨૪૭૭-જે, તા. ૨૧-૬-૧૯૭૩થી સરકારી કર્મચારીઓને અપાતા મોંઘવારી ભથ્થાના દરમાં તા. ૧-૫-૧૯૭૩થી વધારો આપવાનું ઠરાવ્યું હોવાથી આ મોંઘવારી ભથ્થાના દરમાં વધારાનો લાભ (૧) યુનિવર્સિટીના કર્મચારીઓ (શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક વર્ગના) તથા (૨) સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના કર્મચારીઓને (શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક વર્ગના) પણ તે ધોરણે મોંઘવારી ભથ્થાનો વધારો આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—આ અંગેનો અંદાજી વાર્ષિક ખર્ચ રૂ. ૪૦,૦૦૦ (અંકે ચાલીસ હજાર) જેટલો થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે (૧) યુનિવર્સિટીના કર્મચારીઓને (શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક વર્ગના) તથા (૨) સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના કર્મચારીઓને (શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક વર્ગના) તા. ૧-૫-૧૯૭૩થી આ સાથેના પરિશિષ્ટ મુજબ મોંઘવારી ભથ્થું આપવા માટે યુનિવર્સિટી કાર્યાલયને તથા સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને જણાવવું.

(સુધારેલા મોંઘવારી ભથ્થાના દરની નકલ પરિશિષ્ટ "**ઘ**" તરીકે સામેલ છે.)

૨૮. સ્વ. પ્રો. એ. એમ. ત્રિવેદી મેમોરિયલ વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતીય વિજેતાને સુવર્ણચંદ્રકો આપવાનું એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬-૯-૧૯૭૨ની સભામાં મંજૂર કર્યું હતું, પરંતુ દાનની રકમ જોતાં સુવર્ણચંદ્રકો આપી શકાય તેમ ન હોવાથી રોકડ પારિતોષિકો આપવાની દાતાએ સંમતિ આપેલ હોઈ તે અંગેના નિયમોમાં જરૂરી સુધારા કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વકતૃત્વ સ્પર્ધા અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "**ચ**" તરીકે સામેલ છે.)

૨૯. તા. ૨૯-૬-૧૯૭૩ના રોજ મળેલી ફાઇનાન્સ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૯-૬-૧૯૭૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૯-૬-૧૯૭૩ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "**છ**" તરીકે સામેલ છે.)

૩૦. યુનિવર્સિટીના મદદનીશ ગ્રંથપાલ શ્રી. ડી. એન. શુકલની મુંબઈ વિશ્વવિદ્યાલયમાં અથવા કર્ણાટક યુનિવર્સિટી, ધારવાડમાં એમ.એલ.આઈ.બી. સાયન્સના અભ્યાસક્રમમાં દાખલ થવા પરવાનગી માંગતી તેઓની તા. ૧૨-૬-૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) શ્રી. શુકલનો મૂળ માસિક પગાર રૂ. ૭૦૨ છે.

(૨) આ અભ્યાસક્રમ માટે તેઓએ ભથ્થા સહિતની પૂરા પગારની રજાની માંગણી કરી છે. અને તે માટે તેઓએ જરૂર જણાય તે પ્રમાણે પણ વધુમાં વધુ પાંચ વર્ષનું બોન્ડ આપવા તૈયારી બતાવી છે. તેઓને આ માટે અંદાજે ૯-૧૦ માસની રજાની જરૂર રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના મદદનીશ ગ્રંથપાલ શ્રી. ડી. એન. શુકલને મુંબઈ યુનિવર્સિટી કે કર્ણાટક યુનિવર્સિટીમાં (M.Lib. Science)નો અભ્યાસ કરવા માટે તા. ૧-૭-૧૯૭૩થી તા. ૩૦-૪-૧૯૭૪ સુધી નીચેની શરતોએ ખાસ અભ્યાસ-રજા આપવી :

(૧) તેઓ જે તારીખથી રજા ઉપર જાય તે તારીખથી તેમને રૂ. ૪૦૦/- ઉચ્ચક (કોઈ પણ પ્રકારનું ભથ્થું નહીં) વેતન આપવું અને તે ઉપરાંત તેમને કશાં ભથ્થાં કે વેતન આપવાં નહીં;

(૨) તેમને આપવામાં આવેલી ખાસ રજાની મુદત પૂરી થાય કે તરત જ તેઓ યુનિવર્સિટીમાં પોતાની નોકરી ઉપર હાજર થશે અને તે પછી ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી તેઓ તે જગ્યા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરશે એ મુજબની બાંયધરી તેમના તરફથી આપવામાં આવે;

(૩) તેમને આપવામાં આવેલી ખાસ રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહીં;

(૪) ઉપર જણાવેલ શરત નં. (૧), (૨) અને (૩)નું તેઓ પાલન કરી શકે નહીં તો તેમને રજા દરમિયાન મળેલાં નાણાં તથા ત્રણ માસના પગાર (ભથ્થાં સહિત) જેટલી રકમ નોટિસ-પે તરીકે તેઓ યુનિવર્સિટીને ભરપાઈ કરશે; અને

(૫) ઉપર જણાવેલી શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જામીનગીરી તેઓએ આપવાની રહેશે.

૩૧. એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટીની એસ. એલ. યુ. કૉલેજ તથા સી. સી. મહિલા આર્ટ્સ કૉલેજ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાતાં તેમની કૉલેજની વિદ્યાર્થીનીઓને એ.ટી.કે.ટી. મળી હોય તો તેમને એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ મુજબ પ્રવેશપાત્ર ગણવામાં આવે છે તેના સંદર્ભમાં તે યુનિવર્સિટી સાથે જોડાયેલી ગુજરાત રાજ્યમાં આવેલી અન્ય કૉલેજોની એ.ટી.કે.ટી.વાળી વિદ્યાર્થિનીઓને પણ પ્રવેશપાત્ર ગણવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ શૈક્ષણિક વર્ષ શરૂ થયું તે પહેલાં એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટી સાથે જોડાયેલી એવી ગુજરાત રાજ્યમાં આવેલ કોઈ પણ કૉલેજમાં એ.ટી.કે.ટી.માં આવેલી વિદ્યાર્થિનીઓને આ યુનિવર્સિટીમાં ૧૯૭૩-૭૪ના વર્ષ દરમિયાન ઉપલા વર્ગમાં સત્રો ભરવાની છૂટ આપવી.

૩૨. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી કલાજો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૨૬-૬-૧૯૭૩ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૬-૬-૧૯૭૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૬-૬-૧૯૭૩ની સભાની કાર્યવાહીની નોંધના નકલ સામેલ કરવામાં આવી નથી.)

૩૩. **એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૨-૫-૧૯૭૩ની સભામાં યુનિવર્સિટીના સ્પેસ સેન્ટર માટે બિનશિક્ષકવર્ગની નીચેની જગ્યાઓ મંજૂર કરી છે :**

(૧) મિકેનિક એક જગ્યા

(૨) ઇલેક્ટ્રિશિયન એક જગ્યા

ઉપરોક્ત જગ્યાઓનાં પગારધોરણો તથા લાયકાતનાં ધોરણો નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યાઓ માટે પગાર અને ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો નીચે મુજબ રાખવાં :

જગ્યાનું નામ	પગારધોરણ	ઓછામાં ઓછી લાયકાત
મિકેનિક	રૂ. ૨૫૦-૧૫-૪૦૦-૨૫-૫૦૦	પ્રી-સાયન્સ, D.E.R.E. સેકન્ડ કલાસ ઉપરાંત ત્રણ વર્ષનો અનુભવ
ઇલેક્ટ્રિશિયન	રૂ ૧૭૦-૧૦-૨૯૦-૧૫-૩૨૦ ઇ.બી ૧૫-૪૨૫	એસ એસ.સી. અને ITI ઇલેક્ટ્રિશિયન સર્ટિફિકેટ અને સાત વર્ષનો અનુભવ.

૩૪. **યુનિવર્સિટી સ્પેસ સેન્ટર માટે લેબોરેટરી-કન્ટિન્જન્સી-ફર્નિચર ઇત્યાદિ અર્થ માટે ચાલુ અંદાજપત્રમાં નીચે પ્રમાણે જોગવાઈ કરવા માટે વિભાગના વડાના સૂચન અંગે વિચારણા કરવા બાબત :**

(૧) લેબોરેટરી ખર્ચ .. રૂ. ૨૦,૦૦૦

(૨) કન્ટિન્જન્સી ખર્ચ .. રૂ. ૧૦,૦૦૦

(૩) ફર્નિચર (કેપિટલ) .. રૂ. ૧૦,૦૦૦

(૪) ફર્નિચર-રિકરિંગ .. રૂ. ૫,૦૦૦

આથી ઠરાવવામાં આવે છે કે સ્પેસ ટેકનોલોજી અને કોમ્યુનિકેશન સેન્ટરના માટે વિજ્ઞાન વિદ્યાભવનના ચાલુ વર્ષના અંદાજપત્રમાં નીચે મુજબ વધારાના ખર્ચની જોગવાઈ કરવી :

(૧) લેબોરેટરી ખર્ચ રૂ. ૧૦,૦૦૦

(૨) કન્ટિન્જન્સી ખર્ચ રૂ. ૨,૦૦૦

(૩) ફર્નિચર રૂ. ૧૦,૦૦૦

૭. શ્રી એસ. કે. શાહ અને શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ અને શ્રી એચ. એસ. શાહ કૉમર્સ કૉલેજ, મોડાસા

શ્રી. પી જે. ભાંભી	ગુજરાતીના પ્રાધ્યાપક	સિં. અધ્યા. ૭—૧૮૦૪૦ તા. ૨૮-૬-૧૯૭૩

પરિશિષ્ટ " ૮ "

કામકાજ ક્રમાંક ૪૩

સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂનવિષયક (લિગલ) સમિતિની એક સભા મંગળવાર, તા. ૨૬–૬-૧૯૭૩ના રોજ ૫–૧૫ વાગ્યે મળી હતી જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. નોમાનભાઈ એમ. મિયાંભાઈ, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	ગેરહાજર
૩. શ્રી. ચંદ્રકાન્ત ટી. દરૂ	ગેરહાજર
૪. શ્રી. સત્યેન્દ્રભાઈ કાળિદાસ ઝવેરી	ગેરહાજર
૫. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૬. આચાર્ય વી. આર. રણદીવે	ગેરહાજર
૭. આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર

સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી નોમાનભાઈએ સંભાળ્યું હતું.

૧. અભ્યાસસમિતિઓની પૂર્ણ રચના થાય નહીં ત્યાં સુધી અભ્યાસસમિતિઓના અધ્યક્ષની ચૂંટણી થઈ શકે નહિ તેવા કુલાધિપતિશ્રીના રૂલિંગના સંદર્ભમાં ગુજરાત એકટ નં. ૬થી ઘડેલા બોર્ડ ઓફ સ્ટડીઝની રચના અંગેના સ્ટેટચૂટ ૪(૧)ની કંડિકા (*ii*) મુજબ કુલપતિશ્રી નક્કી કરે તે સંખ્યામાં વિદ્યાશાખાઓએ અભ્યાસસમિતિ ઉપર સભ્યો નીમવાના હોય છે. વિદ્યાશાખાઓની રચના થઈ ના હોય તો તેવી અભ્યાસસમિતિઓની પ્રથમ રચનામાં તે સભ્યો બની શકે નહીં. તેથી અભ્યાસસમિતિઓની પૂર્ણ રચના થઈ ગણાય નહીં. તે બાબતમાં અભ્યાસસમિતિઓની રચના માટે તેના અધ્યક્ષની ચૂંટણીના પ્રશ્ન પરત્વે શું કરવું તે અંગે વિચારણા કરવા બાબત.

It was resolved to recommend as under :

1. Under the provisions of Clause 4 of Schedule II of the Amending Act of 1973 read alongwith Section 55 sub-section (2) of the Amending Act, the present Faculties and Boards of Studies continue to exist. Accordingly, there does not appear to be any difficulty in constituting the Boards under the Amending Act.

   The following steps may be taken to coustitute the Boards of Studies :

   (1) The Vice-Chancellor should determine the number of members of the Boards to be nominated by the Faculties. This steps can be taken at any convenient point of time even before 11th September 1973;

   (2) The persons who will be ex-officio members of the Boards of Studies shall be those who answer their respective descriptions on and after 12th September 1973;

(3) The present Faculties can appoint under the Amending Act members for their respective Boards of Studies. This step can also be taken at any convenient point of time even before 11th of September 1973;

(4) Those who will become members of the Boards by virtue of sub-clauses (*i*), (*ii*) and (*iii*) of clause 4 above can meet and co-opt members on or about 12th September 1973;

(5) The Boards so constituted can meet on a convenient date thereafter to elect their chairman.

2. The matter regarding the constitution of the Board of Students' Welfare under sub-clause (*x*) of Statute No. 6 under Schedule II of the Gujarat University Amendment Act of 1973 quoted herebelow was also brought to the notice of the Committee.

(*x*) Fourteen representatives from amongst members of the Union of University students of affiliated colleges and Unions of Students of recognised or approved institutions out of which four shall be women. Provided that—

(*a*) Seven representatives including two women shall be students from University colleges, University Departments, affiliated colleges and recognised or approved institutions situated within the limits of the City of Ahmedabad as constituted under the Bombay Provincial Corporation Act, 1949.

(*b*) Seven representatives including two women shall be students from affiliated colleges and recognised or approved institutions situated outside the limits of the City of Ahmedabad;

The Committee thereupon considered the matter and recommended as follows :

It would be necessary to frame a suitable enabling Ordinance laying down the mode and other details of election of the 14 representatives as mentioned in the above sub-clause. It was also suggested that the Executive Council may consider the advisability of laying down rules for establishment of Unions fixing the ratio between the number of students in a college and the number of members of the Union, the ratio suggested is 50 : 1.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભો. કે. શાહ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ઠ"

કામકાજ ક્રમાંક ૪૭

Ordinance 51-A :

(1) Fourteen representatives by the members of the Union of University students and the Unions of students of affiliated colleges and Unions of students of recognised or approved institutions shall be elected in such manner that—

(*a*) seven representatives including two women shall be students from University colleges, University Department, affiliated colleges and recognised or approved institutions situated within the limits of the city of Ahmedabad as constituted under the Bombay Provincial Municipal Corporations Act, 1949; and

(*b*) seven representatives including two women shall be students from affiliated colleges and recognised or approved institutions situated outside the limits of the city of Ahmedabad

(2) Election for the 14 representatives mentioned in No. (1)(*a*) and (*b*) above shall be held by post in the manner prescribed herebelow :

All the members, whether elected or co-opted, of the Union of the University students, of the Unions of affiliated colleges and Unions of students of recognised or approved institutions, if any, as specified herebelow shall constitute the electoral costituency for the purpose of electing 14 representatives from amongst themselves :

(*a*) Every class or a division thereof shall elect one of its students on the student Union, provided that in the event of student strength exceeding 70 in a class or a division thereof, one more member on the stduents Union may be elected.

(*b*) Each student who has obtained the highest number of mark (exclusive of internal evaluation, if any) in the University examination or the S.S.C.E. Examination, as the case may be, in the previous year and admitted to the successively higher class shall be the ex-officio member of Union.

(*c*) Not more than 25% of the students elected on the Union may be co-opted by the Chairman of the Union, provided such a co-opted student has not contested election for the year.

(*d*) Notwithstanding anything contained above, one woman-student on the Union, shall be elected by all the women-students of the college from amongst themselves.

Explanation : This provision shall not affect their right to stand as a candidate or their right to vote in the election of their class representative or representatives.

(*e*) Students who have been disqualified under the rules of election of the Union, shall not be eligible to stand and/or vote in this election.

(3) The Principals of the colleges, the Directors of the University Schools and the Heads of Recognised or Approved Institutions (if any) shall intimate to the Registrar the names of the members of the Unions of students of their respective colleges, Schools and Recognised and Approved Institutions.

Explanation : Union of University students shall mean and include Unions of the Students of Post-graduate Schools of the University, and Unions of Students of Recognised or approved Institutions shall mean and include unions of recognised or approved institution, if any, of the University, while unions of students of colleges shall mean and include Unions of Students of affiliated colleges as well as students of Post-graduate Centres, if any, instituted at the colleges concerned.

(4) On receipt of an intimation of the names of the members of the Students Union together with their addresses from the Principals of the Colleges and Directors of the University Schools or Recognised or Approved Institutions (if any), concerned, the Registrar shall inform through the Principal or the Director or the Head, as the case may be, of the College, University School, Recognised or Approved Institutions or the University School concerned of the date fixed by the Vice-Chancellor for the election of the 14 members on the Board for Students' Welfare and invite nominations from the candidates at least 15 clear days before the date of election. The nominations duly proposed and seconded as prescribed in St. 149 shall be received by the Registrar at his office on or before the prescribed date.

Such nominations shall be governed by St. 149, 150 and 151 in as far as they are applicable.

(5) The Registrar shall notify the valid nominations with necessary details on the Notice Board of the University Office and also to the Principals of the Colleges and Directors of the University Schools and the Heads of the Recognised or Approved Institutions, if any, at least six days before the date of election. The Registrar shall send on or before such date as may be fixed by the Vice-Chancellor to every such voter a ballot paper containing the names of the member-students and the names of the respective unions together with two envelopes as required for the purposes of election by post.

(6) The voter shall thereupon be entitled to exercise his vote in the following manner :

An elector in recording his vote must place on his voting paper the figure 1 opposite the name of the candidate for whom he votes, and may in addition indicate the order of his choice or preference for as many other candidates as he pleases by placing against their respective names, the figure 2, 3, 4, 5 and so on, in consecutive numerical order and put the ballot paper first in the internal envelope, close the envelope firmly and put his signature in the space provided for the purpose on the envelope and get his signature duly attested by the Principal of the affiliated college or the Director of the University School or the Head of the Recognised or Approved Institutions (if any), as the case may be, and after putting that envelope into the other one send it to the Registrar so as to reach him not later than the last date fixed by the Vice-Chancellor for this purpose. The voting papers not received in time shall not be taken into account.

(7) The rules governing election by post shall, except as otherwise expressly provided, apply mutatis mutandis for the election of fourteen representatives on the Board for Students' Welfare.

પરિશિષ્ટ "ઙ"
કામકાજ ક્રમાંક ૪૮

Form for recommendation for the Office of the Vice-Chancellor

I recommend the name / names of the following person / persons (not exceeding three) for the Office of the Vice-Chancellor :

Sr. No. *Name and Address* *Birth Date* *Age in year and month*

*I hereby attach the letters of consent of the persons recommended.

Date : (*Signature of the member of the Court*)

*A separate letter of consent for each of the recommended persons should be sent in the prescribed form.

Letter of consent for the Office of the Vice-Chancellor

I hereby give my consent to the recommendation of my name for the Office of the Vice-Chancellor.

My birth date is———————and I am———————years old.

Signature———————

Date :

પરિશિષ્ટ " ઘ "

કામકાજ ક્રમાંક ૪૯

ગુજરાત યુનિવર્સિટી કર્મચારી તબીબી સહાય યોજના

૧. આ યોજના યુનિવર્સિટીમાં કાયમી થયેલા પૂરા સમયના શૈક્ષણિક વર્ગના તથા બિનશૈક્ષણિક વર્ગ(યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓ સિવાય)ના તમામ કર્મચારીઓને લાગુ પડશે. દૈનિક વેતનથી કામ કરતા કે હંગામી ધોરણે નિમાયેલા કે અજમાયશી ધોરણે નિમાયેલા કર્મચારીઓને આ યોજના લાગુ પડશે નહીં.

૨. આ યોજના નીચે કર્મચારીઓને પોતાની માંદગી કે પોતાના કુટુંબના સભ્યોની માંદગી અંગે જ જે ખર્ચ થયો હોય તે ખર્ચ, સંબંધકર્તા ધારાધોરણોમાં જણાવેલી મર્યાદાને આધીન, યુનિવર્સિટી તરફથી આપવામાં આવશે. કુટુંબના સભ્યોની ગણતરીમાં ફક્ત પત્ની કે પતિ, કર્મચારી સાથે રહેતા હોય અને તેના ઉપર સંપૂર્ણ આધાર રાખતા હોય તેવા નીચેના સંબંધીઓ :

માતા, પિતા, ઔરસ બાળકો (અપર બાળકો સહિત) તથા અપરિણીત બહેન કે ભાઈનો સમાવેશ કરવામાં આવશે.

૩. આ યોજનામાં નીચે જણાવેલ લાભો મળશે તથા તે અંગે થયેલો ખર્ચ યુનિવર્સિટી તરફથી ભરપાઈ કરવામાં આવશે :

(૧) માન્ય દવાખાના તરફથી આપવામાં આવતી દવાઓ તથા તેવા દવાખાના તરફથી લખી આપવામાં આવેલી દવાઓ જે ભારત સરકારે તેના કર્મચારીઓ માટે સહાય માટે અપાત્ર ન ગણી હોય (એટલે કે Inadmissible ન ગણી હોય) તેવી તમામ દવાઓ અંગેનું ખર્ચ પણ મજરે મળી શકશે. મુખ્યત્વે ખોરાક જેવાં ટોનિક કે ટોયલેટ પ્રેપરેશનોનું ખર્ચ આપવામાં આવશે નહીં. દવા ઉપર લેવામાં આવેલી સેલટેક્સની રકમ આપવામાં આવશે, પરંતુ બહારગામથી મંગાવેલ દવાનું રવાનગી ખર્ચ આપવામાં આવશે નહીં.

પ્રસૂતિ અંગેનો નિયમ નીચે મુજબ વંચાશે :

(૨) પ્રસૂતિ અંગેનું માન્ય દવાખાનાનું ખર્ચ નિયમ ૩ (૧) અને ૩ (૧૦)ને આધીન રહીને નીચે પ્રમાણે આપવામાં આવશે :

કોઈ કર્મચારીને બે બાળકો હયાત હોય તો કોઈ ખર્ચ આપવામાં આવશે નહીં. તેને એક બાળક હયાત હોય તો તે કુટુંબનિયોજન અંગેનું ઓપરેશન કરાવે તે શરતે જ બીજી પ્રસૂતિ અંગેનું માન્ય દવાખાનાનું ખર્ચ આપવામાં આવશે. પરંતુ કોઈ કર્મચારીને બેથી વધુ બાળકો ન હોય અને તે પૈકી એક કે બેઉ બાળકો અપંગ કે મંદબુદ્ધિવાળું/ળાં હોય તો ત્રીજી પ્રસૂતિ માટેનું માન્ય દવાખાનાનું ખર્ચ અને પ્રસૂતિ માટે આપવામાં આવતી રજાઓ પણ યુનિવર્સિટી આવા પ્રત્યેક કેસની જરૂરી તપાસ કરીને ખાતરી કર્યા બાદ ભરપાઈ કરશે.

નોંધ.– પ્રસૂતિ માટે આપવામાં આવેલી રજાઓ પણ બે બાળકો હયાત હશે તો આપવામાં આવશે નહીં.

(૩) દર્દીની સ્થિતિ અતિ ગંભીર હોય તો માન્ય દવાખાનામાં જવા માટે એમ્બ્યુલન્સ અંગેનું ખર્ચ આપવામાં આવશે. દવાખાનામાં જવા માટે ટેક્સી, રિક્ષા કે બીજા વાહનનું ખર્ચ આપવામાં આવશે નહીં.

(૪) રોગના નિદાન માટે કે સારવાર માટે એક્સ-રે-પેથોલોજી ટેસ્ટ કે બીજા જે કોઈ ટેસ્ટની જરૂર પડે તે અંગે માન્ય દવાખાનામાં થયેલું ખર્ચ મજરે આપવામાં આવશે.

(૫) દાંતની સારવાર અંગેનું માન્ય દવાખાનાનું ખર્ચ મજરે આપવામાં આવશે, પરંતુ દાંતના ચોકઠા અંગેનું ખર્ચ કે દાંતના સીલિંગ કરવા અંગેનું ખર્ચ આપવામાં આવશે નહીં. આંખની સારવાર અંગેનું માન્ય દવાખાનાનું ખર્ચ મજરે મળશે, પરંતુ ચશ્માંની જરૂર હશે તો તે અંગેનું ખર્ચ આપવામાં આવશે નહીં.

(૬) બ્લડ ટ્રાન્સફ્યુઝન અંગેનું માન્ય દવાખાનાનું ખર્ચ.

(૭) માન્ય દવાખાનાના ડોક્ટરોને યોગ્ય લાગે તો માન્ય દવાખાનાના નિષ્ણાતની તપાસ ફી.

(૮) જો કોઈ માન્ય દવાખાનામાં થયેલા ખર્ચ અંગેના પ્રમાણપત્ર માટે કોઈ ફી આપવાની થાય તો તે અંગેનું ખર્ચ.

(૯) માન્ય દવાખાનામાં જનરલ વોર્ડમાં આવેલી બધી સેવાઓ અંગેનું ખર્ચ

(૧૦) જો કોઈ કર્મચારીને માન્ય દવાખાનાના સ્પેશિયલ કે સેમિસ્પેશિયલ વોર્ડમાં રહેવું હોય તો તે અંગેનું દવાખાનાનું ૫૦ ટકા ખર્ચ મજરે મળશે, પરંતુ આ લાભ કુટુંબીજનોને માટે મળી શકશે નહીં.

૪. આ યોજનાનો લાભ કર્મચારી નીચેનાં માન્ય દવાખાનાંઓમાં વૈદકીય સારવાર લે તો જ આપવામાં આવશે :

(૧) યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્ર
(૨) વાડીલાલ સારાભાઈ જનરલ હૉસ્પિટલ
(૩) લલ્લુભાઈ ગોરધનદાસ હૉસ્પિટલ
(૪) શ્રીમતી શારદાબહેન હૉસ્પિટલ, સરસપુર
(૫) સિવિલ હૉસ્પિટલ
(૬) શ્રી એમ. પી. શાહ કેન્સર હૉસ્પિટલ
(૭) ગવર્નમેન્ટ ડેન્ટલ હૉસ્પિટલ
(૮) અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન સંચાલિત કોઈ પણ દવાખાનું
(૯) ગુલાબબાઈ જનરલ હૉસ્પિટલ
(૧૦) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ ઠરાવથી માન્ય કરે તો તેવી બીજી સાર્વજનિક હૉસ્પિટલો.

ઉપરાંત રૂ. ૧૫-૦૦ સુધીનું ખર્ચ થયેલું હોય તો કોઈ પણ ટ્રસ્ટના દવાખાના કે ચેરિટેબલ ઇન્સ્ટિટ્યૂશન તરફથી ચલાવવામાં આવતા દવાખાના તરફથી આપવામાં આવેલી દવાઓ કે લખી આપવામાં આવેલી દવાઓનું ખર્ચ ઉપરના નિયમોને આધીન રહીને આપવામાં આવશે.

૫. વૈદકીય સહાય મેળવવા અંગે થયેલાં બિલો કર્મચારીઓએ દર ત્રણ માસે એક વાર આ સાથેના પત્રકમાં કાર્યાલય પાસે સુપરત કરવાં પડશે.

૬. ઉપર નં ૫માં જણાવેલ બિલો યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રના રેસિડેન્ટ મેડિકલ ઑફિસરને તેની ચકાસણી કરીને તે બિલો પ્રી-ઑડિટ થયેથી પાસ કરવાની સત્તા રહેશે.

તબીબી સહાય મેળવવા અંગેનું પત્રક

પ્રતિ

કુલસચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
નવરંગપુરા,
અમદાવાદ-૯.

મે. સાહેબ,

તબીબી સહાય અંગે નીચે પ્રમાણેનાં બિલો તથા તે અંગે માન્ય દવાખાનાનું પ્રમાણપત્ર આ સાથે બીડું છું. તો નિયમ પ્રમાણે મળતી સહાય મંજૂર કરી આભારી કરશો.

આપનો વિશ્વાસુ,

_____
(કર્મચારીની સહી)

....
વિભાગના વડાની સહી. હોદ્દો વિભાગનું નામ

મેં મારા* તા. - -૧૯૭ થી તા. - -૧૯૭
સુધી સારવાર.....લીધી છે અને તે અંગે નીચે પ્રમાણે ખર્ચ થયું છે :
(દવાખાનાનું નામ લખવું)

	દવાખાના કે કેમિસ્ટનું નામ	રકમ રૂ. પૈસા
૧.		
૨.		
૩.		
૪.		
	કુલ રકમ :	_____

_____
(કર્મચારીની સહી)

* નામ તથા સંબંધ જણાવવાં.

દવાખાના તરફથી લાવવાના પ્રમાણપત્રનો નમૂનો

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી. ની

.....માટે સારવાર કરવામાં આવી હતી; અને દવાખાનામાં આપવામાં આવતી દવાઓ
(રોગનું નામ)

પરાંત નીચેની દવાઓ લખી આપવામાં આવી હતી :

જથ્થો

૧.

૨.

૩.

૪.

માન્ય દવાખાનાના તબીબની સહી
તથા સિક્કો

પરિશિષ્ટ "ત"
કામકાજ ક્રમાંક ૭૫

ગુજરાત યુનિવર્સિટી કાયદાની કલમ ૧૬(૧) વર્ગ ૨(બી)(i)(એ), (બી) અને (સી) અન્વયે
ગુજરાત યુનિવર્સિટી કોર્ટ પરની વિદ્યાર્થી સભ્યોની ચૂંટણી માટેનું ઉમેદવારીપત્ર

[૧] (૧) (અ) ઉમેદવારનું પૂરું નામ (અટકથી શરૂ કરીને) .....

(બ) ઉમેદવારની ઉંમર તથા જન્મતારીખ .....
(આંકડામાં તથા શબ્દોમાં)

(૨) કૉલેજનું/સંસ્થાનું/અનુસ્નાતક વિદ્યાભવનનું નામ .....

(૩) ઉમેદવારની વિદ્યાશાખા, ચાલુ શૈક્ષણિક વર્ષમાં કૉલેજ/સંસ્થા/અનુસ્નાતક વિદ્યાભવનમાં પ્રવેશ મળ્યાની તારીખ અને વર્ષ .....

(૪) ઉમેદવાર જો અનુસ્નાતક વિદ્યાર્થી હોય તો પ્રથમ પદવી-પરીક્ષા ઉત્તીર્ણ કર્યાની તારીખ અને વર્ષ .....

(૫) ઉમેદવાર જો પૂર્વસ્નાતક વિદ્યાર્થી હોય તો એસ.એસ.સી. પરીક્ષા અથવા તેની સમકક્ષ જે પરીક્ષા ઉત્તીર્ણ કરી હોય તો તે પરીક્ષા ઉત્તીર્ણ કર્યાની તારીખ અને વર્ષ .....

[૨] (૧) ઉમેદવાર માટે પ્રસ્તાવ મૂકનાર વિદ્યાર્થીનું પૂરું નામ (અટકથી શરૂ કરીને) .....

(૨) કૉલેજનું / સંસ્થાનું / અનુસ્નાતક વિદ્યાભવનનું નામ .....

(૩) ચાલુ શૈક્ષણિક વર્ષમાં કૉલેજ / સંસ્થા / અનુસ્નાતક વિદ્યાભવનમાં પ્રવેશ મળ્યાની તારીખ અને વર્ષ .....

(૪) પ્રસ્તાવ મૂકનારની સહી .....

[૩] (૧) ઉમેદવાર માટે ટેકો આપનાર વિદ્યાર્થીનું પૂરું નામ (અટકથી શરૂ કરીને) .....

(૨) કૉલેજનું / સંસ્થાનું / અનુસ્નાતક વિદ્યાભવનનું નામ .....

(૩) ચાલુ શૈક્ષણિક વર્ષમાં કૉલેજ / સંસ્થા / અનુસ્નાતક વિદ્યાભવનમાં પ્રવેશ મળ્યાની તારીખ અને વર્ષ .....

(૪) ટેકો આપનારની સહી .....

(**નોંધ.**—ઉમેદવાર માટે પ્રસ્તાવ મૂકનાર તથા ટેકો આપનાર વિદ્યાર્થીઓ ઉમેદવારની કૉલેજ/સંસ્થા/અનુસ્નાતક ભવનમાં જ ૧૫મી જુલાઈ સુધીમાં જોડાયેલા હોવા જરૂરી છે.)

[પાછળ જુઓ

ઉમેદવારની જાહેરાત*

આથી હું પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કરું છું કે –

(૧) યુનિવર્સિટીએ ધરેલ સ્ટે. ૧૪–સી મેં વાંચ્યો છે. ઉપર જણાવેલ અનુસ્નાતક કેન્દ્રમાં / અનુસ્નાતક વિદ્યાભવનમાં / માન્ય સંસ્થામાં તા. ૧૫મી જુલાઈ ૧૯૭૩ સુધીમાં અનુસ્નાતક વિદ્યાર્થી તરીકે જોડાયો છું અને ૧૫મી માર્ચ ૧૯૭૩ પૂર્વે પાંચ વર્ષથી વધુ સમયનો ગાળો મારી પ્રથમ પદવી–પરીક્ષા ઉત્તીર્ણ કર્યા પછી વીત્યો નથી.

(૨) સ્ટે. ૧૪–સી મેં વાંચ્યો છે. ઉપર જણાવેલ કોલેજમાં એસ.એસ.સી. પરીક્ષા કે તેની સમકક્ષ પરીક્ષા ઉત્તીર્ણ કરી ૧૫મી જુલાઈ ૧૯૭૩ સુધીમાં જોડાયો છું તથા ૧૫મી માર્ચ ૧૯૭૩ પૂર્વે સાત વર્ષથી વધુ સમયનો ગાળો એસ.એસ.સી. પરીક્ષા કે તેની સમકક્ષ પરીક્ષા ઉત્તીર્ણ કર્યા પછી વીત્યો નથી.

(૩) મારી ઉમેદવારી માટે મારી અનુમતિ છે.

સ્થળ :

તા. – –૧૯૭ .

ઉમેદવારની સહી

આચાર્યશ્રી / અધ્યક્ષશ્રી / પ્રોફેસર-ઇન-ચાર્જનું પ્રમાણપત્ર

આથી હું પ્રમાણિત કરું છું કે ઉમેદવાર મારી કૉલેજ / સંસ્થા / અનુસ્નાતક વિદ્યાભવનમાં તા. ૧૫મી જુલાઈ સુધીમાં વિદ્યાર્થી તરીકે જોડાયો છે તથા ઉમેદવારે તેના ઉમેદવારીપત્રકમાં જણાવેલી પરીક્ષા ઉત્તીર્ણ કરી છે.

ઉમેદવારે ઉમેદવારીપત્રકમાં જણાવેલી અન્ય વિગતો મેં ચકાસી છે અને તે બરાબર માલૂમ પડી છે.

તા. – –૧૯૭ .

કૉલેજ/સંસ્થા/અનુસ્નાતક વિદ્યાભવનનું નામ

આચાર્ય / સંસ્થાના વડા / અનુસ્નાતક વિદ્યાભવનના અધ્યક્ષશ્રી/પ્રોફેસર-ઇન-ચાર્જની સહી

.....

*જાહેરાત ક્રમાંક (૧) અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે તથા જાહેરાત ક્રમાંક (૨) પૂર્વસ્નાતક વિદ્યાર્થીઓ માટે છે.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ–૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ઑગસ્ટ માસની સભા, શનિવાર, તા. ૧૧-૮-૧૯૭૩ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. નોમાનભાઇ મહંમદભાઈ મિયાંભાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૧-૮-૧૯૭૩
૧.	શ્રી. નોમાનભાઈ મહંમદભાઈ મિયાંભાઈ, કુલપતિ	હાજર
૨.	શ્રી. બલવંતસિંગ, સહશિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય સી. એસ. શાહ	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૭.	શ્રી. ઈન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૮.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૯.	શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	હાજર
૧૦.	શ્રી. હીરાલાલ એચ. ભગવતી	હાજર
૧૧.	શ્રી. પ્રફુલ્લચંદ્ર સી. શાહ	હાજર
૧૨.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૩.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૪.	પ્રો. દેવવ્રત એન. પાઠક	ગેરહાજર
૧૫.	આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	હાજર
૧૬.	આચાર્ય ડૉ. લક્ષ્મીપ્રસાદ ધનશંકર દવે	હાજર
૧૭.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર
૧૮.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. તા. ૪–૭–૧૯૭૩ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૪–૭–૧૯૭૩ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

બાબત નં. ૬૨ : સુધારો—

ઠરાવની છેલ્લી લીટીમાં "તે મર્યાદા રૂ. ૨,૦૦૦નો ખર્ચ"ને બદલે "તે મર્યાદા રૂ. ૨૦,૦૦૦નો ખર્ચ" શબ્દો વાંચવા.

૨. ભારત સરકારના નાણા મંત્રાલયના તા. ૨૭–૬–૧૯૭૩ના જાહેરનામા નં. ૩૯૩ (F. No. 203/8/73/-ITA. II) થી ગુજરાત યુનિવર્સિટીને કાઉન્સિલ ઑફ સાયન્ટિફિક એન્ડ ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચના સત્તામંડળે ઇન્કમટેક્ષ ઍક્ટ, ૧૯૬૧ કલમ ૩૫–પેટા કલમ (૧)ની કલમ (L) (૨) હેઠળ માન્યતા (Approval) આપી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને આ યુનિવર્સિટીના વિકાસ અંગેની યોજનાઓ માટે કમિશનના ફાળા તરીકેની કુલ રૂ. ૮૨,૦૦,૦૦૦ની આર્થિક સહાય આપવાનું મંજૂર કરેલ તે પૈકીની અંદાજી બચત રકમોથી નીચેની વધારાની યોજનાઓ માટે નીચે જણાવ્યા મુજબ આર્થિક સહાય આપવાનું મંજૂર કર્યા અંગેના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૪–૭–૧૯૭૩ના પત્ર ક્રમાંક એફ. ૯–૨(૯)/૭૮ (સી.ડી.) અંગે નોંધ લેવા બાબત :

		Total cost Rs.	*U.G.C. Share Rs.*
1. Construction of class IV staff quarters	...	3,12,000–00	1,56,000–00
2. Purchase of furniture for various schools of studies as detailed below :			
(*a*) For the extension of University School of Social Sciences	...	13,500–00	13,500–00
(*b*) For the extension of University School of Languages and Literature	...	27,160–00	27,160–00
(*c*) For new buildings of University School of Psychology, Philosophy & Education	...	29,360–00	29,360–00
(*d*) For extension of Chemistry Dept. of University School of Sciences	...	31,450–00	31,450–00
		4,13,470–00	**2,57,470–00**

આથી ઠરાવવામાં આવે છે કે વિકાસ યોજનાઓ અંગે ઉપર મુજબ મંજૂર કરેલ આર્થિક સહાય અંગેના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૪-૭-૧૯૭૩ના પત્રની નોંધ લેવી.

૪. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. પી. જે. ત્રિવેદી તા. ૩૧-૫-૧૯૭૩થી રાજીનામું આપી છૂટા થયા હોઈ તેઓના ખાતે નીકળતી (અ) પ્રોવિડન્ટ ફંડની તથા (બ) સ્ટેચ્યૂટ ૧૯૩-એ પ્રમાણે ગ્રેચ્યુઇટીની રકમ પરત આપવા અંગેના તેમના તા. ૫-૭-૧૯૭૩ના તારથી આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧-૪-૧૯૫૯ના રોજ જોડાયા હતા અને તા. ૩૧-૫-૧૯૭૩ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પી. જે. ત્રિવેદીને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડ તથા ગ્રેચ્યુઇટીની રકમ ચૂકવવી.

૫. યુનિવર્સિટી કાર્યાલયના સીનિયર ક્લાર્ક શ્રી. આઈ. વી. ત્રિવેદીને રૂ. ૨૧૫-૧૦-૨૪૫-ઈ.બી.-૧૫-૩૮૦-૨૦-૫૨૦ના પગારધોરણમાં રૂ. ૨૪૫-૦૦ પછી તા. ૧-૮-૧૯૭૩થી કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) ઓળંગવા પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. આઈ. વી. ત્રિવેદીની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. આઈ. વી. ત્રિવેદીને રૂ. ૨૧૫-૧૦-૨૪૫-ઈ.બી.-૧૫-૩૮૦-૨૦-૫૨૦ના પગારધોરણમાં રૂ. ૨૪૫ પછીનો કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) તા. ૧-૮-૧૯૭૩થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૬. યુનિવર્સિટી ગ્રંથાલયના જુનિયર ક્લાર્ક શ્રી. કે. આઈ. ભટ્ટને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩-ઈ.બી.-૧૫-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩-૦૦ પછી તા. ૧-૮-૧૯૭૩થી કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) ઓળંગવાની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. કે. આઈ. ભટ્ટની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. કે. આઈ. ભટ્ટને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩-ઈ.બી.-૧૫-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) તા. ૧-૮-૧૯૭૩થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૭. સમાજવિદ્યા ભવનમાં ફીલ્ડ વર્ક આસિસ્ટન્ટ તરીકે કામ કરતા શ્રી. એચ. પી. ભટ્ટનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૬-૧૦-૧૯૭૩ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૭-૧૦-૧૯૭૩થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ આવ્યેથી તેની વિચારણા કરવાનું રાખવું.

૮. ગુજરાત કૉલેજમાં ચાલતા આઈ.એ.એસ.ના કોચિંગ ક્લાસમાં રસાયણ-વિજ્ઞાન વિષય ઉપર અંદાજે કુલ ૧૨ વ્યાખ્યાનો આપવા તથા વ્યાખ્યાન દીઠ રૂ. ૨૫-૦૦ લેખે રૂ. ૩૦૦-૦૦નું માનદ વેતન સ્વીકારવા અંગેની પરવાનગી માંગતા ડૉ. એમ. એન. દેસાઈ (રીડર-ઇન-કેમિસ્ટ્રી)એ તા. ૪-૭-૧૯૭૩ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એમ. એન. દેસાઈને ૧૯૭૩-૭૪ના વર્ષ દરમ્યાનનું તેમનું યુનિવર્સિટીનાં કામકાજ સિવાયનાં બીજાં કામકાજો અંગેનું કુલ વેતન તેમના કુલ વાર્ષિક મૂળ પગાર (basic salary)ના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને સદરહુ કામગીરી તથા તે અંગેનું ઉપર જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૯. વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા તરીકે કામ કરતા ડૉ. આઈ. જી. વશીને આઈ.એ.એસ.ના વર્ગોમાં વ્યાખ્યાનો આપવાનું અને વ્યાખ્યાન દીઠ રૂ. ૨૫-૦૦ લેખે અંદાજે ૧૨ વ્યાખ્યાનોનું રૂ. ૩૦૦-૦૦નું વેતન સ્વીકારવાની પરવાનગી માંગતા તેઓના તા. ૭-૭-૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. આઈ. જી. વશીને ૧૯૭૩-૭૪ના વર્ષ દરમ્યાનનું તેમનું યુનિવર્સિટીનાં કામકાજ સિવાયનાં બીજાં કામકાજો અંગેનું કુલ વેતન તેમના કુલ વાર્ષિક મૂળ પગાર (basic salary)ના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને સદરહુ કામગીરી તથા તે અંગેનું ઉપર જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૧૦. યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિદ્યાભવનના સ્ટેનોગ્રાફર શ્રી. એ. સી. કર્ણિક આ યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજ (શ્રી ભક્ત વલ્લભભોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ)માં ખંડ સમયના ટ્યૂટર તરીકે કામ કરવા તથા તે અંગેનું રૂ. ૧૫૦-૦૦નું માસિક વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવા અંગેની તેઓની તા. ૨૬-૬-૧૯૭૩ની અરજી પર વિચારણા કરવા બાબત.

અને

૧૧૪. યુનિવર્સિટીના પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડયાને કાયદાશાસ્ત્રના ખંડ સમયના લેક્ચરર તરીકે માનાર્હ પુરસ્કારના ધોરણે ન્યૂ લૉ કૉલેજમાં કામ કરવાની પરવાનગી આપવા અંગે ગુજરાત લૉ સોસાયટીના માનદ મંત્રીશ્રીના તા. ૨૬-૭-૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

બાબત નં. ૧૦ અને ૧૧૪ની વિચારણા સાથે કરવામાં આવી, અને ચર્ચા-વિચારણાને અંતે બહુમતીથી ઠરાવવામાં આવ્યું કે—

(૧) મનોવિજ્ઞાન ભવનના સ્ટેનોગ્રાફર શ્રી. એ. સી. કર્ણિકને ખંડ-સમયના ટ્યૂટર તરીકેનું કામ સ્વીકારવા મંજૂરી આપવી નહીં;

(૨) યુનિવર્સિટીના પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડયાને કાયદાશાસ્ત્રના ખંડ-સમયના લેક્ચરર તરીકે ન્યૂ લૉ કૉલેજમાં કામ કરવાની પરવાનગી આપવી નહીં, અને ગુજરાત લૉ સોસાયટીના માનદ મંત્રીશ્રીના પત્રનો આ ઠરાવને અનુલક્ષીને જવાબ આપવો.

૧૧. ધી ઇન્સ્ટિટ્યૂશન ઑફ ઇલેકટ્રોનિકસ ઍન્ડ ટેલિકૉમ્યુનિકેશન એન્જિનિયર્સનો બેંગ્લોર મુકામે તા. ૮/૯-૯-૧૯૭૩ દરમ્યાન "માઇક્રોવેવ કૉમ્યુનિકેશન્સ" વિષય પર યોજાયેલા પાંચમા પરિસંવાદમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા માટે સદરહુ સંસ્થાના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ભાગ લેવા માટે યોગ્ય વ્યક્તિનું નામ નક્કી કરવા અને તેને મોકલવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૧૨. કોઇમ્બતુર મુકામે તા. ૧૭થી ૨૨ ડિસેમ્બર ૧૯૭૩ દરમ્યાન મળનાર ભારતીય માનક સંસ્થાના પંદરમા અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સંસ્થાના ડિરેક્ટર-જનરલના તા. ૪-૭-૧૯૭૩ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.— અધિવેશનમાં Importance of Standardization and Quality Control in diverse fields કાર્યક્રમમાં બે સામાન્ય અને પાંચ ટેકનિકલ સેશન્સ યોજનાર છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ભાગ લેવા માટે આચાર્ય વી. જે. જનીને મોકલવા.

૧૩. યુનિવર્સિટીના કર્મચારીઓ માટે વીમા અંગે યુનિવર્સિટીની કોર્ટે (તે વખતે સેનેટ) તેની તા. ૧૯/૨૦/૨૧-૩-૧૯૭૧ની સભામાં પસાર કરેલ સ્ટે. ૧૯૩-બી ને કુલાધિપતિશ્રીની મંજૂરી માટે મોકલ્યો હતો, પરંતુ તેને તેઓશ્રીએ મંજૂરી આપવાની ના કહેલી. તે પછી એકિઝકયુટિવ કાઉન્સિલે (તે વખતે સિન્ડિકેટે) તેની તા. ૫/૬-૮-૧૯૭૨ની સભામાં ઠરાવ્યા મુજબ કુલાધિપતિશ્રીને પુનર્વિચારણા માટે મોકલતાં તેઓશ્રીએ ફરીવાર સ્ટે. ૧૯૩-બી ને મંજૂરી આપવાની ના પાડતાં તેઓશ્રીના સચિવાલયના તા. ૨૬-૬-૧૯૭૩ના પત્રાંક જી.એસ. એકસાઇઝ ૪(૬૦૭૩)૭૩ના પત્ર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ધારાની કલમ ૫૩ અનુસારનો સ્ટે. ૧૯૩-બી બનાવ્યો હોવા છતાં તે બે વાર કુલાધિપતિશ્રી તરફથી પાછો આવ્યો હોઇ તે સ્ટેચ્યૂટ જોઇ યોગ્ય રીતે તૈયાર કરવા લિગલ સમિતિને મોકલવો, અને તે અંગેના ખર્ચની યુનિવર્સિટીને એકંદરે કેટલી જવાબદારી થાય તેની માહિતી સાથે તે ફાઇનાન્સ સમિતિ સમક્ષ મૂકી તે બંને સમિતિઓના અભિપ્રાય સાથે આ સભાગૃહ સમક્ષ લાવવો.

૧૪. કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદમાં ડિપ્લોમા ઇન ક્લિનિકલ પેથોલોજી (ડી.સી.પી.)નું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલી અરજી પરથી તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિસેન ઍન્ડ રિસર્ચ, અમદાવાદમાં ડિપ્લોમા ઇન ક્લિનિકલ પેથોલોજી ડી.સી.પી.)નું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે નીચેના સભ્યોની તપાસસમિતિ નીમવી :

(૧) ડૉ. સી. આઈ. ઝાલા, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ

(૨) વડોદરા, મુંબઈ અથવા જામનગરના પેથોલોજીના પ્રોફેસર પૈકી કુલપતિશ્રી નક્કી કરે તે.

૧૫. યુનિવર્સિટીના શિક્ષકો માટે વરણીસમિતિની જોગવાઈ ગુજરાત એક્ટ ૬ના શિડયુલ રમાં સ્ટેચ્યૂટ ૧૨થી કરી હોઈ ઓર્ડિનન્સ ૬૬ હવે બિનજરૂરી બનતાં તે રદ કરવા અંગે વિચારણા કરવા બાબત.

[ઓર્ડિનન્સ ૬૬નો પાઠ નીચે પ્રમાણે છે :

O. 66 :

(1) No person shall be appointed as whole-time University Professor or Reader except on the recommendation of a committee constituted for the purpose.

(2) The members of the committee shall be—

(*i*) The Vice-Chancellor, Ex-officio Chairman

(*ii*) The Pro V.C.

(*iii*) Five persons having special knowledge of the subject for which the teacher is to be appointed, to be selected as follows, namely :

(*a*) two by the Academic Council, one of whom shall be an outsider and one shall be a University Professor in the subject, if any;

(*b*) three by the Executive Council, who shall not be the members of the Senate, members of the Faculties or Teachers.]

આથી ઠરાવવામાં આવે છે કે ઑા.ડ. ૬૬ રદ કરવો.

૧૬. ગુજરાત યુનિવર્સિટીના ધારાના પરિ. ૨ સ્ટે. ૨(૨)(એ) પ્રમાણે "બોર્ડ ફોર સ્ટુડન્ટ્સ વેલ્ફેર" ઉપર યુનિવર્સિટી શિક્ષકોમાંથી (ઓછામાં ઓછી પ્રોફેસર કક્ષાના) એક પુરુષ અધ્યાપક અને એક સ્ત્રી અધ્યાપકની ત્રણ વર્ષની મુદ્દત માટે "ડીન ઓફ સ્ટુડન્ટ્સ" તરીકેની નિયુક્તિ કરવા અંગે વિચારણા કરવા બાબત.

[સદરહુ સ્ટે.નો પાઠ નીચે પ્રમાણે છે :

સ્ટે. ૨(૨)(એ)

"The Dean of students, which expression shall have reference to the Dean of Students (Men) and the Dean of Students (Women) shall be appointed from amongst persons who are or who have been teachers of the University, not below the rank of Professors by the Executive Council on the recommendation of the Vice-Chancellor. The Dean shall be a whole-time employee of the University shall hold office for a term of three years and shall be eligible for reappointment".]

આથી ઠરાવવામાં આવે છે કે "બોર્ડ ફોર સ્ટુડન્ટ્સ વેલ્ફેર" ઉપર યુનિવર્સિટી શિક્ષકોમાંથી ઓછામાં ઓછી પ્રોફેસર કક્ષાના એક પુરુષ અધ્યાપક અને એક સ્ત્રી અધ્યાપકની ત્રણ વર્ષની મુદત માટે "ડીન ઑફ સ્ટુડન્ટ્સ" તરીકે નિયુક્તિ કરવા યુનિવર્સિટીનાં ભવનોના અધ્યક્ષોને તથા કૉલેજના આચાર્યોને પરિપત્ર મોકલી તે જગા માટે તેઓ જો કોઈને સૂચવવા માગતા હોય તો તે શિક્ષકના નામની ભલામણ, તેને લગતી વિગતવાર માહિતી સાથે, કુલપતિશ્રીને મોકલવા જણાવવું, અને હવે પછીની સભામાં કુલપતિશ્રી તરફથી જે યોગ્ય વ્યક્તિ / વ્યક્તિઓની ભલામણ થાય તેના પર વિચારણા કરવી.

આ જગ્યા માટેનું પગારધોરણ રૂ. ૧,૧૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦નું રાખવું.

૧૭. ગુજરાત ઍક્ટ ૬ના શિડ્યુલ ૨માં છાત્રાલય સંચાલક સમિતિનું બંધારણ સ્ટે. ક્રમાંક ૮થી નિયત થયેલ હોઈ તેના સંદર્ભમાં નીચેના ઑર્ડિ. ૧૦૮માં ઘટતો સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત :

O. 108 :

As soon as possible after the reopening of college after the long vacation but before the end of the first term, the Principal shall submit to the Chairman of the Board of Students' Welfare the following information :

(*i*) The number of Hostels and the names of the Superintendents;

(*ii*) The number of resident students in each Hostel and approved lodging

(*iii*) The number of non-resident students living with their parents;

(*iv*) The number of non-resident students living with their guardians.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૦૮ને નીચેના મુદ્દા ધ્યાનમાં રાખી સુધારવો અને તે મુસદ્દો હવે પછીની સભામાં રજૂ કરવો :

(૧) End of first termને બદલે July 31 રાખવું.

(૨) Board of Students' Welfareને બદલે Board of Hostel Management સુધારવું.

(૩) સુપરિટેન્ડન્ટને બદલે વૉર્ડન (Warden) શબ્દ વાપરવો.

(Warden shall mean the senior-most Professor in charge of Hostel)

(૪) (*iii*) and (*iv*) students living with their parents and students living with their guardians એ માહિતીની જરૂરિયાત છે કે કેમ તે તપાસવું.

૧૮. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં સુધારેલા પગારધોરણના સંબંધમાં અનુસ્નાતકની પદવી દ્વિતીય વર્ગમાં ધરાવતા ટ્યૂટર-ડેમોન્સ્ટ્રેટરોને રૂ. ૨૫૦-૧૫-૪૦૦ના પગારધોરણમાં રૂ. ૩૦૦ શરૂઆતનો મૂળ પગાર આપવા અંગેના રાજ્ય સરકારના તા. ૮-૬-૧૯૭૩ના સરકારી ઠરાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક પદવી દ્વિતીય વર્ગમાં ધરાવતા ટ્યૂટર-ડેમોન્સ્ટ્રેટરોને રૂ. ૨૫૦-૧૫-૪૦૦ના પગારધોરણમાં રૂ ૩૦૦-૦૦થી શરૂઆતનો મૂળ પગાર આપવા અંગેના રાજ્ય સરકારના તા. ૮-૬-૧૯૭૩ના ઠરાવને મંજૂર રાખવો, તથા તે ઠરાવ સંલગ્ન કૉલેજોને પરિપત્રિત કરવો.

૧૯. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોને આપવાના રૂ. ૭૦૦-૪૦-૧૧૦૦ના પગારધોરણ અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩-૯-૧૯૭૨ની સભામાં મંજૂર કરેલી યાદીમાં શ્રી. બી. એમ. શેઠનું નામ મૂકવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ. — (૧) શ્રી. બી. એમ. શેઠ એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં શિક્ષણકાર્ય કરતા હતા.

(૨) જૂન ૧૯૬૧માં તેઓ એસ. વી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં બદલાયા.

(૩) તેઓ અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે તા. ૧૦-૬-૧૯૫૯થી માન્ય થયા.

(૪) જૂન ૧૯૬૧માં એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાંથી કૉલેજ બદલીને એસ. વી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં બદલાયા તેની જાણ યુનિવર્સિટીને નહીં કરતાં તેમની માન્યતા રદ કરવામાં આવી હતી અને સદરહુ માન્યતા પુનઃ તા. ૯-૯-૧૯૬૬થી નવેસરથી માન્યતા આપવામાં આવી છે.

(૫) તેમણે ૧૯૬૦-૬૧ના શૈક્ષણિક વર્ષમાં સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટીમાં અનુસ્નાતક શિક્ષણકાર્ય કરેલું છે.

(૬) યાદીમાં મૂકવાના થાય તો અનુક્રમ નંબર ૭૭ પર મૂકવાના થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી તરફથી મોકલવામાં આવેલી યાદીમાં શ્રી. બી. એમ. શેઠનું નામ યથાક્રમે મૂકવાનું મંજૂર કરવું અને તે પ્રમાણે યુનિવર્સિટીએ મોકલેલ યાદીમાં સુધારો કરવા રાજ્ય સરકારને જણાવવું.

૨૦. એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૨-૫-૧૯૭૩ની સભામાં થયેલ ઠરાવ મુજબ ચાલુ શૈક્ષણિક વર્ષથી "વિદ્યા" (માનવવિદ્યાઓ) મુખપત્રના અનુક્રમે (૧) સમાજ-વિદ્યાઓ અને (૨) ભાષા-સાહિત્ય મુખપત્રો શરૂ કરવાનું ઠરાવેલ હોઈ તે માટે અલગ સંપાદક મંડળો રચવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે (૧) સમાજવિદ્યાઓ અને (૨) ભાષા-સાહિત્ય મુખપત્રો માટે નીચે મુજબ તંત્રીમંડળો રચવાં :

(૧) સમાજવિદ્યાઓ માટે :

(૧) પ્રો. ડી. એન. પાઠક
(૨) પ્રો. ડૉ. તારાબહેન પટેલ
(૩) પ્રો. ડૉ. કે. જી. દેસાઈ
(૪) આચાર્ય એચ. કે. ત્રિવેદી.

(૨) ભાષા-સાહિત્ય મુખપત્ર માટે :

(૧) પ્રો. કે. આર. ચન્દ્રશેખરન
(૨) પ્રો. એ. એમ. રાવળ
(૩) પ્રો. એચ. સી. ભાયાણી
(૪) પ્રો. ડી. ડી. માલવણિયા.

૨૧. સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્રના રીડરની જગ્યા માટે તથા વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૌતિકવિજ્ઞાનના લેકચરરની જગ્યા માટે વરણીસમિતિ પર અનુક્રમે ત્રણ અને બે સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે અર્થશાસ્ત્રના રીડરની જે જગ્યા ભરવાની છે તે જગ્યા માટે અર્થશાસ્ત્રના કયા વિભાગના નિષ્ણાતની જરૂર છે તે ધ્યાનમાં લઈને તે વિષયના નિષ્ણાતોનો સમાવેશ થાય તે પ્રમાણે વરણી સમિતિ નીમવા કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં સૂચવવામાં આવ્યું કે જ્યારે આવી જગ્યાઓ માટે જાહેરાત આપવામાં આવે ત્યારે તે વિષયની કઈ પ્રશાખા (બ્રાંચ)ના નિષ્ણાતની જરૂર છે તે દર્શાવવાનું રાખવું, અને એવી જાહેરાત તે વિષયના કોઈ ખાસ પત્ર હોય તો તેમાં પણ આપવી.

(૨) વિજ્ઞાન વિદ્યાભવનમાં લેકચરર-ઇન-ફિઝિકસની જગ્યા માટે નીચેના સભ્યોની વરણીસમિતિ નીમવી :

(૧) ડૉ. કે. આર. રામનાથન

(૨) ડૉ. એ. આર. પટેલ (વલ્લભવિદ્યાનગર).

૨૨. યુનિવર્સિટીની જે તે પરીક્ષાનાં આવેદનપત્રોની સાથે ગુણપત્રની રકમ પણ પરીક્ષા ફી સાથે લેવા અને આનો અમલ માર્ચ-એપ્રિલ ૧૯૭૪ની પરીક્ષાઓથી કરવાના આચાર્ય ડી એમ. શીખના તા. ૨૬-૬-૧૯૭૩ના પત્રથી આવેલ પ્રસ્તાવ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુણપત્રકની ફી પરીક્ષાનાં આવેદનપત્રોની સાથે લેવાનો સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો અને તે મુજબ માર્ચ ૧૯૭૪ની પરીક્ષાઓથી અમલ કરવાનું રાખવું.

૨૩. સર સયાજીરાવ હીરક મહોત્સવ તથા સ્મારક ટ્રસ્ટ, વડોદરાના ટ્રસ્ટી મંડળે જૂના વડોદરા રાજ્યના જિલ્લાઓ જેવા કે ખેડા, મહેસાણા કહેગામ, વગેરેમાંથી આવતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે અમદાવાદ ખાતે એકેક છાત્રાલયો બાંધવા ઠરાવ્યું છે તે માટે યુનિવર્સિટી પાસેથી વિનામૂલ્યે જમીન આપવા અથવા જમીન મેળવી આપવા વિનંતી કરતાં ટ્રસ્ટના માનદ મંત્રીના તા. ૧૧-૭-૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ટ્રસ્ટને જણાવવું કે તેઓની દરખાસ્ત સ્વીકારવા આ સભા તત્પર છે, પરંતુ તે અંગે સ્વીકાર કરવાનો નિર્ણય લેતાં પહેલાં ટ્રસ્ટ તરફથી વડોદરા યુનિવર્સિટી કેમ્પસમાં તેમણે જે હૉસ્ટેલો બંધ છે તે કયા ધોરણે બાંધી છે તથા આ યુનિવર્સિટીમાં તેઓ જે હૉસ્ટેલ બાંધવા ઇચ્છે છે તે માટે કેટલી જગ્યાની જરૂર છે તથા તે હૉસ્ટેલમાં કેટલી સગવડ કરવા ઇચ્છે છે તે અંગેની વિગતો જાણવાની જરૂર છે તેથી તે વિગતો સદરહુ ટ્રસ્ટ પાસેથી મંગાવવી, અને તે વિગતો આવ્યા પછી સદરહુ બાબત બિલ્ડિંગ કમિટી સમક્ષ રજૂ કરી તેના અભિપ્રાય સહિત આ સભાગૃહ સમક્ષ સદરહુ બાબત રજૂ કરવી.

૨૪. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢ-બારિયામાં એન.એસ.એસ. એકમના અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે પ્રા. એમ. પી. ત્રિવેદીને નીમવા માટે તે કૉલેજના આચાર્યશ્રીની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના એન. એસ. એસ. એકમના અધ્યાપક-ઈન-ચાર્જ તરીકે પ્રો. એમ. પી. ત્રિવેદીને નીમવા.

૨૫. ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણમાં રાષ્ટ્રીય સેવા યોજનાના નવા આપવામાં આવેલ એકમના અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે શ્રી. ધનજીભાઈ એન. પટેલને નીમવા માટે તે કૉલેજના આચાર્યશ્રીની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના એન. એસ. એસ. એકમના અધ્યાપક ઇન-ચાર્જ તરીકે શ્રી. ધનજીભાઈ એન પટેલને નીમવા.

૨૬. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માણસામાં નવા આપવામાં આવેલ રાષ્ટ્રીય સેવા યોજનાના એકમના ચાલુ શૈક્ષણિક વર્ષથી શ્રી. આર. કે. પટેલને અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે નીમવા માટે તે કૉલેજના આચાર્યશ્રીની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના એન એસ. એસ. એકમના અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે શ્રી. આર. કે. પટેલને નીમવા.

૨૭. ચાલુ શૈક્ષણિક વર્ષની નીચેની કૉલેજોમાં નવા આપવામાં આવેલ રાષ્ટ્રીય સેવા યોજનાના નવા એકમોના ઇન-ચાર્જ તરીકે નીમવા માટે તે કૉલેજના આચાર્યશ્રીનો ભલામણ પર વિચારણા કરવા બાબત :

ક્રમ	કૉલેજનું નામ	અધ્યાપક-ઈન-ચાર્જનું નામ
૧.	એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ-૯	... પ્રો. એમ. આરપાજી
૨.	ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	... શ્રી જે. પી. સોઢા

આથી ઠરાવવામાં આવે છે કે નીચેની કૉલેજોના એન. એસ. એસ. એકમના અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે તેની સામે જણાવેલા શિક્ષકને નીમવા :

(૧) એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ-૯ ... શ્રી. એમ. આરપાજી
(૨) ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર ... શ્રી. જે. પી સોઢા

૨૮. રાષ્ટ્રીય સેવા યોજનાની બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાતના અધ્યાપક-ઇન-ચાર્જની બદલી અંગેના કૉલેજના આચાર્યશ્રીના તા. ૧૭-૭-૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[બદલાયેલા અધ્યાપક-ઇન-ચાર્જની વિગતો નીચે મુજબ છે :

ક્રમ	કૉલેજનું નામ	પ્રથમ અધ્યાપક-ઈન-ચાર્જનું નામ	બદલાયેલા અધ્યાપક-ઈન-ચાર્જનું નામ
	બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત, જિ. ખેડા.	શ્રી. કે. એમ. રાવલ	શ્રી. એન. એન. વૈદ્ય

એક્ઝિક્યુટિવ કાઉન્સિલના એક સભ્ય શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીની વિનંતીથી સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૯. ઉનાળામાં યોજાયેલ રેલી ફિઝિયોલોજીની ગ્રીષ્મ સંસ્થાઓમાં વંચારાની કામગીરી કરવા માટે વિજ્ઞાન વિદ્યાભવનના નીચેના શિક્ષકો/કર્મચારીઓને મૂળ (બેઝિક) પગારના ૩૦ ટકા કરતાં વધે નહીં તે શરતે તેમની સામે સૂચવેલ માનદ વેતન સ્વીકારવા પરવાનગી આપવા અંગે ભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૬-૬-૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષક/કર્મચારીનું નામ	સૂચવેલી વેતનની રકમ રૂ.	મૂળ માસિક પગાર રૂ.
	શૈક્ષણિક સ્ટાફ :		
૧.	પ્રો. જે. જે. ચિનોય	૧,૦૦૦	૧,૬૦૦
૨.	પ્રો. વી. સી. શાહ	૫૦૦	૧,૪૦૦
૩.	ડૉ. બી. એસ. વૈદ્ય	૫૦૦	૮૫૦
૪.	ડૉ. એમ. એમ. લાલોરિયા	૫૦૦	૧,૧૦૦
૫.	ડૉ. (કુ) એન. જે. ચિનોય	૫૦૦	૫૬૦
૬.	ડૉ. ઓ. પી. સકસેના	૫૦૦	૬૪૦
૭.	ડૉ. વાય. ડી. સિંધ	૫૦૦	૪૪૦
૮.	ડૉ. એમ. એસ. દુ'બલે	૧૫૦	૧,૦૮૦
૯.	ડૉ. સી. કે. શાહ	૫૦	૧,૧૦૦
૧૦.	ડૉ. એમ. ડી. પટેલ	૧૦૦	૫૦૦
૧૧.	ડૉ. કે. પી. સોની	૫૦	૬૪૦
		૪,૩૫૦	
	ટેકનિકલ અને ઑફિસ સ્ટાફ :		
૧.	શ્રી. આર. કે. મોદી	૧૦૫	૩૧૮
૨.	શ્રી. પી. એન. મહેતા	૧૦૫	૨૪૩
૩.	શ્રી. પી. કે. મોદી	૧૦૦	૨૪૩
૪.	શ્રી. વી. એન. મોદી	૧૦૦	૨૪૩
૫.	શ્રી. એન. એ. શાહ	૧૦૦	૩૧૩
૬.	શ્રી આર. બી. સાડીવાલા	૧૦૦	૨૪૩
૭.	શ્રી એન. વી. શાહ	૭૫	૨૩૩
૮.	શ્રી કાંતિ વાલોદ્રા	૪૦	૧૭૦
૯.	શ્રી. રામજી	૪૦	૧૩૩
૧૦	શ્રી. મુકુંદ મેનન	૪૦	૧૭૦
૧૧.	શ્રી. પીટર મેકવાન	૪૦	૧૫૩
૧૨.	શ્રી. ગૌતમ	૪૦	રોજિંદા
૧૩.	શ્રી. રામકે તિવારી	૪૦	૧૩૩
		૯૬૫	

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૩ના ઉનાળામાં યોજાયેલા સેલ ફિઝિયોલોજીની પ્રોમ સંસ્થામાં વધારાની કામગીરી કરવા માટે વિજ્ઞાન વિદ્યાભવનના ઉપરના શિક્ષકો-કર્મચારીઓને મૂળ (બેઝિક) પગારના ૩૦ ટકા કરતાં વધે નહીં તે શરતે તેમની સામે સૂચવેલ માનદ વેતન સ્વીકારવા પરવાનગી આપવી.

૩૦. બાંધકામ સમિતિની તા. ૯-૭-૧૯૭૩ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બાંધકામ સમિતિની તા. ૯-૭-૧૯૭૩ની સભાની ભલામણો નં. ૧, ૨ અને ૩ મંજૂર કરવી, તથા બાબત નં. ૪ અને ૫ અંગે સ્થપતિ અંગે ફરી વિચારણા કરવા બાંધકામ સમિતિને જણાવવું.

(સદરહુ સમિતિની નોંધ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૩૧. સ્થાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની તા. ૨૧-૭-૧૯૭૩ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૨૧-૭-૧૯૭૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ સભાની નોંધ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૩૨. ફાઇનાન્સ સમિતિની તા. ૧૦-૮-૧૯૭૩ના રોજ મળનાર સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા. ૧૦-૮-૧૯૭૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ સભાની નોંધ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૩૩. યુનિવર્સિટી ગ્રંથાલયમાં ૧૯૭૩-૭૪ના વર્ષ માટે પુસ્તકોની ખરીદી માટે રૂ. ૨,૦૦,૦૦૦ની જોગવાઈ છે તે વધારીને રૂ. ૨,૮૭,૮૦૦ની જોગવાઈ કરવા માટે વિચારણા કરવા બાબત.

(નોંધ.—કોમ્પ્યુટર સેન્ટરના વિકાસ અંગેની તથા સ્પેસ સાયન્સ અંગેની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મંજૂર થયેલી યોજનાઓમાં અનુક્રમે પુસ્તક-ખરીદી માટે રૂ. ૨૫,૦૦૦ અને રૂ. ૩૦,૮૦૦ મંજૂર થયેલ છે તથા બાકીના ચોથી પંચવર્ષીય યોજના અંગે ચાલુ વર્ષમાં ખર્ચ કરવાનો થાય તેથી બાકીના વધારાના રૂ. ૨૨,૮૦૦ મળી કુલ રૂ. ૮૭,૮૦૦ની વધારાની જોગવાઈ કરવાની થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રન્થાલય માટે ૧૯૭૩-૭૪ના વર્ષ માટે પુસ્તકોની ખરીદી માટે રૂ. ૨,૦૦,૦૦૦ની જોગવાઈ છે તે વધારીને રૂ. ૨,૮૭,૮૦૦ની કરવી.

૩૪. ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા ધારા મુજબ પરીક્ષકોની ભલામણ કરનાર સમિતિઓ પર જે જે વિષયોની અભ્યાસસમિતિઓ રચાઈ નથી પરંતુ એડહોક સમિતિઓ જ છે તે તે વિષયો માટે પરીક્ષકોની ભલામણ કરવા માટે શી પ્રથા અપનાવવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જે વિષયો માટે અભ્યાસસમિતિઓ નથી તે વિષયના પરીક્ષકોની ભલામણ કરનારી સમિતિઓ પર જે તે વિષયની એડહોક સમિતિના સભ્યો પૈકી ગમે તે એક સભ્યની નિમણૂક તે વિષય પૂરતા પરીક્ષકોની ભલામણ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૫. સંલગ્ન કૉલેજોએ તેમને ત્યાંથી ફારેગ કરેલા અધ્યાપકોના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૯-૬-૧૯૭૩ની સભામાં કરેલ ઠરાવનું પરિપાલન કર્યું નથી તે બાબતમાં ઘટતાં પગલાં લેવા વિનંતી કરતા ગુજરાત યુનિવર્સિટી એરિયા ટીચર્સ એસોસિયેશન, અમદાવાદના તા. ૪-૭-૧૯૭૩ના પત્રાંક ૧૩૭૭-૭૩ પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.** — એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૪-૬-૧૯૭૩ની સભામાં ઠરાવ અન્વયે નીચેની સંલગ્ન કૉલેજોમાં તે સામે જણાવેલા શિક્ષકોને પાછા લેવા જણાવવામાં આવ્યું હતું તે માહિતી નીચે પ્રમાણે છે :

ક્રમાંક	કૉલેજનું નામ	શિક્ષકનું નામ	નોંધ
૧.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર	૧. શ્રી. આર. એન. દવે ૨. શ્રી. સુરેશ દવે	નોકરીમાં ચાલુ રાખ્યા છે. અન્યત્ર જોડાયા હોઈ ફરિયાદ વિષે આગ્રહી નથી. એપ્રિલ-મે-જૂનનો પગાર અપાયો નથી.
૨.	પ્રભુદાસ હકકર કૉલેજ, અમદાવાદ	૧. શ્રી. વી. આઈ. દાસ	નોકરીમાં ચાલુ રાખ્યા છે.
૩.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કપડવંજ	શ્રી એસ.સી. રંગાટિયા	શ્રી. રંગાટિયાએ કોર્ટમાં કેસ કર્યો હોઈ આ બાબત subjudice બને છે.
૪.	બી. ડી. કૉલેજ, અમદાવાદ	૧. શ્રી. એ. સી. ત્રિવેદી ૨. શ્રીમતી વાય. આઈ. શેઠ	કલમ ૫૧ (૨) અન્વયે કાર્યવાહી કરવા જણાવ્યું છે. ,,
૫.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા	૧ કુ. એ. ડી. દેસાઈ ૨. શ્રી. એસ. એલ. ચૌધરી	— અન્યત્ર જોડાયા છે તે જોતાં ફરિયાદ અંગે ઘટતું કરવા આગ્રહ રાખે છે કે કેમ તે અંગે પુછાવ્યું છે.

ક્રમાંક	કૉલેજનું નામ	શિક્ષકનું નામ	નોંધ
૬.	જે. ઍન્ડ જે. કૉલેજ, નડિયાદ	૧. શ્રીમતી એચ. એમ. શાહ	—
		૨. શ્રી એસ. આર. કાઝી	—
૭.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા	શ્રી. સી. એમ. ખત્રી	—
૮.	સાયન્સ કૉલેજ, મોડાસા	શ્રી. એ. એમ. પ્રજાપતિ	—

બાબત નં. ૩૫, ૮૬ અને ૧૦૪ની વિચારણા સાથે કરવામાં આવી. તે પછી પ્રત્યેક બાબત અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર :

૧. શ્રી. આર. એન. દવેને નોકરીમાં ચાલુ રાખ્યા હોઈ કશું કરવાપણું રહેતું નથી.

૨. શ્રી સુરેશ દવેને તેમના બાકીના પગારની ચુકવણી કરવા માટે સદરહુ કૉલેજને જણાવવું.

(૨) પ્રભુદાસ દફ્તર કૉલેજ, અમદાવાદ :

શ્રી. વી. આઈ. દાસને નોકરીમાં ચાલુ રાખ્યા હોઈ કશું કરવાપણું રહેતું નથી.

(૩) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કપડવંજ :

શ્રી. એસ. સી. રંગાટિયાએ કોર્ટમાં કેસ કર્યો હોવાનું સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ જણાવ્યું હોઈ આ બાબત સબજ્યુડીસ ગણી વધુમતે મુલતવી રાખવાનું ઠરાવ્યું.

દરમ્યાનમાં તે કેસ અંગેની વિગતો આચાર્યશ્રી પાસેથી મંગાવવી.

(૪) બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ :

શ્રી. એ. સી. ત્રિવેદી અને શ્રીમતી વાય. આઈ. શેઠે કોર્ટમાં કેસ કર્યા હોવાનું એકિઝકયુટિવ કાઉન્સિલના એક સભ્યે જણાવ્યાથી આ બાબત સબજ્યુડીસ ગણી વધુમતે મુલતવી રાખવા ઠરાવ્યું.

દરમ્યાનમાં સદરહુ કેસો અંગેની વિગતો આચાર્યશ્રી પાસેથી મંગાવવી.

(૫) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા :

૧. ૧૯૭૩ના ગુજરાત ઍકટ નં. ૬થી ગુજરાત યુનિવર્સિટી ધારામાં ઉમેરાયેલી કલમ ૫૧નો ભંગ કરી કુ. એ. ડી. દેસાઈને સદરહુ કૉલેજે છૂટાં કર્યાં હોઈ તે કૉલેજ સામે જરૂરી પગલાં લેવાની ભલામણ કરવા માટે ઍકેડેમિક કાઉન્સિલને જણાવવું.

૨. શ્રી એસ. એલ. ચૌધરી અન્યત્ર જોડાયા હોઈ તેમની ફરિયાદ અંગે કશું કરવાપણું રહેતું નથી.

(૬) જે. ઍન્ડ જે. કૉલેજ, નડિયાદ :

શ્રીમતી એચ. એચ. શાહે અને શ્રી. એસ. આર. કાઝીએ કોર્ટમાં કેસ કર્યા હોવાનું એકિઝકયુટિવ કાઉન્સિલના એક સભ્યે જણાવ્યાથી આ બાબત સબજ્યુડીસ ગણી વધુમતે મુલતવી રાખવા ઠરાવ્યું.

દરમિયાનમાં સદરહુ કેસો અંગેની વિગતો આચાર્યશ્રી પાસેથી મંગાવવી.

(૭) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા :

એક્ઝિકયુટિવ કાઉન્સિલના એક સભ્યે જણાવ્યું કે શ્રી. સી. એમ. ખત્રીને સદરહુ કૉલેજે નોકરીમાં ચાલુ રાખ્યા છે તેથી તે અંગે કશું કરવાપણું રહ્યું નહીં.

(૮) સાયન્સ કૉલેજ, મોડાસા :

શ્રી. એ. એમ. પ્રજાપતિ પાસેથી તેમની નોકરીની મુદત અંગે સ્પષ્ટતા અને નિમણૂક-પત્રની નકલ મંગાવવી.

૮૬. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદના અંગ્રેજીના વ્યાખ્યાતા શ્રી. જી. આર. ભાવસારને છૂટા કરવા બાબતમાં ઍા. ૧૨૦-ડી(૧૫) અન્વયે અપીલ કરતાં, ઍા. ૧૨૦-ડી(૧૬) અન્વયે કૉલેજ-સંચાલકો તરફથી યુનિવર્સિટી કોર્ટના સભ્ય હોય તેવા એક સભ્યની લવાદ પંચ પર નિમણૂક કરવા જણાવતા સદરહુ કૉલેજના આચાર્યે તેના તા. ૧૦-૭-૧૯૭૩ના પત્રથી સદરહુ લવાદ પંચની નિમણૂક નિરર્થક, ગેરકાનૂની તથા પાલનયોગ્ય ન હોવાનું જણાવ્યું છે તે અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સ્થાયી કાનૂન (Legal) સમિતિનો અભિપ્રાય મેળવવો.

૧૦૪. શ્રીમતી ટી. એસ. રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણના વ્યાયામ શિક્ષક શ્રી. એસ. પી. પ્રજાપતિને નોકરીમાંથી છૂટા કરવા અંગેની ફરિયાદના બાબતમાં ૧૯૭૩ના ગુજરાત ઍક્ટ નં. ૬થી ઉમેરવામાં આવેલી કલમ ૫૩(એ)ની જોગવાઈના ભંગ થતો હોઈ તેમની સેવાનું સાતત્ય જળવાય તે રીતે નોકરીમાં ચાલુ રાખવા જણાવ્યું હતું તેના સંદર્ભમાં સદરહુ નિમણૂક નિશ્ચિત સમયમર્યાદા પૂરતી જ કામચલાઉ કરવામાં આવેલ હોવાથી યુનિવર્સિટી ધારાની કોઈ કલમનો ભંગ થતો નથી તેમ જણાવતા સદરહુ કૉલેજના આચાર્ય તરફથી તા. ૧૬-૬-૧૯૭૩ના પત્રથી આવેલ પ્રત્યુત્તર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વધુ માહિતી મેળવીને તે રજૂ કરવાનું રાખવું.

૩૬. બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જુનિયર અને સીનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ શીખવવા માટે પરવાનગી આપવા માટે આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૩-૭૪ના શૈક્ષણિક વર્ષ માટે બી ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદને જુનિયર અને સીનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ શીખવવા માટે પરવાનગી આપવી.

૩૭. નોકરી કરતાં કરતાં અભ્યાસ કરી ખોટી હાજરી પુરાવ્યા બાબતની ફરિયાદ અંગેના કેસો પર વિચારણા કરી રિપોર્ટ કરવા અંગે તા. ૧/૩/૧૬-૧૦-૧૯૭૧ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ નીમેલ સમિતિની તા. ૨૮-૬-૧૯૭૩ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૮-૬-૧૯૭૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૮-૬-૧૯૭૩ની સભાની નોંધ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૩૮. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૪-૭-૧૯૭૩ની સભામાં વિદ્યાર્થી સંસદના મંત્રીની ચૂંટણી "વિદ્યાર્થી સંસદની ચૂંટણી સભામાં કરવી" એમ ઠરાવ્યું હોઈ તેના અનુસંધાનમાં તા. ૯-૬-૧૯૭૩ની એકિઝકયુટિવ કાઉન્સિલની સભામાં મંજૂર કરેલ વિદ્યાર્થી સંસદના સુધારેલા બંધારણની નીચે દર્શાવેલ કલમ ૧૧ અંગે પુનર્વિચારણા કરવા બાબત :

"મંત્રીની ચૂંટણી યુનિવર્સિટીની બધી કૉલેજોના વિદ્યાર્થી સંઘના અગ્રિમ (મુખ્ય) વિદ્યાર્થી પ્રતિનિધિઓ ભેગા મળી કરશે"

(નોંધ. — વિદ્યાર્થી સંસદ ઉપર વિદ્યાર્થી સભ્યોની સંખ્યા ૩૨ જેટલી હશે, જ્યારે મંત્રીની ચૂંટણી માટે બધી કૉલેજોના વિદ્યાર્થી સંઘના અગ્રિમ ૧૪૩ જેટલા પ્રતિનિધિઓ બોલાવવાના રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થી સંસદના સુધારેલા બંધારણની કલમ ૧૧ નીચે મુજબ સુધારવી :

"મંત્રીની ચૂંટણી વિદ્યાર્થી સંસદની ચૂંટણી સભામાં વિદ્યાર્થી સંસદના સભ્યોએ કરવી."

૩૯. જૂન ૧૯૭૩થી વિનયન, વિજ્ઞાન તથા વાણિજ્ય વિદ્યાશાખાના જે તે વર્ગોમાંથી જનરલ એજ્યુકેશન વિષયનું શિક્ષણ-પરીક્ષણ રદ્દ કરવામાં આવ્યુ હોઈ માર્ચ ૧૯૭૩ની કે તે અગાઉથી જે તે પરીક્ષાઓ જનરલ એજ્યુકેશન વિષયમાં યુનિવર્સિટી કક્ષાએ અને/અથવા આંતરિક પરીક્ષામાં નાપાસ થયેલા કે મુક્તિ ન મેળવનાર વિદ્યાર્થીઓને માટે જનરલ એજ્યુકેશન વિષયના નવા પરીક્ષણ માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નિયમિત અભ્યાસ કરતા જે વિદ્યાર્થીઓની જનરલ એજ્યુકેશનની પરીક્ષા બાકી હોય તે વિદ્યાર્થીઓની તે પરીક્ષા જે તે કૉલેજોએ ૧૯૭૪ના માર્ચમાં લઈ તેનું પરિણામ યુનિવર્સિટી કાર્યાલયને મોકલવાનું રાખવું.

૪૦. શિક્ષકોને તેમના વિષયમાં પુસ્તકો ખરીદવા માટે આર્થિક સહાય આપવા અંગે સમિતિની ભલામણો એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૨-૫-૧૯૭૩ની સભાએ સ્વીકારેલ હોઈ તેના સંદર્ભમાં કાર્યાલયે ઘડી કાઢેલા નિયમો અને અરજીપત્રકો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો નીચેના સુધારા સાથે મંજૂર કરવી :

શરત નં. ૭માં નીચે પ્રમાણે સુધારો કરવો :

"ફક્ત એક જ વારને બદલે જો અન્ય શિક્ષકોની માગણી ન હોય અને જરૂરી રકમની જોગવાઈ થઈ શકે તેમ હોય તો જ બીજી વાર પણ મંજૂર કરી શકાશે."

વધુમાં ઠરાવવામાં આવે છે કે તે અંગેનો અરજીપત્રકનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા નિયમો તથા અરજીપત્રકના મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૪૧. ૧૯૭૩ના ગુજરાત ઍક્ટ નં. ૬થી ગુજરાત યુનિવર્સિટી ધારામાં ઉમેરાયેલ કલમ ૩૩(એ) અનુસાર સંલગ્ન બિનસરકારી કૉલેજોના (૧) ગવર્નિંગ બૉડીઝ પર, અને (૨) શિક્ષકો / આચાર્યોની નિમણૂકો અંગેની વરણીસમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિની નિયુક્તિ કરવાની હોય છે તેના સંદર્ભમાં નીચેના પ્રશ્નો પરત્વે વિચારણા કરીને તે અંગે જરૂરી ધારાધોરણો ઘડવા બાબત :

(૧) ગવર્નિંગ બૉડીઝ પર નિયુક્ત થયેલ પ્રતિનિધિઓની મુદ્દત

(૨) ઉપર જણાવેલ બન્ને પ્રકારના પ્રતિનિધિઓને આપવાનાં મુસાફરી ભથ્થાં / દૈનિક ભથ્થાં.

(૩) વરણી સમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ નીમવા બાબતમાં કૉલેજોએ યુનિવર્સિટીને જાણ કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) ગવર્નિંગ બૉડી પર યુનિવર્સિટીએ વરણીસમિતિ પર નિયુક્ત કરેલા પ્રતિનિધિઓની મુદ્દત ત્રણ વર્ષની રહેશે;

(૨) આ પ્રતિનિધિઓનું પ્રવાસ ભથ્થું તથા દૈનિક ભથ્થું અગાઉ તા. ૮–૧૨–૧૯૭૨ની એકિઝકયુટિવ કાઉન્સિલે નક્કી કર્યા મુજબ જે તે કૉલેજે આપવાનું રહેશે;

(૩) વરણીસમિતિ પર યુનિવર્સિટીના સભ્ય નીમવા માટેની અપર જે તે કૉલેજ તરફથી વરણીસમિતિની તારીખના ઓછામાં ઓછા પંદર દિવસ પહેલાં યુનિવર્સિટીને કરવી જોઈશે.

૪૨. સિન્ડિકેટે તેની તા. ૧૩–૧–૧૯૭૩ની સભામાં વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. સી. જી. ખત્રીને યુનિવર્સિટી ઑફ ટોરેન્ટો, કેનેડાના રિસર્ચ પ્રોજેક્ટમાં ભાગ લેવા માટે તા. ૮–૨–૧૯૭૩થી તા. ૧૪–૫–૧૯૭૩ની ખાસ રજા બિનપગારી રજા તરીકે મંજૂર કરી છે જેની મુદ્દત ડૉ. ખત્રીની વિનંતીથી તા. ૧૫–૫–૧૯૭૩થી તા. ૧૫–૭–૧૯૭૩ સુધી એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨–૫–૧૯૭૩ની સભામાં લંબાવી હતી, જે હવે વધુ એક માસ એટલે કે તા. ૧૫–૮–૧૯૭૩ સુધી વધારી આપવા અંગેના યુનિવર્સિટી ઑફ ટોરેન્ટોના પ્રો. એમ. એસ. શ્રીવાસ્તવના તા. ૨૬–૬–૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. સી. જી. ખત્રીને, ખાસ કેસ તરીકે, વધુ એક માસ માટે એટલે કે તા. ૧૫–૮–૧૯૭૩ સુધીની બિનપગારી રજા વધારી આપવાની વિનંતી મંજૂર કરવી.

૪૩. સિન્ડિકેટે તેની તા. ૨૩/૧૬–૮–૧૯૭૧ની સભામાં ક્રમાંક ૧૬થી બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે ડી.એ. મર્જ્ડવાળું પગારધોરણ સ્વીકારવાનું ઠરાવ્યું છે તેના સંદર્ભમાં મનોવિજ્ઞાન વિદ્યાભવનના નીચેના કર્મચારીઓને તેઓએ નવાં પગારધોરણો અગાઉ સ્વીકારેલાં તે તારીખોમાં ફેરફાર કરવાની તેઓની તા. ૧૪–૬–૧૯૭૩ની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીઓનાં નામ	તારીખ
૧.	શ્રી. એમ. એસ. પરમાર, ક્લાર્ક-ટાઇપિસ્ટ	અગાઉ સ્વીકારેલી તા. ૧–૪–૧૯૭૧ને બદલે તા. ૧–૭–૧૯૭૩ રાખવા અંગે.
૨.	શ્રી. જી. ડી. નાયક, લેબો. આસિસ્ટન્ટ	ઉપર મુજબ

(**નોંધ.**— અગાઉ એક્ઝિકયુટિવ કાઉન્સિલે જેઓને આર્થિક નુકસાન જતું હતું તેવા કેસોમાં નવાં પગારધોરણો સ્વીકારવાની તારીખોમાં ફેરફાર કરવાની વિનંતી મંજૂર કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન ભવનના સદરહુ કર્મચારીઓની, નવાં પગારધોરણો અગાઉ જે તારીખથી સ્વીકારેલાં તે તારીખોમાં ફેરફાર કરવાની વિનંતી મંજૂર કરવી.

૪૪. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને યુનિવર્સિટી તથા કૉલેજના શિક્ષકોની વ્યક્તિગત બઢતી (પર્સનલ પ્રમોશન્સ) અંગેની યોજના જે મોકલાવી હતી તે સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૧૧-૧૯૭૨ની સભામાં સ્વીકારવાનું ઠરાવ્યું હતું. આ અંગે શિક્ષણ નિયામકશ્રીને આ અંગેની જાણ કરતાં તેઓશ્રી તેઓના તા. ૧૪-૬-૧૯૭૩ના પત્ર ક્રમાંક એસ. ૧૦૬-A થી જણાવે છે કે આ યોજના અંગેના ખર્ચ સામે સરકારશ્રી કોઈ આર્થિક સહાય આપશે નહીં તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સદરહુ યોજના, શિક્ષણ નિયામકશ્રી તરફથી જે સ્પષ્ટતા આવી છે તે સહિત, કૉલેજોને મોકલી આપવી.

૪૫. એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૭-૪-૧૯૭૩ની સભામાં સ્ટેચ્યૂટો અને ઑર્ડિનન્સો સુધારવા માટે નીમેલ સમિતિના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૨૭/૨૮-૩-૧૯૭૩ની વાર્ષિક સભામાં અર્થશાસ્ત્ર તથા સહકારની અભ્યાસસમિતિઓ સંયુક્ત કરવાના સૂચન સાથે સ્ટે. ૧૦૮ પુનર્વિચારણા માટે મોકલેલ જે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬-૪-૧૯૭૩ની સભામાં આ સમિતિની વિચારણા માટે મોકલેલ તે અંગેનો નિર્ણય લેવાનું એક્ઝિકયુટિવ કાઉન્સિલ પર છોડવું."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૨૭/૨૮-૩-૧૯૭૩ની વાર્ષિક સભામાં અર્થશાસ્ત્ર તથા સહકારની અભ્યાસસમિતિઓ સંયુક્ત કરવાના સૂચન સાથે રિફર બૅક કર્યો હતો તે એક્ઝિકયુટિવ કાઉન્સિલની નીચેની ભલામણ સાથે ઍકેડેમિક કાઉન્સિલને મોકલવો :

"અર્થશાસ્ત્ર અને સહકારના વિષયોની ભેગી એક જ અભ્યાસસમિતિ રચવી."

૪૬. ગુજરાત ઍક્ટ નં. ૬ હેઠળ ગુજરાત યુનિવર્સિટી ધારામાં ઉમેરાયેલી કલમ ૩૮-બી ની પેટાકલમ ૨(એ) મુજબ યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનને સ્વાયત્તતા આપવા અંગેની ભવનના અધ્યક્ષશ્રીની વિનંતી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

અને

૪૮. ગુજરાત ઍક્ટ નં. ૬થી ગુજરાત યુનિવર્સિટી ધારામાં નવી ઉમેરાયેલ કલમ ૩૮-બી ની પેટાકલમ ૨(એ) અન્વયે એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ તરફથી તેને સ્વાયત્તતા આપવા અંગે આવેલી અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

અને

૧૧૦. ૧૯૭૩ના ગુજરાત એકટ નં. ૬થી ગુજરાત યુનિવર્સિટી ધારામાં નવી ઉમેરાયેલી કલમ ૩૮-બી ની પેટાકલમ (૨)(એ) મુજબ બી. એમ. ઇન્સ્ટિટયૂટ, અમદાવાદને સ્વાયત્તતા આપવા અંગે સદરહુ સંસ્થાના અધ્યક્ષ તરફથી આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

બાબત ક્રમાંક ૪૬, ૪૮ અને ૧૧૦ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીની કૉલેજો તથા સંસ્થાઓને સ્વાયત્તતા આપવા અંગેના નિયમો અને ધારાધોરણો અંગે વિચારણા કરી અહેવાલ રજૂ કરવા એકિઝકયુટિવ કાઉન્સિલ તરફથી તેની તા. ૧૨-૫-૧૯૭૩ની સભામાં એક સમિતિ રચવામાં આવેલ છે તે સમિતિનો અહેવાલ રજૂ થાય ત્યાં સુધી આ અરજીઓની વિચારણા મોકૂફ રાખવી.

૪૭. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૨-૫-૧૯૭૩ની સભામાં સ્વીકારવામાં આવેલ "પ્રો. કે. કે. શાહ સ્મૃતિ સુવર્ણચંદ્રક" એન્જિનિયરિંગ વિદ્યાશાખાની ત્રીજા સેમેસ્ટરની પરીક્ષા માટે એનાયત કરવા માટે પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત તથા સદરહુ નિયમોમાં દાતા તરફથી નીચે જણાવેલ બે નિયમો ઉમેરવા અંગે કરવામાં આવેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત :

(૧) ભવિષ્યમાં હાલના અભ્યાસક્રમના પુનર્ગઠન વખતે "એન્જિનિયરિંગ મિકેનિકસ" વિષયમાં કોઈ ફેરફાર થાય અથવા તે કાઢી નાંખવામાં આવે તો "એપ્લાઇડ મિકેનિકસ" શાખાનો એવો વિષય પસંદ કરવો જે એન્જિનિયરિંગની ઘણીખરી વિદ્યાશાખાઓમાં કૉમન હોય.

(૨) એન્જિનિયરિંગની ઘણીખરી શાખાઓમાં શિક્ષણપ્રદાન કરતી સંસ્થા "એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ" તે જ નામથી અથવા અન્ય નામ ધારણ કરીને સ્વાયત્ત બની યુનિવર્સિટીથી અલગ થાય તો આ સુવર્ણચંદ્રક તે સંસ્થામાં બદલી આપવો.

આથી ઠરાવવામાં આવે છે કે "પ્રો. કે. કે. શાહ સુવર્ણચંદ્રક" પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો, અને દાતાએ સૂચવેલી ઉપરની વધારાની શરતો મંજૂર કરવી, તથા તે શરતોનો પ્રદાનની શરતોમાં ઉમેરો કરવો.

૪૮. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત ક્રમાંક ૪૬ સાથે કરવામાં આવેલી હોઈ, તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૪૯. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોને આપવાના રૂ. ૭૦૦-૪૦-૧,૨૦૦ના પગારધોરણ અંગેના એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૯-૮-૧૯૭૨ની સભાના નીચેના ઠરાવ પરત્વેના રાજ્ય સરકારના તા. ૨૭-૩-૧૯૭૩ના પત્રાંક એમઆઇએસ ૧૦૭૩-૯૩૫૫-એલ પર વિચારણા કરવા બાબત :

એકિઝકયુટિવ કાઉન્સિલનો ઠરાવ

"વધુમાં ભવિષ્યમાં જ્યારે યાદીમાંના શિક્ષકોની જગ્યા ખાલી પડે તે સમયે યાદીઓના નવા શિક્ષકોને તે લાભ આપવા રાજ્ય સરકારને જણાવવા ભલામણ કરવી"

રાજ્ય સરકારના પત્રનો સંબંધિત ભાગ

"So far as the University Grants Commission Scheme is concerned, the persons on position on 1st April, 1966 will be eligible for assistance under the scheme. The persons appointed after 1st April, 1966 will be eligible for the scale but the expenditure on that account will be covered under the normal grant-in-aid rule instead of under the scheme for 100% assistance."

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના તા. ૨૭-૩-૧૯૭૨ના પત્રની નોંધ લેવી.

૫૦. તબીબી વિદ્યાશાખાની તા. ૬-૬-૧૯૭૩ની ભલામણ અન્વયે ન્યુરોલોજી અને કાર્ડિયોલોજીની એમ.ડી.ની પદવી આપવા અંગે ન્યૂરોસર્જરી, કાર્ડિયોથોરેસિક સર્જરી, જેનિટોયુરિનરી અને સર્જરી અને પ્લાસ્ટિક સર્જરીની એમ.એસ.ની પદવી આપવા માટે તેના અભ્યાસક્રમના પ્રવેશના ધોરણ વગેરે માટે ઑર્ડિ. ૨૭૨, ૨૭૪, ૨૮૨(૬), ૨૮૬, ૨૮૭ અને ૨૯૫(૬) સુધારવાની અને તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫-૬-૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. [એ.કા.બા.ક. ૨૩(૧)]

આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની ભલામણ અનુસાર જે તે વિષયોમાં એમ.ડી. અને એમ.એસ.ની પદવી આપવાની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર રાખવી અને તે અંગેના સુધારેલા ઑર્ડ. નં. ૨૭૨, ૨૭૪, ૨૮૨(૬), ૨૮૬, ૨૮૭ અને ૨૯૫(૬) મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ ઑર્ડનન્સોની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૫૧. તબીબી વિદ્યાશાખાની તા. ૧-૬-૧૯૭૩ની સભાની ભલામણ અનુસાર એમ.ડી. અને એમ.એસ.ની સ્પેશિયાલિટી શાખાઓ માટે શિક્ષકોની લાયકાતનાં ધોરણો આ સાથે આપેલા પરિશિષ્ટ "જ" મુજબ મંજૂર કરવાની તથા તબીબી વિદ્યાશાખાની નીચેની ભલામણ મેડિકલ કાઉન્સિલ મંજૂર કરે તે શરતે એડહોક ધોરણે મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫-૭-૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત [એ.કા.બા.ક. ૨૩(૨)]

"It is further recommended that initially as persons with adequate qualifications and teaching experience in speciality branches are not available, persons having post-graduate degree and with 10 years' teaching experience in general (Medicine or Surgery) and actively engaged exclusively in the speciality may be recognised."

આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની ભલામણ અનુસાર એમ.ડી. અને એમ.એસ.ની સ્પેશિયાલિટી શાખાઓ માટે શિક્ષકોની લાયકાતનાં ધોરણો અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫-૬-૧૯૭૩ની સભાની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તેને મંજૂર રાખવા ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલને વિનંતી કરવી.

(મંજૂર કરવામાં આવેલાં લાયકાતનાં ધોરણોની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૫૨. મેડિકલ કાઉન્સિલની ભલામણ મુજબ તબીબી કૉલેજોમાં સ્નાતક કક્ષાએ ડિપાર્ટમેન્ટ ઑફ બાયોકેમિસ્ટ્રી, માઇક્રોબાયોલોજી, ઈ.એન.ટી.ના ડિપાર્ટમેન્ટનું વિભાજન કરી નીચે મુજબ ડિપાર્ટમેન્ટ રાખવાની તબીબી વિદ્યાશાખાએ કરેલી ભલામણ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫–૧–૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક્ર. ૨૦) :

૧. ફિઝિયોલોજી
૨. બાયોકેમિસ્ટ્રી
૩. પેથોલોજી
૪. માઇક્રોબાયોલોજી
૫. ઓપ્થેલ્મોલોજી
૬. ઈ. એન. ટી.

આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ કાઉન્સિલની ભલામણ મુજબ તબીબી કૉલેજોમાં સ્નાતક કક્ષાએ ડિપાર્ટમેન્ટ ઑફ બાયોકેમિસ્ટ્રી, માઇક્રોબાયોલોજી ઈ. એન. ટી.નાં ડિપાર્ટમેન્ટનું વિભાજન કરી નીચે મુજબ ડિપાર્ટમેન્ટ રાખવાની તબીબી વિદ્યાશાખાની અને એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી અને તમામ તબીબી કૉલેજોમાં સ્નાતક કક્ષાએ હવે નીચેના વિભાગો રહેશે :

૧. ફિઝિયોલોજી
૨. બાયોકેમિસ્ટ્રી
૩ પેથોલોજી
૪. માઇક્રોબાયોલોજી
૫. ઓપ્થેલ્મોલોજી
૬. ઈ. એન. ટી.

૫૩. વિદ્યાર્થીઓના પ્રશ્નો તેમના વતી રજૂ કરવાનો દાવો અનેક વ્યક્તિઓ–મંડળો કરતાં હોય છે તેના સંદર્ભમાં વિદ્યાર્થીઓના અધિકૃત પ્રતિનિધિઓ સાથે વાતચીત કે ચર્ચાવિચારણા કરવા બાબતમાં જરૂરી નીતિનિયમો ઘડવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત દફ્તરે કરવી.

૫૪. યુનિવર્સિટીના નવા ધારાના શેડ્યુલ રનો સ્ટેચ્યૂટ ૬ અસ્તિત્વમાં આવતાં બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેર પર ૩૭ જેટલા સભ્યો (૨૬ વિદ્યાર્થી સભ્યો સહિત) રહેશે તેના સંદર્ભમાં નીચેના ઑર્ડિ. ૫૪ અંગે પુનર્વિચારણા કરવાની જરૂર જણાય તો તે અંગે વિચારણા કરવા બાબત :

O. 54 :

The quorum for a meeting of the Board shall be five members.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૫૪ હાલ છે તે પ્રમાણે જ રહેવા દેવો અને તેમાં કોઈ ફેરફાર કરવો નહીં.

૫૫. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર તથા પ્રાશ્નિક–પરીક્ષક અને નિરીક્ષકોના કેસો પર વિચારણા કરવા તા. ૫–૭–૧૯૭૩ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિની સાતમી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા શુદ્ધિ સમિતિની તા. ૫-૭-૧૯૭૩, તા. ૨૬-૭-૧૯૭૩ અને તા. ૧૦-૮-૧૯૭૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સભાઓની નોંધો અત્રે પરિશિષ્ટ તરીકે છાપવામાં આવી નથી.)

૫૬. યુનિવર્સિટી કાર્યાલયમાં નીચેના કર્મચારીઓને તેમનાં નામ તથા હોદ્દા સામે બતાવેલ તારીખથી રૂ. ૪૬૬-૨૦-૫૬૬-૨૨-૬૧૦ ઈ.બી. ૨૫-૬૬૦ના પગારધોરણમાં રૂ. ૬૧૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) ઓળંગવાની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	કાર્યક્ષમતા અંતરાય ઓળંગવાની તારીખ
૧.	શ્રી. વી. વી. શાહ	ડે. એકાઉન્ટન્ટ (ઑડિટ)	૧-૯-૧૯૭૩
૨.	શ્રી. આર. ડી. ભગત	કાર્યાલય નિયામક	૧-૯-૧૯૭૩
૩.	શ્રી. કે. આર જોષી	કાર્યાલય નિયામક	૧-૯-૧૯૭૩

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ તારીખથી કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) ઓળંગવા મંજૂરી આપવી.

૫૭. યુનિવર્સિટી કાર્યાલયમાં નીચેના કર્મચારીઓને તેમનાં નામ તથા હોદ્દા સામે બતાવેલ તારીખથી રૂ. ૩૧૩-૧૫-૩૪૩-૨૦-૪૪૩-ઈ.બી. ૨૨-૫૭૫ના પગારધોરણમાં રૂ. ૪૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) ઓળંગવાની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	કાર્યક્ષમતા અંતરાય ઓળંગવાની તારીખ
૧.	શ્રી. આર. સી. દેસાઈ	હેડકલાર્ક	૧-૯-૧૯૭૩
૨.	શ્રી. વી. એન. પટેલ	હેડકલાર્ક	૧-૯-૧૯૭૩
૩.	શ્રી. આર. એચ. પારેખ	હેડકલાર્ક	૧-૯-૧૯૭૩

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ તારીખથી કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) ઓળંગવા મંજૂરી આપવી.

૫૮. સમાજવિદ્યા ભવનમાં રીડર-ઇન-પોલિટિકલ સાયન્સ તરીકે કામ કરતા સર્વશ્રી કે. ડી. દેસાઈ તથા પી. એન. શેઠને આઈ.એ.એસ. કોચિંગ કલાસીસમાં અંદાજે ૯થી ૧૦ વ્યાખ્યાનો આપવા તથા પ્રત્યેકને વ્યાખ્યાન દીઠ રૂ. ૨૫ લેખે અંદાજે રૂ. ૨૫૦નું વેતન સ્વીકારવા અંગેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સર્વશ્રી કે. ડી દેસાઈ તથા પી. એન. શેઠને ૧૯૭૩–૭૪ના વર્ષ દરમિયાનનું તેમનું યુનિવર્સિટીનાં કામકાજ સિવાયનાં બીજાં કામકાજ અંગેનું કુલ વેતન તેમના કુલ વાર્ષિક મૂળ પગાર (basic salary)ના ૩૦ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને સદરહુ કામગીરી તથા તે અંગેનું ઉપર જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૫૯. યુનિવર્સિટી કાર્યાલયના હિસાબ વિભાગમાં જુનિયર કલાર્ક તરીકે કામ કરતા શ્રી. બી. કે. સોનીને સ્કૂટર ખરીદવા અંગે અંદાજે રૂ. ૪,૦૦૦ (અંકે ચાર હજાર)ની લોન આપવા અંગેની તેઓની તા. ૨૪–૭–૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.–સિન્ડિકેટના ઠરાવ પ્રમાણે રૂા. ૨૫૦ના મૂળ માસિક પગારદારને લોન આપી શકાય. શ્રી. સોનીનો મૂળ માસિક પગાર હાલ રૂા. ૨૪૩ છે જે તા. ૧–૨–૧૯૭૪ના રોજ રૂા. ૨૫૮ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. કે. સોનીને તેમનો પગાર તા. ૧–૨–૧૯૭૪ના રોજ રૂ. ૨૫૮ થાય છે તે ધ્યાનમાં લઈને સ્કૂટર ખરીદવા માટે અપવાદ તરીકે રૂ. ૪,૦૦૦ (ચાર હજાર)ની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૬૦. યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે કામ કરતા શ્રી. ભગવતીસિંગને તા. ૨૪–૬–૧૯૭૩થી તા. ૩૦–૬–૧૯૭૩ સુધીની ૧૭ દિવસની માંદગીની રજા વેકેશન સાથે જોડવા દેવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ભગવતીસિંગની માંદગીની રજા વેકેશન સાથે જોડવા દેવાની તેમની વિનંતી મંજૂર કરવી.

૬૧. તા. ૪થી ૬ ઓક્ટોબર ૧૯૭૩ના સમય દરમ્યાન જયપુર મુકામે મળનાર ૨૬મા અખિલ ભારતીય પ્રૌઢશિક્ષણ અધિવેશનમાં " એડલ્ટ એજ્યુકેશન એન્ડ નેશનલ ડેવલપમેન્ટ " વિષય પર ચર્ચા થનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સંસ્થાના માનદ મંત્રીશ્રીના તા. ૨૮–૭–૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આગામી અખિલ ભારતીય પ્રૌઢશિક્ષણ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય ય. પ્રા. શુકલને મોકલવા.

૬૨. તા. ૨૬થી ૨૮ ડિસેમ્બર ૧૯૭૩ના સમય દરમ્યાન The Indian Society of Agricultural Economicsનું ૩૩મું વાર્ષિક અધિવેશન A. P. Agricultural Universityના ઉપક્રમે હૈદરાબાદમાં યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સોસાયટીના માનદ મંત્રીશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.–૧. અધિવેશનમાં નીચેના ત્રણ વિષયો પર ચર્ચા થનાર છે :

(*a*) Integrated Area Development with reference to District Planning.

(*b*) Benefit–Cost analysis of Agricultural projects.

(*c*) Agricultural Input–Supply systems including Marketing.

૨. પ્રા. બી. એસ. પટેલને પ્રતિનિધિ તરીકે નીમવામાં આવેલા, પરંતુ તેઓએ અશક્તિ દર્શાવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે હૈદરાબાદ મુકામે મળનાર " ધી ઇન્ડિયન સોસાયટી ઑફ એગ્રિકલ્ચરલ ઇકોનોમિક્સના ૩૩મા વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. રોહિત શુકલ (એસ. વી. કૉલેજ)ને મોકલવા, અને જો તેઓ જઈ શકે તેમ ન હોય તો તે માટે અન્ય કોઈની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૩. અલીગઢ મુકામે તા. ૨-૧-૧૯૭૪થી તા. ૮-૧-૧૯૭૪ના અરસામાં યોજનાર ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસના અધિવેશનમાં ભાગ લેવા માટે વિજ્ઞાન વિદ્યાભવનના નીચેના શિક્ષકોને મોકલવા અંગેના અધ્યક્ષશ્રીના તા. ૧૭–૭–૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

૧.	ડૉ. એમ. એન. દેસાઈ અથવા ડૉ. આર. કે. શાહ	: કેમિસ્ટ્રી
૨.	ડૉ. વી. બી. ગોહિલ	: ફિઝિક્સ
૩.	ડૉ. એમ. એસ. દુબળે અથવા ડૉ. યુ. એમ. રાવળ	: પ્રાણીશાસ્ત્ર
૪.	ડૉ. ઓ. પી. સક્સેના	: વનસ્પતિશાસ્ત્ર
૫.	ડૉ. એ. વી. ગજ્જર	: આંકડાશાસ્ત્ર
૬.	ડૉ. આઈ. એચ. શેઠ	: ગણિતશાસ્ત્ર

આથી ઠરાવવામાં આવે છે કે અલીગઢ મુકામે યોજનાર ઈન્ડિયન સાયન્સ કૉંગ્રેસમાં આગામી અધિવેશનમાં ભાગ લેવા માટે, વિજ્ઞાનવિદ્યા ભવનના અધ્યક્ષશ્રીની વિનંતી મુજબ, નીચેના સભ્યોને મોકલવા મંજૂરી આપવી :

૧.	ડૉ. એમ. એન. દેસાઈ અથવા ડૉ. આર. કે. શાહ	: કેમિસ્ટ્રી
૨.	ડૉ. વી. બી. ગોહિલ	: ફિઝિક્સ
૩.	ડૉ. એમ. એસ. દુબળે અથવા ડૉ. યુ. એમ. રાવળ	: પ્રાણીશાસ્ત્ર
૪.	ડૉ. ઓ. પી. સક્સેના	: વનસ્પતિશાસ્ત્ર
૫.	ડૉ. એ. વી. ગજ્જર	: આંકડાશાસ્ત્ર
૬.	ડૉ. આઈ. એચ. શેઠ	: ગણિતશાસ્ત્ર

૧૪. તા. ૧૭–૨–૧૯૭૩ની સિન્ડિકેટની સભામાં નિયુક્ત થયેલી "મૅનેજમેન્ટ કન્સલ્ટેટિવ કમિટી" માં એક્ઝિક્યુટિવ કાઉન્સિલના બે સભ્યો નિયુક્ત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના નવા ધારામાં ગવર્નિંગ બૉડીને પ્રતિનિધિત્વ આપેલું હોઈ હવે મૅનેજમેન્ટ કન્સલ્ટેટિવ કમિટીની જરૂર નથી, તેથી તે અંગેની કાર્યવાહી હવે હાથ ધરવાની જરૂર નથી.

૧૫. શ્રી. સ્વામી પ્રણવતીર્થ સ્વાધ્યાય ટ્રસ્ટ, અમદાવાદ તરફથી "શ્રી. છગનલાલ ગોપાળજી સોલંકી શાંકરસિદ્ધાંત શિષ્યવૃત્તિ" સ્થાપવા માટે રૂ. ૫૦,૦૦૦ અને "શ્રી. છગનલાલ ગોપાળજી સોલંકી શાંકર દર્શન વ્યાખ્યાન શ્રેણી" યોજવા માટે રૂ. ૫૦,૦૦૦ એમ મળીને કુલે રૂ. ૧,૦૦,૦૦૦ (અંકે રૂપિયા એક લાખ પૂરા)નું પ્રદાન અર્પણ કરવાની ટ્રસ્ટી શ્રી. માણેકલાલ ભાઈશંકર પંડ્યા, ખંભાતના તા. ૪–૭–૧૯૭૩ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે "શ્રી. છગનલાલ ગોપાળજી સોલંકી શાંકરસિદ્ધાંત શિષ્યવૃત્તિ તથા વ્યાખ્યાનશ્રેણી" યોજવા માટે દાતાઓને જણાવવું કે તેમના પત્ર સાથે જણાવેલી વિગતો જોતાં જો તે રકમ તેમના પત્રમાં જણાવેલ હેતુ માટે આપવા ઈચ્છતા હોય તો તે સ્વીકારવા યુનિવર્સિટી તત્પર છે.

૬૬. રાષ્ટ્રીય સેવા યોજનાના અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે કામ કરતા અધ્યાપકોને બદલવા માટે જે તે કૉલેજોના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર મુજબ નીચે જણાવ્યા પ્રમાણે કૉલેજોના અધ્યાપક-ઇન-ચાર્જ તરીકેની નિમણૂક અંગે વિચારણા કરવા બાબત.

ક્રમ	કૉલેજનું નામ	અગાઉના અધ્યાપક-ઇન--ચાર્જનું નામ	બદલાયેલાઅધ્યાપક-ઇન--ચાર્જનું નામ	પ્રથમ અધ્યાપકની બદલીનું કારણ
૧.	સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ	શ્રી. સી. એસ. વિવેદી	શ્રી. ધર્મેન્દ્ર એસ. વ્યાસ	નાદુરસ્ત તબિયતના કારણે
૨.	ગુજરાત કૉલેજ	શ્રી. સી. જે. વાલા	શ્રી. એલ. બી. રાઠોડ	આચાર્યશ્રીએ જણાવ્યું છે કે જૂના અધ્યાપકની બદલી થવાની વકી છે.
૩.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા,	શ્રી. કે. ટી. સોરકિયા	શ્રી પી. એચ. ઠાકર	અંગત કારણોસર સમય આપી શકે તેમ નથી.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ કૉલેજના એન. એસ. એસ. એકમના અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે જે તે કૉલેજના નામ સામે જણાવેલા શિક્ષકને નીમવા ;

કૉલેજ		શિક્ષક
૧. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.	...	શ્રી ધર્મેન્દ્ર એસ. વ્યાસ
૨. ગુજરાત કૉલેજ, અમદાવાદ	...	શ્રી. એલ. બી. રાઠોડ
૩. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા	...	શ્રી. પી. એચ. ઠાકર

૬૭. યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૧૭/૨૦–૬–૧૯૭૩ની સભામાં પસાર કરેલા સ્ટે. ૧૦ એ)ને કુલાધિપતિશ્રી તરફથી મંજૂરી મળી છે તે તા. ૨૩–૬–૧૯૭૩ના પત્રાંક જી.એસ. ૧૧–૭૩ના નીચેના સંબંધકર્તા ભાગ અંગે વિચારણા કરવા બાબત :

The Dongerkery Commission has recommended the representation of college principals on the Court suitably distributed faculty and areawise, The Statute 10 (*a*) framed by the Court provided distribution of seats only faculty-wise. The University should keep in view area-wise distribution of seats to Principals in the Court and take steps to amend the Statute in due course of time.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી.

૬૮. ૧૯૭૩ના ગુજરાત એક્ટ નં. ૬થી એકેડેમિક કાઉન્સિલના બંધારણ અંગેની ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૧ની કંડિકા (૧)(૯) અન્વયે નવી એકેડેમિક કાઉન્સિલ પર એકિઝકયુટિવ કાઉન્સિલના બે સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**–કલમ ૨૧ (૧)(૯)નો પાઠ નીચે મુજબ છે :

(૯) Two persons nominated by the Executive Council from amongst its members.]

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલ પર એકિઝકયુટિવ કાઉન્સિલના બે સભ્યોની નિમણૂક કરવાની બાબત ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા ધારા પ્રમાણેની એકિઝકયુટિવ કાઉન્સિલ રચાયેથી તેની સમક્ષ વિચારણા અર્થે મૂકવી.

૬૯. યુનિવર્સિટીના નવા એકટના શેડયૂલ નં. ૨ના સ્ટેચ્યૂટ ૭માં બોર્ડ ફોર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની સત્તા અને કાર્ય જણાવેલ છે તેના સંદર્ભમાં યુવક કલ્યાણ સમિતિને લગતો ઓર્ડિનન્સ ૫૭–બ ચાલુ રાખવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—યુવક કલ્યાણ સમિતિને લગતા ઓ. ૫૭–બમાં યુવક મહોત્સવના આયોજનનો સમાવેશ થાય છે. જેનો ઉલ્લેખ શેડયુલ નં. ૨ના સ્ટે. ૭માં નથી તે વિષયનાં કાર્યો બેઉમાં લગભગ સરખાં છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ દરમ્યાન યુવક મહોત્સવ ઊજવવા માટેનાં જરૂરી પગલાં લેવા હાલની યુવક કલ્યાણ સમિતિને જણાવવું.

૭૦. ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ કર્મચારી મહામંડળ, રાજકોટના મહામંત્રીશ્રીના તા. ૨૬–૭–૧૯૭૩ના પત્રાંક યુકસેફે.–૧૧૫૨ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૧. ઓકટોબર ૧૯૭૩માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો–પરીક્ષકોની નિમણૂકો અંગે જુદી જુદી વિદ્યાશાખાઓની સમિતિઓની ભલામણો અને તે પર તા. ૭–૮–૧૯૭૩ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલે કરેલી વિચારણાને અનુલક્ષીને સદરહુ નિમણૂકો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૭–૮–૧૯૭૩ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલના સભ્યો તરફથી આવેલ લેખિત સૂચનો પર વિચારણા કરવામાં આવી, અને જે સૂચનો સ્વીકારવામાં આવ્યાં તે મુજબ સુધારા કરી યાદી મંજૂર કરવામાં આવી.

[**નોંધ.**—(૧) પરીક્ષકોની ભલામણ કરનાર સમિતિના જે જે સભ્યોને પ્રાશ્નિક-પરીક્ષક તરીકે નિમંત્રવાનું સૂચવવા માટે આવ્યું હતું તે પૈકી જેને જેને નીમવાનું સ્વીકારાયું છે તેની નિમણૂકો મંજૂર કરતી વખતે સ્ટે. ૧૩(૩) અનુસાર એકિઝકયુટિવ કાઉન્સિલના ઓછામાં ઓછા બે–તૃતીયાંશ (૧૮માંથી ૧૨) સભ્યોની સંમતિ હતી.

(૨) પ્રાશ્નિક-પરીક્ષકોનાં નામોની યાદી આ સાથે જોડવામાં આવી નથી.]

૭૨. બી. જે. મેડિકલ કૉલેજના ડીન તરફથી આવેલ પત્ર મુજબ તે કૉલેજના એન.એસ.એસ.ના એકમના અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે ડૉ. ગિરીશચંદ્ર એચ. શાહને નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના એન.એસ.એસ. એકમના અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે ડૉ. ગિરીશચંદ્ર એચ. શાહની નિમણૂક કરવી.

૭૩. તબીબી વિદ્યાશાખાની તા. ૬-૬-૧૯૭૩ની સભાએ પ્રી-મેડિકલની પરીક્ષાના રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાનના પ્રાયોગિક કામ માટે પરીક્ષકોને પહેલા વર્ષ બી.એસસી.ની પરીક્ષાના ધોરણે પુરસ્કાર આપવા અને પ્રી-મેડિકલમાં જીવવિજ્ઞાનની ૪ કલાકની પ્રાયોગિક પરીક્ષા હોવાથી સપ્રમાણ (ત્રિરેટા) વધારો આપવા અંગેની ભલામણ સ્વીકારવા માટે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૫-૬-૧૯૭૩ની સભામાં કરેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત. [એ. કા. બા. ક્ર. ૨૪(૬)]

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષકોના મહેનતાણાના દર અંગે ફેરવિચારણા કરવા જે સમિતિ નીમવામાં આવી છે તેને સદરહુ ભલામણ મોકલી વિચારણા કરવા જણાવવું.

૭૪. ચાલુ વર્ષ ૧૯૭૩-૭૪ના અંદાજપત્રમાં વિજ્ઞાન વિદ્યાભવનના ગજ્જર વ્યાખ્યાનમાળા અંગેના ખર્ચના મથાળે રૂ. ૧,૦૦૦ની અંદાજી જોગવાઈ છે તે વધારીને રૂ. ૧,૭૦૦ની જોગવાઈ કરવાનું મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૭૫. યુનિવર્સિટી કોર્ટ તેની તા. ૧૭/૨૦-૬-૧૯૭૩ની સભામાં પસાર કરેલા સ્ટેન્ચૂટા પૈકી સ્ટે. ક્રમાંક ૨, ૨૧, ૩૦ અને ૧૦૦ અંગે કુલાધિપતિશ્રીના સચિવશ્રીના તા. ૨૫-૭-૧૯૭૩ના પત્રાંક જી.એસ.૧૧/૭૦૮૨-૭૩થી આવેલી નીચેની નોંધને અનુલક્ષીને જરૂરી વિચારણા કરવા બાબત :

Statute 2 :

The existing St. 2 provides that all elections in the University shall be held according to the system of proportional representations by means of a single transferable vote by ballot as laid down in Section 54 of the Act. In the amended St. 2 it is proposed to provide that all elections to the Court save as otherwise expressly provided be held according to the system of proportional representation of a single transferable vote by ballot etc. In accordance with section 54 of the Gujarat University Act, any election to any authority of the University made under the Act should be made by the system of proportional representation by means of a single transferable vote by ballot in such manner as may be prescribed by the statute. It is not therefore understood as to why the amendment to St. 2 is proposed to be made. In fact this statute is redundant in view of the specific provisions in Section 54 of the Gujarat University Act and could be very well be deleted. The Chancellor has been pleased to refer back this Statute to the University for reconsideration.

Statutes 21 and 30 :

These statutes prescribe the quorm of 50 members at the meeting of the Senate. It is proposed by the University to reduce the number of members to

form quorum from 50 to 25 in view of the reduction in size of the Court which would come to about 144 against 265 at present. Instead of reducing the number for quorum from 50 to 25, it should be 1/3 of the total number of members.

Statute 100 :

It has been proposed by the University to amend Statute 100 so as to provide the term of members of the faculties other than the student members as 5 years. All the Chairman of the Boards of Studies and one teacher member of such Board of Studies are members of the faculty and the term of their office other than student members is 3 years. It is not therefore consistent to lay down the term of office of the members of the Faculty as 5 years.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સ્ટે. ૨ રદ કરવા યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

(૨) સ્ટે. ૨૧ જે પ્રમાણે સુધારવામાં આવ્યો છે તે પ્રમાણે મંજૂર કરવા માટે કુલાધિપતિશ્રીને વિનંતી કરવાની યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

(૩) સ્ટે. ૩૦ જે પ્રમાણે સુધારવામાં આવ્યો છે તે પ્રમાણે મંજૂર કરવા માટે કુલાધિપતિશ્રીને વિનંતી કરવાની યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી. (ને બદલે નિશ્ચિત સંખ્યા રાખવાનું સૂચવવામાં છે તેવા મંતવ્ય સાથે કોર્ટ સમક્ષ રજૂ કરવો.)

(૪) સ્ટે. ૧૦૦ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી :

Statute 100 :

The term of office of the members of the faculties other than the members elected under clause (v) of Sec. 23 shall be three years, provided, however, that such a member shall cease to be a member of the Faculty, if he ceases to be a member of the Board of Studies, a University Professor or a member of the Court, as the case may be.

૭૬. ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા કાયદાના શેડયુલ નં. ૨ના સ્ટેચ્યૂટ ૬ અન્વયે બોર્ડ ફોર સ્ટુડન્ટ્સ વેલ્ફેર પરની ૧૪ વિદ્યાર્થી સભ્યોની ચૂંટણી માટેનું ઉમેદવારીપત્ર મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ફોર સ્ટુડન્ટ્સ વેલ્ફેર માટેનું ઉમેદવારીપત્ર મંજૂર કરવું.

(મંજૂર કરવામાં આવેલ ઉમેદવારીપત્રની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૭૭. ગુજરાત યુનિવર્સિટીના નવા ધારાના શેડયૂલ નં. ૨નો સ્ટેચ્યૂટ ૬ અસ્તિત્વમાં આવતાં સ્ટુડન્ટ્સ વેલ્ફેર બોર્ડની રચના અંગેના તથા અન્ય જૂના ઓર્ડિ. ૫૧, ૫૨, ૫૫ અને ૫૭ રદ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટુડન્ટ્સ વેલ્ફેર બોર્ડની રચના અંગેના તથા અન્ય જૂના ઑ.ડ. ૫૧, ૫૨, ૫૫ અને ૫૭ રદ કરવા.

૭૮. ઑક્ટોબર ૧૯૭૩માં ભૂજને પરીક્ષા કેન્દ્ર તરીકે ચાલુ રાખવા માટે નીચેનાઓ તરફથી આવેલા વિનંતીપત્રો અંગે વિચારણા કરવા બાબત :

૧. આચાર્યશ્રી, લાલન કૉલેજ

૨. આચાર્યશ્રી, વાણિજ્ય કૉલેજ

૩. શ્રી. રામજીભાઈ કક્કર

૪. શ્રી. ધોળકિયા

૫. શ્રી. મૂળશંકર જોર

(**નોંધ.**—પરીક્ષાસમિતિની ભલામણ ૫૨થી તા. ૯-૬-૧૯૭૩ની એકિઝકયુટિવ કાઉન્સિલની સભાએ નીચે મુજબ ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે કપડવંજ, ભૂજ અને સિદ્ધપુરને એક વર્ષ સુધી કોઈ પરીક્ષા માટે કેન્દ્ર આપવું નહીં અને કપડવંજ કેન્દ્ર ૫૨ બનેલ બનાવ અંગે લાગતાવળગતા સીનિયર અને જુનિયર સુપરવાઈઝરોના તથા આચાર્યશ્રીના ખુલાસા મંગાવવા.")

ભૂજમાંથી આવેલા વિનંતીપત્રો અંગે વિચારણા કરતાં ઠરાવવામાં આવ્યું કે ઑક્ટોબરની પરીક્ષા અંગે ભૂજને કેન્દ્ર ન આપવાનો જે નિર્ણય લેવાયો છે તેમાં કોઈ ફેરફાર કરવાની જરૂર નથી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે આગામી માર્ચ–એપ્રિલની પરીક્ષાઓ માટે ભૂજને કેન્દ્ર આપવાની બાબત હવે પછીની એકિઝકયુટિવ કાઉન્સિલ સમક્ષ વિચારણા માટે મૂકવી.

૭૯. એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીની પરીક્ષાઓમાં જે વિદ્યાર્થિનીઓને ઉપલા વર્ગના ધોરણના વર્ગો ભરવાની પરવાનગી (એ.ટી.કે.ટી.) મળેલ હોય તેવી વિદ્યાર્થિનીઓ પૈકી જે વિદ્યાર્થિનીઓએ આ યુનિવર્સિટીમાં ઉપલા વર્ગમાં પ્રવેશ મેળવ્યો હોય તેમની નીચલી કક્ષાની પરીક્ષાના બાકીના વિષય/વિષયોની પરીક્ષા માર્ચ-એપ્રિલ ૧૯૭૩માં એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીની પરીક્ષાઓના અભ્યાસક્રમ અને ભાષાઓનાં પાઠય-પુસ્તકો મુજબ ઑક્ટોબર ૧૯૭૩માં લેવા તથા પરત પરીક્ષા ફી નીચે જણાવ્યા મુજબ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

પ્રી-યુનિવર્સિટી	...	૩. ૨૫
ફર્સ્ટ ઈયર બી.એ.	...	૩ ૩૦.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૮૦. જૂન ૧૯૭૪થી ચાલુ/વધારાનાં જોડાણ મેળવવા માટેની અરજીઓની બાબતમાં જરૂરી સ્થાનિક તપાસસમિતિઓ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આવેલી જોડાણઅરજીઓ માટે સ્થાનિક તપાસસમિતિઓ નીમવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૧. જૂન ૧૯૭૪થી ચાલુ જોડાણ માટે આવેલ નીચે (અ)માં દર્શાવેલી કૉલેજોની અરજીઓ ઑ. ૧૨૦ મુજબ સમયમર્યાદા બહાર આવેલી છે તથા (બ)માં દર્શાવેલ કૉલેજોની અરજીઓ હજુ સુધી આવેલ નથી તો તે અંગે ઑ. ૧૨૦-એ ના પ્રોવિઝો અન્વયે કુલપતિશ્રીની ભલામણ પરથી વિચારણા કરવા બાબત :

(અ) ૧. શેઠ પી. ટી. સાયન્સ ઍન્ડ આર્ટ્સ કૉલેજ, ગોધરા
૨. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર
૩. બનાસકાંઠા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર
૪. વડનગર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર
૫. એસ. ડી. આર્ટ્સ ઍન્ડ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસા
૬. એમ. ડી. શાહ કૉમર્સ ઍન્ડ બી. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, મહુધા
૭. કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ
૮. ડી. ડી. ચોકસી કૉલેજ ઑફ એજ્યુકેશન, પાલનપુર
૯. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત
૧૦. તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર
૧૧. લૉ કૉલેજ, ગોધરા
૧૨. એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ

(બ) ૧. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૨. એલ. ડી. એન્જિ. કૉલેજ, અમદાવાદ
૩. સી. સી. મહિલા આર્ટ્સ કૉલેજ, વીસનગર
૪. લૉ કૉલેજ, મેાડાસા
૫. લૉ કૉલેજ, પાટણ
૬. નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદ.

આથી ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૭૩ના ગુજરાત ઍક્ટ નં. ૬થી ગુજરાત યુનિવર્સિટી ધારામાં ૧૨મી માર્ચે સુધારો થયેલો અને ત્યાર બાદ જોડાણ અરજીઓ મોકલવા માટેનો ઑર્ડ. ૧૨૦ સુધારાયો તેથી સુધારાયેલા ઑર્ડિ. ૧૨૦ અન્વયે જોડાણ અરજીઓ મોકલવા માટે કૉલેજો પાસે સમય થોડોક રહ્યો હતો તથા ચાલુ જોડાણ માટેની અરજીઓ હોઈ વિદ્યાર્થીઓના શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ ઉપર (અ) અને (બ)માં નિર્દેશિત બધી કૉલેજોની જોડાણ અરજીઓનો સ્વીકાર કરવો અને સદરહુ જોડાણ અરજીઓ ઉપર સ્થાનિક તપાસસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૨. ૧૯૭૩ના ગુજરાત ઍક્ટ ક્રમાંક ૬ના શિડ્યુલ રમાં સ્ટે. ક્રમાંક ૯થી બોર્ડ ઑફ હૉસ્ટેલ મૅનેજમેન્ટની સત્તા તથા ફરજો નિર્દિષ્ટ થયેલી હોઈ તેના સંદર્ભમાં નીચે જણાવેલ ઑર્ડિ. ૧૦૯-સી રદ કરવા વિચારણા કરવા બાબત :

ઓર્ડિ. ૧૦૯-સી :

There shall be an advisory committee for the management of University Hostels and Welfare of the inmates consisting of the following members :

(*a*) (*i*) The Vice-Chancellor (Chairman)
(*ii*) The Rector, if any
(*iii*) The Resident Professor (Member-Secretary)
(*iv*) Three members to be nominated by the Syndicate.

(*b*) The Vice-Chancellor, and in his absence the Rector, or in the absence of both a member elected by the meeting shall preside at the meeting of the Committee.

(*c*) The members of the Committee shall hold office for three years and may be reappointed.

(*d*) The Committee shall meet once in each term and also at other time as conveyed by the Chairman.

(*e*) The Committee shall, subject to the control of the Syndicate, frame rules and regulations regarding admission, discipline, mess administration and penalty.

આથી ઠરાવવામાં આવે છે કે નવા ગુજરાત યુનિવર્સિટી ધારા અનુસાર ઑા.ડ. ૧૦૯-સી ૨૬ કરવો.

૮૩. ૧૯૭૩ના ગુજરાત એક્ટ ક્રમાંક ૬ના શિડ્યુલ ૨માં સ્ટે. ક્રમાંક ૫થી બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝનું બંધારણ તથા સત્તા આપેલી હોઈ ઑર્ડિ. ૪૭, ૪૮ અને ૪૯ રદ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નવા ગુજરાત યુનિવર્સિટી ધારા અનુસાર ઑર્ડિ. ૪૭, ૪૮ અને ૪૯ રદ કરવા.

(સદરહુ ઑર્ડિનન્સો ક્રમાંક ૪૭, ૪૮ અને ૪૯ ના પાઠ પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.)

૮૪. ૧૯૭૩ના ગુજરાત એક્ટ ક્રમાંક ૬ના શિડ્યુલ ૨માં સ્ટે. ક્રમાંક ૫ અને ૬માં અનુક્રમે બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરના સભ્યનું સભ્યપદ મટી જવા અંગે જોગવાઈ છે તે જોતાં નીચેના ઑર્ડિ. ૬૨-સી ની કલમ ૬ અને ૭ રદ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ઑર્ડિ. ૬૨-સી :

A member elected, nominated or appointed on the Boards, Committees or Bureau under the Ordinances mentioned below shall cease to be member

of the Board, Committee or Bureau of which he is a member, if he fails to attend three consecutive meetings of the Board, Committee or Bureau, as the case may be :

1. Seven persons appointed by the Executive Council under O. 1 (*iv*) on the University Publication Board.
2. Four persons appointed by the Executive Council under O. 7 on the University Board of Sports.
3. Four persons appointed by the Executive Council under O. 33(*iv*) on the University Building Committee.
4. Six members appointed by the Executive Council under O. 37 on the Grants Utilization Committee.
5. Members appointed by the Executive Council one to represent each faculty under O. 41 on the Foreign Universities Information Bureau.
6. Members nominated by the Executive Council under clauses (5) and (6) of O. 47 on the Board of Extramural Studies.
7. One member elected by the Faculty of Medicine under clause (5) and six members nominated by the Executive Council under Clause (6) of O. 51 on the Board of Students Welfare.
8. Eight members appointed by the Executive Council under clause (*iii*) of O. 58 of the Employment Bureau.

આથી ઠરાવવામાં આવે છે કે નવા ગુજરાત યુનિવર્સિટી ધારા અનુસાર ઉપરના ઑા.ડ. ૬૨–સી ની કલમ ૬ અને ૭ રદ કરવી.

(સુધારેલા ઑર્ડિ. ૬૨–સીનો પાઠ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૮૫. ૧૯૭૩ના ગુજરાત એક્ટ ક્રમાંક ૬ના શિડયુલ રમાં સ્ટે. ક્રમાંક ૯થી બોર્ડ ઑફ હોસ્ટેલ મૅનેજમેન્ટની સત્તા તથા ફરજોમાં ૯(૮)થી છાત્રાલયની તપાસ કરવાની સત્તા સદરહુ બોર્ડને હોઈ નીચેના ઑર્ડિ. ૧૦૩માં બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરને સ્થાને બોર્ડ ઑફ હોસ્ટેલ મૅનેજમેન્ટ મૂકવા તથા સુધારેલો ઑર્ડિ. નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

ઑર્ડિ. ૧૦૩ :

The Executive Council shall hold periodical inspections of all Hostels, through Agency of the Board of Hostel Management.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે પ્રમાણે સુધારેલો ઑર્ડિ. ૧૦૩ મંજૂર કરવો :

"The Executive Council shall hold periodical inspections of all Hostels, through the Agency of the Board of Hostel Management."

૮૬. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૩૫ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૮૭. ગુજરાત યુનિવર્સિટી તરફથી સંલગ્ન કૉલેજોના વિદ્યાર્થીઓ માટે તા. ૫-૬-૧૯૭૨થી તા. ૨૮-૬-૧૯૭૨ના સમય દરમ્યાન યોજવામાં આવેલી હિમાલયના કાલિન્દીઘાટના ટ્રીકિંગ પ્રવાસ અંગે ગુજરાત સરકારના શિક્ષણ અને મજૂર વિભાગ, ગાંધીનગર તરફથી તેમના ઠરાવ નં. ૨૫૫-૧૦૭૩-૭૦૬૫૯-૨, તા. ૨૫-૭-૭૩થી રૂ. ૩,૬૯૦ નું અનુદાન મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના સદરહુ પત્રની નોંધ લેવી.

૮૮. યુનિવર્સિટી કાર્યાલયમાં ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયરની જગ્યા માટે તા. ૧૦-૮-૧૯૭૩ના રોજ મળેલી વરણીસમિતિની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧૦-૮-૧૯૭૩ના રોજ મળેલી વરણીસમિતિની સભાની નોંધને મંજૂર કરવી અને શ્રી. પી. એમ. કુલકર્ણીની નિમણૂક ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયર તરીકે માસિક રૂ. ૪૦૦થી રૂ. ૪૦૦-૪૮-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં, તેનું એમ.ઈ.નું પરિણામ જાહેર થયા બાદ નિમણૂક કરવાનું મંજૂર કરવું.

(તા. ૧૦-૮-૧૯૭૩ની વરણીસમિતિની સભાની નોંધ પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

૮૯. ગુજરાત યુનિવર્સિટીની તબીબી વિદ્યાશાખામાં સ્નાતક પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એમ.ડી.(મેડિસિન)ના અભ્યાસ માટે એક વર્ષ માટે પ્રતિવર્ષ આશરે રૂ. ૩૪૦ની એક શિષ્યવૃત્તિ "સ્વ. ડૉ. મધુસૂદન કે. ઓઝા સ્મૃતિ શિષ્યવૃત્તિ" એ નામથી એનાયત કરી શકાય તે માટે વલ્લભીપુર (સૌરાષ્ટ્ર)ના શ્રી. કે. કે. ઓઝાએ તેમના તા. ૨૫-૭-૧૯૭૩ના પત્રથી રૂ. ૭,૫૦૦નું પ્રદાન યુનિવર્સિટીને આપવા માટે દરખાસ્ત મોકલી આપી છે તો તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે "સ્વ. ડૉ. મધુસૂદન કે. ઓઝા સ્મૃતિ શિષ્યવૃત્તિ" અંગેના રૂ. ૭,૫૦૦ના પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૯૦. સને ૧૯૭૨-૭૩ના વર્ષ માટે "આચાર્ય ડૉ. કે. જી. નાયક સુવર્ણચંદ્રક" (વિજ્ઞાન વિદ્યાશાખા) એનાયત કરવા માટે નીચે જણાવેલ નિયમ પ્રમાણે સમિતિ રચવા બાબત :

Rule

"A Gold Medal named 'Principal Dr. K. G. Naik Gold Medal' of the value of Rs. 190/- shall be awarded annually alternatively, by turns in the Faculty of Science and the Faculty of Arts to a person amongst the teachers in affiliated colleges or recognised institutions or in Departments of the Gujarat

University whose research work published during the five years preceding the Convocation at which the medal is to be awarded is adjudged to be of the highest merit by a special Committee of Experts who have made their marks in their respective fields of work, but not necessarily confined to the Gujarat University. The committee shall be appointed by the Syndicate of the Gujarat University every year, and its decision shall be final."

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૨-૭૩ના વર્ષ માટેનો "ડૉ. કે. જી. નાયક સુવર્ણચંદ્રક" વિજ્ઞાનના વિષયો માટે આપવાનો છે તે માટે નિર્ણય કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી :

(૧) ડૉ. સુરેશ શેઠના (એમ. એસ. યુનિ.)
(૨) ડૉ. એ. આર. પટેલ (એસ. પી. યુનિ.)
(૩) ડૉ આર. ડી આઠતિયા (ઘ. યુ. યુનિ.)

૯૧. યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટર માટે કોમ્પ્યુટર સિસ્ટમ્સ સુપરિન્ટેન્ડન્ટની એક જગ્યા માટે અને સીનિયર પ્રોગ્રામરની એક જગ્યા માટે જાહેરખબરથી અરજીઓ મંગાવેલ તે પૈકી કોમ્પ્યુટર સિસ્ટમ્સ સુપરિન્ટેન્ડન્ટની જગ્યા માટે એક જ ઉમેદવારની અરજી આવેલ હોઈ (જે જરૂરી લાયકાત ધરાવે છે) અને સીનિયર પ્રોગ્રામરની જગ્યા માટે પાંચ ઉમેદવારોની અરજીઓ આવેલ હોઈ જે પૈકી કોઈ ઉમેદવાર પૂરેપૂરી જરૂરી પાત્રતા ધરાવતા ન હોવાથી આ બન્ને જગ્યાઓ માટે ફરીથી જાહેરખબર આપી અરજીઓ મંગાવવી કે લાયકાતનાં ધોરણોમાં યોગ્ય ફેરફાર કરવા કે શી કાર્યવાહી કરવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) કોમ્પ્યુટર સિસ્ટમ સુપરિન્ટેન્ટન્ડની જગ્યા માટે આવેલી અરજીઓ પૈકીના લાયક ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લઈને જરૂરી ભલામણ કરવા કોમ્પ્યુટર સમિતિને જણાવવું અને તે મુજબ પગલાં લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી;

(૨) સીનિયર પ્રોગ્રામરની જગ્યા માટે લાયકાતોનું નવું ધોરણ નિયત કરવાની બાબત કોમ્પ્યુટર સમિતિ સમક્ષ મૂકી તેની ભલામણ પ્રમાણે ફરીથી આ જગ્યા માટે જાહેરખબર આપવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૨. અનુસ્નાતક અભ્યાસ માટેના બધા પ્રશ્નો અંગે વિચારણા કરવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૪-૭-૧૯૭૩ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક અભ્યાસ માટેના બધા પ્રશ્નો અંગે વિચારણા કરવા નીમેલી સમિતિની સભાના અહેવાલની નોંધ લેવી.

૯૩. એકાઉન્ટન્સીના, અર્થશાસ્ત્રના, સમાજશાસ્ત્રના અને ભાષાવિજ્ઞાનના વિષયોમાં ઓપવર્ગો (Refresher Courses) યોજવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના પત્રાંક એફ. ૩-૨૪(૧) ૭૩-એસ.આઈ., તા. ૫-૫-૧૯૭૩ અને તા. ૧૦-૫-૧૯૭૩થી આવા પ્રત્યેક ઓપવર્ગ માટે રૂ. ૪,૦૦૦ થી વધે નહિ તે રીતે અર્થ માન્ય રાખેલ છે. આવા પ્રત્યેક ઓપવર્ગના ખર્ચના ૫૦ ટકા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન ભોગવશે અને બાકીના ૫૦ ટકા ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવાનો છે; તો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને માન્ય રાખેલ

ખર્ચ ૩. ૪,૦૦૦ના વરાડે આવા પ્રત્યેક ગ્રેપવર્ગ માટે ૩. ૨,૦૦૦ લેખે કુલ ૩. ૮,૦૦૦નો યુનિવર્સિટીનો ખર્ચ-ફાળો મંજૂર કરીને ૩. ૧૬,૦૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રિફ્રેશર કોર્સીઝ અંગેનો ઉપર મુજબનો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

(યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનન. સદરહુ પત્રની નકલ **પરિશિષ્ટ "ણ"** તરીકે સામેલ છે.)

૯૪. ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા કાયદાના શેડયુલ રના રૂટે. ૫ પ્રમાણે બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝની રચના કરવા માટે તેની કલમ પ્રમાણે એકેડેમિક કાઉન્સિલના ત્રણથી ઓછા નહીં તેવા સભ્યો સહિત ૭ સભ્યોની આ બોર્ડ પર નિયુક્તિ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી, અને ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા ધારા અનુસાર જે નવી એકિઝકયુટિવ કાઉન્સિલ નિમાય તેની સમક્ષ વિચારણા કરવા માટે આ બાબત મૂકવી.

૯૫. (અ) ફર્સ્ટ બી.કૉમ.ની પરીક્ષાના બૅન્કિંગ વિષયમાં સૌથી વધારે ગુણાંક મેળવનારને "બાલુભાઈ ગિરધરલાલ ચંદ્રક" એનાયત કરવાનો છે. બૅન્કિંગ વિષય લઈ ને બેસનાર પકી કોઈ વિદ્યાર્થી પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયેલ નથી તો આ ચંદ્રક બીજા વર્ગમાં ઉત્તીર્ણ થઈ ને બૅન્કિંગમાં સૌથી વધારે ગુણાંક મેળવનારને આપવા અંગે વિચારણા કરવા બાબત; અને

(બ) થર્ડ બી.કૉમ.ની પરીક્ષામાં બૅન્કિંગ વિષય લઈને બેઠેલા વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધારે ગુણાંક મેળવનારને "ધી બૅન્ક ઑફ ઇન્ડિયા પારિતોષિક" આપવાનું છે. બૅન્કિંગ વિષય લઈને બેઠેલા વિદ્યાર્થીઓ પૈકી કોઈ વિદ્યાર્થી પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયેલ નથી તો આ પારિતોષિક બીજા વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૯–૧૦ ઑગસ્ટ ૧૯૬૯ની સભામાં પ્રદાન આપવા અંગે પ્રથમ વર્ગની ઉત્તીર્ણતા આવશ્યક ગણી છે અને ઉપરનાં પ્રદાનો માટે દાતાઓ તરફથી સંમતિ મળેલ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે—

(અ) સિન્ડિકેટે તેની તા. ૯–૧૦ ઑગસ્ટ ૧૯૬૯ની સભામાં જે નિર્ણય લીધો છે તેને અનુલક્ષીને આ ચંદ્રક પ્રથમ વર્ગોમાં ઉત્તીર્ણ થાય તો જ આપવો જોઈએ. જો કોઈ વિદ્યાર્થી પ્રથમ વર્ગમાં ન આવે તો ચંદ્રકની રકમ મૂળ રકમમાં ઉમેરવી.

(બ) આ પારિતોષિક અંગે સિન્ડિકેટે તેની તા. ૯–૧૦ ઑગસ્ટ ૧૯૬૯ની સભામાં જે નિર્ણય લીધો છે તેને અનુલક્ષીને પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થાય તો જ આપવો જોઈએ. જો કોઈ વિદ્યાર્થી પ્રથમ વર્ગમાં ન આવે તો પારિતોષિકની રકમ મૂળ રકમમાં ઉમેરવી.

ચંદ્રક અને પારિતોષિક સંબંધના એકિઝકયુટિવ કાઉન્સિલના આ ઠરાવોની જાણ જે તે દાતાઓને કરવી.

૯૬. "ધ ઇન્ડિયન એસોસિયેશન ફૉર કૉમ્યુનિકેબલ ડિસીસીઝ"ના ઉપક્રમે મુંબઈ મુકામે યોજી રોગો પર ત્રીજું રાષ્ટ્રીય અધિવેશન તા. ૮થી ૧૦ ડિસેમ્બર ૧૯૭૩ દરમિયાન મળનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના સદરહુ સંસ્થાના સંગઠન મંત્રીશ્રીના તા. ૨૧–૭–૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રાષ્ટ્રીય અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એ. પી. દીક્ષિતને મોકલવા.

૯૭. ગુજરાત એક્ટ નં. ૬–૧૯૭૩ના શિડ્યુલ ૨ મુજબ "એકેડેમિક પ્લાનિંગ બોર્ડ"ના સત્તામંડળ ઉપર નીચે પ્રમાણે સભ્યોની નિયુક્તિ કરવા અંગે વિચારણા કરવા બાબત :

10 (*iii*) Three University Professors belonging to different Faculties to be nominated by the Executive Council.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી અને ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા ધારા અનુસાર જે નવી એકિઝકયુટિવ કાઉન્સિલ રચાય તેની સભા સમક્ષ વિચારણા માટે રજૂ કરવી.

૯૮. જૂન ૧૯૭૪થી નવી કૉલેજોના જોડાણ માટેની અરજીઓ પર યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૨) અન્વયે જરૂરિયાત નક્કી કરવાની બાબતમાં પ્રત્યેક અરજી પર વિચારણા કરી એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૪–૭-૧૯૭૩ની સભામાં (૧) પ્રાંતિજ, (૨) હાલોલ અને (૩) સાવલીમાં કૉલેજોની જરૂરિયાત સ્વીકારી હતી. તેના સંદર્ભમાં સદરહુ કલમ ૩૩(૫)(એ) મુજબ આ સ્થળોએ શરૂ કરાનારી કૉલેજોએ ગવર્નિંગ બોડીની નિમણૂક કયાં સુધીમાં કરવી તે નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—કલમ ૩૩(૧)(એ)માં નીચે પ્રમાણે ઉલ્લેખ છે :

"That the college (other than a Govt. college or a college maintained by the Govt.) shall within such period, as may be determined by the Executive Council be under the management of a governing body....."]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને જણાવવું કે તેમની કાર્યવાહક સમિતિ (ગવર્નિંગ બોડી)ના સભ્યો નીમી તેમનાં નામો યુનિવર્સિટીને તા. ૩૦–૯–૧૯૭૩ સુધીમાં પહોંચે તેમ મોકલી આપવાં.

૯૯. બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદની તપાસના સંદર્ભમાં બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીના મંત્રીશ્રીએ તેમના તા. ૧૬–૭-૧૯૭૩ના પત્રાંક બી.સી.આઈ.ડી–૧૭૦૩–૧૯૭૩ની કંડિકા ૩ નીચે પ્રમાણે જણાવ્યું હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત :

"The Bar Council of India has directed me to state the Borsad Science and Law College, Borsad is wholly unsatisfactory and the University must disaffiliate this college."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી અને ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા ધારા અનુસાર જે નવી એક્ઝિકયુટિવ કાઉન્સિલ રચાય તેની સભા સમક્ષ વિચારણા માટે રજૂ કરવી.

૧૦૦. વી. એસ. લૉ કૉલેજ, ઊંઝાની તપાસના સંદર્ભમાં બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીના મંત્રીશ્રીએ તેમના તા. ૧૬–૭–૧૯૭૩ના પત્રાંક બી.સી.ઈ.ડી–૧૭૦૨–૧૯૭૩થી કંડિકા ૩થી નીચે પ્રમાણે જણાવ્યું હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત :

"The Bar Council of India has directed me to state that the Law College in Unjha is wholly unsatisfactory and the University must disaffiliate this college."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી અને ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા ધારા અનુસાર જે નવી એક્ઝિકયુટિવ કાઉન્સિલ રચાય તેની સભા સમક્ષ વિચારણા માટે રજૂ કરવી.

૧૦૧. શિવાજી યુનિવર્સિટીના આશ્રયે ઇન્સ્ટિટ્યૂટ ઑફ હિસ્ટોરિકલ સ્ટડીઝનું ૧૧મું વાર્ષિક અધિવેશન તા. ૧૭થી ૨૦ ઑકટોબર ૧૯૭૩ દરમ્યાન કોલ્હાપુર મુકામે મળનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા માટેના સદરહુ ઇન્સ્ટિટ્યૂટના અધ્યક્ષશ્રીના તા. ૩૧–૭–૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એચ. જી. શાસ્ત્રીને મોકલવા.

૧૦૨. રાજસ્થાન યુનિવર્સિટી, જયપુરમાં છઠ્ઠી અખિલ રાજસ્થાન જોગ્રાફર્સ કૉન્ફરન્સ તા. ૧થી ૪ ઑકટોબર ૧૯૭૩ દરમિયાન યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના સદરહુ કૉન્ફરન્સના કન્વીનરના તા. ૩૧–૭–૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૦૩. હિમાચલ પ્રદેશ યુનિવર્સિટીના આશ્રયે તા. ૧૦થી ૧૩ ઑકટોબર ૧૯૭૩ દરમિયાન સીમલા ખાતે મળનાર અખિલ ભારતીય તત્ત્વજ્ઞાન કૉંગ્રેસના ૪૭મા વાર્ષિક અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા માટેના સદરહુ કૉંગ્રેસના સામાન્ય મંત્રીશ્રીના તા. ૧–૮–૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય યુ. ડી. ભટ્ટ (આદિપુર)ને મોકલવા, અને જો તેઓ ના પાડે તો પ્રો. સી. વી. રાવલ (વીસનગર)ને મોકલવા.

૧૦૪. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩૫ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૦૫. ખોટાં ગુણપત્રકો રજૂ કરીને એફ.વાય.બી.કોમ.ના વર્ગમાં પ્રવેશ મેળવવા માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ મેળવ્યું હોય તેવા ત્રણ વિદ્યાર્થીઓના કેસ અંગે તપાસ કરીને રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટની ડિસેમ્બર માસની સભામાં નિમાયેલ સમિતિના હેવાલ પર ફેબ્રુઆરી ૧૯૭૩ની સભામાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું મંતવ્ય મંગાવવા ઠરાવેલું તે પરથી મળેલ માહિતીના આધારે આગળની કાર્યવાહી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વીગતે જોઈ-તપાસી રિપોર્ટ કરવા નીચેના સભ્યોની બનેલી સમિતિને સોંપવી :

(૧) ડૉ. જે. બી. હરિભક્તિ

(૨) પ્રો. કે. એસ. શાસ્ત્રી.

૧૦૬. સને ૧૯૭૩ના પ્રથમ છ માસ દરમિયાન લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિક-પરીક્ષકોની અવેજી નિમણૂકો કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૦૭. પ્રાંતીજ તાલુકા કેળવણી ટ્રસ્ટ, પ્રાંતીજ તરફથી જૂન ૧૯૭૪થી પ્રાંતીજ ખાતે વિનયન અને વાણિજ્યની કૉલેજ શરૂ કરવાની જરૂરિયાત એકિઝકયુટિવ કાઉન્સિલે સ્વીકારી હોઈ તે સંસ્થાની જોડાણ માટેની અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંસ્થાની જોડાણઅરજી માટે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

(૧) આચાર્ય પ્રેમશંકર હ. ભટ્ટ

(૨) આચાર્ય એસ. આર. મહેતા.

૧૦૮. શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉમર્સ કૉલેજ, મોડાસા તરફથી જૂન ૧૯૭૪થી સદરહુ કૉલેજનું વિભાગીકરણ કરવા માટેની અરજી જે ઓ. ૧૨૦ મુજબ સમયમર્યાદા બહાર છે તે પર ઓ. ૧૨૦–એ ના પ્રોવિઝો અન્વયે કુલપતિશ્રીની ભલામણ પરથી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા સ્ટે. ૧૭૩ અન્વયે એસ.એસ.સી.માં અંગ્રેજી વિના ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને કૉલેજોમાં પ્રવેશ આપવાની જોગવાઈ થઈ છે તે દૃષ્ટિએ શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસાને તે કૉલેજોનું વિભાગીકરણ થાય તો વધુ વિદ્યાર્થીસંખ્યાનો સમાવેશ કરી શકે તે દૃષ્ટિએ જૂન ૧૯૭૪થી સદરહુ કૉલેજના વિભાગીકરણ માટેની અરજીનો સ્વીકાર કરવો અને જોડાણઅરજી પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૯. ગુજરાત યુનિવર્સિટી કોર્ટ પરની ૪૨ બેઠકો માટે શિક્ષક મતદાર વિભાગના ઉમેદવારો માટેના ઉમેદવારીપત્રમાં કાર્યાલયના સૂચન પ્રમાણે સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત :

** I also declare that I have teaching experience (as shown on the reverse) of 10 years and less than 10 years in a college or in any university established by law in the state.

I also further declare that I am neither a Dean of the faculty nor a Principal of a college

** Strike out which is not applicable.

આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષક મતદાર વિભાગના ઉમેદવારો માટેના ઉમેદવારીપત્રમાં સૂચવેલો સુધારો કરવાનું મંજૂર રાખવું.

(સુધારેલું ઉમેદવારીપત્ર પરિશિષ્ટ "ત" તરીકે સામેલ છે.)

૧૧૦. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૪૬ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૧૧. સમાજવિદ્યા ભવનના રીડર ડૉ. વી. પી. શાહને Space Applications Centreમાં Satellite Instructional Television Experimentના કામ અંગે એક વર્ષ માટે સલાહકાર તરીકે કામ કરવા તથા તે અંગેનું માસિક રૂ. ૫૦૦નું માનદ વેતન સ્વીકારવા અંગેના તેમના તા. ૬–૪–૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ. — ડૉ. શાહે તેમના આ પત્રમાં આવા કામ માટે વેતન સ્વીકારવા મૂળ માસિક પગારના ૩૦ ટકાની જે મર્યાદા યુનિવર્સિટીએ નક્કી કરી છે તેને બદલે કુલ પગારના ૩૦ ટકાની મર્યાદા મૂકવા તથા જો આ મર્યાદાથી વધુ રકમ કર્મચારીને મળે તો તે રકમનો થોડો ભાગ યુનિવર્સિટીએ લેવાનો રાખવો અને આ ફાળાની રકમમાંથી થોડો ભાગ કર્મચારીઓના કલ્યાણ માટેના ફંડમાં આપવાનું વિચારવા સૂચન કર્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. વી. પી શાહને સદરહુ સંસ્થામાં એક વર્ષ માટે સલાહકાર તરીકે કામ કરવા તથા તે અંગેનું ઓનરેરિયમ સ્વીકારવા માટે મંજૂરી આપવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે આ બાબતમાં હવે બેઝિક પગારના ૩૦ ટકાને બદલે કુલ પગાર (પે-પેકેટ)ના ૩૦ ટકાની મર્યાદામાં રહીને તે વેતન સ્વીકારવા માટે છૂટ આપવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે શ્રી. શાહે તેમના પત્રમાં વધારાની રકમ અંગે જે સૂચનો કર્યાં છે તે બાબતમાં શું કરી શકાય તે વિચારવા માટે સદરહુ બાબત એકઝેક્યુટિવ કાઉન્સિલની સભા સમક્ષ મૂકવી.

૧૧૨. સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂનવિષયક (Legal) સમિતિની તા. ૧૯-૭-૧૯૭૩ તથા તા. ૨૧–૭–૧૯૭૩ની સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કાનૂનવિષયક (Legal) સમિતિની તા. ૧૫-૭-૧૯૭૩ તથા તા. ૨૧-૭-૧૯૭૩ની સભાની નોંધ મંજૂર કરવી.

(સદરહુ સમિતિઓની નોંધ પરિશિષ્ટ "થ" તરીકે સામેલ છે)

૧૧૩. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) વિજ્ઞાન અને યંત્રવિદ્યાનો સર્વગ્રાહી જ્ઞાનકોશ (Encyclopaedia) ગુજરાતીમાં તૈયાર કરવા માટે હરિૐ આશ્રમ તરફથી જે પ્રસ્તાવ મંજૂર થયો હતો તે પ્રમાણે સદરહુ કામ માટે માસિક રૂ. ૧,૫૦૦ના પગારથી શ્રી. વિજયગુપ્ત મૌર્યની નિમણૂક કરવા એકિઝકયુટિવ કાઉન્સિલે ઠરાવ્યું હતું, પરંતુ ભૂતપૂર્વ કુલપતિ શ્રી ઈશ્વરભાઇ પટેલના સૂચન પ્રમાણે તે કામ હાલ તુરત અટકાવ્યાનાઃ

(૨) એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીની પ્રી-યુનિ. વિનયન અને પ્રથમ વર્ષ બી.એ. પરીક્ષાના એ.ટી.કે.ટી.ના વિદ્યાર્થીઓ માટે આગામી ઑકટોબર ૧૯૭૩માં લેવાનાર પરીક્ષાઓ માટે અમદાવાદ અને વીસનગરને કેન્દ્ર તરીકે માન્ય કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૧૧૪. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૦ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૧૫. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૪-૭-૧૯૭૩ની સભાના ઠરાવ પ્રમાણે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં સ્ટેટિસ્ટિક્સના વ્યાખ્યાતા તરીકે નિમાયેલા શ્રી. આર. ટી. રતાણીની તેમને રૂ. ૪૪૦ મૂળ માસિક પગારને બદલે તેમને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં તેમની લેક્ચરરની જગ્યા ઉપર મળતા રૂ. ૫૨૦નો મૂળ માસિક પગાર આરક્ષિત કરવા અંગેની તા. ૨૦-૭-૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. ટી. રતાનીને તેમની વિનંતી ધ્યાનમાં લઈ રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં શરૂઆતનો માસિક (બેઝિક) પગાર રૂ. ૫૬૦-૦૦ આપવો.

૧૧૬. યુનિવર્સિટી કોર્ટની આગામી સામાન્ય ચૂંટણી અંગે અનુસ્નાતક વિભાગે જોરજોરથી કાર્ય કર્યું છે. પરીક્ષા દરમ્યાન પરીક્ષાના કામ માટે પરીક્ષા વિભાગના કર્મચારીઓને ઓવરટાઇમ ભથ્થું આપવામાં આવે છે તે પ્રમાણે ચૂંટણીકાર્યની અગત્ય અને તાકીદ જોતાં અનુસ્નાતક વિભાગના તમામ કર્મચારીઓને ઓવરટાઇમને બદલે એક પગાર જેટલું વધારાનું વેતન આપવા અંગેના આચાર્ય એલ. ડી. દવેના તા. ૪-૬-૧૯૭૩ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્થાયી સમિતિને વિચારણા માટે મોકલવી.

૧૧૭. યુનિવર્સિટી ૧૯૭૩ના ગુજરાત એકટ ક્રમાંક ૬ના શિડયુલ ૨ માં "બોર્ડ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ"નું બંધારણ નિર્દિષ્ટ થયું હોઈ, યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૧૭/૨૦-૬-૧૯૭૩ની સભામાં સુધારેલ નીચેનો સ્ટે. ૧૨૮ રદ કરવાનો થાય છે એ અંગે કુલાધિપતિશ્રીના સચિવશ્રીના તા. ૨૯-૭-૧૯૭૩ના પત્રાંક જીએસ. ૧૧-૭૨૫૦-૧૯૭૩ ઉપર વિચારણા કરવા બાબત :

St. 118 :

(1) The Boards of University Teaching and Research shall consist of the following members :

(*i*) The Vice-Chancellor,

(*ii*) The Pro-Vice-Chancellor. if any,

(*iii*) All Heads of Post-graduate Departments in the University relating to the subjects in the faculties pertaining to the Board who are Professors or Readers,

(*iv*) All Heads of Post-graduate Departments of subjects not covered under item (*iii*),

(*v*) Five teachers including Principals belonging to different faculties and imparting education in Post-graduate courses to be nominated by the Vice-Chancellor,

(*vi*) Principals of Post-graduate colleges, if any, and Heads of Recognised Institutions, if any, recognised in respect of Post-graduate courses of instructions, studies or research, and

(*vii*) Three persons renowned for their specialised knowledge in the subject to be co-opted by the Board.

(2) The term of the office of the members of the Board other than ex-officio members shall be three years.

Provided that a person shall cease to be a member of the Board on his ceasing to hold the office by virtue by of which he is such a member.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના ૧૯૭૩ના એકટ નં. ૬ના શેડયુલ ૨ માં નિયત કરેલા બંધારણને અનુલક્ષી સ્ટ. ૧૧૮ નીચે મુજબ મંજૂર કરવા યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી :

St. 118 :

(1) The Boards of University Teaching and Research shall consist of the following members :

(*i*) The Vice-Chancellor,

(*ii*) The Pro-Vice-Chancellor, if any,

(*iii*) All Heads of Post-graduate Departments in the University relating to the subjects in the faculties pertaining to the Board who are Professors or Readers.

(*iv*) All Heads of Post-graduate Departments of subjects not covered under item (*iii*),

(*v*) Five teachers including Principals belonging to different faculties and imparting education in post-graduate course to be nominated by the Vice-Chancellor,

(*vi*) Principals of Post-graduate colleges, if any, and Heads of Recognised Institutions, if any, recognised in respect of Post-graduate courses of instructions, studies or research, and

(*vii*) Three persons renowned for their specialised knowledge in the subject to be co-opted by the Board.

(2) The term of the office of the members of the Board other than ex-officio Members shall be three years.

Provided that a person shall cease to be a member of the Board on his ceasing to hold the office by virtue of which he is such a member.

૧૨૮. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોને આપવાના રૂ. ૭૦૦-૪૦-૧૧૦૦ના પગારધોરણ અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩-૯-૧૯૭૨ની સભામાં મંજૂર કરેલી યાદીમાં શ્રી. એમ. એમ. પાઠકનું નામ મૂકવા અંગે વિચારણા કરવા બાબત.

[(૧) શ્રી. એમ. એમ. પાઠક ૧૯૬૦થી ૧૯૬૮ સુધી શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરામાં શિક્ષક તરીકે કામ કરતા હતા.

(૨) શ્રી. એમ. એમ. પાઠક અનુસ્નાતક શિક્ષક તરીકે તા. ૩૦-૯-૧૯૬૪થી માન્ય થયા છે અને તા ૧-૪-૧૯૬૬ પહેલાં ૪ વર્ષનો અનુસ્નાતક શિક્ષણકાર્યનો અનુભવ ધરાવે છે.

(૩) સદરહુ પગારધોરણ અંગે યાદી તૈયાર કરીને તે પર સૂચનો કે સુધારાવધારા અંગેનો પરિપત્ર તા. ૧૨-૫-૧૯૭૨ના પરિપત્રાંક સિ./૫૮૫૨ થી પરિપત્રિત કર્યો હતો તથા પ્રેસનોટ આપી હતી, પરંતુ શ્રી. એમ. એમ. પાઠક તરફથી રજૂઆત થઈ ન હતી.

(૪) કૉલેજ તરફથી આવેલ માહિતીમાં શ્રી. એમ. એમ. પાઠકનું નામ દર્શાવ્યું ન હતું.

(૫) રૂ. ૭૦૦-૧૧૦૦ની યાદીમાં તેમનું નામ મૂકવાનું થાય તો યાદીમાંના ક્રમાંક ૬૪ પર મૂકવાનું થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. એમ. પાઠક અંગેની બધી વિગતો એકત્ર કરી તેની ટૂંકી નોંધ સાથે કાર્યાલયે આગામી સભા સમક્ષ વિચારણા માટે રજૂ કરવી.

૧૨૯. યુનિવર્સિટીના સ્પેસ સાયન્સીઝ એન્ડ ધેર એપ્લિકેશન્સના કેન્દ્ર માટે પ્રોફેસર અને રીડરની જગ્યા માટેની વરણીસમિતિના નીચેના ત્રણ સભ્યો પકી ડો. યશપાલ અને

કર્નલ પંત થોડા સમય માટે પરદેશ જતા હોવાથી સદરહુ વરણીસમિતિ પર તેઓ ઉપરાંત જરૂરિયાત પ્રમાણે બીજા વધુ સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

૧. ડૉ. બી. એ. ઉદગાંવકર, મુંબઈ

૨. ડૉ. યશપાલ

૩. કર્નલ પંત, અમદાવાદ.

(નોંધ.—ડૉ. ઉદગાંવકર પણ સપ્ટેમ્બરમાં થોડા સમય માટે પરદેશ જનાર છે તે તેમના પત્રમાં જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિના સભ્યો પૈકી ડૉ. યશપાલ અને કર્નલ પંત પરદેશ જતા હોવાથી તેમની જગ્યાએ જરૂરી નિમણૂકો કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૨૦. ભાષા-સાહિત્ય ભવનના લિંગ્વિસ્ટિક્સના વ્યાખ્યાતા શ્રી. વાય. ડી. વ્યાસને ભો. જે. વિદ્યાભવનમાં ઑડિયોલોજીના વિષય ઉપર અંદાજે ૨૦ વ્યાખ્યાનો આપવા તથા બંને ટર્મના મળીને રૂ. ૬૦૦–૦૦ અંદાજી વેતન સ્વીકારવા અંગેની પરવાનગી માંગતા તેઓના તા. ૬–૭–૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાય. ડી. વ્યાસને ૧૯૭૩–૭૪ના વર્ષ દરમ્યાનનું તેમનું યુનિવર્સિટીનાં કામકાજ સિવાયનાં બીજાં કામકાજો અંગેનું કુલ વેતન તેમના કુલ વાર્ષિક મૂળ પગાર (basic salary)ના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને સદરહુ કામગીરી તથા તે અંગેનું ઉપર જણાવેલ વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૧૨૧. વિજ્ઞાનવિદ્યા ભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગના વ્યાખ્યાતા ડૉ. એ. બી. વ્યાસને Institute of Ecology, University of Georgia, U.S. ખાતે Post-doctoral studies માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૪–૪–૧૯૭૨ની સભામાં તા. ૧–૯–૧૯૭૩થી તા. ૩૧–૮–૧૯૭૩ સુધીની એક વર્ષની પગાર સહિતની અભ્યાસ-રજા મંજૂર કરેલ તેના સંદર્ભમાં ચોપડી લખવાના પ્રોજેક્ટનું કામ પૂરું કરવા માટે તેઓને પગાર સહિતની અભ્યાસ-રજામાં તા. ૧-૯–૧૯૭૩થી તા. ૫–૧૧–૧૯૭૩ સુધીની (જે સમયમાં તા. ૨૬-૧૦-૧૯૭૩થી તા. ૫–૧૧–૧૯૭૩ સુધીના યુનિવર્સિટીના વેકેશનના સમયનો સમાવેશ થાય છે) મુદતનો વધારો કરી આપવાની તેઓની તા. ૧૭–૭–૧૯૭૩ની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) તેઓને રૂ. ૬૪૦–૦૦ના મૂળ માસિક પગારથી (અન્ય ભથ્થા-નહીં) અભ્યાસ-રજા મંજૂર કરેલ છે (સિન્ડિકેટની સભા તા. ૬–૫–૧૯૭૨, ઠરાવ ક્રમાંક ૩૩).

(૨) એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૧-૩-૧૯૭૩ની સભામાં ઠરાવ્યું છે કે અભ્યાસ રજાભાટે મૂળ માસિક પગારના ૫૦ ટકા ઉચ્ચક કે રૂ. ૪૦૦-૦૦ ઉચ્ચક બેમાંથી જે રકમ (કોઈ પણ પ્રકારનું ભથ્થું નહિ) વધુ હોય તે માસિક વેતન તરીકે આપવું.]

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એ. બી. વ્યાસને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ તા. ૧-૯-૧૯૭૩થી તા. ૫-૧૧-૧૯૭૩ સુધી રજા આપવાની તેમની વિનંતી માન્ય રાખવી.

૧૨૨. સને ૧૯૭૩-૭૪ના શૈક્ષણિક વર્ષ દરમિયાન નીચે જણાવેલ સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓની ત્રિવાર્ષિક તપાસ કરી અહેવાલ આપવા માટે ત્રિવાર્ષિક તપાસ સમિતિઓ નીમવા બાબત :

૧. ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી

૨. એમ. એન. કૉલેજ, વીસનગર

૩. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ

૪. શ્રી. રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત

૫. શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ એન્ડ એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા

૬. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ

૭. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ

૮. સિટી લૉ કૉલેજ, અમદાવાદ

૯. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ

૧૦. કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓની ત્રિવાર્ષિક તપાસ કરવા માટે તપાસસમિતિઓ નીમવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૨૩. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં કામ કરતા સર્વશ્રી આર. કે. મોદી તથા એસ. બી. વાળંદ કે જેઓના ફ્લેટ વર્ધમાન ફ્લેટની હોનારતમાં પડી ગયા હોવાથી ખાસ કેસ તરીકે બંને કર્મચારીઓને વગર વ્યાજે રૂ. ૫,૦૦૦ની સો હપતામાં વસૂલ કરવાની શરતે સ્પેશિયલ લોન આપવા અંગે તેઓની તા. ૩૦-૭-૧૯૭૩ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સર્વશ્રી આર. કે. મોદી તથા એસ. બી. વાળંદને ખાસ અપવાદ તરીકે દરેકને રૂ. ૫,૦૦૦ (અંકે રૂપિયા પાંચ હજાર)ની લોન ફક્ત ચાર ટકાના વ્યાજના દરે અને ૧૨૦ હપતામાં વસૂલ કરવાની શરતે આપવા મંજૂર કરવું.

૧૨૪. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેકચરર ધન ઝૂલોજી તરીકે કામ કરતાં ડૉ. (કુ.) એન. જે. ચિનોયને Professor & Chairman, Department of Anatomy, Rutgers Medical School, Rutgers, The State University, New Brunswik, New Jersey, U.S.A. તરફથી પોસ્ટ-ડૉકટરલ રિસર્ચ એન્ડ ટીચિંગ એસાઈનમેન્ટનું આમંત્રણ મળ્યું હોવાથી એકિઝકયુટિવ કાઉન્સિલના તા. ૧૨–૫–૧૯૭૩ની સભામાં તા. ૧–૮–૧૯૭૩થી એક વર્ષની બિનપગારી અભ્યાસ-રજા મંજૂર કરી છે તે અંગે પુનર્વિચારણા કરવા અંગે શ્રી. આઈ. એ. મોદીના તા. ૨૬–૭–૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. (કુ.) એન. જે. ચિનોયની રજાઓ અંગે જરૂરી માહિતી મેળવી, નિયમો અનુસાર જે રજા આપી શકાય તે આપવા કુલપતિશ્રીને સત્તા આપવી.

ત્યાર બાદ કુલપતિશ્રીની પરવાનગીથી નીચેની બાબતો પર વિચારણા કરવામાં આવી :

૧૨૫. ગુજરાત યુનિવર્સિટી કોર્ટ પરની શિક્ષક મતદાર વિભાગની ૪૨ બેઠકો માટે જે ચૂંટણી તા. ૧૬–૯–૧૯૭૩ના રોજ થનાર છે તેના માટે ચૂંટણી મથકોનો પ્રસ્તાવ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કોર્ટ પર શિક્ષક મતદાર વિભાગની આગામી ચૂંટણી માટેના મતદાન માટે નીચેનાં કેન્દ્રો મંજૂર કરવાં :

૧. અમદાવાદ
૨. આદિપુર
૩. બાલાસિનોર
૪. ભાદરણ
૫. ભૂજ
૬. બોરડલી
૭. ખંભાત
૮. બોરસદ
૯. છોટાઉદેપુર
૧૦. ડભોઈ
૧૧. ડાકોર
૧૨. દરામલી (તા. ઈડર)
૧૩. ડીસા
૧૪. દહેગામ
૧૫. દેવગઢબારિયા
૧૬. ધંધુકા
૧૭. ધોળકા
૧૮. દાહોદ
૧૯. ગોધરા
૨૦. ગાંધીનગર
૨૧. હિંમતનગર
૨૨. ઈડર
૨૩. કડી
૨૪. ખેડા
૨૫. કલોલ (ઉ.ગુ.)
૨૬. કપડવંજ
૨૭. લુણાવાડા
૨૮. મહુધા
૨૯. માંડવી (કચ્છ)
૩૦. માણસા (ઉ.ગુ.)
૩૧. મહેસાણા
૩૨. મિયાગામ-કરજણ
૩૩. મોડાસા
૩૪. મુંદ્રા (કચ્છ)
૩૫. નડિયાદ
૩૬. પાલનપુર
૩૭. પાટણ
૩૮. પેટલાદ
૩૯. પિલવાઈ
૪૦. સંખેડા
૪૧. સિદ્ધપુર
૪૨. તલોદ
૪૩. ઊંઝા
૪૪. વડનગર
૪૫. વીરમગામ
૪૬. વીસનગર.

૧૨૬. સ્થાયી કાનૂનવિષયક (Legal) સમિતિની તા. ૧૦-૮-૧૯૭૩ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સ્થાયી કાનૂનવિષયક (Legal) સમિતિની તા. ૧૦-૮-૧૯૭૩ની સભાની ભલામણો મંજૂર કરવી

(મંજૂર કરવામાં આવેલી તા ૧૦-૮-૧૯૭૩ની સભાની નોંધ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

તે પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ. કાઉ. /૦૧૪૮૭૩/ ૧૯૭૩.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
તા. ૫-૯-૧૯૭૩.

જ. મં. મહેતા
કાર્યકારી કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક 30

બાંધકામ સમિતિની એક સભા તા. ૯–૭–૧૯૭૩ ને સોમવારના રોજ ૩–૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન પ્રો. ડી. એન. પાઠકની વિનંતીથી શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈએ સંભાળ્યું હતું.

૧.	કુલપતિશ્રી	ગેરહાજર
૨.	શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ, પ્રમુખશ્રી	હાજર
૩.	શ્રી. એમ. સી. શાહ	હાજર
૪.	શ્રી. ડી. એન. પાઠક	હાજર
૫.	શ્રી. એલ. જે. ચૌહાણ	હાજર
૬.	શ્રી. નવનીતલાલ સા. શોધન	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૨૩–૪–૧૯૭૩ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૩–૪–૧૯૭૩ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તેના પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીના ફિઝિક્સ ડિપાર્ટમેન્ટનાં વિકાસ બાંધકામો માટે સ્થપતિની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સ્પેઇસ ફિઝિક્સના અભ્યાસ માટે રૂ. ૧,૦૦,૦૦૦ યુ. જી. સી. એ મંજૂર કરેલ છે).

આથી ઠરાવવામાં આવે છે કે ફિઝિક્સ ડિપાર્ટમેન્ટના વિકાસ બાંધકામ માટે સ્થપતિશ્રી એલ. કે. નંદવાણાની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. યુનિવર્સિટી કાર્યાલયના મકાનમાં ભોંયતળિયું અને પહેલો માળ બંધ થાય તે માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૪. યુનિવર્સિટી વિસ્તારમાં થનાર સિંગલ સીટવાળી પોસ્ટ-ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટેની હોસ્ટેલનો અંદાજ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૪,૯૦,૭૦૦ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે પોસ્ટ-ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટેના છાત્રાલય માટે સ્થપતિશ્રી મધુકર ઠાકોર તરફથી મોકલી આપવામાં આવેલો રૂ. ૪,૬૪,૦૦૦નો અંદાજ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. યુનિવર્સિટી વિસ્તારમાં થનાર સિંગલ સીટવાળી પોસ્ટ-ગ્રેજ્યુએટ વિદ્યાર્થિનીઓ માટેની હૉસ્ટેલનો અંદાજ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પોસ્ટ-ગ્રેજ્યુએટ વિદ્યાર્થિનીઓ માટેના છાત્રાલય માટે સ્થપતિશ્રી મધુકર ઠાકોર તરફથી મોકલી આપવામાં આવેલો રૂ. ૪,૪૩,૦૦૦નો અંદાજ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. મિસ્ત્રી
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૩૧

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૨૧—૭—૧૯૭૩ના રોજ ૩-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં પ્રમુખસ્થાન કુલપતિશ્રી નોમાનભાઈ મિયાંભાઈએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧.	શ્રી. નોમાનભાઈ મિયાંભાઈ, કુલપતિશ્રી	હાજર
૨.	ડૉ. જે. બી. હરિભક્તિ	ગેરહાજર
૩.	શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૪.	શ્રી. ઇન્દ્રવદન અં. મોદી	હાજર
૫.	શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરી	હાજર
૬.	પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૭.	શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવ	હાજર.

૧. તા. ૨૧-૪-૧૯૭૩ની સમિતિની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૨૧-૪-૧૯૭૩ની સમિતિની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સિન્ડિકેટે તેની તા. ૪—૧૨—૧૯૭૧ની સભામાં કરેલા નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"કૉલેજોની સંખ્યામાં થતો ઉત્તરોત્તર વધારો જોતાં કૉલેજ જોડાણ અંગે સર્વગ્રાહી અને કૉન્સોલિડેટેડ નોંધ પ્રાપ્ત થાય તે માટે યુનિવર્સિટી કાર્યાલયમાં એક અલાયદું તંત્ર (યુનિટ) ઊભું કરવામાં આવે જે નાયબ કુલસચિવશ્રી કક્ષાની વ્યક્તિના માર્ગદર્શન હેઠળ કાર્ય કરે."

સિન્ડિકેટે તેની તા. ૪-૧૨-૧૯૭૧ની સભામાં કરેલા ઉપરોક્ત ઠરાવનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો અને વિગતવાર માહિતી તૈયાર કરીને રજૂ કરવા કાર્યાલયને જણાવવું.

સિન્ડિકેટે તેની તા. ૨૩-૯-૧૯૭૨ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા હેઠળ મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના જે કર્મચારીઓ પોતાના મકાનમાં રહેતા હોય અથવા ભાડે રહેતા હોય તેવા કર્મચારીઓ તરફથી ભાડાની પાવતી અને મ્યુ. ટેકસ બિલ રજૂ કરવામાં આવે નહિ કે ભાડાભથ્થાં અંગેની બીજી કોઈ પણ શરત જેઓ પૂરી કરી શકે નહિ

તેમના ઘરભાડા ભથ્થાના દરમાં કશો ફેરફાર કરવો કે નહિ તે પ્રશ્ન સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવો."

(નોંધ.— હાલમાં રૂ. ૩૫૦થી નીચેના કર્મચારીઓને ૧૨½ ટકા અને રૂ. ૩૫૦થી ઉપરના કર્મચારીઓને ૧૦ ટકા ઘરભાડા ભથ્થું આપવામાં આવે છે.)

ગુજરાત યુનિવર્સિટી ટીચર્સ એસોસિયેશનનો તા. ૨૦—૭—૧૯૭૩નો પત્ર તથા ગુજરાત યુનિવર્સિટી સુપરવાઇઝરી સ્ટાફ એસોસિયેશનનો તા. ૧૯—૭—૧૯૭૩નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. શિક્ષણનિયામકશ્રીનો તા. ૨૫—૬—૧૯૭૩નો પેમેન્ટ ઑફ હાઉસ રેન્ટ એલાવન્સ ઍટ ફ્લેટ રેઇટ ઑફ ૧૦ ટકા અંગેનો પત્ર તથા યુનિવર્સિટીએ તા. ૧૮—૭—૧૯૭૩ના રોજ તેના પ્રત્યુત્તરમાં લખેલ પત્રની નકલ પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યાં હતાં. તે પછી ચર્ચાવિચારણા બાદ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવી કે યુનિવર્સિટીના જે કર્મચારીઓ પોતાના મકાનમાં રહેતા હોય અથવા ભાડે રહેતા હોય તેવા કર્મચારીઓ તરફથી ભાડાની પાવતી અને મ્યુ. ટેક્સનું બિલ રજૂ કરવામાં આવે નહિ કે ભાડાભથ્થાં અંગેની બીજી કોઈ પણ શરત જેઓ પૂરી કરી શકે નહિ તેમને નીચેના દરે ઉચ્ચક મકાન ભાડાભથ્થું આપવું અને તેનો અમલ તા. ૧—૭—૧૯૭૨થી કરવાનું રાખવું :

12½% of basic salary subject to a maximum of Rs. 200/- p. m.

૪. યુનિવર્સિટી કાર્યાલયમાં જુ. ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. એસ. કે. શાહ કે જેઓ તા. ૨૬—૬—૧૯૬૭ના રોજ જોડાયા છે તેઓને જે પગાર મળે છે તેના કરતાં પહેલાં જોડાયેલા કર્મચારીઓને પગાર ઓછો મળતો હોવાથી તેવા કર્મચારીઓની તા. ૧૩—૩—૧૯૭૩ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે નીચેના કર્મચારીઓને જુ. ક્લાર્ક શ્રી. એસ. કે. શાહની પગારવધારાની તારીખથી એટલે કે તા. ૧—૭—૧૯૭૧થી તેઓનો પગારવધારો આપવો :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	વાર્ષિક પગારવધારાની હાલની તારીખ	વાર્ષિક પગારવધારાની સુધારેલી તારીખ
૧.	શ્રી. જે. ડી. મહેતા	જુ. ક્લાર્ક	૧૬—૧—૧૯૭૨	૧—૭—૧૯૭૧
૨.	શ્રી. પી. સી. શાહ	,,	૧૬—૧—૧૯૭૨	,,
૩.	કુ. મેના જે. કૌશિક	,,	૧૬—૧—૧૯૭૨	,,
૪.	કુ. એ. એન. લાલાજી	,,	૧૬—૧—૧૯૬૨	,,
૫.	શ્રી. રામભાઈ જે. પટેલ	,,	૧—૩—૧૯૭૨	,,
૬.	,, એન. એલ. વાંઝા	,,	૧—૧—૧૯૭૨	,,
૭.	,, નટુભાઈ એમ. પટેલ	,,	૧—૨—૧૯૭૨	,,
૮.	,, એમ. કે. શાહ	,,	૧—૩—૧૯૭૨	,,
૯.	,, એસ. વી. જોશી	,,	૧—૮—૧૯૭૧	,,

૫. યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓને માસિક પરીક્ષા ભથ્થું મળે છે તેનો લાભ યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને આપવા અંગે તેઓની તા. ૨૪-૪-૧૯૭૩ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૬. યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્રમાં કામ કરતા કર્મચારીઓને યુનિવર્સિટીના કર્મચારીઓને અપાતા માસિક પરીક્ષા ભથ્થાનો લાભ આપવા અંગેની તેઓની તા. ૨૬-૪-૧૯૭૩ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૭. યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગમાં કામ કરતા કર્મચારીઓને યુનિવર્સિટીના કાર્યાલયના કર્મચારીઓને માસિક પરીક્ષા ભથ્થું અપાય છે તેનો લાભ આપવા અંગેની તેઓની તા. ૨૪-૪-૧૯૭૩ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૮. યુનિવર્સિટી ગ્રંથાલયમાં કામ કરતા કર્મચારીઓને યુનિવર્સિટીના કાર્યાલયના કર્મચારીઓને માસિક પરીક્ષા ભથ્થું અપાય છે તેનો લાભ આપવા અંગેની તેઓની તા. ૧૮-૪-૧૯૭૩ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૯. સિન્ડિકેટે તેની તા. ૧૧-૩-૧૯૭૩ની સભામાં યુનિવર્સિટી પ્રેસના પ્રેસ-મેનેજરનું પગાર-ધોરણ સરકારી પ્રેસ-વ્યવસ્થાપક સમકક્ષ ગણી રૂ. ૮૫૦-૫૦-૧,૦૦૦ ઈ.બી. ૫૫-૧,૨૭૫ કર્યું છે તે અંગે ફેરવિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબત અંગે પુનર્વિચારણા કરવાની આ સમિતિને જરૂર જણાતી નથી.

૧૦. યુનિવર્સિટીમાં કામ કરતા સ્ટ્રેનોગ્રાફરોને હાલ સ્ટ્રેનોગ્રાફી એલાવન્સ રૂ. ૧૫-૦૦ અપાય છે તેને બદલે રૂ. ૩૦-૦૦નું એલાવન્સ આપવા અંગેની તેઓની તા. ૨૭-૪-૧૯૭૩ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ વિનંતી નામંજૂર કરવી.

૧૧. યુનિવર્સિટી હૉસ્ટેલના નવા બંધાયેલા બ્લૉકના સફાઈકામ અને બગીચાના કામ માટે એક સફાઈ કામદાર અને એક માળીની કાયમી જગ્યાઓ સ્થાપવા અંગે રેસિડેન્ટ પ્રોફેસરના તા. ૨૧-૪-૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૨. સમાજવિદ્યા ભવનમાં સાંજના વર્ગો માટે હંગામી એક ક્લાર્ક-ટાઇપિસ્ટ અને એક હંગામી પટાવાળાની તા. ૧૫-૩-૧૯૭૪ સુધી નિમણૂક કર્યાની કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૩. ભાષા-સાહિત્ય ભવનમાં સાંજના વર્ગો માટે હંગામી એક જુ. ક્લાર્ક અને એક હંગામી પટાવાળાની તા. ૧૫-૩-૧૯૭૪ સુધી નિમણૂક કર્યાની કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૪. એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૧-૩-૧૯૭૩ની સભામાં મોનો-ઑપરેટર અને મોનો-કાસ્ટરનાં પગારધોરણો અનુક્રમે રૂ. ૧૫૦-૫-૧૭૫-ઈ.બી. ૧૨-૧૫-૩૧૦ અને રૂ. ૧૫૦-૫-૧૭૫-૫-૨૧૫ ઈ.બી. ૧૨-૨૭૫-૧૫-૩૦૫નાં કરેલ છે તેને બદલે બન્ને જગ્યાઓ માટે રૂ. ૧૫૦-૫-૧૭૫-૮-૨૧૫-૧૦-૨૫૫ ઈ.બી. ૧૨-૩૧૫ પ્રમાણે સુધારવા અંગે પ્રેસ-મેનેજરના તા. ૪-૬-૧૯૭૩ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી મુદ્રણાલયના મોનો-ઑપરેટર અને મોનો-કાસ્ટરની જગ્યાઓનું પગારધોરણ નીચે પ્રમાણે સુધારવું, અને તેનો અમલ તા. ૧-૧૨-૧૯૭૨થી કરવાનું રાખવું :

૧. મોનો-ઑપરેટર ...રૂ. ૧૫૦-૫-૧૭૫-૮-૨૧૫-૧૦-૨૫૫ ઈ.બી. ૧૨-૩૧૫
૨. મોનો-કાસ્ટર ...રૂ. ૧૫૦-૫-૧૭૫-૮-૨૧૫ ઈ.બી. ૧૦-૩૦૫.

૧૫. શ્રી. ટી. આર. કડિયાની તા. ૨-૬-૧૯૭૩થી જમાદાર તરીકે નિમણૂક કરી હોવાથી નાયક, હવાલદાર વગેરેને હાલ માસિક ડ્યૂટી ઍલાવન્સ મળે છે તે પ્રમાણે તેઓને પણ માસિક ડ્યૂટી ઍલાવન્સ આપવા અંગે તેઓની તા. ૪-૬-૧૯૭૩ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે જમાદાર શ્રી. ટી. આર. કડિયાને રૂ. ૧૦-૦૦નું માસિક ડ્યૂટી ઍલાવન્સ તેઓની નિમણૂકની તારીખથી આપવાનું રાખવું.

૧૬. યુનિવર્સિટી તરફથી પ્રતિવર્ષ દર જુલાઈ માસની ૧લી તારીખે સીનિયોરિટીનું લિસ્ટ ફેડરવાઈઝ અલગ અલગ સીનિયોરિટી પ્રમાણે પ્રસિદ્ધ કરવામાં આવે છે તેને બદલે પગારધોરણ વાઈઝ સીનિયોરિટી લિસ્ટ બનાવી પ્રસિદ્ધ કરવા માટે ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના તા. ૨-૫-૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૭. એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૯-૬-૧૯૭૩ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"ઠરાવવામાં આવ્યું કે કાર્યાલય નિયામકની ત્રણ જગ્યાઓની ફાળવણી અને તે પુરાયેથી અનુક્રમે ખાલી પડનાર હેડક્લાર્ક અને તેની સમકક્ષ જગ્યાઓ તથા સીનિયર ક્લાર્ક અને તેની

સમકક્ષ જગ્યાઓની ફાળવણી કરીને તે અંગે જરૂરી કાર્યવાહી કરવાની બાબતમાં પોતાની ભલામણ રજૂ કરવા માટે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૮. આરોગ્યકેન્દ્રમાં એક પટાવાળાની જગ્યા સ્થાપવા અંગે ચીફ મેડિકલ ઑફિસરના તા. ૧૪-૬-૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્ર માટે એક કાયમી પટાવાળાની જગ્યા રૂ. ૯૪-૩-૧૦૯-૪-૧૩૩-૫-૧૫૮-૬-૧૭૦ના પગારધોરણમાં સ્થાપવી.

૨૫. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણશાસ્ત્ર વિભાગના વધારાના સાંજના વર્ગો માટે નીચેની જગ્યાઓ હંગામી ધોરણે તા. ૧૫-૩-૧૯૭૪ સુધી મંજૂર કરવા ભવનના અધ્યક્ષશ્રીના તા. ૪-૭-૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત:

૧.	લેબોરેટરી આસિસ્ટંટ	... ત્રણ જગ્યા
૨.	જુ. ક્લાર્ક	... એક જગ્યા
૩.	સ્ટોરકીપર	... એક જગ્યા
૪.	પટાવાળા	... ચાર જગ્યા.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ-શાસ્ત્ર વિભાગના વધારાના સાંજના વર્ગો માટે નીચેની જગ્યાઓ હંગામી ધોરણે તા. ૨-૮-૧૯૭૩થી તા. ૧૫-૩-૧૯૭૪ સુધી મંજૂર કરવી:

૧.	લેબોરેટરી આસિસ્ટંટ	...ત્રણ જગ્યા ...	રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી.૧૫-૪૦૮-૧૯-૪૬૫
૨.	જુ.ક્લાર્ક	...એક જગ્યા...	,,
૩.	સ્ટોરકીપર	...એક જગ્યા...	,,
૪.	પટાવાળા	...ચાર જગ્યા...	રૂ. ૯૪-૩-૧૦૯-૪-૧૩૩-૫-૧૫૮-૬-૧૭૦.

૨૭. મનોવિજ્ઞાન ભવનના મનોવિજ્ઞાન વિભાગ માટે તા. ૨-૭-૧૯૭૩થી શરૂ થયેલા સાંજના વર્ગો માટે એક પાર્ટ-ટાઇમ લેબોરેટરી આસિસ્ટંટની માસિક રૂ. ૧૦૦-૦૦થી તા. ૨-૭-૧૯૭૩થી તા. ૧૫-૩-૧૯૭૪ સુધી અધ્યક્ષશ્રીએ નિમણૂક કરી તેને મંજૂર રાખવા માટેની અધ્યક્ષશ્રીની તા. ૪-૭-૧૯૭૩ની વિનંતી પર વિચારણા કરવા માટે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે મનોવિજ્ઞાન વિદ્યાભવનના મનોવિજ્ઞાન વિભાગના તા. ૨-૭-૧૯૭૩થી શરૂ થયેલા સાંજના વર્ગો માટે એક પાર્ટ-ટાઇમ લેબોરેટરી આસિસ્ટંટની માસિક રૂ. ૧૦૦-૦૦થી તા. ૨-૭-૧૯૭૩થી તા. ૧૫-૩-૧૯૭૪ સુધી અધ્યક્ષશ્રીએ નિમણૂક કરી તે કાર્યને મંજૂર રાખવું.

તે પછી બાબત નં. ૧૯ની વિચારણા હાથ ધરવામાં આવી હતી; પરંતુ સમયના અભાવે તે બાબત સહિત નીચેની બાબતો ઉપર વિચારણા થઈ શકી નહીં.

૧૯. યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭-૩-૧૯૭૩ની સભામાં કોર્ટના સભ્યો તરફથી મુકાયેલ નીચેનું સૂચન સ્ટાફ સિલેકશન કમિટી સમક્ષ મૂકવા સૂચવાયું છે તો તે અંગે વિચારણા કરવા બાબત :

"કોચની વરણીસમિતિ પર નિષ્ણાતો યોગ્ય સંખ્યામાં હોવા જોઈએ."

૨૦. ભાષા-સાહિત્ય ભવનમાં વધારાનું મકાન થયું હોવાથી સફાઈ કામ માટે વધુ એક સફાઈ કામદારની જગ્યા સ્થાપવા અંગે ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૭-૬-૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— નવું મકાન થતાં સફાઈ કામના વધારાના કામને પહોંચી વળવા એક સફાઈ કામદારની કાયમી જગ્યા અને એક કાયમી પટાવાળાની જગ્યા અથવા બે કાયમી પટાવાળાની જગ્યાઓ સ્થાપવા અધ્યક્ષશ્રીએ અગાઉ તા. ૨૩-૩-૧૯૭૩ના પત્રથી વિનંતી કરી હતી તે અંગે સ્થાયી સમિતિએ તેની તા. ૨૧-૪-૧૯૭૩ની સભામાં ફક્ત એક કાયમી પટાવાળાની જગ્યા સ્થાપવા ભલામણ કરી હતી)

૨૧. યુનિવર્સિટી પ્રેસમાં પ્રૂફરીડર તરીકે કામ કરતા શ્રી. ડી. એમ. પંડ્યાએ તા. ૧૨-૨-૧૯૬૯થી તા. ૫-૧૧-૧૯૬૯ દરમિયાન નિયમ ૭(૧) પ્રમાણે કાર્યકારી મદદનીશ પ્રેસ-મેનેજરની ફરજો બજાવી હતી તો તેઓને તે સમય દરમિયાન તેઓની જગ્યાએ ઓવર-ટાઇમ સ્વીકારવાનો વિકલ્પ આપવા અંગેની તેઓની તા. ૧૧-૬-૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

૨૨. વિજ્ઞાનવિદ્યા ભવનમાં વધુ બે સફાઈ કામદારની કાયમી જગ્યાઓ સ્થાપવા અંગે અધ્યક્ષશ્રીના તા. ૨૬-૭-૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

૨૩. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘે તેના તા. ૨-૭-૧૯૭૩ના પત્રથી ગુજરાત સરકારના તા ૧૨-૧૦-૧૯૭૨ના ઠરાવથી જેમ રાજ્ય સરકાર તેના ચોથા વર્ગના કર્મચારીઓ જેઓ પાણી પિવડાવે છે તેઓને માસિક રૂ. ૫-૦૦નું ભથ્થું આપે છે તેવો લાભ યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓ જેઓ પાણી પિવડાવે તેમને પણ આપવા જણાવે છે તે અંગે વિચારણા કરવા બાબત.

૨૪. યુનિવર્સિટી પરીક્ષાનાં ગુણપત્રકોના વેચાણ માટે સંલગ્ન કૉલેજોના કર્મચારીઓને ગુણપત્રક દીઠ ૦૦-૧૫ પૈસા મહેનતાણું મળે છે તેનો લાભ સમાજવિદ્યા ભવનના કર્મચારીઓ જેઓ ભવનના વિદ્યાર્થીઓનાં ગુણપત્રકોના વિતરણનું કામ કરે છે તેમને આપવા અંગે અધ્યક્ષશ્રીના તા. ૭-૭-૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

૨૫. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગ માટે નીચેની કાયમી જગ્યાઓ સ્થાપવા અંગે તેઓના તા. ૪-૭-૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

૧. સફાઈ કામદાર	... એક જગ્યા
૨. મ્યુઝિયમ કીપર-કમ-એનિમલ કેયર	... એક જગ્યા
૩. ટાઇપિસ્ટ	... એક જગ્યા

૨૮. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૯-૬-૧૯૭૩ની સભામાં કાર્યાલય નિયામક અને તેની ઉપરની કક્ષાના કર્મચારીઓને માસિક વધુ કામ ભથ્થું ૧૨½ ટકા લેખે આપવાનું ઠરાવ્યું છે તેને બદલે તા. ૧-૧-૧૯૭૩થી તે ૧૫ ટકા પ્રમાણે આપવા અંગે કાર્યાલય નિયામક અને બીજા કર્મચારીઓની તા. ૯-૭-૧૯૭૩ની અરજી પર વિચારણા કરવા બાબત.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

ભો. કે. શાહ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૩૨

તા. ૧૦-૮-૧૯૭૩ની ફાઇનાન્સ સમિતિની એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ

૧. આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ સાથેના પરિશિષ્ટ 'અ' મુજબ યુનિવર્સિટી પ્રેસ માટે જરૂરી કાગળ ટેન્ડરમાં જણાવેલ શરતોએ ખરીદવા. (પરિશિષ્ટ છાપ્યું નથી.)

૨. આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે પ્રકાશક મે. બાલગોવિંદ બુકસેલર્સ, અમદાવાદને ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ યુનિવર્સિટીનાં પ્રકાશનોના વેચાણ માટે વિતરક તરીકે એક વર્ષ માટે નીમવા અને ત્યાર બાદ તેમનું કામ સંતોષકારક લાગે તો વધુ બે વર્ષ માટે નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩. આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી માટે નીચે પ્રમાણે સ્ટીલનું ફર્નિચર ખરીદવું:

ગ્રંથાલય માટે સ્ટીલ ફર્નિચર

ક્રમાંક	વસ્તુનું નામ	નંગ	વેપારીનું નામ	નંગ દીઠ ભાવ રૂ. પૈ.	નોંધ
૧.	સ્ટીલ કબાટ ૭૮" × ૩૬" × ૧૯"	૮	મહારાણીદાસ વલ્લભદાસ	૫૨૫-૦૦	સારી જાતનાં હોવાથી
૨.	સ્ટીલ કબાટ ગ્લાસ ડોર	૧૩	,,	૫૪૫-૦૦	,,
૩.	સ્ટીલ રેક ૭૮" × ૩૬" × ૧૫"	૨૯	રોયલ ફર્નિચર	૧૭૦-૦૦	,,
૪.	લોખંડના ડબલ સ્પેસ ઘોડા	૭	,,	૧,૫૦૦-૦૦	,,

૪. આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી માટે નીચે પ્રમાણે લાકડાનું ફર્નિચર ખરીદવું :

ક્રમાંક	વસ્તુનું નામ	નંગ	વેપારીનું નામ	નંગ દીઠ ₹.	નોંધ
૧.	ટિપોઇ	૧૦	નટવરલાલ એ. ગજ્જર	૭૫-૦૦	સારી જાતનાં હોવાથી
૨.	પ્યૂન સ્ટૂલ	૮	,,	૧૮-૦૦	,,
૩.	સાગી ટેબલ ૭·૩ ૭" ૨·૬"	૪	શ્રી. અંબિકા વૂડન વર્કસ એન્ડ સો મિલ્સ	૨૭૫-૦૦	,,
૪.	સાગી લાકડાનું ટેબલ ૩·૬ ૨ ૨·૬"	૪	ન્યૂ ફર્નિચર માર્ટ	૮૮-૦૦	સારી જાતનાં હોવાથી
૫.	'બી' ટાઈપ બેન્ચ	૮૨	,,	૨૮૦-૫૦	,,
૬.	'સી' ,, ,,	૨૨	,,	૧૯૮-૦૦	,,
૭.	સાગી હાથાવાળી કેઈનની ખુરશી	૭૦	,,	૩૫-૨૦	,,
૮.	કમિટી ટેબલ	૬	મેડોના	૨૧૮-૦૦	,,
૯.	સ્પીકર્સ ડેસ્ક	૧	અંબિકા ફર્નિચર માર્ટ	૫૫-૦૦	,,
૧૦.	ઈઝી ચેર	૧૨	,,	૭૫-૦૦	,,
૧૧.	'એ' ટાઇપ બેન્ચ	૨૨	,,	૧૯૫-૦૦	,,
૧૨.	ગ્લાસ બ્લેક બોર્ડ	૪	,,	૨૧૫-૦૦	,,
૧૩.	રિવોલ્વિંગ બુક સ્ટેન્ડ	૧	,,	૨૧૫-૦૦	,,
૧૪.	સેમિનાર ચેર	૧૦૦	,,	૩૯-૦૦	,,

પરિશિષ્ટ "ધ"
ફરમાન્ય ક્રમાંક ૩૭

નોકરી કરતાં કરતાં અભ્યાસ કરી ખોટી હાજરી પુરાવ્યા બાબતની ફરિયાદ અંગેના કેસો પર વિચારણા કરી રિપોર્ટ કરવા અંગે તા. ૧૩/૧૬-૧૦-૧૯૭૧ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ નીમેલ સમિતિની એક સભા ગુરુવાર, તા. ૨૮-૬-૧૯૭૩ના રોજ બપોરના ૧-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. આર. જી. શાસ્ત્રી	હાજર
૨. શ્રી. કે. એન. શાહ	હાજર
૩. શ્રી. એમ. સી. શાહ	ગેરહાજર.

સભાનું પ્રમુખસ્થાન શ્રી. આર. જી. શાસ્ત્રીએ સંભાળ્યું હતું.

૧. સદરહુ સમિતિની તા. ૮-૭-૧૯૭૨ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી.

૨. ચીફ એકાઉન્ટ્સ ઑફ સેન્ટ્રલ એકસાઈઝ, વડોદરાની ઑફિસમાં નોકરી કરતાં કરતાં ડભોઈની આર્ટ્સ કૉલેજમાં સને ૧૯૭૧-૭૨ના વર્ષમાં થર્ડ બી.એ.ના વર્ગમાં અભ્યાસ કરી ખોટી હાજરી પુરાવીને સત્રો મંજૂર કરાવ્યા અંગેની કુ. ડી. એમ રાણાજી વિરુદ્ધની ફરિયાદ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુ. ડી. એમ. રાણાજીને સમિતિની આગામી સભા સમક્ષ હાજર રહેવા જણાવવું.

૩. આસિ. કલેકટર, સેન્ટ્રલ એકસાઈઝ એન્ડ કસ્ટમ, આણંદની ઑફિસમાં નોકરી કરતાં કરતાં મહેસાણાની કૉમર્સ કૉલેજમાં સને ૧૯૬૯-૭૦ના ગાળામાં સેકન્ડ બી.કૉમ.ના વર્ગમાં ખોટી રીતે હાજરી પુરાવીને સત્રો મંજૂર કરાવીને સદરહુ પરીક્ષા પાસ કર્યા અંગેની શ્રી. ગોવિંદલાલ ઉમેદભાઈ પટેલ વિરુદ્ધની ફરિયાદ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ગોવિંદભાઈ ઉમેદભાઈ પટેલને સમિતિની આગામી સભા સમક્ષ રૂબરૂમાં હાજર રહેવા જણાવવું.

૪. ગુજરાત વિદ્યુત બોર્ડ, ભૂજની ઑફિસમાં નોકરી કરતાં કરતાં ભૂજની આર્ટ્સ કૉલેજમાં ૧૯૭૦-૭૨નાં વર્ષોમાં ફર્સ્ટ બી.એ. તથા સેકન્ડ બી.એ.ના વર્ગોમાં અભ્યાસ કરી ખોટી રીતે હાજરી પુરાવીને સત્રો મંજૂર કરાવ્યા અંગેની શ્રી. હરીશકુમાર એમ. ગોર વિરુદ્ધની ફરિયાદ તથા સિવિલ સર્જનની ઑફિસ, ભૂજમાં નોકરી કરતાં કરતાં ભૂજની આર્ટ્સ કૉલેજમાં સને ૧૯૭૦-૭૨નાં વર્ષોમાં

ફર્સ્ટ બી.એ. તથા સેકન્ડ બી.એ.ના વર્ગોમાં અભ્યાસ કરી ખોટી હાજરી પુરાવીને સત્રો મંજૂર કરાવ્યા અંગેની શ્રી. પી. બી. પાઠક વિરુદ્ધની ફરિયાદ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ કેસ અંગે લંબાણુ ચર્ચાવિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. હરીશકુમાર એમ. ગોર તથા શ્રી. પી. બી. પાઠક વિરુદ્ધ કોઈ પગલાં લેવાં નહીં એમ સિન્ડિકેટને ભલામણ કરવી.
(સમિતિની આ અંગેની નોંધ આ સાથે **પરિશિષ્ટ "અ"** તરીકે સામેલ છે.)

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

* * *

પરિશિષ્ટ "અ"

સમિતિની નોંધ

૧. શ્રી. હરીશકુમાર એમ. ગોર

આ ભાઈનો કૉલેજનો સમય સવારના ૭-૩૦થી ૧૦-૩૦ સુધીનો છે. નોકરીનો સમય ૧૦-૩૦થી ૫-૩૦ સુધીનો છે. કૉલેજ અને નોકરીના સ્થળ વચ્ચેનું અંતર અર્ધો કિલોમીટર છે. કૉલેજમાં ભણવા માટે આ ભાઈએ પરવાનગી પણ માંગેલી છે, જે તેમને મળેલી છે. વધુમાં તેમને નોકરી પર ૧૫ મિનિટ મોડા આવવાની પણ છૂટ મળેલી છે. આ અંગેના આચાર્યશ્રીના તા. ૧-૩-૧૯૭૨ના પત્ર તથા તેઓ જ્યાં નોકરી કરે છે તે ગુજરાત વિદ્યુત બોર્ડના અધીક્ષક ઇજનેરના તા. ૪-૧૨-૧૯૭૨નો પત્ર વંચાણુમાં લેતાં તથા નોકરીનું અને અભ્યાસનું સ્થળ એક જ (ભૂજ) હોવાથી આ ભાઈએ કૉલેજમાં ખોટી રીતે હાજરી પુરાવીને સત્રો મંજૂર કરાવ્યાં હોવાનું આ સમિતિની સભા માનતી નથી, તેથી તેમના વિરુદ્ધ કોઈ પગલાં લઈ શકાય નહીં.

૨. શ્રી. પી. બી. પાઠક

આ ભાઈ ભૂજની સિવિલ સર્જનની ઑફિસમાં નોકરી કરે છે અને ભૂજની આર્ટ્સ કૉલેજમાં અભ્યાસ કરે છે. નોકરીનો સમય ૧૧થી ૬નો છે. કૉલેજનો સમય સવારના ૭-૩૦થી ૧૦-૩૦ સુધીનો છે. નોકરીના સ્થળ અને અભ્યાસના સ્થળ વચ્ચેનું અંતર માત્ર પાંચથી છ મિનિટ સાઇકલ પર કાપી શકાય તેવું છે. આ ભાઈએ ભણવા માટે પરવાનગી પણ માંગેલી છે અને તે પરવાનગી તેમને મળેલ છે. આ અંગેના આચાર્યશ્રીના તા. ૧-૩-૧૯૭૨ના પત્ર તથા સિવિલ સર્જનના. તા. ૧૬-૮-૧૯૭૨ પત્રને વંચાણુમાં લેતાં શ્રી. પી. બી. પાઠકે કૉલેજમાં ખોટી રીતે હાજરી પુરાવી હોય તેમ ફલિત થતું નથી. તેથી તેમના વિરુદ્ધ કોઈ પગલાં ન લેવાં એમ આ સમિતિની સભા માને છે.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૪૦

ગુજરાત યુનિવર્સિટી પુસ્તક નિધિ

નિયમો

(૧) સંલગ્ન કૉલેજોના, માન્ય સંસ્થાઓના અને યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોના શિક્ષકો તેમનાં સંશોધન અને સ્વાધ્યાય સારી રીતે કરી શકે તે માટે અંગત રીતે પુસ્તકો વસાવવા માટે નીચેની શરતોએ આર્થિક સહાય મેળવવાને પાત્ર રહેશે :

(ક) આર્થિક સહાય માટેની અરજી મંજૂર થયેથી શિક્ષકે પોતે પુસ્તકો ખરીદ કરી મૂળ બિલ કે બિલો સહિત પુસ્તકો યુનિવર્સિટી કાર્યાલયમાં રજૂ કરવાનાં રહેશે.

(૨) ઉપર "ક" મુજબ પુસ્તકો સહિત બિલ કે બિલો રજૂ થયેથી કુલ રકમના ૫૦ ટકા પરંતુ કોઈ સંજોગોમાં રૂ. ૧૦૦ (રૂ. એકસો) થી વધુ નહીં તેટલી આર્થિક સહાયની રકમ શિક્ષકોને ચૂકવવામાં આવશે.

(૩) ખરીદાયેલાં પુસ્તકો ઉપર "ગુજરાત યુનિવર્સિટી પુસ્તક નિધિ" એવો સિક્કો લગાડીને પુસ્તકો જે તે શિક્ષકને સુપરત કરવામાં આવશે.

(૪) ખરીદાયેલાં પુસ્તકો અંગેના બિલ કે બિલોમાં અન્ય ખર્ચ જેવાં કે જકાત, વેરા, પોસ્ટેજ વગેરેનો સમાવેશ થયેલો હશે તો તે ખર્ચ શિક્ષકોએ પોતે ઉપાડી લેવાનો રહેશે. પુસ્તકોની ચોખ્ખી કિંમત જ આર્થિક સહાય માટે ધ્યાનમાં લેવામાં આવશે.

(૫) આર્થિક સહાય માટેની અરજીઓ પ્રત્યેક વર્ષે ઑગસ્ટ માસની ૩૧ તારીખ પહેલાં સંલગ્ન કૉલેજો-સંસ્થાઓ-યુનિ. ભવનોને પરિપત્ર કરીને માગવામાં આવશે.

(૬) શિક્ષકોએ તેમની કૉલેજ/સંસ્થાના આચાર્ય/વડા મારફતે નિયત કરેલા અરજીપત્રકમાં અરજી કરવાની રહેશે.

(૭) આ યોજના હેઠળ આર્થિક સહાયનો લાભ પ્રત્યેક શિક્ષકને, જો અન્ય શિક્ષકોની માગણી ન હોય અને જરૂરી રકમની જોગવાઈ થઈ શકે તેમ હોય તો જ, બીજી વાર પણ મંજૂર કરી શકાશે.

(૮) આર્થિક સહાયથી ખરીદેલાં પુસ્તકો વેચી શકાશે નહીં. શિક્ષકને જ્યારે પુસ્તકોની જરૂરત ન હોય ત્યારે આ પુસ્તકો જે તે સંસ્થા/કૉલેજના ગ્રંથાલયમાં સુપરત કરી તેની પહોંચ યુનિવર્સિટી કાર્યાલયમાં રજૂ કરવાની રહેશે.

* * *

ગુજરાત યુનિવર્સિટી પુસ્તક નિધિ
અરજીપત્રક

૧. શિક્ષકનું પૂરું નામ અને અટક :

૨. શૈક્ષણિક લાયકાત :

૩. સંસ્થા કે કૉલેજનું નામ અને હોદ્દો :
(જે સંસ્થા કે કૉલેજમાં જોડાયેલા હોય તે)

૪. શિક્ષણકાર્યનો અનુભવ :

૫. ખરીદવાનાં પુસ્તકોની માહિતી :
(જગ્યા અપૂરતી જણાય તો જુદા કાગળ ઉપર માહિતી રજૂ કરવી.)

પુસ્તકનું નામ	લેખક	પ્રકાશકનું નામ	ચોખ્ખી કિંમત

૬. અગાઉ આ યોજના હેઠળ આર્થિક સહાયનો લાભ મળ્યો છે ? મળ્યો હોય તો કેટલી આર્થિક સહાય મળી હતી ? તે કયારે ? તથા અન્ય વિગતો :

આ યોજના અંગેના નિયમો મેં વાંચ્યા છે અને તે મને કબૂલ મંજૂર છે.

અરજદારની સહી.

શ્રી.....મારી સંસ્થા/કૉલેજમાં કાયમી નોકરી પર ચાલુ અને પૂર્ણ સમયના શિક્ષક છે.

તા. - -૧૯૭ .

કૉલેજના આચાર્ય/ સંસ્થાના વડાની સહી

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૫૦

DEGREE OF THE DOCTOR OF MEDICINE

M.D. Examination

O. 273 :

(*a*) The Degree of Doctor of Medicine shall be conferred by examination with dissertation in the following branches :

I. Medicine and Therapeutics

II. Pathology and Bacteriology

III. Obstetrics, Gynaecology and diseases of the new born

IV. Pharmacology

V. Paediatrics

VI. Anaesthesia

VII. Preventive and Social Medicine

VIII. Physiology

IX. Radiodiagnosis, Radiology

X. Radiotherapy, Radiology

XI. Dermatology

XII. Psychological Medicine

XIII. Occupational Health

(*b*) The Degree of Doctor of Medicine shall be conferred by examination with dissertation in the following branches of speciality :

I. Neurology

II. Cardiology.

O. 274 :

(*a*) Every candidate for the degree of Doctor of Medicine in the branches referred to in the Clause 'A' of Ordinance 273 must have taken the degree of Bachelor of Medicine and Bachelor of Surgery of this University or any University recognised by this University (reciprocity essential).

Such a candidate can appear thereat four academic years or eight academic terms after passing the M.B., B.S. Examination including compulsory rotating Internship period of one year from the date on which he appeared for the examination which he passed.

A post-graduate medical student shall get himself registered within six months of the commencement of his post-graduate course and specify the branch of study for which he wants registration. However, he will be allowed to change the Branch if he so wishes during his rotating regular housemanship in the first year.

(*b*) Every candidate for the degree of Doctor of Medicine in the branches referred to in the clause 'B' of Ordinance 273 must have taken the degree of Doctor of Medicine (General Medicine or Paediatrics only) of this University or any University recognised by this University (reciprocity essential).

Such a candidate can appear thereat two academic years or four academic terms after passing the M.D. (General Medicine or Paediatrics only) Examination.

A post-graduate medical student shall get himself registered within six months of the commencement of his post-graduate course and specify the branch of study for which he wants registration.

O. 282 (VI) :

For the speciality branches of Neurology and Cardiology a student must, after passing M.D. General Medicine or Paediatrics, have held resident appointment for two years Neurology or Cardiology, as the case may be.

M.S. Examination

O. 286 :

(*a*) The Degree of Master of Surgery shall be conferred by examination with dissertation, in the following branches :

I. General Surgery
II. Oto-rhino-laryngology
III. Orthopaedics
IV. Ophthalmology
V. Anatomy

(*b*) The Degree of Master of Surgery shall be conferred by Examination with dissertation in the following Branches of speciality :

I. Neurosurgery,
II. Cardiothoracic Surgery
III. Genito Urinary Surgery
IV. Plastic Surgery.

O. 287 :

(*a*) Every candidate for the Degree of Master of Surgery in the branches referred to in Clause 'A' of Ordinance 286 must have taken the Degree of Bachelor of Medicine ond Bachelor of Surgery of this University or any University recognised by this University (reciprocity essential). Such a candidate can appear thereat four academic years or eight academic terms after passing the M.B.,B.S. Examination including compulsory rotating Internship period of one year from the date on which he appeared for the examination which he passed.

A post-graduate medical student shall get himself registered within six months of the commencement of his post-graduate course and specify the branch of study for which he wants registration. However, he will be allowed to change the Branch if he so wishes during his rotating regular housemanship in the first year.

(*b*) Every candidate for the Degree of Master of Surgery in the branches referred to in the Clause 'B' of Ordinance 286 must have taken the M.B.,B.S. Degree of this University or an examination of any other University recognised equivalent thereto (reciprocity essential) by this University. Such a candidate can appear thereat six years or twelve academic terms after (including compulsory

rotating internship period of one year) from the date on which he appeared for the examination which he passed, provided that a candidate who has previously passed M.D. or M.S. Examination in the following branches can appear in the Branch of speciality shown against them 2 years or four academic terms after passing the examination :

Prior requirement	*Branch Speciality*
M.S. (Surgery) or M.S. (Orthopaedics)	Neurosurgery
M.S. (Surgery)	Cardiothoracic Surgery
M.S. Surgery or M.D. (Obst. & Gynaec.)	Genito Urinary Surgery
M.S. (Surgery) or M.S. (Orthopaedics)	Plastic Surgery

A Post-graduate medical student shall get himself registered within six months of the commencement of his post-graduate course and specify the branch of study for which he wants registration.

O. 295 (VI) :

If a student seeks admission after passing M.B., B.S. Examination in the speciality branch of Neurosurgery, Cardiothoracic Surgery, Genito Urinary Surgery or Plastic Surgery, he must hold resident appointment for a whole year in General Surgery or six months in General Surgery and six months in a subject allied to General Surgery and two years in Neurosurgery, Cardiothoracic Surgery, Genito Urinry Surgery or Plastic Surgery as the case may be.

If a student seeks admission after passing M.D. or M.S. (with requisite prior qualifications) Degree Examination in the speciality branch of Neurosurgery, Cardiothoracic Surgery, Genito Urinary Surgery or Plastic Surgery, he must held resident appointment for two years in Neurosurgery, Cardiothoracic Surgery, Genito Urinary Surgery or Plastic Surgery as the case may be.

પરિશિષ્ટ "બ"
કામકાજ ક્રમાંક ૫૧

Medical Faculty — Teaching Experience

Post	*Academic Qualification*	*Subject*	*Teaching Experience*
Professor or Associate Professor	D.M. (Neurology) after M.D. Medicine, Speciality Board of Psychiatry and Neurology (U.S.A.) *OR* M.D. (Medicine) M.R.C.P. *or* an equivalent qualification in Medicine with two years special training in Neurology.	Neurology	As Associate Prof., Professor or Lecturer in Neurology for 5 years in a Medical College after requisite post-graduate qualification.
Asst. Professor, Full-time Lecturer, Hon. Tutors	—do—		As Registrar or an equivalent Post in Neurology for at least 3 years in teaching institution.
Professor or Associate Professor	D.M. (Cardiology) after M.D. in (Medicine) *OR* M.D. (Medicine) M.R.C.P., *or* an equivalent qualification in Medicine with two years special training in Cardiology	Cardiology	As Associate Prof., as Asst. Prof. or Lecturer in Cardiology for 5 years in a Medical College after requisite post-graduate qualification.
Asst. Prof., Full-time Lecturer, Hon. Tutors	-do-		As Registrar or an equivalent Post in Cardiology for at least 3 years in teaching institution.

Post	*Academic Qualification*	*Subject*	*Teaching Experience*
Profesor *or* Associate Professor	M.Ch. in the Speciality concerned after M.S., F.R.C.S. *or* M.S. / F.R.C.S. or an equivalent qualification in Surgery with two years special training in the speciality concerned or speciality Board (U.S.A.) in the speciality concerned	Thoracic Surgery, Neuro surgery, Plastic Surgery, Genito Urinary Surgery	As associate Professor, Assistant Professor or Lecturer for respective subjects for 5 years in a Medical College after requisite Post-graduate qualification.
Asst. Prof., Full-time Lecturer, Hon. Tutors	-do-		As Registrar or an equivalent Post in the respective subjects or allied subjects for at-least 3 years in teaching institution.

પરિશિષ્ટ "ઝ"

કામકાજ ક્રમાંક ૭૬

ગુજરાત યુનિવર્સિટી કાયદાના શેડયુલ ૨ ના સ્ટેઅૂટ ૬ અન્વયે બોર્ડ ફોર સ્ટુડન્ટસ વેલ્ફેર પરની વિદ્યાર્થી સભ્યોની ચૂંટણી માટેનું ઉમેદવારીપત્ર

[૧] (અ) (૧) ઉમેદવારનું પૂરું નામ .....
(અટકથી શરૂ કરીને)

(૨) ઉમેદવારની જાતિ (પુરુષ કે સ્ત્રી) .....

(૩) ઉમેદવારની જન્મતારીખ (ઉંમર વર્ષ પૂરાં) .....

(બ) કૉલેજ / સંસ્થા / અનુસ્નાતક વિદ્યાભવનનું નામ .....

(ક) ઉમેદવારે એસ.એસ.સી. પરીક્ષા અથવા તેની સમકક્ષ જે પરીક્ષા ઉત્તીર્ણ કરી હોય તે પરીક્ષા ઉત્તીર્ણ કર્યાનો મહિનો અને વર્ષ .....

[૨] (અ) ઉમેદવાર માટે પ્રસ્તાવ મૂકનાર ..... વિદ્યાર્થીનું પૂરું નામ (અટકથી શરૂ કરીને)

(બ) કૉલેજ / સંસ્થા / અનુસ્નાતક વિદ્યાભવનનું .....

(ક) પ્રસ્તાવ મૂકનારની સહી .....

[૩] (અ) ઉમેદવાર માટે ટેકો આપનાર..... વિદ્યાર્થીનું પૂરું નામ (અટકથી શરૂ કરીને)

(બ) કૉલેજ / સંસ્થા / અનુસ્નાતક વિદ્યાભવનનું નામ .....

(ક) ટેકો આપનારની સહી .....

(નોંધ.—ઉમેદવાર માટે પ્રસ્તાવ મૂકનાર તથા ટેકો આપનાર વિદ્યાર્થીઓ ઉમેદવારની કૉલેજ/સંસ્થા/અનુસ્નાતક વિદ્યાભવનના વિદ્યાર્થીમંડળના સભ્ય હોવા જરૂરી છે.)

(ઉલટાવો

ઉમેદવારની જાહેરાત

આથી હું પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કરું છું કે :

૧. એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષામાં.....(માસ) ૧૯.....(વર્ષ)માં હું ઉત્તીર્ણ થયો છું અને ચાલુ વર્ષે તારીખ ૧૫મી જુલાઈ ૧૯૭૩ના રોજ કે તે પહેલાં હું ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન.....
કૉલેજ/માન્ય સંસ્થા કે યુનિવર્સિટીના વિદ્યાભવનમાં.....વર્ગમાં જોડાયો છું.

૨. મારી ઉમેદવારી માટે મારી અનુમતિ છે.

સ્થળ :

તારીખ — —૧૯૭ .

.....
ઉમેદવારની સહી

આચાર્યશ્રી/અધ્યાપકશ્રીનું પ્રમાણપત્ર

આથી હું પ્રમાણિત કરું છું કે ઉમેદવાર મારી કૉલેજ/સંસ્થા/અનુસ્નાતક ભવનમાં ચાલુ વર્ષે ૧૫મી જુલાઈ ૧૯૭૩ સુધીમાં વિદ્યાર્થી તરીકે જોડાયો છે તથા ઉમેદવારે તેના ઉમેદવારીપત્રમાં જણાવેલ પરીક્ષા ઉત્તીર્ણ કરી છે. તેમની જન્મતારીખ અંગેની તથા અન્ય વિગતો મેં ચકાસી છે અને તે બરાબર માલૂમ પડી છે.

તા. — —૧૯૭ .

કૉલેજ/સંસ્થા/અનુસ્નાતક
વિદ્યાભવનનું નામ

.....
આચાર્ય/સંસ્થાના વડા/અનુસ્નાતક
ભવનના અધ્યક્ષની સહી

પરિશિષ્ટ "૨"

કામકાજ ક્રમાંક ૮૩

O. 47 :

There shall be a Board of Extra-mural Studies constituted as follows :

(1) The Vice-Chancellor (Chairman),

(2) The Rector, if any,

(3) The Director of Education or his nominee,

(4) One representative each of (*i*) Gujarat Research Society, (*ii*) Gujarat Vidya Sabha, (*iii*) Gujarat Vidyapeeth,

(5) Two members nominated by the Syndicate from among the representatives of the Municipal School Boards and District School Boards on the Senate of this University, one each,

(6) Seven other members nominated by the Syndicate, not less than three of whom shall be from the Academic Council,

(7) One member nominated by the Syndicate from among the representatives of the Labour Unions on the Senate.

O. 48 :

The nominated members of the Committee shall hold office for three years.

O. 49 :

The Board of Extra-mural Studies shall have the following powers :

(1) To make necessary arrangements for the instruction, provided for under Ordinance 50.

(2) To fix conditions for the admission of students and the payment of fees, if any.

(3) To grant certificates to persons who have satisfactorily completed a course of lectures on some subject or subjects approved by the Board, and have passed an examination in it, if any, held by the Board.

(4) To arrange for the writing and publication of popular books on topics of general interest.

પરિશિષ્ટ "ઠ"
કામકાજ ક્રમાંક ૮૪

O. 62 – C :

A member elected, nominated or appointed on the Boards, Committees or Bureau under the Ordinances mentioned below shall cease to be member of the Board, Committee or Bureau of which he is a member, if he fails to attend three consecutive meetings of the Board, Committee or Bureau, as the case may be :

1. Seven persons appointed by the Executive Council under O. 1 (*iv*) on the University Publication Board.

2. Four persons appointed by the Executive Council under O. 7 on the University Board of Sports.

3. Four persons appointed by the Executive Council under O. 33 (*iv*) on the University Building Committee.

4. Six members appointed by the Executive Council under O. 37 on the Grants Utilization Committee.

5. Members appointed by the Executive Council one to represent each faculty under O. 41 on the Foreign Universities Information Bureau.

6. Eight members appointed by the Executive Council under clause (*iii*) of O. 58 of the Employment Bureau.

પરિશિષ્ટ "ડ"
કામકાજ ક્રમાંક ૮૮

એકિઝકયુટિવ કાઉન્સિલની વરણીસમિતિની એક સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧૦–૮–૧૯૭૩ના રોજ બપોરના ૩–૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં ઇલેકટ્રોનિકસ એન્જિનિયરની જગ્યા માટે ઉમેદવારોની મુલાકાત લેવા માટે મળી હતી. કુલપતિ શ્રી. એન. એમ. મિયાભાઈએ પ્રમુખસ્થાન લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. એન. એમ. મિયાભાઈ, કુલપતિશ્રી	હાજર
૨. શિક્ષણ સંચાલકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩. શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર
૪. આચાર્યશ્રી સી. એસ. શાહ	ગેરહાજર
૫. શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરી	ગેરહાજર
૬. ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	ગેરહાજર
૭ શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	ગેરહાજર
૮. શ્રી. ઝીણાભાઇ રતનજી દેસાઇ	ગેરહાજર
૯. શ્રી. હીરાલાલ એચ. ભગવતી	ગેરહાજર
૧૦. શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૧. શ્રી. પ્રફુલ્લચંદ્ર સી. શાહ	ગેરહાજર
૧૨. ડૉ. એમ. એન. દેસાઈ	ગેરહાજર
૧૩. પ્રો. કે. એસ. શાસ્ત્રી	ગેરહાજર
૧૪. પ્રો. ડી. એન. પાઠક	ગેરહાજર
૧૫ ડૉ. ધીરુભાઈ પી. ઠાકર	ગેરહાજર
૧૬. આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	ગેરહાજર
૧૭. ડૉ. એલ. ડી. દવે	ગેરહાજર

ઇલેકટ્રોનિકસ એન્જિનિયરની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. એમ. બી. પાટીલ	ગેરહાજર
૨. શ્રી. પી. એલ. કુલકર્ણી	હાજર
૩. શ્રી. પી. બી. એકન્ડે	ગેરહાજર
૪. શ્રી. બી. કે. દાસ	ગેરહાજર
૫. શ્રી. જે. આર. પટેલ	ગેરહાજર

નિષ્ણાત તરીકે ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઑર્ગેનાઇઝેશનના અધ્યક્ષ ડૉ. એ. પી. એન. કલ્લા, ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર શ્રી. પી. ડી પાઠક તથા રીડર ડૉ. કે. એમ. કોટડિયા હાજર રહ્યા હતા.

હાજર રહેલા ઉમેદવારની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

આથી ભલામણ કરવામાં આવે છે કે સ્પેસ સાયન્સીઝ ઍન્ડ ઍપ્લિકેશન્સના કેન્દ્ર માટે ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયરની જગ્યા પર શ્રી. પી. એલ. કુલકર્ણીને, જો તેઓ એમ.ઈ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ જાહેર થાય તો, શરૂઆતના મૂળ માસિક પગાર રૂ. ૪૦૦થી રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભો. કે. શાહ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ણ"
કામકાજ ક્રમાંક ૯૩

University Grants Commission,
Bahadur Shah Zafar Marg,
New Delhi-1, Dated 10 May, 1973.

No. F.3-24(1)/73(SI)

The Registrar,
Gujarat University,
Ahmedabad-9.

Sub.—Orientation Course in Economics in the Faculty of Commerce.

Sir,

I am directed to invite your kind attention to this office letter of even number dated the 5th May, 1973 conveying the approval of the Commission towards the organisation of four Refresher Courses in (*i*) Accountancy, (*ii*) Economics, (*iii*) Sociology and (*iv*) Linguistics upto a maximum of Rs. 2,000/- (for each course) on sharing basis i.e. 50 : 50 and to say that the letter under reference also disposes of your letter No. Gen/227/44269 and 44471 of 28th and 30th May, 1973, respectively.

Yours faithfully,

Y. D. Sharma
Education Officer.

* * *

No. F.3-24(1)/73(SI)

University Grants Commission
Bahadur Shah Zafar Marg
New Delhi-1, Dated 5 May, 1973.

The Registrar,
Gujarat University,
Ahmedabad-9.

Sub.—Refresher courses in (*i*) Accountancy, (*ii*) Economics, (*iii*) Sociology, and (*iv*) Linguistics.

Sir,

With reference to your Vice-Chancellor's letter No. VC/UGC/1972 dated the 30th December, 1972 addressed to the Chairman, University Grants Commission on the above subject, I am directed to say that the Commission has agreed to provide assistance for organising four refresher course of six days' duration, of 50 participants each, in the subjects of Accountancy, Economics, Sociology and Linguistics. The expenditure for each of these four courses may not exceed Rs. 4,000/- and the Commission will provide a grant to cover 50% of the actual expenditure in this regard. The other 50% expenditure will have to be met by the University out of its own resources or with the help of the State Government.

The prescribed application form for each of the Refresher Course may please be sent duly filled in alongwith the details in confirmity with the norms laid down by the Commission (copy enclosed).

The exact dates of the proposed Refresher Courses may also be intimated to the Commission.

Yours faithfully,
Y. D. Sharma
Education Officer.

પરિશિષ્ટ "ત"
કામકાજ ક્રમાંક ૧૦૯

GUJARAT UNIVERSITY

ELECTION TO THE UNIVERSITY COURT

Form of Nomination Paper

Name of the Electoral Body and Faculty, if any, to represent which the candidate is nominated (Please see the Note below) : _____

_____

Faculty, if any :_____

Name of the Candidate in block capital letters (as on the roll) : _____

_____

Candidate's roll number : _____

Candidates's designation, if any : _____

Candidate's address _____

_____

Name of the Proposer : (as on the roll) _____

Proposer's roll number : _____

Proposer's designation, if any : _____

Proposer's address : _____

_____

Proposer's signature : _____

Name of the Seconder : (as on the roll) _____

Seconder's roll number : _____

Seconder's designation, if any : _____

Seconder's address : _____

_____

Seconder's signature : _____

Date : _____

Declaration by the candidate

I hereby declare that I consent to this nomination.

*I also declare that I have not given my consent to my being nominated under any other Faculty, if any, from the same constituency.

**I also declare that I have teaching experience (as shown on the reverse) of †$\frac{\text{10 years and above}}{\text{less than 10 years}}$ in a college or any University established by law in the state.

I also further declare that I am neither a Dean of the faculty nor a Principal of a college.

Place :

Date :

Signature of the candidate,

Details of Teaching experience

Sr. No.	*Name of the College / Institution / Uni. Dept.*	*University*	*From*	*To*	*Total No. of years and months*
1					
2					
3					
4					

* This applies to Constituency of Registered Graduates only.

**This applies to contituency of Teachers only.

† Strike out which is not applicable.

Note.—The nomination paper must be forwarded to the Registrar so as to reach him *not later than* 4 *p.m.* on the day notified as the last day for receipt of nominations in respect of any particular election.

પરિશિષ્ટ "થ"

કામકાજ ક્રમાંક ૧૧૨

સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂનવિષયક (Legal) સમિતિની એક સભા, ગુરુવાર, તા. ૧૯–૭–૧૯૭૩ના રોજ ૫–૩૦ વાગ્યે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. નોમાનભાઈ એમ. મિયાભાઈ, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૩. શ્રી. ચંદ્રકાન્ત ટી. દરૂ	ગેરહાજર
૪. શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	હાજર
૫. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૬. આચાર્ય વી. આર. રણુદીવે	ગેરહાજર
૭. આચાર્ય ડી. ડી દેસાઈ	હાજર.

આ સમિતિની સભા તાત્કાલિક બોલાવવાની જરૂર ઊભી થઈ હોવાથી સ્થાનિક સભ્યોનો ટેલિફોન ઉપર તથા રૂબરૂમાં સંપર્ક સાધવામાં આવ્યો હતો અને આચાર્યશ્રી વી આર. રણુદીવેનો ટ્રંકકોલ દ્વારા નડિયાદ સંપર્ક સાધવામાં આવ્યો હતો અને ટેક્ષી દ્વારા આવી અત્રે સભામાં હાજરી આપે એવી વિનંતી કરવામાં આવી હતી.

સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. એન. એમ. મિયાભાઈએ સંભાળ્યું હતું.

૧. આ સમિતિની તા. ૧૧–૭–૧૯૭૩ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૧૧–૭–૧૯૭૩ની સભાની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કોર્ટ ઉપરની ચૂંટણીમાં યુનિવર્સિટી એક્ટની કલમ ૧૬(૧) Class II (A)–સબકલોઝ ૮ અન્વયે સંલગ્ન કોલેજોના શિક્ષક મતદાર મંડળની ચૂંટણીની બાબતમાં ભવનના કેટલાક શિક્ષકો તરફથી નામદાર ગુજરાત હાઈકોર્ટમાં એક રિટ અરજી થઈ હતી તેની સુનાવણી તા. ૧૮–૭–૧૯૭૩ના રોજ પલ્લા બાદ નામદાર હાઈકોર્ટે તેમાં મજકૂર કલમના Class II (A)–સબકલોઝ ૮માં of affiliated collegesના શબ્દો રદ કરવા અંગે ભારતના બંધારણની કલમના સંદર્ભમાં ચુકાદો આપ્યો છે તે મજકૂર ચુકાદા અંગે તથા સ્ટેચ્યૂટ ૮ તથા સ્ટેચ્યૂટ ૧૦ના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

This meeting of the Legal Committee considered the situation arising out of the order dated 18-7-1973 in Special Civil Application No. 591 of 1973 of the Hon'ble High Court in the matter of election of 42 representatives of teachers on the Court of the University under sub-section (*viii*) of Section 16 of the Gujarat University Act as amended by the Gujarat Act No. 6 of 1973 and considered, in the light of Section 16(1), Class II(*A*) (*viii*), and Statutes No. 8 and 10 and Section 55, sub-clauses (2) and (3) other relevant provisions of the Act, question as to whether the election of the 42 members as mentioned above should be proceeded with or not. The Committee decided that—

(1) the present schedule and time-table of election be adhered to in regard to the constituency of teachers; and

(2) a suitable representation be made to the State Government explaining the position and requesting them to undertake well before 5th August 1973 i.e., the date of the election fixed for the constituency of teachers such legislation as they deem proper including, if necessary, extension of time limit of six months specified in Section 55 so as to enable the teachers of the University Departments and also the teachers of the recognised Institutions to exercise their right to vote as well as to stand as candidates for the purpose of fully constituting to Court immediately after the commencement of the Gujarat Act No. 6 of 1973.

તે પછી રાજ્ય સરકારને લખવા માટેના વિજ્ઞપ્તિપત્રના મુસદ્દાને મંજૂરી આપવા માટે આ સમિતિની સભા તા. ૨૩-૭-૧૯૭૩ના રોજ બોલાવવાનું ઠરાવવામાં આવ્યું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

શ. પૂ. મેઢ
કુલસચિવ વતી.

* * *

સ્થાયી કાનૂનવિષયક (Legal) સમિતિની તા. ૨૧-૭-૧૯૭૩ની સભાની કાર્યવાહીની નોંધ

સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂન વિષયક (લિગલ) સમિતિની એક સભા શનિવાર, તા. ૨૧-૭-૧૯૭૩ના રોજ ૫-૦૦ વાગ્યે મળી હતી જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. નોમાનભાઈ એમ. મિયાભાઈ (કુલપતિશ્રી)	હાજર
૨. શ્રી. બટુભાઈ હ દેસાઈ	ગેરહાજર
૩. શ્રી. ચંદ્રકાન્ત ટી. દરૂ	ગેરહાજર
૪. શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	હાજર
૫. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૬. આચાર્ય વી. આર. રણદીવે	ગેરહાજર
૭. આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર.

આ સમિતિની સભા તાત્કાલિક બોલાવવાની જરૂર ઊભી થઈ હોવાથી સ્થાનિક સભ્યોને ટેલિફોન ઉપર તથા રૂબરૂમાં સંપર્ક સાધવામાં આવ્યો હતો, જ્યારે આચાર્યશ્રી વી. આર. રણદીવેને તારથી જાણ કરવામાં આવી હતી.

સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી એન. એમ. મિયાભાઈએ સંભાળ્યું હતું.

૧. આ સમિતિની તા. ૧૯-૭-૧૯૭૩ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૧૯-૭-૧૯૭૩ની સભાની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. તા. ૨૦-૭-૧૯૭૩ના રોજ યુનિવર્સિટી કાયદાની કલમ ૧૬(૧) કલાસ ૨(અ)(VIII) અન્વયે શિક્ષક મતદાર મંડળની ચૂંટણી બાબતમાં એક રિટ અરજી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થઈ છે તેમાં નીચે જણાવ્યા મુજબ હાઈકોર્ટ તરફથી કામચલાઉ મનાઈહુકમ આવ્યો છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

CORAM : DIVAN C. J. & P. D. DESAI J.

20-7-1973

Rule returnable on 23-7-1973. Interim injunction restraining the Respondents from proceeding with the election of the Court of the University or with any stage thereof, so far as the election from the "Teachers" constituency is concerned except in accordance with the provisions of S. 16 and Statute 10 as they stand after the order of this Court in Spl. C.A. 591/1973 pronounced on 18-7-1973.

Mr. Shelat on behalf of Respondents 1 to 3 waives service.

ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે ગુજરાત હાઈકોર્ટનો મનાઈહુકમ જોતાં યુનિવર્સિટી કાયદાની કલમ ૧૬ (૧)-કલાસ ૨ (અ) (VIII) અન્વયે શિક્ષક મતદાર મંડળની ચૂંટણી અંગેની આગળની કાર્યવાહી (નવાં ઉમેદવારીપત્રો સ્વીકારવાની પ્રક્રિયા સહિત) હાલ સ્થગિત કરવી.

સદરહુ રિટ અરજીની સુનાવણીના સંદર્ભમાં શિક્ષક મતદાર મંડળની ચૂંટણી અંગે જે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી તે આ મનાઈહુકમ મળતાં સુધી શા માટે રદ કરવામાં આવી નહોતી તે બાબતમાં યુનિવર્સિટીનું દષ્ટિબિંદુ, ગુજરાત યુનિવર્સિટી ધારાની સુધારેલી કલમ નં. ૫૫માં નિર્દિષ્ટ ૬ માસની સમયમર્યાદામાં યુનિવર્સિટીનાં સત્તામંડળોની રચના કરવાની વૈધાનિક જવાબદારી (Statutory liability) મતદારોની પ્રકાશિત યાદીમાં સુધારાવધારા કરવા માટેની સ્ટે. ૫૫(૩) હેઠળની નિયત તારીખ (તા. ૧૦ મી જુલાઈ, ૧૯૭૩) વીતી ગયેલી છે તે હકીકતના સંદર્ભમાં માનનીય વડી અદાલતને સમજાવવા માટે વકીલ શ્રી સુરેશભાઈ શેલતને સૂચના આપવી અને જણાવવું કે આ બાબતમાં વડી અદાલતનો નિર્ણય થયેથી તેનો અમલ કરવામાં આવશે.

આ અંગેની ચૂંટણી મોકૂફ રાખવી પડી તેથી યુનિવર્સિટી કોર્ટ તથા એકિઝકયુટિવ કાઉન્સિલ સહિત બીજાં સત્તામંડળોની રચના કરવામાં વિલંબ થાય તેમ હોઈ સુધારેલા ધારાની કલમ ૫૫ હેઠળ નિયત કરવામાં આવેલી ૭ માસની સમયમર્યાદામાં જરૂરી સુધારો કરવા માટે ઘટતી કાર્યવાહી કરવા માટે ગુજરાત રાજ્ય સરકારશ્રી સમક્ષ વિનંતી કરવી જોઈશે.

૩, રાજ્ય સરકારને લખવા માટેના વિજ્ઞપ્તિપત્રના મુસદ્દાને મંજૂરી આપવા માટે તા. ૨૩-૭-૧૯૭૩ની રાખવામાં આવેલી, આ સમિતિની સભા હવે બોલાવવાની જરૂર નથી તેમ ઠરાવવામાં આવ્યું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

બી. કે. શાહ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "દ"
કામકાજ ક્રમાંક ૧૨૬

સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂન વિષયક (Legal) સમિતિની એક સભા શુક્રવાર, તા. ૧૦–૮–૧૯૭૩ના રોજ ૫–૦૦ વાગ્યે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧.	શ્રી. નોમાનભાઈ એમ મિયાભાઈ, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. બટુભાઈ હ. દેસાઈ	ગેરહાજર
૩.	શ્રી. ચંદ્રકાંત ટી. દરૂ	ગેરહાજર
૪.	શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	હાજર
૫.	આચાર્યશ્રી એમ. એસ. પંડિત	ગેરહાજર
૬.	આચાર્યશ્રી વી. આર. રણદીવે	હાજર
૭.	આચાર્યશ્રી ડી. ડી. દેસાઈ	હાજર

સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. એન. એમ. મિયાભાઈએ સંભાળ્યું હતું.

૧. આ સમિતિની તા. ૨૧–૭–૧૯૭૩ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૨૧-૭-૧૯૭૩ની સભાની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. ડેન્ટલ કૉલેજ, અમદાવાદના ડૉ. સી. પી. બોઘાણીના તા. ૩૦–૭-૧૯૭૩ના પત્રમાં કરવામાં આવેલ નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

" When the provision of including teachers of the various University Departments is to be made in the light of the judgment of the High Court, the sub-section (*viii*) of section 16(1) Class II(A) may also be suitably amended giving effect that teachers be elected on the Court faculty-wise instead of leaving it open by the ' manner specified in the Statutes '."

ઠરાવ :

The letter dated 30–7–1973 of Prof. Boghani was read out and its contents noted and considered. The problem posed in the letter is that clause (*viii*) of (A) under the heading Class II–Ordinary Members of sub-section (1) of Section 16 of the Act should be amended so that election of teachers of the University (excluding Deans of Faculties and Principals of Colleges) could be held Faculty-wise. This is a matter of policy on which the final authority is the Legislature. Under the Act as it is at present, it is quite clear that there is only one constituency or electrorate of teachers which is required to elect 42 members

on the Court "from amongst themselves". Therefore, this Committee has no opinion to express on the above problem.

The letter received from the Secretary of the Chancellor enclosing a copy of Prof Boghani's letter was also placed before the Committee and it was resolved that the Vice-Chancellor may offer his remarks on the same in the light of the resolution passed.

૧૯૭૩ના ગુજરાત એક્ટ નં. ૬થી સુધારવામાં આવેલી, એકિઝકયુટિવ કાઉન્સિલની સત્તાઓ અંગેની નીચેની કલમ ૨૦ (૨૧) (સી) અન્વયે કોઈ સંલગ્ન કૉલેજ જોડાણની શરતોના પાલનમાં કસૂર કરે તો તેની કૉલેજને અપાતી આર્થિક સહાય બંધ કરવા અથવા ઘટાડવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવાની જે જોગવાઈ છે તેનો અમલ, સુધારેલો ધારો અમલમાં આવ્યો તે પૂર્વે એટલે કે ૧૨મી માર્ચ ૧૯૭૩ પહેલાં જોડાણની શરતોના પાલનમાં કરેલ કસૂર (default) માટે સદરહુ જોગવાઈ લાગુ પાડી શકાય જે અંગે વિચારણા કરવા બાબત :

Section 20(XXI)(C) :

"To recommend to the State Government withdrawal or reduction of a grant to a college which makes default in carrying out the conditions of affiliation."

ઠરાવ :

The problem posed in item No. 3 has many facets. Each facet requires separate consideration and merits a separate reply. The various facets which could arise and answers which could be given are as follows :

(1) Before the Executive Council makes a recommendation to the Government in terms of Section 20 sub-section (*xxi*) (*c*), it is necessary that the college concerned must have made a default in a condition of its affiliation. Unless there is such a default, the Executive Council cannot take any decision in the matter;

(2) A condition of affiliation may be broken either before the Amending Act or thereafter;

If the condition is broken after the Amending Act, the Executive Council has got the power of making the recommendation under clause (*c*) above;

(3) If the condition was broken before the Amending Act was passed, the problem raised would assume a different colour. One view, which is propounded by Mr. Zaveri, is that, even in such a case, a recommendation can be made by the Executive Council and the question of retrospective operation of the above clause or violation of Article 20 of the Constitution does not arise. According to him, these two questions can arise only, if

withdrawal or reduction of grant is considered to be an act of punishment. Moreover, he says that a breach of condition of affiliation in all cases should be considered a continuous breach. The opposite view was propounded by Principals D. D. Desai and V. R. Randive. Their view was that withdrawal or reduction of grant is nothing short of punishment and it will be most improper for the Executive Council to make a recommendation which on the face of would amount to a breach of Ordinary or Constitution Law. According to them, such a recommendation will be fatuous. They say that the Amending Act has no retrospective effect, and cannot be invoked for the purposes of remedying a breach which has already taken place. Moreover, a further question is involved in the above problem.

If the view is not correct that the dismissal of a teacher or termination of his services is not a continuous act, then, the question will have to be examined as to whether the contract of service had not terminated before the Amending Act, was passed. If the contract of service had terminated, there is no relationship of master and servant between the teacher and his employer. Then there is no provision in the Amending Act by which that position can be reviewed after the passing of the Amending Act.

(4) A further question which arises is whether under the previuus Law termination of contract does or does not amount to a breach of condition of affiliation. This, in the first instance, will be a question of fact which will have to be determined with reference to Ordinance No. 120-D and/or other relevant provisions under the University Law. The Committee understands that these provisions have been challenged as ultravires and therefore are sub-judice. Therefore, the Committee is not competent to express any opinion on the subject and does not, therefore, express an opinion on the vires of the above provisions. However, if the aforesaid provisions are held to be ultravires, then, according to the majority view, the problem will have to be solved in accordance with the opinion expressed hereinbefore by the majority and, according to the minority view, in accordance with the opinion expressed by Mr. Zaveri.

(5) Having regard to the above considerations, the Committee is of the opinion that each case should be considered on its own merits and decision taken in accordance with the view which brevails with the Executive Council on the problems set hereinbefore.

૪ ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા કાયદા મુજબ વિદ્યાશાખાઓ નવી રચાય તે પછી પણ તેના આ અધ્યક્ષો પોતાની મુદત પર્યન્ત ચાલુ રહેશે તો તે મુદત પૂરી થયા પછી જે તે વિદ્યાશાખાના નવા ચૂંટાયેલા અધ્યક્ષ પોતાનું પદ ગ્રહણ કરી શકે કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ :

Whilst considering the item No. 4 on the agenda, it was clarified that the problem posed was with special reference to the continuance of the post of the Dean of a Faculty after 12 September 1973. One possible view is that the Deans of a Faculty continues to occupy that position even after the date till the expiry of one year from the date of his appointment as provided for in Statute No. 107. The other view was that though under Section 8 sub-clause (*iv*), the Dean is an officer of the University and though there is no specific provision in Section 55 sub-section (2) as enacted in Schedule II, regarding the termination of his office, the true position of a Dean is that he becomes a Dean because of his position as a member of the Faculty. Therefore, the correct position is that the office of the Dean has no independent existance apart from his membership in the Faculty, and that, therefore, under the impact of the provision of Sec. 55 sub-section (1), the Dean also will cease to be a member of the Faculty, and, therefore, he cannot have an idependent existance under Sec. 8 sub-clause (*iv*) when the Faculty ceases to function. The Committee considered both the above positions and, unanimously, came to the conclusion that the better view is that the Dean also ceases to be a Dean since the authority, viz., the Faculty ceases to function after 12 September 1973. Therefore, eventhough a Dean may not have finished his term on the later date, he would cease to be one on the new Faculty being constituted.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

બો. કે. શાહ
કુલસચિવ વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯

ગુ.યુ.પ્રેસ ૬૨૪—૪૫૦—'૭૩

બાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલની સપ્ટેમ્બર માસની સભા, શનિવાર, તા.૮—૯-૧૯૭૩ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. નોમાનભાઈ મહંમદભાઈ મિયાંભાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૮—૯—૧૯૭૩
૧.	શ્રી. નોમાનભાઈ મહંમદભાઈ મિયાંભાઈ, કુલપતિ	હાજર
૨.	શ્રી. સી. સી. ડૉક્ટર, શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	આચાર્ય સી. એસ. શાહ	ગેરહાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૭.	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૮.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૯.	શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	હાજર
૧૦.	શ્રી. હીરાલાલ એચ. ભગવતી	હાજર
૧૧.	શ્રી. પ્રફુલચંદ્ર સી. શાહ	હાજર
૧૨.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૩.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૪.	પ્રો. દેવવ્રત એન. પાઠક	હાજર
૧૫.	આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	હાજર
૧૬.	આચાર્ય ડૉ. લક્ષ્મીપ્રસાદ ધનશંકર દવે	ગેરહાજર
૧૭.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર
૧૮.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. તા. ૧૧-૮-૧૯૭૩ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની નોંધને મંજૂર કરવા બાબત.

એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૧-૮-૧૯૭૩ના રોજ મળેલી સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) બાબત ક્રમાંક ૨૧ પરનો પેટાઠરાવ (૧) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

"આથી ઠરાવવામાં આવે છે કે અર્થશાસ્ત્રના રીડરની જે જગ્યા ભરવાની છે તે જગ્યા માટે અર્થશાસ્ત્રના કયા વિભાગના નિષ્ણાતની જરૂર છે તે ધ્યાનમાં લઈને તે વિષયના નીચેની વ્યક્તિઓ પૈકી સંબંધકર્તા નિષ્ણાતોનો સમાવેશ થાય તે પ્રમાણે વરણી સમિતિ નીમવા કુલપતિશ્રીને સત્તા આપવી :

૧. ડૉ. ડી. ટી. લાકડાવાળા
૨. પ્રો. એમ. ડી. દેસાઈ
૩. પ્રા. સેમ્યુલ પૉલ
૪. ડૉ. બ્રહ્માનંદ
૫. ડૉ. વાય. કે. અલઘ
૬. ડૉ. જે. ડી. શેઠી."

(૨) બાબત ક્રમાંક ૩૫ પરનો પેટાઠરાવ (૮) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

"સાયન્સ કૉલેજ, મેાડાસા :
શ્રી. એ. એમ. પ્રજાપતિ પાસેથી તેમની નોકરીની મુદત અંગે સ્પષ્ટતા અને નિમણૂકપત્રની નકલ મંગાવવી, અને આ બાબત એકેડેમિક કાઉન્સિલ સમક્ષ મૂકવી."

(૩) બાબત ક્રમાંક ૧૨૪ અંગેનો ઠરાવ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

"આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. (કુ.) એન. જે. ચિનોયની આ રજાઓ દરમ્યાન તેમના વેતન અંગે જરૂરી માહિતી મેળવી, નિયમો અનુસાર જે વેતન આપી શકાય તે આપવા કુલપતિશ્રીને સત્તા આપવી."

સભાગૃહની સંમતિથી નીચેની બાબત હાથ ધરવામાં આવી.

૧-અ. ગુજરાત રાજ્યમાં ચાલુ વર્ષે આવેલા અભૂતપૂર્વ પૂરને કારણે સર્જાયેલી પરિસ્થિતિ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત પર ચર્ચાવિચારણા કર્યા બાદ નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની આ સભા ગુજરાતની પૂરગ્રસ્ત જનતા તરફ ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરે છે.

(૨) ગુજરાત રાજ્યમાં ચાલુ વર્ષે આવેલા અભૂતપૂર્વ પૂરથી ઊભી થયેલી સંકટગ્રસ્ત પરિસ્થિતિમાં આ યુનિવર્સિટીના જે વિદ્યાર્થીઓ, અધ્યાપકો તથા અન્ય કર્મચારીઓ પૂર-રાહતના કાર્યમાં ઉત્સાહપૂર્વક મદદ કરી રહ્યા છે તેમના સેવાકાર્યને આ સભા બિરદાવે છે, અને પૂર-રાહતના કાર્યમાં રોકાવાને કારણે જે વિદ્યાર્થીઓ પોતાના વર્ગ અને/અથવા

પ્રાયોગિક કાર્યમાં હાજરી આપી શકે નહિ તે વિદ્યાર્થીઓની જે તે દિવસના સેવાકાર્યની હાજરીને સત્રની માન્યતાના હેતુ માટે હાજરી ગણવા માટે સંબંધકર્તા કૉલેજોના આચાર્યો તથા માન્ય સંસ્થાઓ અને વિદ્યાભવનોના અધ્યક્ષોને સત્તા આપે છે.

(૩) અમદાવાદમાં ચાલુ વર્ષે અભૂતપૂર્વ પૂરને કારણે યુનિવર્સિટીના જે કર્મચારીઓને સહન કરવું પડયું છે તે કર્મચારીઓને આર્થિક સહાય આપવા માટે રૂ. ૨.૦૦૦ (બે હજાર) સુધીનો ખર્ચ મંજૂર કરવો, તથા આ આર્થિક સહાયની વહેંચણી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરામાં જૂન, ૧૯૭૪ થી જુનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ શીખવવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જુનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૩થી તા. ૧૪–૬–૧૯૭૬ સુધી ત્રણ વર્ષ માટે મંજૂરી આપની.

૩. એક્ઝિકયુટિવ કાઉન્સિલે સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૧૮–૮–૧૯૭૩ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૮–૮–૧૯૭૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી તા. ૧૮–૮–૧૯૭૩ની સભાની કાર્યવાહીની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૪. બાયોલોજિકલ સાયન્સીઝના વિષયમાં ઓપ વર્ગ (Refresher Course) યોજવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના પત્રાંક ડી. ઓ. એફ. ૨૦–૧–૭૩ (સાય. ૩) તા. ૨૭–૨–૧૯૭૩ થી રૂ. ૪,૦૦૦થી વધે નહિ તે રીતે ખર્ચ માન્ય રાખેલ છે. આ ઓપ વર્ગના ખરેખર થયેલ ખર્ચના ૫૦ ટકા ખર્ચ યુ. ગ્રા. ક. દરખાસ્ત મુજબ મંજૂર કરશે અને બાકીના ૫૦ ટકા ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવાનો છે. આ ૩ દિવસનો સેમિનાર વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. વી. સી. શાહના અધ્યક્ષપદે યોજાઈ ગયેલો હોઈ યુનિવર્સિટીએ ૫૦ ટકા ભોગવવાના ખર્ચની માગણી કરતા ડૉ. જે. જે. ચિનોય તરફથી આવેલ પત્રાંક BOT / Seminar / ૬૧૩—૭૩, તા. ૨૫–૭–૧૯૭૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઓપ વર્ગના ખર્ચના યુનિવર્સિટીના હિસ્સા પેટે રૂ. ૨,૦૦૦ સુધીનો ખર્ચ મંજૂર રાખવો.

૫. શ્રી નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુરના આચાર્યશ્રી એ. આર. રાવને તા. ૨૩મી નવેમ્બર ૧૯૭૩ના રોજ ૬૫ વર્ષ પૂરાં થતાં હોઈ ખાસ કેસ તરીકે તેમને ૧૫ માર્ચ, ૧૯૭૪ સુધી કામ કરવા પરવાનગી આપવા અંગેના શ્રી વીરેન્દ્ર એજ્યુકેશન સોસાયટીના માનદ મંત્રીશ્રીના ૩૧–૭–૧૯૭૩ના પત્રાંક વીઈએસ. ૨૧—૧૯૭૩ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ કૉલેજના આચાર્યપદે શ્રી. એ. આર. રાવને તા. ૧૪—૬—૧૯૭૪ સુધી કામ કરવા માટે પરવાનગી આપવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના આચાર્યો/શિક્ષકો માટે ૬૫ વર્ષની જે નિવૃત્તિવય નિયત કરવામાં આવેલી છે તે વય જે કેસોમાં તા. ૧૧મી જૂનથી ૧૪મી માર્ચ સુધીમાં પૂરી થતી હોય તો તેવા કેસોમાં જે તે આચાર્ય/શિક્ષકને નિવૃત્તિવય પૂરી થયા પછીના જૂન માસની ૧૪મી તારીખ સુધી પોતાના પદ ઉપર કામ કરવા માટે સંબંધકર્તા કૉલેજોને પરવાનગી આપવાનું સામાન્ય ધોરણ સ્વીકારવું.

વધુમાં ઉપર મુજબ આખા શૈક્ષણિક વર્ષ દરમ્યાન જે આચાર્ય/શિક્ષકને ચાલુ રાખવામાં આવે તેમનું વેતન આર્થિક સહાયના હેતુઓ માટે માન્ય ગણવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

૬. એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજો, અમદાવાદની એસ. એચ. યુ. કૉલેજ ફૉર વિમેન અને વીસનગરની સી. સી. મહિલા આર્ટ્સ કૉલેજ જે હવે ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન થઈ છે. તેથી તે કૉલેજોમાં રાષ્ટ્રીય સેવા યોજનાનું જરૂરી સંખ્યા પ્રમાણેનું જરૂરી યુનિટ ચાલુ રાખવા માટે ગુજરાત રાજ્યના શિક્ષણનિયામક તરફથી આવેલ પત્રમાં ગુજરાત યુનિવર્સિટીને એન. એસ. એસ. યોજના હેઠળ ૧૦૦ વધુ વિદ્યાર્થીઓને ફાળવવામાં આવ્યા છે તેની નોંધ લેવા બાબત તેમ જ આ યુનિટો ઉપરોક્ત કૉલેજો પહેલાં હતાં તે ચાલુ રાખવાનું મંજૂર કરવા બાબત.

(નોંધ.—આ કૉલેજોમાં અનુક્રમે ૭૦ અને ૩૦ની સંખ્યાનાં યુનિટો આપેલાં હતાં)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી તથા ઉપરની બે કૉલેજોના એન. એસ. એસ. એકમોને માન્ય રાખવા.

વધુમાં સદરહુ એન. એસ. એસ. એકમોના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નીચે મુજબ નિમણૂકો માન્ય રાખવી :

(૧) એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ ... શ્રીમતી વસુમતીબહેન ક્રિશ્ચિયન

(૨) સી. સી. મહિલા આર્ટ્સ કૉલેજ, વીસનગર ... શ્રી. જયંતીલાલ એ. શાહ

૭. રાષ્ટ્રીય સેવા યોજના હેઠળ કામ કરતી નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલયમાં રાષ્ટ્રીય સેવા યોજનાનું અડધું યુનિટ ચાલે છે. પરંતુ એન. એસ. એસ. યોજનાની તમામ કામગીરી નવગુજરાત આર્ટ્સ કૉલેજના અધ્યાપક-ઇન-ચાર્જ શ્રી. લક્ષ્મણભાઈ પટેલ જ બજાવે છે અને નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલયના અધ્યાપક-ઇન-ચાર્જ એન. એસ. એસ.ની પ્રવૃત્તિઓ માટે પોતાનો સમય આપી શકે તેમ નથી તો નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલયનું અર્ધું યુનિટ નવગુજરાત આર્ટ્સ કૉલેજને આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલયનું ૫૦ વિદ્યાર્થીઓનું એન. એસ. એસ. એકમ તા. ૧૪-૬-૧૯૭૩થી બંધ થયેલું ગણીને તે અડધા એકમની ફાળવણી નવગુજરાત આર્ટ્સ કૉલેજને તા. ૧૫-૬-૧૯૭૩થી કરીને તેનું આખું એકમ રચવું.

૮. હાલ જે ધોરણે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની પ્રી-યુનિવર્સિટીની તથા ફર્સ્ટ ઇયરની પરીક્ષાઓમાં ઉત્તરપત્રો તપાસવાના કામકાજ અંગે મોડરેટર નીમવાની પદ્ધતિ છે તે પદ્ધતિ એસ. વાય. અને ટી. વાય.

બી.એ., બી. એસ્સી. અને બી.કૉમ.ની પરીક્ષાઓમાં પણ દાખલ કરવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૭-૮-૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ.કા.બાબત ક્રમાંક ૯)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૪-૧૯૭૩ની સભામાં નિમાયેલી પરીક્ષા સુધારણા સમિતિની વિચારણા માટે મોકલવી અને વિદ્યાર્થીઓને પરીક્ષાનો બોજ હળવો કરવાનું સૂચન તેની વિચારણા માટે આવે તેના સંદર્ભમાં આ બાબતની વિચારણા કરવા માટે જણાવવું.

૯. સને ૧૯૭૨-૭૩ના વર્ષ માટે "આચાર્ય શ્રી. એમ. સી. દેસાઈ સુવર્ણચંદ્રક" (સમાજવિજ્ઞાન વિદ્યાશાખા માટે) એનાયત કરવા બાબતમાં નીચે જણાવેલ નિયમ અનુસાર સમિતિ રચવા બાબત:

Rule

"A Gold Medal in the name of "Principal Shri M. C. Desai Gold Medal" of the value of about Rs. 200/- shall be awarded in any subject in Social in Social Sciences viz. Economics, History, Politics, Sociology, Psychology, Philosophy and Education, etc. annually to a teacher who is working in any affiliated college of the University or a recognised Institution of the Univesity or any post-graduate department of the Gujarat University and whose Research work published during the two calendar years preceding the Convocation is adjudged to be of the highest merit, by a special committee of Experts who have made their mark in their respective fields of work. This commitee shall be appointed by the Syndicate of the Gujarat University every year and the decision of the committee in the matter shall be final."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુવર્ણચંદ્રક માટે ચાલુ વર્ષે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ રચવી :

(૧) શ્રી. ઉદય પરીખ,

(૨) ડૉ. મધુરીબહેન શાહ.

૧૦. ડિસેંબર તા. ૨૮થી ૩૦, ૧૯૭૩ના સમય દરમિયાન મદ્રાસ મુકામે યોજનાર Indian Association of Pathologists and Microbiologistsના ૨૩મા વાર્ષિક અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના સદરહુ ઍસોસિયેશનના મંત્રીશ્રીના તા. ૬-૮-૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એમ. એસ. કાન્વિન્દેને મોકલવા.

૧૧. Linguistic and Communal Harmony પર એક પરિસંવાદ સપ્ટેંબર ૨૯-૩૦, ૧૯૭૩ દરમિયાન નવી દિલ્હી મુકામે યોજનાર છે તેમાં હાજરી આપવા યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા માટે નેશનલ કમિટી ફોર લિંગ્વિસ્ટિક એન્ડ કોમ્યુનલ હારમની, કલકત્તા તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૨. નાણાકીય ખેંચના લીધે ચાલુ વર્ષમાં બિઝનેસ મેનેજમેન્ટનો અભ્યાસક્રમ શરૂ કરવા માટે આર્થિક સહાય આપવાનું બની શકે તેમ નથી તેથી પાંચમી પંચવર્ષીય યોજના સુધી સદરહુ યોજનાનો પ્રસ્તાવ મુલતવી રાખવાનું સૂચવતા યુ.જી.સી.ના મંત્રીના કુલપતિશ્રી ઉપરના તા. ૧૨-૬-૧૯૭૩ના પત્ર ક્રમાંક એફ. ૨-૯-૧૯૬૯ (ટી)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૩. એકેડેમિક કાઉન્સિલની તા. ૭-૮-૧૯૭૩ની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની ભલામણ અનુસાર ઓક્ટોબર, ૧૯૭૪થી પહેલી, બીજી અને ત્રીજી એમ.બી.,બી.એસ.ની યુનિવર્સિટીની પરીક્ષામાં પચીસ ટકા પ્રશ્નો મલ્ટિપલ ચોઈસમાં ફરજિયાત પૂછવાની તબીબી વિદ્યાશાખાની ભલામણ મંજૂર રાખવી અને તે મુજબ પ્રશ્નપત્રો આપવા પ્રાધિકારોને સૂચના આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૪. તા. ૨૭/૨૮-૩-૧૯૭૩ના રોજ મળેલ યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભામાં થયેલ નીચેના સૂચન પર એકેડેમિક કાઉન્સિલની તા. ૭-૮-૧૯૭૩ની સભાએ વ્યકત કરેલ અભિપ્રાય પર વિચારણા કરવા બાબત:

યુનિવર્સિટી કોર્ટની સભામાં થયેલ સૂચન

"બેવડા મૂલ્યાંકનની પદ્ધતિની આવશ્યકતા અંગે પુનર્વિચારણાની જરૂર છે."

એકેડેમિક કાઉન્સિલનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે બેવડા મૂલ્યાંકનની પદ્ધતિ અંગે સમગ્ર રીતે વિચારણા કરતાં તે પદ્ધતિ ચાલુ રાખવાનું હિતાવહ છે અને તેથી હાલ અનુસ્નાતક કક્ષાએ બેવડા મૂલ્યાંકનની જે પદ્ધતિ અમલમાં છે તેને ચાલુ રાખવી, એવો અભિપ્રાય એક્ઝિકયુટિવ કાઉન્સિલને જણાવવો."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલનો ઉપરનો અભિપ્રાય સ્વીકારવો.

૧૫. શ્રી. એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મિયાંગામના આચાર્યશ્રીએ શ્રી. બી. કે. કાયસ્થની નિમણૂકની બાબતમાં ખોટો રિપોર્ટ કરેલો હોવાનું જણાયું છે તે બાબતમાં સદરહુ

કૉલેજને એક શો-કૉઝ નોટિસ આપીને ખુલાસો મંગાવવો. ઍકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૭-૮-૧૯૭૩ની સભામાં કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની નોટિસના જવાબમાં સદરહુ કૉલેજ તરફથી જે ખુલાસો આવે તે ખુલાસા પર વિચારણા કરીને પોતાની સુચિંતિત ભલામણ રજૂ કરવા માટે ઍકૅડેમિક કાઉન્સિલને જણાવવું.

૧૬. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઑક્યુપેશનલ હેલ્થ, અમદાવાદ તરફથી ઓક્યુપેશનલ હેલ્થના અભ્યાસક્રમો શીખવવા માન્યતા આપવા માટે આવેલ અરજી પરની ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૭-૮-૧૯૭૩ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઑક્યુપેશનલ હેલ્થ, અમદાવાદને નીચે જણાવેલી શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૧૦-૧૯૭૩ સુધીમાં કરે તો તેને (૧) ડિપ્લામા ઈન ઑક્યુપેશનલ હેલ્થ, અને (૨) એમ.ડી. ઈન ઑક્યુપેશનલ હેલ્થના અભ્યાસક્રમો શીખવવા તા. ૧૫-૬-૧૯૭૪ થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધી માન્યતા આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

શરતો

(૧) સંસ્થામાં જે વિષયોના શિક્ષણ માટે જરૂરી લાયકાત ધરાવતો શિક્ષકગણ ન હોય, જેમ કે (*a*) Food and Nutrition, (*b*) Maternal and Child Welfare, (*c*) Social Anthropology, Human Ecology, and (*d*) Genetics ઇત્યાદિના શિક્ષણની વ્યવસ્થા માટે અમદાવાદની બીજી સંસ્થાઓમાંથી મુલાકાતી પ્રાધ્યાપકોની મદદ લેવામાં આવે;

(૨) સંસ્થાના એક શ્રેયાન અધિકારીને આ ટ્રેનિંગ પ્રોગ્રામની જવાબદારી સોંપવામાં આવે;

(૩) સ્થાનિક તપાસસમિતિના સભ્યોને સંસ્થાના અધ્યક્ષશ્રીએ જણાવ્યા મુજબ ઑડિટોરિયમ, વધારાના વર્ગ ખંડો, એનિમલ હાઉસ, ઇત્યાદિ બાંધવામાં આવે;

(૪) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોનાં પગારધોરણ, મોંઘવારી ભથ્થાં અને ઘરભાડા ભથ્થાં વગેરે આપવામાં આવે; અને

(૫) પ્રોવિડન્ટ ફંડ અંગે સંચાલક મંડળનો ફાળો અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઑક્યુપેશનલ હેલ્થ, અમદાવાદને ઉપરની શરતોએ (૧) ડિપ્લોમા ઈન ઑક્યુપેશનલ હેલ્થ, અને (૨) એમ ડી. ઈન ઑક્યુપેશનલ હેલ્થના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૩થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધી એક વર્ષ માટે માન્યતા આપવી.

પરવાનગી આપી છે તેના સંદર્ભમાં આચાર્યશ્રીએ તેમના તા. ૩૧--૭--૧૯૭૩ના પત્રાંક ૨૮૧માં નીચે પ્રમાણે જણાવ્યું છે તેની નોંધ લેવા બાબત :

"પ્રી-યુનિ. કૉમર્સનો વર્ગ ૧૫-૬-૧૯૭૩થી જ ૧૧-૩૦થી ચાલે છે. બીજા તમામ વર્ગો તા. ૨૫–૬–૧૯૭૩થી (આર્ટ્સના ૧૫–૬–૧૯૭૩થી સવારના ૭-૧૫ વાગ્યે શરૂ થાય છે).

૧૫-૬–૧૯૭૪થી પ્રી-યુનિ. કૉમર્સ ઉપરાંત એફ.વાય.બી.કૉમ.ના વર્ગ પણ બપોરના ચાલુ રાખવાની હું ખાતરી આપું છું. તા. ૧૫–૬–૧૯૭૫થી બધા જ વર્ગોને બપોરે ચલાવવાની સગવડ અમે ઊભી કરી રહેલા હશીએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૦. વિજ્ઞાન વિદ્યાભવનનાં ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે કામ કરતા શ્રી. પી. ડી. પાદકનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૯--૧૧--૧૯૭૩ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૦--૧૧--૧૯૭૩થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

પ્રો. પી. ડી પાદકની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે પ્રો. પી. ડી. પાદકને તા. ૧૦-૧૧-૧૯૭૩થી વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૌતિકવિજ્ઞાનના પ્રોફેસરની જગ્યા પર કાયમ કરવા.

૨૧. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં તત્ત્વજ્ઞાનશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે કામ કરતા ડૉ. જે. એ. યાજ્ઞિકનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૯--૧૧--૧૯૭૩ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૦–૧૧--૧૯૭૩થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

પ્રો. (ડૉ.) જે. એ. યાજ્ઞિકની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે પ્રો. (ડૉ.) જે. એ. યાજ્ઞિકને તા. ૧૦–૧૧–૧૯૭૩થી મનોવિજ્ઞાન, શિક્ષણ, તત્ત્વજ્ઞાન વિદ્યાભવનમાં તત્ત્વજ્ઞાનના પ્રોફેસરની જગ્યા પર કાયમ કરવા.

૨૨. સમાજવિદ્યા ભવનમાં કામ કરતા નીચેના શિક્ષકોને તેઓનાં નામો સામે જણાવેલ તારીખોએ બે વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમનાં નામ સામે જણાવેલ તારીખોથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. એમ. પી. ભટ્ટ	અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક	તા. ૯–૧૧–૧૯૭૩	તા. ૧૦–૧૧–૧૯૭૩
૨.	શ્રી. એ. આર. શાહ	સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા	તા. ૧૦–૧૧–૧૯૭૩	તા. ૧૧–૧૧–૧૯૭૩

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

૨૭. ગુજરાત યુનિવર્સિટીના નવા ધારાના શિડયુલ ૨માં આપેલ સ્ટે. ૩ જેને આપણે સ્ટેચ્યૂટ ક્રમાંક ૧૧૮ આપ્યો છે તે અનુસાર બોર્ડ્ઝ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચ એક રાખવું કે એકથી વધુ રાખવાં તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા ધારા હેઠળ નવી એક્ઝિકયુટિવ કાઉન્સિલની રચના થયેથી તેની સમક્ષ વિચારણા માટે રજૂ કરવાનું રાખવું.

૨૮. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણમાં એમ.એસસી. પાર્ટ ૧ કેમિસ્ટ્રી વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં પ્રોફેસર-ઈન-ચાર્જ તરીકે પ્રો. આર. વી. શાહની નિમણૂક કરવા અંગે આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજનું અનુસ્નાતક કેન્દ્ર ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતું માન્ય કરવામાં આવે છે તે સ્પષ્ટતા સાથે તે અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે પ્રો. આર. વી. શાહની તા. ૧૪-૬-૧૯૭૪ સુધીની મુદત માટે નિમણૂક કરવી.

૨૯. નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદમાં સ્થાપવામાં આવેલ એમ.કૉમ.ના વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં પ્રોફેસર-ઇન-ચાર્જ શ્રી. એચ. ઓ. મોદીને બદલે શ્રી. એસ. જે. દાલિયાની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એચ. ઓ. મોદીને બદલે શ્રી. એસ. જે. દાલિયાની નિમણૂક કરવી.

૩૦. યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્ર માટે પાર્ટ-ટાઇમ લેડી ડૉક્ટરની જગ્યા માટે તા. ૭-૯-૧૯૭૩ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૭-૯-૧૯૭૩ની સભાની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ડૉ. કે.કિલા જે. દેસાઈની નિમણૂક ઉચ્ચક માસિક પગાર રૂ. ૩૫૦- (ત્રણ સો પચાસ)થી પાર્ટ-ટાઇમ લેડી ડૉક્ટરની જગ્યા પર બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણી સમિતિની ભલામણની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૩૧. યુનિવર્સિટી રસ્તા-રોશની ખાતે ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂ. ૫૦,૦૦૦ની બજેટ જોગવાઈ વધારવા માટે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— (૧) ચાલુ વર્ષના અંદાજપત્રમાં હાલ રૂ. ૫૦,૦૦૦ની જોગવાઈ છે.

(૨) આથી કુલ જોગવાઈ રૂ. ૧,૦૦,૦૦૦ થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ચાલુ વર્ષના અંદાજપત્રમાં રસ્તા-રોશની ખાતે રૂ. ૫૦,૦૦૦ની વધારાની જોગવાઈ મંજૂર કરીને કુલ રૂ. ૧,૦૦,૦૦૦ (એકલાખ)ના અંદાજી ખર્ચની જોગવાઈ કરવી.

૩૨. યુનિવર્સિટી કાર્યાલયમાં એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ તરીકે કામ કરતા શ્રી. પી. ડી. મિસ્ત્રીને તેમના પ્રોવિડંટ ફંડ ખાતામાંથી સ્ટે. ૧૮૮(૨) હેઠળ મકાન બાંધવા માટે રૂ. ૧૫,૦૦૦ની લોન આપવા અંગેની તેઓની તા. ૧૬--૮--૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓના પ્રો. ફંડ ખાતે તા. ૩૧-૩-૧૯૭૩ના રોજ રૂ. ૧૫,૫૫૦-૭૬ પૈસા જમા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ શ્રી. પી. ડી. મિસ્ત્રીને તેમના પ્રોવિડન્ટ ફંડમાંથી સ્ટે. ૧૮૮(૨) હેઠળ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબની શરતોએ રૂ. ૧૫,૦૦૦ની લોન તેમના મકાનના બાંધકામ માટે મંજૂર કરવી.

૩૩. ઑક્ટોબર, ૧૯૭૩માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ શરૂ થવાની તારીખો નક્કી કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩૪. કુલપતિશ્રીના નીચેના કાર્યની નોંધ લેવા બાબત :

ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા શિક્ષકોને આપવાના રૂ. ૭૦૦–૪૦–૧,૧૦૦ના પગારધોરણ અંગે તૈયાર કરેલી યાદીમાંથી નીચેના ૨ શિક્ષકોનાં નામો (યાદીમાંથી ક્રમાંક ૧૪૨ અને ૧૪૭)ક્રમી કર્યાના.

ક્રમાંક	શિક્ષકનું નામ	કૉલેજનું નામ
(૧)	શ્રી. એસ. જી. શાહ	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કપડવંજ
(૨)	શ્રી. આઈ. એસ. દવે	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા.

[**નોંધ.**— (૧) આ બન્ને શિક્ષકો તા. ૧-૪-૧૯૬૬ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથેની સંલગ્ન કૉલેજમાં કામ કરતા હતા તેમ તેઓએ જણાવ્યું ન હતું.

(૨) રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦ના પગારધોરણ અંગે જે તે કૉલેજે તેમજ જે તે શિક્ષકોએ ઘટતી રજૂઆત કરેલી.

(૩) આ બન્ને શિક્ષકોનાં નામો ક્રમી કરવા અંગે તેમણે તેમનું અનુમોદન મોકલી આપ્યું છે.

(૪) ઉપરોક્ત બંને શિક્ષકોનાં નામ જે તે યુનિવર્સિટીએ તૈયાર કરેલી યાદીમાં મૂકવામાં આવ્યાં છે.]

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩૫. **ઈન્ડિયન ઈકોનોમેટ્રિક સોસાયટીની ૧૩મી વાર્ષિક પરિષદ તા. ૪થી ૬ ઑક્ટોબર ૧૯૭૩ દરમ્યાન ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, અમદાવાદના ઉપક્રમે અમદાવાદ મુકામે યોજાનાર છે જેમાં પ્રતિનિધિ મોકલવા માટેના સદરહુ સોસાયટીના મંત્રીશ્રીના તા. ૧૫-૮-૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીની વાર્ષિક પરિષદ અમદાવાદ ખાતે યોજાતી હોઈ તેમાં આ યુનિવર્સિટીના ચાર પ્રતિનિધિઓ તરીકે નીચે મુજબની વ્યક્તિઓની નિમણૂક કરવી :

(૧) પ્રો. એમ. પી. ભટ્ટ
(૨) ડૉ. વાય. કે. અલઘ
(૩) શ્રી. જે. આઈ. લાલીવાલા
(૪) શ્રી. વી. પી. ભરદ્વાજ.

૩૬. **જોધપુર યુનિવર્સિટીના આશ્રયે જોધપુર મુકામે તા. ૨૦ થી ૨૨ ઑક્ટોબર ૧૯૭૩ દરમ્યાન ધી નેશનલ એકૅડેમી ઑફ સાયન્સીઝ, ઈન્ડિયાનું ૪૩મું વાર્ષિક અધિવેશન મળનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગેના સદરહુ એકૅડેમીના સામાન્ય મંત્રીશ્રીના તા. ૨-૮-૧૯૭૩ના આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.**

(**નોંધ.**—ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાન વિભાગના શિક્ષકોને પ્રતિનિધિ તરીકે મોકલવા સૂચન કર્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એકૅડેમીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. પી. ડી. પાઠક અને ડૉ. એમ. એસ. દુબળેને નીમવા.

૩૭. **તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુરના અંગ્રેજીના પ્રાધ્યાપક શ્રી. એચ. બી. કેવલરામાણીને તા. ૪-૧૨-૧૯૭૩ ના રોજ ૬૫ વર્ષ પૂરાં થતાં હોવાથી ગાંધીધામ કૉલેજિયેટ બોર્ડના પ્રમુખશ્રી તરફથી આવેલ વિનંતીના સંદર્ભમાં ચાલુ શૈક્ષણિક વર્ષના અંત સુધી તેમની સેવાઓ ચાલુ રાખવા દેવાની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે બાબત ક્રમાંક ૫નો ઠરાવ જોતાં સદરહુ બાબત અંગે જુદી વિચારણા કરવાપણું રહ્યું નહીં.

૩૮. **કૉમ્પ્યુટર પ્રોગ્રામિંગના અભ્યાસક્રમ માટે કૉમ્પ્યુટર સેન્ટર તરફથી રજૂ કરવામાં આવેલી વ્યાખ્યાતાઓની યાદી મંજૂર રાખવા બાબત.**

(**નોંધ.**—આ અંગે જ્યાં સુધી એકૅડેમિક સ્ટાફની નિમણૂક ન થાય ત્યાં સુધી કૉમ્પ્યુટર સેન્ટરમાંથી તેમ જ અન્ય સંસ્થાઓમાંથી અનુભવી વ્યક્તિઓને વ્યાખ્યાનો આપવા આમંત્રિત કરવાની તેમ જ તેઓના માનદ વેતન અંગેની ભલામણો એક્ઝિકયુટિવ કાઉન્સિલે અગાઉ મંજૂર રાખી છે. રાજ્ય સરકાર તરફથી શિક્ષિત બેકારી રાહત યોજના અન્વયે કેટલીક આર્થિક મદદ મળનાર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસક્રમ માટે વ્યાખ્યાતાઓની યાદી તથા તેમના પુરસ્કાર અંગેનો કાર્યાલયનો પ્રસ્તાવ મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા પ્રસ્તાવની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.).

૩૯. સરકારી છાપકામ અને લેખનસામગ્રી, રાજકોટે સને ૧૯૬૭--૬૮ અને ૧૯૬૮--૬૯ના વર્ષના યુનિવર્સિટીના પ્રશ્નપત્રોના છાપકામ ચાર્જના બિલોમાં નિયત કરતાં ઓછો સેલ્સટેકસ ચાર્જ કરેલ તે અંગેના તફાવતના રૂ. ૧,૦૫૮--૬૦ તેઓને ચૂકવવા અંગે તેઓના તા. ૯--૫--૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ.— બિલની વિગત :

બિલ નં.	તારીખ	વર્ષ	વસૂલ કરવા પાત્ર સેલ્સટેકસ	ખરેખર ચાર્જ કરેલ સેલ્સટેકસ	તફાવત
૩	૨૪-૪-'૬૮	૧૯૬૭-૬૮	૨૭૦-૦૨	૨૧૪-૧૫	૧૫-૮૭
૧૦	૨૪-૫-'૬૮	૧૯૬૮-૬૯	૧,૦૬૫-૫૬	૨૨-૮૩	૧,૦૪૨-૭૩
					૧,૦૫૮-૬૦

આથી ઠરાવવામાં આવે છે ૧૯૬૭-૬૮ અને ૧૯૬૮-૬૯નાં વર્ષોમાં યુનિવર્સિટીનાં પ્રશ્નપત્રોના છાપકામ અંગે ઉપરનો વધારાનો ખર્ચ મંજૂર કરવો તથા તે નાણાં સરકારી પ્રેસ, રાજકોટને ચૂકવી આપવાં.

૪૦. ગુજરાત યુનિવર્સિટીની શિષ્યવૃત્તિ સમિતિની તા. ૨૨-૮-૧૯૭૩ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૨-૮-૧૯૭૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૨-૮-૧૯૭૩ની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૪૧. યુનિવર્સિટી મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિની તા. ૩૧-૭--૧૯૭૩ના રોજ મળેલ સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત:

૨(૭) આંતર-વિભાગીય યુવક મહોત્સવ યોજવા માટે જરૂરી પેટાસમિતિઓ નીમવાની તથા જરૂરી સંખ્યાના બીજા સભ્યોને કો-ઑપ્ટ કરીને સંચાલન સમિતિ ઉપરાંત અન્ય સભ્યોને કો-ઑપ્ટ કરીને સંચાલન સમિતિ નીમવાની ભલામણ એકિઝકયુટિવ કાઉન્સિલને કરવી :

૧. કુલપતિશ્રી (અધ્યક્ષ)
૨. યુવક કલ્યાણ વિભાગના અધ્યક્ષો
૩. શહેર તથા એફિલિએટિંગ વિભાગના જે તે યજમાન કૉલેજના મંત્રીઓ
૪. આચાર્યશ્રી યશવંત શુકલ
૫. શહેર તથા ઉત્તર વિભાગના સભ્યો.

(૮) યુવક મહોત્સવમાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓને ઉંમરમાં વધુ ૧ વર્ષનો વધારો કરી ૨૧ વર્ષ રાખતાં, પણ ભવિષ્યમાં ભારત સરકાર તરફથી જે આંતર-યુનિવર્સિટી યુવક મહોત્સવ યોજવાનું શરૂ થાય અને તે માટે તેઓ ઉંમરનું બંધન રાખે તો તેમના સૂચના પ્રમાણેની વયમર્યાદા રાખવી અને તે વખતે આપણી યુનિવર્સિટીની ૨૫ વર્ષની

વયમર્યાદાને બદલે આંતર યુનિવર્સિટી નિયમોમાં નિયત થયેલ જ મર્યાદાનું બંધન રહેશે તે ઠરાવની નોંધ લેવા બાબત.

(ઝ) વધુમાં આ સાથે જોડેલ પરિશિષ્ટ-૧ પ્રમાણેનો યુવક મહોત્સવ માટેનો અંદાજી ખર્ચ મંજૂર કરીને તે પ્રમાણે ખર્ચ કરવાની સત્તા યુવક કલ્યાણ સમિતિના મંત્રીશ્રીને આપવાનું મંજૂર કરવા તથા જરૂર જણાય તો કુલ ખર્ચની મર્યાદામાં રહીને જરૂર પ્રમાણેના ખર્ચની ફાળવણી એક મથાળેથી બીજા મથાળે કરવા માટેની અને બીજાં જરૂરી પગલાં લેવાની સત્તા કુલપતિશ્રીને આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે છ વિભાગો થતાં આ અંગે થનાર વધારાનો ખર્ચ યુવક કલ્યાણ વિભાગના શિબિરો માટે ફાળવેલ ખર્ચમાંથી કરવાનું મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. (ખ) વધુમાં ઠરાવવામાં આવે છે કે અધ્યાપકો માટેનો યુવક નેતૃત્વ તાલીમ શિબિર યોજવા માટે **પરિશિષ્ટ ૨** (અત્રે છાપ્યું નથી) તરીકે જોડયા પ્રમાણેનો અંદાજી ખર્ચ મંજૂર કરવાનું તથા તે પ્રમાણે ખર્ચ કરવાની સત્તા યુવક કલ્યાણ સમિતિના મંત્રીશ્રીને આપવાનું તથા આ અંગેનાં તમામ જરૂરી પગલાં લેવાની સત્તા કુલપતિશ્રીને આપવાનું મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. (ખ) યુવક કલ્યાણના ઉત્તર અને દક્ષિણ વિભાગની પુનર્રચનાને કારણે બનેલ નવા ચાર વિભાગોને પ્રત્યેકને તેમના વિભાગમાં આવેલ કૉલેજમાંથી એકઠા કરેલ ફાળા જેટલા વધુમાં વધુ રૂ. ૨,૦૦૦ સુધીની આર્થિક સહાય યુનિવર્સિટી તરફથી આપવાનું અને આ અંગેનાં ખૂટતાં નાણાં યુવક કલ્યાણ વિભાગો જે શિબિરો કરે તે માટે ફાળવેલ રૂ. ૪,૦૦૦માંથી આપવાનું મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(ગ) યુવક કલ્યાણ વિભાગોએ સંલગ્ન કૉલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે કૉલેજોના આચાર્યો પાસેથી કેટલો ફાળો લેવો તે અંગે નક્કી કરવામાં આવ્યું કે અમદાવાદ સિવાયની બહારગામની યુવક કલ્યાણ સમિતિ પ્રત્યેક વિદ્યાર્થી દીઠ વધુમાં વધુ રૂ. ૧-૦૦ અને અમદાવાદ શહેરની બે યુવક કલ્યાણ સમિતિઓ સંલગ્ન કૉલેજોમાંથી પ્રત્યેક વિદ્યાર્થી દીઠ વધુમાં વધુ રૂ. ૦-૫૦ પૈસાનો ફાળો એકઠો કરી શકશે તેમ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. (ખ) "હેન્ડ બુક યૂથવેલ્ફર"ના નિયમો સુધારવા અંગેની ઉપસમિતિએ સૂચવ્યા પ્રમાણે આંતર-વિભાગીય યુવક મહોત્સવમાં સ્પર્ધા ન રાખવાનું સૂચન મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૧. યુવક કલ્યાણ વિભાગની કામગીરીનો પ્રકાર તથા વધતી કામગીરીને લક્ષમાં લઈ ચર્ચા-વિચારણાને અંતે નક્કી કરવામાં આવ્યું કે સદરહુ યુવક કલ્યાણ વિભાગને સ્નાતક કક્ષાના કાર્યાલયના કામકાજના અનુભવી તેમ જ આ પ્રકારની પ્રવૃત્તિઓમાં અભિરુચિ ધરાવતા બે જુનિયર ક્લાર્ક (એક ક્લાર્ક અને એક ક્લાર્ક-ટાઈપિસ્ટ)ની નિમણૂક કરવાનું મંજૂર કરવા આ સભા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

સદરહુ સમિતિની તા ૩૧–૭–૧૯૭૩ની સભાની ભલામણો સભાગૃહ સમક્ષ વિચારણા માટે રજૂ કરવામાં આવી ત્યારે ભલામણ નં. ૨(જ)ની બાબતમાં શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ સુધારો રજૂ કર્યો કે સદરહુ ભલામણ નીચેની નોંધ સાથે મંજૂર કરવામાં આવે :

નોંધ. - ઝોન લેવલે એજ્યુકેશન અને લૉ કૉલેજો માટે અલગ સ્પર્ધાઓની જોગવાઈ થાય અને તેમાં વયમર્યાદામાં છૂટછાટ મૂકવામાં આવે તો તે માટે ઉપરોક્ત નિયમ હરકતરૂપ ગણાશે નહીં. પરંતુ આંતર-યુનિવર્સિટી યુવક મહોત્સવનાં ઉંમરનાં બંધનો ઝોન લેવલથી આગળની સ્પર્ધાઓમાં અમલમાં રહેશે.

તે પછી શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ સૂચવેલા સુધારા સાથે સદરહુ ભલામણ મંજૂર કરવામાં આવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની બાકીની ભલામણો પણ મંજૂર કરવી.

૪૨. સુધારેલ યુનિવર્સિટી ધારો તા. ૧૨–૩–૧૯૭૩થી અમલમાં આવતાં આ યુનિવર્સિટી સાથેની સંલગ્ન કૉલેજોએ શિક્ષકોની નિમણૂક કરતી વખતે તે સિલેક્શન કમિટીમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ હોવા જરૂરી હોવા છતાં પત્ર યુનિવર્સિટીના પ્રતિનિધિ સિવાય નીચેની કૉલેજોએ તેમનાં નામ સામે જણાવેલા શિક્ષકોની નિમણૂક કરી છે તો તે પરત્વે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	શિક્ષકનું નામ તથા નિમણૂક કર્યા તારીખ	કૉલેજે કરેલી સ્પષ્ટતા
૧.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ	શ્રી એમ. એસ. પટેલ ૧–૭–૧૯૭૩	સિલેક્શન કમિટી નક્કી કરવામાં આવી હોવા છતાં યુનિ.ને તેની જાણ કરવાનું સરતચૂકથી રહી ગયું છે તેમ કૉલેજે જણાવ્યું છે.
૨.	,,	શ્રી. એ. કે. ભટ્ટ ૨૬–૬–૧૯૭૩	
૩.	,,	શ્રી. કે. એસ. શાહ ૨૬–૭–૧૯૭૩	
૪.	,,	શ્રી. યુ. બી. આર્ય ૨૬–૭–૧૯૭૩	
૫.	,,	શ્રી. કે. એન. પટેલ ૯–૭–૧૯૭૩	
૬.	વિવેકાનંદ એજ્યુ. એન્ડ લૉ કૉલેજ, મહેસાણા	શ્રી. એસ. એન. કાપડિયા ૪–૭–૧૯૭૩	સરતચૂકથી કાયદાની કલમ જાણ બહાર રહી ગઈ હતી.
૭.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, તલોદ	શ્રી. પી. પી. પંડ્યા ૨–૭–૧૯૭૩	સરતચૂકથી જણાવવાનું રહી ગયું છે.

(નોંધ. – સુધારેલો યુનિ. ધારો તા. ૧૨–૩–૧૯૭૩થી અમલમાં આવ્યો, પરંતુ તે પર સ્ટે ઑર્ડર હતો. તે સ્ટે ઑર્ડર તા. ૨૫–૬–૧૯૭૩થી ઊઠી ગયો છે. આથી તા. ૨૫–૬–૧૯૭૩ પછી જે નિમણૂકો થાય તે પર યુનિવર્સિટીના પ્રતિનિધિ હોવા જરૂરી બને છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂકો અંગેની વરણીસમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિનો સમાવેશ કરવાનું સરતચૂકથી રહી ગયું છે તે બાબત, યુનિવર્સિટી ધારાના થયેલા સુધારાના સંદર્ભમાં, સંક્રાંતિ (Transition) ના સમયગાળા દરમ્યાન થયેલી સરતચૂકને ક્ષમ્ય ગણવી અને હવે પછી કોઈ પણ કૉલેજ તરફથી આ પ્રકારની સરતચૂક થાય નહીં તે માટે સંલગ્ન કૉલેજોને ઘટતી સૂચના આપવી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૬૮ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૬૮. શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતમાં શિક્ષણ, પ્રાયોગિક કાર્ય ઈત્યાદિની સુવિધા નહીં હોવા અંગેની સદરહુ કૉલેજના વિદ્યાર્થીઓની ફરિયાદ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે તપાસ કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) ડૉ. સી. એસ. શાહ
(૨) શ્રી. ઇન્દ્રવદન એ. મોદી,
(૩) આચાર્ય એમ. સી. શાહ,
(૪) ડૉ. એમ. એન. દેસાઈ.

વધુમાં, સદરહુ સમિતિ મજકૂર કૉલેજના વિદ્યાર્થીઓને ચાલુ વર્ષે તેમ જ ભવિષ્યમાં પોતાનો અભ્યાસ અપેક્ષિત ધોરણે કરી શકે તેવી સુવિધાઓ તેમને મળી રહે તે મુદ્દો પણ ધ્યાનમાં રાખીને પોતાનો અહેવાલ આપે એમ જણાવવું.

૪૩. સંલગ્ન કૉલેજોમાંથી વાણિજ્ય વિદ્યાશાખાની શિક્ષકોની નિમણૂક માન્ય કરવા અંગે આવેલા શિક્ષકોના અધ્યાપકવર્ગમાં થતા ફેરફાર અંગેનાં ૨૦ મૂળ પત્રકો તપાસીને તે સમયના વાણિજ્ય વિદ્યાશાખાના ડીન આચાર્ય બી. એમ. પીરજાદાને અભિપ્રાય આપવા અંગે મોકલી આપ્યા હતા, પરંતુ તે પર અભિપ્રાય દર્શાવીને આજ સુધી પરત થયા નથી તો તે પર વિચારણા કરવા બાબત.

(નોંધ. -- તે સમયના ડીન આચાર્ય બી. એમ. પીરજાદાને અધ્યાપકવર્ગમાં થતા ફેરફાર અંગેનાં પત્રકો તપાસીને અભિપ્રાય આપવા માટે યુનિવર્સિટી કાર્યાલયના તા. ૧૩-૯-૧૯૭૨ના પત્રાંક સિં. ૨૨૮૪૩થી મોકલી આપ્યા હતા. ત્યાર પછી ચાર જેટલા ડી.ઓ. પત્ર તથા ચાર સ્મૃતિપત્રો પાઠવવામાં આવ્યા હતા)

આથી ઠરાવવામાં આવે છે કે સંબંધકર્તા પત્રકોની બીજી નકલ મંગાવીને વાણિજ્યની વિદ્યાશાખાના હાલના અધ્યક્ષશ્રીના અભિપ્રાય માટે મોકલી આપવી.

૪૪. એજ્યુકેશન કૉલેજ, ડભોઈના આચાર્ય શ્રી. ટી. પી. લેલેને તા. ૧૧–૧–૧૯૭૪ના રોજ એટલે કે બીજા સત્રની અધવચ્ચે ૬૫ વર્ષ પૂરાં થતાં હોઈ તેઓની સેવાઓ તા. ૧૪મી જૂન ૧૯૭૪ સુધી ચાલુ રાખવા માટે પરવાનગી આપવા બરોડા ડિસ્ટ્રિક્ટ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બાબત નં. ૫નો ઠરાવ જોતાં સદરહુ બાબત અંગે જુદી વિચારણા કરવાપણું રહેતું નથી.

૪૫. ઇન્ડિયન એકાઉન્ટિંગ એસોસિયેશનનું ચોથું વાર્ષિક અધિવેશન અને અખિલ ભારતીય પરિષદ જયપુર મુકામે તા. ૨૭ થી ૨૯ જાન્યુઆરી ૧૯૭૪ દરમ્યાન મળનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા માટેના સંસ્થાના સામાન્ય મંત્રીશ્રીના તા. ૨૬-૮-૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય એમ. સી. શાહને મોકલવા.

૪૬. બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદના આચાર્યશ્રીએ ઍા. ૧૨૦-એફ અન્વયે જૂન ૧૯૭૩થી ભૌતિકવિજ્ઞાન (મુખ્ય)નું શિક્ષણકાર્ય બંધ કરવા માટે તા. ૨૯-૭-૧૯૭૨ના રોજ અરજી કરેલી તે અંગે સિન્ડિકેટે તેની તા. ૧૧-૩-૧૯૭૩ની સભામાં (બા. ક્રમાંક ૨૬) કુલપતિશ્રીને ઘટતું કરવા સત્તા આપી હતી. તદનુસાર કુલપતિશ્રીએ સદરહુ કૉલેજને આ વિષયનું શિક્ષણકાર્ય ચાલુ રાખવા વિનંતી કરેલી, પરંતુ ચાલુ વર્ષે પણ વિદ્યાર્થી સંખ્યાની પરિસ્થિતિ જેમની તેમ રહે છે તેમ જણાવી ભૌતિકવિજ્ઞાન (સ્પે.) તરીકે બંધ કરવા આચાર્યશ્રીએ તેમના તા. ૨૮-૭-૧૯૭૩ના પત્રથી ફરી વિનંતી કરી છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—કૉલેજે જણાવ્યા મુજબ—

(૧) ભૌતિકશાસ્ત્ર (સ્પે.)ના વિષય માટે દ્વિતીય વર્ષ બી.એસસી.માં એક પણ વિદ્યાર્થી નથી જ્યારે તૃતીય વર્ષ બી.એસસી.માં એક "રિપીટર" વિદ્યાર્થી છે.

(૨) ભૌતિકશાસ્ત્ર વિષયનું શિક્ષણકાર્ય કરતા શિક્ષકો પૈકી કોઈને છૂટા કરવામાં આવતા નથી].

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઘટતી વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી:

(૧) ડૉ. એમ. એન. દેસાઈ,

(૨) પ્રો. કે. એસ. શાસ્ત્રી.

૪૭. સમાજ વિદ્યાભવનના ઇકોનોમેટ્રિક્સના વ્યાખ્યાતા ડૉ. વી. પી. ભરદ્વાજને દિલ્હી ખાતે આગામી ૬ઠ્ઠી સપ્ટેમ્બરના રોજ યોજનાર "રીજિયોનલાઇઝેશન એન્ડ રીજિયોનલ ડેવલપમેન્ટ"ના સેમિનારમાં ભવનના પ્રતિનિધિ તરીકે મોકલ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૪૮. તોલાણી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, આદિપુરે તેના ભૂતપૂર્વ પ્રાધ્યાપક શ્રી. આર. કે. શાસ્ત્રીની લેણી રકમ હજુ સુધી ચૂકવી ન હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૪-૯-૧૯૭૩ની સભામાં આ બાબત તેના ટૂંક સારની નોંધ સાથે રજૂ કરવા ઠરાવ્યું હતું.

(૨) સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૯-૬-'૭૩ના પત્રથી, આ પ્રશ્નની બાબતમાં યુનિવર્સિટી સત્તામંડળો દસ્તાવેજી પુરાવાને લક્ષમાં લઈ બંને પક્ષોને આ પ્રશ્ન અંગે રૂબરૂ બોલાવી તેઓને સાંભળી યોગ્ય સમાધાન કરે તેવી વિનંતી કરી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શ્રી. આર. કે. શાસ્ત્રીની લેણી નીકળતી રકમ ત્રણ અડવાડિયાંમાં ચૂકતે કરીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવા માટે સદરહુ કૉલેજને જણાવવું, અને ઉમેરવું કે જો તેમ કરવામાં આવશે નહીં તો આ પ્રશ્ન ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦(1)(xxi)(c)ના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવામાં આવશે

૪૯. યુનિવર્સિટી કાર્યાલયના જુનિ. કલાર્ક શ્રી. જે. આર. ક્રિશ્ચિયનને રૂ. ૧૫૩–૫–૧૮૩–૧૦–૨૪૩-ઈ.બી. ૧૫–૪૦૮–૧૯–૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) તા. ૧–૧૦–૧૯૭૩થી ઓળંગવા અંગેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. જે. આર. ક્રિશ્ચિયનની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. જે. આર. ક્રિશ્ચિયનને રૂા. ૧૫૩–૫–૧૮૩–૧૦–૨૪૩ ઈ.બી. ૧૫–૪૦૮–૧૯–૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧–૧૦–૧૯૭૩થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૫૦. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૪–૭–૧૯૭૩ની સભામાં યુનિવર્સિટીના કર્મચારીઓને તબીબી સહાય આપવાનું ઠરાવ્યું હોવાથી ચાલુ વર્ષના અંદાજી ખર્ચમાં તબીબી સહાય અંગે રૂ. ૧૦,૦૦૦ના ખર્ચની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ચાલુ વર્ષના અંદાજપત્રમાં યુનિવર્સિટીના કર્મચારીઓને તબીબી સેવાઓ માટે આર્થિક સહાય આપવા માટે રૂ. ૧૦,૦૦૦ સુધીના ખર્ચની જોગવાઈ કરવી.

૫૧. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ડીસાને વાણિજ્ય અને એકાઉન્ટન્સી વિષયના શિક્ષણકાર્ય માટે લાયકાત ધરાવતા પૂર્ણ સમયના પ્રાધ્યાપકો અપ્રાપ્ય હોવાથી સદરહુ વિષયોનું શિક્ષણકાર્ય મુલાકાતી પ્રાધ્યાપકો અનુક્રમે શ્રી. કે. એલ. શાહ અને શ્રી. ટી. ડી. મહેતા દ્વારા ચાલુ વર્ષ પૂરતું ચલાવવાની પરવાનગી માંગતા સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ બે વિષયો માટે ૧૯૭૨–૭૩ના શૈક્ષણિક વર્ષમાં પણ તે વર્ષ પૂરતી મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા મંજૂર રાખી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં વાણિજ્ય અને એકાઉન્ટન્સીના વિષયોમાં મુલાકાતી પ્રાધ્યાપકોની ઉપર મુજબની વ્યવસ્થા ફક્ત ચાલુ વર્ષ પૂરતી જ માન્ય ગણવી અને જૂન ૧૯૭૪થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપકોની નિમણૂક કરવી આવશ્યક રહેશે અને તેમાં હવે પછી કશી છૂટછાટ આપવામાં આવશે નહીં એમ સદરહુ કૉલેજને જણાવવું.

૫૨. પ્રતિવર્ષ સંલગ્ન કૉલેજો તરફથી તા. ૩૧મી જુલાઈ સુધીમાં આવવી જોઈતી ઑડિ. ૯૬ પ્રપત્રોની માહિતી જે કૉલેજો તરફથી આવી નથી અથવા મોડી આવી છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) જે કૉલેજોએ સદરહુ માહિતી હજુ સુધી મોકલી નથી તે કૉલેજોના આચાર્યોને ઉપરની માહિતી ત્વરિત મોકલી આપવા માટે જણાવવું, અને ઉમેરવું કે જો તેમ કરવામાં આવશે

નહીં તો ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૮(1)(xx।)(c)ના સંદર્ભમાં આ યુનિવર્સિટીની ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવામાં આવશે.

(૨) જે કૉલેજોએ સદરહુ માહિતી સમયસર મોકલી નથી તેમને ઠપકો આપવો.

૫૩. ઓ. ૯૬ અન્વયે પ્રતિવર્ષ તા. ૩૧મી જુલાઇ સુધીમાં સંલગ્ન કૉલેજો તરફથી આવવી જોઈતી માહિતી પૈકી નીચે જણાવેલ કૉલેજોએ તેમનાં નામ સામે જણાવ્યા પ્રમાણે ઊણપ--અધૂરી માહિતી જણાવી હોઇ તે પરત્વે વિચારણા કરવા બાબત.

ઓ. ૯૬ની ૧૯૭૩-૭૪ના વર્ષની માહિતી જે કૉલેજો તરફથી ઊણપવાળી અને/અથવા અધૂરી જણાઈ છે તેની યાદી :

ક્રમાંક	કૉલેજનું નામ	ઊણપવાળી કે અધૂરી વિગત
(૧)	પારેખ પ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ	ગણિતના બે વ્યાખ્યાતાને ઓ. ૧૨૦-એ ની મર્યાદા કરતાં વધુ કાર્યભાર સોંપવામાં આવ્યો છે અને એક વધારાની નિમણૂક કર્યા વગર શૈક્ષણિક કાર્ય ચલાવ્યું છે.
(૨)	શ્રીમતી ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણ	પાત્રતા ધરાવતા ગ્રંથપાલ નીમ્યા નથી (હાલ કોઇ ગ્રંથપાલ નથી).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને તેમનાં નામ સામે જણાવેલ ઊણપો ત્વરિત દૂર કરીને યુનિવર્સિટી કાર્યાલયને લખી જણાવવા માટે સૂચના આપવી.

૫૪. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૪-૮-૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ભલામણ ક્રમાંક ૨૮ (ક) મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની બાકીની ભલામણો પરની વિચારણા મોકૂફ રાખવી.

૫૫. કૉમ્પ્યુટર સોસાયટી ઑફ ઈન્ડિયા સેન્ટ્રલ તથા અમદાવાદ ચેપ્ટરના સભ્ય થવા માટે ચેપ્ટરના ચૅરમૅનશ્રીના તા. ૮-૮-૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— આ અંગે વાર્ષિક રૂ. ૨૦૦ ફાળાના થશે જેમાં રૂ. ૧૦૦-૦૦ પેરેન્ટ બોડી અને રૂ. ૧૦૦ ચેપ્ટરના ફાળા (સબ્સ્ક્રપ્શન)ના.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીનું સભ્યપદ સ્વીકારવું અને તે માટે ઉપર મુજબ વાર્ષિક રૂા. ૨૦૦-૦૦નું ખર્ચ મંજૂર કરવું.

૫૬. માર્ચ-એપ્રિલ ૧૯૭૩ દરમ્યાન લેવાયેલ ફર્સ્ટ બી.કૉમ. પરીક્ષાના કૉમર્શિયલ કૉરસપોન્ડન્સ વિષયના મોડરેટર તરીકે નિમાયેલા શ્રી. જી. જી. બેન્ડવાલાના ઍડવોકેટ તરફથી તેમના પુરસ્કાર અંગે મળેલ તા. ૧-૯-૧૯૭૩ની નોટિસ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યોગ્ય કાર્યવાહી તથા જરૂરી ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૭. ધી ઈન્ડિયન એસોસિયેશન ઑફ ટીચર એજ્યુકેટર્સનું સોળમું વાર્ષિક અધિવેશન પટણા મુકામે તા. ૧૫થી ૧૮ ઑકટોબર ૧૯૭૩ દરમ્યાન મળનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગે સંસ્થાના પ્રમુખશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેની વ્યક્તિઓની નિમણૂક કરવી :

(૧) ડૉ. ચંપાબહેન ભટ્ટ,

(૨) આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ.

૫૮. ૧૯૭૩ના ગુજરાત ઍકટ નં. ૬થી ગુજરાત યુનિવર્સિટી ધારામાં ઉમેરાયેલી કલમ ૫૧-એ અન્વયે કોઈ પણ કૉલેજમાં કામચલાઉ સમય માટે નિમાયેલ કર્મચારી સિવાય કોઈને તેમાં જણાવેલ કાર્યવાહી કર્યા સિવાય છૂટા ન કરી શકે તેવી જોગવાઈના સંદર્ભમાં સદરહુ ઍકટ અમલમાં આવ્યા પછી એટલે કે તા. ૧૨-૩-૧૯૭૩ પછી છૂટા કરવામાં આવેલા સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસાના અધ્યાપક શ્રી. એ. એમ. પ્રજાપતિએ તેમના તા. ૨૧-૩-૧૯૭૩ના પત્રથી કરેલ ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૧-૮-૧૯૭૩ની સભામાં જરૂરી વિચારણા થયેલી હોઈ તે અંગે વિશેષ કરવાપણું રહ્યું નહીં.

૫૯. ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદમાં આપણી યુનિવર્સિટીના અનુસ્નાતક કેન્દ્રના વિકાસ માટે યુ.જી.સી. તરફથી રૂ. ૪૨,૦૦૦નું અનુદાન મંજૂર થયેલ હોઈ તેની સામે 'મૉચિંગ શૅર' તરીકે કૉલેજે આપવાની થતી રૂ. ૧૧,૦૦૦ની રકમ સામે તે કેન્દ્રની વર્ષ ૧૯૭૨-૭૩ની રૂ. ૧૪,૬૧૬-૫૦ની બચતમાંથી મૉચિંગ શૅર તરીકે રૂ. ૧૧,૦૦૦ની આર્થિક સહાય મંજૂર કરવા માટેની આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(મંજૂર થયેલ રકમ યુ.જી.સી.ના હપતાની સામે હપતે આપવામાં આવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તેના અનુસ્નાતક કેન્દ્રની ૧૯૭૨-૭૩ના વર્ષની બચતમાંથી, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલ વિકાસ-યોજનાના સંદર્ભમાં મેચિંગ શૅર તરીકે ખર્ચવા માટે રૂ. ૧૧,૦૦૦-૦૦ની આર્થિક સહાય મંજૂર કરવી.

૬૦. અમદાવાદ કૉમર્સ કૉલેજ અને અમદાવાદ આર્ટ્સ કૉલેજમાં રાષ્ટ્રીય સેવા યોજનાના એકમના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે કામ કરતા વ્યાયામ શિક્ષકો અનુક્રમે શ્રી. બી. પી. કઠવાડિયા અને શ્રી. જે. ડી. નાયકને એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૪-૭-૧૯૭૩ની સભાના ઠરાવ નં. ૫૬થી નામંજૂર થયા છતાં આચાર્યશ્રીએ આ વર્ષનું કામકાજ શરૂ થઈ ગયું હોઈ તા. ૧૮-૮-૧૯૭૩ના પત્રથી ફરીવાર ઉપરોકત બંને નામો જ સૂચવ્યાં છે અને તેમને ચાલુ રાખવા વિનંતી કરી છે તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ઉપરોક્ત બંને અધ્યાપકો-ઇન-ચાર્જ વ્યાયામ શિક્ષક હોઈ તેમને ૧૯૭૨-૭૩ના શૈક્ષણિક વર્ષ પૂરતી જ સેવાઓ આપવાનું નક્કી થયું હતું, પરંતુ ઉપરોક્ત બંને કૉલેજોના આચાર્યશ્રી તરફથી ફરી વાર આ બંને અધ્યાપકોનાં નામો એન. એસ. એસ.ના ઇન-ચાર્જ તરીકે સૂચવવામાં આવ્યાં હતાં.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોના એન. એસ. એસ. એકમોના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે અનુક્રમે સર્વશ્રી બી. પી. કઠવાડિયા અને જે. ડી. નાયકની નિમણૂકોને ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી

જ માન્ય ગણુવી અને સદરહુ કૉલેજોના આચાર્યોને જણાવવું કે જૂન ૧૯૭૪ પછી આ નિમણૂકો કોઈ પણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહીં, અને તેથી પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે અન્ય યોગ્ય લાયકાત ધરાવતી વ્યક્તિઓની નિમણૂક કરવા માટે પોતાની ભલામણો વેળાસર મોકલી આપવી.

૬૧. સમાજવિદ્યા ભવનમાં ફીલ્ડવર્ક આસિસ્ટન્ટ તરીકે કામ કરતા શ્રી. એસ. પી. ભટ્ટનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૬-૧૦-૧૯૭૩ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૭-૧૦-૧૯૭૩થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. પી. ભટ્ટની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ અભ્યેથી તેમને કાયમ કરવાની બાબતમાં યોગ્ય નિર્ણય કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૬૨. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગમાં ચાલુ વર્ષ ૧૯૭૩-૭૪માં સાંજના વર્ગોમાં પ્રાયોગિક કાર્ય માટે ૧૮ રિસર્ચ સ્કૉલરને ટર્મ દીઠ રૂ. ૨૪૦ લેખે પુરસ્કાર આપવા તથા રૂ. ૮,૬૪૦ની બજેટમાં જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં સાંજના વર્ગના સંદર્ભમાં રસાયણવિજ્ઞાનના વિષયમાં પ્રાયોગિક કાર્ય માટે ૧૮ રિસર્ચ સ્કૉલરોને સત્ર દીઠ રૂ. ૨૪૦-૦૦ લેખે પુરસ્કાર આપવો અને તે માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂ. ૮,૬૪૦-૦૦ના વધારાના ખર્ચની જોગવાઈ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાનના વિષયમાં પ્રાયોગિક કામ માટે મનોવિજ્ઞાન, શિક્ષણ અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનમાં સાંજના વર્ગોના સંદર્ભમાં ૨ પીએચ.ડી. વિદ્યાર્થીઓને પ્રત્યેકને સત્ર દીઠ રૂ. ૨૫૦-૦૦નો પુરસ્કાર આપવો અને તે માટે તે વિદ્યાભવનના ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂ. ૧,૦૦૦ ના વધારાના ખર્ચની જોગવાઈ મંજૂર કરવી.

૬૩. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૧-૩-૧૯૭૩ની સભાના નીચેના ઠરાવના સંદર્ભમાં સમાજ-વિદ્યાભવનનાં પ્રાધ્યાપક ડૉ. તારાબહેન પટેલને ફિલિપાઈન યુનિવર્સિટીના વિઝિટિંગ પ્રોફેસર તરીકેની સેવાઓ દરમિયાન મૂળ માસિક પગારના ૫૦ ટકા પ્રમાણે વેતન આપવા અંગેના તેઓના તા. ૨૭-૮-૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ઑફ ફિલિપાઈન્સમાં ઑક્ટોબર ૧૯૭૩થી એપ્રિલ ૧૯૭૪ સુધીના સમય માટે મુલાકાતી પ્રાધ્યાપક તરીકે કાર્ય કરવા માટે સમાજશાસ્ત્રનાં પ્રોફેસર ડૉ. તારાબહેન પટેલને પરવાનગી આપવી તે સમય દરમ્યાન તેમને શો પુરસ્કાર આપવો એ અંગે જરૂરી માહિતી આવ્યેથી બાબત નં. ૬૦ના ઠરાવના સંદર્ભમાં વિચારવું."

(**નોંધ.**— ડૉ. તારાબહેન પટેલનો મૂળ માસિક પગાર રૂ. ૧,૨૫૦ છે. તેઓને માસિક ૧,૦૦૦ ડૉલર મળશે)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. તારાબહેન પટેલની આ રજાઓ દરમ્યાન તેમના વેતન અંગેની જરૂરી માહિતીના સંદર્ભમાં નિયમો અનુસાર જે વેતન આપી શકાય તે આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૪. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં સ્ટેનોગ્રાફર તરીકે કામ કરતા શ્રી. એમ. એ. ગઢવીને સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે મકાનના સમારકામ માટે રૂ. ૭,૦૦૦ (સાત હજાર)ની લોન આપવા અંગેની તેઓની તા. ૭–૯–૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**–(૧) તેઓના પ્રોવિડંટ ફંડ ખાતામાં તા. ૩૧ ૩–૧૯૭૩ના રોજ રૂ. ૭,૨૯૩–૫૩ જમા છે અને તે પર તેમની પ્રોવિડંટ ફંડની લોનના રૂ. ૧,૧૨૫–૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે કપાત કરવાની રહેશે.

(૨) તેઓને તા. ૯–૧૦–૧૯૭૩ના રોજ ૧૨ વર્ષ પૂરાં થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના સ્ટેનોગ્રાફર શ્રી. એમ. એ. ગઢવીને સ્ટે ૧૮૮ (૨) હેઠળ મકાન સમારકામ માટે તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતે જમા નીકળતી રકમમાંથી રૂ ૭,૦૦૦ (અંકે રૂપિયા સાત હજાર)ની બિલ્ડિંગ લોન મંજૂર કરવી.

૬૫. એલએલ.એમ.ના વિદ્યાર્થી શ્રી. કે. યુ. મિશ્રા અને કુ. ક્ષિતિજ એચ. શુકલને એલએલ.એમ. માટેનાં સત્રો ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન રાખવા દેવા અંગે તેમના તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**–કાયદા વિદ્યાશાખાના અધ્યક્ષનો અભિપ્રાય નીચે મુજબ છે:

My opinion regarding two cases viz. (1) case of Shri K. U. Mishra, and (2) case of Miss Kshitij H. Shukla is as under :

Case of Shri K. U. Mishra : As Shri Mishra has already kept two terms for LL.M. Part I i.e. he has studied the four papers of Part I he is not entitled to keep two terms of the said four papers of Part I. He is required to keep two terms of Part II of LL.M. examination. This is not possible as there is no practice of teaching for both the parts of LL.M. examination simultaneously at the centre. The point involved in this case requires reconsideration by the Law Faculty viz. that the provision of teaching for each part of the LL.M. examination be made separate. This, in my opinion, will remove the inconvenience to the students in regard to the continuity of his studies.

Case of Miss Kshitij H. Shukla : This case is to be decided in the light of the provision made in Law Ordinance 6-A(New). The word used is '*appearing*'. This word is nowhere defined. Appearing at the examination is continuous process. It commences at a particular point and ends at a particular point. The applicant in this case has kept two terms. She had filled in the examination form but she could not remain present at the examination due to illness. Under the circumstances, the case is marginal case and requires consideration. In my opinion, she may be

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૩

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૧૮-૮-૧૯૭૩ના રોજ ૩-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભામાં હાજરી નીચે મુજબ હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી એન. એમ. મિયાંભાઈએ લીધું હતું :

૧.	શ્રી. એન. એમ. મિયાંભાઇ, કુલપતિશ્રી	હાજર
૨	ડૉ. જયંત ખી. હરિભક્તિ	હાજર
૩.	શ્રી ઇન્દ્રવદન એ. મોદી	હાજર
૪.	શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	ગેરહાજર
૫.	શ્રી સત્યેન્દ્ર કા. ઝવેરી	હાજર
૬.	પ્રો કે. એસ. શાસ્ત્રી	હાજર
૭.	શ્રી. જે. એમ. મકેના, કાર્યકારી કુલસચિવશ્રી	હાજર.

૧. ૨૧-૭-૧૯૭૩ની સમિતિની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૨૧-૭-૧૯૭૩ની સમિતિની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓને માસિક પરીક્ષા ભથ્થું મળે છે તેનો લાભ યુનિવર્સિટી વિદ્યાભવનના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને આપવા અંગે તેઓની તા. ૨૪-૪-૧૯૭૩ની સંયુક્ત અરજી પર વિચારણા બાબત.

સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી. દરમ્યાન આ અંગે કાર્યાલયે એક નોંધ તૈયાર કરી સભ્યોને મોકલવાનું રાખવું.

૩. યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્રમાં કામ કરતા કર્મચારીઓને યુનિવર્સિટીના કર્મચારીઓને અપાતા માસિક પરીક્ષા ભથ્થાનો લાભ આપવા અંગેની તેઓની તા. ૨૬-૪-૧૯૭૩ની સંયુકત અરજી પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી. દરમ્યાન આ અંગે કાર્યાલયે એક નોંધ તૈયાર કરી સભ્યોને મોકલવાનું રાખવું.

૪. યુનિવર્સિટી એસ્ટેટ વિભાગમાં કામ કરતા કર્મચારીઓને યુનિવર્સિટીના કાર્યાલયના કર્મચારીઓને માસિક પરીક્ષા ભથ્થું અપાય છે તેનો લાભ આપવા અંગેની તેઓની તા. ૨૪-૪-૧૯૭૩ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી. દરમ્યાન આ અંગે કાર્યાલયે એક નોંધ તૈયાર કરી સભ્યોને મોકલવાનું રાખવું.

૫. યુનિવર્સિટી ગ્રંથાલયમાં કામ કરતા કર્મચારીઓને યુનિવર્સિટીના કર્મચારીઓને માસિક પરીક્ષા ભથ્થું અપાય છે તેનો લાભ આપવા અંગેની તેઓની તા. ૧૮-૪-૧૯૭૩ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી. દરમ્યાન આ અંગે કાર્યાલયે એક નોંધ તૈયાર કરી સભ્યોને મોકલવાનું રાખવું.

૬. યુનિવર્સિટી હોસ્ટેલના નવા બંધાયેલા બ્લોકના સફાઈ કામ અને બગીચાના કામ માટે એક સફાઈ કામદાર અને એક માળીની કાયમી જગ્યાઓ સ્થાપવા અંગે રેસિડેન્ટ પ્રોફેસરના તા. ૨૧-૪-૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી હોસ્ટેલના નવા બંધાયેલા બ્લોકના સફાઈ કામ માટે એક સફાઈ કામદારની કાયમી જગ્યા રૂ. ૯૪-૩-૧૦૯-૪-૧૩૩ -૫-૧૫૮-૬-૧૭૦ના પગારધોરણમાં નવી હોસ્ટેલ શરૂ થયે સ્થાપવી. વધુમાં ઠરાવવામાં આવે છે કે માળીની જરૂરી સેવાઓ એસ્ટેટ વિભાગના પુલમાંથી આપવાનું રાખવું.

૭. યુનિવર્સિટી તરફથી પ્રતિવર્ષે દર માસની જુલાઈની ૧ લી તારીખે સિનિયોરિટીનું લિસ્ટ ક્રૉડરવાઈઝ સિનિયોરિટી લિસ્ટ બનાવી પ્રસિદ્ધ કરવા માટે ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના તા: ૨-૫-૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

૮. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૯-૬-૧૯૭૩ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"ઠરાવવામાં આવ્યું કે કાર્યાલય નિયામકની ત્રણ જગ્યાઓની ફાળવણી અને તે પુરાયેથી અનુક્રમે ખાલી પડનાર હેડકલાર્ક અને તેની સમકક્ષ જગ્યાઓ તથા સિનિયર ક્લાર્ક અને તેની સમકક્ષ જગ્યાઓની ફાળવણી કરીને તે અંગે જરૂરી કાર્યવાહી કરવાની બાબતમાં પોતાની ભલામણ રજૂ કરવા માટે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે કાર્યાલયે નોંધ તૈયાર કરી સભ્યોને મોકલવાનું રાખવું.

૯. યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭-૩-૧૯૭૩ની સભામાં કોર્ટના સભ્યો તરફથી મુકાયેલ નીચેનું સૂચન સ્ટાફ સિલેકશન કમિટી સમક્ષ મૂકવા સૂચવાયું છે, તો તે અંગે વિચારણા કરવા બાબત.

"કોર્ટની વરણી સમિતિ પર નિષ્ણાતો યોગ્ય સંખ્યામાં હોવા જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન કુલપતિશ્રીને જાણ માટે મોકલવું.

૧૦. ભાષા-સાહિત્ય ભવનમાં વધારાનું મકાન થયું હોવાથી સફાઈ કામ માટે વધુ એક સફાઈ કામદારની જગ્યા સ્થાપવા અંગે ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૭-૬-૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ. —નવું મકાન થતાં સફાઈ કામના વધારાના કામને પહોંચી વળવા એક સફાઈ કામદારની કાયમી જગ્યા અને એક કાયમી પટાવાળાની જગ્યા અથવા બે કાયમી પટાવાળાની જગ્યાઓ સ્થાપવા

અધ્યક્ષશ્રીએ અગાઉ તા. ૨૩-૩-૧૯૭૩ના પત્રથી વિનંતી કરી હતી તે અંગે સ્થાયી સમિતિએ તેની તા. ૨૧-૪-૧૯૭૩ની સભામાં ફક્ત એક કાયમી પટાવાળાની જગ્યા સ્થાપવા ભલામણ કરી હતી.)

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ભાષા-સાહિત્ય ભવનના મકાન માટે હાલ એક સફાઈ કામદારની જગ્યા મંજૂર કરવામાં આવી છે તે પર્યાપ્ત છે તેથી અધ્યક્ષશ્રીની વિનંતી મંજૂર થઈ શકે તેમ નથી.

૧૧. યુનિવર્સિટી પ્રેસમાં પ્રૂફરીડર તરીકે કામ કરતા શ્રી. ડી. એમ. પંડ્યાએ તા. ૧૨-૨-૧૯૬૯થી તા. ૫-૧૧-૧૯૬૯ દરમ્યાન નિયમ ૭(૧) પ્રમાણે કાર્યકારી મદદનીશ પ્રેસ-મેનેજરની ફરજો બજાવી હતી. તો તેઓને તે સમય દરમ્યાન તેઓની જગ્યાનો ઓવરટાઈમ સ્વીકારવાનો વિકલ્પ આપવા અંગે તેઓની તા. ૧૧-૬-૧૯૭૩ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ખાસ કેસ તરીકે પ્રૂફરીડર શ્રી. ડી. એમ. પંડ્યાને તા ૧૨-૨-૧૯૬૯થી તા. ૫-૧૧-૧૯૬૯ દરમ્યાન નિયમ ૭(૧) પ્રમાણે કાર્યકારી મદદનીશ પ્રેસ-મેનેજરની ફરજો બજાવી હતી તે સમયનો ઓવરટાઇમ સ્વીકારવાનો વિકલ્પ આપવો.

૧૨. વિજ્ઞાન વિદ્યાભવનમાં વધુ બે સફાઈ કામદારોની કાયમી જગ્યાઓ સ્થાપવા અંગે અધ્યક્ષશ્રીના તા. ૨૬-૬-૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગ માટે એક એનિમલ હાઉસ એટેન્ડન્ટની કાયમી જગ્યા રૂ. ૯૪-૩-૧૦૯-૪-૧૩૩-૫-૧૫૮-૬-૧૭૦ના પગારધોરણમાં ઊભી કરવી

૧૩ ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘે તેના તા. ૨-૭-૧૯૭૩ના પત્રથી ગુજરાત સરકારના તા. ૧૨-૧૦-૧૯૭૨ના ઠરાવથી જેમ રાજ્ય સરકાર તેના ચોથા વર્ગના કર્મચારીઓ જેઓ પાણી પીવડાવે છે તેઓને માસિક રૂ. ૫-૦૦નું ભથ્થું આપે છે તેવો લાભ યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓ જેઓ પાણી પીવડાવે તેમને પણ આપવા જણાવે છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે પાણી પાવાની બાબત કર્મચારીઓના કાર્યક્ષેત્રની હોવાથી તે અંગે જુદું એલાવન્સ આપવા અંગેની વિનંતી મંજૂર કરવી નહીં.

૧૪. યુનિવર્સિટી પરીક્ષાનાં ગુણપત્રકોના વેચાણ માટે સંલગ્ન કૉલેજોના કર્મચારીઓને ગુણપત્રક દીઠ ૦૦-૧૫ પૈસા મહેનતાણું મળે છે તેનો લાભ સમાજવિદ્યા ભવનના કર્મચારીઓને જેઓ ભવનના વિદ્યાર્થીઓના ગુણપત્રકોના વિતરણનું કામ કરે છે તેમને આપવા અંગે અધ્યક્ષશ્રીના તા. ૭-૭-૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી ભવનોના કર્મચારીઓને ગુણપત્રકોના વેચાણ માટે કૉલેજોના કર્મચારીઓની જેમ પંદર પૈસા લેખે પુરસ્કાર ગણીને તે રકમ જે તે ભવનને મોકલી આપવી અને તેના કારકુન વર્ગમાં તેની વહેંચણી કરવા અધ્યક્ષશ્રીને જણાવવું.

૧૯. યુનિવર્સિટી કાર્યાલયમાં ડુપ્લિકેટિંગ મશીનમેનની રજા દરમ્યાન પટાવાળા આ કામગીરી સંભાળે ત્યારે મહેનતાણું જે દૈનિક ૦૦-૪૦ પૈસાના ધોરણે આપવામાં આવે છે તેનો લાભ ભવનો તથા ગ્રંથાલયના ચોથા વર્ગના કર્મચારીઓને આપવા અંગે સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રીના તા. ૩૧-૭-૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ વિનંતી મંજૂર કરવી નહીં.

૨૦. વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્યૂન-કમ-એટેન્ડન્ટ તરીકે કામ કરતા શ્રી. એમ. આર. જાદવને ડી. એ. મર્જ થયા પછી નવા પગારધોરણમાં તેઓથી જુનિયર શ્રી. કે. જી. વડોદરિયા અને શ્રી. બી. જે. પરમારથી ઓછો પગાર મળે છે તે અંગે તેઓની તા. ૭-૭-૧૯૭૩ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. એમ. આર. જાદવની હાલની પગારવધારાની તા. ૧—૧૨—૧૯૭૧ છે તે ફેરવીને તા. ૧-૭-૧૯૭૧ કરવી. અને વધુમાં ઠરાવવામાં આવે છે કે ભવિષ્યમાં આવા કેસોમાં પણ તે પ્રમાણે કરવાનું રાખવું.

૨૧. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૧-૮-૧૯૭૩ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઇ તે અંગે વિચારણા કરવા બાબત :

"કોર્ટની આગામી સામાન્ય ચૂંટણી અંગે અનુસ્નાતક વિભાગે જોરશોરથી કામ કર્યું છે. પરીક્ષા દરમ્યાન પરીક્ષાના કામ માટે પરીક્ષા વિભાગના કર્મચારીઓને ઓવરટાઈમ ભથ્થું આપવામાં આવે છે તે પ્રમાણે ચૂંટણી કાર્યની અગત્ય અને તાકીદ જોતાં અનુસ્નાતક વિભાગના તમામ કર્મચારીઓને ઓવરટાઈમને બદલે એક પગાર જેટલું વધારાનું વેતન આપવા અંગેના આચાર્યશ્રી એલ. ડી. દવેના તા. ૪-૬-૧૯૭૩ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત."

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આચાર્ય એલ. ડી દવેનો પ્રસ્તાવ મંજૂર કરવો નહીં.

૨૨. પ્રેસ-કર્મચારીઓને યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓને પરીક્ષા ભથ્થું ૧૦ ટકા અપાય છે તેનો લાભ આપવા અંગે પ્રેસ કર્મચારીઓના તા. ૧૭-૮-૧૯૭૩ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી. દરમ્યાન આ અંગે કાર્યાલયે નોંધ તૈયાર કરી સભ્યોને મોકલવાનું રાખવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૨૩

"ડૉ. આર. ડી. દેસાઈ સુવર્ણચંદ્રક"

૧.	દાતાનું નામ	: ટ્રસ્ટીશ્રી, ડૉ. આર. ડી. દેસાઈ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, "રસાયણ", પ્રતિમા સોસાયટી પાસે, નવરંગપુરા, અમદાવાદ–૯.
૨.	પ્રદાનની રકમ	: રૂ. ૭,૫૦૦ તથા માર્ચ ૧૯૭૩ માટે વધારાની રકમ રૂ. ૩૫૦
૩.	પ્રદાનનો પ્રકાર	: એક સુવર્ણચંદ્રક
૪.	પ્રદાનનો સ્વીકાર	: સિન્ડિકેટે તેની તા. ૧૭–૨–૧૯૭૩ની સભામાં પ્રદાનનો સ્વીકાર કર્યો છે.

નિયમો

૧. "ડૉ. આર. ડી. દેસાઈ સુવર્ણચંદ્રક"એ નામનો આશરે રૂ. ૩૪૦ની કિંમતનો એક સુવર્ણચંદ્રક આ યુનિવર્સિટીની માર્ચ–એપ્રિલમાં લેવાતી એમ.એસસી.ની અનુસ્નાતકની પદવી પરીક્ષા પ્રથમ પ્રયત્ને "ઑર્ગેનિક કેમિસ્ટ્રી"ના વિષય સાથે સૌથી વધુ ગુણાંક મેળવી પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આપવામાં આવશે.

૨. સુવર્ણચંદ્રક વિજેતાનું નામ બને ત્યાં સુધી પરીક્ષાના પરિણામ સાથે જાહેર કરવામાં આવશે.

૩. સુવર્ણચંદ્રક શકય હશે ત્યાં સુધી યુનિવર્સિટીના વાર્ષિક પદવીદાન સમારંભમાં વિજેતાને અર્પણ કરવામાં આવશે.

૪. વિજેતાને સુવર્ણચંદ્રક આપવામાં તેની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

૫. સદરહુ સુવર્ણચંદ્રક એનાયત કરવા અંગે યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલને વખતોવખત જે શરતો ઉમેરવી આવશ્યક જણાશે તે ઉમેરવા માટે તેને અધિકાર રહેશે.

૬. આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૭. આ સખાવતની વાર્ષિક આવકની બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "ગ"

કામકાજ ક્રમાંક ૨૪

"શ્રીમતી ચંચળબહેન મણિલાલ પુરુષોત્તમ પુરાણી પારિતોષિક"

૧. દાતાનું નામ : પ્રો. જે. એમ. શુકલ,
૭, મહારાષ્ટ્ર સોસાયટી, અમદાવાદ-૬.

૨. પ્રદાનની રકમ : રૂ. ૭,૫૦૦

૩. પ્રદાનનો પ્રકાર : રૂ. ૩૪૦ની રકમનું એક પારિતોષિક

૪. પ્રદાનનો સ્વીકાર : સિન્ડિકેટે તેની તા. ૧૭-૨-૧૯૭૩ની સભામાં પ્રદાનનો સાભાર સ્વીકાર કર્યો છે.

નિયમો

૧. "શ્રીમતી ચંચળબહેન મણિલાલ પુરુષોત્તમ પુરાણી પારિતોષિક" એ નામનું આશરે રૂ. ૩૪૦ની કિંમતનું એક પારિતોષિક આ યુનિવર્સિટીની માર્ચ-એપ્રિલમાં લેવાતી થર્ડ બી.એ.ની પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગ મેળવી મુખ્ય વિષય "સંસ્કૃત"માં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આપવામાં આવશે.

૨. પારિતોષિક વિજેતાનું નામ બને ત્યાં સુધી પરીક્ષાના પરિણામ સાથે જાહેર કરવામાં આવશે.

૩. વિજેતાને પારિતોષિક આપવામાં તેની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

૪. સદરહુ પારિતોષિક એનાયત કરવા અંગે યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત જે શરતો ઉમેરવી આવશ્યક જણાશે તે ઉમેરવા માટે તેને અધિકાર રહેશે.

૫. આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૬. આ સખાવતની વાર્ષિક આવકની બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૩૦

એકિઝકયુટિવ કાઉન્સિલના તમામ સભ્યોની બનેલી વરણીસમિતિની એક સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૭-૯-૧૯૭૩ના રોજ ૩-૩૦ વાગ્યે યુનિવર્સિટી આરોગ્યકેન્દ્ર માટે પાર્ટ-ટાઇમ લેડી ડૉકટરની જગ્યા માટે ઉમેદવારોની મુલાકાત લેવા માટે મળી હતી. કુલપતિ શ્રી. એન. એમ. મિયાંભાઈએ પ્રમુખસ્થાન લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. એન. એમ. મિયાંભાઈ, કુલપતિશ્રી	હાજર
૨. શિક્ષણ સંચાલકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩. શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૪. આચાર્ય ડૉ. સી. એસ. શાહ	ગેરહાજર
૫. શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરી	ગેરહાજર
૬. ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	ગેરહાજર
૭. શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	ગેરહાજર
૮. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર
૯. શ્રી. હીરાલાલ એચ. ભગવતી	ગેરહાજર
૧૦. શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	ગેરહાજર
૧૧. શ્રી. પ્રફુલ્લચંદ્ર સી. શાહ	ગેરહાજર
૧૨. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૧૩. પ્રો. કે. એસ. શાસ્ત્રી	ગેરહાજર
૧૪. પ્રો. ડી. એન. પાઠક	હાજર
૧૫. ડૉ. ધીરુભાઈ પી. ઠાકર	ગેરહાજર
૧૬. આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	ગેરહાજર
૧૭. ડૉ. એલ. ડી. દવે	ગેરહાજર

પાર્ટ-ટાઇમ લેડી ડૉક્ટરની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧.	ડૉ. સુરેખા એમ. ગુપ્તા	હાજર
૨.	ડૉ. પલ્લવિકા આર. શાહ	હાજર
૩.	ડૉ. માલતી જે. શાહ	ગેરહાજર
૪.	ડૉ. યોગિની બી. મહેતા	હાજર
૫.	ડૉ. ઇન્દુ જે. વૈદ્ય	ગેરહાજર
૬.	ડૉ. નિરંજના બી. શાહ	ગેરહાજર
૭.	ડૉ. શકુન્તલા આર. વર્મા	હાજર
૮.	ડૉ. સીફી એમ. શાફીબ	ગેરહાજર
૯.	ડૉ. વીણા એમ. શાહ	હાજર
૧૦.	ડૉ. કોકિલા જે. દેસાઈ	હાજર
૧૧.	ડૉ. અરુણા એ. શાહ	હાજર
૧૨.	ડૉ. તરલિકા એસ. શાહ	ગેરહાજર

નિષ્ણાત તરીકે આરોગ્યકેન્દ્રના આર.એમ.ઓ. ડૉ. સી. આર. ત્રિવેદી હાજર રહ્યા હતા. હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

"ડૉ. કોકિલા જે. દેસાઈને પાર્ટ-ટાઇમ લેડી ડૉક્ટરની જગ્યા પર રૂ. ૩૫૦ના (ઉચ્ચક) વેતનથી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

બો. કે. શાહ,
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ચ"

કામકાજ ક્રમાંક ૩૮

GUJARAT UNIVERSITY COMPUTER CENTRE

List of Experts for teaching assignment in the Course of Computer Programming

Sr. No.	*Name*	*Suggested honorarium per lecture*	*Organisation*	*Designation*
1	2	3	4	5
		Rs.		
1.	Shri S. R. Thakore	40/-	PRL	Head, Computer Centre
2.	Dr. Dinesh Patel	40/-	PRL	Programmer, Computer Centre
3.	Shri P. S. Shah	30/-	PRL	Programmer
4.	Shri H. B. Shah	30/-	PRL	Programmer
5.	Shri S. G. Desai	30/-	PRL	Programmer
6.	Shri R. J. Pathak	30/-	PRL	Programmer
7.	Shri G. S. Shah	30/-	Bureau of Economics	Jt. Director
8.	Shri V. B. Sardasia	30/-	"	Deputy Director
9.	Shri S. D. Cristi	30/-	"	Deputy Director
10.	Shri K. B. Trivedi	30/-	"	Research Officer
11.	Shri K. J. Patel	30/-	"	Research Officer
12.	Shri J. V. R. Adummalli	30/-	"	Research Officer
13.	Shri N. R. Kothari	30/-	ATIRA	Sr. Scientific Officer
14.	Shri S. P. Deshpande	30/-	"	" " "
15.	Shri G. H. Trivedi	30/-	"	EDP incharge
16.	Shri C. A. Pathak	30/-	"	Sr, Scientific Officer

1	2	3	4	5
17.	Shri D. S. Kulkarni	30/-	ATIRA	Programmer
18.	Shri K. Rajgopal	30/-	Ahd. Elect. Co.	EDP incharge
19.	Shri K. M. Parekh	30/-	SLM Maneklal	EDP Manager
20.	Shri A. L. Chhajer	30/-	ICL	EDP Systems Adviser
21.	Shri A. K. Banerji	30/-	SLM Maneklal	Programmer
22.	Dr. A. C. Shamihoke	40/-	IIM	Incharge, Computer Centre.

N.B.—(1) As far as possible, the services of the programming staff of the Computer Centre will also be utilised for this teaching programme.

(2) Not more than 25 lectures per session will be assigned to an expert.

(3) A total sum of Rs. 10,000 will have to be paid as honorarium for approximately 375 lectures.

૬૨૧-૨-૨ ૫૫ : ૬૨૧૬૨૨૨

૨૦.	કુ. શાહ હર્ષિદા કે.	પ્રો. જે. જે. ચિનોય	,,	,,	૧૫–૭–૧૯૭૦થી ૧૪–૯–૧૯૭૩	૧૪–૭–૧૯૭૩
૨૧.	શ્રી. શાહ રોહિત આર.	ડૉ. એમ. એન. દેસાઈ	,,	,,	૨૫–૧૧–૧૯૭૧થી ૨૪–૧૧–૧૯૭૪	૨૪–૧૧–૧૯૭૪
૨૨.	શ્રી. નાણાવટી નીતિનકુમાર કે.	ડૉ. આઈ. જી. વશી	,,	,,	૬–૭–૧૯૭૧થી ૫–૭–૧૯૭૪	૫–૭–૧૯૭૪
૨૩.	શ્રી. પટેલ જગદીશ સી.	ડૉ. આર. કે. શાહ	,,	,,	૧૨–૭–૧૯૭૧થી ૧૧–૭–૧૯૭૪	૧૧–૭–૧૯૭૪
૨૪.	કુ. મહેતા વિદ્યા બી.	ડૉ. બી. એસ. વૈદ્ય	,,	,,	૫–૧૨–૧૯૭૨થી ૪–૧૨–૧૯૭૫	૪–૧૨–૧૯૭૪
૨૫.	શ્રી. પટેલ કિરીટ એસ.	ડૉ. કે. પી. સોની	,,	,,	૧૦–૭–૧૯૭૨થી ૯–૭–૧૯૭૫	૯–૭–૧૯૭૪
૨૬.	કુ. જાડેજા ચંદ્રકુંવરબા યુ.	ડૉ. ઈ. એ. સોલોમન	યુનિ. ભાષા-સાહિત્ય ભવન	યુ.જી.સી.ની જુનિ. રિસર્ચ ફેલોશિપ	૯–૮–૧૯૭૦થી ૮–૮–૧૯૭૩	૮–૮–૧૯૭૩
૨૭.	કુ. પટેલ કમળા આર.	ડૉ. રામકુમાર ગુપ્તા	ભવન્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડાકોર	,,	૯–૮–૧૯૭૦થી ૮–૮–૧૯૭૩	૮–૮–૧૯૭૩
૨૮.	શ્રી. શાહ હર્ષદરાય સી.	ડૉ. જી. સી. અમીન	સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા	,,	૯–૮–૧૯૭૦થી ૮–૮–૧૯૭૩	૮–૮–૧૯૭૩
૨૯.	શ્રી. શાહ રશ્મિકાન્ત વી.	ડૉ. જે. જે. ત્રિવેદી	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ	,,	૧૭–૭–૧૯૭૦થી ૧૬–૭–૧૯૭૩	૧૬–૭–૧૯૭૩
૩૦.	કુ. જોશી કૌમુદી આર.	ડૉ. જે. એ. યાજ્ઞિક	યુનિ. મનોવિજ્ઞાન ભવન	,,	૧૭–૭–૧૯૭૦થી ૧૬–૭–૧૯૭૩	૧૬–૭–૧૯૭૩

૧	૨	૩	૪	૫	૬	૭
૩૧.	શ્રી. છાયા પીયૂષ એમ,	ડૉ. એમ. એન. દેસાઈ	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન	યુ. જી.સી.ની જુનિ. રિસર્ચ ફેલોશિપ	૧૭–૬–૧૯૭૧થી ૧૬–૬–૧૯૭૩	૧૬–૬–૧૯૭૩
૩૨.	શ્રી. મુનશી નૂરમહંમદ એ.	ડૉ. એમ. એ એચ. ફારૂકી	આર. એ. ભવન્સ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	,,	૧૫–૬–૧૯૭૧થી ૧૪–૬–૧૯૭૪	૧૪–૬–૧૯૭૪
૩૩.	કુ. ભટ્ટ દેવયાની બી.	ડૉ. ટી. એસ. નાન્દી	યુનિ. ભાષા-સાહિત્ય ભવન	,,	૧૫–૭–૧૯૭૧થી ૧૪–૭–૧૯૭૪	૧૪–૭–૧૯૭૪
૩૪.	કુ. સંઘવી જયશ્રી એસ.	ડૉ. જે. જે. ત્રિવેદી	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ	,,	૨૧–૬–૧૯૭૧થી ૨૦–૬–૧૯૭૪	૨૦–૬–૧૯૭૪
૩૫.	શ્રી. અગ્નિહોત્રી પ્રબોધજી	,,	,,	,,	૧૪–૭–૧૯૭૧થી ૧૩–૭–૧૯૭૪	૧૩–૭–૧૯૭૪
૩૬.	કુ. મહેતા દક્ષા એચ.	પ્રો. જે. જે. ચિનોય	યુનિ. વિજ્ઞાન વિદ્યા-ભવન	,,	૧૫–૬–૧૯૭૨થી ૧૪–૬–૧૯૭૫	૧૪–૬–૧૯૭૪
૩૭.	કુ. ગાંધી ગીતા કે.	ડૉ. ઈ. એ. સોલોમન	યુનિ. ભાષા-સાહિત્ય ભવન	,,	૨૪–૭–૧૯૭૨થી ૨૩–૭–૧૯૭૫	૨૩–૭–૧૯૭૫
૩૮.	કુ. અમીન અમીના આઈ.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન	,,	,,	૨૨–૧૨–૧૯૭૨થી ૨૧–૧૨–૧૯૭૫	૨૧–૧૨–૧૯૭૫
૩૯.	કુ. શાહ નંદિતા કે.	ડૉ. એમ. એમ. લાલોરિયા	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન	,,	૧૫–૧૨–૧૯૭૨થી ૫–૭–૧૯૭૫	૧૫–૧૨–૧૯૭૪
૪૦.	શ્રી. દેસાઈ ભરતકુમાર આર.	ડૉ. એમ. એન. દેસાઈ	,,	,,	૧–૧–૧૯૭૩થી ૩૧–૧૨–૧૯૭૫	૩૧–૧૨–૧૯૭૪

આથી ઠરાવવામાં આવે છે કે એકિઝક્યુટિવ કાઉન્સિલને નીચે મુજબ ભલામણ કરવી :

વર્ષ ૧૯૭૦—૭૧, ૧૯૭૧—૭૨ તથા ૧૯૭૨—૭૩ દરમિયાન નોંધાયેલા વિદ્યાર્થીઓ પૈકી જેમને પીએચ.ડી. પદવીના સંશોધન માટે યુનિવર્સિટી સ્થાપિત કે ગુજરાત રાજ્ય સરકાર કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની (જે જુનિયર રિસર્ચ ફેલોશિપ તરીકે ઓળખાય છે) સંશોધન શિષ્યવૃત્તિઓ આપવામાં આવેલી તે વિદ્યાર્થીઓને તેમના માર્ગદર્શક શિક્ષકની ભલામણ અનુસાર તેમનાં નામ સામે છેલ્લા કોલમમાં જણાવ્યા મુજબ શિષ્યવૃત્તિનો સમય લંબાવી આપવો :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	માર્ગદર્શક શિક્ષક	કૉલેજ/સંસ્થા	શિષ્યવૃત્તિનું નામ	શિષ્યવૃત્તિનો સમય	શિષ્યવૃત્તિ ચાલુ રાખવા કે મુદત લંબાવી આપવાનો સમય
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	શ્રી. અન્સારી મુનીર એહમદ એ.	ડૉ. બી. એસ. અગ્રવાલ	એલ. ડી. કૉલેજ	ગુજરાત યુનિવર્સિટી	૧—૧—૧૯૭૦થી ૩૧—૧૨—૧૯૭૨	૧૪—૬—૧૯૭૩
૨.	શ્રીમતી મુનશી ક્ષમા એસ.	ડૉ. એન. જે. શાહ	એલ. ડી. ઇન્સ્ટિ. ઑફ ઇન્ડોલોજી	,,	૧૪—૭—૧૯૭૦થી ૧૩—૭—૧૯૭૨	૧૩—૭—૧૯૭૩
૩.	શ્રીમતી નીલમ ડોંગરા	ડૉ. એચ. જી. શાસ્ત્રી	ભો. જે. વિદ્યાભવન	,,	૧૭—૭—૧૯૭૦થી ૧૬—૭—૧૯૭૨	૧૬—૭—૧૯૭૩
૪.	કુમારી શર્મા કલ્પના એસ.	પ્રો. વી. સી. શાહ	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન	,,	૨૬—૧૧—૧૯૭૦થી ૨૫—૧૧—૧૯૭૨	૨૫—૧૧—૧૯૭૩
૫.	શ્રીમતી પટેલ મીનાક્ષી કે.	ડૉ. સી. એસ. ત્રિવેદી	સેંટ ઝેવિયર્સ કૉલેજ	,,	૩૦—૬—૧૯૭૧થી ૨૯—૬—૧૯૭૩	૨૯—૬—૧૯૭૪
૬.	શ્રી. ગોસાઈ શિવગર પી.	ડૉ. એચ. ડી. બદામી	યુનિ. મનોવિજ્ઞાન વિદ્યાભવન	,,	૨૯—૬—૧૯૭૧થી ૨૮—૬—૧૯૭૩	૨૮—૬—૧૯૭૪
૭.	કુ જોશી વિશાલાક્ષી એમ.	ડૉ. ટી. એસ. નાન્દી	યુનિ. ભાષા-સાહિત્ય ભવન	,,	૧૩—૭—૧૯૭૧થી ૧૨—૭—૧૯૭૩	૧૨—૭—૧૯૭૪

૧	૨	૩	૪	૫	૬	૭
૮.	કુ. ગોસ્વામી ક્રિષ્ણા એમ.	ડૉ. એ. એસ. નાગર	યુનિ. ભાષા-સાહિત્ય ભવન	ગુજરાત યુનિવર્સિટી	૧૫–૬–૧૯૭૧થી ૧૪–૬–૧૯૭૩	૧૪–૬–૧૯૭૪
૯.	કુ. કૌલ માલતી એન.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	ભો. જે. વિદ્યાભવન	,,	૧૪–૭–૧૯૭૧થી ૧૩–૭–૧૯૭૩	૧૩–૭–૧૯૭૪
૧૦.	શ્રી. વૈદ્ય વિજય એસ.	ડૉ. આર. કે. શાહ	યુનિ. વિજ્ઞાન વિદ્યા-ભવન	,,	૬–૭–૧૯૭૨થી ૫–૭–૧૯૭૪	૫–૭–૧૯૭૪
૧૧.	શ્રી. પટેલ જોરાભાઈ એન.	પ્રો. જે. જે. ચિનોય	,,	,,	૫–૭–૧૯૭૨થી ૪–૭–૧૯૭૪	૪–૭–૧૯૭૪
૧૨.	કુ. ગાંધી અંજના એચ.	ડૉ. લીલાબહેન શાહ	બી. ડી. કૉલેજ	,,	૧૪–૭–૧૯૭૨થી ૧૩–૭–૧૯૭૪	૧૩–૭–૧૯૭૪
૧૩.	કુ. સેન ગીતા એ.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન	યુનિ. ભાષા-સાહિત્ય ભવન	,,	૩૦–૬–૧૯૭૨થી ૨૯–૬–૧૯૭૪	૨૯–૬–૧૯૭૪
૧૪.	કુ. વિલખુ નિર્મળા જી.	ડૉ. સી. ટી. ભોપટકર	યુનિ. મનોવિજ્ઞાન વિદ્યાભવન	,,	૧૫–૭–૧૯૭૨થી ૧૪–૭–૧૯૭૪	૧૪–૭–૧૯૭૪
૧૫.	શ્રી. ઠાકર સુરેશ કે.	પ્રો. ડી. એન. પાઠક	યુનિ. સમાજવિદ્યા ભવન	,,	૨૩–૬–૧૯૭૨થી ૨૨–૬–૧૯૭૪	૨૨–૬–૧૯૭૪
૧૬.	શ્રી. દેસાઈ કિશોર આર.	ડૉ. આઈ. જી. વશી	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન	,,	૧૫–૧૨–૧૯૭૨થી ૧૪–૧૨–૧૯૭૪	૧૪–૧૨–૧૯૭૪
૧૭.	શ્રી. કોટામલ્લી અરવિંદબાબુ એન.	પ્રો. વી. સી. શાહ	,,	,,	૨૨–૧૨–૧૯૭૨થી ૨૧–૧૨–૧૯૭૪	૨૧–૧૨–૧૯૭૪
૧૮.	કુમારી શેઠ કુમદ એમ.	ડૉ. એન. જે. ચિનોય	,,	,,	૨૬–૮–૧૯૭૨થી ૨૫–૭–૧૯૭૪	૨૫–૭–૧૯૭૪

૧૯. શ્રી. જોશી જગદીશ એસ.	ડૉ. એમ. એન. દેસાઈ	,,	ગુજરાત રાજ્ય સરકારની શિષ્યવૃત્તિ	૧૨–૧૧–૧૯૭૦થી ૧૧–૧૧–૧૯૭૩	૧૧–૧૧–૧૯૭૩	
૨૦. કુ. શાહ હર્ષિદા કે.	પ્રો. જે. જે. ત્રિવેદી	,,	,,	૧૫–૭–૧૯૭૦થી ૧૪–૭–૧૯૭૩	૧૪–૭–૧૯૭૩	
૨૧. શ્રી. શાહ રોહિત આર.	ડૉ. એમ. એન. દેસાઈ	,,	,,	૨૫–૧૧–૧૯૭૧થી ૨૪–૧૧–૧૯૭૪	૨૪–૧૧–૧૯૭૪	
૨૨. શ્રી. નાણાવટી નીતિનકુમાર કે.	ડૉ.આઈ. જી. વશી	,,	,,	૬–૭–૧૯૭૧થી ૫–૭–૧૯૭૪	૫–૭–૧૯૭૪	
૨૩. શ્રી. પટેલ જગદીશ સી.	ડૉ. આર. કે. શાહ	,,	,,	૧૨–૭–૧૯૭૧થી ૧૧–૭–૧૯૭૪	૧૧–૭–૧૯૭૪	
૨૪. કુ. મહેતા વિલા બી.	ડૉ. બી. એસ. વૈદ્ય	,,	,,	૫–૧૨–૧૯૭૨થી ૪–૧૨–૧૯૭૪	૪–૧૨–૧૯૭૪	
૨૫. શ્રી. પટેલ કિરીટ એસ.	ડૉ. કે. પી. સોની	,,	,,	૧૦–૭–૧૯૭૨થી ૯–૭–૧૯૭૫	૯–૭–૧૯૭૪	
૨૬. કુ. જાડેજા ચંદ્રકુંવરબા યુ.	ડૉ. ઈ. એ. સોલોમન	યુનિ. ભાષા-સાહિત્ય ભવન	યુ.જી.સી.ની જુનિ. રિસર્ચ ફેલોશિપ	૯–૮–૧૯૭૦થી ૮–૮–૧૯૭૩	૮–૮–૧૯૭૩	
૨૭. કુ. પટેલ કમળા આર.	ડૉ. રામકુમાર ગુપ્તા	ભવન્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડાકોર	,,	૯–૮–૧૯૭૦થી ૮–૮–૧૯૭૩	૮–૮–૧૯૭૩	
૨૮. શ્રી. શાહ હર્ષદરાય સી.	ડૉ. જી. સી. અમીન	સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા	,,	૯–૮–૧૯૭૦થી ૮–૮–૧૯૭૩	૮–૮–૧૯૭૩	
૨૯. શ્રી. શાહ રશ્મિકાન્ત વી.	ડૉ. જે. જે. ત્રિવેદી	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ	,,	૧૭–૭–૧૯૭૦થી ૧૬–૭–૧૯૭૩	૧૬–૭–૧૯૭૩	

૧	૨	૩	૪	૫	૬	૭
૩૦.	કુ. જ્યેશી કૌમુદી આર.	ડૉ. જે. એ. થાણિક	યુનિ. મનોવિજ્ઞાન ભવન	યુ જી.સી ની જુનિયર રિસર્ચ ફેલોશિપ	૧૭–૭–૧૯૭૦થી ૧૬–૭–૧૯૭૩	૧૬–૭–૧૯૭૩
૩૧.	શ્રી. છાયા પીયૂષ એમ.	ડૉ. એમ. એન. દેસાઇ	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન	,,	૧૭–૬–૧૯૭૧થી ૧૬–૬–૧૯૭૩	૧૬–૬–૧૯૭૩
૩૨.	શ્રી મુનશી નૂરમહંમદ એ.	ડૉ. એમ. એ. એચ. ફારૂકી	આર. એ. ભવન આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ	,,	૧૫–૬–૧૯૭૧થી ૧૪–૬–૧૯૭૪	૧૪–૬–૧૯૭૪
૩૩.	કુ. ભટ્ટ દેવયાની બી.	ડૉ. ટી. એસ. નાન્દી	યુનિ. ભાષા-સાહિત્ય ભવન	,,	૧૫–૭–૧૯૭૧થી ૧૪–૭–૧૯૭૪	૧૪–૭–૧૯૭૪
૩૪.	કુ. સંઘવી જયશ્રી એસ.	ડૉ. જે. જે. ત્રિવેદી	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ	,,	૨૧–૬–૧૯૭૧થી ૨૦–૬–૧૯૭૪	૨૦–૬–૧૯૭૪
૩૫.	શ્રી. અગ્નિહોત્રી પ્રબોધજી	,,	,,	,,	૧૪–૭–૧૯૭૧થી ૧૩–૭–૧૯૭૪	૧૩–૭–૧૯૭૪
૩૬.	કુ. મહેતા દક્ષા એચ.	પ્રો. જે. જે. ચિનોય	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન	,,	૧૫–૬–૧૯૭૨થી ૧૪–૬–૧૯૭૫	૧૪–૬–૧૯૭૪
૩૭.	કુ. ગાંધી ગીતા કે.	ડૉ. ઈ. એ. સોલોમેન	યુનિ. ભાષા-સાહિત્ય ભવન	,,	૨૪–૬–૧૯૭૨થી ૨૩–૭–૧૯૭૫	૨૩–૭–૧૯૭૪
૩૮.	કુ. અમીન અમીના આઇ.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન	,,	,,	૨૨–૧૨–૧૯૭૨થી ૨૧–૧૨–૧૯૭૫	૨૧–૧૨–૧૯૭૪
૩૯.	કુ. શાહ નંદિતા કે.	ડૉ. એમ. એમ. લાલોરિયા	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન	,,	૧૫–૧૨–૧૯૭૨થી ૫–૭–૧૯૭૫	૧૫–૧૨–૧૯૭૪
૪૦.	શ્રી. દેસાઇ ભરતકુમાર આર.	ડૉ. એમ. એન. દેસાઇ	,,	,,	૧–૧–૧૯૭૩થી ૩૧–૧૨–૧૯૭૫	૩૧–૧૨–૧૯૭૪

(૨) ઉપર યાદીમાં ક્રમાંક ૧માં જણાવેલ વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની મુદત લંબાવી આપી તેમાંથી ક્રમાંક ૧થી અન્સારી મુનીર એહમદને તા. ૧-૧-૧૯૭૩થી તા. ૩૧-૧૨-૧૯૭૨ સુધીના સમય માટે યુનિવર્સિટીની શિષ્યવૃત્તિ આપેલી. તે શિષ્યવૃત્તિ ખાસ કેસ તરીકે વધુ ૭ માસ એટલે કે તા. ૧૪-૬-૧૯૭૩ સુધીના સમય માટે લંબાવી આપવી.

(૩) વર્ષ ૧૯૭૦-૭૧ દરમ્યાન ડૉ. આઈ. જી. વકીના માર્ગદર્શન હેઠળ નોંધાયેલા વિદ્યાર્થી શ્રી. શૈલેન્દ્ર બી. પટેલને યુનિવર્સિટીની સંશોધન શિષ્યવૃત્તિ આપવામાં આવેલી, પરંતુ શ્રી. પટેલ તેમના માર્ગદર્શક શિક્ષકના સંપર્કમાં રહેતા નહીં હોવાથી તેમને આપવામાં આવેલી શિષ્યવૃત્તિ રદ કરવી અને તા. ૧૯-૧૧-૧૯૭૮થી તા. ૩૧-૧૨-૧૯૭૨ સુધીમાં તેમને ચૂકવાયેલ શિષ્યવૃત્તિની રકમ રૂ. ૬,૩૫૦ પરત લેવી.

૩. વર્ષ ૧૯૭૩-૭૪ દરમિયાન યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજ/સંસ્થામાં કામ કરતા અને પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા ધરાવતા શિક્ષકોના માર્ગદર્શન હેઠળ કામ કરતા વિદ્યાર્થીઓ તરફથી શિષ્યવૃત્તિ/ફેલોશિપ મેળવવા અંગે આવેલ અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને નીચે મુજબ ભલામણ કરવી :

(૧) માસિક રૂ. ૨૫૦ની એક એવી યુનિવર્સિટીએ સ્થાપેલી ૨૦ શિષ્યવૃત્તિઓ પૈકી ફાજલ પાડેલી અગર ફાજલ પડનાર ચાર શિષ્યવૃત્તિઓ નીચેના વિદ્યાર્થીઓને, તેઓ શિષ્યવૃત્તિના સમય દરમિયાન નોકરી કે અન્ય વ્યવસાય કરશે નહીં તે શરતે તથા શિષ્યવૃત્તિઓના નિયમો અને શરતોને આધીન, જે તે વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ તારીખ અથવા વિદ્યાર્થી પીએચ.ડી. પદવી માટે નોંધાયો હોય તે તારીખ—એ બેમાંથી જે મોડી હોય તે તારીખથી બે વર્ષ માટે એનાયત કરવી :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષક	સંસ્થાનું નામ	શિષ્યવૃત્તિની તારીખ
૧.	કુ. પારઘી જ્યોતિ વિનુભાઈ	રસાયણ-શાસ્ત્ર	ડૉ. બી. એમ. દેસાઈ	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	૧૫-૬-૧૯૭૩
૨.	શ્રી. ઈશાનંદ જોસેફ વેમ્પેની	તત્ત્વજ્ઞાન	ડૉ. જે. એ. યાજ્ઞિક	યુનિવર્સિટી મનો-વિજ્ઞાન વિદ્યાભવન	૧૫-૬-૧૯૭૩
૩.	કુ. આચાર્ય સ્મિતા હરિપ્રસાદ	અર્થશાસ્ત્ર	ડૉ. એમ. પી. ભટ્ટ	યુનિવર્સિટી સમાજ-વિદ્યા ભવન	૧૭-૭-૧૯૭૩
૪.	મોઢી રમેશચંદ્ર મોહનલાલ	રસાયણ-શાસ્ત્ર	ડૉ. જે. ડી. તલાટી	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈ	૨૬-૧૧-૧૯૭૩

(૨) ગુજરાત રાજ્ય સરકારની ફક્ત વિજ્ઞાનના વિદ્યાર્થીઓ માટેની માસિક રૂ. ૨૫૦ની એક એવી ત્રણ શિષ્યવૃત્તિઓ, વર્ષ ૧૯૭૩-૭૪ના ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન નોકરી કે અન્ય વ્યવસાય કરશે નહીં તે શરતે, તા. ૧૫-૬-૧૯૭૩ અથવા તેઓ પીએચ.ડી. પદવી માટે નોંધાયા હોય તે તારીખ, એ બેમાંથી જે મોડી હોય ત્યારથી મજકૂર શિષ્યવૃત્તિની શરતો અને નિયમોને આધીન, એનાયત કરવી :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષક	કૉલેજ/સંસ્થાનું નામ
૧.	કુ. મેઘા ભાવના મનુભાઈ	વનસ્પતિશાસ્ત્ર	શ્રી. એમ. એમ. લાલોરિયા	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ
૨.	શ્રી. ચેકત જ્યોર્જ સી. જેકોન	પ્રાણીશાસ્ત્ર	ડૉ. એમ. એસ. દુબળે	,,
૩.	કુ. દેસાઈ જ્યોત્સ્ના સુમનલાલ	રસાયણશાસ્ત્ર	ડૉ. એમ. એચ. ગાંધી	,,

(૩) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની યોજના હેઠળની માસિક રૂ. ૩૦૦ની વત્તા વાર્ષિક રૂ. ૧૦૮૦ની કન્ટિન્જન્સી ગ્રાન્ટવાળી જુનિયર રિસર્ચ ફેલોશિપ નીચેના વિદ્યાર્થીઓને, તેઓ નોકરી કે અન્ય વ્યવસાય કરશે નહીં તે શરતે અને મજકૂર ફેલોશિપ માટેની શરતો અને નિયમોને આધીન, તેઓ સંશોધન કાર્ય શરૂ કરે કે પીએચ.ડી. પદવી માટે નોંધાયા હોય તે તારીખ—એ બેમાંથી જે મોડી હોય તે તારીખથી ત્રણ વર્ષ માટે આપવી.

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષક	કૉલેજ/સંસ્થા
૧.	શ્રી. જસદણવાળા ફયાઝ તાહેરઅલી	વનસ્પતિશાસ્ત્ર	ડૉ. એમ. એમ. લાલોરિયા	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ
૨.	શ્રી. પેનબીથુ થ્રીમુર્થી નાયેઆહ	ગણિતશાસ્ત્ર	ડૉ. એ. એમ. વૈદ્ય	,,
૩.	શ્રી. દેસાઈ મહેશકુમાર બલવંતરાય	રસાયણશાસ્ત્ર	ડૉ. એમ. એન. દેસાઈ	,,
૪.	શ્રી. ગુરુપ્રસાદ કાદુર નારાયણસ્વામી	વનસ્પતિશાસ્ત્ર	ડૉ. એમ. એમ. લાલોરિયા	,,
૫.	શ્રી. શર્મા પ્રવીણકુમાર રામજીભાઈ	વનસ્પતિશાસ્ત્ર	ડૉ. સી. કે. શાહ	,,

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષક	કૉલેજ/સંસ્થા
૬.	શ્રી. ધાધલ મંગલકુમાર રામભાઈ	વનસ્પતિશાસ્ત્ર	ડૉ. એ. બી. વોરા	યુનિ. વિજ્ઞાન વિદ્યા-ભવન, અમદાવાદ
૭.	કુ. એલ. શિયાલક્ષિમ કે. લક્ષ્મણ	પ્રાણીશાસ્ત્ર	ડૉ. એન. જે. ચિનોય	,,
૮.	શ્રી. સાવલિયા પરસોત્તમ મોહનલાલ	વનસ્પતિશાસ્ત્ર	ડૉ. બી. એસ. વૈદ્ય	,,
૯.	કુ. જોશી ઉષા જિતેન્દ્ર	સંસ્કૃત	ડૉ. જે. એમ. શુકલ	યુનિ. ભાષા-સાહિત્ય ભવન, અમદાવાદ
૧૦.	શ્રી. દેસાઈ હરીશ ગુલાબભાઈ	રસાયણશાસ્ત્ર	ડૉ. એમ. એન. દેસાઈ	યુનિ. વિજ્ઞાન વિદ્યા-ભવન, અમદાવાદ.

(૪) નીચેના વિદ્યાર્થીઓ તરફથી સંશોધન શિષ્યવૃત્તિ મેળવવા માટે આવેલ અરજીઓને નામંજૂર કરવી :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	કૉલેજ/સંસ્થા
૧.	કુ. દેસાઈ ગીતા એમ.	રસાયણશાસ્ત્ર	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ
૨.	કુ. પટેલ કમળા આર.	હિંદી	ભવન્સ કૉલેજ, ડાકોર
૩.	શ્રી. શાહ હર્ષદરાય સી.	રસાયણશાસ્ત્ર	સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા
૪.	શ્રી. પરીખ સૂર્યકાન્ત પી.	રસાયણશાસ્ત્ર	એમ. જી. સાયન્સ ઈન્સ્ટિ., અમદાવાદ
૫.	શ્રી. ક્ષત્રિય અર્જુનકુમાર એમ.	પ્રાણીશાસ્ત્ર	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ
૬.	શ્રી. વોરા દિનકરરાય એમ.	ગુજરાતી	આર. આર. લાલન કૉલેજ, ભૂજ
૭.	કુ. ચક્કા મેરી વિજયાકુમારી	વનસ્પતિશાસ્ત્ર	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ
૮.	શ્રી. સુરેન્દ્રસીંગ ચૌધરી	,,	,,
૯.	શ્રી. શાહ હર્ષદરાય એ.	,,	,,
૧૦.	શ્રી. નાયક દિલીપ કે.	રસાયણશાસ્ત્ર	,,
૧૧.	શ્રી. ઘેલાણી પ્રેમજીભાઈ એ.	અર્થશાસ્ત્ર	યુનિ. સમાજવિદ્યા ભવન, અમદાવાદ
૧૨.	કુ. ઓઝા નીલાક્ષી એલ.	ગુજરાતી	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

૪. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના ડૉ. એમ. એન. દેસાઈના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. માટે નોંધાયેલા શ્રી. ભરતકુમાર રમણુલાલ દેસાઈને તા. ૧૫-૬-૧૯૭૨ કે પીએચ.ડી. માટે નોંધાયા હોય ત્યારથી ત્રણ વર્ષ માટે ગુજરાત રાજ્યસરકારની સંશોધન શિષ્યવૃત્તિ આપવાની તા. ૧૪-૩-૧૯૭૩ના રોજ મળેલ સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૭-૪-૧૯૭૩ની સભામાં મંજૂર રાખી હતી, તેમાં તેમાં ફેરફાર કરીને શ્રી. ભરતકુમાર રમણુલાલ દેસાઈને ગુજરાત સરકારની શિષ્યવૃત્તિના બદલે તા. ૧-૧-૧૯૭૩થી ત્રણ વર્ષ માટે યુ. જી. સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપ આપ્યાના તેમ જ શ્રી. કિરીટ સુંદરલાલ પટેલને તા. ૧૫-૬-૧૯૭૨ કે તેઓ જે તારીખથી પીએચ.ડી. માટે નોંધાયા હોય ત્યારથી ત્રણ વર્ષ માટે ગુજરાત સરકારની સંશોધન શિષ્યવૃત્તિ આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. પી. મેઢ
નાયબ કુલસચિવ.

પરિશિષ્ટ "બ"
કામકાજ ક્રમાંક ૬૯

We, the Chancellor, Vice-Chancellor and Members of the Court of the

[ ] Gujarat University certify that the withinsigned

.....

of.....College having been examined for the Degree of Diploma in Mathematical Economics, Econometrics and Economic Analysis and Policy and adjudged to have passed in the .....Class, the said DIPLOMA IN MATHEMATICAL ECONOMICS, ECONOMETRICS AND ECONOMIC ANALYSIS AND POLICY has been conferred on h at Ahmedabad, on the.....day of the month of.....in the year one thousand nine hundred and .....In testimony whereof are set the Seal of the said University and the signature of the said Chancellor.

.....
Chancellor.

We, the Chancellor, Vice-Chancellor and Members of the Court of the



Gujarat University certify that the withinsigned

....

having undergone a post-graduate course of the Diploma in Psychiatric Occupational Therapy at the.....and having been examined and found qualified for the same, the said DIPLOMA IN PSYCHIATRIC OCCUPATIONAL THERAPY has been conferred on h at Ahmedabad, on the .....day of the month of.....in the year one thousand nine hundred and.....In testimony whereof are set the Seal of the said University and the signature of the said Chancellor.

.....

Chancellor.

We, the Chancellor, Vice-Chancellor and Members of the Court of the

[ ] Gujarat University certify that the withinsigned

.....

having undergone a post-graduate course of the Diploma in Psychiatric Social Work at the..... and having been examined and found qualified for the same, the said, DIPLOMA IN PSYCHIATRIC SOCIAL WORK has been conferred on h at Ahmedabad, on the .....day of the month of.....in the year one thousand nine hundred and..... In testimony whereof are set the Seal of the said University and the signature of the said Chancellor.

.....

Chancellor.

Gujarat University Press, Ahmedabad-9

ગુ.યુ.પ્રેસ ૬૫૬—૪૫૦—૧૦—'૭૩

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ઑક્ટોબર માસની સભા, ગુરુવાર, તા. ૪-૧૦-૧૯૭૩ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. નોમાનભાઇ મહંમદભાઇ મિયાંભાઇએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૪—૧૦—૧૯૭૩
૧.	શ્રી. નોમાનભાઇ મહંમદભાઇ મિયાંભાઇ, કુલપતિ	હાજર
૨.	શ્રી. સી. સી. ડૉક્ટર, શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય સી. એસ. શાહ	હાજર
૪.	શ્રી. ઝીણાભાઇ રતનજી દેસાઇ	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૭.	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૮.	શ્રી. બટુભાઇ હરિભાઇ દેસાઇ	હાજર
૯.	શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	હાજર
૧૦.	શ્રી હીરાલાલ એચ. ભગવતી	ગેરહાજર
૧૧.	શ્રી. પ્રફુલચંદ્ર સી. શાહ	ગેરહાજર
૧૨.	ડૉ. મહેન્દ્ર નાનુભાઇ દેસાઇ	ગેરહાજર
૧૩.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૪.	પ્રો. દેવવ્રત એન. પાઠક	હાજર
૧૫.	આચાર્ય ડૉ. ધીરુભાઇ પ્રેમશંકર ઠાકર	ગેરહાજર
૧૬.	આચાર્ય ડૉ. લક્ષ્મીપ્રસાદ ઘનશંકર દવે	ગેરહાજર
૧૭.	આચાર્ય ડી. ડી. દેસાઇ	ગેરહાજર
૧૮.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. તા. ૮–૯–૧૯૭૩ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખની.

૨. ભૂજને પરીક્ષા કેન્દ્ર તરીકે ચાલુ રાખવા અંગે વિચારણા કરી અહેવાલ આપવા અંગેની સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

પૂરતી ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) ઑકટોબર ૧૯૭૩માં કચ્છ વિભાગમાં માંડવી કેન્દ્ર ખાતે જે પરીક્ષાઓ યોજવાનું રાખ્યું છે તે પરીક્ષાઓ જાહેર કર્યા મુજબ માંડવી કેન્દ્ર પર લેવાનું રાખવું; અને

(૨) ફકત પહેલી અને બીજી એલએલ.બી.ની સેમેસ્ટર સહિતની પરીક્ષાઓ, જે તા. ૧૫મી ઑકટોબર ૧૯૭૩થી શરૂ થનાર છે, તે માટે ભૂજ ખાતે એક વધારાનું કેન્દ્ર રાખવું, અને આ પરીક્ષાઓ માટે જે વિદ્યાર્થીઓએ માંડવી કેન્દ્ર ભર્યું હોય તેમને, તેમની ઇચ્છા હોય તો, માંડવીને વિકલ્પે ભૂજ કેન્દ્ર પર પરીક્ષામાં બેસવા માટે મંજૂરી આપવી; અને

(૩) પરીક્ષાના આયોજનના કામમાં આ ઠરાવને કારણે થયેલા ફેરફારને અનુલક્ષીને જરૂરી પગલાં લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ./૨૭૯૧૪/૧૯૭૩.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ–૯.
ઑકટોબર ૫, ૧૯૭૩.

કં. ચં. પરીખ
કુલસચિવ.

ગુ.યુ.પ્રેસ ૬૯૧–૪૫૦–૧૧–'૭૩

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ઑક્ટોબર માસની વિશેષ સભા, શનિવાર, તા. ૧૩–૧૦–૧૯૭૩ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. નોમાનભાઈ મહંમદભાઈ મિયાંભાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૩–૧૦–૧૯૭૩
૧.	શ્રી. નોમાનભાઈ મહંમદભાઈ મિયાંભાઈ, કુલપતિ	હાજર
૨.	શ્રી. સી. સી. ડૉક્ટર, શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય સી. એસ. શાહ	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૭.	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૮.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૯.	શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	હાજર
૧૦.	શ્રી. હીરાલાલ એચ. ભગવતી	હાજર
૧૧.	શ્રી. પ્રફુલ્લચંદ્ર સી. શાહ	ગેરહાજર
૧૨.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૩.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૪.	પ્રો. દેવવ્રત એન. પાઠક	હાજર
૧૫.	આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	હાજર
૧૬.	આચાર્ય ડૉ. લક્ષ્મીપ્રસાદ ઘનશંકર દવે	હાજર
૧૭.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર
૧૮.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. (અ) તા. ૮—૯—૧૯૭૩ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની નોંધને મંજૂર કરવા બાબત.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૮–૯–૧૯૭૩ના રોજ મળેલી સભાની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

(બ) તા. ૪—૧૦—૧૯૭૩ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની નોંધને મંજૂર કરવા બાબત.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૪–૧૦–૧૯૭૩ના રોજ મળેલી સભાની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) એમ. એન. કૉલેજ, વીસનગરમાં સ્થાપવામાં આવેલ ગણિતશાસ્ત્ર વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઈન-ચાર્જ તરીકે શ્રી. એમ. એચ. પટેલને બદલે આચાર્ય શ્રી. પી. વી. પારેખની નિમણૂક કર્યાના;

(૨) કૉમનવેલ્થ એજ્યુકેશન સ્ટડી ફેલોશિપ સ્કીમ (યુ.કે.)—૧૯૭૪–૭૫ હેઠળ યુ.કે.માં પ્રકાશન અંગેની તાલીમ લેવા એક વર્ષના અભ્યાસ માટે પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડ્યાની અરજી અન્ડરટેકિંગ તથા જરૂરી બાંયધરી સાથે ભારત સરકારના શિક્ષા મંત્રાલય, દિલ્હીને મોકલી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩. ભારત સરકારના નાણા મંત્રાલયના તા. ૨૩—૮—૧૯૭૩ના જાહેરનામા નં. ૪૪૩ (એફ નં. ૨૦૩–૮–૭૩–આઈટીએ–૨)થી ગુજરાત યુનિવર્સિટીને ઈન્ડિયન કાઉન્સિલ ઑફ સોશિયલ સાયન્સ રિસર્ચના સત્તામંડળે ઈન્કમટેક્ષ ઍક્ટ, ૧૯૬૧ની કલમની ૩૫ પેટાકલમ (૧)ની કલમ (૩) હેઠળ માન્યતા (approval) આપી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૪. ૧૯૭૩ના ગુજરાત ઑર્ડિનન્સ ૪ થી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૫માં થયેલ નીચેના સુધારાની નોંધ લેવા બાબત :

Amendment of Section 55 of Guj. Act 6 of 1973 :

In Section 55 of the Gujarat University (Amendment) Act, 1972, in sub-sections (2) and (3) each, for the words "six months" the words "eight months" shall be and shall be deemed always to have been substituted.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫. ભાષા-સાહિત્ય ભવનમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે કામ કરતા પ્રો. એ. એમ. રાવલની લંબાવવામાં આવેલી એક વર્ષની નિવૃત્તિ વયમર્યાદા તા. ૩૧—૧૨—૧૯૭૩ના રોજ પૂરી થતી હોઈ તેમાં વધારો કરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૮-૧૨-૧૯૭૨ની સભામાં તેમની નિવૃત્તિ વયમર્યાદામાં એક વર્ષનો વધારો કર્યો છે. તેઓ તા. ૧-૧-૧૯૭૪ના રોજ ૬૨ વર્ષ પૂરાં કરે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. એ. એમ. રાવલને પોતાની શારીરિક તપાસ કરાવવા માટે ડૉ. છોટુભાઈ એચ. નાયકનો સંપર્ક સાધવા માટે જણાવવું, અને તેમનો રિપોર્ટ આવ્યેથી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬. યુનિવર્સિટી કાર્યાલયમાં આસિ. રજિસ્ટ્રાર તથા કુલપતિશ્રીના અંગત સચિવ તરીકે કામ કરતા શ્રી. બી. એમ. વૈશ્ય તા. ૨-૧૨-૧૯૭૩ના રોજ ૬૦ વર્ષ પૂરાં કરતા હોવાથી તેમની નિવૃત્તિ વયમર્યાદામાં વધારો કરી આપવા અંગેની તેઓની તા. ૨૫-૯-૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૪-૯-૧૯૬૫ની સભામાં નિવૃત્તિ વયમર્યાદા અંગે નીચે મુજબ ઠરાવ્યું છે:

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વહીવટી અને શિક્ષકવર્ગના કર્મચારીઓની નિવૃત્તિ વયમર્યાદા ૬૦ વર્ષની રાખવી, પણ આ વયમર્યાદા સિન્ડિકેટને યોગ્ય લાગે તે કેસોમાં જરૂરી તબીબી તપાસ કરાવીને પ્રત્યેક વર્ષે એક વર્ષ સુધી એમ ૬૫ વર્ષ સુધી લંબાવી શકાશે. કોઈ પણ કર્મચારીને ૬૫ વર્ષ પૂરાં કર્યા પછી તેને કોઈ પણ સંજોગોમાં યુનિવર્સિટીની સેવામાં રાખી શકાશે નહીં.)

આથી ઠરાવવામાં આવે છે કે આસિ. રજિસ્ટ્રાર તથા કુલપતિશ્રીના અંગત સચિવ શ્રી. બી. એમ. વૈશ્યને પોતાની શારીરિક તપાસ કરાવવા માટે ડૉ. છોટુભાઈ એચ. નાયકનો સંપર્ક સાધવા માટે જણાવવું, અને તેમનો રિપોર્ટ આવ્યેથી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭. વિજ્ઞાન વિદ્યાભવનના પટાવાળા શ્રી. કે. જી. વાળોદરાને તાજેતરમાં સાબરમાં આવેલ પૂરના કારણે તેઓની ઘરવખરી તથા રહેઠાણની ઝૂંપડી વગેરેનો નાશ થવાથી તે વસાવવા અંગે રૂ. ૧,૦૦૦ની વગર વ્યાજની લોન આપવા અંગેની તેઓની તા. ૭-૯-૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. જે. વાળોદરાને રૂ. ૧,૦૦૦-૦૦ (એક હજાર)ની લોન ૪% (ચાર ટકા)ના વ્યાજના દરે આપવી, અને તે ૧૨૦ માસિક હપતાથી તેમના વેતનમાંથી વસૂલ કરવાનું રાખવું.

૮. યુનિવર્સિટી મુદ્રણાલયના શ્રી. પૂજારામ ર. તિવારીને તાજેતરમાં સાબરમાં આવેલ પૂરના કારણે તેઓની ઘરવખરી વગેરે તણાઈ જવાથી તે વસાવવા અંગે રૂ. ૫૦૦ની લોન આપવા અંગેની તેમની તા. ૩-૯-૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી મુદ્રણાલયના શ્રી. પૂજારામ ર. તિવારીને રૂ. ૫૦૦-૦૦ (પાંચસો)ની લોન ૪% (ચાર ટકા)ના વ્યાજના દરે આપવી, અને તે ૧૨૦ માસિક હપતાથી તેમના વેતનમાંથી વસૂલ કરવાનું રાખવું.

૯. કૉમર્સ કૉલેજ, ડભોઈનું નામ બદલીને હવે "શ્રીમતી સવિતાબહેન ચૂનીભાઈ પટેલ ફરતીકૂઈવાળા કૉમર્સ કૉલેજ, ડભોઈ" એમ રાખવા સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ કરેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉમર્સ કૉલેજ, ડભોઈનું નામ બદલીને "શ્રીમતી સવિતાબહેન ચૂનીભાઈ પટેલ ફરતીકુઈવાળા કૉમર્સ કૉલેજ, ડભોઈ" રાખવા માટે સદરહુ કૉલેજના સંચાલક મંડળને મંજૂરી આપવી.

૧૦. "ઈકોલોજી ઑફ ફ્રેશ વૉટર સિસ્ટમ" એ વિષય પર ઊંડાઈ ખાતે તાલીમાર્થીઓ સમક્ષ વ્યાખ્યાનો આપવા અંગે તથા તે અંગેનો રૂ. ૨૦૦નો પુરસ્કાર સ્વીકારવાની પરવાનગી માંગતા વિજ્ઞાન વિદ્યાભવનના રીડર શ્રી. બી. એસ. વૈદ્યના તા. ૩૦–૮–૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. બી. એસ. વૈદ્યને ૧૯૭૩–૭૪ના વર્ષ દરમિયાનનું તેમનું યુનિવર્સિટીનાં કામકાજ સિવાયનાં બીજાં કામકાજો અંગેનું કુલ વેતન, તેમના કુલ વાર્ષિક વેતનના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને, ઉપર જણાવેલ કામગીરી તથા તે માટેનો રૂ. ૨૦૦–૦૦નો પુરસ્કાર સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૧૧. યુનિવર્સિટી પ્રેસમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો તેઓનાં નામો સામે બતાવેલ તારીખે એક વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેઓનાં નામો સામે બતાવેલ તારીખથી તેઓને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. સી. એસ. પટેલ	પ્રૂફરીડર 'સી'	૩૦–૧૧–૧૯૭૩	૧–૧૨–૧૯૭૩
૨.	શ્રી. આર. બી. પટેલ	આસિ. કમ્પોઝીટર	,,	,,
૩.	શ્રી. જે. કે. પારેખ	,,	,,	,,
૪.	શ્રી. બી. કે. પટેલ	,,	,,	,,
૫.	શ્રી. વી. એમ. પટેલ	,,	,,	,,
૬.	શ્રી. એસ. બી. છાયા	,,	,,	,,
૭.	શ્રી. કે. એ. પટેલ	,,	,,	,,
૮.	શ્રી. ડી. જી. ભાવસાર	જુ. બાઇન્ડર	,,	,,
૯.	શ્રી. એ. એમ. ઠાકોર	હેલ્પર	,,	,,
૧૦.	શ્રી. એન. એમ. પટેલ	,,	,,	,,
૧૧.	શ્રી. જી. સી. આચાર્ય	,,	,,	,,
૧૨.	શ્રી. એસ. જી. ભટ્ટ	,,	,,	,,
૧૩.	શ્રી. ડી. આર. જાની	મોનો ઑપરેટર	,,	,,
૧૪.	શ્રી. બી. બી. ચૌહાણ	મોનો કાસ્ટર	,,	,,

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે શ્રી. એસ. બી. છાયા, આસિ. કમ્પોઝીટરે પોતાનું રાજીનામું રજૂ કરેલું છે તે હકીકતની સભાગૃહને જાણ કરવામાં આવી તેથી શ્રી. છાયાને કાયમ કરવાનો પ્રશ્ન રહ્યો નહીં.

તે પછી બાકીના સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૧૨. યુનિવર્સિટી કાર્યાલયના હિસાબનીશ શ્રી. બી. કે. શાહને રૂ. ૫૧૨—૨૦—૬૧૨—૩૦—૭૬૨ ઇ.બી. ૪૨—૮૮૮—૪૬—૯૮૦ના પગારધોરણમાં તા. ૧—૯—૧૯૭૩થી રૂ. ૭૬૨ પછીનો કાર્યક્ષમતા અંતરાય (ઑફિશિયન્સી બાર) ઓળંગવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. બી. કે. શાહની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. બી. કે. શાહને રૂ. ૫૧૨-૨૦-૬૧૨-૩૦-૭૬૨ ઈ.બી. ૪૨-૮૮૮-૪૬-૯૮૦ના પગારધોરણમાં રૂ. ૭૬૨ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧-૯-૧૯૭૩થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૩. સિન્ડિકેટે તેની તા. ૪/૫-૯-૧૯૭૧ની સભામાં પરીક્ષા નિયામકનું ડી.એ.મર્જ્ડ કરેલ સુધારેલું પગારધોરણ રૂ. ૯૦૫-૪૦-૧,૧૪૫-૫૦-૧,૩૫૫ છે તેમાં કશીક ભૂલ રહેલી જણાતી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના પરીક્ષા નિયામકશ્રીની જગ્યા માટેના પગારધોરણમાં રહેલી છાપભૂલ સુધારીને તે રૂ. ૯૦૫-૪૦-૧૧૦૫-૫૦-૧૩૫૫ નિયત કરવું, અને આ સુધારેલું પગારધોરણ તા. ૧-૨-૧૯૭૩થી અમલમાં આવેલું ગણવું.

૧૪. યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિદ્યાભવનના શિક્ષણશાસ્ત્રના લેકચરર ડૉ. જે. એચ. શાહ તા. ૧૪-૬-૧૯૭૩થી રાજીનામું આપી છૂટા થયા હોઈ તેઓના ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ પરત આપવા અંગેના તેમના તા. ૧૦—૯—૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— તેઓ ભવનમાં તા. ૧૫-૬-૧૯૭૨ના રોજ જોડાયા હતા અને તા. ૧૪-૬-૧૯૭૩ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના ફારેગ થયેલ શિક્ષણશાસ્ત્રના લેકચરર ડૉ. જે. એચ. શાહને ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૧૫. "નેશનલ સાયન્સ ટેલન્ટ સર્ચ" યોજના હેઠળ વિજ્ઞાન વિદ્યાભવનના નીચેના કર્મચારીઓને વધારાની સેવાઓ આપવા માટેનું મહેનતાણું સ્વીકારવા માટે પરવાનગી આપવા અધ્યક્ષશ્રીના તા. ૩-૯-૧૯૭૩ના

પત્ર પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીઓનાં નામ	મહેનતાણાની રકમ	હાલ મળતો મૂળ પગાર
		રૂ.	રૂ.
૧.	પ્રો. જે. જે. ચિનોય	૧,૦૦૦	૧,૬૦૦
૨.	ડૉ. શ્રીમતી એચ ડી. પટેલ	૨૦૦	૫૨૦
૩.	ડૉ. જે. સી. વોરા	૨૦૦	૭૬૦
૪.	ડૉ. એ. એમ. વૈદ્ય	૨૦૦	૯૫૦
૫.	શ્રી. એન. એમ. પંડ્યા	૨૦૦	૮૦૦
૬.	શ્રી. ડૉ. બી. એસ વૈદ્ય	૪૦૦	૮૫૦
		કુલ ૨,૨૦૦	
ઑફિસ સ્ટાફ			
૧.	શ્રી. આર. કે. મોદી	૫૦	૩૩૩
૨.	શ્રી. આર. બી. સાડીવાલા	૫૦	૨૪૩
૩.	શ્રી. પી. એન. મહેતા	૬૦	૨૫૮
પટાવાળાભાઈ			
૪.	શ્રી. પ્રતાપ મકવાણા	૩૦	૧૩૩
૫.	શ્રી. પીટર મેકવાન	૩૦	૧૫૩
૬.	શ્રી. મુકુંદ મેનન	૩૦	૧૭૦
		કુલ ૨૫૦	

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ પુરસ્કાર, ૧૯૭૩-૭૪ના વર્ષ દરમિયાનનું તેમનું યુનિવર્સિટીનાં કામકાજ સિવાયનાં બીજાં કામકાજને અંગેનું કુલ વેતન તેમના કુલ વાર્ષિક પગારના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને, સ્વીકારવા માટે પરવાનગી આપવી :

(૧) પ્રો. જે. જે. ચિનોય	રૂ. ૧,૦૦૦
(૨) ડૉ. શ્રીમતી એચ. ડી. પટેલ	રૂ. ૨૦૦
(૩) ડૉ. જે. સી. વોરા	રૂ. ૨૦૦
(૪) ડૉ. એ. એમ. વૈદ્ય	રૂ. ૨૦૦
(૫) શ્રી. એન. એમ. પંડ્યા	રૂ. ૨૦૦
(૬) ડૉ. બી. એસ. વૈદ્ય	રૂ. ૪૦૦
(૭) શ્રી. આર. કે. મોદી	રૂ. ૫૦
(૮) શ્રી. આર. બી. સાડીવાલા	રૂ. ૫૦
(૯) શ્રી. પી. એન. મહેતા	રૂ. ૬૦

વધુમાં, નીચે જણાવેલ પટાવાળાભાઈઓને સદરહુ કામગીરી માટે તેમનાં નામ સામે જણાવેલ પુરસ્કાર સ્વીકારવા માટે પરવાનગી આપવી :

(૧) શ્રી. પ્રતાપ મકવાણા	રૂ. ૩૦
(૨) શ્રી. પીટર મેકવાન	રૂ. ૩૦
(૩) શ્રી. મુકુંદ મેનન	રૂ. ૩૦

૧૬. યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૧૭–૬–૧૯૭૩ની સભામાં સુધારેલા સ્ટેચ્યૂટો પૈકી સ્ટે. ૯૧–એ ને કુલાધિપતિશ્રીએ મંજૂરી આપી છે, પરંતુ સાથે સાથે તે પરત્વે તેઓશ્રીએ તેમના મંત્રીશ્રીના તા. ૪–૯–૧૯૭૩ના પત્રાંક જી.એસ. ૧૧–૧૦૧૭૨–૭૩થી નીચે પ્રમાણે સૂચવ્યું હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત :

"I am further directed to invite your attention to clause (vi) of sub-section 1 of Section 21 of the Gujarat University Act as amended under Gujarat Act No. 6 of 1973 and to state that the Statute be suitably amended so as to provide the manner in which the Vice-Chancellor has to nominate 18 Chairmen of Boards of Studies. The amended Statute should specify the maximum and the minimum number of Chairmen of Boards of Studies under each faculty to be nominated on the Academic Council, so as to ensure reasonable representation to all the faculties. It is, therefore, advised to consider revision of the Statute from this and similar other points of view so as to specify the manner in which the Vice-Chancellor shall nominate 18 Chairmen of Boards of Studies on the Academic Council.

I am, therefore, directed to request you to propose suitable amendment to the Statute No. 91-A in due course."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૭. યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૧૭/૨૦–૬–૧૯૭૩ની સભામાં પસાર કરેલ સ્ટે. ૧૦(એ) અંગે કુલાધિપતિશ્રીએ તેમના સચિવશ્રીના તા. ૨૩–૬–૧૯૭૩ના પત્રાંક જી.એસ. ૧૧–૫૯૨૮–૭૩થી નીચેનું સૂચન વિચારણા માટે મોકલ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"The Dongerkery Commission has recommended the representation of College Principals on the Court suitably distributed faculty and areawise. The Statute 10–A framed by the Court provides distribution of seats only faculty-wise. The University should keep in view area-wise distribution of seats to Principals in the Court and take steps to amend the Statute in due course of time.

(**નોંધ.**—સદરહુ બાબત એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૧–૮–૧૯૭૩ની સભામાં રજૂ કરવામાં આવતાં સદરહુ બાબતની નોંધ લેવાનું ઠરાવ્યું છે. આ બાબતમાં કુલાધિપતિશ્રીને તેમના સૂચન પરત્વે શું જણાવવું તે અંગે વિચારવાનું થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૮. તા. ૧૧થી તા. ૧૩ ફેબ્રુઆરી ૧૯૭૪ના સમય દરમ્યાન દિલ્હી મુકામે યોજનાર "ઑલ-ઈન્ડિયા સિમ્પોઝિયમ ઑન બાયો–મેડિકલ એન્જિનિયરિંગ" ના ૪થા પરિસંવાદમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે અમદાવાદની મ્યુનિસિપલ મેડિકલ કૉલેજના વ્યાખ્યાતા ડૉ. જે. જે. ત્રિવેદીને મોકલવા અંગે મજકૂર સોસાયટી । મંત્રીશ્રીએ તેમના તા. ૧૧-૯-'૭૩ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. જે. જે. ત્રિવેદીને મોકલવા.

૧૯. કાશી હિંદુ વિશ્વવિદ્યાલય, વારાણસી તરફથી "रामचरित मानस की प्रासंगिकता एवं उसका साहित्यिक मूल्यांकन" વિષય પર નવેમ્બર માસના બીજા સપ્તાહમાં યોજાયેલ પરિસંવાદમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે કુલસચિવશ્રીના તા. ૨–૯–'૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૨૦. નવેમ્બર તા. ૧ થી ૩, ૧૯૭૩ દરમ્યાન હૈદરાબાદ મુકામે યોજનાર "ઑલ-ઈન્ડિયા કૉન્ફરન્સ ઑફ ટીચર્સ ઑફ ફ્રેન્ચ" ના ૧૬મા અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સદરહુ એસોસિયેશનના મંત્રીશ્રીના તા. ૭—૯—૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૨૧. તા. ૨૦ થી ૨૨, ઑકટોબર ૧૯૭૩ના રોજ આ (ગુજરાત) યુનિવર્સિટીના ઉપક્રમે મળનાર ગુજરાત ગણિત મંડળના દસમા વાર્ષિક અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓની નિમણૂક કરવા અંગે મંત્રીશ્રી, ગુજરાત ગણિત મંડળ, અમદાવાદ તરફથી આવેલ તા. ૨૫–૯–૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મંડળના દસમા વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોને મોકલવા :

(૧) શ્રી. એચ. એન. રાવલ
(૨) શ્રી. દર્શનસિંગ બસન
(૩) આચાર્ય કે. એન. શાહ
(૪) આચાર્ય વી. આર. રાવ
(૫) આચાર્ય વી. એફ. શાહ.

૨૨. તા. ૨૦થી ૨૧ ઑકટોબર ૧૯૭૩ દરમ્યાન દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઉપકમે સુરત મુકામે યોજનાર પમી ગુજરાત ઈકોનોમિક કૉન્ફરન્સમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સ્થાનિક મંત્રીશ્રીના તા. ૨૧–૯–૧૯૭૩ના આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે પ્રો. એમ. પી. ભટ્ટ અને આચાર્ય એચ. કે. ત્રિવેદીને, તેમને છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઇ પરિષદ કે અધિવેશનમાં ભાગ લેવા માટે મોકલવામાં આવ્યા ન હોય તો નીમવા, નહીં તો અન્ય પ્રતિનિધિ/પ્રતિનિધિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૩. તા. ૨૭થી ૩૧ ડિસેંબર ૧૯૭૩ના સમય દરમ્યાન ઈન્ડિયન ઈન્સ્ટટયૂટ ઑફ સાયન્સ, બેંગલોર મુકામે યોજનાર "ન્યુકિલયર ફિઝિકસ ઍન્ડ સોલિડ સ્ટેટ ફિઝિકસ સિમ્પોઝિયમ–૧૯૭૩"માં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે ડિપાર્ટમેન્ટ ઑફ એટોમિક એનર્જી, ભારત સરકારના અન્ડર-સેક્રેટરી તરફથી આવેલ તા. ૧૩–૯–૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સિમ્પોઝિયમમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. પી. ડી. પાઠકને મોકલવા, અને જો તેઓ જઈ શકે તેમ ન હોય તો અન્ય કોઇ પ્રતિનિધિને મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૪. મુંબઈ મુકામે તા. ૫થી ૮ નવેંબર ૧૯૭૩ દરમ્યાન "The Reform Impulse and the American Civil War, 1820-1865" વિષય પર મળનાર ચાર દિવસના પરિસંવાદમાં યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલવા અંગે યુસિસના અધ્યક્ષશ્રીના આવેલા તા. ૧૦-૯–૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) પરિસંવાદમાં પશ્ચિમ ભારતની યુનિવર્સિટીઓના ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર અને સાહિત્યના પ્રાધ્યાપકો અને વ્યાખ્યાતાઓ ભાગ લેશે.

(૨) "યુસિસ" તરફથી પ્રથમ વર્ગનું રેલવે ભાડું, actual cost of accommodation in Bombay અને જરૂરિયાત મુજબનું ટેકસી માટે કરેલ ખર્ચ મજરે મળનાર છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે પ્રો. કે. આર. ચંદ્રશેખરન અને શ્રી. આર. એલ. રાવલને મોકલવા.

૨૫. મુંબઈ મુકામે તા. ૨૨થી ૨૪ ફેબ્રુઆરી ૧૯૭૪ દરમ્યાન મળનાર "હાયપરટેન્શન" પર યોજવામાં આવેલ આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગે સંસ્થાના પ્રમુખશ્રી તરફથી આવેલા તા. ૩૦–૮–૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. પી. પી. મહેતાને મોકલવા.

૨૬. વિજ્ઞાન વિદ્યાભવનમાં વનસ્પતિવિજ્ઞાનના લેકચરર તરીકે કામ કરતા ડૉ. ઓ. પી. સકસેનાનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૨–૧૨–૧૯૭૩ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૩–૧૨–૧૯૭૩થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાનના લેક્ચરર ડૉ. ઓ. પી. સકસેનાની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ડૉ. ઓ. પી. સકસેનાને તા. ૩–૧૨–૧૯૭૩થી વનસ્પતિવિજ્ઞાનના લેક્ચરર તરીકે કાયમ કરવા.

૨૭. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના સર્વશ્રી આર. કે. મોદી તથા એસ. બી. વાળંદને વર્ધમાન ફ્લેટ હોનારતમાં એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૧–૮–૧૯૭૩ની સભામાં રૂ. ૫,૦૦૦ ની વ્યકિતગત લોન ૪ ટકાના વ્યાજે ૧૨૦ હપતામાં વસૂલ કરવા ઠરાવ્યું છે, તેના સંદર્ભમાં તાજેતરના પૂરના કારણે તેઓને નુકસાન થયું હોઈ આ લોનની કપાત એક વર્ષ પછી શરૂ કરવા એટલે કે તા. ૧–૯–૧૯૭૪થી કાપવા અંગેની તેઓની તા. ૪–૯–૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સર્વશ્રી આર. કે. મોદી અને એસ. બી. વાળંદની સદરહુ વિનંતી મંજૂર કરવી, તથા આ ઠરાવનો લાભ જે પૂરગ્રસ્ત કર્મચારીઓને યુનિવર્સિટી તરફથી લોન આપવામાં આવેલી હોય તે સૌને આપવો.

૨૮. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદનાં અંગ્રેજીનાં વ્યાખ્યાતા શ્રીમતી દર્શિની રાજેનની ફરિયાદના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૫–૪–૧૯૭૨ ની સભાના ઠરાવ અને તે પર અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના ઠરાવ પર એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૯–૬–૧૯૭૩ની સભાના ઠરાવના સંદર્ભમાં શ્રીમતી દર્શિની રાજેનના તા. ૧૭–૯–૧૯૭૩ના પત્રથી આવેલ ખુલાસા પર વિચારણા કરવા બાબત.

એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૫–૪–૧૯૭૨ની સભાનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદનાં અંગ્રેજીનાં વ્યાખ્યાતા શ્રીમતી દર્શિની રાજેનને નોકરીમાંથી ફારેગ કરવામાં આવ્યાં તે ઑર્ડિ. ૧૨૦–ડી સાથે સુસંગત નથી અને તેથી તેમની સેવાનું સાતત્ય જળવાય તે રીતે નોકરીમાં ચાલુ રહેલા ગણવા સદરહુ કૉલેજને જણાવવું."

અમદાવાદ એજ્યુકેશન સોસાયટીનો ઠરાવ

"Whereas Smt. Darshini Rajan who worked as a Lecturer in English at the L. D. Arts College without prior permission of the management, namely the Ahmedabad Education Society, left India whilst she was in the employment of Ahmedabad Education Society in the year 1971–72, and remained absent from 1–8–1971 up to 9–11–1971 without the permission of the management.

Whereas she stopped attending the college from 1st August, 1971, on her own accord, this meeting is clearly of the opinion that it is a case of gross indiscipline and derelection of duties and her behaviour amounts to her resignation without notice.

It is, therefore, hereby resolved that Smt. Darshini Rajan's services stand terminated with effect from 1st August, 1971 and that no salary is payable to her since that date."

ઍક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૯--૬--૧૯૭૩ની સભાનો ઠરાવ

" આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના ઉપરના ઠરાવની નકલ શ્રીમતી દર્શિની રાજેનને મોકલીને તે બાબતમાં તેમનો ખુલાસો મંગાવવો અને તે આવેથી સદરહુ બાબત આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

સદરહુ કેસ અંગેની સંપૂર્ણ વિગતો તપાસ્યા પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ કેસમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫-૪-૧૯૭૨ની સભામાં કરેલા ઉપરના ઠરાવનું પુનરુચ્ચારણ કરવું અને શ્રીમતી દર્શિની રાજનને તેમની સેવાઓનું સાતત્ય જળવાય તે રીતે કૉલેજમાં લેક્ચરર તરીકે ચાલુ રાખવા માટે સદરહુ કૉલેજને જણાવવું.

૨૯. જૂન ૧૯૭૪થી વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ શરૂ કરવા માટેની નીચેની સંસ્થાઓ તરફથી આવેલ અરજીઓ પર યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે સદરહુ સંસ્થાઓ તરફથી શરૂ થનાર પ્રસ્તુત કૉલેજોની જરૂરિયાત એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૪--૭--૧૯૭૩ની સભામાં સ્વીકારેલી હોઈ હવે તે સંસ્થાઓએ યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૫) અન્વયે જે શરતો પૂરી કરવાની છે તે અંગે વિચારણા કરવા બાબત :

(૧) પ્રાંતીજ તાલુકા કેળવણી ટ્રસ્ટ, તાજપુર
(૨) સાવલી તાલુકા કેળવણી મંડળ, સાવલી
(૩) હાલોલ મહાજન ઉચ્ચ શિક્ષણ મંડળ, હાલોલ.

[**નોંધ.**—કલમ ૩૩(૫)નો પાઠ નીચે મુજબ છે :

On receipt of the communication of decision that the college will supply a need in the locality the college shall be required to fulfil the following condions, namely :

(*a*) that the college (other than a Government college or a college maintained by the Government) shall within such period, as may be determined by the Executive Council, be under the management of a Governing Body which shall include amongst its members, the Principal of the college, a representative of the University to be nominated by the Vice-Chancellor and three representatives of the teachers of the college and at least one representative each of the members of the non-teaching staff and the students of the college, to be elected respectively from amongst such teachers, members of the non-teaching staff and students.

(*b*) that the strength and qualifications of the teaching staff and the conditions governing their tenure of office are such as to make due provision for the courses of instruction, teaching or training to be undertaken by the college.

(*c*) that the building in which the college is or is to be located is suitable and that provision, has been or shall be made, in confirmity with the Ordinances, for the residence in the college or in lodgings approved by the college, of students not residing with their parents or guardians and for the supervision and welfare of students.

(*d*) that due provision is made or shall be made for a library.

(*e*) where affiliation is sought in any branch of experimental science, that arrangements have been or shall be made in confirmity with the Statutes, Ordinances and Regulations for imparting instruction in that branch of science in a properly equipped laboratory or museum.

(*f*) that due provision is made as far as circumstances permit, for the residence of the Principal and other members of the teaching staff in or near the college or the place provided for the residence of students.

(*g*) that the financial resources of the college are such as to make due provision for its continued maintenance and efficient working.

(*h*) that the college rules fixing the fees (if any) to be paid by the students have not been so framed as to involve such competition with any existing college in the same neighbourhood as would be injurious to the interests of education.

(*i*) that for recruitment of the Principal and members of the teaching staff of the college (other than a Government college or a college maintained by Government) there is a selection committee of the college which shall include—

(1) in the case of recruitment of the Principal, a representative of the University nominated by the Vice-Chancellor, and

(2) in the case of recruitment of a member of the teaching staff of the college, a representative of the University nominated by the Vice-Chancellor and the Head of the Department, if any, concerned with the subject to be taught by such member.

(*j*) that the college shall comply with the Statutes, Ordinances and Regulations providing for conditions of Services including salary scales and allowances of the teaching and other academic and non-academic staff of an affiliated college.

(*k*) such other conditions as may be specified in the Statutes in accordance with the provisions of this Act.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ ત્રણે પ્રસ્તુત કૉલેજો માટે તથા નવી સ્થાપિત થનાર કૉલેજો માટે નીચે મુજબ પગલાં લેવાનું રાખવું :

"કલમ ૩૩(૫) હેઠળ એકિઝકયુટિવ કાઉન્સિલે નિયત કરવાની તારીખ ૩૦મી નવેમ્બર રાખવી."

કલમ ૩૩ (૫)ની બાકીની પેટાકલમો તરફ ધ્યાન ખેંચવું.

૩૦. લુણાવાડા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડાને અંગ્રેજી વિષયના યોગ્ય લાયકાત ધરાવતા વ્યાખ્યાતા અપ્રાપ્ય હોવાથી તેમની કૉલેજમાં અંગ્રેજી વિષયના શિક્ષક તરીકે શૈક્ષણિક કાર્ય કરતા શ્રી. આર. એસ. પટેલને લેકચરર થવા માટે એક વર્ષના ટચૂટર તરીકેના ખૂટતા શૈક્ષણિક અનુભવને ક્ષમ્ય ગણીને તેમને લેકચરર તરીકે કાર્ય કરવા દેવાની પરવાનગી માંગતા કૉલેજના આચાર્યશ્રીના આવેલા તા. ૨૨—૮—૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. આર. એસ. પટેલ બી.એ. બીજો અને એમ.એ. પાસ વર્ગ અંગ્રેજી સાથે ધરાવે છે તથા બે વર્ષનો ટચૂટર તરીકેનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. એસ. પટેલને સદરહુ કૉલેજમાં લેકચરર તરીકે કામ કરવા માટે ચાલુ શૈક્ષણિક વર્ષ માટે પરવાનગી આપવી, અને સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૪થી અંગ્રેજીના લેકચરરની નિમણૂક કરવી આવશ્યક રહેશે, અને જો તેમ નહિ કરવામાં આવે તો તે વિષયમાં વિદ્યાર્થીઓને લઈ શકાશે નહીં.

૩૧. શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રી. કૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રી. હીરાલાલ શિવલાલ શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસાની જુનિયર સર્ટિફિકેટ કોર્સ ઈન ઇંગ્લિશ શીખવવા માટેની અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) ચાલુ સાલે કૉલેજમાં અભ્યાસક્રમ શીખવાય છે.

(૨) પાંચ વર્ષ માટે મંજૂરી માંગી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને અંગ્રેજીના વિષયમાં જુનિયર સર્ટિફિકેટ કોર્સ શીખવવા માટે ત્રણ વર્ષ માટે પરવાનગી આપવી.

૩૨. ગુજરાત રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ અંગેની પરિસ્થિતિનો અભ્યાસ કરી તે અંગે સરકારને જરૂરી ભલામણો કરવા રાજ્ય સરકારે નીમેલ સમિતિએ મોકલેલ પ્રશ્નોત્તરી પરત્વે અભિપ્રાય આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી તથા તે સમિતિને તા. ૧૫ મી નવેમ્બર સુધીમાં પોતાનો અહેવાલ રજૂ કરવા માટે જણાવવું :

(૧) આચાર્ય ય. પ્રા. શુકલ,
(૨) આચાર્ય ડૉ. ધીરુભાઈ પી. ઠાકર,
(૩) પ્રો. કે. એસ. શાસ્ત્રી,
(૪) પ્રો. ડી. એન. પાઠક,
(૫) આચાર્ય ડી. ડી. દેસાઈ,
(૬) ડૉ. એમ. એન. દેસાઈ.

૩૩. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદમાં ડી.સી.પી. (ડિપ્લોમા ઇન ક્લિનિકલ પેથોલોજીના અનુસ્નાતક કેન્દ્ર માટેની અરજી બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૧–૮–૧૯૭૩ની સભામાં નિમાયેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ તપાસસમિતિનો અહેવાલ મંજૂર કરવો અને તે મુજબ શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદમાં ડી.સી.પી.નું અનુસ્નાતક કેન્દ્ર, નીચેની શરતોને આધીન, તા. ૧૩-૧૦-૧૯૭૩થી સ્થાપવું :

(૧) પેથોલોજીના આસિસ્ટન્ટ પ્રોફેસરની એક જગ્યા છે તે પૂરવામાં આવે;
(૨) માઇક્રોબાયોલોજીના પ્રોફેસરની એક જગ્યા ઊભી કરવામાં આવે અને હાલમાં ખાલી પડેલી પેથોલોજીના આસિસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા પૂરવામાં આવે;
(૩) હાલના પેથોલોજીના ડિપાર્ટમેન્ટનું પેથોલોજી અને માઇક્રોબાયોલોજીના અલગ અલગ ડિપાર્ટમેન્ટમાં વિભાગીકરણ કરવામાં આવે;
(૪) ડી.સી.પી.ના અભ્યાસ માટે પ્રત્યેક વર્ષે પ્રત્યેક શિક્ષક દીઠ ૨ વિદ્યાર્થીની સંખ્યાથી વધુ વિદ્યાર્થીઓ નોંધવામાં આવે નહીં.

૩૪. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો–ઑ. સ્ટોર્સ લિ.ના પેટાનિયમો (બાયલોઝ) નિયમ ૨૦(અ) ૧ પ્રમાણે તેની વહીવટી સમિતિ પર ગુજરાત યુનિવર્સિટી તરફથી ચાર પ્રતિનિધિઓની નિમણૂક કરવા બાબત.

[નોંધ.—સંબંધકર્તા નિયમોનો પાઠ નીચે મુજબ છે :

20 (*a*) The managing committee shall consist of 13 members as follows :

(1) 4 members to be nominated by the University.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૫. ૧૯૭૧–૭૨ના વર્ષ દરમિયાન રાષ્ટ્રીય કટોકટી પ્રસંગે આદિપુર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજના થર્ડ બી.એ.ના વિદ્યાર્થી શ્રી. જે. એસ. ગોસાઈ લશ્કરમાં જોડાવાને કારણે કૉલેજની આંતરિક કસોટી-(પરીક્ષા)ઓ આપી શકયા ન હતા અને માર્ચ-એપ્રિલ ૧૯૭૨ની થર્ડ બી.એ. પરીક્ષા બેઠક નં. ૩૧૧૬થી આપી હતી. આંતરિક કસોટી (પરીક્ષા)માં ગેરહાજર રહેવાને લીધે આંતરિક ગુણાંકમાં પાસ થવા જેટલા ગુણાંક મેળવી શકયા ન હતા. ૧૯૭૨-૭૩ના વર્ષ દરમિયાન કૉલેજની આંતરિક કસોટી—(પરીક્ષા)ઓ આપીને આંતરિક ગુણાંકન સુધાર્યું હતું, પરંતુ યુનિવર્સિટીની માર્ચ ૧૯૭૩ની પરીક્ષામાં બેઠા ન હતા. રાષ્ટ્રીય કટોકટીના સમયે ભારતીય લશ્કરમાં જોડાઈને આપેલી સેવાઓને લક્ષમાં લઈને ૧૯૭૨–૭૩ના વર્ષના આંતરિક ગુણાંકનને ગણતરીમાં લઈને તેમનું પરિણામ જાહેર કરવાની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થી શ્રી. જે. એસ. ગોસાઈના કેસના વિશિષ્ટ સંજોગો જોતાં અને તેઓ રાષ્ટ્રીય કટોકટીના સમય દરમ્યાન ભારતની લશ્કરી સેવામાં જોડાયાને કારણે સમયસર આંતરિક મૂલ્યાંકનની કસોટીમાં બેસી શકયા નથી તે હકીકત લક્ષમાં લઈને તેમને ૧૯૭૨–૭૩ના વર્ષમાં મળેલા આંતરિક ગુણાંકનને ગણતરીમાં લઈને તેમની માર્ચ–એપ્રિલ ૧૯૭૨ના વર્ષની થર્ડ બી.એ.ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવું.

૩૬. ચાલુ વર્ષ ૧૯૭૩–૭૪માં "યુનિવર્સિટી ગ્રંથાલય : સામયિક લવાજમ" ખાતે રૂ. ૧,૧૫,૦૦૦ની અંદાજપત્રમાં જોગવાઈ છે તે વધારીને રૂ. ૧,૨૦,૦૦૦ની કરવા બાબત.

(નોંધ.—રૂ. ૫,૦૦૦ના વધારાના ખર્ચ માટે યુ.જી.સી. તરફથી અવકાશવિજ્ઞાનને લગતાં સામયિકો ખરીદવા ગ્રાન્ટ મંજૂર થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયના સામયિક લવાજમ ખાતે ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂ. ૫,૦૦૦ (પાંચ હજાર)ની વધુ જોગવાઈ કરીને તે, રૂ. ૧,૨૦,૦૦૦ (એક લાખ વીસ હજાર)ની કરવી.

૩૭. ચાલુ વર્ષે ગુજરાતમાં આવેલ અભૂતપૂર્વ પૂરને કારણે થયેલી તારાજીના સંદર્ભમાં પૂરગ્રસ્ત જનતાને મદદરૂપ થવાની બાબતમાં એમ. જી. સાયન્સ કૉલેજના આચાર્યશ્રીએ કરેલાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

(૧) એલિસબ્રિજ વિભાગની સંસ્થાઓનો યુવક મહોત્સવ બંધ રાખી બધો જ ફાળો પૂરગ્રસ્ત કાર્યોમાં આપવો જોઈએ એવું મારું સૂચન છે.

(૨) તદુપરાંત ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલી બધી સંસ્થાઓ મેગેઝીન, વાર્ષિકોત્સવ જેવી પ્રવૃત્તિઓ બંધ રાખી એ નાણાં રાહત ફાળામાં આપે તો સારી એવી રકમ એકઠી થઈ શકે એવું હું માનું છું.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ચાલુ રાખવી જોઈએ એમ આ સભાગૃહનું મંતવ્ય છે અને તેથી સદરહુ સૂચનો સ્વીકારવાં નહીં.

૩૮. એકિઝકયુટિવ કાઉન્સિલે સ્ટાફના વહીવટી પ્રશ્નો અંગે નીમેલી સ્થાયી સમિતિની તા. ૧૫–૯–૧૯૭૩ ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની નીચેની ભલામણ પરની વિચારણા મોકૂફ રાખવી :

"યુનિવર્સિટીના જે કર્મચારીઓને પરીક્ષાની મોસમમાં જેનો કુલ સમયગાળો વર્ષમાં લગભગ છ મહિના જેટલો થવા જાય છે તેમાં દરરોજ એક કલાક વધુ રોકવામાં આવે તે સિવાયના કર્મચારીઓને "વધુ કામ ભથ્થું" (જે માસિક પગારના ૧૦ કે ૧૨½ ટકા જેટલું છે તે) આપી શકાય નહીં એ સિદ્ધાંત આ સમિતિ સ્વીકારે છે. જુદા જુદા વિભાગો/ભવનોમાં યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓના કામકાજની પરિસ્થિતિ સમગ્ર રીતે જોઈ તપાસીને આ પ્રશ્ન અંગે વિચાર કરવાની જરૂર આ સમિતિને જણાય છે અને તેથી આ બાબત અંગે પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે એક ખાસ સમિતિની રચના કરવામાં આવે એવી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

(૨) સદરહુ સમિતિની તા. ૧૫–૯–૧૯૭૩ની સભાની બાકીની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૫–૯–૧૯૭૩ની સભાની નોંધ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૩૯. શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલીમાં અંગ્રેજીના આઠવાડિક એક તાસ (વ્યાખ્યાન) માટે શ્રી. નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુરમાં મુલાકાતી લેક્ચરરની વ્યવસ્થાને હંગામી ધોરણે સ્વીકાર્ય ગણવા માટેની સદરહુ કૉલેજના આચાર્યશ્રીના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) બોડેલી કૉલેજનો અંગ્રેજીનો કાર્યભાર ૧૬ વ્યાખ્યાન+૫ ટ્યુટોરિયલનો છે અને કેવળ એક જ વ્યાખ્યાતા છે.

(૨) છોટાઉદેપુર કૉલેજમાં અંગ્રેજીના લેક્ચરર ૧૪ વ્યાખ્યાન લે છે.

(૩) બોડેલી કૉલેજ વધારાના શિક્ષકને નીમે તે શરતે પ્રી-યુનિ. આર્ટ્સનો વર્ગ શરૂ કરવાની કુલપતિશ્રીએ મંજૂરી આપેલી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજે અંગ્રેજીના વિષયમાં ચાલુ વર્ષ માટે કરેલી મુલાકાતી લેક્ચરરની વ્યવસ્થા ફક્ત ચાલુ વર્ષ પૂરતી માન્ય રાખવી, અને તેમને જણાવવું કે ૧૫મી જૂન ૧૯૭૪થી યોગ્ય લાયકાત ધરાવતા અંગ્રેજીના લેક્ચરરની નિમણૂક કરવી આવશ્યક રહેશે અને જો તેમ કરવામાં નહીં આવે તો તે માટે નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહીં.

૪૦. શિક્ષણશાસ્ત્રની સંલગ્ન કૉલેજોમાં ફી ઘણી વહેલી લેવાતી હોવાની ફરિયાદ અંગે વિચારણા કરીને જરૂર જણાય તો ઘટતા નિયમો ઘડવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હવે પછી શિક્ષણશાસ્ત્રની કૉલેજોમાં ફીની બાબતમાં નીચે મુજબ નિયમ કરવો અને તેને ૧૯૭૪ના જૂનથી દાખલ કરવામાં આવનાર વિદ્યાર્થીઓને માટે લાગુ પાડવો :

"સત્ર શરૂ થતાં પહેલાં શિક્ષણશાસ્ત્રની કોઈ પણ કૉલેજ વિદ્યાર્થીઓ પાસેથી ટ્યૂશન ફીના પચ્ચીસ ટકાથી વધુ નાણાં એડવાન્સ ફી તરીકે લઈ શકશે નહીં."

૪૧. યુનિવર્સિટીના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓએ તા. ૨૩–૮–૧૯૭૩ના રોજ પાડેલ એક દિવસની પ્રતીક હડતાળના સંદર્ભમાં તેઓના આવેલા ખુલાસાના સંદર્ભમાં તેઓની આ દિવસને આકસ્મિક-હક કે બદલાની રજા ગણવા અંગેની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓના ખુલાસાઓ જોતાં તા. ૨૩–૮–૧૯૭૩ના રોજ તેમણે પાડેલી પ્રતીક હડતાળના દિવસને, જે તે સભ્યોની અરજી આવ્યેથી, તેમની આકસ્મિક, હક કે બદલાની રજા તરીકે મંજૂર કરવા માટે શ્રી. કુલસચિવને સત્તા આપવી.

(**નોંધ.** – આ બાબતને ભવિષ્યમાં શિરસ્તા તરીકે ગણવામાં આવશે નહીં.)

૪૨. "યુનિવર્સિટી ગ્રંથાલય : મરામત અને ખાસ ફેરફારો" ખાતે ચાલુ વર્ષમાં રૂ. ૧૫,૦૦૦ની વધારાની બજેટ–જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) ચાલુ વર્ષના બજેટમાં "ગ્રંથાલય મરામત અને ખાસ ફેરફારો" માટે રૂ. ૫,૦૦૦ની જોગવાઈ છે.

(૨) આથી કુલ જોગવાઈ રૂ. ૨૦,૦૦૦ થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષના અંદાજપત્રમાં યુનિવર્સિટી ગ્રંથાલય માટે "મરામત અને ખાસ ફેરફારો ખાતે" રૂ. ૧૫,૦૦૦ની વધારાની જોગવાઈ મંજૂર કરીને રૂ. ૨૦,૦૦૦ની જોગવાઈ કરવી.

૪૩. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૨૪–૮–૧૯૭૩ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) બાબત ક્રમાંક ૨૮ની વિચારણા તા. ૮–૯–'૭૩ની એકિઝકયુટિવ કાઉન્સિલમાં થઈ ગઈ હોવાથી તે પર વિચારણા કરવાની રહેતી નથી, તથા

(૨) બાબત ક્રમાંક ૧૪, ૨૭, ૩૮ અને ૪૫ એકેડેમિક કાઉન્સિલને મોકલવાની હોઇ આ બાબતો અંગે પણ વિચારણા કરવાની રહેતી નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૨૪–૮–૧૯૭૩ની નોંધના ક્રમાંક ૧૪, ૨૭, ૨૮, ૩૮ અને ૪૫ સિવાયની બાકીની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ બોર્ડની તા. ૨૪–૮–૧૯૭૩ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૪૪. અનુસ્નાતક કક્ષાએ માન્યતા મેળવવા અંગેના સુધારેલ ઑર્ડિ. ૬૫–એમ (૨), સુધારેલ ઑર્ડિ. ૬૫–એફ (૨) તથા ઑર્ડિ. ૬૫–એચ–અનુક્રમે મદદનીશ શિક્ષક, માન્ય અનુસ્નાતક શિક્ષક તથા પીએચ.ડી માટે ગાઈડ તરીકેની માન્યતા મેળવવા અંગેના છે તેમાં કૃષિ વિદ્યાશાખાના વિષયોમાં માન્યતા મેળવવા અંગેના નીચે જણાવેલ જે તે ભાગ (કૃષિ યુનિવર્સિટી અલગ થતાં આ વિદ્યાશાખાની કોઈ કૉલેજ હવે આપણી યુનિવર્સિટી સાથે જોડાવાની ન હોવાથી) રદ કરવા સારુ વિચારણા કરવા બાબત.

[રદ કરવાનો જે તે ભાગ નીચે મુજબ છે :

સુધારેલ ઑર્ડિ. ૬૫–એમ (૨)(૧)ની નોંધ (૫)વાળો ભાગ

Notwithstanding anything contained above, a teacher with the necessary qualifications required under O. 65–M(2) above and holding the research experience (excluding extension works) shall be recognised as an Assistant to a recognised post-graduate teacher under the

Faculties of Agriculture on the basis of the following formula :

3 years' research experience	.. 1 year's teaching experience (excluding extension work)
5 years' researeh experience	.. 2 years' teaching experience (excluding extension work)
10 years' research experience	.. 5 years' experience (excluding extension work)

સુધારેલ ઑર્ડિ. ૬૫–એફ (૨)નો (ડી)વાળો ભાગ

(*i*) Notwithstanding anything contained in (*a*) above, a teacher with a post-graduate qualification will be recognised as a post-graduate teacher for M.Sc. Degree in Agriculture if he has five years' teaching experience in the subject;

(*ii*) a teacher with Bachelor's degree in Agriculture or its equivalent may be recognised as a post-graduate teacher for Master's Degree in Agriculture.

If he is teaching the same subject for a period of ten years and if he has research and published work of eminence to his credit.

OR

(*iii*) a teacher with Ph.D. Degree in Agriculture in the subject with three years' teaching experience in the subject may be recognised as a post-graduate teacher in Agriculture.

(*iv*) Notwithstanding anything contained above, a person holding the academic qualifications mentioned under (1), (2) or (3) above, and holding the research experience (excluding extension work) shall be considered eligible for recognition as a post-graduate teacher in the Faculty of Agriculture on the basis of the following formulas :

3 years' research experience (excluding extension work)	.. 1 years' teaching experience
5 years' research experience (excluding extension work)	.. 2 years' teaching experience
10 years' research experience (excluding extension work)	.. 5 years' teaching experience

જૂના ઑર્ડિ. ૬૫-એચ માં (ડી)વાળો ભાગ

A teacher to be recognised for Ph.D. Degree in Agriculture shall have the following qualifications, over and above those prescribed for recognition [(vide O. 65-F (f)] as a teacher for Master's degree :

(*a*) A research degree of a recognised university in the subject in which recognition is sought.

(*b*) Independent research work of recognised merit in the subject in which recognition is sought, other than that submitted by him for his own research thesis for Master's or Ph.D. Degree.

(*c*) At least five years standing as a recognised post-graduate teacher for Master's Degree.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૫-એમ. (૨), ઑર્ડિ. ૬૫-એફ. (૨) અને ઑર્ડિ. ૬૫-એચ માંથી કૃષિ વિદ્યાશાખાના શિક્ષકોની માન્યતાનો સંબંધકર્તા ભાગ રદ કરવો.

૪૫. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં નિમાતા શિક્ષકોના ક્રેડિટ ગુણ ગણવા અંગેના નિયમો નક્કી કર્યા છે તેમાં ડી.એમ.ઈ. (ડિપ્લોમા ઈન મૅથેમેટિકલ ઇકોનોમિકસ ઍન્ડ ઈકોનોમેટ્રિકસ)ના ગુણ નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પરીક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટરો વગેરેની નિમણૂકોના હેતુ માટે સદરહુ ડિપ્લોમાના ક્રેડિટ ગુણ નીચે પ્રમાણે ગણવા :

વર્ગ	ગુણાંક
પાસ કલાસ	૧
સેકન્ડ કલાસ	૨
ફર્સ્ટ કલાસ	૩

૪૬. કુલપતિશ્રીએ મંજૂર કરેલા નીચેના કાર્યની નોંધ લેવા બાબત :

પીએચ.ડી. પદવી માટે નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધો સ્વીકૃત ગણવાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા	વિષય
૧.	શ્રીમતી ભટ્ટ માલતી અનુપરામ	વિનયન	ભારતીય સંસ્કૃતિ
૨.	શ્રી. અરુણ ધામંતરાય રમેશચંદ્ર	વિજ્ઞાન	રસાયણવિજ્ઞાન
૩.	શ્રી. શાહ મનોજકુમાર સૂર્યકાન્ત	વિજ્ઞાન	રસાયણવિજ્ઞાન
૪.	શ્રી. નાયક ચીનુભાઈ જગન્નાથ	વિનયન	ભારતીય સંસ્કૃતિ
૫.	શ્રી. પ્રજાપતિ સેંધાભાઈ નાથુભાઈ	વિજ્ઞાન	રસાયણવિજ્ઞાન
૬.	શ્રી. અગ્રવાલ સંતપ્રસાદ	વિજ્ઞાન	ભૌતિકવિજ્ઞાન
૭.	શ્રી. જયશ્રી ઉદય ભાસ્કરરામ	વિજ્ઞાન	ભૌતિકવિજ્ઞાન

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા	વિષય
૮.	શ્રી. પટેલ ભોળાભાઈ બેચરદાસ	વિજ્ઞાન	રસાયણવિજ્ઞાન
૯.	શ્રી. સિંગાલ કલ્યાણ પ્રસાદ	વિજ્ઞાન	ભૌતિકવિજ્ઞાન
૧૦.	શ્રીમતી પટેલ લીલાવતી કેશવલાલ	વિનયન	શિક્ષણશાસ્ત્ર
૧૧.	શ્રી. વ્યાસ હરિનારાયણ અંબાલાલ	વિનયન	ગુજરાતી
૧૨.	શ્રીમતી સોલંકી આશા સિદ્ધરાજ	વિનયન	સમાજશાસ્ત્ર

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૪૭. શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતના વિદ્યાર્થીઓની ફરિયાદના સંદર્ભમાં સદરહુ કૉલેજના સંચાલનની બાબતમાં સમગ્ર બાબતો અંગે તપાસ કરીને અહેવાલ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮–૯–૧૯૭૩ની સભામાં નીમેલ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી અમદાવાદના આચાર્યશ્રીનો તા. ૫–૧૦–૧૯૭૩નો પત્ર પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે –

(૧) એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતમાં ચાલુ વર્ષે અભ્યાસ કરતા ફોર્થ (છેલ્લા વર્ષ) બી.ફાર્મ.ના વિદ્યાર્થીઓને નવેમ્બર ૧૯૭૩થી શરૂ થતા બીજા સત્રમાં એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદમાં પ્રવેશ લેવા માટે અનુમતિ આપવી;

(૨) ઉપર નં. (૧)થી કરવામાં આવેલા ઠરાવ અન્વયે એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધવાને કારણે તે કૉલેજને જે વધારાની આર્થિક બોજ સહન કરવી પડે તે માટે, આ કેસના વિશિષ્ટ સંજોગો જોતાં રાજ્ય સરકારને વધારાની ગ્રાન્ટ આપવા માટે ભલામણ કરવી; અને

(૩) સદરહુ કૉલેજમાં વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ સંતોષકારક રીતે કરી શકે તે હેતુથી સદરહુ કૉલેજ અંગે આ રિપોર્ટમાં જણાવેલ ઊણપો દૂર કરવાની બાબતમાં શાં પગલાં લેવાં તે અંગે યુનિવર્સિટીને સલાહ આપવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

(૧) ડૉ. સી. એસ. શાહ
(૨) પ્રિ. એમ. સી. શાહ
(૩) શ્રી. ઈન્દ્રવદનભાઈ એ. મોદી
(૪) ડૉ. એમ. એન. દેસાઈ

(૪) દરમિયાન સદરહુ કૉલેજને આ રિપોર્ટની નકલ મોકલી આપીને તેમાં જણાવેલી ઊણપો ત્વરિત દૂર કરીને યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવા માટે જણાવવું.

૪૮. નાગપુર મુકામે તા. ૩થી ૯ જાન્યુઆરી ૧૯૭૪ દરમિયાન મળનાર ઈન્ડિયન સાયન્સ કૉંગ્રેસના ૬૧મા અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સંસ્થાના સામાન્ય મંત્રીશ્રી તરફથી આવેલા તા. ૨૭–૮–૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૧-૮-૧૯૭૩ની સભામાં વિજ્ઞાન વિદ્યાભવનના નીચેના શિક્ષકોને નીમ્યા છે :

૧. રસાયણવિજ્ઞાન—ડૉ. એમ. એન. દેસાઈ અથવા ડૉ. આર. કે. શાહ
૨. ભૌતિકવિજ્ઞાન—ડૉ. વી. બી. ગોહિલ
૩. પ્રાણીવિજ્ઞાન—ડૉ. એમ. એસ. દુબલે અથવા ડૉ. યુ. એમ. રાવલ
૪. વનસ્પતિવિજ્ઞાન—ડૉ. એ. પી. સક્સેના
૫. આંકડાશાસ્ત્ર—ડૉ. એ. વી. ગજ્જર
૬. ગણિતશાસ્ત્ર—ડૉ. આઇ. એમ. શેઠ.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉંગ્રેસના ૬૧મા અધિવેશનમાં ભાગ લેવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૧-૮-૧૯૭૩ની સભામાં નીમેલા પ્રતિનિધિઓને વિજ્ઞાન વિદ્યાભવનના પ્રતિનિધિઓ તરીકે ગણવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉંગ્રેસના ૬૧મા અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એલ. ડી. દવે અને ડૉ. જે. પી. ત્રિવેદીને મોકલવા.

૪૯. બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ તરફથી જૂન ૧૯૭૩થી બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન વિષયનું શિક્ષણકાર્ય બંધ કરવા માટેની સદરહુ કૉલેજની અરજી પર એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૭-૯-૧૯૭૩ની સભામાં નીમેલ સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"વિષયો બંધ કરવા માટે સંસ્થાઓ આર્થિક કારણ રજૂ કરે છે. સંસ્થાઓને આર્થિક મુશ્કેલીઓ છે તે અંગે યુનિવર્સિટી સક્રિય બની છે અને સરકાર સમક્ષ વધુ આર્થિક સહાય માટે રજૂઆત કરી છે. ત્યારે શૈક્ષણિક દૃષ્ટિએ વિદ્યાર્થીઓને વિષયોનું વૈવિધ્ય ઉપલબ્ધ થાય અને શૈક્ષણિક સવલતો બંધ ન થાય તે માટે કુલપતિશ્રો અરજી કરનાર સંસ્થાઓને ઉપર્યુક્ત સંદર્ભમાં પોતાના નિર્ણય વિશે પુનર્વિચારણા કરવા અપીલ કરે તેવી આ સભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૦. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રી તરફથી જૂન ૧૯૭૩થી બી.એ.(મુખ્ય)માં સંસ્કૃત વિષયનું શિક્ષણકાર્ય બંધ કરવા અંગે આવેલ અરજી પર વિચારણા કરીને પોતાનો અહેવાલ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૯-૬-૧૯૭૩ની સભામાં નીમેલી સમિતિની તા. ૨૯-૯-૧૯૭૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"સદરહુ કૉલેજના બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત વિષયનું શિક્ષણકાર્ય બંધ કરવા અંગે આવેલ અરજીના સંદર્ભમાં આચાર્યશ્રીએ આપેલ માહિતી પરથી હાલમાં સેકન્ડ બી.એ.માં સંસ્કૃત મુખ્ય વિષય લેનાર એક પણ વિદ્યાર્થી નથી અને યુનિવર્સિટીની મંજૂરીની અપેક્ષાએ સદરહુ વિષયનું શિક્ષણકાર્ય એસ.વાય.બી.એ.માં બંધ કર્યું છે તેની સમિતિએ નોંધ લીધી છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રીએ સદરહુ વિષયનું શિક્ષણકાર્ય બંધ કરતાં કોઈ શિક્ષકને છૂટા કરવામાં આવ્યા નથી અને ભવિષ્યમાં આ કારણે કોઈને છૂટા કરવામાં આવશે

પણ નહીં તેવી બાંયધરી આપી છે તે જોતાં તે વિષયના શિક્ષકોને છૂટા નહીં કરવાની શરતે સદરહુ વિષયનું શિક્ષણકાર્ય બંધ કરવા માટે મંજૂરી આપવા આ સમિતિ ભલામણ કરે છે.''

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૧. શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાતમાં યુનિવર્સિટી સ્થાપિત તથા સંચાલિત રસાયણ-વિજ્ઞાન વિષયનું અનુસ્નાતક કેન્દ્ર ચાલે છે તેની વર્ષ ૧૯૭૧–૭૨ની બચતના રૂ. ૨૩,૨૯૫–૩૮ પૈસા આજ સુધી આ કેન્દ્રે જમા કરાવ્યા નથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી

૫૨. તા. ૧૧—૮—૧૯૭૩ની એકિઝકયુટિવ કાઉન્સિલની સભામાં ''વિદ્યા'' સામયિકના ''સમાજવિદ્યા વિભાગ''ના અંક માટે તંત્રીમંડળ પર નીચેના સભ્યો પૈકી ડૉ. તારાબહેન પટેલે, પોતે પરદેશ જવાનાં હોઈ, તંત્રીમંડળ પર કામ કરવાની અશક્તિ દર્શાવતાં તેમની જગ્યાએ અન્ય કોઈ સભ્યની નિમણૂક કરવા બાબત :

૧. પ્રો. ડી. એન. પાઠક
૨. ડૉ. તારાબહેન પટેલ
૩. ડૉ. કે. જી. દેસાઈ
૪. પ્રો. ડી. ડી. માલવણિયા.

આથી ઠરાવવામાં આવે છે કે 'વિદ્યા'ના સમાજવિદ્યા વિભાગના અંકો માટે સંપાદકમંડળની રચના નીચે મુજબ કરવી :

(૧) પ્રો. ડી. એન. પાઠક
(૨) ડૉ. કે. જી. દેસાઈ
(૩) પ્રિ. એચ. કે. ત્રિવેદી
(૪) પ્રો. એમ. પી. ભટ્ટ
(૫) ડૉ. પી. એમ. મજમુદાર
(૬) ડૉ. આર. કે. ધારૈયા
(૭) ડૉ. જે. એ. યાજ્ઞિક
(૮) ડૉ. સી. ટી. ભોપટકર
(૯) ડૉ. વિમળભાઈ પી. શાહ.

૫૩. સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે મકાન ખરીદવા–રિપેરિંગ માટે લોન આપવા અંગેની નીચેના કર્મચારીઓની અરજી ઉપર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	લોનની રકમ	અરજીની તારીખ
૧.	શ્રી. લાલજીભાઈ એ. ઠક્કર મદદનીશ ડી.પી.ઈ.	રૂ. ૮,૩૦૦ની લોન	૧૫–૯–૧૯૭૩
૨.	શ્રી. કે. પી રાવલ, સફાઈ કામદાર, ભાષા-સાહિત્ય ભવન	રૂ. ૧,૯૦૦ની લોન	૧૪–૯–૧૯૭૩

(**નોંધ.**—શ્રી. એલ. એ. ઠક્કરના પ્રૉ. ફંડ ખાતે તા. ૩૧–૩–૧૯૭૩ના રોજ રૂ. ૮,૩૫૦–૩૧ ની રકમ જમા છે.

શ્રી. કે. પી. રાવળના પ્રૉ. ફંડ ખાતે તા. ૩૧–૩–૧૯૭૩ના રોજ રૂ. ૧,૯૩૪–૪૧ પૈસા જમા છે, જેમાંથી તેઓની પ્રૉ. ફંડની લોનના રૂ. ૬૭૫ તથા તે પર જે વ્યાજ થાય તે કાપવાનું રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૫૪. જૂન ૧૯૭૩થી આદિપુર ખાતે શરૂ થયેલ તોલાણી કૉમર્સ કૉલેજને પ્રી-યુનિ. કૉમર્સ ઉપરાંત પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્ર વિષયોનું જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) મૂળ જોડાણઅરજીમાં પ્રી-યુનિ. કૉમર્સના અભ્યાસક્રમો માટે જોડાણ માગેલ હતું.

(૨) તા. ૨૭–૯–૧૯૭૨ના પત્રથી સદરહુ કૉલેજના સંચાલક બોર્ડના સહમંત્રીશ્રીએ પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઉપરના વિષયોનું પણ જોડાણ આપવા વિનંતી કરેલી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ૧૫મી જૂન ૧૯૭૩થી પ્રી.યુનિ. કૉમર્સ ઉપરાંત પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રનું જોડાણ આપવા માટેની તેમની વિનંતી ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૫૫. સને ૧૯૭૨ના વર્ષ માટેનો "આચાર્ય ડૉ. કે. જી. નાયક સુવર્ણચંદ્રક" વિનયન વિદ્યાશાખામાં ઉત્કૃષ્ટ સંશોધનકાર્ય કરવા બદલ ડૉ. તપસ્વી એસ. નાન્દીને એનાયત કરવામાં આવ્યો તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫૬. જૂન ૧૯૭૩ થી જોડાણ મેળવવા માટેની આવેલ અરજીઓ પૈકી નીચે જણાવેલ કૉલેજોની અરજીઓની બાબતમાં જોડાણ માટે નિયત કરવામાં આવેલી શરતોના પરિપાલનમાં તેમનાં નામ સામે જણાવેલ ક્ષતિ—ઊણપ હજુ સુધી રહેવા પામી છે તો તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	**કૉલેજનું નામ**	**નોંધ**
૧.	ગુજરાત કૉલેજ, અમદાવાદ	૧. સમાજશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવી નથી. સમાજશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂક બાબતમાં સરકારશ્રી તરફથી રૂ. ૪૦૦–૮૦૦ના પગારધોરણની જગ્યા ફાળવવામાં આવી છે એમ આચાર્યશ્રી જણાવે છે. ૨. કીટાણુવિજ્ઞાનના પ્રાધ્યાપકની નિમણૂક તા. ૧૫–૬–૧૯૭૩ સુધીમાં કરવામાં આવશે તેમ આચાર્યશ્રીએ જણાવેલું, પરંતુ તેમની નિમણૂક થઈ કે કેમ તે અંગેની માહિતી નથી.

	૩. કીટાણુવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટરના કાર્યભાર અને વહેંચણીની વિગતો મોકલી નથી.
૨. એમ. એન. કૉલેજ, વીસનગર	શરતોના પરિપાલનનો અહેવાલ આવ્યો નથી.
૩. શ્રી. આર. કે. પરીખ એન્ડ એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ	પ્રૉ. ફંડ અંગે ટ્રસ્ટની રચના કરવામાં આવી નથી, અને ટૂંક સમયમાં રજિસ્ટર્ડ કરવામાં આવશે. રજિસ્ટર્ડ થયેથી વિગતે માહિતી મોકલશે એમ આચાર્યશ્રી જણાવે છે.
૪. રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત	૧. પ્રૉ. ફંડ અંગે ટ્રસ્ટની રચના કરવામાં આવી નથી. કાર્યવાહી ચાલુ છે એમ જણાવેલું છે. ૨. ગ્રંથાલયમાં પુસ્તકો અને સામયિકો માટે સેનેટે મૂકેલી શરતોના સંદર્ભમાં વિગતે માહિતી મોકલી નથી.
૫. સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧. ગ્રંથાલયમાં પુસ્તકો અને સામયિકો માટે સેનેટે મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે કરેલ ખર્ચની માહિતી મંગાવી છે. ૨. શરત ૩ અને ૪ના સંદર્ભમાં નિયત પત્રકમાં માંગેલી માહિતી મોકલી નથી, તે મંગાવી છે.
૬. બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત	શરતોના પરિપાલનનો અહેવાલ આવ્યો નથી.
૭. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત	૧. ગ્રંથાલયમાં પુસ્તકો અને સામયિકો માટે અત્યાર સુધી સેનેટે વખતોવખત મૂકેલી શરતના સંદર્ભમાં ખર્ચમાં રહેલી ઊણપ દૂર કરી છે કે કેમ તે અંગે સ્પષ્ટતા મંગાવી છે. ૨. પ્રૉ. ફંડના સંસ્થાના ફાળા અને અધ્યાપકોની કપાતની કુલ રકમ અંગે વિગત મંગાવી છે.
૮. એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ	૧. ઇલેક્ટ્રોનિક્સ અને કૉમ્યુનિકેશનના પ્રાધ્યાપકની નિમણૂક કરી નથી. નિમણૂક અંગે સરકારશ્રીને જણાવ્યું છે અને તે અંગે પગલાં લેવાઈ રહ્યાં છે તથા દરમ્યાનમાં અન્ય વ્યવસ્થા કરી છે અને તેથી શિક્ષણકાર્યમાં બાધા આવતી નથી એમ આચાર્યશ્રીએ જણાવ્યું છે. ૨. ગ્રંથાલયમાં પુસ્તકો અને સામયિકો માટે વખતોવખત સેનેટે મૂકેલી શરતના સંદર્ભમાં કૉલેજે કરેલ કુલ ખર્ચના આંકડાની વિગત મંગાવી છે.

૯. પાટણ ખાતે જૂન ૧૯૭૩થી શરૂ થયેલ એમ. એન. લૉ કૉલેજ, પાટણ

૧. કાયદાના વ્યાખ્યાતાને યુનિવર્સિટીના નિયમ મુજબ રૂ. ૩૦૦–૨૫–૬૦૦નું પગારધોરણ આપવા આચાર્યશ્રીને લખેલ છે.

૨. ગ્રંથપાલ તરીકે નિમાયેલ શ્રી. રાવળે લાઇબ્રેરી સાયન્સની પરીક્ષા કયારે અને કયા વર્ગમાં પાસ કરી તેની માહિતી મંગાવી છે તથા યુનિવર્સિટીના નિયમ મુજબ રૂ. ૧૫૦–૧૮–૨૫૦ ઈ.બી. ૧૦–૩૦૦નું પગારધોરણ આપવા કૉલેજને જણાવેલ છે.

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૭,૦૦૦ના ખર્ચની શરતના સંદર્ભમાં કેટલી રકમનાં પુસ્તકો આવ્યાં છે અને બાકીનાં કયારે આવશે તેની માહિતી મંગાવી છે.

૪. (અ) રમતગમતના મેદાનના ક્ષેત્રફળની વિગત ન હોઈ તે મંગાવી છે.

(બ) ચકાસણી સમિતિનો અહેવાલ આવ્યો નથી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગેની શરતોના પરિપાલનમાં રહેલી ઊણપો ત્વરિત દૂર કરીને એક મહિનામાં યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવા માટે જણાવવું અને ઉમેરવું કે જો તેમ કરવામાં આવશે નહીં તો યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ સદરહુ કૉલેજો સામે ઘટતાં પગલાં લેવા માટે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલને મોકલીને જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

૫૭. સંલગ્ન કૉલેજોના શિક્ષકો અંગે નીચે પ્રમાણેની યાદીઓની નોંધ લેવા બાબત :

૧. સંલગ્ન કૉલેજોના માન્ય થયેલા શિક્ષકોની યાદી.
૨. સંલગ્ન કૉલેજોમાં જે શિક્ષકોની નિમણૂક અમાન્ય કરવામાં આવી છે તેઓની યાદી.
૩. અગાઉ માન્ય થયેલા શિક્ષકો જેઓ એક સંલગ્ન કૉલેજોમાંથી બીજી સંલગ્ન કૉલેજમાં જોડાયા છે તેની યાદી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદીઓની નોંધ લેવી.

(સદરહુ યાદીઓ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૫૮. સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસામાં કામ કરતા ડેમોન્સ્ટ્રેટર શ્રી. ગોવિંદભાઈ એસ. પટેલને ફારેગ કર્યા સંબંધમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮–૯–૧૯૭૩ની સભામાં નિયુકત કરેલી સમિતિની તા. ૩–૧૦–૧૯૭૩ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"શ્રી. ગોવિન્દભાઈ એસ. પટેલને એલ. ડબલ્યુ. પી. રજા ઉપર ગયા તે બાબતમાં તેમની સાથે થયેલી લેખિત શરતોની પ્રમાણિત નકલ મોકલવા કૉલેજને જણાવવામાં આવેલ હતું, પણ તેવી કોઇ નકલ મોકલવામાં આવી નથી. તે ઉપરાંત તેમની રજા મંજૂર કરતો જો કોઈ કાગળ કૉલેજ તરફથી શ્રી. ગોવિન્દભાઈને મોકલવામાં આવ્યો હોય તો તેવા કાગળની પ્રમાણિત

નકલ પણ કૉલેજ તરફથી મોકલવામાં આવી નથી. આ સંજોગોમાં બીજા કાગળો તપાસતાં શ્રી. ગોવિન્દભાઈની રજાની મૂળ અરજી પ્રમાણે રજા મંજૂર થયેલી ગણાય. આથી આ સમિતિ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે કે શ્રી. ગોવિન્દભાઈ પટેલને તેમના પદ ઉપર તેમની નોકરીનું સાતત્ય જળવાય તે રીતે ચાલુ રાખવા આચાર્યને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૯-૧૯૭૩ની સભામાં નિયુક્ત કરેલી સમિતિની પુનર્વિચારણા માટે મોકલવી અને સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસાના આચાર્યને પોતાનો કેસ રજૂ કરવા માટે તક આપવા માટે સદરહુ સમિતિને જણાવવું.

૫૯. યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૬-૮-૧૯૭૩ ના રોજ મળેલ સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) આંતર-વિભાગીય ખેલકૂદ સ્પર્ધાઓ માટે તે માટેની અંદાજી ખર્ચની રકમમાંથી જરૂરી ખર્ચ કરવાની સત્તા યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સના અધ્યક્ષશ્રી અને મંત્રીને આપવા આ બોર્ડ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે આંતર-યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા જતા હરીફો માટે યુનિફૉર્મ, ટ્રસ્ટ, રમતનાં જરૂરી સાધનો, યુનિવર્સિટી ટીમના ફોટોગ્રાફ્સ, પ્રશિક્ષણ વગેરે માટે જરૂરી ખર્ચ કરવું તેમ જ રાજ્યકક્ષાની આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓ અને રાજ્યકક્ષાની ખુલ્લા વિભાગની સ્પર્ધાઓમાં ભાગ લેવા તથા કમ્બાઈન્ડ યુનિવર્સિટી ટીમની પસંદગી માટે પસંદગી મુકાબલામાં ભાગ લેવા ખેલાડીઓને મોકલવા વગેરે માટે આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓ અંગે મંજૂર થયેલા રૂ. ૩૦,૦૦૦ (ત્રીસ હજાર)ની રકમમાંથી જરૂરી ખર્ચ કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના અધ્યક્ષશ્રી અને મંત્રીને આપવા તથા બંનેની સહીથી બીલોને મંજૂર થયેલાં ગણવા આ બોર્ડ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે ઉત્તર અને દક્ષિણ વિભાગમાં આવેલી કૉલેજો માટે મુસાફરી તથા જમવા અંગેના ખર્ચને લક્ષમાં લઈને આંતરકૉલેજ રમતો માટે મંજૂર થયેલ રૂ. ૧૩,૦૦૦ (તેર હજાર)ની ગ્રાન્ટ વિભાગવાર નીચે પ્રમાણે વહેંચવા આ બોર્ડ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે :

અમદાવાદ વિભાગ	...	રૂ. ૨,૮૦૦-૦૦
ઉત્તર વિભાગ	...	રૂ. ૫,૬૭૫-૦૦
દક્ષિણ વિભાગ	...	રૂ. ૪૫૨૫-૦૦

(૪) વધુમાં ઠરાવવામાં આવે છે કે મોટી રમતો જેવી કે હૉકી, ફૂટબૉલ, ક્રિકેટ અને બાસ્કેટ-બૉલ રમતોમાં કોચ અને મૅનેજર અલગ અલગ મોકલવાનું રાખવું અને આ અંગે થનાર વધુ ખર્ચ રૂ. ૨,૦૦૦ (બે હજાર) આંતર-યુનિવર્સિટી રમત સ્પર્ધાના ખર્ચ માટે મંજૂર થયેલ અંદાજી ખર્ચમાંથી જ કરવાનું મંજૂર કરવા આ બોર્ડ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૬૦. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોને આપવાના રૂ. ૭૦૦–૪૦–૧,૧૦૦ના પગારધોરણ અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩–૯–૧૯૭૨ની સભામાં મંજૂર કરેલી યાદીમાં શ્રી. એમ. એમ. પાઠકનું નામ મૂકવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—(૧) શ્રી. એમ. એમ. પાઠક ૧૯૬૦થી ૧૯૬૮ સુધી શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરામાં શિક્ષક તરીકે હતા.

(૨) શ્રી. એમ. એમ. પાઠક અનુસ્નાતક શિક્ષક તરીકે તા. ૩૦–૯–૧૯૬૪થી માન્ય થયા છે અને તા. ૧–૪–૧૯૬૬ પહેલાં ૪ વર્ષનો અનુસ્નાતક શિક્ષણકાર્યનો અનુભવ ધરાવે છે.

(૩) સદરહુ પગારધોરણ અંગે યાદી તૈયાર કરીને તે પર સૂચનો કે સુધારાવધારા માગતો પરિપત્ર તા. ૧૩–૫–૧૯૭૩ના પરિપત્રાંક સિ./૫૮૫૨થી પરિપત્રિત કર્યો હતો તથા પ્રેસ-નોટ આપી હતી. પરંતુ શ્રી. એમ. એમ. પાઠક તરફથી રજૂઆત થઈ ન હતી.

(૪) કૉલેજ તરફથી આવેલ માહિતીમાં શ્રી. એમ. એમ. પાઠકનું નામ દર્શાવ્યું ન હતું.

(૫) રૂ. ૭૦૦–૧,૧૦૦ની યાદીમાં તેમનું નામ મૂકવાનું થાય તો યાદીઓના ક્રમાંક ૬૪ પર મૂકવાનું થાય.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદીમાં શ્રી. એમ. એમ. પાઠકનું નામ ક્રમાંક ૬૪ ઉપર મૂકવું અને તે પછીનાં નામોના ક્રમાંકમાં જરૂરી ફેરફાર કરીને આ બાબતની જાણ શિક્ષણસંચાલકશ્રીના કાર્યાલયને કરવી.

૬૧. તા. ૨૬થી ૨૯ ડિસેમ્બર ૧૯૭૩ દરમિયાન ભોપાળ મુકામે મળનાર "ઍસોસિયેશન ઑફ ફિઝિયોલોજિસ્ટ્સ ઍન્ડ ફાર્મકોલોજિસ્ટ્સ ઑફ ઇન્ડિયા"ના ૧૯મા વાર્ષિક અધિવેશનમાં મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદના ફિઝિયોલોજીના પ્રોફેસર ડૉ. એચ. જનાને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા અંગે અધિવેશનના મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૩–૧૦–૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એચ. જનાને મોકલવા.

૬૨. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે (તે વખતની સિન્ડિકેટે) તેની તા. ૫/૬–૨–૧૯૭૨ની સભામાં સંલગ્ન કૉલેજોમાં યુનિવર્સિટીનાં ધારાધોરણોનું યથાર્થ પરિપાલન થાય તે જોવા નીમેલ તકેદારી સમિતિ (વિજિલન્સ કમિટી)એ નીચે જણાવેલ કૉલેજોની મુલાકાત લઈ આપેલા જે તે કૉલેજોના અહેવાલ પર વિચારણા કરવા બાબત :

૧. ખંભાતની કૉલેજો :

(૧) શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત

(૨) શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત

(૩) શ્રી. રજની પારેખ આર્ટ્સ ઍન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત

(૪) શ્રી. બી. સી. જે. કૉલેજ ઑફ ઍજ્યુકેશન, ખંભાત.

૨. એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ
૪. ભક્ત વલ્લભ ઘોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૫. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ તથા સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) નીચેની કૉલેજને અંગે સદરહુ સમિતિના રિપોર્ટમાં જણાવેલી ઊણપો જો હજુ સુધી દૂર કરવામાં ન આવી હોય તો તે ત્વરિત દૂર કરીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવા માટે જણાવવું અને તે અંગેનો રિપોર્ટ આ સભાગૃહ સમક્ષ રજૂ કરવો :

૧. શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત
૨. શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત
૩. શ્રી. રજની પારેખ આર્ટ્સ ઍન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત
૪. શ્રી. બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત.

(૨) નીચેની કૉલેજને અંગે સદરહુ સમિતિએ કરેલા રિપોર્ટની નોંધ લેવી :

૧. એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ
૩. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૪. સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ.

(૩) ભક્ત વલ્લભ ઘોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ અંગે સદરહુ સમિતિનો રિપોર્ટ ઍકેડેમિક કાઉન્સિલને ઘટતી વિચારણા કરવા માટે મોકલવો.

૬૩. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ કૉલેજોમાં કાર્ય કરતા શિક્ષકોના સુધારેલા પગારધોરણમાં વિકલ્પ સ્વીકારવાની છેલ્લી તા. ૩૦-૧૧-૧૯૭૩ સુધી લંબાવ્યાની જાણ કરતા રાજ્ય સરકારના તા. ૩૦-૮-૧૯૭૩ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ. ૧૦૭૨-૭૪૭૭૩-એલ.ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતોની નોંધ લેવી.

૬૪. સંલગ્ન બિનસરકારી કૉલેજોમાં આચાર્યો-શિક્ષકોની નિમણૂક અંગેની પસંદગી સમિતિ પર નિયુક્ત થયેલ યુનિવર્સિટીના પ્રતિનિધિને આપવાનાં ભાડાંભથ્થાં ઇત્યાદિ અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—કૉલેજની ગવર્નિંગ બોડીની સભા વખતે યુનિવર્સિટીના પ્રતિનિધિ હાજર રહે તો તેમને યુનિવર્સિટીના ધોરણે ભથ્થું ચૂકવવાની જવાબદારી જે તે કૉલેજે ઉપાડવાનું એકિઝકયુટિવ કાઉન્સિલે ઠરાવેલું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન બિનસરકારી કૉલેજોમાં આચાર્યો/શિક્ષકોની નિમણૂક અંગેની પસંદગી સમિતિઓ પર યુનિવર્સિટીના જે પ્રતિનિધિઓને નીમવામાં આવે તેમને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ભાડાભથ્થું ચૂકવવાની જવાબદારી સંબંધકર્તા કૉલેજોની રહેશે એમ કૉલેજોને જણાવવું.

૬૫. તા. ૨૭થી ૨૯ ડિસેમ્બર ૧૯૭૩ દરમિયાન ત્રિચિનાપલ્લી મુકામે મળનાર ૫૬મી અખિલ ભારતીય અર્થશાસ્ત્ર પરિષદમાં યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલવા અંગે પરિષદના સ્થાનિક મંત્રીશ્રી તરફથી આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. કે. કે. સુબ્રમણ્યમને મોકલવા.

૬૬. તા. ૧૦થી ૧૧ નવેમ્બર '૭૩ સુધી નાગપુર યુનિવર્સિટીના ઉપક્રમે નાગપુર ખાતે મળનાર "ઇન્ટર-યુનિવર્સિટી કૉન્ફરન્સ ઑન લીગલ એજ્યુકેશન"માં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સદરહુ કૉન્ફરન્સના મંત્રીશ્રીના આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈને મોકલવા નહીં.

૬૭. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી (૧) પોસ્ટ–ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન મેડિકલ સાયકોલોજી, (૨) પોસ્ટ–ગ્રેજ્યુએટ બી.એસસી.(ઓડિયોલોજી ઍન્ડ સ્પીચ થેરાપી)ના અભ્યાસ-ક્રમો શીખવવા માટેની આવેલ અરજી પર મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ઉપરોક્ત અભ્યાસક્રમ માટે શિક્ષકોની માન્યતા અંગે બી.યુ.ટી.ની તા. ૨૪–૮–૧૯૭૩ની સભામાં, ઍકેડેમિક કાઉન્સિલે નીમેલી સમિતિની ભલામણોને આધારે ઘટતું કરવા કુલપતિશ્રીને સત્તા આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવાનું ઠરાવ્યું છે. સદરહુ ભલામણોને આધારે ચકાસણી કરતાં નિમાયેલા શિક્ષકો માન્યતાને પાત્ર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને ૧૫મી જૂન ૧૯૭૩થી પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન મેડિકલ સાયકોલોજી અને બી.એસસી. (ઓડિયોલોજી ઍન્ડ સ્પીચ થેરાપી)ની અનુસ્નાતક પદવીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪–૬–૧૯૭૪ સુધી એક વર્ષ માટે શરતોનું પરિપાલન થયેલું હોઈ માન્યતા આપવી.

૬૮. યુનિવર્સિટી કૉર્ટની તા. ૧૭/૨૦–૬–૧૯૭૩ની ખાસ સભામાં પસાર કરેલા સ્ટે. ૧૨૧ને કુલાધિપતિશ્રીની અનુમતિ માટે મોકલતાં, કુલાધિપતિશ્રીએ તેમના સચિવશ્રીના તા. ૧૯–૯–'૭૩ના પત્રાંક જી.એસ.–IX–૧૦૫૧૦થી નીચે પ્રમાણે જણાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"I am directed to state that the amended section 24–A of the Gujarat University Act provides that, subject to such conditions as may be prescribed by or under the provisions of the Act, a Board of University Teaching and Research shall exercise the power and perform the duties specified therein. It is therefore not considered advisable to provide for the powers of a Board of University Teaching and Research by Statute. The powers specified in the Act, subject to the conditions as may be prescribed by or under the provisions

of the Act, would be exerciseable. In view of this, the existing Statute 121 needs to be deleted.

In the circumstances stated above, I am directed to refer back the amended Statute 121 to the university to consider the deletion of the existing Statute."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ અને રિસર્ચની વિચારણા માટે મોકલવી.

૬૯. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના સ્પેસ એપ્લિકેશન સેન્ટર માટેની ઈલેકટ્રોનિકસ એન્જિનિયરની જગ્યાની લાયકાતનાં ધોરણો નીચે પ્રમાણે રાખવા અંગે ભવનના તા. ૨૦-૬-૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

" M.Tech. (two years' course) (Fresh) or B.Tech. (three years' course after B.Sc. or five years' course after Pre-Sc.) with two years' experience or B.Sc. D.E.R.E. 1st Class with 6 years' experience.

" M.Tech. or B.Tech. with two years' experience or B.Sc. D.E.R.E. with six years' experience in the maintenance, testing and calibration of electronic instruments, practical experience in Transistor Pulse Switching and Logic Circuits preferred."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના સ્પેસ એપ્લિકેશન સેન્ટરમાં ઈલેકટ્રોનિક એન્જિનિયરની જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ નીચે મુજબ રાખવું :

Qualifications for the post of Electronics Engineer

M.Tech. (two years' course) (Fresh)

or

B.Tech. (three years' course after B.Sc. or five years' course after Pre-Sc.) with two years' experience

or

B.Sc., D.E.R.E. 1st Class with 6 years' experience

or

M.Tech.

or

B.Tech. with two years' experience

or

B.Sc., D.E.R.E. with six years' experience in the maintenance, testing and calibration of electronic instruments, practical experience in Transistor Pulse Switching and Logic Circuits preferred.

૭૦. ઑ. ૯૬ અન્વયે પ્રતિવર્ષ તા. ૩૧ જુલાઈ સુધીમાં સંલગ્ન કૉલેજો તરફથી આવતી નીચેની કૉલેજોની માહિતીમાં તેમનાં નામ સામે જણાવ્યા પ્રમાણે ઊણપવાળી/અધૂરી માહિતી જણાઈ હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	ઊણપવાળી કે અધૂરી માહિતી
૧.	શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા	... પાત્રતા ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરી નથી.
૨.	કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ	... આચાર્યશ્રીને નિયમાનુસાર પગારધોરણ અપાતું નથી.
૩.	તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર	... અર્થશાસ્ત્રનો વિષય મુખ્ય વિષય તરીકે શીખવાય છે તેમ છતાં ચાલુ સત્રમાં પ્રાધ્યાપક વગર શૈક્ષણિક કામ ચલાવ્યું છે. પ્રાધ્યાપકની નિમણૂક કરી છે અને બીજા સત્રથી પ્રાધ્યાપક જોડાશે તેમ જણાવ્યું છે.
૪.	ગવર્મેન્ટ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	... ૧. ભૂગોળના વિષયના શિક્ષક વગર ચાલુ સત્રમાં કામ ચલાવ્યું છે. ૨. અંગ્રેજીના એક શિક્ષક વગર ચાલુ સત્રમાં કામ ચલાવ્યું છે. ૩. બંડ સમયના શિક્ષકોને યુનિવર્સિટીના નિયમ પ્રમાણે તા. ૧૫-૬-૧૯૭૩થી પગાર ચૂકવવાનો હોવા છતાં હજુ તે અમલી બનાવાયા નથી.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની કૉલેજો પૈકી જે કૉલેજોએ ઑડિ. ૯૬ હેઠળની માહિતી અધૂરી આપી છે તેના આચાર્યશ્રીઓને કપકો આપવો તથા તે કૉલેજોને પૂરેપૂરી માહિતી એક મહિનામાં મોકલી આપવા માટે જણાવવું અને ઉમેરવું કે જો તે માહિતી નિયત સમયમાં મોકલવામાં આવશે નહીં તો તેમની સામે જરૂરી પગલાં લેવાની કાર્યવાહી કરવા માટે ઍકેડેમિક કાઉન્સિલને જણાવવામાં આવશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરની કૉલેજો પૈકી જે કૉલેજોમાં યુનિવર્સિટીનાં ધારાધોરણોના સંદર્ભમાં ઊણપ કે ઊણપો જણાવાઈ છે તે ઊણપ કે ઊણપો દૂર કરીને એક મહિનામાં તે અંગેનો રિપોર્ટ યુનિવર્સિટી કાર્યાલયને કરવા માટે જણાવવું અને ઉમેરવું કે જો તે માહિતી નિયત સમયમાં મોકલવામાં આવશે નહીં તો તેમની સામે જરૂરી પગલાં લેવાની કાર્યવાહી કરવા માટે ઍકેડેમિક કાઉન્સિલને જણાવવામાં આવશે.

૭૧. બાંધકામ સમિતિની તા. ૧૦-૯-૧૯૭૩ તથા તા. ૨૦-૯-૧૯૭૩ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૦-૯-૧૯૭૩ની તથા તા. ૨૦-૯-૧૯૭૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિઓની સભાની કાર્યવાહીની નોંધની નકલો અનુક્રમે પરિશિષ્ટ "ઘ" અને "ઘ-૧" તરીકે સામેલ છે.)

૭૨. ડીસા નગર પંચાયત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા, તા. ૩-૯-૧૯૭૩થી તા. ૮-૯-૧૯૭૩ સુધી પૂરને કારણે બંધ રહેલ તેથી બીજું સત્ર તા. ૧૦-૧૧-૧૯૭૩ને બદલે તા. ૩-૧૧-૧૯૭૩થી શરૂ કરવા દેવાની મંજૂરી આપવા અંગે કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૩-૧૦-૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ચાલુ વર્ષે બીજું સત્ર તા. ૧૦-૧૧-૧૯૭૩ને બદલે તા. ૩-૧૧-૧૯૭૩થી શરૂ કરવા માટે પરવાનગી આપવી.

૭૩. સંલગ્ન કૉલેજોના ટ્યૂટર-ડેમોન્સ્ટ્રેટરના નામાભિધાનમાં ફેરફાર કરવા અંગે વિચારણા કરીને રિપોર્ટ કરવા અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૨-૫-૧૯૭૩ની સભામાં નિમાયેલી સમિતિની તા. ૨૯-૯-૧૯૭૩ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"વ્યાખ્યાતા તરીકે લાયકાત ધરાવતા ટ્યૂટર-ડેમોન્સ્ટ્રેટરને જુનિયર વ્યાખ્યાતા તરીકેનું નામાભિધાન આપવામાં આવે તેવું આ સમિતિનું સૂચન છે.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે જે વ્યક્તિ પોતાના વિષયમાં લેક્ચરરની જગ્યા માટે યુનિવર્સિટીએ નિયત કરેલી જરૂરી લાયકાત ધરાવતી હોવા છતાં તે ટ્યૂટર-ડેમોન્સ્ટ્રેટર અથવા જુનિયર વ્યાખ્યાતા તરીકે કામ કરતા હોય તો તે વ્યક્તિનો ભવિષ્યમાં પ્રાધ્યાપક તરીકેની નિમણૂકના હેતુ માટે તેમ જ અનુસ્નાતક શિક્ષકની માન્યતા (પી. જી. રેકગ્નિશન) માટે જોઈતા અનુભવમાં ટ્યૂટર-ડેમોન્સ્ટ્રેટર અથવા જુનિયર વ્યાખ્યાતા તરીકેનો બે વર્ષથી વધુ નહિ તેટલો તેનો અનુભવ તેના શૈક્ષણિક અનુભવ તરીકે ગણવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૪. રાષ્ટ્રીય સેવા યોજના અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલ સલાહકાર સમિતિની તા. ૨૭-૮-૧૯૭૩-ના રોજ મળેલ સભાએ કરેલ નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે આગામી દિવાળીની રજાઓમાં યોજવા ધારેલા શિબિરોનો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

(**નોંધ.**—સદરહુ શિબિરો તથા તેના અંદાજી ખર્ચની વિગતો નીચે મુજબ છે :

ક્રમ	શિબિરનું નામ	શિબિર-સ્થળ	સંખ્યા
૧.	ગ્રામ આરોગ્ય અને સફાઈ શિબિર	મુ. ખેડા, તા. ખંભાત, જિ. ખેડા.	૧૧૪+૬=૧૨૦
૨.	બાલવાડી શિબિર	વલ્લભવિદ્યાલય, બોચાસણ, જિ. ખેડા.	૯૫+૫=૧૦૦
૩.	ગ્રામ આરોગ્ય અને સફાઈ શિબિર	આંબલિયારા, તા. ધોળકા	૧૧૪+૬=૧૨૦
૪.	ગૃહઉદ્યોગ તાલીમ શિબિર	.....	૧૧૪+૬=૧૨૦
૫.	બાલવાડી શિબિર	ઋષિ બાલમંદિર, સાણંદ.	૯૫+૫=૧૦૦)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે અંગે પ્રત્યેક શિબિર સામે જણાવ્યા મુજબનો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૭૫. સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી આર. એમ. મહેતાને લોકલ ઈન્કવાયરી કમિટીની સભા માટે તા. ૨-૭-૧૯૭૩ તથા તા. ૨૩-૭-૧૯૭૩ના રોજ વલ્લભવિદ્યાનગરથી અમદાવાદ સુધીનું ખાસ કેસ તરીકે રૂ. ૦-૩૫ પૈસા લેખે માઈલેજ ભથ્થું ચૂકવ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૭૬. યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓનાં મર્જ્ડ પગારધોરણોનો અમલ તા. ૧-૪-૧૯૭૧ને બદલે તા. ૧-૬-૧૯૬૭થી કરી આપવા અંગેના ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના મંત્રીના તા. ૧૩-૯-૧૯૭૩ તથા તા. ૧૮-૯-૧૯૭૩ના પત્રો ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.** -- આ અંગે રાજ્ય સરકારને લખતાં તેઓએ તેમના પત્રાંક યુ.એસ.જી. ૧૧૭૨ -૪૩૮૫૫-કેએચ, તા. ૧૫-૬-૧૯૭૩ના પત્રથી આ માટે ગ્રાન્ટ-ઇન-એઈડ આપવાની યુનિવર્સિટીની વિનંતી નામંજૂર કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વિચારણા કરવાનું કામ નવી એક્ઝિકયુટિવ કાઉન્સિલ પર છોડવું.

૭૭. વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. સી. જી. ખત્રીની એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૩-૧-૧૯૭૩ની સભામાં તા. ૮-૧-૧૯૭૩થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીની ખાસ રજા બિનપગારી રજા તરીકે મંજૂર કરેલી તેના સંદર્ભમાં આ બિનપગારી રજા દરમિયાન તેમનો વાર્ષિક પગારવધારો ઑગસ્ટથી આપવા અંગેના તેઓશ્રીના તા. ૧૬-૯-૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. સી. જી. ખત્રીની ચાલુ વર્ષની પગારવધારાની તારીખ ૧-૮-૧૯૭૩ ગણવી.

૭૮. યુનિવર્સિટીના નવા ધારાની ટ્રાન્ઝિટરી કલમ ૫૫ હેઠળ સને ૧૯૭૩-૭૪ના વર્ષ માટે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના ત્રણે ચૂંટાયેલા સભ્યોની કામગીરીની મુદત તા. ૧૧મી નવેંબર ૧૯૭૩ના રોજ પૂરી થતી હોઈ સદરહુ બોર્ડ પરની ત્રણ જગ્યાઓ સ્ટે. ૧૨૯ની પેટાકલમ (સી) મુજબ તે પૂરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.** -- સ્ટે. ૧૨૩ પ્રમાણે આ બોર્ડના એક્ઝિકયુટિવ કાઉન્સિલના સભ્ય ન હોય તેવા ત્રણ સભ્યો હોવા જોઈએ.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૯. યુનિવર્સિટીના કામકાજ માટે આવેલ નીચેની વ્યકિતઓ આપણા નવા ઘડેલા ટિકિટ નંબર ઈત્યાદિની જરૂરી માહિતી અંગેના નિયમથી અજાણ હોવાથી તેઓને ઉપરોકત માહિતી સિવાય તેમના પ્રમાણપત્ર ઉપરથી પ્રથમ વર્ગનું રેલવે ભાડું ચૂકવવામાં આવ્યું છે તેને મંજૂર રાખવા બાબત :

ક્રમાંક	નામ	સ્થળ	ચૂકવવા મંજૂર કરેલ રકમ
(૧)	શ્રી. જે. કે. મહેતા	ઇંદોરથી અમદાવાદ	રૂ. ૫૮
(૨)	શ્રી. બી. પી. દલાલ	મુંબઈથી અમદાવાદ	રૂ. ૬૦

ક્રમાંક	નામ	સ્થળ	ચૂકવવા મંજૂર કરેલ રકમ
(૩)	કુ. એન. જે. જોગલેકર	સુરતથી અમદાવાદ	રૂ. ૩૨
(૪)	શ્રી. એસ. એસ. જુરિયાસિંઘાણી	અમદાવાદથી મુંબઈ આવવા–જવાનું	રૂ. ૧૨૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને ઉપર મુજબ ચૂકવવામાં આવેલું ભાડાભથ્થું મંજૂર રાખવું.

૮૦. ગુજરાત ગણિત મંડળનું દસમું વાર્ષિક અધિવેશન આ યુનિવર્સિટીના આશ્રયે તા. ૨૦, ૨૧ અને ૨૨ ઑક્ટોબર ૧૯૭૩ દરમિયાન યોજાનાર છે તો તે અંગે જે ખાધ રહે તે પેટે આર્થિક સહાય મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આર્થિક સહાય મેળવવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તથા રાજ્ય સરકારને લખ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત ગણિત મંડળનું દસમું વાર્ષિક અધિવેશન આ યુનિવર્સિટીના ઉપક્રમે મળે છે તે હકીકત લક્ષમાં લઈને ગુજરાત ગણિત મંડળને, રૂ. ૨,૦૦૦ની મર્યાદાને આધીન, તેને અધિવેશનના ખર્ચ અંગેની ખાધ ભરપાઈ કરી આપવી અને તે અંગે રૂ. ૨,૦૦૦ સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૮૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આ યુનિવર્સિટી માટે ચોથી પંચવર્ષીય યોજના હેઠળ મંજૂર કરેલ મકાનોની યોજના હેઠળ જે મકાનો પ્લિન્થ લેવલ સુધી આવેલ હોય અગર બાંધકામ શરૂ કરેલ ન હોય તેવાં મકાનોનું બાંધકામ, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ખાસ મંજૂરી સિવાય આગળ બાંધકામ કરવું નહીં તેમ જણાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૩–૯–૧૯૭૩ના પત્ર ક્રમાંક એફ્ ૩૩–૬–૬૪ (સીડી)પીટી (૨) ના અનુસંધાનમાં "સ્પેઈસ સાયન્સ તથા સર્વિસ સેન્ટર" માટેના બાંધકામ માટે કમિશનની ખાસ પરવાનગી મેળવવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્પેસ સાયન્સ તથા સર્વિસ સેન્ટરના બાંધકામ માટે ચાલુ વર્ષે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ખાસ પરવાનગી મેળવવા ઘટતી રજૂઆત કરવી.

૮૨. બહેરામપુર (ઓરિસ્સા) મુકામે તા. ૧ થી ૪ નવેંબર ૧૯૭૩ દરમિયાન "સોસાયટી ઑફ ન્યુક્લિયર, મેડિસિન ઈન્ડિયા"ના પાંચમા વાર્ષિક અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગે મંત્રીશ્રીના આવેલ તા. ૩–૧૦–૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એન. કે. બોડીવાલાને મોકલવા.

૮૩. શ્રીમતી એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદના ડીન તરફથી તેમની કૉલેજમાં એમ.એસસી. નૉન-મેડિકલ સ્ટુડન્ટ્સ માટે માઈક્રોબાયોલોજી અને હેલ્મિન્થોલોજીનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટેની આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ.—(૧) શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિચસ, અમદાવાદના ડૉ. એમ. એસ. કન્નીન્દે અને ડૉ. એમ. પી. નાણાવટીને અન્ડર-ગ્રેજ્યુએટ કક્ષાએ

એન. એચ. એલ.ના સ્ટાફ પર હોવાથી તેમની એમ.ડી. પેથોલોજી અને બેક્ટીરિયોલોજીની માન્યતા ઉપરાંત એમ.એસસી. (નોન-મેડિકલ) માઈક્રોબાયોલોજી અને હેલ્મિન્થોલોજી માટે યુનિવર્સિટીએ માન્ય ગણ્યા છે.

(૨) તે કૉલેજના ડૉ. એચ. એસ. શાહ એમ.ડી. પેથોલોજીની માન્યતા ધરાવે છે તેમને પણ એમ.એસસી. (નોન-મેડિકલ) માઈક્રોબાયોલોજી અને હેલ્મિન્થોલોજીમાં માન્ય ગણવામાં આવ્યા છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાયી સમિતિ નીમવી :

(૧) ડૉ. સી. આઈ. ઝાલા

(૨) પ્રો. જે. જે. શુક્લ

૮૪. ફર્સ્ટ બી.કૉમ. પરીક્ષા માટેનો "શ્રી. બાલુભાઈ ગિરધરલાલ સુવર્ણચંદ્રક" નિયમ નં. ૨ ના "નો કેન્ડિડેટ ફોર ધી" એ શબ્દોની વચ્ચે "એલિજિબલ" શબ્દ ઉમેરીને તેમાં સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) દાતાએ તેમના તા. ૨૦–૯–૧૯૭૩ના પત્રથી સંમતિ આપી છે.

(૨) 'બાલુભાઈ ગિરધરલાલ સુવર્ણચંદ્રક'ના નિયમ ૨ જો સુધારવામાં આવે તો નીચે પ્રમાણે વંચાશે :

If there is no candidate **eligible** for the subject concerned in any particular year, the Medal shall be awarded to a student who secures highest number of marks among all the optional subjects taken together.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુવર્ણચંદ્રક અંગેનો નિયમ નં. ૨ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને માર્ચ/એપ્રિલ ૧૯૭૩માં લેવાયેલી પરીક્ષાના પરિણામને પણ લાગુ પાડવો.

૮૫. ૧૯૭૩ના ગુજરાત ઍકટ નં. ૬ની કલમ ૪ (૨૩) અન્વયે ગુજરાત યુનિવર્સિટી એરિયા ટીચર્સ ઍસોસિયેશન, અમદાવાદને માન્યતા આપવાની બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૯–૬–૧૯૭૩ની સભામાં નિયુકત થયેલી સમિતિએ કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

" According to the report the number of members is 2110 which is more than 50 % of the total number of teachers, it is recommended that recognition should be accorded to the G.U.A.T.A. as an Association of teachers under Section 4(23) of the G. U. Act."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નિયમો ઘડીને રજૂ કરવા માટે આ બાબત સમિતિની પુનર્વિચારણા માટે મોકલવી.

૮૬. યુનિવર્સિટી કાર્યાલયમાં આસિ. ડી.પી.ઈ. (યૂથ વેલ્ફેર) તરીકે કામ કરતા શ્રી. કે. એચ. દવેને તાજેતરમાં સાબરમતી નદીમાં આવેલ પૂરના કારણે તેઓને થયેલ ભારે નુકસાનના સંદર્ભમાં તેઓને રૂ. ૫,૦૦૦-ની વ્યાજમુકત લોન આપવા અંગેની તેઓની તા. ૧૮-૯-૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આસિસ્ટન્ટ ડી.પી.ઈ. (યૂથ વેલ્ફેર) શ્રી. કે. એચ. દવેને રૂ. ૫,૦૦૦ની લોન ૪%(ચાર ટકા)ના વ્યાજે મંજૂર કરવી અને તે ૧૨૦ માસિક હપતાથી તેમના વેતનમાંથી વસૂલ કરવાનું રાખવું.

૮૭. " Measures for certailment in Government spendins as part of the short-term measures for economic stabilisation " અંગેના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૪-૧૦-૧૯૭૩ના પત્ર ક્રમાંક એફ્. ૧-૯૭-૭૩ (સી) પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮૮. ગુજરાત યુનિવર્સિટી પુસ્તક નિધિના નીચે જણાવેલા નિયમ નં. ૧ (ક) અને નિયમ નં. ૫ અંગે પુનર્વિચારણા કરવા બાબત.

(ક) આર્થિક સહાયની અરજી મંજૂર થયેથી શિક્ષકે પોતે પુસ્તકો ખરીદ કરી મૂળ બિલ કે બિલો સહિત પુસ્તકો યુનિવર્સિટી કાર્યાલયમાં રજૂ કરવાનાં રહેશે.

(ખ) આર્થિક સહાય માટેની અરજીઓ પ્રત્યેક વર્ષે ઑગસ્ટ માસની ૩૧ મી તારીખ પહેલાં સંલગ્ન કૉલેજો-સંસ્થાઓ-યુનિવર્સિટી ભવનોને પરિપત્રિત કરીને માંગવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરનો નિયમ નં. ૧(ક) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

૧(ક) : આર્થિક સહાયની અરજી મંજૂર થયેથી સંબંધકર્તા શિક્ષક પોતે પુસ્તકો ખરીદ કરીને મૂળ બિલ કે બિલો સહિત તે પુસ્તકો પોતાની કૉલેજના આચાર્ય / સંસ્થા કે વિદ્યા ભવનના અધ્યક્ષ સમક્ષ રજૂ કરવાનું રાખવું અને તે પુસ્તકો રજૂ થયેથી આચાર્ય / અધ્યક્ષે " આ પુસ્તક ગુજરાત યુનિવર્સિટી પુસ્તકનિધિની યોજના હેઠળ ગુજરાત યુનિવર્સિટીની આર્થિક સહાયથી ખરીદવામાં આવ્યું છે. " એમ આચાર્ય / અધ્યક્ષશ્રીએ એ મુજબનો સિક્કો પુસ્તકના પહેલા અને છેલ્લા પાને મારીને તથા પ્રત્યેક પુસ્તક પર સિક્કાની નીચે પોતાની સહી અને તારીખ મૂકીને તે પુસ્તકો જે તે શિક્ષકને પાછાં આપવાનું રાખવું

નિયમ નં. ૫માં નીચેની નોંધ ઉમેરવી :

નોંધ.—૧૯૭૩-૭૪ના વર્ષ માટે અરજી કરવાની છેલ્લી તારીખ ૩૦મી નવેંબર ૧૯૭૩ રહેશે.

૮૯. ફાઈનાન્સ સમિતિની તા. ૧૧-૧૦-૧૯૭૩ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૧-૧૦-૧૯૭૩ની સભાની ભલામણ મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૧-૧૦-૧૯૭૩ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૯૦. કૉલેજમાં થયેલી અશાંતિને કારણે રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાતનું કામકાજ તા. ૧૩-૯-૧૯૭૩થી બંધ રાખવામાં આવેલ છે તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સદરહુ કૉલેજના સાત વિદ્યાર્થીઓને શિસ્તભંગ માટે બરતરફ કરવામાં આવેલ છે એમ આચાર્યશ્રીએ જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે અદાલતમાં ઘટતી કાર્યવાહી તથા જરૂરી ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૧. ૧૯૭૩ના ગુજરાત એકટ નં. ૬, શેડયુલ ૨ ના સ્ટેચ્યૂટ ૮ પ્રમાણે "બોર્ડ ઑફ હોસ્ટેલ્સ મૅનેજમેન્ટ" ઉપર નીચે પ્રમાણે નિમણૂક કરવાની હોય છે તે અંગે વિચારણા કરવા બાબત.:

Statute 8 (1) (*vi*)	..	Two wardens of University Hostels for men and women students.
Statute 8 (1) (*viii*)	..	Two wardens of Hostels of affiliated colleges, other than the colleges, the Principals of which are nominated by the Vice-Chancellor.
Statute 8(1) (*x*)	..	Two student representatives of the University Hostels, (Including one women student)
Statute 8 (1) (*xi*)	..	Twelve student representatives to be nominated by the Vice-Chancellor from amongst students residing in Hostels.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની હૉસ્ટેલના રેસિડેન્ટ પ્રોફેસરનું નામાભિધાન બદલીને "ચીફ વૉર્ડન ઑફ યુનિવર્સિટી હૉસ્ટેલ્સ" રાખવું તથા યુનિવર્સિટી છાત્રાલયના બેઉ સુપરિન્ટેન્ડેન્ટોનું (લેડી સુપરિન્ટેન્ડેન્ટ સહિત) નામાભિધાન બદલીને "વૉર્ડન" રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોનાં છાત્રાલયોના ગૃહપતિઓ કે પ્રોફેસર-ઈન-ચાર્જનું નામાભિધાન હવે પછી "વૉર્ડન ઑફ કૉલેજ હૉસ્ટેલ્સ" રાખવું.

૯૨. વિદ્યાર્થીઓની ચળવળના કારણે તા. ૧૧-૧૦-૧૯૭૩થી તા. ૧૫-૧૦-૧૯૭૩ સુધી કૉલેજોનું કામકાજ બંધ રાખવાના નિર્ણયની જાણ કરતા નવગુજરાત લૉ કૉલેજ, નવગુજરાત કૉમર્સ કૉલેજ અને નવ-ગુજરાત આર્ટ્સ કૉલેજના આચાર્યશ્રીઓના તા. ૧૧-૧૦-૧૯૭૩ના પત્રો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯૩. ગુજરાતની વડી અદાલતમાં સિવિલ એપ્લિકેશન નં. ૧૦૬૮થી શ્રી. કે. ડી. દેસાઈએ ગુજરાત યુનિવર્સિટી વિરુદ્ધ કરેલી રિટ અરજીની બાબતમાં ગુજરાત હાઈકોર્ટના ડેપ્યુટી રજિસ્ટ્રારના તા. ૫-૧૦-૧૯૭૩ના પત્રાંક ડી. ડી. નં. ૧૪૮૭૫થી આવેલા ગુજરાત હાઈકોર્ટના નીચેના આદેશની નોંધ લેવા બાબત :

"For the reasons stated in the accompanying judgement, the Court makes the rule absolute, issues a writ directing the respondents—(1) to forbear from holding elections to the Court of the University from the constituency of teachers under Section 16(1) Class-II (*A*)

(*viii*) on the basis only of the electoral roll of teachers of the affiliated colleges, (2) to forbear from holding elections to the Court from the constituency of teachers without preparing and publishing electoral roll of all teachers entitled to vote and particularly including the names of the University teachers therein, and (3) to hold elections to the Court from the constituency of teachers in accordance with the provisions of section 16(1) Class II (*A*) (*viii*) and Statute 10 as they stand after the order of this Court in Special Civil Application No. 591 of 1973 pronounced on July 18, 1973.

The Court orders the respondents to pay the costs of this petition to the petitioner."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯૪. તા. ૧૫થી ૧૮ ઑક્ટોબર ૧૯૭૩ દરમિયાન પટણા મુકામે મળનાર ૧૬મા ઈન્ડિયન ઍસોસિયેશન ઑફ ટીચર્સ એજ્યુકેટર્સના વાર્ષિક અધિવેશનમાં પ્રો. કે. કે. શુકલને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નીમ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯૫. તોલાણી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, આદિપુર(કચ્છ)ના હિંદીના ભૂતપૂર્વ પ્રાધ્યાપક શ્રી. આર. કે. શાસ્ત્રીને તેમના પગારની લેણી નીકળતી રકમ ત્રણ સપ્તાહમાં ચૂકવવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૮-૯-૧૯૭૩ની સભામાં ઠરાવ્યું હતું પરંતુ સદરહુ કૉલેજ તરફથી શ્રી. આર. કે. શાસ્ત્રીની પગારની લેણી નીકળતી રકમ ચૂકવવામાં આવેલી ન હોઈ ગુજરાત ઍકટ નં. ૬થી સુધારાયેલી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦(૧)(૨૧)(સી) અન્વયે આ બાબત ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૯૬. પ્રૌઢ શિક્ષણની યોજના માટે પાંચમી પંચવર્ષીય યોજનાના ગાળાના અંત સુધી એટલે કે ૧૯૭૮-૭૯-ના વર્ષ સુધી અને ત્યાર પછીનો આવર્તક ખર્ચ યુનિવર્સિટી/રાજ્ય સરકારે ભોગવવાનો રહેશે તે શરતે આર્થિક સહાય આપવામાં આવશે તેવું જણાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૫-૯-૧૯૭૩ના પત્ર ક્રમાંક એફ. ૧૨-૨-૬૯ (એચ-૧) અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ અંગે અગાઉ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ફક્ત ચોથી પંચવર્ષીય યોજના સુધી આર્થિક સહાય આપવામાં આવશે તેમ જણાવ્યું હતું પરંતુ આપણે વિનંતી કર્યા બાદ પાછળથી તેમના તા. ૭-૬-૧૯૭૩ના પત્રથી તેમણે ફક્ત ૧૯૭૩-૭૪ના વર્ષ માટે જ સહાય મળશે તેમ જણાવ્યું હતું તે બાબત અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૪-૭-૧૯૭૩ની સભામાં પાંચમી પંચવર્ષીય યોજનામાં સદરહુ યોજનાનો સમાવેશ કરવા માટે ઠરાવ્યું હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૯૭. જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજના પ્રાધ્યાપક શ્રી. એસ. કે. પટેલનું પોતાનું ઘર જે ગિરનાર સોસાયટીમાં આવેલ હતું તે તાજેતરમાં પૂરને કારણે નાશ પામેલું હોઈ પોતાને બે વર્ષ માટે યુનિવર્સિટીમાં રહેઠાણ આપવા માટેની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. કે. પટેલના કેસના વિશિષ્ટ સંજોગો જોતાં તેમને ટીચર્સ હૉસ્ટેલમાં અપવાદ તરીકે એક રહેઠાણ તા. ૧૫મી માર્ચ ૧૯૭૪ સુધીના સમય માટે આપવું અને તે માટે તેમની પાસેથી તેમના મૂળ માસિક પગારના દસ ટકા જેટલી રકમ "લીઝ એન્ડ લાયસન્સના માસિક ચાર્જ" તરીકે વસૂલ લેવી.

૯૮. ગુજરાત કૉલેજમાં સ્થાપવામાં આવેલા ઉર્દૂના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે પ્રો. એમ. એ. એચ. ફારુકીને નીમવા.

૯૯. ચાલુ વર્ષે પ્રથમ સત્રની પરીક્ષાનાં કેટલાંક પ્રશ્નપત્રોનો સમય ત્રણ કલાકને બદલે કથીક ગેરસમજને કારણે બે કલાકનો રાખવામાં આવેલો હોઈ તે ક્ષમ્ય ગણવા સેંટ ઝેવિયર્સ કૉલેજના આચાર્યશ્રીના તા. ૮–૧૦–૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અપવાદ તરીકે ક્ષમ્ય ગણવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ. કાઉ./૦૨૧૦૩૬/૧૯૭૩.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯.
નવેંબર ૬, ૧૯૭૩.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ " ક"
કામકાજ ક્રમાંક ૩૮

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૧૫--૯--૧૯૭૩ના રોજ ૩--૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભામાં હાજરી નીચે મુજબ હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી એન. એમ. મિયાંભાઈએ લીધું હતું :

૧.	શ્રી. એન. એમ. મિયાંભાઈ, કુલપતિશ્રી	હાજર
૨.	ડૉ. જયંત બી. હરિભકિત	હાજર
૩.	શ્રી. ઈન્દ્રવદન એ. મોદી	ગેરહાજર
૪.	શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૫.	શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરી	હાજર
૬.	પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૭.	શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવશ્રી	હાજર

૧. તા. ૧૮--૮--૧૯૭૩ની સમિતિની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૧૮--૮--૧૯૭૩ની સમિતિની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓને માસિક ભથ્થું મળે છે તેનો લાભ યુનિવર્સિટી વિદ્યાભવનના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને આપવા અંગે તેઓની તા. ૨૪--૪--૧૯૭૩ની સંયુકત અરજી પર વિચારણા કરવા બાબત.

૩. યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્રમાં કામ કરતા કર્મચારીઓને યુનિવર્સિટીના કર્મચારીઓને અપાતા માસિક પરીક્ષા ભથ્થાનો લાભ આપવા અંગેની તેઓની તા. ૨૬--૪--૧૯૭૩ની સંયુકત અરજી પર વિચારણા કરવા બાબત

૪. યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગમાં કામ કરતા કર્મચારીઓને યુનિવર્સિટીના કાર્યાલયના કર્મચારીઓને માસિક પરીક્ષા ભથ્થું અપાય છે તેનો લાભ આપવા અંગેની તેઓની તા. ૨૪--૪--૧૯૭૩ની સંયુકત અરજી પર વિચારણા કરવા બાબત.

૫. યુનિવર્સિટી ગ્રંથાલયમાં કામ કરતા કર્મચારીઓને યુનિવર્સિટીના કાર્યાલયના કર્મચારીઓને માસિક પરીક્ષા ભથ્થું અપાય છે તેનો લાભ આપવા અંગેની તેઓની તા. ૧૮--૪--૧૯૭૩ની સંયુકત અરજી પર વિચારણા કરવા બાબત.

૬. પ્રેસ-કર્મચારીઓને યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓને પરીક્ષા ભથ્થું ૧૦ ટકા અપાય છે તેનો લાભ આપવા અંગે પ્રેસ-કર્મચારીઓના તા. ૧૭--૮--૧૯૭૩ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

૭. પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડયાને વધુ કામ ભથ્થું આપવા અંગેની તા. ૯--૮--૧૯૭૩ની અરજી પર વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટીના જે કર્મચારીઓને પરીક્ષાની મોસમમાં જેનો કુલ સમય--ગાળો વર્ષમાં લગભગ છ મહિના જેટલો થવા જાય છે તેમાં દરરોજ એક કલાક વધુ રોકવામાં આવે તે સિવાયના કર્મચારીઓને "વધુ કામ ભથ્થું" (જે માસિક પગારના ૧૦ કે ૧૨॥ ટકા જેટલું છે તે) આપી શકાય નહીં એ સિદ્ધાંત આ સમિતિ સ્વીકારે છે. જુદા જુદા વિભાગોમાં--ભવનોમાં યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓના કામકાજની પરિસ્થિતિ સમગ્ર રીતે જોઈ-તપાસીને આ પ્રશ્ન અંગે વિચાર કરવાની જરૂર આ સમિતિને જણાય છે અને તેથી આ બાબત અંગે પોતાનો સૂચિંતિત હેવાલ રજૂ કરવા માટે એક ખાસ સમિતિની રચના કરવામાં આવે તેવી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

૮. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૯--૬--૧૯૭૩ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"ઠરાવવામાં આવ્યું કે કાર્યાલય નિયામકની ત્રણ જગ્યાઓની ફાળવણી અને તે પુરાયેથી અનુક્રમે ખાલી પડનાર હેડક્લાર્ક અને તેની સમકક્ષ જગાઓ તથા સિનિયર કલાર્ક અને તેની સમકક્ષ જગ્યાઓની ફાળવણી કરીને તે અંગે જરૂરી કાર્યવાહી કરવાની બાબતમાં પોતાની ભલામણ રજૂ કરવા માટે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત અંગે કાર્યાલયને પોતાનાં ચોક્કસ ભલામણો રજૂ કરવા જણાવવું.

૯. પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડયાની પગારધોરણ સુધારવા અંગે ફેર વિચારણા કરવા અંગેની તા. ૧૪--૮--૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડયાની પગારધોરણ સુધારવા અંગેની અરજી ઉપર તથા આ અગાઉ એકિઝકયુટિવ કાઉન્સિલના ઠરાવો ઉપર લંબાણ ચર્ચાવિચારણા કરવામાં આવી અને ત્યાર બાદ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવી કે શ્રી. પંડયાની વિનંતી માન્ય કરવી નહીં અને તેઓની અરજી દફ્તરે કરવી.

૧૦. યુનિવર્સિટી ગ્રંથાલયમાં યુનિવર્સિટી કાર્યાલય પ્રમાણે જાહેર તહેવારની રજાઓ આપવા અંગે તા. ૧૦--૮--૧૯૭૩ની સંયુકત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલય એ વિદ્ય-સમાજની એક આવશ્યક સેવા હોઈ અને અધ્યાપકો તથા વિદ્યાર્થીઓની વિદ્યાપ્રવૃત્તિ માટે તેની સેવાઓ રજાના દિવસોએ પણ આવશ્યક સેવાઓ તરીકે ઉપલબ્ધ કરવી જરૂરી હોઈ તેના કર્મચારીઓને રજાના દિવસોએ કામ કરવા માટે રજાના બદલે યુનિવર્સિટીઓનાં ધારાધોરણ મુજબ તેમને બીજી રજા આપવામાં આવે છે તે જોતાં તેઓની વિનંતી નામંજૂર કરવી.

૧૧. સમાજવિદ્યા ભવનમાં નીચેનો વધારાનો સ્ટાફ આપવા અંગે અધ્યક્ષશ્રીના તા. ૧૮--૭--૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

(૧) જુનિયર એકાઉન્ટન્ટ	...	એક
(૨) સ્ટેનોગ્રાફર	...	બે
(૩) સિનિયર ક્લાર્ક	...	એક
(૪) ક્લાર્ક--ટાઇપિસ્ટ	...	બે
(૫) મશીન--કમ--ટેલિફોન ઓપરેટર	...	એક
(૬) પટાવાળા	...	ત્રણ
(૭) સફાઈકામદાર	...	એક

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનના હાલના સ્ટાફની સંખ્યા જોતાં ભવનના અધ્યક્ષશ્રીના તા. ૧૮--૭--૧૯૭૩ના પત્રમાં જણાવ્યા પ્રમાણે ભવન માટે નવી જગ્યાઓ ઊભી કરવા અંગેની તેઓની વિનંતી નામંજૂર કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભો. કે. થાડ

કુલસચિવ વતી

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૪૩

ગુજરાત યુનિવર્સિટીની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની વર્ષ ૧૯૭૩ની પ્રથમ સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં શુક્રવાર, તા. ૨૪-૮-૧૯૭૩ના રોજ બપોરના ૩-૩૦ વાગ્યે કુલપતિ શ્રી. એન. એમ. મિયાંભાઈના અધ્યક્ષસ્થાને મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

ક્રમાંક	સભ્યનું નામ	હાજરી
૧.	શ્રી. એન. એમ. મિયાંભાઈ, કુલપતિ	હાજર
૨.	આચાર્ય વી. જે. ત્રિવેદી	હાજર
૩.	પ્રો. આર. એમ. શાહ	હાજર
૪.	આચાર્ય સી. એસ. શાહ	હાજર
૫.	આચાર્ય એન. એસ પંડ્યા	હાજર
૬.	ડૉ. સી. પી. બોઘાણી	હાજર
૭.	આચાર્ય એ. જી. મુન્શી	હાજર
૮.	આચાર્ય વી. જે. જાની	ગેરહાજર
૯.	આચાર્ય જી. એમ. પટેલ	હાજર
૧૦.	શ્રી. એમ. જે. દવે	હાજર
૧૧.	ડૉ. આઈ. કે. સૈયદ	ગેરહાજર
૧૨.	આચાર્ય એલ. ડી. દવે	હાજર
૧૩.	આચાર્ય એમ. સી. શાહ	હાજર
૧૪.	પ્રો. ડી એન. પાઠક	હાજર
૧૫.	ડૉ. જે. જે. ચિનોય	હાજર
૧૬.	ડૉ. (મિસ) એસ. સી. પંડ્યા	હાજર
૧૭.	ડૉ. કે. જી. દેસાઈ	હાજર
૧૮.	ડૉ. કે. આર. ચંદ્રશેખરન	ગેરહાજર
૧૯.	આચાર્ય પી. એચ. ભટ્ટ	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	હાજરી
૨૦.	પ્રો. પી. ડી. પાડક	હાજર
૨૧.	ડૉ. આર. સી. સોનપાલ	ગેરહાજર
૨૨.	આચાર્ય એમ. એસ. પંડિત	ગેરહાજર
૨૩.	ડૉ. જે. એન. પટેલ	હાજર
૨૪.	આચાર્ય એચ. કે. ત્રિવેદી	હાજર
૨૫.	શ્રી. એમ. બી. દેવાણી	હાજર
૨૬.	ડૉ. એ. એમ. મલાવવાલા	ગેરહાજર
૨૭.	આચાર્ય જે. ડી. તલાટી	હાજર
૨૮.	શ્રી. આર. એચ. ગાંધી	હાજર
૨૯.	આચાર્ય સી. એ. ટોપીવાલા	હાજર
૩૦.	આચાર્ય જે. એન. શુક્લ	ગેરહાજર
૩૧.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર
૩૨.	શ્રી. સુમંત મજમુદાર	હાજર
૩૩.	શ્રી. આર. એન. ગોડિયાવાલા	ગેરહાજર

૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૨૭–૧૨–૧૯૭૨ની સભાની કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૨૭–૧૨–૧૯૭૨ની સભાની કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો/માન્ય સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો તરફથી પીએચ.ડી.ની પદવીમાં માન્યતા મેળવવા માટે આવેલ અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી આ સભા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે કે—

(૧) નીચે જણાવેલ શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ વિષયમાં પીએચ.ડી. પદવીના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવી :

શિક્ષકનું નામ	સંસ્થાનું નામ	વિષય
ઝવેરી બિપિનચંદ્ર જીવણલાલ	આર. આર. લાલન કૉલેજ, ભૂજ	ગુજરાતી

(૨) નીચે જણાવેલ શિક્ષકોનાં પ્રકાશિત થયેલાં સંશોધનપત્રો જરૂરી ગુણવત્તા ધરાવે છે કે કેમ તે વિષે જે તે શિક્ષક સામે દર્શાવેલ નિષ્ણાતને તે મોકલી તેમનો અભિપ્રાય મંગાવી

ઘટતો નિર્ણય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી :

ક્રમાંક	શિક્ષકનું નામ	સંસ્થાનું નામ	વિષય	નિષ્ણાતનું નામ
૧.	શ્રી. મધુસૂદન હીરાલાલ પારેખ	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	ગુજરાતી	શ્રી. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી (સુરત)
૨.	શ્રી. પ્રેમશંકર હરિલાલ ભટ્ટ	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, દહેગામ	,,	ડૉ. ઉમાશંકર જોશી
૩.	શ્રી. બહેચરભાઈ રણછોડભાઈ પટેલ	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ	,,	શ્રી. જ્યોતીન્દ્ર દવે
૪.	કુ. કુસુમ કમળાશંકર ભટ્ટ	મનોવિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯	મનોવિજ્ઞાન	ડૉ. ઉદય પરીખ ઇન્ડિયન ઇન્સ્ટ. ઑફ મૅનેજમેન્ટ, અમદાવાદ
૫.	શ્રી. વર્મા રામકુંવર	ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ	ફિઝિકસ	ડૉ. યશપાલ (અમદાવાદ)
૬.	ડૉ. મુકુન્દ વિનાયક ચંદોરીણુર	સેન્ટ્રલ સોલ્ટ ઍન્ડ મરિન કેમિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગર	કેમિસ્ટ્રી	પ્રો. ટી. એમ. ઓઝા
૭.	શ્રી. દવે લક્ષ્મીશંકર ધનશંકર	ભવન્સ કૉલેજ, ડાકોર	ઇન-ઑર્ગેનિક કેમિસ્ટ્રી	પ્રો. સી. સી. પટેલ ઇન્સ્ટ. ઑફ સાયન્સ, બેંગલોર
૮.	શ્રી. પ્રહ્લાદભાઈ બેચરદાસ પટેલ	બી. સી. જે. સાયન્સ કૉલેજ, બંભાત	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	ડૉ. આર. ડી. દેસાઈ
૯.	શ્રી. દર્શનસીંગ બસન	વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯	મૅથેમેટિકસ	પ્રો. યુ. એન. સીંગ, દિલ્હી
૧૦.	આચાર્યશ્રી એસ. આર. ભટ્ટ	બી.ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૧	અંગ્રેજી	પ્રો. ગોકાક (હૈદરાબાદ)

(૩) નીચે જણાવેલ શિક્ષકનાં પ્રકાશિત થયેલાં સંશોધનપત્રો જરૂરી ગુણવત્તા ધરાવે છે કે કેમ તે વિષે કુલપતિશ્રીને યોગ્ય લાગે તે નિષ્ણાતને તેમનાં સંશોધનપત્રો-પ્રકાશનો મોકલી તેનો અભિપ્રાય મેળવીને ઘટતો નિર્ણય કરવા સત્તા આપવી :

શિક્ષકનું નામ	સંસ્થાનું નામ	વિષય
શ્રી. એ. ટી. જોશી	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	હિન્દી

(૪) આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો/માન્ય સંસ્થાઓમાં કામ કરતા નીચે જણાવેલ શિક્ષકોને તેઓ ઑ. ૬૫-એચ મુજબ જરૂરી અનુભવ ધરાવતા નહિ હોવાથી પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક તરીકેની માન્યતા આપવી નહિ એમ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

ક્રમાંક	નામ	સંસ્થા	વિષય
૧.	શ્રી. કોટામા પચાસદા	ટાટા ઍટોમિક રિસર્ચ સેન્ટર, મુંબઈ	ફિઝિક્સ
૨.	ડૉ. પી. કે. કોકિ	ફિઝિકલ રિસર્ચ લેબો., અમદાવાદ	ફિઝિક્સ
૩.	શ્રી. ઇન્દ્રવદન મનુભાઈ ભટ્ટ	વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯	કેમિસ્ટ્રી
૪.	શ્રી. રતિલાલ વિઠ્ઠલદાસ દવે	આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, કડી	ગુજરાતી
૫.	શ્રી. મધુકર ભાલચંદ્ર કર્ણિક	વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	એજ્યુકેશન

૩. સમાજવિદ્યા ભવન, અમદાવાદના સમાજશાસ્ત્રના રીડર ડૉ. વી. પી. શાહને સમાજશાસ્ત્રના વિષયમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવાની તેમની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. વી. પી. શાહ ઑ. ૬૫-એચ મુજબ જરૂરી અનુભવ ધરાવતા નહિ હોવાથી સમાજશાસ્ત્રના વિષયમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવાની તેમની વિનંતી માન્ય નહિ કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. યુનિવર્સિટીના મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર ભવનના રીડર ડૉ. એચ. ડી. બદામીને એજ્યુકેશનના વિષયમાં (૧) ચાઈલ્ડ સાયકોલોજી, (૨) એજ્યુકેશન ઍન્ડ વૉકેશનલ ગાઈડન્સ, (૩) એજ્યુકેશન સાયકોલોજી, અને (૪) સાયકોલોજિકલ ટેસ્ટિંગના વિષયમાં પીએચ.ડી. પદવીના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા માટે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટીના મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર ભવનના રીડર ડૉ. એચ. ડી. બદામી જેઓ હાલ મનોવિજ્ઞાનના વિષયમાં માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા ધરાવે છે તેને પર્યાપ્ત ગણી એજ્યુકેશન વિષયમાં (૧) ચાઇલ્ડ સાયકોલોજી, (૨) એજ્યુકેશન ઍન્ડ વૉકેશનલ ગાઈડન્સ, (૩) એજ્યુકેશન સાયકોલોજી ઍન્ડ સાયકોલોજિકલ ટેસ્ટિંગ વિષયમાં પીએચ.ડી. પદવીના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવાની તેમની વિનંતી માન્ય રાખવી નહિ એમ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. ખેડા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના પ્રાધ્યાપક શ્રી. દીપક મહેતાએ તેમની માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા માટેની અરજીમાં તેમણે અનુસ્નાતક પદવીમાં મેળવેલ ત્રીજા વર્ગને બદલે બીજો વર્ગ દર્શાવવાથી અર્થશાસ્ત્ર વિષયમાં તેમને માન્યતા આપવામાં આવેલી તે અંગે વિચારણા કરવા બાબત.

ખેડા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના પ્રાધ્યાપક શ્રી. દીપક મહેતા અર્થશાસ્ત્રના વિષયમાં માન્ય અનુ. શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે પ્રવર્તમાન નિયમ અનુસાર માન્યતાને પાત્ર હોઈ તેમની માન્યતા ચાલુ રાખવી.

૬. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદના ડૉ. એન. એલ. નાયકને એમ.એસસી. માયક્રોબાયોલોજી–જેનેટિકસ અને સાયટોલોજી વિષય માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવાની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

ડૉ. એન. એલ. નાયક ઝૂલોજી વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ધરાવતા હોઈ તેને પર્યાપ્ત ગણી તેમને એમ.એસસી. માઇક્રોબાયોલોજી-જેનેટિકસ અને સાયટોલોજી વિષય માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવાની તેમની વિનંતી માન્ય કરવી નહિ એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૭. અગાઉ સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદના અને હાલ અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદના એકાઉન્ટન્સી વિષયના પ્રાધ્યાપક શ્રી. આર. એમ. શાહે, અનુસ્નાતક મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા માટેની પોતાની અરજીમાં તેમના શૈક્ષણિક અનુભવમાં આઈ.સી.ડબલ્યુ.એ.ના ડિપ્લોમાની પરીક્ષા પાસ કરેલી પણ નિયમાનુસાર તે ડિપ્લોમા વાપરી નહીં શકતા હોવા છતાં તે દર્શાવેલી હોઈ, તે આધારે તા. ૨૧–૧–૧૯૬૯ના રોજ માન્યતા અપાઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં (૧) ડિપ્લોમા ઇન સાયકિયેટ્રિક સોશિયલ વર્ક, (૨) ડિપ્લોમા ઇન સાયકિયેટ્રિક ઓકયુપેશનલ થેરાપી તથા (૩) ડિપ્લોમા ઇન સાયકોથેરાપી વિષયોમાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિનો અહેવાલ સિન્ડિકેટે તેની તા. ૮–૧૨–૧૯૭૨ની સભાના ઠરાવથી બોર્ડ ઑફ યુનિ. ટીચિંગની વિચારણા માટે મોકલ્યો હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં (૧) ડિપ્લોમા ઇન સાયકિયેટ્રિક સોશિયલ વર્ક, (૨) ડિપ્લોમા ઇન સાયકિયેટ્રિક ઓકયુપેશનલ થેરાપી તથા (૩) ડિપ્લોમા ઇન સાયકોથેરાપી વિષયોનાં અનુસ્નાતક કેન્દ્રો અંગે ઍકેડેમિક કાઉન્સિલે નીમેલ સમિતિએ સૂચવેલ શરતોનું ઍકેડેમિક કાઉન્સિલને સંતોષ થાય તે રીતે પરિપાલન કરવામાં આવે તે શરતે જૂન ૧૯૭૪ થી સદરહુ ડિપ્લોમાઓનાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા મંજૂરી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

1. Staff : (*a*) The vacant posts of a Clinical Psychologist, an Asst. Psychiatrist and Psychiatric Occupational Therapost should be immediately filled in by suitably qualified persons.

(*b*) The proposed posts of Lecturer in Psychiatric Social work and Lecturer in Psychiatric Occupational Therapy be immediately sanctioned and filled in by suitably qualified persons.

2. Library : For each of the Diploma Course provision should be made for initial expenditure of Rs. 6,000/- (Rs. 5000/- for books and Rs. 1000/- for journals) and a recurring expenditure of like amount.

3. Accommodation : A unit housing all three Departments teaching the three Diploma Courses should be created as early as possible providing adequate accommodation for the offices of the Director, the Heads of the three Departments, Library and Reading Room, Two Lecture Rooms, One Conference Room, One Teachers' Common Room, One Students' Common Room, and three rooms for testing, interview and consultation with adequate water and sanitation facilities.

4. Equipment : An expenditure of Rs. 10,000/- for equipment for the Psychiatric Occupational Therapy Course should be provided for.

૯. તબીબી વિદ્યાશાખામાં સ્થાપવામાં આવેલાં અનુસ્નાતક કેન્દ્રો માટે હાલમાં તબીબી કૉલેજોના ડીન-અધ્યક્ષ પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકેની ફરજો બજાવે છે તેમાં ફેરફાર કરી નીચે મુજબ પ્રોફેસર-ઇન-ચાર્જની નિમણૂક કરવા અંગે ડૉ. જે. એન. પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

(૧) મેડિસિન ઍન્ડ એલાઇડ સબ્જેક્ટ્સ—

મેડિસિન–ઑલ બ્રાન્ચીઝ, ફિઝિયોલોજી અને ફાર્મેકોલોજી

(૨) સર્જરી ઍન્ડ એલાઇડ સબ્જેક્ટ્સ—

સર્જરી–ઑલ બ્રાન્ચીઝ અને એનેટોમી

(૩) ગાયનેકોલોજી, પેડિયાટ્રિક્સ અને એનેસ્થેસિયા.

લંબાણ ચર્ચાવિચારણા બાદ વધુમતે ઠરાવવામાં આવ્યું કે આ બાબત અંગે તેમજ અન્ય વિદ્યાશાખાઓમાં જ્યાં કૉલેજમાં એક કરતાં વધુ અનુસ્નાતક કેન્દ્રો માટે એક જ પ્રોફેસર–ઇન–ચાર્જ નીમવામાં આવતા હોય તે વિષયો વગેરેનો પ્રશ્ન સમગ્ર રીતે તપાસી અહેવાલ રજૂ કરવા માટે નીચેના સભ્યોની એક સમિતિ નીમવી :

(૧) બધી વિદ્યાશાખાઓના અધ્યક્ષો

(૨) ડૉ. જે. એન. પટેલ.

૧૦. સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયન લેન્ગ્વેજીસ, માયસોરને આ યુનિવર્સિટીના ઑર્ડિ. ૬૫–ડબ્લ્યુ. અનુસાર આ યુનિવર્સિટીની માન્ય સંસ્થા તરીકે નીચેના વિષયમાં માન્ય કરવા અંગે તે સંસ્થાના વડા તરફથી આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત :

"એડવાન્સ્ડ રિસર્ચ ઇન લિંગ્વિસ્ટિક્સ ઍન્ડ લેંગ્વેજીસ-રિલેટેડ ફીલ્ડ્ઝ ઇન્કલ્યુડિંગ સોશિયોલોજી, સાયકોલોજી, એજ્યુકેશન ઍન્ડ એન્થ્રોપોલોજી."

આથી ઠરાવવામાં આવે છે કે આ સંસ્થાની મુલાકાત લઈ સદરહુ સંસ્થા આપણા ઑર્ડિ. ૬૫-ડબલ્યુ મુજબ "ઍપ્રુવ્ડ ઇન્સ્ટિટ્યૂટ"—માન્ય સંસ્થા થવા માટે આપણાં ધારાધોરણ મુજબ જરૂરી ક્ષમતા ધરાવે છે કે કેમ તે જોઈ રિપોર્ટ કરવા માટે નીચેના સભ્યોની એક કમિટી નીમવી :

(૧) ડૉ. એચ. સી. ભાયાણી

(૨) ડૉ. કે. જી. દેસાઈ.

ત્યાર બાદ પ્રો. એચ. જી. શાસ્ત્રીની વિનંતીથી બાબત નં. ૨૮ની વિચારણા હાથ ધરવામાં આવી :

૨૮. ૧૯૭૩ના ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ નં. ૬ના સ્ટે. ૧૨૧ની પેટાકલમ (*vii*)ના સંદર્ભમાં—

(ક) આ સાથેની યાદીમાં જણાવેલ વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ પીએચ.ડી. પદવી માટેનો મહાનિબંધ તપાસવા માટે તથા તેઓની મૌખિક પરીક્ષા માટે રેફરીઓની કમાનુવર્તી નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત, તથા

(ખ) તેમના મહાનિબંધના વિષયો માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

(ક) આ સાથેની યાદીમાં પરિશિષ્ટ "૬"માં જણાવેલ વિદ્યાર્થીઓના પીએચ.ડી. પદવી માટેના મહાનિબંધો તપાસવા તેમ જ તે વિદ્યાર્થીઓની મૌખિક પરીક્ષા માટે પરીક્ષકોની નિમણૂક માટે (for appointments of Referees) હાલની પ્રથા મુજબ જે તે અભ્યાસસમિતિના સભ્યો પાસેથી સૂચનો મંગાવી તે પરથી રેફરીઓની નિમણૂક કરવા કુલપતિશ્રીને સત્તા આપવી એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(ખ) આ સાથેની યાદી પરિશિષ્ટ "૬"માં જણાવેલ વિદ્યાર્થીઓના પીએચ.ડી. પદવી માટેના વિષયો મંજૂર રાખવા અને તેની જાણ જે તે અભ્યાસસમિતિને કરવી.

૨૯. ભવન્સ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડાકોરના આચાર્યશ્રીનાં નીચેનાં સૂચનો હાલ સ્વીકારવાનું શક્ય નથી તેવી ભલામણ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૭–૧૨–૧૯૭૨ની સભામાં કરવામાં આવેલી, પરંતુ ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩–૧–૧૯૭૩ની સભામાં તે સૂચનો ફેરવિચારણા માટે આ સભા સમક્ષ મોકલ્યાં હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

(1) Those students who are submitting research dissertations in lieu of practicals in Science subjects at M.Sc. Part II Examination should be exempted from appearing at one of the three papers they have to offer.

(2) At M.Sc. Part II, there is a provision for dissertation in lieu of practicals. As per the report of the Committee appointed by the University, Dissertations must be encouraged. However, in view of the very heavy price of Chemicals, colleges would bulk at offering such facilities to students of Chemistry. University can help by giving a subsidy of Rs. 500/- per Dissertation submitted at present it pays subsidy of Rs. 300/- per student at M.Sc. Part I as well as Part II.

(3) A subsidy of Rs. 500/- per Dissertation be paid in Chemistry per student of M.Sc. Part II. The arrangement at Part I may continue.

એમ.એસસી. ભાગ ૨ માં જે વિદ્યાર્થી પ્રયોગો (પ્રેકિટકલ)ને બદલે રિસર્ચ ડેઝર્ટેશન રજૂ કરે તેમને થિયરીના એક પેપરમાંથી મુક્તિ આપવા અંગેના ભવન્સ કૉલેજ, કાકરના આચાર્યશ્રી ડૉ. એલ. ડી. દવેના ઉપરના સૂચન નં. ૧ અંગે લંબાણ ચર્ચાવિચારણા બાદ બહુમતે ઠરાવવામાં આવ્યું કે આ સૂચન વિજ્ઞાન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવું.

બહુમાં સૂચન ૨ અને ૩ અંગે ઠરાવવામાં આવ્યું કે કેમિસ્ટ્રીનાં અનુસ્નાતક કેન્દ્રોને સબસિડી પેટે વિદ્યાર્થી દીઠ હાલ રૂ. ૩૦૦ની જે રકમ આપવામાં આવે છે તે અંગે ઉપરોક્ત સૂચનો લક્ષમાં રાખી પુનઃ વિચારણા કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

જે સંસ્થામાં પીએચ.ડી. માટે રસાયણશાસ્ત્રમાં વિદ્યાર્થી નોંધાયા હોય તે સંસ્થાને પણ વિદ્યાર્થી દીઠ પ્રત્યેક વર્ષે રૂ. ૫૦૦ લેખે ત્રણ વર્ષ સુધી (બહુમાં બહુ રૂ. ૧૫૦૦ સુધી) સબસિડી આપવાનું વિચારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

આ પ્રશ્નની સાથે અનુસ્નાતક શિક્ષકોને અને મદદનીશ અનુસ્નાતક શિક્ષકોને હાલ જે વ્યાખ્યાન દીઠ મહેનતાણું અપાય છે તેમાં પણ પુનઃ વિચારણા કરવાની જરૂર છે એમ કેટલાક સભ્યોનો અભિપ્રાય હોઈ તે બાબત પણ આ વખતે વિચારણા માટે હાથ પર લેવામાં આવી હતી અને આ બાબતમાં સર્વાનુમતે એમ ઠરાવવામાં આવ્યું કે આ અનુસ્નાતક શિક્ષકોના મહેનતાણાનાં ધોરણ નીચે સૂચવ્યા મુજબ રાખવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

		મહેનતાણાનું હાલનું ધોરણ	**મહેનતાણાનું સૂચવેલ ધોરણ**
અનુસ્નાતક શિક્ષક	...	વ્યાખ્યાન દીઠ રૂ. ૧૫	વ્યાખ્યાન દીઠ રૂ. ૨૦
મદદનીશ અનુ. શિક્ષક	...	વ્યાખ્યાન દીઠ રૂ. ૧૦	વ્યાખ્યાન દીઠ રૂ. ૧૫

આને અનુલક્ષીને વર્ષ દરમિયાન અનુસ્નાતક શિક્ષક માટે બહુમાં બહુ મહેનતાણાની જે મર્યાદા નક્કી કરી છે તે પણ વિચારવાનું રાખવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૭-૧૨-૧૯૭૨ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"એકઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે એમ.કૉમ.ના અભ્યાસક્રમમાં પ્રશ્નપત્ર દીઠ એક "લેખ પેપર" વિદ્યાર્થીઓ પાસે ફરજિયાત રજૂ કરવાનું રાખ્યું છે તેમાં ૨૫ ટકા ગુણ મેળવવા ફરજિયાત બનાવવા અને આ પેપર તપાસવા માટે શિક્ષકને રૂ. ૨-૦૦ મહેનતાણું આપવા ભલામણ છે."

આ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

ત્યાર બાદ બાબત ક્રમાંક ૧૩ વિચારણા માટે હાથ પર લેતાં પહેલાં બાબત ક્રમાંક ૨૩ની વિચારણા હાથ ધરવામાં આવી.

૨૩. પીએચ.ડી. પદવી માટે સંશોધન વિદ્યાર્થી તરીકે પોતાનું નામ નોંધાવવા ઇચ્છતા વિદ્યાર્થીએ તેના સંશોધનના વિષય સાથે તે વિષય કેવીક માવજત પામવાનો છે તેની આછી રૂપરેખા પણ રજિસ્ટ્રેશનની અરજી સાથે રજૂ કરવી જોઈએ તેવા હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રી ય. પ્રા. શુકલના સૂચન અંગે, અભ્યાસસમિતિના સભ્યોને સંશોધનનો વિષય પરિપત્રિત કરી તે અંગે સૂચનો મેળવવાનો હાલ જે શિરસ્તો છે તેના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ગદર્શક શિક્ષક મારફતે અરજીઓ આવતી હોઈ, અરજીઓની સાથે સંશોધનના વિષયની વિદ્યાર્થી કેવી માવજત કરવાનો છે તેની આછી રૂપરેખા માગવાની આવશ્યકતા રાખવી જરૂરી જણાતી નથી અને તેથી આચાર્યશ્રી યશવંતભાઈનું સૂચન સ્વીકારવું નહિ.

૧૩. આ યુનિવર્સિટીના ઑર્ડિ. ૬૮માં કરેલી જોગવાઈ અનુસાર આર. એ. ભવન્સ કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદના પ્રાધ્યાપક શ્રી. ફ્રાન્કો જુડાસને સ્વતંત્ર રીતે કામ કરી પીએચ.ડી. પદવીનો રસાયણશાસ્ત્ર વિષયમાં મહાનિબંધ રજૂ કરવા પરવાનગી આપવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શિક્ષક પોતે કયા ટોપિક્સ પર સ્વતંત્ર રીતે મહાનિબંધ રજૂ કરવા માગે છે તેની માહિતી તથા તે અંગે કઈ રીતે તે સંશોધનકામ કરવા માગે છે તેની આછી રૂપરેખા (પ્લાન ઑફ વર્ક) રજૂ કરવા જણાવવું અને તે આવેથી તેને તપાસી જરૂરી પરવાનગી આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૪. અનુસ્નાતક વિદ્યાર્થીઓ પાસેથી લેવાતી સત્ર ફીનું ધોરણ ઑર્ડિ. ૧૫૧–સીથી નક્કી થયેલું હોવાથી અનુસ્નાતક નિયમ નં. ૨૬ની જરૂર રહેતી ન હોઈ તે રદ કરવા અંગે વિચારણા કરવા બાબત.

અનુસ્નાતક નિયમ નં. ૨૬ જે નીચે મુજબ વંચાય છે તે રદ કરવા એકૅડેમિક કાઉન્સિલને તથા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(1) The following shall be the tuition fees for post-graduate students for the Master's Degree in the University and it shall be collected by the post-graduate centres :

(*i*) Faculty of Arts including Education :

Rs. 125/- per term for all the subjects comprised under the Faculty of Arts including Education, other than the subjects of Home Science, Archaeology, Geography and Statistics for which the tuition fees per term shall be Rs. 150/-.

(*ii*) Faculty of Science :

Rs. 200/- per term for all subjects comprised under the Faculty of Science other than the subjects of Mathematics and Statistics for which the tuition fees per term shall be Rs. 125/- and Rs. 150/- respectively.

(*iii*) Faculty of Technology including Engineering :

Rs. 200/- per term for the courses comprised under the Faculty.

(*iv*) Faculty of Agriculture :

Rs. 200/- per term for the courses comprised under the Faculty.

(*v*) Faculty of Law :

Rs. 125/- per term for the courses comprised under the Faculty of Laws; i.e. for LL.M. Degree.

(*vi*) Faculty of Medicine :

Rs. 150/- per term for all the courses comprised under the Faculty of Medicine;

(*vii*) Faculty of Dentistry :

Rs. 150/- per term for all the courses comprised under the Faculty of Dentistry.

(*viii*) Faculty of Pharmacy :

Rs. 150/- per term for all the courses comprised under the Faculty of Pharmacy;

(*ix*) Faculty of Commerce :

Rs. 125/- per term for all the subjects comprised under the Faculty.

(*x*) Faculty of Ayurvedic Medicine :

Rs. 150/- per term for all the subjects comprised under the Faculty.

(2) The fees shall be collected by the Centres and they shall be in addition to such fees, not exceeding Rs. 15/- in the aggregate per term as the centre may charge for Gymkhana, Library and other services.

(3) Tuition fees for post-graduate guidance for the Ph.D. degree shall be the same as fees for Master's Degree in the faculty concerned as mentioned in (1) above. This fee shall be paid to the University through the college, Institution or the University Departments, as the case may be, within 30 days from the receipt of the tuition fees.

Students for the Ph.D. degree or for the Master's Degree by research shall pay their tuition fees to the University.

૧૫. રસાયણવિજ્ઞાનનાં અનુસ્નાતક કેન્દ્રોમાં વિદ્યાર્થીઓની પ્રવેશ-સંખ્યા અંગે વિચારણા કરી પોતાનો અહેવાલ રજૂ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૩-૧-૧૯૭૩ની સભામાં, રસાયણવિજ્ઞાનના વિષયનાં અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર-ઇન-ચાર્જની નીમેલી સમિતિનો અહેવાલ તા. ૭-૪-૧૯૭૩ની એકિઝકયુટિવ કાઉન્સિલ સમક્ષ રજૂ કરતાં એકિઝકયુટિવ કાઉન્સિલની ઉપરોકત સભાએ આ સભા સમક્ષ મોકલ્યો હોવાથી તે અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

સમિતિની ભલામણો સ્વીકારવા અને તેનો અમલ જૂન ૧૯૭૪થી કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

સમિતિની ભલામણો આ સાથે પરિશિષ્ટ "૧" તરીકે સામેલ છે.

૧૬. ઇન્ટર યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીની સ્ટેન્ડિંગ કમિટીએ પીએચ.ડી. પદવી અંગે કરેલાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

(*a*) Course work must form an integral part of Ph.D. programme.

(*b*) This should apply even to those people who work in research laboratories and want to do their Ph.D. They should be obliged to spend something like one academic year at the University before being permitted to submit their thesis.

(*c*) The viva-voce should be conducted in public as in most continental Universities.

(*d*) In addition to the thesis, every candidate must be required to submit an essay/project report giving evidence of original planning and thinking on a line of work different from the line of enquiry pursued while working on his thesis. The period between the submission of the thesis and the declaration of the result can be utilised for this purpose.

(*e*) Inter-disciplinary approach must be emphasised at the Ph.D. level. University regulations must be so framed as to permit the appointment of two or three research supervisors when the topic is of an inter-disciplinary kind.

(*f*) There is a case for instituting a course intermediate between the M.Sc. and the Ph.D. course work would be common to both the research degrees. In the case of the lower research degree, those who do not show promise of coming up to the Ph.D. level

may be obliged to complete their course work and supplicate for the lower research degree.

(g) Ways should be explored of standardising the proposed course work at the Ph.D. degree. In case any kind of a national level examination system is set up course work at the Ph.D. level may be brought under its purview.

સદરહુ બાબત જુદી જુદી વિદ્યાશાખાઓને વિચારણા માટે મોકલી તેનો અભિપ્રાય મંગાવવો.

૧૭. શ્રી. આઈ. એ. મોદીનું નીચેનું સૂચન બોર્ડ ઑફ્ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૪-૪-૧૯૭૨ની સભામાં તબીબી વિદ્યાશાખાની વિચારણા માટે મોકલેલ તે પરની તબીબી વિદ્યાશાખાની તા. ૬-૬-૧૯૭૩ની સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

શ્રી. આઈ. એ. મોદીનું સૂચન

At present various post-graduate course in Medical Faculty are offered by both the centres namely B. J. Medical College and K. M. School of Post-graduate Medicine.

As regards certain specialities like, Radiology, Skin & V. D. Psychiatry, E. N. T., which are considered as minor specialities, the number of students registered in each one of them is usually small at each institution.. As per the University rules and regulations, each centre has to conduct the theoretical lectures separately and there is duplication of work. There are limited number of teacher in each of the above speciality and, therefore, it becomes difficult and straneous for teachers to conduct the entire course of lectures for a small number of students at each centre. It is, therefore, suggested that the University may appoint a committee in each subject which will control the teaching programme jointly at both the centres for the students of both the colleges in the respective subject. The advantages of this suggestion is that the strain on the teachers will be much lesser, the students will get the benefit of being taught by more number of teachers, as the students will have to attend the lectures of the teachers from both the colleges, thus giving them a wider concept of a speciality. This may not be possible for subjects like, Medicine and Surgery, in which large number of teachers are available in each institution but for subjects like, Radiology, Skin & V. D. Psychiatry, E. N. T. there are very limited number of teachers in each institution.

તબીબી વિદ્યાશાખાનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાના અનુસ્નાતક પદવી અભ્યાસક્રમમાં જરૂરી લાયકાત ધરાવતા પૂરતા શિક્ષકો નહિ હોવાથી કેટલીક શાખાઓના અભ્યાસક્રમ શરૂ કરવા લગભગ અશક્ય બને છે, તેથી તેવી બાબતોમાં શિક્ષકો અને યુનિટની માન્યતા માટેના નિયમોમાં પાંચ વર્ષ સુધી જરૂરિયાત મુજબ હળવા કરવા ભલામણ કરવામાં આવે છે."

લંબાણ ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે તબીબી વિદ્યાશાખાની જે તે શાખાઓમાં શિક્ષકો અને યુનિટની માન્યતા માટેના નિયમોમાં સદરહુ અભ્યાસક્રમો માટે જરૂરી લાયકાત ધરાવતા પૂરતા શિક્ષકો ન મળતા હોઈ શિક્ષકની માન્યતા માટે લઘુતમ લાયકાત કેટલી રાખવી તે વિચારવા માટે અને ડૉ. (મિસ) પંડ્યાએ "શિક્ષક માટે હાલ પ્રવર્તતા લઘુતમ" લાયકાતનાં ધોરણ હળવાં ન કરતાં અનુસ્નાતક કેન્દ્રો માટે જે લઘુતમ સ્થાનિક શિક્ષકગણની જરૂરિયાત અંગેની મર્યાદા છે તેમાં ઘટાડો કરવો એવું સૂચન કર્યું તેને પણ સાથે વિચારવા વિદ્યાશાખાને જણાવવું એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૮. ગુજરાત એકટ નં. ૬ ઑફ ૧૯૭૩થી ગુજરાત યુનિવર્સિટીના કાયદામાં કલમ ૨૪–એના સંદર્ભમાં બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની સત્તાઓ અને ફરજોની જોગવાઈ સુધારેલા સ્ટે. ૧૨૧થી કરવામાં આવી છે તે અનુસાર સ્ટે. ૧૨૧ની પેટાકલમ (vii) જે નીચે મુજબ વંચાય છે તેમાં જણાવ્યા મુજબ "To approve the subjects of Research"ના સંદર્ભમાં શી પ્રથા અપનાવવી તે અંગે વિચારણા કરવા બાબત.

(*vii*) "To approve the subjects of Research and to recommend to the Executive Council the Panels of names of Examiners for research Degree."

આથી ઠરાવવામાં આવે છે કે જે મહાનિબંધો રજૂ કરવામાં આવ્યા છે તે મહાનિબંધો તપાસવા માટે કોને પરીક્ષક તરીકે નીમવા તે અંગે લાગતીવળગતી અભ્યાસસમિતિઓનાં સૂચનો મંગાવવાં અને અભ્યાસસમિતિ પાસેથી આવેલાં નામો પરથી નિમણૂક કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૯. તા. ૨૭/૨૮–૩–૧૯૭૩ના રોજ મળેલ યુનિવર્સિટીની કોર્ટની વાર્ષિક સભામાં કોર્ટના સભ્યો તરફથી કરવામાં આવેલાં નીચેનાં સૂચનો અંગે વિચારણા કરવા બાબત :

૧. ભવનોમાં સંશોધનને મહત્ત્વ આપવું જોઈએ. શિક્ષકોનું શિક્ષણકામ ક્રમશઃ ઓછું કરવું જોઈએ.

૨. અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા માટે ત્રણ સંશોધન લેખો આપવાના નિયમના વ્યવહારુપણા અંગે વિચારવું જોઈએ અને સંશોધન લેખોની પ્રસિદ્ધિ માટે સગવડ અંગે વિચારવું જોઈએ.

૩. વિદ્યાભવનોમાં જુદી જુદી શાખાઓના નિષ્ણાતો હોવા જોઈએ.

આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૦. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને વર્ષ ૧૯૭૨-૭૩ની તેના અનુસ્નાતક કેન્દ્રની અંદાજી બચતમાંથી રૂ. ૫૦૦ની કિંમતનાં કબાટો ખરીદવાની માગણી પર વિચારણા કરવા બાબત.

એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને વર્ષ ૧૯૭૨-૭૩ની તેના અનુ. કેન્દ્રની અંદાજી બચતમાંથી રૂ. ૫૦૦ની કિંમતનાં કબાટો ખરીદવા નિયમ મુજબ મંજૂરી આપવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૧. એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલા ઇજનેરી વિષયના અનુસ્નાતક કેન્દ્રને અનુસ્નાતક નિયમ ૨૭, ૩૬ અને ૩૭માંથી મુકિત આપવા ગુજરાત રાજ્યના શિક્ષણખાતા તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ ઇજનેરી વિષયના અનુસ્નાતક કેન્દ્રને અનુસ્નાતક નિયમ ૨૭, ૩૬ અને ૩૭માંથી મુક્તિ આપવા ગુજરાત રાજ્યના શિક્ષણ ખાતા તરફથી થયેલ વિનંતી માન્ય રાખવી નહિ એમ એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી. વધુમાં ઠરાવવામાં આવે છે કે એકિઝક્યુટિવ કાઉન્સિલની તા. ૧-૧૧-૧૯૬૯ની સભામાં ઠરાવ્યા મુજબ આ કેન્દ્રની દરેક વર્ષની સત્ર-ફીની આવકમાંથી કૉલેજના આચાર્યશ્રી તરફથી માગણી આવ્યેથી પુસ્તકો ખરીદવા માટે પરવાનગી આપવાનું ચાલુ રાખવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી

૨૨. અનુસ્નાતક પરીક્ષાઓમાં વર્ગ આપવા માટે અપાતા ગુણમાં એકસૂત્રતા જળવાય તે બાબતમાં વિચારણા કરીને ઇન્ટર યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા એન્ડ સિલોન અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સંયુકત સભાએ અનુસ્નાતક પરીક્ષામાં દરેક અભ્યાસકમમાં પ્રથમ ૨૦ વિદ્યાર્થીઓને ગ્રેડ આપવા દરેક યુનિવર્સિટીને ભલામણ કરવા સૂચવ્યું છે તે અંગેના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧-૩-૧૯૭૧ના પરિપત્રાંક એફ. ૩૩-૫૬-૬૧ (સીડી), પાર્ટ ૨ પર વિચારણા કરવા બાબત.

આ બાબતની નોંધ લેવી અને એકેડેમિક કાઉન્સિલે નીમેલ પરીક્ષા સુધારણા અંગેની સમિતિને વિચારણા માટે મોકલવી.

બાબત નં. ૨૩ની વિચારણા બાબત ક્રમાંક ૧૩ પહેલાં વિચારવામાં આવેલ હોવાથી આની નોંધ તે ક્રમે જોવી.

૨૪. અમદાવાદ ટેકસટાઈલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિયેશન, અમદાવાદના અધ્યક્ષશ્રી તરફથી તેમની સંસ્થાના નીચેના શિક્ષકોની એમ.એસસી. (કેમિસ્ટ્રી)ના વિદ્યાર્થીઓને તેમના ડિઝર્ટેશન કામ માટે ગાઈડ કરવા અનુસ્નાતક કક્ષાએ અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા અંગે આવેલ નીચેની અરજીઓ પર વિચારણા કરવા બાબત :

૧.	શ્રી. અક્ષય એસ. દિવેટિયા	...	સીનિયર સાયન્ટિફિક ઑફિસર
૨.	શ્રી. કૈલાસ ચંદ્ર ગુપ્તા	...	,, ,, ,,
૩.	શ્રી. ગુલઝારી એલ. મદન	...	,, ,, ,,
૪.	શ્રી. જે. આર. મોદી	...	રિસર્ચ એસોસિયેટ

આ શિક્ષકોની અરજીઓ, અનુભવ તથા અન્ય વિગતો તપાસી જવા માટે નીચેના સભ્યોની એક સમિતિ નીમવી :

(૧) કુલપતિશ્રી
(૨) વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
(૩) રસાયણશાસ્ત્રની અભ્યાસસમિતિના અધ્યક્ષ

અને સમિતિના અભિપ્રાય પરથી જરૂરી નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૫. શ્રી. એલ. ડી. દવે તથા શ્રી. જે. ડી. તલાટી તરફથી આવેલ નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

For P.-g Theory teaching in Chemistry there should be three P.-g. teachers in any of three branches of Chemistry (Organic, Inorganic, Physical) or two P.-g. teachers and two Assistants P.-g. teachers in Chemistry (any branch). The present rules may be modified accordingly.

આ અંગે લંબાણ ચર્ચાવિચારણા કરવામાં આવી અને બહુમતે ઠરાવવામાં આવ્યું કે જે ચાલુ કેન્દ્રો છે તેમાં જો સંજોગોવશાત્ પૂરતો સ્થાનિક સ્ટાફ રસાયણશાસ્ત્ર વિષયની જે તે શાખામાં ન હોય તો ત્યાં તે શાખાના એક પૂર્ણ અનુસ્નાતક શિક્ષક અને અન્ય શાખાઓના જરૂરી શિક્ષકગણથી કામ થઈ શકે તેની જોગવાઈ નિયમોમાં કરવાનું રાખવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૬. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા સાથેની યાદીમાં દર્શાવેલ શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપ્યાના.

(૨) આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા સાથેની યાદીમાં દર્શાવેલ શિક્ષકોની માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા માટેની અરજી નામંજૂર કર્યાના.

(૩) આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા સાથેની યાદીમાં દર્શાવેલ શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપ્યાના.

(૪) આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા સાથેની યાદીમાં દર્શાવેલ અનુસ્નાતક શિક્ષક/મદદનીશ શિક્ષકોની માન્યતા એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં બદલી આપ્યાના.

(૫) એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ એમ.કૉમ.ના વિષયોના અનુસ્નાતક કેન્દ્રમાં અનુસ્નાતક વ્યાખ્યાનો આપવા શ્રી. એસ. જે. દ્વિવેદિયાને ખાસ કેસ તરીકે ૧૯૭૨-૭૩ના ચાલુ વર્ષ પૂરતા બોલાવવા પરવાનગી આપ્યાના.

(૬) એમ. એન. કૉલેજ, વીસનગરના અંગ્રેજીના પ્રો. શ્રી. આર. બી. કુલશ્રેષ્ઠને પીએચ.ડી પદવી અંગ્રેજી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપ્યાના.

(૭) આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈના શ્રી. સી. એમ. મહેતાને પીએચ.ડી. પદવી ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપ્યાના.

(૮) ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના ડૉ. ડી. લાલને પીએચ.ડી. પદવી - ફિઝિકસ વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપ્યાના.

કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવા એકિઝકચુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

[**નોંધ.**—(૧) **પરિશિષ્ટ "૨"** : શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપ્યાના.

(૨) **પરિશિષ્ટ "૩"** : શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ન આપ્યાના

(૩) **પરિશિષ્ટ "૪"** : શિક્ષકોના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપ્યાના.

(૪) **પરિશિષ્ટ "૫"** : શિક્ષકોને માન્યતા એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં બદલી આપ્યાના.]

૨૭. સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ પાસ વર્ગ ધરાવનાર શિક્ષકો માન્ય અનુસ્નાતક શિક્ષક કે માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા સુધારેલા ઑર્ડિ. અનુક્રમે ઑર્ડિ. ૬૫--એફ (૧) તથા ઑર્ડિ. ૬૫--એમ (૧) અનુસાર માન્યતા મેળવવાને પાત્ર થતા ન હોઈ તે તે ઑર્ડિ. પરત્વે ફેરવિચારણા કરવા બાબત.

માન્ય અનુસ્નાતક શિક્ષક કે માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકની માન્યતા માટે હાલના નિયમોમાં લઘુતમ શૈક્ષણિક લાયકાતની જે જોગવાઈઓ મંજૂર થયેલ ઑર્ડિ. ૬૫-એફ (૧) તથા ઑર્ડિ. ૬૫-એમ (૧)માં છે તેમાં પુનર્વિચારણા કરવાની કોઇ જરૂરિયાત નથી એમ ઍકેડેમિક કાઉન્સિલ તથા એકિઝકચુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૮. બાબત નં. ૨૮ની વિચારણા બાબત ક્રમાંક ૧૦ પછી કરવામાં આવી હોવાથી તેની નોંધ તે ક્રમમાં જોવી.

૨૯. શિક્ષણના વિષયમાં અનુસ્નાતક શિક્ષણની ફાળવણી માટે મળેલા પ્રોફેસર-ઇન-ચાર્જની તા. ૬--૭--૧૯૭૩ના રોજ મળેલી સભામાં થયેલા નીચેના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત :

"શિક્ષણનાં અનુસ્નાતક કેન્દ્રોમાં ખંડ સમયનો દ્વિવર્ષીય અભ્યાસક્રમ ચાલે છે. આથી દર વર્ષે વધુમાં વધુ ત્રણ પેપરો શીખવવાનાં હોય છે, જેના બધા મળીને દર અઠવાડિયે વધુમાં વધુ નવ પિરિયડ ગોઠવવાના હોય છે. તે માટે અઠવાડિયાના ત્રણ દિવસમાં શિક્ષણકાર્ય યોગ્ય રીતે ગોઠવાઈ શકે છે. આથી પૂર્ણ સમયના અભ્યાસક્રમ માટે અઠવાડિયાના પાંચ દિવસના શિક્ષણકાર્યનો જે નિયમ છે તે આ ખંડ સમયના અભ્યાસક્રમને લાગુ પાડવો ઉચિત નથી. ઉપરોક્ત પરિસ્થિતિને ધ્યાનમાં લઈ યુનિવર્સિટીનાં સંબંધિત અધિકારમંડળો સત્વરે ઠરાવ કરે તેવી વિનંતી છે."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૦. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના શિક્ષકો સર્વશ્રી (૧) ડૉ. એમ. એન. દેસાઈ, (૨) ડૉ. જે. સી. વોરા તથા (૩) ડૉ. કે. પી. સોની કે જેઓ એમ.એસસી.માં ઇનઑર્ગેનિક અને ફિઝિકલ કેમિસ્ટ્રીમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ધરાવે છે તેમને એનાલિટિકલ કેમિસ્ટ્રીમાં માન્યતા આપવા અંગે આવેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૧. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણમાં એમ.એસસી. પાર્ટ ૧ કેમિસ્ટ્રી વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં પૂરતો સ્થાનિક શિક્ષકગણ થતો હોવાથી ચાલુ સાલ માટે વિદ્યાર્થીઓ નોંધવા દેવા અંગેની પરવાનગી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૨. એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદના ડીનશ્રી તરફથી તેમની કૉલેજમાં એમ.એસસી. (નોન-મેડિકલ) ફિઝિયોલોજી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા અંગે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

૩૯. એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજના ડીનશ્રી તરફથી તેમની કૉલેજમાં એમ.એસસી. (મેડિકલ) ફૉર નોન-મેડિકલ સ્ટુડન્ટ્સ માટે એનેટોમીનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

૪૬. એન. એચ. એલ. મ્યુનિ. મેડિકલ કૉલેજના ડીનશ્રી તરફથી તેમની કૉલેજમાં એમ.એસસી. (મેડિકલ) ફૉર નૉન-મેડિકલ સ્ટુડન્ટ્સ માટે ફાર્માકોલોજી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

૩૨. બાબત ક્રમાંક ૩૯ અને બાબત ક્રમાંક ૪૬ની વિચારણા પણ આની સાથે કરવામાં આવી હતી અને ચર્ચાવિચારણા બાદ એમ ઠરાવવામાં આવ્યું કે એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, એમ.એસસી. (નૉન-મેડિકલ)ના જે ત્રણ વિષયોમાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા માગે છે તે અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા માટેની અરજી માટે સ્થાનિક તપાસસમિતિઓ નીચે મુજબ નીમવી :

૧. એમ.એસસી. નૉન-મેડિકલ...(૧) ડૉ. આર. એમ. શાહ, તબીબી વિદ્યાશાખાના અધ્યક્ષ
ફિઝિયોલોજી (૨) ડૉ. એમ. જી. અમીન, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
(૩) ડૉ. જે. ડી. પાઠક, મેડિકલ કૉલેજ, સુરત

૨. એમ.એસસી. નૉન-મેડિકલ ..(૧) ડૉ. આર. એમ. શાહ, અધ્યક્ષ, તબીબી વિદ્યાશાખા
એનેટોમી (૨) ડૉ. ડી. એન છત્રપતિ, બી જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
(૩) ડૉ. વી. પી. ભટ્ટ, એમ. એસ. યુનિ., વડોદરા

૩. એમ.એસસી. નૉન મેડિકલ...(૧) ડૉ. આર. એમ. શાહ, અધ્યક્ષ, તબીબી વિદ્યાશાખા
(૨) ડૉ. આર. વી. ડૉક્ટર, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
(૩) ડૉ. ડી. પી. શાહ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા.

૩૩. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભાદરણમાં તા. ૨૬-૭-૧૯૬૯થી એટલે કે છેલ્લાં ૪ વર્ષથી રસાયણ વિભાગના અનુસ્નાતક શિક્ષણ માટે કેન્દ્ર આપેલું હોવા છતાં એમ.એસસી. પાર્ટ ૨નું ઓર્ગેનિક કેમિસ્ટ્રીનું શિક્ષણકાર્ય તે કેન્દ્રમાં શરૂ થઈ શકયું નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આ કૉલેજ જો આવતે વર્ષે (જૂન ૧૯૭૪ થી) તેમની કૉલેજમાં જરૂરી સ્થાનિક સ્ટાફ નીમી એમ.એસસી. પાર્ટ ૨ ઓર્ગેનિક કેમિસ્ટ્રીનું શિક્ષણકાર્ય કરવા માટે પ્રબંધન કરે તો જૂન ૧૯૭૪ થી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણમાં હાલ ચાલતા રસાયણ વિભાગના એમ.એસસી. પાર્ટ ૧ના અનુસ્નાતક કેન્દ્રમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહિ એમ તે અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ અને આચાર્યને જણ કરવી એમ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૪. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં સ્થાપવામાં આવેલા એલએલ.એમ. બ્રાન્ચ ના અનુસ્નાતક કેન્દ્રમાં અનુસ્નાતક વ્યાખ્યાનો માટે મુલાકાતી શિક્ષક તરીકે ભૂતપૂર્વ આચાર્યશ્રી ગિરીશભાઈ પટેલને બોલાવવાના પ્રસ્તાવ અંગે વિચારણા કરવા બાબત.

સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ એલએલ.એમ. બ્રાન્ચ ના અનુસ્નાતક કેન્દ્રમાં વ્યાખ્યાનો માટે મુલાકાતી શિક્ષક તરીકે ભૂતપૂર્વ આચાર્યશ્રી ગિરીશભાઈ પટેલ હાલ કોઈ કૉલેજ કે માન્ય સંસ્થા સાથે જોડાયેલા ન હોઈ ઑ. ૬૫-બી અને ઑ. ૬૫-ઈ ને ધ્યાનમાં રાખી આચાર્યશ્રી તરફથી આવેલ પ્રસ્તાવ મંજૂર નહિ રાખવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૫. ડૉ. કે. સી. દવેનાં સંશોધનપત્રો વડોદરાની વેક્સિન ઇન્સ્ટિટયૂટના ડૉ. એન. કે. દત્તને અભિપ્રાય માટે મોકલવામાં આવતાં ડૉ. દત્ત તેમના અભિપ્રાયમાં જણાવે છે કે ડૉ. દવેને પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા ભલામણ કરે તે પહેલાં ડૉ. દવેએ થોડાં વધુ સંશોધનપત્રો પ્રકાશિત કરવાં જોઈએ તો ડૉ. દત્તના અભિપ્રાયના સંદર્ભમાં ડૉ. દવેને ફાર્મેકોલોજીના વિષયમાં માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

ડૉ. કે. સી. દવેનાં સંશોધનપત્રો અંગે વેક્સિન ઇન્સ્ટિટયૂટ, વડોદરાના આ વિષયના નિષ્ણાત ડૉ. એન. કે. દત્તનો અભિપ્રાય જોતાં ડૉ. કે. સી. દવેને ફાર્મેકોલોજીના વિષયમાં પીએચ.ડી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવી નહિ એમ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૬. આ યુનિવર્સિટીના ઑર્ડિ. ૬૮માં કરેલી જોગવાઈ અનુસાર ગુજરાત યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના મૅથેમેટિકસ વિભાગના રીડર શ્રી. બસન દર્શનસિંઘને સ્વતંત્ર રીતે કામ કરી પીએચ.ડી. પદવીના મૅથેમેટિકસ વિષયમાં મહાનિબંધ રજૂ કરવા પરવાનગી આપવા વિચારણા કરવા બાબત.

આથી કરાવવામાં આવે છે કે સદરહુ શિક્ષકને પોતે કયા ટોપિકસ પર સ્વતંત્ર રીતે મહાનિબંધ રજૂ કરવા માગે છે તેની માહિતી તથા તે અંગે તે કઈ રીતે સંશોધન કરવા માગે છે તેની આછી

રૂપરેખા (પ્લાન ઑફ વર્ક) રજૂ કરવા જણાવવું અને તે આવ્યેથી તેને તપાસી જરૂરી પરવાનગી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૭. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટયૂટના આચાર્યશ્રી જે. જે. ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ પરદેશમાં રહીને શ્રી મહેતા રજનીકાંત જગન્નાથન Microbial Chemistryના વિષય સાથે પીએચ.ડી. પદવી માટે ખાસ કેસ તરીકે નોંધવા અંગે.

શ્રી મહેતા રજનીકાન્ત જગન્નાથને એમ જી. સાયન્સ ઇન્સ્ટિટયૂટના આચાર્ય ડૉ. જે. જે. ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ પરદેશમાં રહીને Microbial Chemistryના વિષય સાથે પીએચ.ડી. પદવી માટે નોંધવા ખાસ કેસ તરીકે પરવાનગી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૮. સને ૧૯૭૩ના ગુજરાત ઍકટ નં. ૬ની કલમ ૨૪ (એ)ની પેટાકલમ (*vii*) અને (*iv*) ના સંદર્ભમાં આ યુનિવર્સિટીના ઑર્ડિ. ૩૧૭ અને ૩૨૧ આ સાથે આપવામાં આવેલા પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ વંચાય તે રીતે સુધારવા બાબત.

૧૯૭૩ના ગુજરાત ઍકટ નં. ૬ની કલમ ૨૪ (એ)ની પેટાકલમ (*vii*) અને (*iv*)ના સંદર્ભમાં આ યુનિવર્સિટીના ઑ. ૩૧૭ અને ૩૨૧ આ સાથેના પરિશિષ્ટ "૭"માં આપ્યા મુજબ સુધારવા એકેડેમિક કાઉન્સિલ તથા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

બાબત નં. ૩૬ની વિચારણા બાબત ક્રમાંક ૩૨ સાથે કરવામાં આવી હોવાથી તે ક્રમમાં નથી લેવી.

૪૦. ટી.એમ. ઍન્ડ એસ.પી.ત્રી.એસસી. (એ.એસ.ટી.) તથા એમ.એસસી. (એ.એસ.ટી.))ના અભ્યાસક્રમ માટે અનુસ્નાતક શિક્ષક–મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપવા અંગે લાયકાતનાં ધોરણો નક્કી કરવા બાબત :

ટી.એમ. ઍન્ડ એસ.પી.,બી.એસસી. (એ.એસ.ટી.) તથા એમ.એસસી. (એ.એસ.ટી.)ના અભ્યાસક્રમ માટે અનુસ્નાતક શિક્ષક–મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા અંગે એકેડેમિક કાઉન્સિલે નીમેલ સમિતિની ભલામણોને આધારે ઘટતું કરવા કુલપતિશ્રીને સત્તા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪૧. વર્ષ ૧૯૭૩–૭૪ દરમિયાન પીએચ.ડી. પદવી માટે નોંધાવવા માટે આવેલ જે તે વિદ્યાર્થીઓની અરજીઓમાં જણાવેલ શીર્ષક મંજૂર કરવા બાબત.

વર્ષ ૧૯૭૩-૭૪ દરમ્યાન પીએચ.ડી. માટે નોંધાવવા માટે આવેલ જે તે વિદ્યાર્થીઓએ તેમની અરજીઓમાં જણાવેલ શીર્ષક મંજૂર રાખવા અને જે તે અભ્યાસસમિતિને જાણ કરવાનું રાખવું. (**પરિશિષ્ટ "૮"**)

૪૨. આ યુનિવર્સિટીના ઑર્ડિ. ૬૮માં કરેલી જોગવાઈ અનુસાર એચ. એ. આર્ટ્સ કૉલેજના હિન્દી વિભાગના પ્રોફેસર શ્રી. ચૌધરી રઘુવીર દલસિંહને સ્વતંત્ર રીતે કામ કરીને પીએચ.ડી. પદવી અંગે હિન્દી વિષયમાં મહાનિબંધ રજૂ કરવા પરવાનગી આપવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શિક્ષકને પોતે કયા ટોપિક્સ પર સ્વતંત્ર રીતે મહાનિબંધ રજૂ કરવા માગે છે તેની માહિતી તથા તે અંગે તે કઈ રીતે સંશોધનકાર્ય કરવા માગે છે તેની આછી રૂપરેખા (પ્લાન ઑફ વર્ક) રજૂ કરવા જણાવવું અને તે આવ્યેથી તેને તપાસી જરૂરી પરવાનગી આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪૩. યુ. પી. આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં સ્થાપવામાં આવેલા એમ.એસસી. રસાયણશાસ્ત્ર વિષયના અનુસ્નાતક કેન્દ્રની વર્ષ ૧૯૭૨-૭૩ની બચત રૂ. ૪,૦૬૪-૭૦ પૈકીમાંથી રૂ. ૨,૦૦૦ની કિંમતનું પી.એચ. મીટર ખરીદવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

યુ. પી. આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈને વર્ષ ૧૯૭૨-૭૩ની અનુસ્નાતક કેન્દ્રની બચત રૂ ૪,૦૬૪-૭૦માંથી રૂ. ૨,૦૦૦ની કિંમતનું પી. એચ. મીટર ખરીદવા નિયમ મુજબ મંજૂરી આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી

૪૪. એમ.એસસી. (મેડ.) નોન-મેડિકલના નીચેના શિક્ષકને માન્ય અનુસ્નાતક શિક્ષક અગર માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવા અંગેના નિયમો ઘડવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) એમ.એસસી (મેડ.) એનેટોમી

(૨) એમ.એસસી. (મેડ.) ફિઝિયોલોજી

(૩) એમ એસસી. (મેડ.) ફાર્મેકોલોજી

(૪) એમ.એસસી. (મેડ.) માયક્રોબાયોલોજી ઍન્ડ હેલ્મિન્થોલોજી.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) જે શિક્ષકો ઉપરોક્ત વિષયો માટે એમ.ડી. અને એમ.એસ. પરીક્ષાના શિક્ષણ માટે અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ધરાવે છે તેઓને એમ.એસસી. (નોન-મેડિકલ) વર્ગોમાં લાગતાવળગતા વિષયનું શિક્ષણકાર્ય કરવા માટે માન્ય ગણવા.

(૨) ઉપરોક્ત વિષયો માટે અનુસ્નાતક શિક્ષક કે મદદનીશ અનુસ્નાતક શિક્ષક માટે માન્યતા મેળવવા માટે લાયકાત અને અનુભવ કેટલો હોવો જોઈએ તે અંગેના નિયમો ઘડી રજૂ કરવા તબીબી વિદ્યાશાખાને જણાવવું.

૪૫. ઈન્ડિયન હિસ્ટોરિકલ રેકોર્ડ કમિશનના ગોવામાં પંજીમ ખાતે મળેલ ૪૨મા અધિવેશનમાં ઇતિહાસના વિષયમાં સંશોધનથી પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિગ્રી એનાયત કરવા અંગે થયેલ ઠરાવની જાણ કરતા કમિશનના તા. ૩-૭-૧૯૭૩ના પત્રાંક એફ-૪-૨-૭૩-સી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન હિસ્ટોરિકલ રેકોર્ડ કમિશનની નીચેની ભલામણ માન્ય રાખવા એકેડેમિક કાઉન્સિલ અને એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

"Editing of record collections and historical manuscripts with suitable introduction, annotations, Glossary, etc. be recognised as a

good field for conducting r search and for the award of Research degrees."

અને આવું કામ હાથ ધરનાર વિદ્યાર્થી માટે યુનિવર્સિટીના નિયમો અનુસાર પીએચ.ડી. પદવી માટે નોંધણી કરાવવાનું તેમજ યુનિવર્સિટીના તે અંગેના નિયમોનું પાલન કરવાનું જરૂરી રહેશે એવી સ્પષ્ટતા કરવી.

બાબત નં. ૪૬ની વિચારણા બાબત ક્રમાંક ૩૨ સાથે કરવામાં આવી હોવાથી આની નોંધ ત્યાં યથાસ્થળે આપવામાં આવી છે.

૪૭. ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરના એમ.કૉમ. સ્ટેટિસ્ટિકસ માટે અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ધરાવતા શ્રી. ઈશ્વરભાઈ રાઈજીભાઈ પટેલને તેમની એમ.કૉમ.ની માન્યતા રદ કરી તેને બદલે એમ.એ.--એમ.એસસી. સ્ટેટિસ્ટિકસ માટે માન્ય અનુસ્નાતક તરીકેની માન્યતા આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

જ. મ. મહેતા
કાર્યકારી કુલસચિવ.

પરિશિષ્ટ "૧"

રસાયણશાસ્ત્ર વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં વિદ્યાર્થીઓની પ્રવેશ સંખ્યા અંગે સિન્ડિકેટ તેની તારીખ ૧૩-૧-૧૯૭૩ની સભામાં નીમેલી રસાયણશાસ્ત્રનાં અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર-ઇન-ચાર્જની એક સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં ગુરુવાર, તા. ૮-૩-૧૯૭૩ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે મળી હતી તેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧.	ડૉ. એમ. એન. દેસાઈ	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન	હાજર
૨.	શ્રી. વી. ટી. ઓઝા	વીસનગર	હાજર
૩	શ્રી જે. ડી. તલાટી	પિલવાઈ	હાજર
૪.	શ્રી. કે. એમ. શાહ	મોડાસા	હાજર
૫.	શ્રી. એચ. એમ. દેસાઈ	નડિયાદ	હાજર
૬.	શ્રી. પી. એસ. સત્પંથી	ખંભાત	હાજર
૭.	શ્રી. વી. ટી. સોની	કપડવંજ	હાજર
૮.	શ્રી. એલ. ડી. દવે	ડાકોર	હાજર
૯.	શ્રી. ડી. વી. ભટ્ટભટ્ટ	પેટલાદ	હાજર
૧૦.	શ્રી. એ. જી. મુનશી	ગોધરા	હાજર
૪૦. વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્લમ્બર તરીકે સેવાઓ આપતા શ્રી. ભોજાભાઈ બી. મકવાણાનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૩૧–૧૦–૧૯૭૩ના રોજ પૂરો થતો હોઈ તેમને તેમની તે જગ્યાએ તા. ૧–૧૧–૧૯૭૩થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૧. યુનિવર્સિટીનાં કામકાજ માટે આવેલ નીચેની વ્યકિતઓ રેલવેની ટિકિટ નંબર ઈત્યાદિની માહિતી અંગેના આપણા નવા નિયમથી અજાણ હોવાથી તેઓને ઉપરોકત માહિતી સિવાય તેમના પ્રમાણપત્ર ઉપરથી પ્રથમ વર્ગનું રેલવે ભાડું ચૂકવવાનું મંજૂર કરવામાં આવ્યું છે તેને બહાલી આપવા બાબત :

ક્રમાંક	નામ	સ્થળ	ચૂકવવા મંજૂર કરેલ રકમ
(૧)	ડૉ. સી. એ. ફ્રેંકલીન	મુંબઈથી અમદાવાદ	રૂ. ૬૦
(૨)	શ્રી. એ. પી. રાણા	વડોદરાથી અમદાવાદ	રૂ. ૧૭
(૩)	ડૉ. બી. જે. સાંડેસરા	,,	રૂ. ૧૭

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચુકવણી મંજૂર રાખવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના તમામ વિભ.ગો તરફથી મોકલવામાં આવતાં સૂચનાપત્રો, પરિપત્રો ઇત્યાદિમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨–૫–૧૯૭૩ની સભામાં બાબત નં. ૫૯થી કરેલા નીચેના નિયમ તરફ લાગતાવળગતા સૌનું ધ્યાન સ્પષ્ટ રીતે ખેંચવું :

"Whenever a member has travelled by Second Class or by a class higher than Second Class or by Air, he will be required to give the following information for each trip, in addition to the usual declaration :

Particulars of Journey

From.....to.....

Train/Plane by which travelled

Time and date of travel

Ticket No. :

Date of issue of ticket

Class by which travelled

OR

A certificate from the Railway/Air authorities to that effect."

૪૨. યુનિવર્સિટી મુદ્રણાલયમાં જુ. કમ્પોઝીટર શ્રી. એમ. જે. આહુજાની તેમની નિવૃત્તિ વય બાદ વધુ એક વર્ષ સેવામાં ચાલુ રાખવા માટેની તેમની તા. ૮–૧૦–૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટની તા. ૮–૧૨–'૭૨ની સભામાં તેઓની સેવાની મુદત એક વર્ષ માટે લંબાવવામાં આવી હતી.

શ્રી. એમ. જે. આહુજાને તા. ૪–૧૨–'૭૩ના રોજ ૬૧ વર્ષ પૂરાં થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી મુદ્રણાલયના જુનિયર કમ્પોઝીટર શ્રી. એમ. જે. આહુજાને પોતાની તબીબી તપાસ કરાવવા માટે યુનિવર્સિટીના શ્રી. રેસિડેન્ટ મેડિકલ ઓફિસર સમક્ષ હાજર થવા માટે જણાવવું, અને એ તપાસના અહેવાલ પરથી ઘટતું કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૩. ગુજરાત યુનિવર્સિટીના નવા ધારાના પરિશિષ્ટ ૨, સ્ટે. ૨(૨)(એ) પ્રમાણે ડીન ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેર(પુરુષ અને સ્ત્રી)ની નિયુકિત કરવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૧–૮–૧૯૭૩ની સભામાં બાબત નં. ૧૬થી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું હતું :

"આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ફોર સ્ટુડન્ટ્સ વેલ્ફેર ઉપર યુનિવર્સિટીના શિક્ષકોમાંથી ઓછામાં ઓછા પ્રોફેસર કક્ષાના એક પુરુષ અને એક સ્ત્રી અધ્યાપકની ત્રણ વર્ષની મુદત માટે ડીન ઑફ સ્ટુડન્ટ્સ તરીકે નિયુકિત કરવા યુનિવર્સિટીનાં ભવનોના અધ્યક્ષને તથા કોલેજોના આચાર્યોને પરિપત્ર મોકલી તે જગ્યા માટે તેઓ જો કોઈને સૂચવવા માગતા હોય તો તે શિક્ષકના નામની ભલામણ તેને લગતી વિગતવાર માહિતી સાથે કુલપતિશ્રીને મોકલવા જણાવવું અને હવે પછીની સભામાં કુલપતિશ્રી તરફથી જે યોગ્ય વ્યકિત/વ્યકિતઓની ભલામણ થાય તેના પર વિચારણા કરવી. આ જગ્યા માટેનું પગારધોરણ રૂ. ૧,૧૦૦–૫૦–૧,૩૦૦–૬૦–૧,૬૦૦ નું રાખવું."

(તે પરથી આવેલાં સૂચનો કુલપતિશ્રીની ભલામણ સાથે સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યાઓ માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલી નથી અને આ જગ્યાઓ માટે રાજ્ય સરકાર તરફથી આર્થિક સહાય માગી છે તે મંજૂર થઈ નથી તે જોતાં રાજ્ય સરકાર તરફથી આર્થિક સહાયની મંજૂરી આવે તે પછી સદરહુ જગ્યાઓ ભરવા અંગે વિચારવાનું રાખવું.

૪૪. શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકામાં ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન પ્રથમ વર્ષ બી.એ. સુધીના વર્ગોમાં પર્શિયન વિષયનું શિક્ષણકાર્ય બંધ કરવામાં આવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—એ. ૯૬ની માહિતી પરથી સદરહુ કૉલેજમાં પર્શિયન વિષયના કોઈ શિક્ષક નથી. શિક્ષણકાર્ય પણ ચાલતું નથી. સદરહુ વિષયમાં વિદ્યાર્થી–સંખ્યાના અભાવે શિક્ષણકાર્ય થતું નથી તેમ આચાર્યશ્રી જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં પર્શિયન વિષયનું શિક્ષણકાર્ય બંધ કરવામાં આવેલું છે તે ઉપરની બાબતના સંદર્ભમાં માન્ય રાખવું.

૪૫. ડિસેમ્બર ૮ અને ૯, ૧૯૭૩ના સમય દરમિયાન મદ્રાસ મુકામે આઈ.એ.સી.પી. અને મદ્રાસ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે યોજનાર ક્લિનિકલ સાયકોલોજિસ્ટના ૪થા કન્વેન્શનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે આઈ.એ.સી.પી.ના સામાન્ય મંત્રીશ્રીના તા. ૨૨–૧૦–૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કન્વેન્શનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઇ પ્રતિનિધિને મોકલવા નહીં.

૪૬. ગુજરાત યુનિવર્સિટીનો સુધારેલો ધારો અમલમાં આવતાં સર્વે સંલગ્ન કૉલેજોના આચાર્યો અને માન્ય સંસ્થાઓના વડાઓ તથા યુનિવર્સિટી વિદ્યાભવનોના અધ્યક્ષો યુનિવર્સિટી કોર્ટના હોદ્દાગત સભ્યપદે રહેતા નથી તે જોતાં જે કૉલેજોના આચાર્યો, માન્ય સંસ્થાઓના વડાઓ તથા યુનિવર્સિટી ભવનોના અધ્યક્ષો યુનિવર્સિટી કોર્ટના સભ્યો ન હોય તેમને પણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સિલ તથા યુનિવર્સિટી કોર્ટની નોંધો મોકલવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની તમામ સંલગ્ન કૉલેજોના આચાર્યો, માન્ય સંસ્થાઓ અને વિદ્યાભવનોના અધ્યક્ષોને એકેડેમિક કાઉન્સિલ અને યુનિવર્સિટી કોર્ટની કાર્યવાહીની નકલ તેમની જાણ માટે મોકલવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની કાર્યવાહીની નોંધ ખાનગી હોઈ તેની નકલો કોર્ટના જે સભ્યોને મોકલવામાં આવે છે તે પ્રથા ચાલુ રાખવી અને તે સિવાયના સભ્યોને મોકલવી નહીં.

૪૭. અનુસ્નાતક કેન્દ્રો માટે કેટલો સ્થાનિક શિક્ષકગણ જોઈએ તે અંગેના ઑર્ડિ. ૬૫–પીના (ડી)વાળા ભાગ હેઠળ (૨) પછી નોંધ તરીકે નીચે મુજબનો ભાગ ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત:

N.B.—In the case of any of the existing Post-graduate centres in Inorganic, Organic or Physical Chemistry, if there is no adequate local staff

as required under O. 65-P due to certain circumstances such a centre will be permitted to continue, provided it has on its local staff at least one full-fledged post-graduate teacher in the branch of the subject of the post-graduate centre concerned and other teachers in any other branch or branches as required under sub-clauses (*I*) and (*II*) of Clause (*D*) above.

આથી ઠરાવવામાં આવે છે કે ઓર્ડિ. ૬૫–પીના (ડી)ત્રીજા ભાગ હેઠળ પેટાકલમ (૨) પછી ઉપરની નોંધ ઉમેરીને તે પ્રમાણે સુધારેલો ઓર્ડિ. ૬૫–પી મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૪૮. રાષ્ટ્રીય સેવા યોજના હેઠળ કામ કરતી એચ. એલ. કૉમર્સ કૉલેજના એન.એસ.એસ. એકમના અધ્યાપક-ઈન-ચાર્જ તરીકે શ્રી. એ. એ. લુહારને નીમવા માટે તે કૉલેજના આચાર્યશ્રીની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

(આ નિમણૂક તા. ૨૨–૬–'૭૩ થી કરવા ભલામણ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના એન. એસ. એસ. એકમના પ્રોફેસર–ઈન–ચાર્જ તરીકે શ્રી. એ. એ. લુહારને નીમવા.

૪૯. ખોટાં ગુણપત્રકો રજૂ કરીને એફ.વાય.બી.કૉમ.ના વર્ગમાં પ્રવેશ મેળવવા માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ મેળવ્યું હોય તેવા ત્રણ વિદ્યાર્થીઓના કેસ અંગે તપાસ કરીને રિપોર્ટ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલની ડિસેમ્બર માસની સભામાં નિમાયેલ સમિતિના હેવાલ પર ફેબ્રુ.આરી ૧૯૭૩ની સભામાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું મંતવ્ય મંગાવવા ઠરાવેલું તે પરથી મળેલી માહિતી પર આગળની કાર્યવાહી કરવા બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૧ ઑગસ્ટ ૧૯૭૩ની સભામાં નીમેલી સમિતિની તા. ૧–૧૦–'૭૩ના હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો સ્વીકારવી અને સી.આઈ.ડી.ને સૂચિત તપાસ સોંપવી તથા તેણે ભલામણ નં. ૨ માં સૂચવ્યા મુજબ યુનિવર્સિટી કાર્યાલયની બાબતમાં ખાતાવાર તપાસ માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

(૧) ડૉ. બિહારીલાલ કનૈયાલાલ

(૨) શ્રી. મણિભાઈ ગો. બ્રહ્મભટ્ટ

(૩) પ્રા. અનંતરાય એમ. રાવળ.

૫૦. ગુજરાત યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાશાખાના રસાયણવિજ્ઞાન વિભાગનાં બધાં જ અનુસ્નાતક કેન્દ્રોમાં (વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન સહિત) અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી પ્રતિવર્ષ બે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપી શકાય તે માટે રૂ. ૨૨,૫૦૦નું પ્રદાન સ્વીકારવા માટે પ્રો. એ. એમ. ત્રિવેદી મેમોરિયલ ફંડના ટ્રસ્ટીના તા. ૨૩–૮–૧૯૭૩ તથા તા. ૨૬–૯–૧૯૭૩ના પત્રો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો આભાર સ્વીકાર કરવો અને તે માટેની શરતો ઘડીને હવે પછી આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૫૧. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.એસસી. (મેડ.) ઑન મેડિકલ ગ્રેજ્યુએટ્સ ઇન એનેટોમીમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા ડીન તરફથી આવેલ અરજીની બાબતમાં સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

(૧) ડૉ. જ્યોતીન્દ્ર ભટ્ટ

(૨) ડૉ. જે. બી. હરિભક્તિ.

૫૨. સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસામાંથી છૂટા કરવામાં આવેલા રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર શ્રી. એ. એમ. પ્રજાપતિને તેમની નોકરીનું સાતત્ય જળવાય તે રીતે સદરહુ કૉલેજે પાછા લીધા હોઈ સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલને મોકલવા એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૮-૯-૧૯૭૩ની સભાના ઠરાવ પરત્વે હવે કશાં પગલાં લેવાનાં રહ્યાં ન હોવાથી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫૩. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદના ભૂતપૂર્વ પ્રાધ્યાપક શ્રી. એમ. જે. પાઠકજીને રૂ. ૪૦૦–૩૦–૬૪૦-૪૦–૮૦૦ના પગારધોરણ મુજબ તેમને આપવાની થતી રકમ ત્રણ માસમાં ચૂકવી આપવાનું એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨–૫–૧૯૭૩ની સભામાં ઠરાવ્યું હતું તેમ છતાં પણ સદરહુ કૉલેજે તે રકમ હજુ સુધી ચૂકવી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ ચુકવણી તા. ૩૧–૩–૧૯૭૪ પહેલાં કરી દેવા કૉલેજને જણાવવું.

૫૪. સુધારેલ યુનિવર્સિટી ધારો તા. ૧૨–૩–૧૯૭૩થી અમલમાં આવતાં, આ યુનિવર્સિટી સાથેની સંલગ્ન કૉલેજોએ શિક્ષકોની નિમણૂક કરતી વખતે પ્રત્યેક કૉલેજની સિલેકશન કમિટીમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ હોવા જરૂરી હોવા છતાં પણ યુનિવર્સિટીના પ્રતિનિધિ સિવાય કેટલીક કૉલેજોએ નિમણૂક કરી છે તો તે પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સુધારેલો યુનિવર્સિટી ધારો તા. ૧૨–૩–૧૯૭૩થી અમલમાં આવ્યો, પરંતુ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક બાબતમાં તે વખતના કુલપતિશ્રીએ ગુજરાત હાઈકોર્ટમાં થયેલ રિટના સંદર્ભમાં બાંયધરી આપી હતી. તા. ૨૫–૬–૧૯૭૩થી નવા કુલપતિશ્રીની નિમણૂક થઈ હતી તેથી તે તારીખ પછી જે નિમણૂકો થાય તે પર યુનિવર્સિટીના પ્રતિનિધિ હોવા જરૂરી બને છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂકો અંગેની વરણીસમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિનો સમાવેશ કરવાનું સરતચૂકથી રહી ગયું છે તે બાબત, યુનિવર્સિટી ધારાના થયેલા સુધારાના સંદર્ભમાં, સંક્રાંતિ (transition)ના સમયગાળા દરમ્યાન થયેલી સરતચૂક તરીકે ક્ષમ્ય ગણવી અને હવે પછી આવી સરતચૂક થાય નહીં તે જોવા માટે સદરહુ કૉલેજને સૂચના આપવી.

૫૫. યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ ઍન્ડ શ્રી. કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયામાં ચાલુ વર્ષે પણ વાણિજ્યના વિષયના શિક્ષણકાર્ય માટે યોગ્ય લાયકાત ધરાવતા પૂર્ણ સમયના પ્રાધ્યાપકની નિમણૂક થઈ નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— (૧) સિન્ડિકેટની તા. ૨૩–૯–'૭૨ની સભામાં સદરહુ કૉલેજને વાણિજ્યના વિષયનું શિક્ષણકાર્ય મુલાકાતી પ્રાધ્યાપક દ્વારા ચલાવવાની છૂટ આપવામાં આવી હતી.

(૨) શ્રી. પી. કે. રાણાને વાણિજ્યના પ્રાધ્યાપક થવા માટે જોઈતો એક વર્ષનો વ્યાખ્યાતા તરીકેનો અનુભવ ક્ષમ્ય કરવા માટે કૉલેજે તેના તા. ૩-૭-૧૯૭૩ના પત્રથી જણાવ્યું હતું.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ઉપરની ક્ષતિ માટે ઠપકો આપવો.

૫૬. ડિસેમ્બર ૧૯૭૩ના અંતભાગમાં ભૂજ (કચ્છ) ખાતે મળનાર ગુજરાત ઇતિહાસ પરિષદના સાતમા અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ નીમવા અંગે આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— (૧) સંસ્થાની વાર્ષિક સભ્ય ફી રૂ. ૧૧/- છે જે મોકલી આપવાથી જ કોઈ પણ સંસ્થા તેના પ્રતિનિધિ મોકલી શકે છે.

(૨) પરિષદને આર્થિક સહાય આપવા પણ વિનંતી કરી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. દેવેન્દ્ર સુતરિયાને મોકલવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદમાં કોઈ વિદ્યાર્થીને કે નિરીક્ષકને મોકલવાનું શકય હોય તો તે અંગે પરિષદના આયોજકોને લખી પુછાવીને જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૭. રસૂલખાનજી ઝનાના હૉસ્પિટલ, રાજકોટના અધીક્ષક તરફથી ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨-એ મુજબ સદરહુ હૉસ્પિટલને ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા અંગે આવેલ તેમના તા. ૩-૧૧-૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ હૉસ્પિટલને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તરફથી ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપેલી હોય તો તેને તેવી શરતોએ આ યુનિવર્સિટી તરફથી માન્યતા આપવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૮. યુનિવર્સિટીના નવા ધારાની ટ્રાન્ઝિટરી કલમ ૫૫ હેઠળ સને ૧૯૭૩-૭૪ના વર્ષ માટે બોર્ડ ઑફ એકાઉન્ટસના ત્રણે ચૂંટાયેલા સભ્યોની કામગીરીની મુદત તા. ૧૧મી નવેમ્બર ૧૯૭૩ના રોજ પૂરી થતી હોઈ સદરહુ બોર્ડ પરની ત્રણે જગ્યાઓ સ્ટે. ૧૨૯ની પેટાકલમ (સી) મુજબ પૂરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સ્ટે. ૧૨૩ પ્રમાણે આ બોર્ડના સભ્યો એક્ઝિકયુટિવ કાઉન્સિલના સભ્યો હોવા જોઈએ નહિ.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર બાકીના સમય માટે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

(૧) પ્રો. આર. એમ. શાહ

(૨) પ્રિ. કાન્તિલાલ આચાર્ય

(૩) પ્રિ. જશભાઈ પટેલ.

૫૯. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝયુમર્સ કો-ઑ. સ્ટોર્સ લિ.ના નિયમ ૨૦(એ)(૧) પ્રમાણે તેની વહીવટી સમિતિ પર ગુજરાત યુનિવર્સિટી તરફથી ચાર પ્રતિનિધિઓની નિમણૂક કરવા બાબત.

[**નોંધ.**—સંબંધકર્તા નિયમનો પાઠ નીચે મુજબ છે :

20. (*a*) The Managing Committee shall consist of 13 members as follows :
(*i*) 4 members to be nominated by the University.]

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સ લિ. પર ગુજરાત યુનિવર્સિટીના ચાર પ્રતિનિધિઓની નીચે મુજબ નિમણૂક કરવી :

(૧) ડૉ. રમણલાલ ભટ્ટ
(૨) પ્રો. મનુભાઈ પંચોલી
(૩) શ્રી. પી. એફ. પટેલ, ગ્રંથપાલ
(૪) શ્રી. મનીષી જાની.

૬૦. કૉમ્પ્યુટર સેન્ટરના વિકાસ અંગેની યોજનાને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૬-૬-૧૯૭૩ના પત્ર ક્રમાંક એફ. ૨૭-૧૪-૭૨(એચ.સી.-૧)થી ચોથી પંચવર્ષીય યોજનાના ગાળાના અંત સુધી મંજૂરી આપી છે તે પછીની જવાબદારી અંગે રાજ્ય સરકારશ્રીને લખતાં તેઓએ તેમના તા. ૨૩-૧૦-૧૯૭૩ના પત્ર ક્રમાંક યુ.એસ.જી.-૧૧૭૩-૯૫૫૨૯-ખ થી ચોથી પંચવર્ષીય યોજનાના ગાળા પછીની જવાબદારી માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને લખવાનું સૂચવ્યું છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સમક્ષ ઘટતી રજૂઆત કરવાનું રાખવું.

૬૧. ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા કાયદાના શેડ્યુલ ૨ ના સ્ટે. ૫ પ્રમાણે બોર્ડ ઑફ એકસ્ટ્રા-મ્યુરલ સ્ટડીઝની રચના કરવા માટે તેની કલમ (VI) પ્રમાણે એકેડેમિક કાઉન્સિલના ત્રણથી ઓછા નહિ તેવા સભ્યો સહિત ૭ સભ્યોની આ બોર્ડ પર નિયુક્તિ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૧-૮-૧૯૭૩ના રોજ મળેલી સભાએ આ બાબત નવી એકિઝકયુટિવ કાઉન્સિલ સમક્ષ મૂકવાનું ઠરાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૨. ૧૯૭૩ના ગુજરાત એકટ ક્રમાંક ૬ પ્રમાણે યુનિવર્સિટી કોર્ટ તથા એકિઝકયુટિવ કાઉન્સિલની નવેસરથી રચના થતાં ઑર્ડિ. ૬૨-એ હેઠળ ફાઇનાન્સ સમિતિની પુનર્રચના માટેની વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—૧. ફાઇનાન્સ સમિતિ ઉપર ત્રણ વર્ષ માટે સભ્યો નીમવામાં આવે છે.

૨. ઑ. ૬૨-એ :

The members of the Finance Committee shall be :
(1) The Vice-Chancellor, Ex-officio (Chairman)
(2) Three other persons appointed by the Executive Council from amongst its members.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ ઉપર ત્રણ વર્ષ માટે નીચે મુજબ સભ્યોની નિમણૂક કરવી :

(૧) ડૉ. બિહારીલાલ કનૈયાલાલ
(૨) શ્રી. પ્રફુલ્લચન્દ્ર સી. શાહ
(૩) ડૉ. એમ. એન. દેસાઈ.

૬૩. ૧૯૭૩ના ગુજરાત એકટ ક્રમાંક ૬ પ્રમાણે યુનિવર્સિટી કોર્ટ તથા એકિઝકયુટિવ કાઉન્સિલની નવેસરથી રચના થતાં સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા એકિઝકયુટિવ કાઉન્સિલ તરફથી નીમવામાં આવતી સ્થાયી સમિતિ ઉપર ત્રણ વર્ષ માટે નવા સભ્યોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૪. ૧૯૭૩ના ગુજરાત એકટ ક્રમાંક ૬ પ્રમાણે યુનિવર્સિટી કોર્ટ તથા એકિઝકયુટિવ કાઉન્સિલની નવેસરથી રચના થતાં એકિઝકયુટિવ કાઉન્સિલ તરફથી નીમવામાં આવતી સ્થાયી કાનૂનવિષયક સમિતિ ઉપર ત્રણ વર્ષ માટે નવા સભ્યોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્થાયી કાનૂનવિષયક સમિતિ પર ત્રણ વર્ષ માટે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

(૧) આચાર્ય એમ. એસ. પાંડેત
(૨) પ્રો. મનુભાઈ પંચોલી
(૩) શ્રી. આઈ. એમ. નાણાવટી
(૪) શ્રી. સી. ટી. દરુ
(૫) આચાર્ય વી. આર. રાણદીવે
(૬) આચાર્ય એન. એસ. પંડયા.

૬૫. સને ૧૯૭૪–૭૫નું ગુજરાત યુનિવર્સિટીનું અંદાજપત્ર તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનું સને ૧૯૭૪–૭૫નું અંદાજપત્ર તૈયાર કરવા માટે નીચે મુજબ સમિતિ રચવી :

(૧) આચાર્ય એમ. સી. શાહ
(૨) આચાર્ય દર્શનસીંગ શીખ
(૩) શ્રી. મનીષી જાની
(૪) કુલપતિશ્રી નીમે તે બે સભ્યો.

૬૬. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૧/૧૨–૧૧–૧૯૭૨ની સભામાં બાબત ક્રમાંક ૫૯થી યુનિવર્સિટી ની પરીક્ષાઓ વખતે વપરાતા કેમિકલ્સ-મટિરિયલ્સ માટે પરીક્ષાનાં કેન્દ્રોને હાલ અપાતા ચાર્જીસ અંગે વિચારણા કરવા માટે એક સમિતિની રચના કરી હતી. પરંતુ હવે એકિઝકયુટિવ કાઉન્સિલની નવેસરથી રચના થતી હોવાથી સદર સમિતિની પુનરંચના કરવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત બાબત, નં. ૩૧ હેઠળ નિમાયેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૬૭. વિદ્યાર્થીઓએ પરીક્ષા દરમિયાન આચરેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાધ્રિનક–પરીક્ષકો–નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોને હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરી એકિઝકયુટિવ કાઉન્સિલ સમક્ષ ભલામણો રજૂ કરવા માટે ૧૯૭૪ના વર્ષ માટે પરીક્ષા શુદ્ધિ સમિતિની રચના કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૮. શ્રી. બોરસણિયા ઘનશ્યામભાઈ ગોકુળદાસે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની બેચેલર ઓફ રૂરલ સ્ટડીઝની પદવી પરીક્ષા પાસ કર્યાના આધારે વિદ્યાર્થીને આ યુનિવર્સિટીમાં બી.એડ.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બેચેલર ઑફ રૂરલ સ્ટડીઝ પરીક્ષાઓ માન્ય થઈ નથી.

(૨) આ વિદ્યાર્થીએ ખંભાતની એજ્યુકેશન કૉલેજમાં બી.એડ.ના વર્ગમાં જૂન ૧૯૭૩થી પ્રવેશ મેળવ્યો છે અને પરીક્ષા માન્ય નથી તેથી તે પ્રવેશપાત્ર નથી તેમ જણાવેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેસના વિશિષ્ટ સંજોગો જોતાં અપવાદ તરીકે શ્રી. ભોરસણિયા ઘનશ્યામભાઈ ગોકુળદાસને બી.એડ. માટેનું પ્રવેશપાત્રતાનું પ્રમાણપત્ર પશ્ચાદ્‌વર્તી ધોરણે કાઢી આપવું.

૬૯. યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોના અંગ્રેજીના વ્યાખ્યાતાઓ માટેનો ઓપ અભ્યાસક્રમ (રિફ્રેશર કોર્સ) ૨૪મી ડિસેમ્બર ૧૯૭૩થી ૩૦મી ડિસેમ્બર ૧૯૭૩ સુધી યોજવા માટે મંજૂરી આપ્યાના તથા આ માટે "ઠાકોરલાલ ચિમનલાલ મુનશા ટ્રસ્ટ" તરફથી રૂ. ૪,૦૦૦નું પ્રદાન સ્વીકાર્યા અંગેના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૭૦. એકિઝક્યુટિવ કાઉન્સિલની નવેસરથી રચના થઈ હોવાથી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮(બી) અન્વયે સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ તથા વિદ્યાભવનોને સ્વાયત્તતા આપવાની બાબતમાં ધોરણો ઘડવા અંગેની સમિતિની રચના કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે મુજબ સમિતિની રચના કરવી :

(૧) કુલપતીશ્રી
(૨) ડૉ. પી. સી. મહેતા
(૩) ડૉ. ધીરુભાઈ ઠાકર
(૪) આચાર્ય એમ. સી. શાહ
(૫) આચાર્ય ય. પ્રા. શુકલ
(૬) ડૉ. એમ. એન. દેસાઈ.

૭૧. એકિઝક્યુટિવ કાઉન્સિલની નવેસરથી રચના થઈ હોવાથી સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓની નોકરીના નિયમો, કર્મચારીઓનું પ્રમાણ તેમ જ અન્ય બાબતો અંગેની ભલામણો કરવા માટે સમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે મુજબ સદરહુ સમિતિની રચના કરવી :

(૧) આચાર્ય દર્શનસિંઘ શીખ
(૨) ડૉ. એચ. એમ. દેસાઈ
(૩) પ્રો. મનુભાઈ પંચોલી.

૭૨. એકિઝક્યુટિવ કાઉન્સિલની નવેસરની રચના થઈ હોવાથી સ્ટેચ્યૂટ્સ અને ઑર્ડિનન્સીઝ અંગેની સમિતિની રચના અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે મુજબ સદરહુ સમિતિની રચના કરવી :

(૧) આચાર્ય એમ. એસ. પંડિત
(૨) આચાર્ય દર્શનસિંઘ શીખ
(૩) ડૉ. ડી. ડી. દેસાઈ
(૪) પ્રો. મનુભાઈ પંચોલી
(૫) શ્રી. મનીષી જાની.

૭૩. એકિઝકયુટિવ કાઉન્સિલની નવેસરથી રચના થઈ હોવાથી સંલગ્ન કૉલેજો/માન્ય સંસ્થાઓની ત્રિવાર્ષિક તપાસના અહેવાલ ઉપર વિચારણા કરી એકિઝકયુટિવ કાઉન્સિલને રિપોર્ટ કરવા માટેની સ્થાયી સમિતિ પર સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૪. એકિઝકયુટિવ કાઉન્સિલની નવેસરથી રચના થઈ હોવાથી ૧૯૭૩ના ગુજરાત એકટ નં. ૬ની કલમ ૪(૨૩) અન્વયે ગુજરાત યુનિવર્સિટી એરિયા ટીચર્સ એસોસિયેશન, અમદાવાદને માન્યતા આપવા કરેલ ભલામણના અનુસંધાનમાં નિયમો ઘડવા માટે સમિતિની રચના અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૫. એકિઝકયુટિવ કાઉન્સિલની નવેસરથી રચના થઈ હોઈ દેખભાળ સમિતિ(Vigilance Committee)ની રચના અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૬(૧)(A)(a) માં કૉલેજની તપાસની બાબતમાં તપાસસમિતે (Inspection Committee)ની જોગવાઈ કરવામાં આવેલી છે તે જોતાં દેખભાળ સમિતિ (Vigilance Committee)ની જરૂર હવે રહેતી નથી.

૭૬. એકિઝકયુટિવ કાન્સિલની નવેસરથી રચના થઈ હોવાથી સંલગ્ન ટેકનિકલ કૉલેજોના ટેકનિકલ વર્ગના કર્મચારીઓનાં પગારધોરણો, ઈત્યાદિ તપાસીને અહેવાલ રજૂ કરવા માટે સમિતિની રચના અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ટેકનિકલ કૉલેજોના ટેકનિકલ વર્ગના કર્મચારીઓનાં પગારધોરણ ઈત્યાદિ તપાસીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) આચાર્ય વી. જે. જાની
(૨) ડૉ. એચ. એમ. દેસાઈ
(૩) ડૉ. આર. સી. સોનપાલ.

૭૭. ડિસેમ્બર ૩૦, ૧૯૭૩થી જાન્યુઆરી ૧, ૧૯૭૪ના સમય દરમિયાન મુંબઈ મુકામે યોજનાર "ઑલ-ઈન્ડિયા સ્કોલર્સ કૉન્ફરન્સ"ના ચોથા અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના "ધી ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઑફ એશિયન સ્ટડીઝ"ના અધ્યક્ષશ્રીના તા. ૩૧–૧૦–૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. ડી. એન. પાઠકને મોકલવા.

૭૮. શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતના સંચાલનની બાબતમાં સપ્ટા પાસાંઓ અંગે તપાસ કરીને અહેવાલ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૮–૯–૧૯૭૩ની સભામાં નીમેલી સમિતિનો અહેવાલ તા. ૧૩–૧૦–૧૯૭૩ની એકિઝકયુટિવ કાઉન્સિલની સભા સમક્ષ મૂકવામાં આવતાં સદરહુ સભાએ

તે કૉલેજમાં રહેલી ઊણપો દૂર કરવાની બાબતમાં થાં પગલાં લેવાં તે અંગે યુનિવર્સિટીને સલાહ આપવા અંગે સમિતિની રચના અંગે, એક્ઝિકયુટિવ કાઉન્સિલની નવેસરથી રચના થતાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) ડૉ. સી. એસ. શાહ
(૨) આચાર્ય એમ. સી. શાહ
(૩) શ્રી. ઈન્દ્રવદનભાઈ મોદી
(૪) ડૉ. એમ. એન. દેસાઈ
(૫) શ્રી. મનીષી જાની.

૭૯. ચોથા વર્ગના કર્મચારીઓનાં રહેઠાણ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને રૂ. ૩,૧૨,૦૦૦ની યોજના મંજૂર કરી તે સાથે ૫૦ ટકા ફાળાની આર્થિક સહાય આપવાનું મંજૂર કર્યું હતું. આ માટે ૫૦ ટકા પ્રમાણેની બાકીની આર્થિક સહાય રૂ. ૧,૫૬,૦૦૦ની ગ્રાન્ટ રાજ્ય સરકારે મંજૂર કર્યા અંગેના રાજ્ય સરકારશ્રીના શિક્ષણ અને મજૂર ખાતાના ઠરાવ ક્રમાંક યુ.એસ.જી. ૧૧૭૩-ખની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૮૦. યુનિવર્સિટીએ દાખલ કરેલી તબીબી સહાય યોજનાનો લાભ હંગામી ધોરણે નિમાયેલા કર્મચારીઓ તથા અજમાયશી ધોરણે નિમાયેલા કર્મચારીઓને આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કાયમી કર્મચારીઓને માટે મંજૂર કરવામાં આવેલી તબીબી સહાય યોજનાનો લાભ હંગામી કે અજમાયશી ધોરણે નીમવામાં આવેલા કર્મચારીઓને પણ તેમના પોતાના પૂરતો આપવો.

(નોંધ.—આ લાભ તેમનાં કુટુમ્બીજનોને માટે આપી શકાશે નહીં એમ સ્પષ્ટતા કરવામાં આવે છે.)

૮૧. જાન્યુઆરી ૧૨ થી ૧૪, ૧૯૭૪ના સમય દરમિયાન ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૭મું અધિવેશન વલ્લભવિદ્યાનગર મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે તેમ જ તે પરિષદને આર્થિક સહાય કરવા માટે પરિષદના મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૬-૧૧-૧૯૭૩ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાતી સાહિત્ય પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોને નીમવા :

(૧) પ્રો. અનંતરાય એમ. રાવળ
(૨) ડૉ. ધીરુભાઈ ઠાકર
(૩) શ્રી. કુમારપાળ દેસાઈ
(૪) પ્રો. વ્રજલાલ દવે
(૫) પ્રિ. કેશુભાઈ પટેલ
(૬) શ્રી. મનીષી જાની.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ગુજરાતી સાહિત્ય પરિષદના આગામી અધિવેશનના ખર્ચ માટે રૂ. ૫૦૦/- (રૂપિયા પાંચસો)ની આર્થિક સહાય મંજૂર કરવી.

૮૨. યુનિવર્સિટી કાર્યાલયનાં પાંચ જૂનાં અંગ્રેજી ટાઇપરાઇટરો નીચેના વેપારીઓને, તેમણે સૌથી વધુ ભાવ આપવા જણાવ્યું હોવાથી તેમને આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	વેપારીનું નામ	મશીન નંબર	રકમ
			રૂ.
૧.	શ્રી. મહેરુ શ્રી. મહેતા	ગોદરેજ—૫૨૦૮	૭૦૦
૨.	શ્રી. આચાર્ય એન. ઇન્સ્ટિટયૂટ	ગોદરેજ—૮૨૭૪	૫૫૦
૩.	શ્રી. મહેશ સી. મહેતા	ગોદરેજ—૫૧૮૬	૮૦૦
૪.	શ્રી. મહીર એન્ડ કેર એજન્સી	અન્ડરવૂડ—૬૫૮૧૦૬	૪૧૬
૫.	શ્રી. આચાર્ય એન. ઇન્સ્ટિટયૂટ	અન્ડરવૂડ—૬૮૦૫૫૦૭	૬૫૦

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયનાં ઉપર મુજબનાં પાંચ જૂનાં અંગ્રેજી ટાઈપરાઇટિંગ મશીનો તેમનાં નામ સામે જણાવેલ વેપારીઓને તેમનાં નામ સામે જણાવેલ ભાવે વેચી દેવાનું રાખવું.

૮૩. સને ૧૯૭૨-૭૩ના વર્ષનો ૨૩મો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વાર્ષિક અહેવાલની સમિતિની રચના નીચે મુજબ કરવી :

(૧) કુલપતિશ્રી
(૨) પ્રા. અનંતરાય એમ. રાવળ
(૩) ડૉ. ધીરુભાઈ ઠાકર
(૪) પ્રો. ગુલાબભાઈ દેસાઈ.

૮૪. ગુજરાત યુનિવર્સિટીના નેજા હેઠળ વનસ્પતિવિજ્ઞાન અને જીવવિજ્ઞાન વિદ્યાશાખામાં ઉત્તમ સંશોધન કાર્ય કરવા બદલ પ્રતિવર્ષ "હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. જયકૃષ્ણ ઇન્દ્રજિત રિસર્ચ એવોર્ડ પ્રાઇઝ" એનાયત થઈ શકે તે માટે રૂ. ૧,૦૦,૦૦૦(રૂપિયા એક લાખ)નું મૅનેજિંગ ટ્રસ્ટી, હરિ ૐ આશ્રમ, નડિયાદ તરફથી સ્વીકારવા અંગે તેમના તા. ૬—૧૧—૧૯૭૩ના તથા તા. ૮—૧૧—૧૯૭૩ના પત્રો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ટ્રસ્ટનો સાભાર સ્વીકાર કરવો.

૮૫. નેશનલ ઇન્સ્ટિટયૂટ ઑફ કોમ્યુનિટી ડેવલપમેન્ટ, હૈદરાબાદ તરફથી યોજનાર તાલીમ વર્ગોમાં ભાગ લેવા માટે યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગે તેમના તા. ૩૦--૧૦—૧૯૭૩ના પત્રાંક ૨૯૮—૭૩—ટી.આર.જી. પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ તાલીમ વર્ગોમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર જણાતી નથી.

૮૬. ભારત સરકારની મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન એન્ડ સોશિયલ વેલફેરે પરીક્ષા સુધારણા અંગે નીમેલી સમિતિના હેવાલની બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧--૩--૧૯૭૩ના પત્રાંક એફ. ૮--૧--૧૯૭૩(એચ--૨) પર વિચારણા કરવા એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૭--૪—૧૯૭૩ની સભામાં નીમેલી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૭. ગુજરાત ઍક્ટ નં. ૬–૧૯૭૩ના શિડયુલ ૨ મુજબ ઍકેડેમિક પ્લાનિંગ બોર્ડના સત્તામંડળ ઉપર નીચે પ્રમાણે સભ્યોની નિયુક્તિ કરવા અંગે વિચારણા કરવા બાબત :

10(*iii*) : Three University Professors belonging to different faculties to be nominated by the Executive Council.

[નોંધ.—ઉપરની બાબત તા. ૧૧–૮–૧૯૭૩ની ઍ. કા.ની સભા સમક્ષ બાબત ક્રમાંક ૯૭થી રજૂ કરવામાં આવી હતી તેમાં આ પ્રમાણે ઠરાવ્યું છે : "આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી અને ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા ધારા અનુસાર જે નવી એકિઝકયુટિવ કાઉન્સિલ રચાય તેની સભા સમક્ષ વિચારણા માટે રજૂ કરવી."]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર સંબંધકર્તા સ્ટે. ૧૦ની પેટાકલમ (૩) હેઠળ નીચેના પ્રાધ્યાપકોની નિમણૂક કરવી :

(૧) પ્રો. કે. આર. ચન્દ્રશેખરન
(૨) પ્રો. દેવવ્રત એન. પાઠક
(૩) પ્રો. જે. જે. ચિનોય.

૮૮. સર સયાજીરાવ ડાયમન્ડ જ્યુબિલી ટ્રસ્ટ તરફથી અમદાવાદમાં છાત્રાલય બાંધવા માટે ૨૦,૦૦૦ ચો.ફૂટ જમીન આપવાની તેમની માગણી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સયાજીરાવ ડાયમન્ડ જ્યુબિલી ટ્રસ્ટના પ્રતિનિધિઓ સાથે વાટાઘાટ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૯. વિજ્ઞાન વિદ્યાભવનના ડૉ. વી. સી. શાહને એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૧–૩–૧૯૭૩ની સભામાં "વિઝિટિંગ પ્રોફેસર" તરીકે જાપાન જવા અંગેની ચાર માસની ખાસ રજાઓ મંજૂર કરેલી છે તે ચાર માસના સમયના ગાળાને "લીવ ઑફ્ એબસન્સ" ગણવા અંગેના તેઓના તા. ૧૯–૧૦–૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

અને

૯૨. સમાજ વિદ્યાભવનના સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. તારાબહેન પટેલ ફિલિપાઈન યુનિવર્સિટીના વિઝિટિંગ પ્રોફેસર તરીકે ઑકટોબર ૧૯૭૩થી એપ્રિલ ૧૯૭૪ સુધીના સમય માટે જાય તે સમય દરમિયાન તેઓશ્રીને શું વેતન આપવું તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—ડૉ. તારાબહેન પટેલનો મૂળ માસિક પગાર રૂ. ૧,૨૫૦ નો છે. તેઓને માસિક રૂ. ૧,૦૦૦ ડૉલર મળશે. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮–૯–૧૯૭૩ની સભામાં જરૂરી માહિતીના સંદર્ભમાં નિયમો અનુસાર જે વેતન આપી શકાય તે આપવા કુલપતિશ્રીને સત્તા આપી છે.]

અને

૯૩. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-ઝૂલોજી તરીકે કામ કરતા ડૉ. (મિસ) એન. જે. ચિનોયને Professor & Chairman, Department of Anatomy, Rutgers Medical School, Rutgers, The State University New Jersey, U.S.A. તરફથી પોસ્ટ-ડૉકટરલ રિસર્ચ ઍન્ડ ટીચિંગ એસાઈનમેન્ટ માટે

તા. ૧-૮-૧૯૭૩થી એક વર્ષની જે બિનપગારી રજા મંજૂર કરી છે તે સમય દરમ્યાન તેઓને વેતન આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—ડૉ. વિનોયનો હાલ મૂળ માસિક પગાર રૂ. ૫૬૦ છે. તેઓને એક વર્ષ દરમિયાન રૂ. ૧૦,૪૨૩નું રિસર્ચ ઑનરેરિયમ મળશે. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૯-૧૯૭૩ની સભામાં તેમના વેતન અંગે જરૂરી માહિતી મેળવી નિયમો અનુસાર જે વેતન આપી શકાય તે આપવા કુલપતિશ્રીને સત્તા આપી છે.]

અને

૧૦૦. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગના પ્રાધ્યાપક ડૉ. વી. સી. શાહ હાલ જાપાન ગવર્નમેન્ટના આમંત્રણથી વિઝિટિંગ પ્રોફેસર તરીકે ચાર માસની ખાસ રજા ઉપર હોઈ તે ચાર માસના સમય દરમિયાન તેઓને સવેતન રજા આપવા અંગે પુનર્વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૧૧-૩-૧૯૭૩ની સભામાં તેઓને વળતર મૂળ માસિક પગારના ૫૦ ટકા પ્રમાણે એટલે રૂ. ૭૧૦થી તેઓની ૪ માસની રજા મંજૂર કરી છે.)

બાબત નં. ૮૯, ૯૨, ૯૩ અને ૧૦૦ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતો અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાની સુચિંતિત ભલામણો રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) આચાર્ય એમ. સી. શાહ
(૨) ડૉ. બિહારીલાલ કનૈયાલાલ
(૩) શિક્ષણનિયામકશ્રી

૯૦. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ઑક્ટોબર ૧૯૭૩માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં જુદાં જુદાં કેન્દ્રો ઉપર નિમાયેલ મુખ્ય નિરીક્ષકોની નિમણૂક કર્યાના;

(૨) અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન તરફથી યુનિવર્સિટી કેમ્પસમાં ૫૦ ટકા ખર્ચના ધોરણે સ્ટ્રીટલાઈટ કરવાની છે તે અંગે કામચલાઉ ધોરણે યુનિવર્સિટીનાં સબસ્ટેશનોમાંથી ઇલેક્ટ્રિક પાવર આપવા માટે કૉર્પોરેશન તરફથી આવેલા પત્ર નં. ડી.એલ.એમ. ૪૭૭૭ તા. ૧-૧૧-૧૯૭૩ની વિનંતી મંજૂર કર્યાના.

(નોંધ.—આ અંગેનું વીજળી બિલ કૉર્પોરેશન આપશે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૯૧. જાન્યુઆરી ૨૧થી ૨૦ ફેબ્રુઆરી ૧૯૭૪ના સમય દરમિયાન National Institute of Community Development... દ્વારા હૈદરાબાદ મુકામે Orientation Course યોજનાર છે. તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગે મજકૂર ઈન્સ્ટિટ્યૂટના અધ્યક્ષના તા. ૨૭-૧૦-૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઓરિયેન્ટેશનના અભ્યાસક્રમમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર જણાતી નથી.

૯૨. સદરહુ બાબતની વિચારણા, ઉપર બાબત નં. ૮૯ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૯૩. સદરહુ બાબતની વિચારણા, ઉપર બાબત નં. ૮૯ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૯૪. બાંધકામ સમિતિની તા. ૧૨-૧૧-૧૯૭૩ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૨-૧૧-૧૯૭૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૨-૧૧-૧૯૭૩ની સભાનાં કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ 'ક'** તરીકે સામેલ છે.)

૯૫. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૪-૭-૧૯૭૩ની સભામાં યુનિવર્સિટીનાં જુદાં જુદાં સત્તા-મંડળોના સભ્યોના મુસાફરી ભથ્થા અંગેના ઓ. ૧૫૨માં પહેલા-બીજા વર્ગમાં મુસાફરી કરનાર સભ્યને જે પ્રમાણપત્ર-માહિતી આપવાનું નક્કી કરેલ તેના સંદર્ભમાં નીચે જણાવેલ મુસાફરી માટે તેમને કયા ધોરણે ભાડાભથ્થું ચૂકવી આપવું તે અંગે વિચારણા કરવા બાબત:

(૧) જો કોઈ સભ્ય પોતાની કે બીજાની મોટર, મોટર સાઈકલ કે સ્કૂટર દ્વારા મુસાફરી કરે
(૨) જો કોઈ સભ્ય ભાડાની ટેક્ષી દ્વારા મુસાફરી કરે
(૩) જો એકથી વધુ સભ્યો ભાડાની ટેક્સી દ્વારા મુસાફરી કરે
(૪) જો કોઈ સભ્ય ખાનગી ભાડે ફરતી મોટર દ્વારા મુસાફરી કરે
(૫) જો કોઈ સભ્ય પોતાની મોટર દ્વારા અન્ય સભ્ય કે સભ્યોની સાથે મુસાફરી કરે
(૬) જો કોઈ સભ્ય લક્ઝરી બસ દ્વારા મુસાફરી કરે.

આથી ઠરાવવામાં આવે છે કે—

(અ) ઓર્ડિ. ૧૫૨(૧) નીચે મુજબ વંચાય તે પ્રમાણે સુધારવો :

"If a person signs a declaration to the effect that he travelled by 1st class by rail or by his own motor car when a rail route is available, he will be paid a single 1st class fare each way, provided that if a person travels by a car not actually owned by him, he will be paid bus fare or luxury bus fare, if any, whichever is higher and whichever is available."

(બ) ઓ. ૧૫૨(૬) નીચે પ્રમાણે ઉમેરવો અને પછીના નંબરો સુધારવા :

"If a person travels by a scooter or a motor-cycle actually owned by him, he will be paid @ 00—15 paise per kilometre or 1st class railway fare, whichevr is less."

(ક) ઓ. ૧૫૨(૭) નીચે પ્રમાણે ઉમેરવો અને પછીના નંબરો સુધારવા :

"If a person travels by a public taxi when a rail route is available, he will be paid the actual taxi fare or the 1st class railway fare whichever is less provided that he furnishes a voucher for actual payment made by him together

with the taxi number specially quoted. If two or more persons travel by a public taxi, only one person who has hired it, will be paid actual taxi fare or the 1st class railway fare, whichever is less, provided he furnishes a voucher for actual payment made with the taxi number quoted."

(૬) સુધારેલ ઑ. ૧૫૨(૫) નીચે મુજબ વંચાય તે પ્રમાણે સુધારવો :

"If a person travels by public bus/luxury bus he will be paid the actual fare each way."

(સુધારેલા ઑ. ૧૫૨ની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

નોંધ.— પરીક્ષકો-પ્રાધ્નિકો-મોડરેટરો વગેરેને, સ્પોર્ટ્સ સમિતિઓના સભ્યોને, ભવનો-અનુસ્નાતક કેન્દ્રો પર મુલાકાતે આવતા પ્રાધ્યાપકોને, પરિષદો-પરિસંવાદોમાં મોકલવામાં આવતા પ્રતિનિધિઓને અપાતા મુસાફરી ભથ્થાના નિયમોમાં પણ ઉપર પ્રમાણે સુધારો લાગુ પડશે.

૯૬. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદના નીચેના શિક્ષકોની તેઓનાં નામ સામે દર્શાવેલ વર્ષથી પશ્ચાદ્‌વર્તી નિમણૂકો માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	પદ	શૈક્ષણિક વર્ષ
૧.	શ્રી. એન. એમ. ગામડિયા	શિક્ષણના ટયૂટર	૧૯૬૬-૬૭
૨.	શ્રી. આર. કે. ઠાકોર	શિક્ષણના વ્યાખ્યાતા	૧૯૬૯-૩૮
૩.	શ્રી. બી. પી. પટેલ	શિક્ષણના ટયૂટર	૧૯૬૭-૬૮
૪.	શ્રી. ડી. ડી. પટેલ	,,	,,
૫.	શ્રી. એચ. એચ. શાહ	શિક્ષણના વ્યાખ્યાતા	,,
૬.	શ્રી. બી. વી. પટેલ	,,	૧૯૬૮-૬૯
૭.	શ્રી. વી. એન. પટેલ	શિક્ષણના ટયૂટર	૧૯૬૮-૬૯
૮.	શ્રી. એસ. આર. ત્રિવેદી	,,	,,
૯.	શ્રી. એન. એમ. ગામડિયા	શિક્ષણના વ્યાખ્યાતા	,,
૧૦.	શ્રી. ડી. ડી. પટેલ	,,	,,
૧૧.	શ્રી. આર. કે. ઠાકોર	શિક્ષણના પ્રાધ્યાપક	૧૯૭૦-૭૧
૧૨.	શ્રી. એસ. આર. ત્રિવેદી	શિક્ષણના વ્યાખ્યાતા	,,
૧૩.	શ્રી. સી. સી. વ્યાસ	શિક્ષણના ટયૂટર	૧૯૬૯-૭૦
૧૪.	શ્રી. બી. એન. પટેલ	શિક્ષણના વ્યાખ્યાતા	૧૯૭૦-૭૧
૧૫.	શ્રી. એસ. જે. પટેલ	શિક્ષણના પ્રાધ્યાપક	૧૯૭૧-૭૨
૧૬.	શ્રી. એ. ટી. અજમેરા	શિક્ષણના વ્યાખ્યાતા	૧૯૭૧-૭૨
૧૭.	શ્રી. પી. કે. પારેખ	,,	,,

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના ઉપર જણાવેલા શિક્ષકોની નિમણૂકો તેમનાં નામ સામે જણાવેલ તારીખથી માન્ય કરવી.

૯૭. "શ્રીમતી શાંતાગૌરી નટવરલાલ શાહ પારિતોષિક" આપવા અંગેના નિયમ નં. ૧ માંથી "આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજોમાં એમ.સી.,બી.એસ. અથવા બી.ફાર્મ. ડિગ્રીનો અભ્યાસક્રમ ચાલુ રાખવાની શરતે" રદ કરવા તથા "શ્રીમતી પાર્વતી બાલુભાઈ શાહ પારિતોષિક" આપવા અંગેના નિયમ ૧ માં આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજમાં એમ.બી.,બી.એસ. અથવા બી.ફાર્મ. ડિગ્રીનો અભ્યાસક્રમ ચાલુ રાખવાની શરત ઉમેરવા માટેના દાતાશ્રી એસ. બી. શાહના તા. ૨૪–૧૦–૧૯૭૩ના પત્ર મુજબ પ્રદાનના સુધારેલા નિયમો નીચે પ્રમાણે વંચાશે :

"શ્રીમતી શાંતાગૌરી નટવરલાલ શાહ પારિતોષિક"

નિયમ ૧ : "શ્રીમતી શાંતાગૌરી નટવરલાલ શાહ પારિતોષિક" એ નામનું આશરે રૂ. ૧૫૦નું વાર્ષિક પારિતોષિક દર વર્ષે જે વિદ્યાર્થિની (ફિમેલ કેન્ડિડેટ) ગુજરાત યુનિવર્સિટીની માર્ચ-એપ્રિલમાં લેવાયેલ ફર્સ્ટ બી.એસસી.ની બાયોલોજીની પરીક્ષામાં વિજ્ઞાનના વિષયોમાં સૌથી વધારે ગુણાંક મેળવીને પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થાય તો તેને એનાયત કરવામાં આવશે.

"શ્રીમતી પાર્વતી બાલુભાઈ શાહ પારિતોષિક"

નિયમ ૧ : "શ્રીમતી પાર્વતી બાલુભાઈ શાહ પારિતોષિક" એ નામનું રૂ. ૩૫૦નું એક પારિતોષિક દર વર્ષે ગુજરાત યુનિવર્સિટીની પ્રી-યુનિ. વિજ્ઞાનની પરીક્ષામાં સૌથી વધારે ગુણાંક મેળવીને પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થિનીને આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજોમાં એમ.બી.,બી.એસ. અથવા બી.ફાર્મ. ડિગ્રીનો અભ્યાસ ચાલુ રાખવાની શરતે આપવામાં આવશે. જો સૌથી વધારે તથા સરખા ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર બે વિદ્યાર્થિનીઓ હોય તો પારિતોષિકની રકમ સરખે ભાગે આપવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બન્ને પારિતોષિકો અંગેનો જે તે નિયમ નં. ૧ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો.

૯૮. એમ.ઈ. (મિકેનિકલ) પાર્ટ ૨ ઓલ્ડ કોર્સ પરીક્ષાના બે વિદ્યાર્થીઓની ડેઝર્ટેશન રજૂ કરવાની મુદત વીતી ગઈ હોઈ વધુ એક વર્ષ મુદત વધારી આપવાની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—કૉલેજના આચાર્ય તથા ડીન શ્રી વી. જે. જાનીએ, જૂનો અભ્યાસક્રમ બંધ થયેલ હોઈ મજકૂર બે વિદ્યાર્થીઓને ખાસ કેસ તરીકે એક વર્ષની મુદત વધારી આપવા ભલામણ કરી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બે વિદ્યાર્થીઓને તેમના ડેઝર્ટેશન રજૂ કરવાની મુદત વધુ એક વર્ષ લંબાવી આપવી.

૯૯. ગુજરાત યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના ઉપક્રમે ૧૯૭૩–૭૪ના વર્ષમાં યોજવામાં આવનાર "18th Annual Session of Akhil Bharatiya Darshan Parishad" અંગે યુ.ગ્રા.ક. તેમના પત્રાંક એફ. ૩–૨૪(ii) ૭૩ એસ.આઈ. તા. ૫–૧૧–૧૯૭૩ના પત્રથી આર્થિક સહાય રૂ. ૩,૦૦૦(ત્રણ હજાર)ની મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૦૦. સદરહુ બાબતની વિચારણા, ઉપર બાબત નં. ૮૯ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૦૧. યુનિવર્સિટી કાર્યાલયમાં હવાલદાર તરીકે કામ કરતા શ્રી. કાંતિલાલ એમ. નાઈને સ્ટે. ૧૮૮(૨) હેઠળ મકાન મરામત અંગે તેઓના ખાતે નીકળતી પ્રૉ. ફંડની રકમ આપવા અંગેની તેઓની તા. ૧૨-૧૧-૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓના પ્રૉ. ફંડ ખાતે તા. ૩૧-૩-૧૯૭૩ના રોજ રૂ. ૩,૫૭૦-૪૮ જમા છે અને તે પર તેમની પ્રૉ. ફંડની લોનના રૂ. ૧૫૦ તથા તે પર ગણતરી કરતાં જે વ્યાજ થાય તે રકમની કપાત કરવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે હવાલદાર શ્રી. કાન્તિલાલ એમ. નાયીને સ્ટે. ૧૮૮(૨) હેઠળ તેમના મકાનના મરામત માટે તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણોને આધીન રૂ. ૩,૫૭૦/-ની લોન મંજૂર કરવી.

૧૦૨. નવેમ્બર ૧૯૭૩ના છેલ્લા સપ્તાહ દરમિયાન "Textiles Export Promotion Council સુરત મુકામે Export Procedure" પર પરિસંવાદ યોજે છે. તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના કાઉન્સિલના રિજિયોનલ ઑફિસરના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. બિહારીલાલ કનૈયાલાલને મોકલવા.

૧૦૩. એકિઝકયુટિવ કાઉન્સિલની નવેસરથી રચના થઈ હોઈ યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭/૨૮-૩-૧૯૭૩ની સભામાં થયેલાં સૂચનો પર ચર્ચાવિચારણા કરી અહેવાલ આપવા માટે નિમાયેલી સમિતિની રચના કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે મુજબ સમિતિની રચના કરવી :

(૧) પ્રૉ. અનંતરાય એમ. રાવળ
(૨) શ્રી. મણિભાઈ ગો. બ્રહ્મભટ્ટ
(૩) આચાર્ય દર્શનસીંઘ શીખ
(૪) ડૉ. એમ. એન. દેસાઈ
(૫) શ્રી. મનીષી જાની.

૧૦૪. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૯-૬-૧૯૭૩ની સભામાં બાબત નં. ૧૩૦ અને ૧૩૧થી એક જ સંચાલન મંડળના ઉપક્રમે ચાલતી કૉલેજોના અલગ અલગ ટ્રસ્ટની રચના અંગેના પ્રસ્તાવો જોઈ-તપાસીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીમેલ સમિતિની રચના અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે મુજબ સમિતિની રચના કરવી :

(૧) આચાર્ય એમ. સી. શાહ
(૨) ડૉ. ધીરુભાઈ ઠાકર
(૩) ડૉ. એચ. એમ. દેસાઈ
(૪) પ્રૉ. મનુભાઈ પંચોલી.

૧૦૫. માર્ચ-એપ્રિલ ૧૯૭૪માં પ્રથમ વાર લેવાનાર કેટલીક પરીક્ષાઓને અનુલક્ષીને ઑ. ૧૨૯નો સંબંધકર્તા ભાગ ઉમેરીને સુધારેલો હોઈ તે મંજૂર કરવા બાબત.

(નોંધ.—ઑ. ૧૨૯માં ઉમેરવાનો સંબંધકર્તા ભાગ નીચે મુજબ છે:

O. 129 :

Name of the Examination	*How many times in a year*	*Date of Commence-ment*	*Last Date for Appli-cation*	*Examination fee Rs.*
1. First Year Examinations in B.Sc. Audiology and Speech Therapy. (B.Sc. A.S.T..)	Twice	3rd Monday in April & 2nd Monday in October	5th March 5th September	100
2. Second Year Examination in B.Sc. Audiology and Speech Therapy (B.Sc. A.S.T.)	Twice	,,	,,	100
3. Dip. in Medical & Social Psychology (D.M.S. S.P.) Part-I	Twice	,,	,,	100
4. Dip. in Medical & Social Psychology (D.M.S. S.P.) Part-II	Twice	,,	,,	100
5. Dip. in Psychiatric Nursing (D.P.N.)	Twice	,,	,,	100
6. Dip. in Special Education of Non-normal Children (D.S.E.N.C.)	Twice	,,	,,	100
7. Dip. in Psychology-Therapy (D.P)	Twice	,,	,,	100

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૨૯માં ઉપર મુજબનો સંબંધકર્તા ભાગ ઉમેરવો તથા તે મુજબ સુધારેલા ઑર્ડિ. ૧૨૯ને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૦૬. ગુજરાત રાજ્યની વડી અદાલતમાં નીચે પ્રમાણે રિટ પિટિશનો થઈ છે તે અંગે વિચારણા કરવા બાબત :

(૧) શિક્ષક મતદાર વિભાગમાંથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલ પર ત્રણ બેઠકોની ચૂંટણી અંગે
(૨) આચાર્ય મતદાર વિભાગમાંથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલ પર બે સભ્યોની ચૂંટણી અંગે, અને
(૩) યુનિવર્સિટી કોર્ટ પર ૪૨ શિક્ષકોની ચૂંટણી અંગે.

સદરહુ રીટ અરજીઓની બાબતમાં યુનિવર્સિટી તરફથી ઍડવોકેટ શ્રી. ઈન્દ્રવદન એ. નાણાવટીને રોકવામાં આવેલા છે તેની જાણ સભાગૃહને કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી તથા સદરહુ રીટ અરજીઓની બાબતમાં જરૂરી કાર્યવાહી તથા ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી તથા યુનિવર્સિટી વતી સોગંદનામાં (affidavits) કરવા માટે શ્રી. કુલસચિવને જણાવવું.

૧૦૭. ઑકટોબર ૧૯૭૩માં લેવાયેલ ડી.ઓ. પરીક્ષામાં ઓ. ૩૦૦-ડી(૨) મુજબ બી. જે. મેડિકલ કૉલેજના પાંચ વિદ્યાર્થીઓએ ૩૦ કેસીસની કેસનોટ રજૂ કરી ન હોવાથી તેમનાં પરિણામ અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ વિદ્યાર્થીઓનાં પરિણામ હાલ અનામત રાખવામાં આવ્યાં છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પાંચ વિદ્યાર્થીઓને ડી.ઓ. ની પરીક્ષા અંગેની કેસ-નોટ અપવાદ તરીકે પરીક્ષા પછી રજૂ કરવા માટે પરવાનગી આપીને તેમનો પરીક્ષા-પ્રવેશ ગ્રાહ્ય ગણવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્યશ્રીને ભવિષ્યમાં વિદ્યાર્થીઓની કેસ-નોટ વેળાસર રજૂ થાય તે જોવા માટે સૂચના આપવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૧૦૮. શ્રી. મનીષી જાનીએ તેમના તા. ૧૫-૧૧-૧૯૭૩ના પત્રથી રજૂ કરેલા નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

"(૧) આપણી યુનિવર્સિટી વિદ્યાર્થી રમતવીરોને અત્યારે બહારગામનું રોકાણભથ્થું રૂ. ૬/- આપે છે, તે અત્યારની પરિસ્થિતિમાં તદ્દન અવાસ્તવિક છે. બીજી યુનિવર્સિટીઓમાં આ અંગે તપાસ કરતાં આ પ્રમાણે જાણવા મળ્યું છે :

મુંબઈ યુનિવર્સિટી	રૂ. ૧૫/—
એમ. એસ. યુનિવર્સિટી	રૂ. ૧૨/—
ઉદેપુર યુનિવર્સિટી	રૂ. ૧૫/—

તો આ અંગે તાત્કાલિક સુધારો કરી આ પ્રકારનું ભથ્થું રોજનું રૂ. ૧૨/— કરવું જ જોઈએ.

(૨) ચાર વર્ષે મળતી પદવીનું પ્રમાણપત્ર જે વ્યવસાયને માટે અગત્યનું છે, આજીવન જેને સાચવવું પડે તેવી અગત્ય ધરાવતું હોય છે અને આ અંગે આપણી યુનિવર્સિટી વિદ્યાર્થી પાસેથી પ્રમાણપત્ર અને રજિસ્ટ્રેશનના રૂ. ૧૫ + રૂ. ૫ લે છે અને તેવા સમયે આ પ્રકારનાં તદ્દન રદ્દી-પાતળાં અને શાહી ફૂટે તેવાં જે પ્રમાણપત્રો અપાયાં છે તે તાત્કાલિક પાછાં ખેંચી લેવાં જોઈએ અને નવાં પ્રમાણપત્રો ઉત્તમ કાગળ પસંદ કરી આપવાં જોઈએ.

(૩) યુનિવર્સિટીએ સંલગ્ન કૉલેજો માટે શિક્ષણ ફી અંગે નિયત ધોરણ નક્કી કરેલું છે, પણ તે ઉપરાંત ઇતર પ્રવૃત્તિઓ અને અન્ય પ્રકારની લેવાતી ફી અને તેના વહીવટ અંગે કોઈ ચોક્કસ ધોરણ અને માળખું ઘડેલું નથી અને તેનો ગેરલાભ ઘણી કૉલેજોની ફી રિસીટ જોતાં લેવાઈ રહ્યો હોય એમ લાગે છે, તો આ અંગે તાત્કાલિક વિચારણા કરી ચોક્કસ નિર્ણય જાહેર કરવો અત્યન્ત જરૂરી છે.

(૪) યુનિવર્સિટી તરફથી પરીક્ષાઓ લેવાય છે તેનાં કેન્દ્રો કૉલેજની માગણી મુજબ આપાય છે તે દૂર કરી સર્વપ્રથમ યુનિવર્સિટીની માલિકીનાં ભવનોને કેન્દ્ર બનાવવાં જોઈએ અને કેમ્પસની કૉલેજોને જ અગ્ર પસંદગી આપવી ઘટે. યુનિવર્સિટી પર અમદાવાદના બધા જ વિસ્તારોમાંથી બસની સારી સગવડ છે. વળી કેમ્પસ એરિયા બીજા એરિયા કરતાં શાંત છે અને કેમ્પસની કૉલેજો હવાઉજાસની સગવડવાળી છે. વળી યુનિવર્સિટીની પાસે જ આવેલી કૉલેજોને કેન્દ્રો બનાવવાથી ખોટું વાહનખર્ચ અને અન્ય વ્યવસ્થાની મુશ્કેલીઓ ઓછી થઈ શકે એમ છે તો આ અંગે યોગ્ય ચર્ચાવિચારણા કરવી ઘટે.

(૫) વિદ્યાર્થીઓના પ્રશ્ન અનેક હોય છે, અને તેઓ તેમની વાત વિદ્યાર્થી પ્રતિનિધિઓને કરી શકે એ અંગે કોઈ ચોક્કસ સ્થાન હોય એ જરૂરી છે. યુનિવર્સિટી જો આ અંગે વિદ્યાર્થી પ્રતિનિધિઓ માટે એક કેબિનની સગવડ કરી શકે તો ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થી આલમ માટે ઘણું સારું કાર્ય થયેલું લેખાશે.

(૬) અત્યારે ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થીઓ માટે જે કાર્યો કરે છે તે અંગે સંપૂર્ણ જાણકારી વિદ્યાર્થીઓ મેળવી શકે અને તેમાં તેઓ જોડાઈ શકે અને ગુજરાતના યુવાનો આગળ આવી શકે એ હિતને ધ્યાનમાં રાખી ગુજરાત યુનિવર્સિટીએ નજીવા લવાજમના દર રાખી વિદ્યાર્થીઓ માટેનું વિદ્યાર્થીઓ વડે ચાલતું પખવાડિક કે માસિક શરૂ કરવું જોઈએ.

(૭) ગુજરાત યુનિવર્સિટી જે અનુસ્નાતક ભવનો અને કેન્દ્રો ચલાવે છે ત્યાંના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાના સંદર્ભમાં ફરજિયાત હાજરીને જે મહત્ત્વ અપાય છે તે દૂર કરવું જોઈએ.

અનુસ્નાતક કક્ષાએ પહોંચેલો વિદ્યાર્થી પુખ્ત હોય છે. ભારત સરકારે પણ તેને લોકશાહી રીતે સ્વતંત્ર રીતે અધિકાર ભોગવવાની છૂટ આપી હોય છે ત્યારે તેની વર્ગમાં હાજરી અનિવાર્ય અને ફરજિયાત શી રીતે રાખી શકાય?

વળી આપણા દેશમાં વીસ વર્ષે આજીવિકાનું સાધન શોધવાની મોટા ભાગના યુવાનો માટે અનિવાર્ય બનતું હોય છે અને તેવા વિદ્યાર્થીઓને માટે ભણવું એ બીજા વર્ગની પસંદગી બને છે, પરંતુ હાજરીના કારણને લીધે તે વધુ અભ્યાસ કરી શકતો નથી. તો આ અંગે યુનિવર્સિટીએ તાત્કાલિક નિર્ણય લેવો ઘટે.

અને સાથે સાથે બી.એ.ની પરીક્ષા બહારથી આપી શકાય છે એ પ્રમાણે એમ.એ.ની પરીક્ષાનું પણ કરવું.

(૮) અંધ કે અપંગ વિદ્યાર્થીઓ 'રાઈટર'ની મદદથી પરીક્ષા આપતા હોય છે તો તેવા વિદ્યાર્થીઓને બીજા વિદ્યાર્થીઓ કરતાં વધુ સમય આપવો ઘટે અને આવા વિદ્યાર્થીઓને જાતે જ પોતાનાં રાઇટર લાવવાનાં હોય છે તેના કરતાં યુનિવર્સિટીએ જ પૂરાં પાડવાં જોઈએ.

(૯) એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભામાં જે ટેબલ એજન્ડાની પ્રથા રાખવામાં આવેલ છે તે દૂર કરવી જોઈએ અને આ સભાના સભ્યોને સભાના નિયત સમય કરતાં ઓછામાં ઓછા ચોવીસ કલાક પૂર્વે એજન્ડા મળી રહે તે જાતની વ્યવસ્થા કરવી જોઈએ જેથી એજન્ડામાં રજૂ થયેલ જે તે પ્રશ્ન અંગે યોગ્ય અભ્યાસ કરી શકાય."

સદરહુ પ્રસ્તાવો અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) બીજી કેટલીક યુનિવર્સિટીઓમાં રમતગમતના ખેલાડી વિદ્યાર્થીઓને શું ભથ્થું આપવામાં આવે છે તે અંગેની માહિતી મેળવ્યા પછી આ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને માટે ભથ્થાના દરમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૨-૫-૧૯૭૩ની સભામાં ફેરફાર કરવામાં આવેલો છે તે જોતાં હાલના દરોમાં કશો ફેરફાર કરવો આવશ્યક નથી.

(૨) સદરહુ બાબત તરફ ફાઇનાન્સ કમિટીનું ધ્યાન ખેંચીને ઘટતી વિચારણા કરવા માટે તેને જણાવવું.

(૩) સદરહુ બાબત હવે પછી નિમાનાર વિદ્યાર્થીઓની ટ્યૂશન-ફી અંગેની સમિતિની વિચારણા માટે મોકલવી.

(૪) સદરહુ બાબત ઉપર બાબત નં. ૧૨ હેઠળ નિમાયેલ સમિતિની વિચારણા માટે મોકલવી.

(૫) યુનિવર્સિટીનાં સત્તામંડળો પર ચૂંટાયેલા વિદ્યાર્થી પ્રતિનિધિઓને યુનિવર્સિટી અંગેનું પોતાનું કામકાજ કરવા માટે સુવિધા પડે તે માટે તેમને બેસવા માટે એક કેબિનની જોગવાઈ કરવી.

(૬) સદરહુ બાબત વિદ્યાર્થી કલ્યાણમંડળની વિચારણા માટે મોકલવી.

(૭) સદરહુ બાબત બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવી.

(૮) સદરહુ બાબતના સંદર્ભમાં અંધ વિદ્યાર્થીઓને તેમની પરીક્ષા અંગે હાલ જે સગવડ/રાહત આપવામાં આવે છે તેની સભાગૃહને જાણ કરવામાં આવી. તે પછી ઠરાવવામાં આવ્યું કે અંધ વિદ્યાર્થીઓને માટે પરીક્ષામાં લહિયો મેળવવામાં મુશ્કેલી પડે ત્યારે તેમને યુનિવર્સિટીનાં ધારાધોરણોને આધીન લહિયો મેળવી આપવા માટે મદદ કરવા જે તે કૉલેજોના આચાર્યોને વિનંતી કરવી.

(૯) સામાન્ય રીતે તાકીદની કે કેવળ વિધિ પૂરતી જે બાબતો હોય તે સિવાયની બાબતો આ સભાગૃહમાં ટેબલ એજન્ડા તરીકે આપવી નહીં.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉ./૦૨૩૬૪૪/૧૯૭૩
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯
તા. ૧૩-૧૨-૧૯૭૩.

ક. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૯૪

બાંધકામ સમિતિની એક સભા તા. ૧૨-૧૧-૧૯૭૩ને સોમવારના રોજ બપોરના ૩-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. તેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. નવનીતલાલ સા. શેાધન	હાજર
૩. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	હાજર
૪. શ્રી. એલ. જે. ચૌહાણ	હાજર
૫. શ્રી. ડી. એન. પાઠક	ગેરહાજર
૬. શ્રી એમ. સી. શાહ	ગેરહાજર

૧. બાંધકામ સમિતિની તા. ૨૦-૯-૧૯૭૩ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૦-૯-૧૯૭૩ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી ટ્રસ્ટ ભવનના પ્લાન તથા સાઈટ પ્લાન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ટ્રસ્ટ ભવનના બાંધકામ માટે સ્થપતિ શ્રી. હસમુખ સી. પટેલ તરફથી મોકલી આપવામાં આવેલ પ્લાન તથા સાઈટ પ્લાન અને રૂ. ૫,૨૦,૦૦૦ નો બ્લૉક એસ્ટિમેટ મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. યુનિવર્સિટી "બી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સ તથા હૉસ્ટેલ "સી"—"ડી"ના રસોડાના ધાબા પર વૉટરપ્રૂફિંગ કરાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના "બી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સ તથા હૉસ્ટેલ "સી"—"ડી"ના રસોડાના ધાબા પર વૉટરપ્રૂફિંગ ટ્રીટમેન્ટ કરાવવા માટે રૂ. ૧૬,૫૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. યુનિવર્સિટીના "બી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સની આસપાસ કાંટાવાળી તારની વાડ (વાયર ફેન્સિંગ) કરવાના કામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે "બી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સની આસપાસ કાંટાવાળી તારની વાડ (વાયર ફેન્સિંગ) કરવાના કામ માટે આવેલાં ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર પાર્ટી બચુભાઈ એમ. શાહનું રૂ. ૧૨,૬૩૦નું ટેન્ડર મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે અધ્યક્ષના ત્રણ બંગલાની આસપાસ સંયુકત તારની વાડ આ કૉન્ટ્રાક્ટરના ભાવથી કરાવી લેવાનું મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. યુનિવર્સિટીની લૉંડીઝ હૉસ્ટેલના બાંધકામમાં નીચેની આઈટમમાં જથ્થામાં વધારો થાય છે, પરંતુ કુલ ખર્ચમાં વધારો થતો નથી. આથી આ અંગે વિચારણા કરવા બાબત :

આઈટમ નં.	આઈટમ	ટેન્ડર પ્રમાણે જથ્થો	થયેલ કામ પ્રમાણે જથ્થો
૩૭ સી	૧" પાઈપ લાઈન	૧૫૦ ફૂ.ટ	૭૦૦ ફૂ.ટ

યુનિવર્સિટીની લૉંડીઝ હૉસ્ટેલના બાંધકામમાં નીચેની આઈટમના જથ્થામાં વધારો થાય છે, પરંતુ કુલ ખર્ચમાં વધારો થતો ન હોઈ તેને બહાલી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

ટેન્ડર આઈટમ નં.	આઈટમ	ટેન્ડર પ્રમાણે જથ્થો	થયેલ કામ પ્રમાણે જથ્થો
૩૭ સી	૧" પાઈપ લાઈન	૧૫૦ ફૂ.ટ	૭૦૦ ફૂ.ટ

૬. અધ્યાપક નિવાસ (લેકચરર્સ કવાર્ટર્સ તથા રીડર્સ કવાર્ટર્સ તથા ટીચર્સ હૉસ્ટેલ)ના ભોંયતળિયાના વરંડામાં જાળી નાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૭. લેકચરર્સ કવાર્ટર્સમાં ડ્રૉઈંગ રૂમમાં રેફ્રિજરેટર રાખવા માટે ગેપ રાખેલ છે તેમાં કબાટની માગણી મુજબ ૧૨ નંગ કબાટ કરી આપવા માટે રૂ. ૭,૪૮૦ના અંદાજ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૮. જૂના વડોદરા રાજ્યના વિદ્યાર્થીઓ માટે ત્યાંના સર સયાજીરાવ ડાયમન્ડ જ્યુબિલી ટ્રસ્ટ તરફથી વિદ્યાર્થીઓનાં છાત્રાલય બાંધવા માટે ૨૦,૦૦૦ ચો. ફૂ.ટ જમીનની માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકિઝકયુટિવ કાઉન્સિલની સભા સમક્ષ મૂકવી.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. મિસ્ત્રી
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૯૫

O: 152 :

Whenever a member of the University Court or any other Authority or Committee of the University other than (*i*) the Vice-Chancellor, (*ii*) a delegate appointed by the University, or (*iii*) an employee of the University has to travel to attend a meeting or meetings called by the Registrar or for transaction of any business connected with the University, he will be paid in accordance with the following rules :

(1) If a person signs a declaration to the effect that he travelled by 1st class by rail or by his own motor car when a rail route is available, he will be paid a single 1st class fare each way, provided that, if a person travels by a car not actually owned by him, he will be paid bus fare or luxury bus fare, if any, whichever is higher and whichever is available.

(2) If a person signs a declaration that he travelled by Second Class each way, he will be paid a single Second Class railway fare each way. If he travels by Third Class, he will be paid actual fare of the Third Class.

(3) If a person travels by Steamer, he shall be paid the actual fare each way.

(4) If a person travels by Air, he will be paid the actual fare each way, provided the Vice-Chancellor's sanction is obtained.

(5) If a person travels by public bus/luxury bus, he will be paid the actual fare each way.

(6) If a person travels by a scooter or a motor cycle actually owned by him, he will be paid @ 00-15 paise per kilometre or the 1st class railway fare, whichever is less.

(7) If a person travels by a public taxi when a rail route is available, he will be paid the actual taxi fare or the 1st class railway fare, whichever is less, provided that he furnishes a voucher for actual payment made by him together with the taxi number specifically quoted. If two or more persons travel by a public taxi, only one person who has hired it, will be paid actual taxi fare or the 1st class railway fare whichever is less, provided he furnishes a voucher for actual payment made with the taxi number quoted.

(8) If there is no steamer, rail, bus or air-communication for a part or for the whole of the journey and it has to be performed by private car, the road journey will be paid for at 35 paise per km. but if two or more such members travel in the same car, only one member will be entitled to the travelling allowance.

(9) If the railway station is at a distance exceeding 8 km. from the registered address of a member he will be paid for the journey from his registered address to the railway station and back in the manner prescribed in rules 5 and 7 above.

(10) Whenever the same person has to attend a meeting or meetings on consecutive days, travelling allowance for only one journey (both ways) shall be payable.

(11) When concessional fares are available, actual cost of travelling will be paid at the concessional rates, irrespective of whether the claimant has availed himself of the concession.

(12) In all cases, travelling allowance is to be calculated by the shortest possible route.

(13) Whenever a person has claimed travelling allowance for any part of journey from any public authority, this part shall be excluded from the total distance.

(14) In all cases, travelling allowance is to be calculated from the registered address of the person to the actual place of duty.

(15) In addition to the travelling allowance, the member other than those travelling by air, will be paid incidental charges at the rate of 3 paise per km., subject to a minimum of Rs.5/- and a maximum of Rs. 12–50 p. per journey each way.

(16) Whenever a member has travelled by Second Class or by a class higher than Second Class or by Air, he will be required to give the following information for each trip in addition to usual declaration :

Particulars of Journey :

From.....to..... .:

Train/Place, by which travelled :

Time and Date of Travel :

Ticket No.

Date of issue of Ticket :

Class by which travelled :

or

A certificate from the Railway/Air authorities to that effect (with effect from 1–8–1973).

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની ડિસેમ્બર માસની સભા, શનિવાર, તા. ૧૫-૧૨-૧૯૭૩ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૫-૧૨-૧૯૭૩
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	શ્રી. પ્રફુલ્લચંદ્ર ચંદુલાલ શાહ	હાજર
૪.	શ્રી. મનીષી ડાકોરલાલ જાની	હાજર
૫.	ડૉ. જ્યોતીન્દ્ર લક્ષ્મીશંકર ભટ્ટ	હાજર
૬.	પ્રા. અનંતરાય મણિશંકર રાવળ	ગેરહાજર
૭.	પ્રા. ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	ગેરહાજર
૮.	આચાર્ય દર્શનસિંધ મુસ્તાકસિંધ શીખ	હાજર
*૯.	આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	----------
૧૦.	આચાર્ય ડૉ. હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ	હાજર
૧૧.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૨.	શ્રી. મનુભાઈ દેવશંકર પંચોલી	હાજર
૧૩.	શ્રી. ગુલાબભાઈ રતનજી દેસાઈ	હાજર
*૧૪.	ડૉ. જશવંતલાલ નાનાલાલ પટેલ	----------
૧૫.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ	હાજર
૧૬.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ	હાજર
૧૭.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

* ગુજરાત રાજ્યની વડી અદાલતના મનાઈહુકમ અન્વયે આ સભ્યો યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્યો તરીકે કામ કરી શકયા નથી.

૧. તા. ૧૬–૧૧–૧૯૭૩ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૬–૧૧–૧૯૭૩ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) મનોવિજ્ઞાન વિદ્યાભવનના રીડર શ્રી. સી. ટી. ભોપટકરને ગવર્નમેન્ટ એપ્રેન્ટીસ ટ્રેનિંગ પ્રોગ્રામ હેઠળ ૬ વ્યાખ્યાનો આપવા તથા વ્યાખ્યાન દીઠ રૂ. ૧૫નો પુરસ્કાર સ્વીકારવા અંગેની પરવાનગી આપ્યાના;

(૨) મનોવિજ્ઞાન ભવનનાં રીડર ડૉ. ચંપાબહેન ભટ્ટને નીચેની કામગીરી સ્વીકારવા તથા તે અંગેનું માનદ વેતન સ્વીકારવાની મંજૂરી આપ્યાના :

(*a*) Workshop on evaluation in Teacher Edu. conducting at the Gujarat Vidyapeeth by the NCERT and the Gujarat State Tech. Edu. Board to work as resource person for five days Rs. 15/- per day.

(*b*) Apprenticeship training course—Government of Polytechnics, Ahmedabad four lectures at the rate of Rs. 15/- per lecture.

(*c*) M.Ed. Students, Gujarat Vidyapeeth, Ahmedabad–2 lectures, Rs. 25/- per lecture.

(૩) યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના વ્યાખ્યાતા શ્રી. જે. જે. શુકલને કૉલેજ ઑફ નર્સિંગમાં વ્યાખ્યાનો આપવા તથા તે અંગેનો અંદાજી રૂ. ૬૦૦નો પુરસ્કાર સ્વીકારવાની મંજૂરી આપ્યાના;

(૪) આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદમાં સ્થાપવામાં આવેલા રસાયણવિજ્ઞાનના અનુ-સ્નાતક કેન્દ્રમાં એમ એસસી. પાર્ટ ૧ના વર્ગમાં ૨૦ વિદ્યાર્થીઓની નિયત સંખ્યાને બદલે આચાર્યશ્રીએ ચાલુ શૈક્ષણિક વર્ષે ૨૪ વિદ્યાર્થીઓને આપેલા પ્રવેશને ખાસ કેસ તરીકે માન્ય રાખ્યાના;

(૫) કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચના આશ્રયે ૧૭થી ૨૦ ડિસેંબર ૧૯૭૩ દરમિયાન ન્યૂરોલોજિકલ સોસાયટી ઑફ ઇન્ડિયાના ૨૩મા વાર્ષિક અધિવેશનમાં યુનિવર્સિટીએ સહપુરસ્કર્તા થવાનું સ્વીકાર્યાના;

(૬) જે વિદ્યાર્થીઓનાં પરિણામ ઑ. ૧૨૭ હેઠળ માર્ચ ૧૯૭૩ની ફર્સ્ટ બી.કૉમ. પરીક્ષામાં અનામત રાખવામાં આવ્યાં હતાં તે વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીઓ એક કે બે વિષયમાં નાપાસ થતા હોવાને કારણે ઑકટોબર ૧૯૭૩માં લેવાયેલ ફર્સ્ટ બી.કૉમ.ની એ.ટી.કે.ટી.ની પરીક્ષામાં બેઠા હતા તેમનો પરીક્ષા-પ્રવેશ મંજૂર કર્યાના;

[**નોંધ.**—ઑકટોબર ૧૯૭૩માં લેવાયેલ પરીક્ષામાં વિદ્યાર્થીઓનાં પરિણામ અગાઉ એ.ટી.કે.ટી.માં જાહેર કરવામાં આવેલાં તેઓને જ પ્રવેશપાત્ર ગણવામાં આવ્યા હતા.]

(૭) ગુજરાત વિમેન્સ હૉકી ઍન્ડ ફલ્યરલ ઍસોસિયેશન, અમદાવાદને તા. પથી ૯ ડિસેંબર સુધી યુનિવર્સિટી એન.આર.એસ. પોલને ફક્ત વીજળી વપરાશ માટેના ચાર્જીસ લઈને વિનામૂલ્યે ઉપયોગ કરવા માટે પરવાનગી આપ્યાના;

(૮) બાલાસિનોર ખાતે દિવાળીની રજાઓમાં અધ્યાપકો માટે યોજાયેલ યુવક નેતૃત્વ તાલીમ શિબિરના ઉદ્‌ઘાટન પ્રસંગે મુખ્ય મહેમાન શ્રી. પી. સી. વૈદ્ય તથા તાલીમ અંગેનું વ્યાખ્યાન આપવા અંગે વડોદરા જિલ્લાના કલેકટર શ્રી. કુલીનચંદ્ર યાજ્ઞિક પોતાની મોટરમાં આવેલ તેમને મુસાફરી ભથ્થું કિલોમીટરે રૂ. ૦-૩૫ પૈસા લેખે આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૩. Award of Scholarships for Post-graduate Studies in Sanskrit and Persian અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને નીચે જણાવેલ ત્રણ વિદ્યાર્થીઓને, તેમનાં નામ સામે જણાવેલ અનુદાનની રકમ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત :

	યુ.ગ્રા.ક.ના પત્ર નં. અને તારીખ	વર્ષ	વિદ્યાર્થીનું નામ	વિષય	મંજૂર થયેલ રકમ
૧.	નં. એફ. ૧૪-૩-'૭૩ (એસએફ-આઈ) તા. ૧૩-૧૧-'૭૩	૧૯૭૩-૭૪	કુ. સાવન ભારતી તારણદાસ	સંસ્કૃત	રૂ. ૧,૮૦૦
૨.	નં. એફ. ૧૪-૩-'૭૩ (ત્રણ એફ-આઈ) તા. ૧૩-૧૧-'૭૩	,,	શ્રી. ભાસ્કર યોગેન્દ્ર મહેતા	,,	રૂ. ૧,૮૦૦
૩.	નં. એફ. ૧૩-૨૧-'૭૩ (એસએફ-આઈ) તા. ૧૩-૧૧-'૭૩	,,	કુ. ચુંદરીગર એ.	પર્શિયન	રૂ. ૧,૮૦૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૪. યુનિવર્સિટી કાર્યાલયમાં કોચ તરીકે કામ કરતાં કુ. કલ્પના એચ. મજમુદારનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૧૯-૧-૧૯૭૪ના રોજ પૂરો થયો હોઈ તેમને તા. ૨૦-૧-૧૯૭૪થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫. વિજ્ઞાન વિદ્યાભવનમાં જુનિયર કલાર્ક તરીકે સેવાઓ આપતાં (૧) શ્રીમતી આશાબહેન જે. છાયા તથા (૨) પ્લાન્ટ કલેકટર શ્રી. આર. બી. સાઠીવાલાને તેઓના રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩-ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો અનુક્રમે તા. ૧-૧૨-૧૯૭૩થી અને તા. ૧-૧૦-૧૯૭૩થી કાર્યક્ષમતા અંતરાય (એફિશિયન્સી બાર) ઓળંગવા અંગેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બેઉ સભ્યોને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછી અનુક્રમે તા. ૧-૧૨-'૭૩ અને તા ૧-૧૦-'૭૩થી કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૬. સમાજવિદ્યા ભવનમાં સફાઈ કામદાર તરીકે કામ કરતા શ્રી. ફૂલાભાઈ એમ. પરમારને સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે મકાન મરામતની રૂ. ૨,૩૦૦ની લોન આપવા અંગેની તેઓની તા. ૧૩-૧૧-૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓના પ્રોવિડંટ ફંડ ખાતે તા. ૩૧-૩-૧૯૭૩ સુધી રૂ. ૨,૩૯૩-૩૪ પૈસાની રકમ જમા છે. તેમાંથી તેઓની પ્રોવિડંટ ફંડની રૂ. ૬૬૦ તથા તે પર જે વ્યાજ થાય તે કાપવાના રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સફાઈ કામદાર શ્રી. ફૂલાભાઈ એમ. પરમારને સ્ટે. ૧૮૮(૨) હેઠળ તેમના મકાનના મરામત માટે તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ રૂ. ૨,૩૦૦ (અંકે રૂપિયા બે હજાર ત્રણસો પૂરા)ની લોન મંજૂર કરવી.

૭. સમાજવિદ્યા ભવનના અર્થશાસ્ત્રના રીડર તરીકે કામ કરતા શ્રી. એમ. એસ. ત્રિવેદી તા. ૧૪-૬-૧૯૭૩થી રાજીનામું આપી છૂટા થયા હોઈ તેમને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ આપવા અંગેની તેમની તા. ૪-૧૨-૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓ તા. ૧૫-૬-૧૯૭૨થી ભવનમાં જોડાયા હતા અને તા. ૧૪-૬-૧૯૭૩થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. એસ. ત્રિવેદીને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવી.

૮. કોમ્પ્યુટર સમિતિના સભ્યપદે શ્રી. જે. જી. કૃિશ્નયયાએ ચાલુ રહેવાની અશક્તિ દર્શાવી છે તે અંગે નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર શ્રી. જે. જી. કૃિશ્નયયાની જગ્યાએ ડૉ. મોહન કોલની નિમણૂક કરવી.

૯. જૂન ૧૯૬૯થી અમલમાં આવેલી તબીબી તપાસ યોજના અનુસાર સંલગ્ન કૉલેજોનાં આરોગ્યકેન્દ્રોની તપાસ માટે સમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) ડૉ. જ્યોતીન્દ્ર એલ. ભટ્ટ
(૨) ડૉ. સી. આર. ત્રિવેદી.

૧૦. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગના રીડર-ઇન-કેમિસ્ટ્રી-(ઓર્ગેનિક)ની જગ્યા પરની વરણીસમિતિના એક સભ્ય પ્રો. આર. એચ. સહસ્રબુદ્ધેએ તેમના તા. ૧૭-૧૧-૧૯૭૩ના પત્રથી સમિતિ પર કામ કરવા અંગેની અશક્તિ દર્શાવેલ હોઈ તેમના બદલે નવા સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર પ્રો. આર. એચ. સહસ્રબુદ્ધેની જગ્યાએ ડૉ. ચતુરભાઈ એસ. પટેલની નિમણૂક કરવી.

૧૧. નોકરી કરતાં કરતાં અભ્યાસ કરી ઓટી હાજરી પુરાવ્યા બાબતની ફરિયાદ અંગેના કેસો પર વિચારણા કરી રિપોર્ટ કરવા અંગે તા. ૧૩/૧૧-૧૦-૧૯૭૧ના રોજ મળેલ એકઝિક્યુટિવ કાઉન્સિલની સભાએ નીમેલ સમિતિની રચના અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાયી સમિતિ રચવી:

(૧) આચાર્ય ધીરુભાઈ પી. ઠાકર
(૨) આચાર્ય દર્શનસિંઘ શીખ
(૩) શ્રી. પ્રફુલ્લચંદ્ર સી. શાહ.

૧૨. ડિસેમ્બર ૧૯૭૩ના છેલ્લા સપ્તાહમાં કલકત્તા મુકામે "ધી ઇન્ડિયન એકેડમી ઑફ એપ્લાઇડ સાયકોલોજી"નું ૧૨મું વાર્ષિક અધિવેશન યોજવાનું છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે એકેડેમીના મંત્રીશ્રીના તા. ૨૬-૧૦-૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એકેડેમીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી પી. એ. ત્રિવેદીને મોકલવા.

૧૩. ડિસેંબર ૨૯ અને ૩૦, ૧૯૭૩ના સમય દરમ્યાન ગુજરાત સ્ટેટિસ્ટિકલ એસોસિયેશનનું બીજું વાર્ષિક અધિવેશન જામનગર મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે એસોસિયેશનના મંત્રીશ્રીના તા. ૨૩-૧૧-૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે ડૉ. સી. જી. ખત્રી અને પ્રો. ગુલાબભાઈ દેસાઈને મોકલવા અને વિજ્ઞાન વિદ્યાભવન તરફથી ડૉ. એમ. સી. જયસ્વાલને મોકલવા.

૧૪. ડિસેમ્બર ૩૦ અને ૩૧ ૧૯૭૩ના સમય દરમ્યાન ન્યૂ દિલ્હી મુકામે "Bhagavan Mahavira and His Heritage" વિષય પર Jainological Research Society દ્વારા સેમિનાર યોજાયો છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સોસાયટીના સામાન્ય મંત્રીશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. દલસુખભાઈ માલવણિયાને, અને સંજોગવશાત્ તેઓ જઈ શકે તેમ ન હોય તો શ્રી. કુમારપાળ દેસાઈને, મોકલવા.

૧૫. ડિસેમ્બર ૧૯૭૪માં "ધી ઑલ ઇન્ડિયા મેન્યુફેક્ચરર્સ ઑર્ગેનિઝેશન, મુંબઈના ઉપક્રમે મુંબઈ મુકામે "ટેકનિકલ એજ્યુકેશન" પર આંતરરાષ્ટ્રીય સંમેલન યોજાનાર હોઈ તેમાં નીચે દર્શાવેલ રીતે ભાગ લેવા માટે સદરહુ સંસ્થાના પ્રમુખશ્રી તરફથી આવેલ તા. ૨૦-૧૧-૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત :

(*a*) By deputing delegates to the Convention. Delegation fee for head would be Rs. 250/— ;

(*b*) By sending one or two experts of your organization to read papers or give lectures on specific topics related to the main subject; and

(*c*) By contributing articles on specific topics to the Souvenir which is proposed to be brought out on this occasion.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંમેલનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૬. જાન્યુઆરી ૨૮થી ફેબ્રુઆરી ૨, ૧૯૭૪ના સમય દરમ્યાન "ધી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન", દિલ્હી મુકામે સીનિયર એકિઝકયુટિવ્સ માટે Developing Human Resources in an Organisation પર એક કાર્યક્રમ યોજનાર છે તેમાં ભાગ લેવા માટે ઇન્સ્ટિટ્યૂટના અધ્યક્ષશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) પ્રોગ્રામ ૩૦ વ્યક્તિઓ પૂરતો મર્યાદિત છે.

(૨) ફી નીચે પ્રમાણે છે :

Rs. 750/— for non-residents and actuals for room and board for those who wish to stay in our hostel. We provide moderate facilities, cost of which at present is about Rs. 20/— per day. The fees cover expenses on account of course material, mid-morning tea, lunch and afternoon tea for non-residents, and full lodging and boarding expenses for residents.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કાર્યક્રમમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૭. જાન્યુઆરી ૨૦થી ૨૩, ૧૯૭૪ના સમય દરમ્યાન એસોસિયેશન ઑફ ફિઝિશિયન્સ ઑફ ઇન્ડિયાનું અન્ય સ્પેશિયાલિસ્ટ મંડળો સાથે સંયુક્ત વાર્ષિક અધિવેશન પટણા મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે એસોસિયેશનના માનદ મંત્રીશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—નીચે દર્શાવેલ લાયકાત ધરાવનારને પ્રતિનિધિ તરીકે મોકલવા જણાવ્યું છે :

(*a*) A person who has obtained a post-graduate degree or diploma in medicine recognised by the Medical Council of India, provided that he is not engaged in general or dispensary practice;

(*b*) A person who is engaged in teaching or research in medicine or an allied subject provided that (1) he is in consulting practice only, or (2) non-practising. For purposes of this clause, pathology, pharmacology, physiology, anatomy and preventive medicine shall be deemed to be subjects allied to medicine and provided further that for the purposes of this clause, a person who is engaged in teaching shall mean, a person who is a Professor, Assistant Professor, Lecturer or Reader in a recognised Medical College or in a University Department.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. જ્યોતીન્દ્ર એલ. ભટ્ટને, અને સંજોગવશાત્ તેઓ જઈ શકે તેમ ન હોય તો, ડૉ. જે. એન. પટેલને મોકલવા.

૧૮. જાન્યુઆરી ૨૩થી ૨૫, ૧૯૭૪ના સમય દરમ્યાન ધી ઇન્ડિયન એસોસિયેશન ઑફ પ્રિવેન્ટિવ એન્ડ સોશિયલ મેડિસિન, કટક મુકામે ચોથું વાર્ષિક અધિવેશન યોજે છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—અધિવેશનમાં ચર્ચાનાર વિષય નીચે મુજબ છે :

"Post-graduate education and Training in Preventive and Social Medicine.")

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈને મોકલવા નહીં.

૧૯. એમ. એસ. યુનિવર્સિટી યુનિયન, વડોદરાના વાઈસ-ચાન્સેલર તરફથી જણાવ્યા મુજબ વડોદરા ખાતે તા. ૫ અને ૬ જાન્યુઆરી ૧૯૭૪ના રોજ યોજાનાર Conference-

cum-Symposiumમાં ભાગ લેવા આપણી યુનિવર્સિટીને સંલગ્ન કૉલેજોના વિદ્યાર્થી સંઘના વાઇસ-પ્રેસિડેન્ટ અને સેક્રેટરી મળી ૧૨ જેટલા પ્રતિનિધિઓ મોકલવા અંગે આવેલ તા. ૨૩-૧૧-૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદ અને પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે યુનિવર્સિટી કોર્ટ પરના તમામ વિદ્યાર્થી પ્રતિનિધિઓને મોકલવા.

૨૦. ગુજરાત ગણિતમંડળના દશમા અધિવેશન માટે વિજ્ઞાન વિદ્યાભવન તથા યુનિવર્સિટી કાર્યાલયના નીચેના કર્મચારીઓને વધારાની સેવાઓ આપવા માટે પુરસ્કાર સ્વીકારવા માટે પરવાનગી આપવા મંડળના મંત્રી શ્રી ડી. એસ. બસનના તા. ૩૦-૧૧-૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીઓનાં નામ	મહેનતાણાની રકમ	હાલ મળતો મૂળ પગાર
		રૂ. પૈ.	રૂ. પૈ.
૧.	શ્રી. એમ. એન. પટેલ, ક્લાર્ક	૧૫૦-૦૦	૨૩૩-૦૦
૨.	,, એસ. આર. પરમાર, સ્ટેનોગ્રાફર	૫૦-૦૦	૩૧૨-૦૦
૩.	,, વી. જે. પરમાર, પટાવાળા	૭૫-૦૦	૧૭૦-૦૦
૪.	,, ડી. જે. પરમાર, ,,	૭૫-૦૦	૧૫૮-૦૦
૫.	,, પી. એસ. ચિત્રે ,,	૭૫-૦૦	૧૦૦-૦૦
૬.	,, એન. સી. ચૌહાણ, સફાઈ કામદાર	૫૦-૦૦	૧૬૪-૦૦
૭.	,, ભગનભાઈ, યુનિ. પટાવાળા	૧૫-૦૦	૧૭૧-૦૦

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સર્વશ્રી એમ. એન. પટેલ અને એસ. આર. પરમારને ૧૯૭૩-૭૪ના વર્ષ દરમિયાનનું તેમનું યુનિવર્સિટીનાં કામકાજ સિવાયનાં બીજાં કામકાજને અંગેનું કુલ વેતન, તેમના કુલ વાર્ષિક મૂળ પગાર(basic salary)ના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને ઉપર જણાવેલાં કામકાજ માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી અને બાકીના સભ્યોને સદરહુ કામકાજ માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે હવે પછી ભવિષ્યમાં યુનિવર્સિટીના કર્મચારીઓના વધારાની કામગીરી અંગેના પુરસ્કાર અંગેની બાબત આ સભાગૃહ સમક્ષ રજૂ ન કરતાં તે અંગે ઘટતો નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની Ascorbic Acid ઉપર Monograph લખવાની યોજના હેઠળ વિજ્ઞાન વિદ્યાભવનના નીચેના કર્મચારીઓને વધારાની સેવાઓ માટે પુરસ્કાર સ્વીકારવા માટે પરવાનગી આપવા અધ્યક્ષશ્રીના તા. ૧૬-૧૧-૧૯૭૩ના

પત્ર પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીઓનાં નામ	મહેનતાણાની રકમ રૂ. પૈ.	હાલ મળતો મૂળ પગાર રૂ. પૈ.
૧.	શ્રી. એન. એ. ગઢવી	૧૫૦–૦૦	૪૮૫–૦૦
૨.	,, આર. કે. મોઢી	૧૧૦–૦૦	૩૩૩–૦૦
૩.	,, પી. એન. મહેતા	૧૫૦–૦૦	૨૫૮–૦૦
૪.	,, એન. એ. શાહ	૧૫૦–૦૦	૩૧૩–૦૦
૫.	,, એસ. બી. વાળંદ	૭૫–૦૦	૩૮૮–૦૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને ૧૯૭૩–૭૪ના વર્ષ દરમિયાનનું તેઓને યુનિવર્સિટીનાં કામકાજ સિવાયનાં બીજાં કામકાજો અંગેનું કુલ વેતન, તેમના કુલ વાર્ષિક મૂળ પગાર (basic salary)ના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને ઉપર જણાવેલ કામકાજ માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૨૨. અમદાવાદ વિભાગની સ્થાનિક રમત સમિતિના હિસાબ રાખવા અંગેની વધારાની કામગીરી કરવા તથા તે માટેનો વાર્ષિક રૂ. ૨૦૦–૦૦ પ્રમાણેનો પુરસ્કાર સ્વીકારવા માટે શ્રી. બી. કે. ઝાલાને પરવાનગી આપવા અંગે શારીરિક શિક્ષણ નિયામક, ગુજરાત યુનિવર્સિટીના તા. ૨૨–૧૧–૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. કે. ઝાલાને ૧૯૭૩–૭૪ના વર્ષ દરમિયાનનું તેમનું યુનિવર્સિટીનાં કામકાજ સિવાયનાં બીજાં કામકાજો અંગેનું કુલ વેતન, તેમના કુલ વાર્ષિક પગાર (basic salary)ના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને સદરહુ કામગીરી માટે વાર્ષિક રૂ. ૨૦૦નો પુરસ્કાર સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૨૩. રાષ્ટ્રીય સેવા યોજનાની બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાતના અધ્યાપક-ઇન-ચાર્જની બદલી અંગેના કૉલેજના આચાર્યશ્રીના તા. ૧૪–૧૧–૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(બદલાયેલા અધ્યાપક-ઇન-ચાર્જ ની વિગતો નીચે મુજબ છે :

કૉલેજનું નામ	અધ્યાપક-ઈન-ચાર્જનું નામ	બદલાયેલા અધ્યાપક-ઈન-ચાર્જનું નામ
બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત, જિ. ખેડા.	શ્રી. કે. એમ. રાવળ	શ્રી. એન. એન. વૈદ્ય)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં રાષ્ટ્રીય સેવા યોજનાના એકમના અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે શ્રી. કે. એમ. રાવળને બદલે શ્રી. એન. એન. વૈદ્યને નીમવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની કૉલેજોમાં રાષ્ટ્રીય સેવા યોજનાના એકમોના પ્રોફેસર-ઇન-ચાર્જની નિમણૂકો જરૂર પડે ત્યારે કરવા માટે હવે પછી કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૪. સિન્ડિકેટે તેની તા. ૧૩/૧૬-૧૦-૧૯૭૧ની સભામાં બાબત ક્રમાંક ૧૬ થી બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓ માટે ડી.એ. મર્જ્ડ વાળું પગારધોરણ સ્વીકારવાનું ઠરાવ્યું છે તેના સંદર્ભમાં શ્રી. જે. એમ. દવે (જુનિ. ક્લાર્ક, ગ્રંથાલય) જેઓએ નવું પગારધોરણ તા. ૧-૪-૧૯૭૧થી અગાઉ સ્વીકારેલ છે તેને બદલે તા. ૧-૭-૧૯૭૩થી રાખવા અંગેની તેઓની તા. ૨૩-૧૧-૧૯૭૩ની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જે. એમ. દવેને તા. ૧-૪-૧૯૭૧ને બદલે તા. ૧-૭-૧૯૭૩થી ડી.એ. મર્જ્ડ વાળું પગારધોરણ સ્વીકારવાનો વિકલ્પ રાખવા માટે અપવાદ તરીકે મંજૂરી આપવી.

૨૫. ગુજરાત યુનિવર્સિટીમાં કૉમ્પ્યુટર સેન્ટરનું મકાન બાંધવા માટે રોલવાલા ગ્રુપ એન્ટરપ્રાઇઝના શ્રી. સુરેન્દ્રભાઈ કે. શાહ અને શ્રી. અશોકભાઈ કે. શાહ તરફથી રૂ. ૩,૦૦,૦૦૦ (ત્રણ લાખ)નું પ્રદાન સ્વીકારવા બાબતમાં તેમના તા. ૩૦-૧૧-૧૯૭૩ના પત્રથી આવેલ દરખાસ્ત અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો, દાતાના તા. ૩૦-૧૧-૧૯૭૩ના પત્ર અનુસાર, સાભાર સ્વીકાર કરવો.

૨૬. ચાલુ વર્ષે ૧૯૭૩-૭૪માં "વિજ્ઞાન વિદ્યાભવન--જાહેરખબર ખર્ચ"ના મથાળે રૂ. ૪,૦૦૦ની અંદાજી જોગવાઈ છે તે વધારીને કુલ રૂ. ૧૫,૦૦૦ની જોગવાઈ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ ૧૯૭૩-૭૪ના અંદાજપત્રમાં વિજ્ઞાન વિદ્યાભવન ખાતે જાહેરખબર ખર્ચના મથાળે રૂ. ૪,૦૦૦ની અંદાજી ખર્ચની જોગવાઈ છે તે વધારીને કુલ રૂ. ૧૫,૦૦૦ની જોગવાઈ મંજૂર કરવી.

૨૭. સને ૧૯૭૪ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી કાર્યાલયમાં પાળવાની રજાઓ નિયત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૪ના વર્ષ દરમિયાન યુનિવર્સિટીના કાર્યાલયમાં પાળવાની રજાઓની યાદી મંજૂર કરવી.

(નોંધ.—૧૯૭૪ના વર્ષ દરમ્યાન વધુ બે રજાઓ યુનિવર્સિટી કાર્યાલય માટે જાહેર કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.)

(મંજૂર કરવામાં આવેલ રજાઓની યાદીની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૨૮. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના હોદ્દેદારોને રાજ્ય સરકારની જેમ પ્રાસંગિક રજા આપવા અંગેના સંઘના મંત્રીના તા. ૨૧-૧૧-૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ માંગણી મંજૂર થઈ શકે તેમ નથી તેવું સદિલગીરી જણાવવું.

૨૯. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬–૧૧–૧૯૭૩ની સભામાં માર્ચ–એપ્રિલ ૧૯૭૪માં લેવાનાર પરીક્ષાઓ માટે કેન્દ્રો નક્કી કરવા અંગે નીમેલી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૬/૨૭–૧૧–૧૯૭૩ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૩૦. વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગરમાં અર્થશાસ્ત્રના વિષયના શિક્ષણકાર્ય માટે લાયકાત ધરાવતા પૂર્ણ સમયના પ્રાધ્યાપક મળી શકયા નહીં હોવાથી ચાલુ સત્ર પૂરતું સદરહુ વિષયનું શિક્ષણકાર્ય મુલાકાતી પ્રાધ્યાપક દ્વારા ચલાવવાની પરવાનગી માટે કૉલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૧૦–૧૧–૧૯૭૩ના પત્રથી કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની અર્થશાસ્ત્રના વિષય માટે ચાલુ વર્ષ પૂરતી મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા ખાસ રાખવી અને સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૪ સુધીમાં યોગ્ય લાયકાત ધરાવતા પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવશે નહીં તો અર્થશાસ્ત્રના ખાસ વિદ્યાર્થીઓને તેઓ પ્રવેશ આપી શકશે નહીં.

૩૧. યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ એન્ડ કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢ-બારિયામાં ચાલુ વર્ષે એકાઉન્ટન્સી વિષયના શિક્ષણકાર્ય માટે યોગ્ય લાયકાત ધરાવતા પૂર્ણ સમયના પ્રાધ્યાપકની નિમણૂક થઈ શકી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) કૉલેજે એકાઉન્ટન્સી વિષયના લાયકાત ધરાવતા પ્રાધ્યાપક મેળવવા અંગે વારંવાર પ્રયત્નો કરવા છતાં તે મળી શકયા નથી તેમ જણાવ્યું છે.

(૨) કૉલેજના એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા શ્રી. પી. જે. દાણાવાળાને પ્રાધ્યાપક થવા માટે જોઈતો એક વર્ષનો વ્યાખ્યાતા તરીકેનો અનુભવ ક્ષમ્ય કરવા અથવા મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા માટે મંજૂરી આપવા કૉલેજે જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક તરીકે શ્રી. પી. જે. દાણાવાળાની નિમણૂક અપવાદ તરીકે ખાસ રાખવી.

૩૨. સૈનિકો અને માજી સૈનિકોનાં બાળકો માટે યુનિવર્સિટી હસ્તકની હૉસ્ટેલોમાં ૧ ટકા બેઠકો અનામત રાખવા અંગેના રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર વિભાગના પત્રાંક જી.સી.એ. ૧૩૭૩–૯૩૦૬૩–૧–ખ, તા. ૧૫–૧૧–૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીનાં છાત્રાલયોમાં ભારતીય સૈનિકો અને માજી સૈનિકોનાં બાળકો માટે જરૂરી સગવડ થઈ શકે તેમ હોઈ તેમને માટે અનામત બેઠકો રાખવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

૩૩. સને ૧૯૭૧-૭૨ના વર્ષ માટે સમાજવિજ્ઞાન વિદ્યાશાખા માટેનો "આચાર્યશ્રી એમ. સી. દેસાઈ સુવર્ણચંદ્રક" એનાયત કરવા અંગે નિષ્ણાત સમિતિના સભ્યોના આવેલ અભિપ્રાયો પરત્વે વિચારણા કરીને જરૂરી નિર્ણય કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુવર્ણચન્દ્રક માટે તા. ૩૧-૩-૧૯૭૪ સુધીમાં નવેસરથી અરજીઓ મંગાવીને તે અંગેની કાર્યવાહી ફરીથી કરવી અને તે વખતે અગાઉ મંગાવેલી અરજીઓ પર પણ વિચારણા કરવાનું રાખવું.

૩૪. ગુજરાત યુનિવર્સિટીની એમ.એ.ની અનુસ્નાતક પદવી પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈ મુખ્ય વિષય સંસ્કૃતમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષે "સારસ્વત સાર્વભૌમ પંડિતરાજ સ્વામીશ્રી ભગવદાચાર્યજી મહારાજ સુવર્ણચંદ્રક" એનાયત કરી શકાય તે માટે રૂ. ૭,૫૦૦નું પ્રદાન સ્વીકારવા માટે શ્રી. જલારામ સ્ટીલ સ્ટોર્સ લોખંડવાલા, અમદાવાદના શ્રી. સી. બી. ઠાકર તરફથી આવેલ દરખાસ્ત અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૩૫. હરિ:ૐ આશ્રમના પૂજ્ય મોટા તરફથી મળેલા સંશોધન એવોર્ડોની બાબતમાં ધોરણો અંગેના નિયમો ઘડવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી ;

(૧) કુલપતિશ્રી, અધ્યક્ષ
(૨) શ્રી. પી. સી, મહેતા
(૩) પ્રો. જે. જે. ચિનોય
(૪) ડૉ. આર. સી. સોનપાલ

૩૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલ મકાનોના બાંધકામ અંગેની યોજનાઓ હેઠળ "પ્લિન્થ લેવલ" સુધી થયેલ બાંધકામ નહીં કરવા માટે કામચલાઉ પ્રતિબંધ મૂકયો હતો તે હવે હળવો કરવા અંગેના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧૫-૧૧-૧૯૭૩ના પત્ર ક્રમાંક એફ. ૧-૯૭-૭૩ સી. ડી. અંગે નોંધ લેવા તથા તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને આ અગાઉ મંજૂર કરેલ અનુક્રમે (૧) વિદ્યાર્થીઓ, અને (૨) વિદ્યાર્થિનીઓ માટેનાં છાત્રાલયો, તથા (૩) ચોથા વર્ગના કર્મચારીઓના નિવાસ બાંધવાની કાર્યવાહી હાથ ધરવી.

૩૭. યુનિવર્સિટી કેમ્પસમાં બેંક, પોસ્ટઓફિસ વગેરે માટે મકાન બાંધવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી વાટાઘાટો કરવા માટે કુલપતિશ્રી તથા ડૉ. બિહારીભાઈની સમિતિને સત્તા આપવી.

૩૮. યુનિવર્સિટીની પ્રથમ પદવીની પ્રાપ્તિની પૂર્વશરતરૂપે ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાના મંત્રીશ્રીએ તેમના તા. ૧૮-૧૦-૧૯૭૩ના પત્રાંક ઇ.વી.૭(૮૦)-

૭૩–૨૧૮૩૯–૨૧૯૨૩ના રાષ્ટ્રીય સેવાને કૉલેજોમાં ફરજિયાત રીતે દાખલ કરવા અંગે આ યુનિવર્સિટીનો અભિપ્રાય માંગ્યો હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાષ્ટ્રીય સેવાને આ યુનિવર્સિટીની કૉલેજોમાં ફરજિયાત કરવાની તરફેણમાં આ સભાગૃહ નથી એવો અભિપ્રાય ઈન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાને લખી જણાવવો.

૩૯. સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૧૫–૯–૧૯૭૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીના જે કર્મચારીઓને પરીક્ષાની મોસમમાં જેનો કુલ સમયગાળો વર્ષમાં લગભગ છ મહિના જેટલો થવા જાય છે તેમાં દરરોજ એક કલાક વધુ રોકવામાં આવે તે સિવાયના કર્મચારીઓને "વધુ કામ ભથ્થું" (જે માસિક પગારના ૧૦ કે ૧૨½ ટકા જેટલું છે તે) આપી શકાય નહીં એ સિદ્ધાંત આ સમિતિ સ્વીકારે છે. જુદા જુદા વિભાગો/ભવનોમાં યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓનાં કામકાજની પરિસ્થિતિ સમગ્ર રીતે જોઈ-તપાસીને આ પ્રશ્ન અંગે વિચાર કરવાની જરૂર આ સમિતિને જણાય છે અને તેથી આ બાબત અંગે પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે એક ખાસ સમિતિની રચના કરવામાં આવે તેવી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) આચાર્ય એમ. સી. શાહ
(૨) આચાર્ય દર્શનસિંઘ શીખ
(૩) પ્રો. ગુલાબભાઈ દેસાઈ.

૪૦ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૧–૯–૧૯૭૧ના પત્રાંક એફ. ૩૩–૩૪–૬૫–સી.ડી/પી.ટી.થી કૉલેજો/સંસ્થાઓ માટે ૧૯૫૬ના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના કાયદાની પેટાકલમ ૨(એફ) હેઠળની યાદીમાં આવતી તમામ સંલગ્ન કૉલેજોએ તા. ૧–૯–૧૯૭૪ સુધીમાં નીચે મુજબ કરવાનું ફરજિયાત કહેલું છે, તેના સંદર્ભમાં શ્રી પાલનપુર જૈન શિશુશાળા, બાલમંદિર અને એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી. ડી. ડી. ચોકસી કૉલેજ ઑફ એજ્યુકેશનનું ટ્રસ્ટ રચવામાં આવ્યું છે તેમ જણાવતા મજકૂર ટ્રસ્ટના ઑનરરી સેક્રેટરીશ્રીના તા. ૧૭–૧૧–૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

શ્રી પાલનપુર જૈન શિશુશાળા, બાલમંદિર અને એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કૉલેજ	કૉલેજના નવા ટ્રસ્ટનું નામ
૧. શ્રી. ડી. ડી. ચોકસી કૉલેજ ઑફ એજ્યુકેશન.	પાલનપુર સોસાયટી ફોર ટીચર્સ એજ્યુકેશન.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત આ સભાગૃહે તેની તા. ૧૬–૧૧–૧૯૭૩ની સભામાં બાબત નં. ૧૦૪થી નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે આ પ્રકારની બાબતો હવે પછી ઉપર નં. (૧)માં જણાવેલ સમિતિનો અભિપ્રાય મેળવીને જ આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૪૧. અમદાવાદમાં તથા ગુજરાતનાં અન્ય સ્થળોમાં ગયા સપ્ટેમ્બર-ઑક્ટોબરમાં થયેલ અતિવૃષ્ટિ તથા રેલસંકટના કારણે જે વિદ્યાર્થીઓ ઑક્ટોબર ૧૯૭૩માં લેવાયેલ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં બેસી શક્યા નથી તે વિદ્યાર્થીઓની પૂરેપૂરી પરીક્ષા-ફી પરત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે અતિવૃષ્ટિ અને રેલસંકટને કારણે જે વિદ્યાર્થીઓ ઑક્ટોબર ૧૯૭૩ની યુનિવર્સિટીની પરીક્ષામાં બેસી શક્યા નથી તેમના કેસોમાં જરૂરી ખાતરી કરીને તેમની પરીક્ષા ફી અપવાદ તરીકે પરત કરવાનું રાખવું અને તે અંગે જરૂરી નિર્ણય લેવા માટે શ્રી. કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સને સત્તા આપવી.

૪૨. એસ.એન.ડી.ટી. યુનિ.ની પ્રી-યુનિ. વિનયન અને ફર્સ્ટ બી.એ.ની પરીક્ષામાં ઉપલા ધોરણના વર્ગ ભરવા મળેલ પરવાનગીના આધારે આ યુનિવર્સિટીમાં જોડાયેલ વિદ્યાર્થિનીઓની બાકીના વિષયની વધુ એક પરીક્ષા એસ.એન.ડી.ટી.ના અભ્યાસક્રમ મુજબ માર્ચ-એપ્રિલ ૧૯૭૪માં લેવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ પરીક્ષાઓ ઑક્ટોબર ૧૯૭૩માં પ્રથમ વાર લેવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત પરીક્ષાઓ માર્ચ-એપ્રિલ ૧૯૭૪માં ખાસ કેસ તરીકે લેવી.

૪૩. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૪થી (૧) ડિપ્લોમા ઇન મેડિકલ ઍન્ડ સોશિયલ સાયકોલોજી (ડી.એમ. ઍન્ડ એસ.પી.) અને (૨) બી.એસસી. ઇન ઑડિયોલોજી ઍન્ડ સ્પીચ થેરાપી (બી.એસસી.-ઑ.એસ.પી.)ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ માન્યતા આપવા માટે આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ઑ. ૧૨૦-સી અન્વયે અરજી મોકલવાની છેલ્લી તારીખ ૧–૮–૧૯૭૩ હતી, જ્યારે અરજી યુનિ. કાર્યાલયને તા. ૧૫–૧૦–૧૯૭૩ના રોજ મળી છે; પરંતુ ઑર્ડિ.માં આપેલ જોગવાઈ મુજબ એકિઝકયુટિવ કાઉન્સિલ મોડી આવેલી અરજી પર વિચારણા કરી શકે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

(૧) ડૉ. જ્યોતીન્દ્ર એલ. ભટ્ટ,
(૨) ડૉ. સી. ટી. ભોપટકર.

૪૪. શાહ કે. એસ. આર્ટ્સ ઍન્ડ વી. એમ. પારેખ કોમર્સ કૉલેજ, કપડવંજે બી.એ. (સબો.)માં હિન્દી અને પર્શિયન વિષયનું શિક્ષણકાર્ય ઑ. ૧૨૦–એફ અન્વયે યુનિવર્સિટીની પૂર્વમંજૂરી સિવાય બંધ કરેલું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આચાર્યશ્રી તેમના તા. ૧૯–૧૧–૧૯૭૩ના પત્રમાં "વિષય બંધ કરવા અંગેની કાર્યવાહી અમે કરી છે. (ઑ. ૧૨૦–એ અન્વયે) અમારે યુનિવર્સિટીને જાણ કરવાનો ઉલ્લેખ છે. પૂર્વમંજૂરી લેવી જોઇએ તેવો કોઈ ઉલ્લેખ નથી" એમ જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવી.

૪૫. યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭/૨૮-૩-૧૯૭૩ની વાર્ષિક સભામાં પસાર થયેલા સુધારેલા સ્ટે. ૧૮૮ ને કુલાધિપતિશ્રીની અનુમતિ માટે મોકલતાં તેઓશ્રીએ તેમના સચિવશ્રીના તા. ૧૩-૧૧-૧૯૭૩ના પત્રાંક જી.એસ. ૧૧-૧૪૬૮૦-૭૩થી સદરહુ સ્ટે. ૧૮૮ને યુનિવર્સિટી કોર્ટની પુનર્વિચારણા માટે મોકલવા સૂચવ્યું છે તો તે પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—સદરહુ પત્રમાં નીચે પ્રમાણે જણાવ્યું છે :

I am directed to state that temporary advance granted from G.P.F./ Contributory Provident Fund is recovered in 24 instalments and in 36 instalments in exceptional cases in cases of State Government Employees. The Chancellor/Governor desires that the same procedure may be followed in respect of recovery of temporary advance granted to the employees of the Gujarat University. The Chancellor is, therefore, pleased to refer back said amended Statute 188 (1) to the Gujarat University for reconsideration with a view to adopt the same procedure as being followed in respect of Government employees. I am therefore to request you to place the matter before the Court of the Gujarat University for its reconsideration as advised by the Chancellor and to send the said Statute so revised for his assent.]

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૮૮ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી :

St. 188 : Loans to Subscribers :

"Advances from the Fund may be granted to the subscribers as under :

(*i*) In case of illness of a subscriber or any member of his family or for any other reason deemed fit by the Vice-Chancellor, advance to the extent of his own subscription may be granted to the subscriber at the discretion of the Vice-Chancellor. Such advance shall be repaid in such number of monthly instalments which should not generally exceed 24, and in no case exceed 36, and at such rate of interest as may be fixed by the Executive Council from time to time.

(*ii*) A subscriber who has completed at least twelve years of service in the employment of the University may be granted an advance by

the Syndicate in its discretion for constructing or purchasing a house or carrying out the repairs of his house to the extent of his own subscription plus the contribution of the University credited to his Provident Fund Account as on 31st March immediately preceding his application. Such advance shall be repaid in monthly instalments not exceeding 120 and at such rate of interest as may be fixed by the Syndicate from time to time.

(*iii*) Such advances shall be recovered by deductions from the salary paid by the University to the subscriber. The first of such deductions shall be made from the first payment of a full month's salary after the subscriber has drawn the advance. The amount of such instalments shall be fixed in round numbers and the last instalment shall cover the entire balance then to be refunded by the subscriber provided that the subscriber may, at his option, pay an additional sum over and above the amount of the instalment fixed in round figures."

૪૬. વિજ્ઞાન અને યંત્રવિદ્યાના સર્વગ્રાહી જ્ઞાનકોશ માટે નીચેની બાબતો અંગે વિચારણા કરવા બાબત :

(૧) વિષયવાર ગ્રંથોની જવાબદારી આપવા અંગે યોગ્ય વ્યક્તિઓ નીમવા અંગે અને તેઓ જે અધિકરણો નક્કી કરી આવે તેને જોઈ-તપાસીને તેને આખરી રૂપ આપવા માટે સંપાદકો નીમવા બાબત;

(૨) પસંદ થયેલ અધિકરણ માટે પુરસ્કારનું ધોરણ નિયત કરવા બાબત;

(૩) સંપાદકોને પરામર્શન પેટે પુરસ્કારનું ધોરણ નિયત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે —

(૧) સદરહુ જ્ઞાનકોશનાં કામકાજ માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાયી સમિતિની રચના કરવી :

(૧) કુલપતિશ્રી
(૨) ડૉ. જે. જે. ચિનોય
(૩) ડૉ. એમ. એન. દેસાઈ
(૪) શ્રી. ગિરીશચંદ્ર દેસાઈ
(૫) ડૉ. કે. એ. શાહ
(૬) પ્રો. અનંતરાય રાવળ;

(૨) સદરહુ જ્ઞાનકોશના સંપાદનકાર્ય માટે નીચે મુજબના પુરસ્કારનું ધોરણ રાખવું :
અધિકરણો માટે ૧૦૦૦ શબ્દ દીઠ રૂ. ૪૦; અને

(૩) ઉપર નં. (૨)માં તૈયાર કરેલ અધિકરણોના પરામર્શન માટે પરામર્શક/સંપાદકને ૧૦૦૦ શબ્દ દીઠ રૂ. ૮-૦૦ આપવા.

૪૭. પ્રો. ડી. બી. મહેતાએ ખોટી માહિતી રજૂ કરીને માન્યતા મેળવી, વર્ષ ૧૯૭૨-૭૩ દરમિયાન સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજમાં સ્થાપવામાં આવેલ અનુસ્નાતક કેન્દ્રમાં વ્યાખ્યાનો આપેલાં તેના મહેનતાણાના રૂ. ૧૨૦ તેમ જ મુસાફરી અને દૈનિક ભથ્થાની રકમના રૂ. ૨૮૩-૨૦ આપવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૩-૧૦-૧૯૭૩ની સભાએ શ્રી. મહેતાની માન્યતા ચાલુ રાખી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે એક્ઝિકયુટિવ કાઉન્સિલ આ અંગે સખત નાપસંદગી જાહેર કરે છે અને પ્રો. ડી. બી. મહેતાને ૧૯૭૨-૭૩ના વર્ષ દરમિયાન તેમણે કરેલા અનધિકૃત શિક્ષણકાર્ય માટે પુરસ્કાર કે દૈનિક ભથ્થા તરીકે કશું પણ આપવું નહીં પરંતુ તેમને ફક્ત પ્રવાસભથ્થું યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ચૂકવી આપવું.

૪૮. ડિસેંબર ૨૮ થી ૩૦, ૧૯૭૩ના સમય દરમિયાન ધન્વિયન મૅથેમેટિકલ સોસાયટીનું વાર્ષિક અધિવેશન જાદવપુર યુનિવર્સિટી, જાદવપુર મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મિરત યુનિવર્સિટીના કુલપતિશ્રીના તા. ૮-૧૧-૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોને મોકલવા :

(૧) પ્રો. એચ. એન. રાવળ (૨) પ્રો. એન. સી. શાહ.

૪૯. ઑર્ડિ. ૧૦૯-બી મુજબ આરોગ્યકેન્દ્રની સ્થાયી સમિતિ પર એક્ઝિકયુટિવ કાઉન્સિલના બે સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

[ઑર્ડિ. ૧૦૯-બી ૨(૩) :
Two members nominated by the Executive Council]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની રચના નીચે મુજબ કરવી :

(૧) ડૉ. જ્યોતીન્દ્ર એલ. ભટ્ટ (૨) તબીબી વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી.

૫૦. ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન કેટલાક વિદ્યાર્થીઓએ પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ) કઢાવ્યું નહિ હોવાથી મજકૂર સર્ટિફિકેટ કઢાવવા માટેની મુદત લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર મેળવવાની તારીખ ૧૫મી માર્ચ સુધી લંબાવવી. આ પ્રમાણપત્ર જલદી મેળવવા કુલપતિશ્રી જે તે યુનિવર્સિટીના કુલપતિશ્રીઓને અંગત પત્ર લખશે તેની નોંધ લેવામાં આવી.

૫૧. ફાઇનાન્સ સમિતિની તા. ૧૪-૧૨-૧૯૭૩ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૪-૧૨-૧૯૭૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૪-૧૨-૧૯૭૩ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૫૧-અ. તે પછી ચાલુ વર્ષે કાગળો મેળવવાની મુશ્કેલ પરિસ્થિતિના સંદર્ભમાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે ઉત્તરપત્રો પર તેના મુખપૃષ્ઠ પર જે સૂચનાઓ છાપવામાં આવે છે તે હવે પછી બંધ કરવું અને તેને બદલે ઉમેદવારો માટેની જરૂરી સૂચનાઓ કૉલેજો/સંસ્થાઓ/ભવનોને પરિપત્રિત કરીને નોટિસ બોર્ડ ઉપર મૂકવા જણાવવું અને આવી સૂચનાઓ યુનિવર્સિટીના નોટિસ બોર્ડ ઉપર પણ મૂકવાનું રાખવું અને તે મુજબનો નિર્દેશ ઉત્તરપત્રોના મુખપૃષ્ઠ ઉપર સંક્ષિપ્તમાં કરવો.

૫૧-બ. ચાલુ વર્ષે કાગળોની કપરી પરિસ્થિતિના સંદર્ભમાં કુલપતિશ્રીએ કાગળો મેળવવાની પોતે કરેલી કામગીરીનો ખ્યાલ આપ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ૩૦૦ રીમ દિલ્હી ખાતેથી ખરીદવા માટે કુલપતિશ્રીએ કરેલી વ્યવસ્થા મંજૂર રાખીને તેનો સોદો પાકો કરવા માટે તથા તે માટે જરૂરી ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૨. ગુજરાત યુનિવર્સિટી પુસ્તકનિધિ યોજના અંગેના નિયમો ક્રમાંક ૧(ક), ૨, ૩, ૬, ૭ અને ૮ અંગે પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિયમોમાં કાર્યાલયે સૂચવ્યા મુજબના સુધારા મંજૂર કરવા.

૫૩. ડિસેંબર ૩૦થી જાન્યુઆરી ૨, ૧૯૭૪ના સમય દરમિયાન ઇન્ડિયન ડેન્ટલ કૉન્ફરન્સનું ૨૮મું "સાયન્ટિફિક સેશન" મદ્રાસ મુકામે યોજાનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે અધિવેશનના સામાન્ય મંત્રીશ્રીના તા. ૨૮-૧૧-૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એ. એમ. મલાવવાલાને, અને સંજોગવશાત્ તેઓ જઈ શકે તેમ ન હોય તો ડૉ. સી. પી. બોધાણીને, મોકલવા.

૫૪. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદમાં સ્થાપવામાં આવેલ હિંદી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ શ્રી. આર. એલ. ગાંધી તા. ૨૦-૧૧-૧૯૭૩થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમની જગ્યાએ પ્રો. એસ. સી. રાવળ(અનુ. શિક્ષક)ની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. આર. એચ. ગાંધીની જગ્યાએ પ્રો. એસ. સી. રાવળને નીમવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જની નિમણુકો કરવાનો પ્રશ્ન ઊભો થાય ત્યારે તે અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૫. અમદાવાદમાં ચાલતા એમ.એડ.ના વેકેશન વર્ગો અંગે મનોવિજ્ઞાન, શિક્ષણ-શાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન ભવનના અધ્યક્ષશ્રી તરફથી આવેલ તા. ૨૦-૧૧-૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એડ.ના વેકેશન વર્ગો ચાલુ રાખવા અને તેમાં કશી મુશ્કેલીઓ હોય તો તેના નિવારણ માટે માર્ગો સૂચવવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) કુલપતિશ્રી

(૨) આચાર્ય એમ. સી. શાહ

(૩) આચાર્ય દર્શનસિંઘ શીખ.

૫૬. "ઇન્ડસ્ટ્રિયલ એનેલિટિકલ લેબોરેટરી" સ્થાપવા તથા તે અંગેનાં ઘટતાં પગલાં લેવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો, અને એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી અને તે અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ આવ્યેથી આગળ જરૂરી કાર્યવાહી હાથ ધરવી.

૫૭. "ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇંગ્લિશ એન્ડ ફોરેન લેંગ્વેજીસ" સ્થાપવા તથા તે અંગેનાં ઘટતાં પગલાં લેવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો, અને એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી અને તે અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ આવ્યેથી આગળ જરૂરી કાર્યવાહી હાથ ધરવી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૮૫ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી :

૮૫. યુનિવર્સિટીની તમામ વિદ્યાશાખાઓની પ્રાયોગિક પરીક્ષાઓના પરીક્ષકોના પુરસ્કારના હાલના દરો તથા યુનિવર્સિટીની પ્રાયોગિક પરીક્ષાઓમાં વપરાતા કેમિકલ્સ અને મટિરિયલ્સના હાલના દરો અંગે વિચારણા કરવા અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૧૧-૧૯૭૩ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સમિતિએ "સ્કેલ ઓફ રેમ્યુનરેશન ટૂ એક્ઝામિનર્સ"ની પુસ્તિકામાં આવતી તમામ કક્ષાની પરીક્ષાઓના મહેનતાણાના દરો ઉપર વિચારણા કરી અહેવાલ રજૂ કરેલ છે.)

સદરહુ બાબત અંગે કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે, નીચેના ફેરફાર સાથે સદરહુ સમિતિની ભલામણો માર્ચ–એપ્રિલ ૧૯૭૪ની પરીક્ષાઓથી અમલી બને તે રીતે મંજૂર કરવી :

(૧) જુનિયર સુપરવાઇઝરના પુરસ્કારનું ધોરણ પ્રશ્નપત્ર દીઠ રૂ. ૫–૦૦ને બદલે રૂ. ૬–૦૦નું રાખવું;

(૨) પ્રેસ–સુપરવાઇઝરની જવાબદારી જોતાં પ્રેસ-સુપરવાઇઝરને બદલે હવે પછી સીનિયર સુપરવાઇઝરની નિમણૂક તે કામ માટે કરવી;

(૩) ફેકટોટમના દર વિદ્યાર્થી દીઠ ૦–૧૦ પૈ.ને બદલે ૦–૧૨ પૈ. રાખવા;

(૪) કલીનિંગ માટે પ્રાયોગિક પરીક્ષાના વધુમાં વધુ બે દિવસ આપવા;

(૫) ફાર્મસીની પ્રાયોગિક પરીક્ષાઓ માટેના આ સુધારેલા દર ઑક્ટોબર ૧૯૭૩માં લેવાયેલી પરીક્ષાઓ માટે ખાસ કેસ તરીકે અમલમાં મૂકવા.

૫૮. સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસામાંથી છૂટા કરવામાં આવેલા ડેમોન્સ્ટ્રેટર શ્રી. ગોવિંદભાઈ પટેલ તરફથી કરવામાં આવેલી ફરિયાદના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૩–૧૦–૧૯૭૩ની સભાના ઠરાવ અન્વયે, આ બાબત અગાઉ એકઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮–૯–૧૯૭૩ની સભામાં નિયુક્ત કરેલી સમિતિની પુનર્વિચારણા માટે મોકલી હોઈ તે સમિતિની તા. ૧૧–૧૧–૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ** બાબત સ્થાનિક કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવી.

૫૯. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૭–૧૧–૧૯૭૩ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો, યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર અને/અથવા કુલપતિશ્રીને યોગ્ય લાગે તેવા ફેરફારો સાથે મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૦. કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈમાં એમ.એડ. પદવી માટેના શિક્ષણ માટે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલી આચાર્યશ્રીની અરજી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—સ્થાનિક શિક્ષકગણ નીચે મુજબ છે :

૧. શ્રી. ટી. પી. લેલે (અનુ. શિક્ષક)
૨. કુ. અંજની મહેતા (,,)
૩. શ્રી. સી. વી. વાલેરા (મદદનીશ શિક્ષક)
૪. શ્રી. જી. વી. મહેતા (,,)].

સદરહુ બાબતના સંદર્ભમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનો તા. ૫–૧૨–૧૯૭૩નો પત્રાંક એફ–૧૪–૨–૭૩ (સીડી) સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે અનુસ્નાતક કેન્દ્રોની હાલની વ્યવસ્થાને બદલે શકય હોય તે રીતે ક્રમશ: અમદાવાદની બહાર પણ યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનો ઊભાં કરવાની નીતિનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો અને પાંચમી યોજનાના સંદર્ભમાં એનો વિચાર કરવા યુનિવર્સિટીના એકેડેમિક પ્લાનિંગ બોર્ડની વિચારણા માટે એ મોકલવો.

દરમ્યાન ૧૯૭૪-૭૫ના વર્ષ દરમ્યાન કોઈ નવાં અનુસ્નાતક કેન્દ્રો સામાન્ય રીતે સ્થાપવાં નહિ.

૬૧. વિદ્યાર્થીઓએ પરીક્ષા દરમ્યાન આચરેલ ગેરવાજબી દલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાશ્નિક-પરીક્ષકો-નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોને હસ્તક થયેલી ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરી એકિઝકયુટિવ કાઉન્સિલ સમક્ષ ભલામણો રજૂ કરવા માટે ૧૯૭૪ના વર્ષ માટે પરીક્ષા શુદ્ધિ સમિતિની રચના કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૨. વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્લમ્બર તરીકે સેવાઓ આપતા શ્રી. ભોજભાઈ બી. મકવાણાનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૩૧-૧૦-૧૯૭૩ના રોજ પૂરો થતો હોઈ તેમને તેમની જગ્યાએ તા. ૧-૧૧-૧૯૭૩થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

પ્લમ્બર શ્રી. ભોજભાઈ બી. મકવાણાની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. ભોજભાઈ બી. મકવાણાને પ્લમ્બરની જગ્યા પર તા. ૧-૧૧-૧૯૭૩થી કાયમ કરવા.

૬૩. ૧૯૭૩ના ગુજરાત એકટ ક્રમાંક ૬ પ્રમાણે યુનિવર્સિટી કોર્ટ તથા એકિઝકયુટિવ કાઉન્સિલની નવેસરથી રચના થતાં સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલ તરફથી નીમવામાં આવેલી સ્થાયી સમિતિ ઉપર ત્રણ વર્ષ માટે નવા સભ્યોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૪. ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા કાયદાના શેડયુલ રના સ્ટેચ્યૂટ ૫ પ્રમાણે બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝની રચના કરવા માટે તેની કલમ ૫ પ્રમાણે એકેડેમિક કાઉન્સિલના ત્રણથી ઓછા નહીં તેવા સભ્યો સહિત સાત સભ્યોને આ બોર્ડ પર નિયુક્ત કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૧-૮-૧૯૭૩ના રોજ મળેલ સભાએ આ બાબત નવી એકિઝકયુટિવ કાઉન્સિલ સમક્ષ મૂકવાનું ઠરાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર નીચે મુજબ સભ્યોની નિમણૂક કરવી :

(૧) પ્રો. ડી. એન. પાઠક
(૨) આચાર્ય ય. પ્રા. શુક્લ
(૩) ડૉ. આંબાશંકર નાગર
(૪) આચાર્ય ધીરુભાઈ પી. ઠાકર
(૫) આચાર્ય અવિનાશ જી. મુનશી
(૬) આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ
(૭) આચાર્ય વિનોદભાઈ અધ્વર્યુ.

૬૫. એક્ઝિક્યુટિવ કાઉન્સિલની નવેસરથી રચના થઈ હોવાથી સંલગ્ન કૉલેજો-માન્ય સંસ્થાની ત્રિવાર્ષિક તપાસના અહેવાલ પર વિચારણા કરી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને રિપોર્ટ કરવા માટેની સ્થાયી સમિતિ પર સભ્યોની નિમણૂક અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની રચના નીચે મુજબ કરવી :

(૧) કુલપતિશ્રી
(૨) આચાર્ય ડૉ. ધીરુભાઈ પી. ઠાકર
(૩) આચાર્ય દર્શનસિંગ શીખ
(૪) પ્રો. એમ. ડી. પંચોલી
(૫) આચાર્ય એચ. એમ. દેસાઈ
(૬) શ્રી. મનીષી ઠા. જની.

૬૬. એક્ઝિક્યુટિવ કાઉન્સિલની નવેસરથી રચના થઈ હોવાથી ૧૯૭૩ના ગુજરાત એક્ટ નં. ૬ની કલમ ૪(૨૩) અન્વયે ગુજરાત યુનિવર્સિટી એરિયા ટીચર્સ એસોસિયેશન, અમદાવાદને માન્યતા આપવા કરેલ ભલામણના અનુસંધાનમાં નિયમો ઘડવા માટે સમિતિની રચના અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૭. અનુસ્નાતક શિક્ષક તથા અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકને પુરસ્કાર આપવા અંગેનો અનુસ્નાતક નિયમ નં. ૩૭ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૪-૮-૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

P. G. Rule No. 37 :

The University shall pay an honorarium at the rate of Rs. 20/- per lecture actually delivered, to a recognised post-graduate teacher and Rs. 15/- per lecture actually delivered to an assistant to the post-graduate teacher.

The Honorarium to the post-graduate teachers and assistants to the post-graduate teachers shall be paid by the University to the teacher directly on receipt of the bills in that behalf from the Professor-in-charge of the P. G. Centre at the end of each term.

No teacher shall be paid a total remuneration of more than Rs. 400/- per term whether he works at more than one centre or for more than one subject at any one or more P. G. Centres. The expenditure on account of the remuneration to such a teacher shall be distributed in proportion to the lectures delivered by him at these centres as stated above, in case he has been permitted to work as more than one post-graduate centre or in more than one subject at any one or more post-graduate centres.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૮. ભારત સરકારની મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન એન્ડ સોશિયલ વેલ્ફેર પરીક્ષા સુધારણા અંગે નીમેલી સમિતિના હેવાલની બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧-૩-૧૯૭૩ના પત્રાંક એફ ૮-૧-૧૯૭૩ (એચ-૨) પર વિચારણા કરવા એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૭-૪-૧૯૭૩ની સભામાં નીમેલી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી, તથા તે બાબતમાં જરૂરી આગળની કાર્યવાહી હાથ ધરવી.

૬૯. યુનિવર્સિટીના બહદ્નીશ કુલસચિવ સુધીની કક્ષાના કર્મચારીઓને જીવન જરૂરિયાતની વસ્તુઓ જેવી કે ઘઉં, તેલ, ચોખા જેવી બાદ્ય વસ્તુઓ ખરીદવા માટે બે મૂળ માસિક પગાર અથવા વધુમાં વધુ રૂ. ૬૦૦ સુધીની રકમ એડવાન્સ તરીકે મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૭૦. "યુનિવર્સિટી કાર્યાલય : મરામત અને ખાસ ફેરફારો" ખાતે ચાલુ વર્ષમાં અંદાજપત્રમાં રૂ. ૫૦,૦૦૦ની વધારાના ખર્ચની જોગવાઈ કરવા માટે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂ. ૫૦,૦૦૦ની જોગવાઈ કરવામાં આવી છે. આથી કુલ જોગવાઈ રૂ. ૧,૦૦,૦૦૦ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૩—૭૪ના ચાલુ વર્ષના અંદાજપત્રમાં "યુનિવર્સિટી કાર્યાલય: મરામત અને ખાસ ફેરફારો" ખાતે રૂા. ૫૦,૦૦૦-૦૦ના વધારાના ખર્ચની જોગવાઈ મંજૂર કરવી.

૭૧. બાંધકામ સમિતિની તા. ૮-૧૨-૧૯૭૩ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૮-૧૨-૧૯૭૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ સમિતિની તા. ૮-૧૨-૧૯૭૩ સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૭૨. ગુજરાત યુનિવર્સિટીના Space Science & Application Centreની Co-ordinating Committeeની તા. ૨૨-૧૧-૧૯૭૩ની સભાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"It was further resolved that as the post of the Professor of Space Sciences has not been filled in and in as Dr. K. M. Kotadia is looking after the activities of the centre he be paid Rs. 150/- p. m. as special allowance for the work and the approval of the U.G.C. in this behalf be obtained."

આથી ઠરાવવામાં આવે છે કે સ્પેસ સાયન્સ એન્ડ એપ્લિકેશન્સ સેન્ટરના વિભાગ માટે પ્રોફેસરની નિમણૂક થાય નહીં ત્યાં સુધી ડૉ. કે. એમ. કોટડિયાને, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની મંજૂરીને આધીન, માસિક રૂ. ૧૦૦-૦૦ (સો)નું ભથ્થું આપવું.

૭૩. Centre for Management & Professional Trainingમાં આવરી લેવાયેલ અભ્યાસક્રમો શરૂ કરવા તથા તે અંગે ઘટતાં પગલાં લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટર ફોર મૅનેજમેન્ટ એન્ડ પ્રોફેશનલ ટ્રેનિંગના સંચાલનના પ્રશ્નોની બાબતમાં નીચે જણાવેલા સભ્યોની સ્થાયી સમિતિ નીમવી :

(૧) કુલપતિશ્રી,
(૨) ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ,
(૩) શ્રી. એસ. પી. તનેજા,
(૪) આચાર્ય એમ. સી. શાહ.

૭૪. સ્ટુડન્ટ વેલ્ફેર બોર્ડની સભામાં હાજરી આપવા માટે આવેલ વિદ્યાર્થિની પ્રતિનિધિ કુ. ડી. બી. શાહ રેલવે ટિકિટ નંબર ઇત્યાદિની માહિતી અંગેના આપણા નવા નિયમથી અજાણ હોવાથી તેઓને ઉપરોક્ત માહિતી સિવાય તેઓના પ્રમાણપત્ર ઉપરથી વડનગરથી અમદાવાદનું પ્રથમ વર્ગનું રેલવે ભાડું રૂ. ૧૬-૦૦ ચૂકવવાનું મંજૂર કરવામાં આવ્યું છે તેને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કાર્યને બહાલી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે હવે પછી ભવિષ્યમાં કોઈ કેસોમાં રેલવેની ટિકિટનો નંબર, ઇત્યાદિની માહિતી, તે અંગેના નવા નિયમથી અજાણ હોવાને કારણે કોઈ સભ્ય આપી શકે નહીં તો તેવા કેસોમાં જરૂરી ખાતરી કરીને યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર ભાડા-ભથ્થું ચૂકવવાનું મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૫. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર કલાર્ક તરીકે કામ કરતાં શ્રીમતી આર. જે. પરીખને રૂ. ૧૫૩–૫–૧૮૩–૧૦–૨૪૩ ઈ.બી. ૧૫–૪૦૮–૧૯–૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો તા. ૧–૧૨–૧૯૭૩થી કાર્યક્ષમતા અંતરાય (એફિશિયન્સી બાર) ઓળંગવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રીમતી આર. જે. પરીખની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રીમતી આર. જે. પરીખને રૂ. ૧૫૩—૫—૧૮૩ ઈ.બી. ૧૫—૪૦૮—૧૯—૪૬૫ના પગારધોરણમાં રૂ ૨૪૩ પછીનો તા. ૧—૧૨—૧૯૭૩થી કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૭૬. સ્થાયી કાનૂનવિષયક સમિતિની તા. ૩૦–૧૧–૧૯૭૩ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૩૦—૧૧—૧૯૭૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૩૦—૧૧—૧૯૭૩ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૭૭. રાજ્ય સરકારની Employment Generation Schemeના આશ્રયે ઉકાઈ મુકામે Ecological Surveysના વિદ્યાર્થીઓ સમક્ષ વ્યાખ્યાનો આપવા અંગેની વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રાણીશાસ્ત્રના વ્યાખ્યાતા ડૉ. એ. બી. વ્યાસને પરવાનગી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૭૮. સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટી વિદ્યાભવનોને સ્વાયત્તતા આપવા અંગે ધારાધોરણો ઘડવા એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬–૧૧–૧૯૭૩ની સભામાં નીમેલ સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી જે સૂચનાઓ આવે તે સૂચનાઓ સાથે આ બાબત પર સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે સદરહુ સમિતિને જણાવવું.

૭૯. ડિસેમ્બર ૨૭–૨૮, ૧૯૭૩ના સમય દરમિયાન ગુજરાતીના અધ્યાપક સંઘનું ૨૪મું સંમેલન દાહોદ મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા

અંગે ગુજરાતીના અધ્યાપક સંઘના મંત્રીશ્રીઓ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંઘના આગામી સંમેલનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

(૧) પ્રો. અનંતરાય રાવળ
(૨) ડૉ. ધીરુભાઈ ઠાકર.

૮૦. ડિસેમ્બર ૨૮ થી ૩૦, ૧૯૭૩ના સમય દરમિયાન The Anatomical Society of Indiaનું વાર્ષિક અધિવેશન Manipal મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સોસાયટીના સામાન્ય મંત્રીશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૮૧. (ક) તા. ૨૮ ડિસેમ્બર ૧૯૭૩થી ૨જી જાન્યુઆરી ૧૯૭૪ દરમ્યાન લખનૌ ખાતે ૧૪મા ઑલ ઇન્ડિયા ચિલ્ડ્રન ઍન્ડ યુથ ફેસ્ટિવલ ઍન્ડ ફર્સ્ટ ઇન્ટરનેશનલ યુથ ફેસ્ટિવલમાં આ યુનિવર્સિટી તરફથી નેતા-ડેલિગેટ-નિરીક્ષક મોકલવા માટેના નિમંત્રણ પર વિચારણા કરવા બાબત.

(ખ) આ જ દિવસો દરમ્યાન લખનૌ યુનિવર્સિટી તરફથી એન.એસ.એસ.નો સેમિનાર યોજવામાં આવ્યો છે તે માટે એન.એસ.એસ.ના એક અધ્યાપક-ઇન-ચાર્જ અને બે વિદ્યાર્થીઓ(એક ભાઈ અને એક બહેન)ને તેમાં ભાગ લેવા માટે મોકલવાના લખના યુનિવર્સિટીના કુલપતિશ્રી તરફથી આવેલ નિમંત્રણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ફેસ્ટિવલમાં આ યુનિવર્સિટી તરફથી નીચેના વિદ્યાર્થી-પ્રતિનિધિઓને મોકલવા :

(૧) શ્રી. મનીષા જની
(૨) શ્રી. મૂકેશ પટેલ
(૩) વિદ્યાર્થી સંસદના બે મંત્રીઓ —
  ૧. શ્રી. અરવિંદ શાં. શાહ, અને
  ૨. શ્રી. બળવંતસિંગ આર. રાજપૂત.

૮૨. એમ. ડી. શાહ કોમર્સ ઍન્ડ બી. ડી. પટેલ આર્ટ્સ કોલેજ, મહુવામાં પ્રી-યુનિ. વિનયનમાં તર્કશાસ્ત્રના વિષયમાં, જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકને બદલે મનોવિજ્ઞાનના વિષયમાં લાયકાત ધરાવતી વ્યક્તિની મદદથી શિક્ષણકાર્ય ચલાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. ડી. શાહ કૉમર્સ એન્ડ બી. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, મહુધાને ઉપરની ક્ષતિ બદલ કપકો આપવો, અને જણાવવું કે જૂન ૧૯૭૪થી યોગ્ય લાયકાત ધરાવતા તર્કશાસ્ત્રના લેકચરરની નિમણૂક કરવામાં આવશે નહીં તો તે વિષયમાં વિદ્યાર્થીઓને તેઓ દાખલ કરી શકશે નહીં.

૮૩. નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, છોટાઉદેપુરે બી.એ. (સબો.)માં હિન્દી અને પર્શિયન તથા બી.એ. (મુખ્ય)માં સંસ્કૃત વિષયનું શિક્ષણકાર્ય એ. ૧૨૦–એફ અન્વયે યુનિવર્સિટીની પૂર્વપરવાનગી વગર અંધ કરેલું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.** ૧. બી.એ.(સબો.)માં સંસ્કૃત વિષયનું શિક્ષણકાર્ય ચાલુ છે.
૨ હાલમાં ઉપરના વિષયોમાં કોઈ વિદ્યાર્થી કે તે વિષયના શિક્ષકો નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવી.

૮૪. યુનિવર્સિટીનાં કામકાજ માટે આવેલ ડા. જે. ડી. પાઠકે રેલવેની ટિકિટનો નંબર ઇત્યાદિ માહિતી પૂરી પાડવા અંગેના આપણા નવા નિયમથી અજાણ હોવાથી તેઓને ઉપરોક્ત માહિતી સિવાય તેમના પ્રમાણપત્ર ઉપરથી બીજા વર્ગનું મુંબઈથી અમદાવાદ આવવા-જવાનું રેલવેભાડું રૂ. ૭૨ ચૂકવવાનું મંજૂર કરવામાં આવ્યું તેને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કાર્યને બહાલી આપવી.

૮૫. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૭ પછી કરવામાં આવેલી હોઈ, તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૮૬. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રયોગશાળામાં મદદનીશ તરીકે કામ કરતા શ્રી. બી. એન. મોદીને જવા મોટરસાઇકલ ખરીદવા અંગે અંદાજે રૂ. ૫,૫૦૦ (અંકે રૂપિયા પાંચ હજાર પાંચસો) ની લોન આપવા અંગેની તેઓની તા. ૨૬–૧૧–૧૯૭૩ ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટના ઠરાવ પ્રમાણે રૂ. ૨૫૦ના મૂળ માસિક પગારદારને આ લોન આપી શકાય. શ્રી. મોદીનો મૂળ માસિક પગાર રૂ. ૨૪૩ છે, જે તા. ૧–૬–૧૯૭૪ના રોજ રૂ. ૨૫૮ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. એન મોદીની સદરહુ વિનંતી મંજૂર કરવી નહીં.

૮૭. યુનિવર્સિટી કાર્યાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. એન. એફ. જાદવને સ્ટે. ૧૮૮(૨) પ્રમાણેની મકાન-મરામત અંગેની લોન આપવા અંગેની તેઓની તા. ૧૨–૧૨–૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— તેઓના ખાતે તા. ૩૧-૩-૧,૯૭૩ સુધી રૂ. ૧,૯૮૬-૦૩ પૈસાની રકમ જમા છે તે પર તેઓની પ્રોવિડંટ ફંડની રૂ. ૯૦૦-૦૦ની લોન તથા તે પર જે વ્યાજ થાય તે કાપવાનું રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે પટાવાળા શ્રી. એન. એફ. જાદવને તેમના મકાનની મરામત માટે તેમના પ્રો. ફંડ ખાતેથી રૂા. ૧,૯૮૬-૦૦ની લોન, યુનિવર્સિટીનાં ધારાધોરણોને આધીન, આપવી.

૮૮. આ યુનિવર્સિટીના ઑ. ૭૮ મુજબ વિનયન, વાણિજ્ય તથા વિજ્ઞાન વિદ્યાશાખામાં દરેક વિદ્યાર્થીની સત્રમાં પૂરા ૭૫ દિવસની હાજરી સત્રની માન્યતા માટે જરૂરી રહે છે. આ બાબતે નીચેના મુદ્દા અંગે સ્પષ્ટીકરણ કરવા બાબત :

વિદ્યાર્થી કોઈ પણ દિવસના સમયપત્રકના કેટલા તાસ/પ્રાયોગિક કામ ભરે તો પૂરા દિવસની હાજરી મળે ?

આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે આ યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને માટે પ્રત્યેક દિવસની હાજરી ગ્રાહ્ય ગણવા માટે જે તે વિદ્યાર્થીએ પોતાના વર્ગ માટે નિયત કરવામાં આવેલા સમયપત્રકમાં તમામ તાસો(વ્યાખ્યાન, ટ્યુટોરિયલ વગેરે સહિત, અને પ્રાયોગિક કામ હોય તો તે સહિત)માં ઉપસ્થિત રહેવું આવશ્યક છે.

૮૯. ગુજરાત યુનિવર્સિટી પુસ્તકનિધિ યોજના હેઠળ આવેલી અરજીઓ તપાસીને શિક્ષકોને આર્થિક સહાય મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— સહાય માટે સુમારે ૪૦૦ અરજીઓ આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અરજીઓ જોઈ-તપાસીને યુનિવર્સિટીનાં ધારાધોરણોને આધીન, પોતાની ભલામણો મંજૂર કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ રચવી :

(૧) પ્રો. અનંતરાય રાવળ

(૨) પ્રો. ડી. એન. પાઠક

(૩) પ્રો. જે. જે. ચિનોય

(૪) પ્રો. એમ. ડી. પંચોલી

(૫) પ્રો. ગુલાબભાઈ દેસાઈ.

૯૦. શ્રી. એ. એન. દેસાઈને આઈ. બી. એમ. વિભાગમાં હેડક્લાર્ક તરીકે તા. ૨-૬-૧૯૭૩થી બઢતી મળી હોઈ અને તેઓને હાલ સીનિયર ઑપરેટર તરીકેની કામગીરી સોંપવામાં આવેલી હોઈ તેઓને સીનિયર ઑપરેટરની જગ્યા માટેનું રૂ. ૧૫નું માસિક ભથ્થું તા. ૨-૬-૧૯૭૩થી આપવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૯૧. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘની તા. ૧૭-૧૧-૧૯૭૩ના રોજ મળેલ કારોબારી સભાના નીચેના ઠરાવ નં. ૯ ઉપર ઘટતું કરવા અંગેના સંઘના મંત્રીના

તા. ૧૯-૧૧-૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

ઠરાવ નં. ૯

"યુનિવર્સિટીએ માન્ય કરેલાં દવાખાનાંઓમાંથી જે દવાઓ લખી આપવામાં આવે છે તે દવાઓની દર્દીને થયેલા દર્દ માટે જરૂરિયાત હોય છે. માટે જ માન્ય કરેલાં દવાખાનાંઓના ડૉક્ટરો તરફથી તે દવાઓ લખી આપવામાં આવતી હોય છે. માટે તે તમામ દવાઓનો ખર્ચ યુનિવર્સિટીએ પૂરેપૂરો રિ-એમ્બર્સ કરી આપવો જ જોઈએ તેમ આ સભા દૃઢપણે માને છે અને તે મુજબ હાલના નિયમોમાં ઘટતો ફેરફાર સત્વરે કરવા આ સભા યુનિવર્સિટીને વિનંતી કરે છે અને માસિક રૂ. ૧૫૦ સુધીની દવાઓ માત્ર જે તે માન્ય દવાખાનાના ડૉક્ટરોના પ્રિસ્ક્રિપ્શન અને બજારમાંથી ખરીદ કરવામાં આવેલાં બિલોને આધારે ચૂકવવા આ સભા યુનિવર્સિટીને વિનંતી કરે છે. વધુમાં આ સભા યુનિવર્સિટીને, માન્ય દવાખાનાંઓની યાદીમાં ૧. ગુજરાત આયુર્વેદ વિકાસ મંડળ, અને ૨. અખંડાનંદ આયુર્વેદ હૉસ્પિટલનો સમાવેશ કરવા પણ વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓને તબીબી મદદના હેતુ માટે ગુજરાત આયુર્વેદ વિકાસ મંડળ અને અખંડાનંદ આયુર્વેદ હૉસ્પિટલને માન્ય ગણવાં અને માન્ય દવાખાનાંઓની યાદીમાં તેમનો સમાવેશ કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે દવાઓના ખર્ચને ભરપાઈ કરવા અંગેની ઉપરના ઠરાવમાં કરવામાં આવેલી ભલામણ સ્વીકારવી નહીં, તથા યુનિવર્સિટીના કર્મચારીઓ માટેની તબીબી રાહત અંગેનાં હાલનાં ધારાધોરણોમાં કશો ફેરફાર કરવો નહીં.

૯૨. યુનિવર્સિટી કાર્યાલયમાં હાલ પરીક્ષા વિભાગમાં હેડક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. જે. જે. શિંગાડે તથા અનુસ્નાતક વિભાગમાં સીનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. કે. એ. પરમારને આઈ.બી.એમ. વિભાગમાં, બીજો આદેશ થાય ત્યાં સુધી, તા. ૧૫-૧૨-૧૯૭૩થી મૂકયાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૯૩. યુનિવર્સિટીનાં કામકાજ માટે આવેલા ડા. વી. પી. ભટ્ટે રેલવેની ટિકિટનો નંબર ઇત્યાદિની માહિતી રાખી નહીં હોવાથી તેઓને ઉપરોક્ત માહિતી સિવાય તેમના પ્રમાણ-પત્ર ઉપરથી પ્રથમ વર્ગનું રૂ. ૩૪-૦૦ રેલવે ભાડું ચૂકવવાનું મંજૂર કરવામાં આવ્યું છે તેને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કાર્યને બહાલી આપવી.

૯૪. અનુસ્નાતક વિદ્યાભવનોની તંત્રરચના અંગેની સમિતિની ભલામણો ઉપર એકેડમિક કાઉન્સિલે તેની તા. ૨૭-૨૮-૬-૧૯૭૨ની સભામાં કરેલી નીચેની ભલામણ કે

જેનો એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩-૯-૧૯૭૨ની સભામાં પ્રયોગાત્મક ધોરણે અમલ કરવા ઠરાવ્યું હોઈ તે અંગે પુનર્વિચારણા કરવા બાબત.

"વિષય-વિભાગનું અંદાજપત્ર તૈયાર કરવાનું કામ વિષય-વિભાગના વડાએ વિષયની સંયોજન સમિતિની સલાહથી કરવું."

આથી ઠરાવવામાં આવે છે કે આંતર-વિદ્યાશાખીય શિક્ષણ અને સંશોધન પ્રત્યે આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે સારો એવો ઝોક આપવામાં આવે છે ત્યારે અને સંયોગવશાત્ કોઈ એક વિભાગમાં કોઈ એક આઈટેમ પર વત્તુંઓછું ખર્ચ થયું હોય ત્યારે ખર્ચ પાડવાની સગવડ રહે તે ઉભય દૃષ્ટિએ યુનિવર્સિટીનાં વિદ્યાભવનોનું અંદાજપત્ર સમગ્ર ભવનોના ધોરણે તૈયાર કરવાની પ્રથા અપનાવવી હિતાવહ છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય અને અનુસ્નાતક વિદ્યાભવનો વચ્ચેનો પત્રવ્યવહાર સામાન્ય રીતે વિદ્યાભવનોના અધ્યક્ષો દ્વારા કરવાનું રાખવું.

૬૫. વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રાણીશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે કામ કરતા ડા. યુ. એમ. રાવળને "કોમનવેલ્થ બર્સરી" યોજના નીચે ફેબ્રુઆરી ૧૯૭૪થી એક વર્ષ માટે અભ્યાસ-રજા આપવા અંગે અધ્યક્ષશ્રીના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓને આવવા-જવાનું હવાઈ પ્રવાસનું ખર્ચ તથા ૧,૩૬૦ પાઉન્ડ મળશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડો. યુ. એમ. રાવળને કોમનવેલ્થ બર્સરી યોજના હેઠળ ફેબ્રુઆરી ૧૯૭૪થી એક વર્ષ માટેની અભ્યાસ-રજાઓ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ડો. યુ. એમ. રાવળને ઉપર નં. ૧ માં જણાવેલ અભ્યાસ રજાઓ દરમ્યાન પુરસ્કાર આપવાનો પ્રશ્ન એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૧૧-૧૯૭૩ની સભામાં બાબત નં. ૧૦૦ થી નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૬૬. ૧૯૭૩-૭૪ના વર્ષની ઓ. ૬૬ પ્રમાણેની માહિતી જોતાં નીચે જણાવેલી કોલેજોમાં તેમનાં નામ સામે જણાવ્યા પ્રમાણેની ગેરનિયમિતતા-ઊણપ જણાઈ હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	ગેરનિયમિતતા—ઊણપની વિગતો
૧.	બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર ...	૧. આચાર્યશ્રીને ૧૨ વ્યાખ્યાન કાર્યનું કામ છે. ઑર્ડિ. ૧૨૦-એ અનુસાર ૬થી વધુ આપી શકાય નહીં. ૨. તત્ત્વજ્ઞાનના વિષયમાં એક લાયકાત ધરાવનાર શિક્ષક નીમવાના બાકી છે.
૨.	શ્રી એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ ...	ખંડ સમયના શિક્ષકોને યુનિવર્સિટીના નિયમો પ્રમાણે પગાર અપાતો નથી. સોસાયટીને જણાવેલ છે.

૩ સર પી. ટી. સાયન્સ કૉલેજ, મેાડાસા ... ગણિત મુખ્ય વિષય તરીકે શીખવાય છે, તેમ છતાં ઑર્ડિ. ૧૨૦-એ પ્રમાણે જરૂરી પૂરા સમયના પ્રાધ્યાપક નથી.

[**નોંધ.**—(૧) પૂરા સમયના પ્રાધ્યાપક આપણી યુનિવર્સિટીના Programme of intensive training of Senior Mathematics teachers of collegesમાં જોડાયેલા છે.

(૨) કૉલેજમાં એક ખંડ સમયના પ્રાધ્યાપક.]

૪. સી. એન. કૉમર્સ કૉલેજ, વીસનગર ... અંગ્રેજીના વિષયમાં કાર્યભાર પ્રમાણે વહેંચણી કરતાં હાલના શિક્ષકેા ઉપરાંત બે ટ્યુટોરિયલ માટે ૧ વધારાની નિમણૂક આવશ્યક છે, જે કરી નથી.

આચાર્યશ્રીએ મુલાકાતી શિક્ષકની નિમણૂક આ સત્ર પૂરતું, મંજૂર કરવા વિનંતી કરી છે.

આથી ફરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોની બાબતમાં તેમનાં નામ સામે જણાવેલ ગેર-નિયમિતતા—ઊણપેા દૂર કરવાની બાબતમાં કાર્યાલયે જાગરૂકતા અને આગ્રહ સેવવાં.

૯૭. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પેટલાદના પ્રશ્ન અંગે કેટલાક વિદ્યાર્થીઓને હાથે તા. ૩-૧૨-૧૯૭૩ના રેાજ યુનિવર્સિટી કાર્યાલયમાં થયેલ તોફાનને કારણે યુનિવર્સિટી મકાનનાં બારીબારણાંના કાચ, ફર્નિચર ઇત્યાદિને થયેલ નુકસાન અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—નુકસાનનેા અંદાજ રૂ. ૧૫,૦૦૦ જેટલેા થવા જાય છે. આ માટે નવરંગપુરા પેાલીસ સ્ટેશને સી.આર. નં. ૭૪૨, તા. ૩-૧૨-૧૯૭૩થી ફરિયાદ નોંધાવેલી છે.]

આથી ફરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯૮. માર્ચ-એપ્રિલ ૧૯૭૪માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકેા - પરીક્ષકોની નિમણૂકેા અંગે જે તે વિદ્યાશાખાની પરીક્ષા સમિતિઓની ભલામણેા અને તે પર એકેડેમિક કાઉન્સિલે કરેલાં સૂચનેા(જો હેાય તેા)ને અનુલક્ષીને પરીક્ષકોની નિમણૂકેા કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણો જનેઈનપાસીને પ્રાથમિક-પરીક્ષકોને નીમવા માટેની સત્તા સાથે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી:

(૧) કુલપતિશ્રી
(૨) આચાર્ય દર્શનસિંઘ શીખ
(૩) ડૉ. એમ. એન. દેસાઈ
(૪) ડૉ. જ્યોતીન્દ્ર એલ. ભટ્ટ
(૫) પ્રો. અનંતરાય એમ. રાવળ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે વધુ એક સભ્ય નીમવા અને આગળની કાર્યવાહી હાથ ધરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૯. ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થી સંસદની તા. ૨૬-૧૧-૧૯૭૩ના રોજ થયેલ સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

૧. વધુમાં ઠરાવવામાં આવ્યું કે વિદ્યાર્થી સંસદના બંધારણની કલમ નં. ૧૪માં બસ મુસાફરી અંગે નીચે પ્રમાણે સુધારો કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

સુધારવાનું	સુધારેલ
જો રેલવે ન હોય તો બસનું આવવા-જવાનું ભાડું આપવામાં આવશે	જો બસમાં મુસાફરી કરી હશે તો બસનું આવવા-જવાનું ભાડું આપી શકાશે.

૨. કલમ નં. ૧૨માં 'પ્રમુખની ગેરહાજરીમાં ઉપપ્રમુખ અને તે બેઉની ગેરહાજરીમાં' એ શબ્દો યથાસ્થાને ઉમેરવા ભલામણ કરવી.

સુધારવાનું	સુધારેલ
પ્રમુખની ગેરહાજરીમાં પ્રમુખસ્થાને સભ્યોમાંથી કુલસચિવશ્રી, કોઈ એક આચાર્ય અથવા તો નિયુક્ત યુનિ ભવનના અધ્યક્ષ કે અધ્યાપક પૈકી હાજર રહેલા સભ્ય રહેશે.	પ્રમુખની ગેરહાજરીમાં પ્રમુખસ્થાને ઉપપ્રમુખ અને તે બેઉની ગેરહાજરીમાં સભ્યોમાંથી કુલસચિવશ્રી, કોઈ એક આચાર્ય અથવા તો નિયુક્ત યુનિવર્સિટી ભવનના અધ્યક્ષ કે અધ્યાપક પૈકી હાજર રહેલા સભ્ય રહેશે.

૩. આથી ઠરાવવામાં આવે છે કે આશરે ૩૦થી ૪૦ જેટલા વિદ્યાર્થીઓનો એક એવા બે વાચનશિબિરો યોજવા, જેમાંનો એક વાચનશિબિર નાતાલની રજાઓમાં ૭ દિવસ માટે બાલાસિનોર ખાતે યોજવો.

આથી ઠરાવવામાં આવે છે કે ૪૦ જેટલા વિદ્યાર્થીઓનો એક યુવક-નેતા-તાલીમ શિબિર બાલાસિનોર ખાતે નાતાલની રજાઓમાં ૭ દિવસ માટે યોજવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુવક-નેતા-તાલીમ શિબિરનો અંદાજ ખર્ચ દર્શાવતું (આ સાથે જોડેલ) બજેટ મંજૂર કરવું અને તે જ પ્રમાણે નાતાલની રજામાં યોજવા ધારેલ એક વાચનશિબિરનો ખર્ચ ગણી અંદાજે બંને શિબિરનો રૂ. ૯,૮૧૬ ખર્ચ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થી સંસદની ઉપરની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુવક-નેતા-તાલીમ-શિબિર વાડાસિનોરને બદલે છોટાઉદેપુર યોજાશે તેની નોંધ લેવી તથા ઉપરની ભલામણ નં. ૩માં જણાવેલ શિબિરોના સંચાલન તથા તેના ખર્ચ અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૦. પ્રદાન અંગેના સ્ટે. ૧૯૫ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારો કરવા બાબત :

Statute 195 :

All offers of bequests, donations and endowments the management whereof to be vested in the University shall be accepted on condition that the annual realization therefrom shall be subject to a deduction of 5 per cent thereof and the amounts realized by such annual deduction shall be credited to the General Fund of the University at the commencement of every financial year; provided that it shall be competent for the Executive Council, if in its opinion there are sufficient reasons, to do so exempt from the deduction of the above amount of 5% in suitable cases where donations received by the University are specifically earmarked for promotion of teaching and research.

The University shall not accept an endowment the benefits whereof are sought to be restricted to any caste, creed or community or the net annual income of which is less than Rs. 400/- in the case of a scholarship or medal or a prize.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૯૫ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા માટે યુનિવર્સિટી ઍક્ટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે હરિઝ્ઝ આશ્રમનાં ટ્રસ્ટોને ૫% ની આકારણીમાંથી મુક્તિ આપવી.

૧૦૧. એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૧૨-૧૯૭૩ની સભામાં સ્ટેચ્યૂટ્સ તથા ઑર્ડિનન્સ ઘડવા અંગે નીમેલી સમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"(૧) સ્ટે. ૨૧૦ નીચે પ્રમાણે વંચાય તે રીતે ઘડવા અંગેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

Statute 210 :

The affiliated colleges and recognized institutions shall establish a Trust to administer the funds of the Provident Funds according to the rules that may be framed by the Executive Council of the University from time to time. The subscriptions of the members and the contributions of the

Institution shall ordinarily be deposited with the Trustees before the 7th of the succeeding calendar month and in any case shall be deposited within three months of the salary payable at the latest and the Trustees in turn shall deposit the same within 7 days in a Scheduled Bank or in a Co-operative Bank as provided in Sec. 53-A(2) of the Gujarat University Act.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થી પ્રતિનિધિની યુનિવર્સિટી કોર્ટ પરની ખાલી જગા માટે પેટાચૂંટણીની જોગવાઈ ઉમેરવાની જરૂર જણાતી નથી એમ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

સદરહુ સમિતિની ઉપરની ભલામણ અંગે આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૨૧૦ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

વધુમાં, સદરહુ સમિતિની ઉપરની ભલામણ નં. ૨ મંજૂર કરવી.

૧૦૨. એકેડેમિક પ્લાનિંગ બોર્ડની તા. ૨૮-૧૧-૧૯૭૩ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા ૨૮-૧૧-૧૯૭૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ બોર્ડની તા. ૨૮-૧૧-૧૯૭૩ની ભલામણો પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૧૦૩. ઇલેકટ્રોનિક એન્જિનિયર (સ્પેસ એપ્લિકેશન સેન્ટરના) શ્રી. જી. એન. શર્માને ટીચર્સ હોસ્ટેલમાં એક કવાર્ટર્સ એનાયત કરવા માટે તેઓની અરજી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જી. એન. શર્માને યુનિવર્સિટીનાં ઇલેકટ્રોનિક સાધનોનું સમારકામ તેઓ સંભાળે તે શરતે તેમને યુનિવર્સિટીની ટીચર્સ હોસ્ટેલમાં એક રહેઠાણ આપવું અને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ તેમની પાસેથી ચાર્જીસ લેવાનું રાખવું.

૧૦૪. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થ, અમદાવાદમાં ચાલતા ડી.એસ.-ઈ.એન.સી. ડિપ્લોમા ઇન સ્પેશિયલ એજ્યુકેશન ફોર નાન-નોર્મલ ચિલ્ડ્રન)ના અભ્યાસક્રમમાં કુ. હર્ષા શાહ તે અભ્યાસક્રમ અંગે પ્રવેશપાત્રતાની લઘુતમ લાયકાતમાં બાલકલ્યાણની સંસ્થા કે વિશિષ્ટ શાળામાં બે વર્ષનો કાર્યાનુભવ ન ધરાવતા હોઈ તે બાબત ગ્રાહ્ય ગણીને તેમનો પ્રવેશ માન્ય રાખવા માટે સદરહુ ઇન્સ્ટિટ્યૂટના અધ્યક્ષશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થિની કુમારી હર્ષા શાહની કાર્યાનુભવની લાયકાત અપવાદ તરીકે ગળતી કરીને તેમને સદરહુ ડિપ્લોમા કોર્સમાં આપવામાં આવેલો પ્રવેશ માન્ય રાખવો.

૧૦૫. થર્ડ બી.એ.-થર્ડ બી.કોમ.નું પરિણામ ચાલુ વર્ષે ૨૧મી તારીખે બહાર પડેલ હોઈ, સદરહુ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ પૈકી જેમને એલએલ.બી. વર્ગમાં પ્રવેશ ઇચ્છતા હોય તેમને દાખલ કરવાની બાબતમાં થોડાક દિવસની રાહત આપવા માટે જે તે કૉલેજોને પરવાનગી આપવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે ઑકટોબર માસમાં લેવાયેલ થર્ડ બી.એ. અને બી.કોમ.ની પરીક્ષાઓનાં પરિણામો તા. ૧ લી ડિસેંબરના રોજ જાહેર કરવામાં આવેલાં હોઈ આવા વિદ્યાર્થીઓને એલએલ.બી.ના વર્ગોમાં પ્રવેશ આપવા માટેની મુદત તા. ૨૨ મી ડિસેંબર ૧૯૭૩ સુધી લંબાવવી.

૧૦૬. સંલગ્ન કોલેજમાં શિક્ષકને બઢતી આપવામાં આવે ત્યારે તેનો મૂળ પગાર નક્કી કરતી વખતે વિપરીત અસર ન થાય તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) આચાર્ય એમ. સી. શાહ

(૨) ડૉ. એચ. એમ. દેસાઈ

(૩) પ્રો. એમ. ડી. પંચોલી.

૧૦૭. સ્પેસ એપ્લિકેશન સેન્ટર તરફથી યુનિવર્સિટી કેમ્પસમાં પ્રેસના મકાનની ઉત્તરે ૨૫'×૨૫'ની 'એન્ટેના' બનાવવા માટે આશરે બે વર્ષ માટે જમીન માટે માગણી કરતા તા. ૨૩-૧૧-૧૯૭૩ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટરને યુનિવર્સિટી કેમ્પસમાં પ્રેસના મકાનની ઉત્તરે સદરહુ એન્ટેના ઊભો કરવા માટે બે વર્ષ માટે યુનિવર્સિટીની જમીન વાપરવા માટે પરવાનગી આપવી.

૧૦૮. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં રાજ્યશાસ્ત્રના રીડર તરીકે કામ કરતા શ્રી. કે. ડી. દેસાઈને સ્ટે. ૧૮૮(૨) હેઠળ કો-ઑપરેટિવ હાઉસિંગ સોસાયટીમાં મકાન તૈયાર કરાવવા માટે તેમના પ્રોવિડંટ ફંડમાંથી રૂ. ૧૫,૦૦૦ (રૂપિયા પંદર હજાર)ની લોન આપવા અંગેની તેઓની તા. ૭-૧૨-૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓના પ્રોવિડંટ ફંડ ખાતે તા. ૩૧-૩-૧૯૭૩ના રોજ રૂ. ૧૯,૫૫૭-૨૨ પૈ. જમા છે અને તેમની પ્રોવિડંટ ફંડની લોનમાં રૂ. ૨,૧૬૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. ડી. દેસાઈને કો-ઑપરેટિવ હાઉસિંગ સોસાયટીમાં મકાન તૈયાર કરવા માટે તેમના પ્રોવિડન્ટ ફંડમાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણોને આધીન રૂ. ૧૫,૦૦૦ (અંકે રૂપિયા પંદર હજાર)ની લોન આપવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

૧૦૯. ગ્રન્થાલય સમિતિની તા. ૧૪-૧૨-૧૯૭૩ની સભાના નીચેના ઠરાવની નોંધ લેવા બાબત :

"યુનિવર્સિટીની જરૂરિયાતો ધ્યાનમાં લઈને ૧૯૭૩-૭૪ના વર્ષ દરમિયાન નીચે જણાવેલ પુસ્તક-વિક્રેતાઓ પાસેથી તેમણે આપેલી તેમ જ માન્ય રાખેલી શરતોએ અમેરિકન પ્રકાશનો, એક ડૉલરના રૂ. ૭-૨૦ સુધીના દરે, બ્રિટિશ પબ્લિકેશનો ૧ શિલિંગના ૦.૯૦ સુધીના દરે ખરીદવાં. વધુમાં ભારતીય અને અંગ્રેજી પ્રકાશનો ૧૦ ટકા કે તેથી વધુ વળતર આપનાર નીચે જણાવેલ પુસ્તક-વિક્રેતાઓ પાસેથી ખરીદવાં :

(૧) એકેડેમિક બુક સેન્ટર, અમદાવાદ
(૨) આત્મારામ એન્ડ સન્સ, દિલ્હી
(૩) બાલગોવિંદ બુકસેલર્સ, અમદાવાદ
(૪) બુક સેન્ટર પ્રાઈવેટ લિ., મુંબઈ
(૫) કરન્ટ ટેકનિકલ લિટરેચર કું. પ્રા. લિ., મુંબઈ
(૬) ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑ. સ્ટોર્સ લિ., અમદાવાદ
(૭) એચ. ઈશ્વર, મુંબઈ
(૮) હિમાંશુ બુક કંપની, અમદાવાદ
(૯) ઇન્ટરનેશનલ બુક હાઉસ, મુંબઈ
(૧૦) કોઠારી બુક ડીપો, અમદાવાદ (મેડિકલ પુસ્તકો માટે)
(૧૧) ચન્દ્રકાન્ત ચિમનલાલ વોરા, અમદાવાદ (કાયદાનાં પુસ્તકો માટે)
(૧૨) ન્યૂ ગુજરાત લૉ હાઉસ, અમદાવાદ (કાયદાનાં પુસ્તકો માટે)
(૧૩) ન્યૂ ઑર્ડર બુક કંપની, અમદાવાદ
(૧૪) પોપ્યુલર બુક ડીપો, અમદાવાદ
(૧૫) ટૂ કે એન્ડ ટૂ મોરો બુક એજન્સી, ન્યૂ દિલ્હી
(૧૬) વેસ્ટર્ન ઇન્ડિયા બુક કૉર્પોરેશન, સુરત.

આ ઉપરાંત હિન્દી પુસ્તકો ૧૫ ટકા કે તેથી વધુ વળતર આપનાર **નીચેના** પુસ્તક-વિક્રેતાઓ પાસેથી :

(૧) આત્મારામ એન્ડ સન્સ, દિલ્હી (પોતાનાં પ્રકાશનો માટે)
(૨) આર. આર. શેઠ, અમદાવાદ
(૩) સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ.

ગુજરાતી પુસ્તકો ૧૦ ટકા કે તેથી વધુ વળતર આપનાર નીચેના પુસ્તક-વિક્રેતાઓ પાસેથી :

(૧) બાલગોવિંદ બુકસેલર્સ, અમદાવાદ.

(૨) બાલગોવિંદ કુબેરદાસ ઍન્ડ કું., અમદાવાદ.

(૩) ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.

(૪) આર. આર. શેઠ ઍન્ડ કું., અમદાવાદ.

ઉર્દૂ પુસ્તકો ૧૫ ટકા કે વધુ વળતર આપનાર નીચેના પુસ્તક-વિક્રેતાઓ પાસેથી :

(૧) મક્તબા જમીઆ, મુંબઈ.

(૨) કાદરી બુક એજન્સી, અમદાવાદ.

પર્શિયન પુસ્તકો ૧૦ ટકા કે તેથી વધુ વળતર આપનાર નીચેના પુસ્તક-વિક્રેતાઓ પાસેથી :

(૧) મક્તબા જમીઆ, મુંબઈ.

(૨) કાદરી બુક એજન્સી, અમદાવાદ.

સંસ્કૃત પુસ્તકો ૧૦ ટકા કે તેથી વધુ વળતર આપનાર નીચેના પુસ્તક-વિક્રેતાઓ પાસેથી :

(૧) ચોખંબા સંસ્કૃત સિરીઝ ઑફિસ, વારાણસી.

(૨) ઓરિયેન્ટલ બુક સેન્ટર, અમદાવાદ.

(૩) સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ.

મરાઠી પુસ્તકો ૧૦ ટકા કે તેથી વધુ વળતર આપનાર નીચેના પુસ્તક-વિક્રેતાઓ પાસેથી :

(૧) ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સ લિ., અમદાવાદ.

(૨) ન્યૂ ઑર્ડર બુક કું., અમદાવાદ.

સિંધી પુસ્તકો ૧૦ ટકા વળતર આપનાર.

ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સ લિ., અમદાવાદ

પાસેથી ખરીદવાનું ઠરાવવામાં આવે છે. એસ. ડી. બુકસ માટે વધુમાં વધુ ૧૦ ટકા સુધીના સર્વિસ ચાર્જીઝ સ્વીકારવા જે વિક્રેતાઓ તૈયાર હોય તેમના ભાવ સ્વીકારવાનું તથા અમેરિકન અને બ્રિટિશ પ્રકાશનો સિવાયનાં અન્ય વિદેશી પ્રકાશનો માટેની ઉપરના જે તે વિક્રેતાઓની શરતો મંજૂર રાખવાનું ઠરાવવામાં આવે છે.

આપણે આપેલા ઑર્ડરનાં પુસ્તકો ઉપરના કોઈ વિક્રેતા મુદ્દત દરમિયાન પૂરાં ન પાડે અને તે બીજા વિક્રેતા પાસે હાજર સ્ટોકમાં હોય તો તેમની પાસેથી ઉપરની શરતોએ ખરીદી લેવાં.

આ ઉપરાંત જે પુસ્તકો બીજા કોઈ વિક્રેતા પાસેથી હાજર સ્ટોકમાં મળે અને તે લેવા માટે જે તે વિદ્યાશાખાના ડીન અથવા ભવનના અધ્યક્ષશ્રીની ભલામણ આવે તો તે વિક્રેતા પાસેથી ઉપરના ભાવે ખરીદવાનું રાખવું.

અમદાવાદના પ્રકાશકોનાં પ્રકાશનો જે પ્રકાશકોની પોતાની પાસેથી ખરીદવાથી ઉપરના કરતાં સસ્તાં પડે તો તે પુસ્તકો તેના પ્રકાશકો પાસેથી ખરીદવાં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૧૦. પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય તથા ડિપ્લોમા ઇન ફાર્મસી માટે અંગ્રેજીના ગદ્યપદ્યસંગ્રહો તૈયાર કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવાની અંગ્રેજીની અભ્યાસસમિતિની તા. ૧૦-૧૨-૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(૧) પ્રો. કે. આર. ચન્દ્રશેખરન (અધ્યક્ષ)

(૨) પ્રો. મહેશભાઈ દવે

(૩) પ્રો. એસ. ટી. ક્રુચ

(૪) પ્રો. એન. જે. ટીંડવાની.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ગદ્યપદ્યસંગ્રહ તૈયાર કરવા માટે, સદરહુ અભ્યાસસમિતિની ભલામણ અનુસાર, ઉપરના સભ્યોની નિમણૂક કરવી.

૧૧૧. યુનિવર્સિટીના પબ્લિકેશન ઑફિસર શ્રી. કે. ડી. પંડ્યાની સંલગ્ન કૉલેજમાં ખંડ સમયના શિક્ષક તરીકે કામ કરવા માટેની પરવાનગી આપવાની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે પુનર્વિચારણા કરવાની જરૂર નથી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે આ અગાઉ યુનિવર્સિટીના કોઈ પણ કર્મચારીને અન્યત્ર ખંડ સમયની સેવાઓ કરવા માટે પરવાનગી આપવામાં આવી હોય તો તે તા. ૩૧મી માર્ચ ૧૯૭૪થી બંધ કરવાનું રાખવું.

૧૧૨. હરિ: ૐ આશ્રમના મૅનેજિંગ ટ્રસ્ટી તરફથી મળેલાં નીચેનાં પ્રદાનોનો સ્વીકાર કરવા બાબત :

(૧) Tropical diseases and their remedies અંગેનાં સંશોધન કરવા માટે રૂપિયા પચાસ હજારનું પ્રદાન.

(૨) ઑન્જિનિયરિંગ અને ટેકનોલોજિકલ વિષયો અંગેનાં સંશોધન કરવા માટે રૂપિયા પચાસ હજારનું પ્રદાન.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનોનો સાભાર સ્વીકાર કરવો.

૧૧૩. શ્રી. મનીષી જાનીના નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

(૧) "અત્યારે જે અનુસ્નાતક કક્ષાનું શિક્ષણ આપણાં ભવનો અને કેન્દ્રો પર અપાઈ રહ્યું છે તેમાં કોઈ જ પ્રકારની સંગીનતા, સમૃદ્ધતા અને સંતોષ દેખાતાં નથી, જે ખરેખર ગંભીર બાબત છે, અને એટલે જ વહેલામાં વહેલી તકે અનુસ્નાતક કક્ષાની શિક્ષણ-પદ્ધતિનો ઢાંચો બદલાય-પુનઃરચના થાય એ મારા મતે અત્યંત જરૂરી છે.

તો આ અંગે મારું નમ્ર સૂચન છે કે અનુસ્નાતક કક્ષાના શિક્ષણની પુનઃરચના અંગેની સમિતિની રચના કરી આ અંગે ઘટતું કરવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની વિચારણા માટે મોકલવો.

(૨) "ગુજરાત યુનિવર્સિટી ભવનના વિસ્તારમાં કોઈ પબ્લિક ટેલિફોન બૂથ ન હોવાથી, યુનિવર્સિટીના કામે આવતા વિદ્યાર્થીઓ અને અન્ય વ્યક્તિઓને ફોન કરવા અંગે તકલીફ પડે છે; તો આ અંગે ટેલિફોનના સત્તાવાળાઓને બૂથની માંગણી અંગેની વિનંતી કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં પબ્લિક ટેલિફોન માટેની વ્યવસ્થા કરવા માટે ટેલિફોનના સત્તાવાળાઓને વિનંતી કરવી.

(૩) "ગુજરાત યુનિવર્સિટી ભવનમાં આવેલ ફોરેન બ્યૂરો સર્વિસને સુવ્યવસ્થિત રૂપ આપવું જરૂરી છે.

આ બ્યૂરોની જગ્યા ખૂબ જ નાની, જેમાં વિદ્યાર્થીઓને બેસીને વાંચવાની વ્યવસ્થા નથી. પુસ્તકો બરાબર અને પૂરતા પ્રમાણમાં ગોઠવાયેલાં નથી અને કોઈ યોગ્ય માર્ગદર્શક નથી. તો આ ફોરેન બ્યૂરો સર્વિસ વ્યવસ્થિત બને એ માટે કોઈ સારી જગ્યાએ અને સારી રીતે ગોઠવાય એ જરૂરી છે."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિદ્યાર્થી-માર્ગદર્શન કેન્દ્રને વધુ વ્યવસ્થિત સ્વરૂપ આપવા અંગેનો પ્રશ્ન ઍકેડેમિક પ્લાનિંગ બોર્ડની વિચારણા માટે મોકલવો.

(૪) "ગુજરાત યુનિવર્સિટીના નવા ઍક્ટ મુજબ "બોર્ડ ફોર સ્ટુડન્ટ્સ વેલ્ફેર"માં બે ડીનની નિમણૂક કરવી અત્રે જણાવેલ છે, અને તે બે ડીન પાછળ વાર્ષિક ઓગણુસાઠ હજાર રૂપિયા ખર્ચ આવે; પરંતુ આ બે ડીનનું કાર્યક્ષેત્ર નક્કી કરેલું છે જ નહીં, તો શા માટે આવા ડીનની નિમણૂક કરવી ? અને ૫૯,૦૦૦ રૂ.નો વાર્ષિક ખર્ચ કરવો ?"

આથી ઠરાવવામાં આવે છે કે ડીન ઑફ સ્ટુડન્ટ્સ(મેન) અને ડીન ઑફ સ્ટુડન્ટ્સ (વિમેન)ની જગ્યાઓ રદ કરવા માટે યુનિવર્સિટીનાં ધારાધોરણોમાં ઘટતો ફેરફાર કરવા માટેની કાર્યવાહી હાથ ધરવી અને ઉપરની ભલામણ રાજ્ય સરકારને મોકલી આપવી.

૧૧૪. ઇન્ડો-જાપાન એકસચેન્જ યોજના હેઠળ જાપાનના બે વિદ્યાર્થીઓ અત્રે આવેલા છે તેમના રહેવા, જમવા તથા પ્રવાસ અંગેના જરૂરી ખર્ચ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે ભારત-જાપાન વિદ્યાર્થી વિનિમયની યોજના હેઠળ આ યુનિવર્સિટીની મુલાકાતે જપાનથી ભારત આવેલા બે વિદ્યાર્થીઓના રહેવા, જમવા તથા પ્રવાસ અંગેનો જરૂરી ખર્ચ મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

એ પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ. કા./૦૨૫૩૭૮/૧૯૭૪.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯,
જાન્યુઆરી ૨, ૧૯૭૪.

ક. ચ. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ફ"

કામકાજ ક્રમાંક ૨૭

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં સને ૧૯૭૪ના વર્ષમાં પાળવાની રજાઓની યાદી

૧.	બકરી-ઈદ (ઈદ-ઉલ-અઝા)	શનિવાર	૫-૧-૧૯૭૪
૨.	મકરસંક્રાંતિ	સોમવાર	૧૪-૧-૧૯૭૪
૩.	પ્રજાસત્તાક દિન	શનિવાર	૨૬-૧-૧૯૭૪
૪.	મહાશિવરાત્રિ	બુધવાર	૨૦-૨-૧૯૭૪
૫.	હોળી (બીજો દિવસ)	શુક્રવાર	૮-૩-૧૯૭૪
૬.	રામનવમી	સોમવાર	૧-૪-૧૯૭૪
૭.	મહાવીર જયંતી	ગુરુવાર	૪-૪-૧૯૭૪
૮.	ઇદ-એ-મિલાદ	શનિવાર	૬-૪-૧૯૭૪
૯.	ગૂડ ફ્રાઈડે	શુક્રવાર	૧૨-૪-૧૯૭૪
૧૦.	રક્ષાબંધન (નારિયેળી પૂર્ણિમા)	શનિવાર	૩-૮-૧૯૭૪
૧૧.	સ્વાતંત્ર્ય દિન	ગુરુવાર	૧૫-૮-૧૯૭૪
૧૨.	પારસી નૂતન વર્ષ	બુધવાર	૨૮-૮-૧૯૭૪
૧૩.	ગુણેશચતુર્થી અને સંવત્સરી	બુધવાર	૧૯-૯-૧૯૭૪
૧૪.	મહાત્મા ગાંધી જન્મદિન	બુધવાર	૨-૧૦-૧૯૭૪
૧૫.	રમજાન-ઇદ (ઇદ-ઉલ-ફિત્ર)	શુક્રવાર	૧૮-૧૦-૧૯૭૪
૧૬.	દશેરા	શુક્રવાર	૨૫-૧૦-૧૯૭૪
૧૭.	સરદાર વલ્લભભાઈ પટેલ જન્મદિન	ગુરુવાર	૩૧-૧૦-૧૯૭૪
૧૮.	દિવાળી	બુધવાર	૧૩-૧૧-૧૯૭૪
૧૯.	દિવાળી (નૂતન વર્ષ દિન)	ગુરુવાર	૧૪-૧૧-૧૯૭૪
૨૦.	ભાઈબીજ	શુક્રવાર	૧૫-૧૧-૧૯૭૪
૨૧.	નાતાલ	બુધવાર	૨૫-૧૨-૧૯૭૪

[**નોંધ.**-(૧) નીચેની રજાઓ રવિવારે આવતી હોવાથી તે રજાના દિવસો તરીકે જાહેર કરેલ નથી :

૧.	મહોરમ	૩-૨-૧૯૭૪
૨.	ગોકુલ-અષ્ટમી-દિન	૧૧-૮-૧૯૭૪

(૨) વધુ બે દિવસની રજાઓ કુલપતિશ્રીની મંજૂરીથી જાહેર કરવામાં આવશે.]

પરિશિષ્ટ "બ"
કામકાજ ક્રમાંક ૨૯

એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૧૧-૧૯૭૩ની સભામાં માર્ચ–એપ્રિલ ૧૯૭૪માં લેવાનાર પરીક્ષાઓ માટેનાં કેન્દ્રો નક્કી કરવા અંગે નીમેલી સમિતિની એક સભા તા. ૨૬-૧૧-૧૯૭૩ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે મળી હતી અને કેટલીક પ્રાથમિક ચર્ચાવિચારણા કરી હતી. આ સમિતિની બીજી સભા તા. ૨૭-૧૧-૧૯૭૩ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં સાંજના ૪-૦૦ વાગ્યે રાખવામાં આવી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૬-૧૧-૧૯૭૩	તા. ૨૭-૧૧-૧૯૭૩
૧.	આચાર્યશ્રી ડી. એમ. શીખ	હાજર	હાજર
૨.	આચાર્યશ્રી એમ. સી. શાહ	હાજર	હાજર
૩.	શ્રી. એમ. જી. બ્રહ્મભટ્ટ	ગેરહાજર	ગેરહાજર
૪.	શ્રી. જ્યોતીન્દ્ર એલ. ભટ્ટ	ગેરહાજર	હાજર
૫.	શ્રી. મનીષી કાકોરલાલ જાની	હાજર	હાજર
૬.	પરીક્ષા નિયામકશ્રી	હાજર	હાજર.

સભાનું પ્રમુખસ્થાન આચાર્યશ્રી એમ. સી. શાહે સંભાળ્યું હતું.

કાર્યાલયે માર્ચ/એપ્રિલ ૧૯૭૩માં લેવાયેલ યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓ દરમ્યાન જે તે પરીક્ષા માટે રાખવામાં આવેલાં કેન્દ્રો અને જે તે કેન્દ્ર પર જુદી જુદી પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થીઓની સંખ્યા અંગેની માહિતી, જે તે કોલેજ તરફથી આગામી માર્ચ/એપ્રિલની પરીક્ષાઓ માટે કેન્દ્ર અંગેની આવેલ માગણી તેમ જ યુનિવર્સિટીએ જે સ્થળે કેન્દ્ર નહિ રાખવાનો નિર્ણય લીધો છે તે સ્થળની કોલેજના આચાર્ય અને/અથવા વિદ્યાર્થીઓ તરફથી કેન્દ્ર ચાલુ રાખવાની માગણીઓ અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી અને નીચે મુજબ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું :

(૧) માર્ચ–એપ્રિલ ૧૯૭૩માં લેવાયેલ યુનિવર્સિટી પરીક્ષાઓ માટે જે કેન્દ્રો નિયત કરવામાં આવ્યાં હતાં તે કેન્દ્રો માર્ચ/એપ્રિલ ૧૯૭૪માં લેવાનાર પરીક્ષાઓ માટે ચાલુ રાખવાં, પરંતુ ભૂજ, કપડવંજ, બોરસદ અને સિદ્ધપુર કે જ્યાં કેન્દ્ર બંધ કરવા અંગે નિર્ણય લેવાયો છે તે બાબતમાં આ સમિતિ નીચેની શરતોને આધીન આ સ્થળોએ પણ કેન્દ્ર ચાલુ રાખવા સૂચવે છે :

(અ) ભૂજ અંગે ઓકટોબરની પરીક્ષાઓ માટે કેન્દ્ર ચાલુ રાખવા અંગે તપાસ કરવા નિમાયેલ સમિતિએ જે ભલામણો કરી છે તે ભલામણોને આધીન માર્ચ–એપ્રિલ ૧૯૭૪ની પરીક્ષાઓ માટે કેન્દ્ર આપવું.

(બ) કપડવંજ, બોરસદ અને સિદ્ધપુરમાં, આ સ્થળોની સ્થાનિક કૉલેજોના આચાર્યો, સ્ટાફના સભ્યો, વિદ્યાર્થી મંડળોના હોદ્દેદારો તેમ જ કેળવણી મંડળના મુખ્ય સભ્યો પરીક્ષાના સરળ સંચાલન માટે બાંયધરી આપે તો કેન્દ્રો ચાલુ રાખવા ભલામણ છે વધુમાં આવાં કેન્દ્રોના વિદ્યાર્થીઓને એવી પણ ચેતવણી આપવી કે જો પરીક્ષા દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ બનશે અને તેને કારણે પરીક્ષા બંધ કરવાનું આવશ્યક બનશે તો ચાલુ પરીક્ષા દરમ્યાન પણ યુનિવર્સિટી કેન્દ્ર બંધ કરશે અને ફેર-પરીક્ષા લેવાનું બની શકશે નહીં.

(૨) ગયે વર્ષે લેવાઈ હોય તે ઉપરાંતની નવી પરીક્ષા માટેનું કેન્દ્ર કોઈ સ્થળે આપવું કે કેમ તે અંગે વિચારણા કરતાં એમ ઠરાવવામાં આવ્યું કે જે સ્થળે એક કે એકથી વધુ વિદ્યાશાખાની સમકક્ષ પરીક્ષામાં ત્રિવાર્ષિક અભ્યાસક્રમના પ્રથમ અગર દ્વિતીય વર્ગની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓની સંખ્યા કુલ ૭૦ કે તેથી વધુ હોય તો તે પરીક્ષાઓ માટે કેન્દ્ર આપવું. પદવી પરીક્ષાઓ માટે ૮૦ કે તેથી વધુ વિદ્યાર્થીઓ હોય તો તે પરીક્ષા માટે કેન્દ્ર આપવાનું રાખવું. પરંતુ આમ વિચારતી વખતે જે તે એક પરીક્ષામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછામાં ઓછી ૧૧ની હોવી આવશ્યક ગણવી. ઉપરોક્ત ધોરણને અનુસાર નીચેનાં સ્થળોએ જે તે સ્થળ સામે દર્શાવેલ પરીક્ષાઓ માટે તે તે સ્થળને વધારાના કેન્દ્ર તરીકે રાખવું :

કેન્દ્ર		પરીક્ષા
આદિપુર	...	થર્ડ બી એ. પ્રી-યુનિ. વાણિજ્ય
ભૂજ	...	ટી.વાય.બી.કૉમ.
ડીસા	...	ફર્સ્ટ બી.એ., ફર્સ્ટ બી.કૉમ. (આ સ્થળે યુનિવર્સિટી પ્રશ્નપત્ર છાપવા માટે પ્રેસની કાર્યક્ષમ વ્યવસ્થા છે કે નહિ તેની ચોકસાઈ કરી આ પરીક્ષાઓ માટે વધારાનું કેન્દ્ર રાખવું.)
દાહોદ	...	પ્રી-યુનિ. વિજ્ઞાન
ઊંઝા	...	ટી.વાય.બી.એ., ટી.વાય.બીકૉમ.; ફર્સ્ટ એલએલ.બી., સેકન્ડ એલએલ.બી
ધોળકા	...	એસ.વાય.બી.એ., એસ.વાય.બી.કૉમ.
ગોધરા	...	ટી.વાય.બી કૉમ., ફર્સ્ટ એલએલ.બી.
ઈડર	...	એસ.વાય.બી.એ., એસ.વાય.બી.કૉમ.
ખેડા	...	એસ.વાય.બી,એ., એસ.વાય.બી.કૉમ.; ટી.વાય.બી.એ., ટી.વાય.બી.કૉમ.
મહેસાણા	...	ફર્સ્ટ એલએલ.બી.
મોડાસા	...	ફર્સ્ટ એલએલ.બી
પાટણ	...	ટી.વાય.બી.કૉમ., ફર્સ્ટ એલએલ.બી.
તલોદ	...	ટી.વાય.બી.કૉમ.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય શ્રી. મનીષા જાનીના અમદાવાદ કેન્દ્ર પર લેવાતી યુનિવર્સિટી પરીક્ષાના વિદ્યાર્થીઓની બેઠકવ્યવસ્થા યુનિવર્સિટી કેમ્પસનાં ભવનોમાં કરવાના સૂચન પર વિચારણા કરતાં ભલામણ કરવામાં આવી કે—

અમદાવાદ કેન્દ્ર પર લેવાતી યુનિવર્સિટી પરીક્ષાઓમાં બેસતા વિદ્યાર્થીઓની બેઠકવ્યવસ્થાના સંદર્ભમાં સ્થાનિક કૉલેજોમાં હાલ જે સંખ્યામાં વિદ્યાર્થીઓને બેસાડવાની વ્યવસ્થા છે તેના સંદર્ભમાં યુનિવર્સિટીની એકસાથે શરૂ થતી પરીક્ષાઓમાં બેસતા વિદ્યાર્થીઓની સંખ્યા જોતાં કેવળ યુનિવર્સિટી કેમ્પસ પર આવેલ સંસ્થાઓમાં આ બધા વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાનું શકય જણાતું નથી અને તેથી આ સમિતિ ભલામણ કરે છે કે શકય હોય ત્યાં સુધી યુનિવર્સિટી કેમ્પસ તેમ જ એલિસબ્રિજ વિસ્તારની કૉલેજોમાં પરીક્ષાઓની બેઠકવ્યવસ્થા ગોઠવવાનું રાખવું.

વધુમાં સમિતિ ભલામણ કરે છે કે પરીક્ષાસંચાલનમાં જે તે કૉલેજના આચાર્યશ્રી તથા પ્રાધ્યાપકોને સુપરવિઝનના કામમાં વધુમાં વધુ સહભાગી બનાવવા જરૂરી જણાય છે તો તેમ કરવા યોગ્ય કરવું.

ત્યાર બાદ સભાનું કામ પૂરું થયું હતું.

પરિશિષ્ટ " ગ "
કામકાજ ક્રમાંક ૫૧

તા. ૧૪–૧૨–૧૯૭૩ની ફાઇનાન્સ સમિતિની એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણો

(૧) આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીની જૂની ઉત્તરવહીઓનો નિકાલ કરવા માટે મે. નીરજ એન્ડ કં., જયપુરને વીસ કિલોના રૂ. ૨૮–૨૮ પૈસાના ભાવે અને ટેન્ડરની શરતો પ્રમાણે કામ સોંપવું. મે. નીરજ એન્ડ કં. પાર્ટી જાણીતી અને તેઓના ભાવ સૌથી વધુ ભાવ આપનાર મે. જયસ્વાલ ટ્રેડિંગ, કલકત્તાના કરતાં માત્ર ત્રણ પૈસા જેટલા ૨૦ કિલોએ ઓછા હોઇ મે. નીરજ એન્ડ કં., જયપુરને કામ સોંપવું.

(૨) આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટર માટે નીચે પ્રમાણેની કન્ટિન્યુઅસ સ્ટેશનરી મે. તાતા પ્રેસ લિમિટેડ, મુંબઇ પાસેથી તેઓની સ્ટેશનરી સારી જાતની હોવાથી જણાવેલ શરતોએ અને નીચે મુજબની કિંમતે ખરીદવી :

નામ	જથ્થો	કિંમત રૂ. પૈસા	નોંધ
(૧) માર્ક્સ સ્ટેટમેન્ટ ઑન લકી પાર્ચમેન્ટ પેપર	૧,૧૨,૫૦૦	૧૯,૬૮૭–૫૦	તેઓનાં શરત પ્રમાણે પૅકિંગ-ફોરવર્ડિંગ વગેરે ચાર્જ જુદા આપવાના રહેશે.
(૨) ઑફિસ રજિસ્ટર સિંગલ-પેપર ૬૦ જી.એસ.એમ.પેપર	૧૮,૪૦૦	૧૩,૦૦૦–૦૦	,,
(૩) ઑફિસ રજિસ્ટર બે ભાગમાં લેજર પેપર	૧૮,૪૦૦		

(૩) આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના કોમ્પ્યુટર સેન્ટર માટે આઇ. બી. એમ. વર્લ્ડ ટ્રેડ કોર્પોરેશન પાસેથી તેઓના તા. ૧૦–૧૨–૧૯૭૩ના પત્રમાં જણાવેલ શરતો મુજબ અને નીચેની કિંમતે મશીનો ખરીદવાં :

		નંગ	કિંમત રૂ. પૈસા	નોંધ
(૧) પ્રિન્ટિંગ કાર્ડ પંચ	૦૨૯/એ–૨૨	૩	૩૬,૦૫૬–૦૦	સેલ્સટેક્ષ, પૅકિંગ-ફોરવર્ડિંગ ચાર્જીસ જુદા આપવાના રહેશે.
(૨) વેરિફાયર	૦૫૬/૦૧૧	૨	૨૨,૦૩૪–૦૦	
(૩) કોલેટર	૦૭૭/૦૦૧	૧	૪૨,૦૬૨–૦૦	

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૭૧

બાંધકામ સમિતિની એક સભા તા. ૮-૧૨-૧૯૭૩ને શનિવારના રોજ બપોરના ૩-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. તેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. નવનીતલાલ સા. શોધન	હાજર
૩.	શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	ગેરહાજર
૪.	શ્રી. એમ. સી. શાહ	હાજર
૫.	શ્રી. ડી. એન. પાઠક	ગેરહાજર
૬.	શ્રી. એલ. જે. ચૌહાણ	ગેરહાજર

૧. બાંધકામ સમિતિની તા. ૧૨-૧૧-૧૯૭૩ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૧૨-૧૧-૧૯૭૩ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીના કૉમ્પ્યુટર સેન્ટરના મકાનના બાંધકામ માટે સ્થપતિની નિમણૂક કરવા માટે વિચારણા કરવા બાબત.

(અ) આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ટ્રસ્ટ ભવનનું મકાન જે રસ્તા ઉપર મૂકવાનું છે તે જ રસ્તા ઉપર કૉમ્પ્યુટર સેન્ટરનું મકાન મૂકવાનું હોવાથી આ કામ માટે સ્થપતિ શ્રી. હસમુખ સી. પટેલની નિમણૂક કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(બ) કૉમ્પ્યુટર સેન્ટરના મકાનનું સ્થળ પ્રેસના મકાનની દક્ષિણે યુનિવર્સિટી વેસ્ટ વિંગની પશ્ચિમ બાજુએ આવેલા પ્લોટમાં રાખવાનું ઠરાવવામાં આવ્યું.

૩. યુનિવર્સિટીના કોર્ટ (સેનેટ) હોલમાં ફોલ્સ સીલિંગ તથા લાઈટ વગેરેનાં મરામતનાં કામો માટે લાકડાનાં પાટિયાંનું પ્લેટફૉર્મ બનાવવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ**—આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૧૦,૦૦૦-જેટલો થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે કોર્ટ (સેનેટ) હોલમાં ફોલ્સ સીલિંગ પ્રથા લાઈટ વગેરેનાં મરામત કામો માટે લાકડાનાં પાટિયાંનું પ્લેટફૉર્મ બનાવવા માટે સ્થપતિની સલાહ તથા ડિઝાઈન લઈને આ બાબત આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૪. અધ્યાપક નિવાસ, લેકચરર્સ કવાર્ટર્સ તથા ટીચર્સ હૉસ્ટેલ (ભોંયતળિયા)ના વરંડામાં જાળી નાંખવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૩૧,૨૦૦ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે અધ્યાપક નિવાસ, લેકચરર્સ કવાર્ટર્સ તથા રીડર્સ કવાર્ટર્સ અને ટીચર્સ હૉસ્ટેલના ભોંયતળિયાના વરંડામાં જાળી નાંખવા અંગેની ડિઝાઈન તથા અંદાજ સ્થપતિ પાસેથી મંગાવીને આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવા.

૫. લેકચરર્સ કવાર્ટર્સમાં ડ્રૉઇંગ રૂમમાં રેફ્રિજરેટર રાખવા માટે ગેપ રાખેલ છે તેમાં કબાટની માગણી મુજબ ૨૨ નંગ કબાટ કરી આપવા માટે રૂ. ૭,૪૮૦ના અંદાજ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લેકચરર્સ કવાર્ટર્સમાં ડ્રૉઇંગ રૂમમાં રેફ્રિજરેટર રાખવા માટે ગેપ રાખેલ છે, તેમાં કબાટ બનાવવાની માગણી સ્વીકારીએ તો રેફ્રિજરેટરની સગવડનો લોપ થાય એટલે એમ કરવું વાજબી નથી.

કુલપતિશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

૬. વિજ્ઞાન વિદ્યાભવનના ફિઝિકસ વિભાગ માટે સ્થપતિ શ્રી. એલ. કે. નંદવાણા તરફથી આવેલ અંદાજ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ફિઝિકસ વિભાગના મકાનના વિકાસ બાંધકામ માટે રૂ. ૧,૦૦,૧૦૦નો અંદાજ મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૭. યુનિવર્સિટીના "ડી" ટાઇપ સ્ટાફ કવાર્ટર્સ માટે સ્થપતિશ્રી એલ. કે. નંદવાણા તરફથી આવેલ અંદાજ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના "ડી" ટાઇપ સ્ટાફ કવાર્ટર્સના ૨૪ યુનિટ-(૧૨ યુનિટનો એક એવા બે બ્લોક)ના બાંધકામ માટે રૂ. ૨,૯૬,૦૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૮. પ્રતિમા સોસાયટી પાસે આવેલ યુનિવર્સિટીની ખાડાવાળી જમીનમાં માટીપુરાણ કરી સમતળ કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન તરફથી આવેલી નોટિસ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રતિમા સોસાયટી પાસે આવેલી યુનિવર્સિટીની ખાડાવાળી જમીનમાં કૉર્પોરેશન દ્વારા કચરો પૂરીને સમતલ કરવા માટે લખાણ કરવું.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. મિસ્ત્રી
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૭૬

સ્થાયી કાનૂનવિષયક સમિતિની એક સભા શુક્રવાર, તા. ૩૦–૧૧–૧૯૭૩ના રોજ સાંજના ૫–૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. તેમાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ (કુલપતિશ્રી)	હાજર
૨. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૩. શ્રી. આઈ. એમ. નાણાવટી	ગેરહાજર
૪. શ્રી. મનુભાઈ ડી. પંચોલી	ગેરહાજર
૫. આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર
૬. શ્રી. ચંદ્રકાન્ત ટી. દરુ	ગેરહાજર
૭. આચાર્ય વી. આર. રણદીવે	ગેરહાજર.

સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલે સંભાળ્યું હતું.

૧. શ્રીમતી ટી. એસ. રાયચંદ કોમર્સ કોલેજ, પાટણના વ્યાયામ શિક્ષક શ્રી. એચ. પી. પ્રજાપતિને નોકરીમાંથી છૂટા કરવા અંગેની ફરિયાદ અંગેની બાબતમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૧–૮–૧૯૭૩ની સભામાં ઠરાવ્યા મુજબ મંગાવેલી માહિતીના સંદર્ભમાં સદરહુ બાબત એક્ઝિકયુટિવ કાઉન્સિલ સમક્ષ મૂકવામાં આવતાં એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬–૧૧–૧૯૭૩ની સભામાં સદરહુ બાબત સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવા ઠરાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી ટી. એસ. રાયચંદ કોમર્સ કોલેજ, પાટણે તેના વ્યાયામ શિક્ષક શ્રી. એચ. પી. પ્રજાપતિને નોકરીમાંથી છૂટા કર્યા છે તે અંગેની વિગતો તપાસતાં સદરહુ બાબતમાં કોલેજે લીધેલ નિર્ણય ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૭ (અ) સાથે અસંગત નથી.

૨. તોલાણી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, આદિપુર(કચ્છ)ના ભૂતપૂર્વ પ્રા. આર. કે. શાસ્ત્રીની લેણી નીકળતી રકમ એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૮–૯–૧૯૭૩ની સભાના ઠરાવ અન્વયે ત્રણ સપ્તાહમાં તેમને ચૂકવવા સદરહુ કોલેજને જણાવ્યું હતું તેના સંદર્ભમાં કોલેજના એડવોકેટ તરફથી તા. ૨૨–૧૦–૧૯૭૩ના રોજ આવેલો પત્ર એક્ઝિકયુટિવ કાઉન્સિલની વિચારણા માટે મૂકવામાં આવતાં એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬–૧૧–૧૯૭૩ની સભામાં સદરહુ બાબત સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવા ઠરાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, આદિપુર(કચ્છ)ના ભૂતપૂર્વ પ્રાધ્યાપક શ્રી. આર. કે. શાસ્ત્રીની લહેણી નીકળતી રકમ બાબત તેમને જે કાંઈ રજૂઆત કરવાની હોય તે માટે તેમના પ્રતિનિધને આ સમિતિ સમક્ષ હાજર રહીને પોતાનો કેસ રજૂ કરવા માટે તક આપવી.

૩. વિનયન વિદ્યાશાખાની તા. ૯-૮-૧૯૭૩ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"શિક્ષણ સહિતની વિનયનની વિદ્યાશાખાની આ સભા ઠરાવે છે કે જુદી જુદી અભ્યાસ-સમિતિઓને કુલપતિશ્રીએ જે બેઠકો ફાળવેલી છે તેની મર્યાદામાં રહીને ૬૬⅔ ટકા બેઠકો પરીક્ષકોની નિમણૂક કરવા માટે યુનિવર્સિટીએ શૈક્ષણિક યોગ્યતા અને શિક્ષણાનુભવને ક્રેડિટ આપવાની જે પદ્ધતિ અપનાવી હતી તે નિયમાનુસાર જે તે અભ્યાસસમિતિઓના વિષય-વિભાગોના સૌથી વધુ ક્રેડિટ ધરાવનારા વડાઓને ફાળવવી અને ૩૩⅓ ટકા બેઠકો તા. ૧૫ જૂન ૧૯૭૩ને રોજ ૧૦ વર્ષ કે તેથી ઓછા વર્ષનો શિક્ષણાનુભવ ધરાવનારા જે તે વિષય-વિભાગના વડાઓને ક્રેડિટની અગ્રતાના ક્રમે ફાળવવી. તેમ છતાં આ પ્રમાણે નિયમ લાગુ કરતાં જે જે અભ્યાસસમિતિને પૂરતી સભ્ય-સંખ્યા મળી ન રહેતી હોય ત્યાં વધુમાં વધુ ક્રેડિટનું ધોરણ કામે લગાડવું અને સંખ્યા પૂરી કરવી

જે દાખલામાં ૬૬⅔નું અને ૩૩⅓નું પ્રમાણ પ્રયોજતાં અપૂર્ણાંક આવતો હોય તે દાખલામાં પૂર્ણાંકનો લાભ ૩૩⅓ ટકાવાળા ભાગને આપવો એમ પણ ઠરાવવામાં આવે છે.

વધુમાં આ સંયુક્ત સભા ઠરાવે છે કે યુનિવર્સિટી ઍક્ટની મર્યાદામાં રહીને પ્રત્યેક અભ્યાસ-સમિતિને વધુમાં વધુ જેટલી બેઠકો ફાળવી શકાય તેટલી ફાળવવાને કુલપતિશ્રીને વિનંતી કરવી.

વધુમાં આ સભા ઠરાવે છે કે જે દાખલામાં એક વિષય એક કરતાં વધુ વિદ્યાશાખાઓમાં વિસ્તરેલો હોય તે દાખલામાં અભ્યાસસમિતિની રચનામાં પ્રત્યેક વિદ્યાશાખાને ઓછામાં ઓછા એક સભ્યનું પ્રતિનિધિત્વ મળી રહે એ રીતે નિયુક્તિ ઉપર સૂચવી પદ્ધતિનો અમલ કરવો. એ જ પ્રમાણે જે દાખલામાં અભ્યાસસમિતિ જે વિષયને લગતી હોય તેમાં પેટાવિષયો સમાતા હોય તેમાં અભ્યાસસમિતિની રચનામાં પ્રત્યેક પેટાવિષયને ઓછામાં ઓછું એક સભ્યનું પ્રતિનિધિત્વ મળી રહે તે રીતે નિયુક્તિની ઉપર સૂચવી પદ્ધતિનો અમલ કરવો.

વધુમાં આ સભા યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં અધિકાર મંડળોને ભલામણ કરે છે કે ભવિષ્યમાં અભ્યાસસમિતિઓની રચના આ ઠરાવમાં દર્શાવાયેલા ધોરણે થઈ શકે તે માટે યોગ્ય તેવા કાનૂની પ્રબંધો કરે."

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૩ના ગુજરાત ઍક્ટ નં. ૬માં અભ્યાસસમિતિની રચના અંગે આપેલ સ્ટેચ્યૂટ ૪ની કંડિકા ૨ મુજબ વિદ્યાશાખાઓએ અભ્યાસસમિતિ પર સભ્યોની નિમણૂક કરવા બાબતમાં જે જોગવાઈ છે તે પર્યાપ્ત છે અને તેથી વિશેષ કંઈ કાનૂની પ્રબંધ કરવાની આવશ્યકતા જણાતી નથી.

૪. આર. કે. પરીખ આર્ટ્સ ઍન્ડ શ્રી એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદના પ્રશ્ન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૩ના ગુજરાત ઍક્ટ નં. ૬થી ગુજરાત યુનિવર્સિટી ધારામાં ઉમેરાયેલી કલમ ૫૧-એ સંલગ્ન કૉલેજોના આચાર્યને પણ લાગુ પડે છે, તો એ જોતાં આર. કે. પરીખ આર્ટ્સ ઍન્ડ શ્રી એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદના પ્રશ્ન અંગે આ તબક્કે કુલપતિશ્રી દરમિયાનગીરી કરી શકે નહીં.

૫. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદે તેમની કૉલેજના અંગ્રેજીના વ્યાખ્યાતા શ્રી. જી. આર. ભાવસારને છૂટા કર્યા છે તેના સંદર્ભમાં નીચેના પ્રશ્નો અંગે વિચારણા કરવા બાબત :

(૧) સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદે યુનિવર્સિટીએ ઑ. ૧૨૦-ડી તેને મળેલ કઈ સત્તાને આધારે ઘડ્યા છે તે પુછાવ્યું છે તે બાબત.

(૨) શ્રી. જી. આર. ભાવસારે શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરીને ટ્રિબ્યુનલ પર તેમના પ્રતિનિધિ તરીકે નીમેલ. તેઓ હવે યુનિવર્સિટી કોર્ટના સભ્ય તરીકે રહેતા ન હોઈ ટ્રિબ્યુનલ પર ચાલુ રહી શકે કે કેમ તે બાબત.

(**નોંધ.**—શ્રી. જી. આર. ભાવસારે શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી ચાલુ રહી ન શકે તો હાલની યુનિ. કોર્ટના સભ્ય શ્રી. ડરુભાઈ એમ. મહેતાનું નામ સૂચવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને તેમના તા. ૧૬-૧૦-૧૯૭૩ના પત્રાંક ૧૦૩૫૨ના જવાબમાં જણાવવું કે ૧૯૭૩ના ગુજરાત ઍક્ટ નં. ૬થી એક્ઝિકયુટિવ કાઉન્સિલની (તે વખતની સિન્ડિકેટની) સત્તાઓ દર્શાવતી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ સુધારવામાં આવે તે મહેતાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ (૨) (૧૫) હેઠળ એક્ઝિકયુટિવ કાઉન્સિલે (તે વખતની સિન્ડિકેટને જે ઑર્ડિ. ૧૨૦ ઘડ્યો તે ઘડવાની તેની ક્ષમતા હતી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદના અંગ્રેજીના વ્યાખ્યાતા શ્રી. જી. આર. ભાવસારને છૂટા કર્યા તે બાબતમાં નિમાયેલ ટ્રિબ્યુનલની કાર્યવાહી હજુ શરૂ થઈ નથી તે જોતાં શ્રી. જી. આર ભાવસારે ઑર્ડિ. ૧૨૦(૧૬)(ii) અન્વયે શ્રી. સત્યેન્દ્ર ઝવેરીની જગ્યાએ શ્રી. ડરુભાઈ એમ. મહેતાની તેમના પ્રતિનિધિ તરીકે નીમવા વિનંતી કરી છે તે માન્ય રાખવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
ફુલસચિવ વતી.

પરિશિષ્ટ "છ"

કામકાજ ક્રમાંક ૧૦૨

એકેડેમિક પ્લાનિંગ બોર્ડની એક સભા બુધવાર, તા. ૨૮-૧૧-૧૯૭૩ના રોજ બપોરના ૩-૦૦ વાગ્યે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિશ્રી	હાજર
૨. પ્રો. ડી. એન. પાઠક	હાજર
૩. પ્રો. કે. આર. ચંદ્રશેખરન	હાજર
૪. ડૉ. જે. જે. ચિનોય	હાજર
૫. ડૉ. સેમ્યુઅલ પોલ	ગેરહાજર
૬. ડૉ. ડી. લાલ	ગેરહાજર
૭. શ્રી. શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ	ગેરહાજર
૮. શ્રી. પ્રફુલ્લ અનુભાઈ	હાજર
૯. શ્રી. પ્રિયકાન્ત મુનશા	હાજર
૧૦. શ્રી. કે. સી. પરીખ, કુલસચિવ	હાજર.

સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઈશ્વરભાઈ પટેલે સંભાળ્યું હતું.

કુલપતિશ્રીએ સભ્યોનું સ્વાગત કર્યું તથા હંમેશાં મળી રહેલા તેમના સહકાર અને સદ્‌ભાવ માટે પોતાના અમૂલ્ય સમય આ કામ માટે ફાજલ પાડી સભામાં હાજરી આપ્યા બદલ તેઓનો આભાર માન્યો.

૧. ત્યાર બાદ યુનિવર્સિટીના વિકાસ અંગેની હાથ પર લેવામાં આવેલ યોજનાઓની રૂપરેખા આપીને કુલપતિશ્રીએ જણાવ્યું કે—

(૧) બિઝનેસ મૅનેજમેન્ટ અંગેની યોજના ફેબ્રુઆરી ૧૯૭૩માં તૈયાર કરવામાં આવી હતી અને તે રાજ્ય સરકાર તથા યુનિ. ગ્રાન્ટ્સ કમિશનને તેઓની મંજૂરી માટે મોકલવામાં આવી છે.

(૨) સ્પેસ સાયન્સીઝ અંગેની એક યોજના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાયથી તથા ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીઝ અને સ્પેસ એપ્લિકેશન સેન્ટરના સહયોગથી શરૂ કરવામાં આવી છે.

(૩) ઇલેક્ટ્રોનિક્સ કૉર્પોરેશન ઑફ ઇન્ડિયાની અનુમતિથી ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી તરફથી તેઓનું ૧૬૨૦ પ્રકારનું કૉમ્પ્યુટર યુનિવર્સિટીને ભેટ મળેલું છે અને તે અંગેનો ૬ માસનો સર્ટિફિકેટ કોર્સ હાલ શરૂ કરવામાં આવ્યો છે તે અંગે શિક્ષકગણની વધુ સુવિધા થયેથી એક વર્ષનો ડિપ્લોમા કોર્સ તથા બે વર્ષનો ડિગ્રી કોર્સ શરૂ કરવામાં આવશે.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ યોજનાઓની નોંધ લેવી અને વધુમાં ઑપરેશનલ રિસર્ચ અને સિસ્ટમ ઍનાલિસિસ અંગેના અભ્યાસક્રમો ઉમેરવા માટે પણ બોર્ડે ભલામણ કરવી.

(૪) તે પછી સેન્ટર ફૉર મૅનેજમેન્ટ ઍન્ડ પ્રોફેશનલ ટ્રેનિંગ અંગેની એક યોજના તૈયાર કરવામાં આવેલી છે અને રાજ્ય સરકારશ્રીની મંજૂરી મળ્યેથી આ સેન્ટરના ઉપક્રમે ૭ માસના

સમયના નીચે જણાવેલ સર્ટિફિકેટ કોર્સીસ શરૂ કરવા ભલામણ કરવી :

૧. ઑફિસ મૅનેજમેન્ટ-સેક્રેટરિયલ પ્રેક્ટિસ
૨. એક્સપોર્ટ બિઝનેસ મૅનેજમેન્ટ
૩. બૅંકિંગ પ્રેક્ટિસ ઍન્ડ મૅનેજમેન્ટ
૪. ફાઇનાન્શિયલ મૅનેજમેન્ટ
૫. મટિરિયલ્સ મૅનેજમેન્ટ.

૨. વધુમાં કુલપતિશ્રીએ જણાવ્યું કે—

(૧) પોલિયર ટેકનોલોજી ઍન્ડ ટેક્સ્ટાઇલ કેમિસ્ટ્રી
(૨) ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇંગ્લિશ ઍન્ડ ફોરીન લેંગ્વેજીસ
(૩) ઇન્ડસ્ટ્રિયલ લેબોરેટરી, તથા
(૪) સ્કૂલ ઑફ લાઇફ સાયન્સીઝ અંગેની યોજનાઓ પણ તૈયાર કરવામાં આવી રહી છે.

આ પ્રસ્તાવને બોર્ડે આવકાર્યો અને તે મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું.

૩. યુનિવર્સિટીનાં જુદાં જુદાં અનુસ્નાતક વિદ્યાભવનોના વિકાસ અંગેની યોજનાઓ ભવનોના અધ્યક્ષશ્રીઓ પાસેથી મંગાવવામાં આવી છે, જે આવ્યેથી સભ્યોને મોકલી આપવામાં આવશે.

ઉપરની વિદ્યાવિકાસની યોજનાઓ ઉપરાંત યુનિવર્સિટી કૅમ્પસમાં નીચે પ્રમાણેની વધારે સવલતો ઊભી કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવાનું રાખ્યું :

	અંદાજી ખર્ચ રૂ. પૈ.
૧. રીડર્સનાં રહેઠાણ માટેનો એક બ્લૉક (૭ રહેઠાણનો)	૩,૬૦,૦૦૦-૦૦
૨. લેક્ચરર્સનાં રહેઠાણ માટેના બે બ્લૉક (બાર રહેઠાણના)	૪,૮૦,૦૦૦-૦૦
૩. બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે હાલની ટીચર્સ હોસ્ટેલ ટાઇપના ૭ રહેઠાણના એક એવા ચાર બ્લૉક	૪,૮૦,૦૦૦-૦૦
૪. સ્ટુડન્ટ્સ કૉમ્યુનિટી સેન્ટર કાફેટેરિયા, બુકસ્ટોલ અને ઇન્ડોર ગેમ્સ હૉલ સાથે	૪,૦૦,૦૦૦-૦૦
૫. હાલના ગ્રંથાલયના મકાનના વિસ્તાર (મુખ્યત્વે રીડિંગ-રૂમ) માટે	૮,૦૦,૦૦૦ ૦૦
કુલ રૂ. ...	૨૫,૨૦,૦૦૦-૦૦

વધુમાં સૂચવવામાં આવ્યું કે હાલ યુનિવર્સિટીમાં એમ્પ્લોયમેન્ટ બ્યૂરોનું કામકાજ રાજ્ય સરકાર મારફતે થાય છે તેને બદલે રાજ્ય સરકાર આ માટે યુનિવર્સિટીને ગ્રાન્ટ આપે અને તે અંગેનું કામકાજ યુનિવર્સિટી સંભાળે કે જેથી આ પ્રવૃત્તિને વેગ મળી શકે તેવી વ્યવસ્થા ગોઠવવા અંગેની શક્યતા તપાસવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯